# अध्यात्म उपनिषद्

## ભાગ-૧ શાસ્ત્રયોગશુદ્ધિ

સંકલન-સંશોધન-
સવિસ્તાર સંપાદન :
પ્રવચનપ્રભાવક પૂજ્ય આચાર્ય
શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, યોગ-અધ્યાત્મવિદ્યાના પારગામી

**મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા રચિત**

# અધ્યાત્મ-ઉપનિષદ્

## ભાગ પહેલો

## ૧-શાસ્ત્રયોગશુદ્ધિ-અધિકાર

**આજ્ઞા-આશીર્વાદ**

વ્યાખ્યાન વાચસ્પતિ ભાવાચાર્ય ભગવંત

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

**માર્ગદર્શન-આલેખન**

ગુરુ-ગચ્છ વિશ્વાસધામ વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ્

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજાના**

શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- પ્રકાશક -

પ્રકાશન સમિતિ

**શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ**

સાયલા

❖ ❖ ❖

સંસ્થાની પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૬૮

ઈ.સ. ૨૦૧૨

પ્રત : ૧૦૦૦

❖ ❖ ❖

**❖ પ્રાપ્તિ સ્થાન ❖**

❖ સાયલા ❖

**શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ**

**શ્રી રાજ-સોભાગ આશ્રમ**

સોભાગપરા, સાયલા-૩૬૩૪૩૦

(જિ. સુરેન્દ્રનગર)

ફોન : ૯૧-૦૨૭૫૫-૨૮૦૫૩૩

ટેલી-ફેક્સ : ૯૧-૦૨૭૫૫-૨૮૦૭૯૧

E-mail:rajsaubhag@yahoo.com

❖ અમદાવાદ ❖

**જયેશભાઈ જે. શાહ**

**શીવા એન્ટરપ્રાઈઝ**

૨૫, એવરેસ્ટ ટાવર,

નારણપુરા, અમદાવાદ-૧૩

ફોન : ૯૧-૦૭૯-૨૭૪૭૫૧૧૧

ટેલી-ફેક્સ : ૯૧-૦૭૯-૨૭૪૮૩૪૩૬

E-mail: shivaenterprise@yahoo.com

❖ મુંબઈ ❖

**વિનાયક કે. શાહ**

૨૨, શાંતિનિકેતન,

૩જા માળે,

૯૫-એ, મરીન ડ્રાઈવ,

મુંબઈ-૪૦૦૦૦૨.

ફોન : ૯૧-૦૨૨-૨૨૮૧૩૬૧૮/૧૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકાશકનું નિવેદન

॥ ॐ શ્રી વીતરાગ સર્વજ્ઞાય નમઃ ॥

અનંત ઉપકારી શ્રીવીતરાગ સર્વજ્ઞ પ્રભુ કથિત અધ્યાત્મ-યોગ-ધ્યાન-ધર્મ સાધનાના પવિત્ર પંથે પુરુષાર્થ કરી અનેક ભવ્યાત્માઓ પુણ્યાત્મા બની સમ્યગ્દર્શનાદિ સામગ્રીને મેળવી, એના પ્રકાશમાં સમ્યક્ચારિત્રને આરાધવા દ્વારા મહાત્મા પદને સાર્થક કરી સર્વકર્મમલને દૂર કરી આત્માની પરમવિશુદ્ધિ એવી સ્વરૂપદશા એટલે જ પરમાત્મા પદને પ્રાપ્ત કરનારા બન્યા છે, બને છે અને ભવિષ્યમાં પણ બનશે.

એવા અધિકારી મહાપુરુષોએ શ્રુતસાગરનો પરમાર્થ પામી, ગુરુવર્યોની પરંપરાથી મળેલા આમ્નાયોને આત્મસાત્ કરી એ બેયના આધારે કરેલી આત્મસંવેદનાના આધારે હસ્તગત થયેલ તત્ત્વને પરમકરુણાભાવથી પ્રેરાઈ ભવ્યાત્માઓના હિત કાજે પ્રકાશન કર્યું છે. પરમાત્માની આજ્ઞાના પ્રતિબિંબરૂપ આ તત્ત્વ જ આગમાદિ ધર્મશાસ્ત્રોમાં સંગૃહીત થયેલું છે અને સુવિહિત સૂરિશેખરોએ એ વચનોનાં રહસ્યો ભાષ્ય, ચૂર્ણી, નિર્યુક્તિ અને ટીકાગ્રંથોના માધ્યમે આપણા સુધી પહોંચાડીને આપણા ઉપાદાન (આત્મદ્રવ્ય)ની શુદ્ધિનું પરમ નિમિત્ત આપ્યું છે. એ મહાપુરુષોનો એ ઉપકાર જેમ અવિસ્મરણીય છે તેમ એ વચનોને નિર્ભેળ અને નિર્મળરૂપે પ્રાપ્ત કરનાર આપણું સૌભાગ્ય પણ સીમાતીત છે. જ્ઞાની ભગવંતોએ ષોડશક અને જ્ઞાનસાર જેવા મહાગ્રંથોમાં ખરે જ કહ્યું છે કે - **"પરમાત્માના આગમાદિ શાસ્ત્રોને અનુસરનાર ખુદ પરમાત્માનું અનુસરણ કરે છે; અને આ રીતે કરનારને સઘળી સંપત્તિઓ આત્મસાત્ થાય છે."**

જ્ઞાનસાર તો આગળ વધીને ત્યાં સુધી લાલબત્તી બતાવે છે કે - **"અધ્યાત્મની અગોચર (નહિ દેખાતી-નહિ જોયેલી) કેડી ઉપર જે આત્માઓ શાસ્ત્રરૂપી દીપક (મશાલ-ટૉર્ચ) લીધા વિના દોડવા જાય છે, તે ડગલેને પગલે ઠોકર ખાઈ પડે છે અને પરમખેદ (થાક)ને અનુભવે છે."**

જૈન શાસનના ઇતિહાસમાં ઘણા ઘણા શ્રુતધરો થયા છે, જેમણે પોતાના વિશિષ્ટ શ્રુતજ્ઞાનના પ્રકાશથી હજારો-લાખોને તાર્યા છે. આમ છતાં ત્રણ મહાપુરુષોનાં નામ-કામ વિશેષ સ્મરણીય બને છે.

૧. સુવિહિત શિરોમણિ પૂ.આ.**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા.

૨. કલિકાસસર્વજ્ઞ પૂ.આ.**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા અને

૩. મહોપાધ્યાય પૂ.**શ્રી યશોવિજયજી** ગણિવર્ય.

અહીં **'અધ્યાત્મ ઉપનિષદ્'** નામના અદ્ભુત રહસ્યમય ગ્રંથના અધ્યયન-અધ્યાપનાદિ દ્વારા આપણા આધ્યાત્મિક ઉત્થાનને સાધવાનો અવસર હોઈ એ ગ્રંથના રચયિતા મહોપાધ્યાય પૂ. **શ્રી યશોવિજયજી** મહારાજાનું સ્મરણ સામયિક ગણાશે. પૂર્વપુરુષોએ એઓશ્રી માટે **'લઘુહરિભદ્રસૂરિ, દ્વિતીય હેમચંદ્રાચાર્ય, શ્રુતકેવલી સ્મારક, મૂર્છાલી સરસ્વતી'** જેવાં બિરૂદો આપે છે એ જ તેઓશ્રીની જ્યોતિર્ધરતાનો પૂર્ણ પરિચય આપે છે.

વર્તમાન જૈન જગતના જાણીતા અને માણીતા પ્રવચનકારશ્રી, અનેક આગમિક અને શાસ્ત્રીય ગ્રંથોના સંશોધક, સંપાદક, અનુવાદક તેમજ વિવેચક પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી. વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના વરદહસ્તે વિવેચના પ્રાપ્ત **અધ્યાત્મઉપનિષદ્** ગ્રંથરત્નની આપણને સુપ્રાપ્તિ થઈ છે તે આપણો પુણ્યોદય છે તો વળી એ મહાગ્રંથના પ્રકાશનનો પણ મહલ્લાભ આપણને સંપ્રાપ્ત થતો હોઈ આપણો એ પુણ્યોદય પણ સાગરના મોજાની જેમ ભરતીને પામ્યો છે. **શ્રીરાજસોભાગ સત્સંગ મંડલ-સાયલા** અને મંડળ-આશ્રમના સ્વાધ્યાયીઓ આનાથી જરૂરી ઊંચી પ્રેરણા મેળવશે તદુપરાંત સમસ્ત જૈન સંઘ પણ આનાથી લાભાન્વિત થશે-એ ગૌરવની વાત છે.

**શ્રીરાજસોભાગ આશ્રમ**ના મોભી વડીલજી **પૂજ્ય બાપુજી**ના નામે સુપ્રસિદ્ધ **'શ્રી લાડકચંદ માણેકચંદ વોરા'**એ અમને સત્સંગ અને સ્વાધ્યાય દ્વારા જગતની પૌદ્ગલિક માયા જાળને કાપી અનંતશક્તિમય આત્મામાં ઠરી આત્માને પરમાત્મા બનાવવાનું જે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માર્ગદર્શન આપેલું તેઓશ્રીના તે ઉપકારની સ્મૃતિમાં અમો **'અધ્યાત્મઉપનિષદ્'** ભાવાનુવાદ ગ્રંથરત્નનું તેઓશ્રીને હાર્દિક સમર્પણ કરીએ છીએ.

આશ્રમના મૂળ પ્રેરણાસ્રોત **શ્રીમદ્ રાજચંદ્રજી**નાં પદો અને પદ્યો પત્રો અને પ્રેરકવચનોને માધ્યમ બનાવીને પૂજ્ય બાપુજી શ્રી **લાડકચંદભાઈ**એ આશ્રમના શરણે આવતા મુમુક્ષુઓને અર્થકામની પલોજણો ઘટાડી મુક્તિસાધક ધર્મપુરુષાર્થ કરવાનો રાહ બતાવ્યો હતો. સુસમર્થ જૈનાચાર્યોના **યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ** અને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના **જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મઉપનિષદ્** જેવા અનેક શાસ્ત્રોનો સ્વયં અભ્યાસ કરી એનાં રહસ્યો અન્ય મુમુક્ષુઓને પીરસી તેઓશ્રીએ મહાન ઉપકાર કર્યો હતો. મહામહોપાધ્યાય પૂ.**શ્રી યશોવિજયજી** મહારાજાનાં ટંકશાલી શાસ્ત્રવનચનોથી તેઓશ્રીનું હૈયું નિર્વેદ અને સંવેગભાવથી છલોછલ થતું હતું. એ મહાપુરુષ પ્રત્યે તેઓશ્રી ગદ્ગદ્ભાવે સમર્પણના ભાવો અભિવ્યક્ત કરતા હતા.

પૂ.બાપુજી **લાડકચંદભાઈ**ને એઓશ્રીની યુવાનવયે પૂ. **છોટાભાઈ દેસાઈ**થી ઘણું જ્ઞાન સાંપડ્યું હતું. તો વળી પૂ. **સાગરજી મહારાજ**ના સમુદાયના વિદ્વાન ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી. **માણેકયસાગરસૂરીશ્વરજી** મહારાજ પાસે પૂ.મહોપાધ્યાયશ્રીજીના વિવિધ ગ્રંથોનો અભ્યાસ કરી એના પરમાર્થો સમજ્યા હતા. એના જ પરિણામે **શ્રીરાજસોભાગ આશ્રમ**માં ચાલતાં પ્રતિદિન ત્રિકાળ સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં પૂ.બાપુજીએ અત્યંત બહુમાન ભાવ સાથે પૂ. મહોપાધ્યાયજીના ગ્રંથોનો સ્વાધ્યાય કર્યો-કરાવ્યો છે. ગ્રંથવાચન પૂર્વે ગ્રંથ-ગ્રંથકારશ્રીને ત્રિકરણ નમસ્કાર કરતા અને ગ્રંથનો પાઠ પત્યે સમર્પણભાવે કૃતજ્ઞતા-જ્ઞાપન કરતા. યોગિરાજ પૂ.**શ્રી આનંદઘનજી** મહારાજા સાથે પૂ. મહોપાધ્યાયશ્રીજીનો પારમાર્થિક સહવાસ થયાની ઘટના, અષ્ટપદી વગેરેના સ્મરણ-વિવેચને તેઓશ્રીના કોઠે કોઠે દીવડા પ્રગટતા હતા. આ શ્રુતપ્રેમથી જ પ્રેરાઈને તેઓશ્રીએ એ જ આચાર્ય ભગવંતની નિશ્રામાં અનેક લહીયાઓને બેસાડીને શ્રુતલેખન દ્વારા અનેક ગ્રંથોની પ્રતિલિપિઓ કરાવી હતી.

એ સમયે પૂ. મહોપાધ્યાયજીના ગ્રંથો ઉપર સરળ ગુજરાતીમાં ખાસ વિવેચનો કે વિવરણો ઉપલબ્ધ ન હતાં, તેથી પૂ.બાપુજીને વિચાર થતો કે અધિકારી વિદ્વાન બહુશ્રુત મુનિવરો પાસે આવા ગ્રંથો પર વિવરણો લખાવવાં, જેથી આશ્રમવાસીઓને સત્પંથનો પ્રેરકમાર્ગ અલ્પપ્રયાસે પણ ઉપલબ્ધ થઈ શકે.

વિક્રમની ૨૦૪૩મી સાલે ફાગણ સુદ-૩ના બીજી માર્ચ ૧૯૮૭ના રોજ સાયલાના આશ્રમમાં શિખરબંધી જિનાલયમાં મૂળનાયક શ્રી **વાસૂપૂજ્યસ્વામીજી**ની પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ હતી. એના એકાદ વર્ષ પૂર્વે પૂ.આ.શ્રી. **શ્રી ધર્મસૂરિજી** મહારાજના સમુદાયના સાહિત્યકલારત્ન પૂ.આ.શ્રી. વિજય **યશોદેવસૂરીશ્વરજી** મહારાજ પાસે પૂ. બાપુજીએ **'અધ્યાત્મઉપનિષદ્'** ગ્રંથરત્નના ગુજરાતી વિવરણ માટેનું માર્ગદર્શન માગતાં તેઓશ્રીએ. વર્તમાનકાલીન પરમગીતાર્થ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રી. વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના નામની ભલામણ કરી. પૂ.બાપુજીએ તરત જ પોતાના સ્વાધ્યાયાદિ સત્પ્રવૃત્તિના વારસદાર ગણાતા પૂ.ભાઈ**શ્રી નલીનભાઈ** કોઠારીને ખંભાત મોકલી પૂ. ગચ્છાધિરાજશ્રીજીને વિધિવત્ વિનંતિ કરી. પરમકરુણાનિધાન તેઓશ્રીમદે એ જ અવસરે પોતાના શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ પૂ. મુનિપ્રવર શ્રી **ગુણયશવિજયજી** (પછીથી આચાર્યશ્રી) મહારાજના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ.મુનિપ્રવર શ્રી **કીર્તિયશવિજયજી** (હાલ આચાર્યશ્રી) મહારાજને બોલાવી **'અધ્યાત્મઉપનિષદ્'** મહાગ્રંથનું વિવરણ લખવાની આજ્ઞા કરી. પૂ. મુનિવરે પણ એ આજ્ઞાને શિરસાવંદ્ય કરી. ગહનમાં ગહન વિષયને સરળમાં સરળ શૈલીમાં પ્રસ્તુત કરી જિજ્ઞાસુજનોના ગળે ઊતારી દેવાની વિરલ સિદ્ધિને ધરાવતા પૂ.મુનિરાજશ્રીએ કાર્ય પ્રારંભ્યું, પરંતુ ..... શાસન આરાધના-પ્રભાવના-સુરક્ષાનાં કાર્યોની હારમાળા, અનેક અન્ય ગ્રંથાદિના ચાલુ સંશોધન-સંપાદનાદિ કાર્યોની વ્યસ્તતાના કારણે આ ગ્રંથ પરિપૂર્ણ થતાં વર્ષોનાં વહાણાં વીતવા પામ્યાં છે. આમ છતાં **'દેર આયે દુરુસ્ત આયે'** એ ન્યાયથી અમારા સૌભાગ્યના વર્ધાપનરૂપે હવે આ મહાગ્રંથ વિશદ ગુજરાતી વિવરણ-વિશિષ્ટ વિવેચન સાથે સમુપલબ્ધ થઈ રહ્યો છે. તે અત્યંત આનંદની વાત છે.

આ મહાગ્રંથમાં વર્ણવેલ શાસ્ત્રયોગના સહારે જ્ઞાનયોગને પામી, એના સુદૃઢ પાયા ઉપર ઉત્તમ ક્રિયાયોગને આત્મસાત્ કરી શીઘ્ર મુક્તિદાયી એવા સામ્યયોગને આપણે સહુ આત્મસાત્ કરનારા બનીએ એવા આશીર્વાદ પરમારાધ્યપાદ દેવ-ગુરુ પાસે માંગીએ છીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જેઓશ્રીમદ્‌ની મહાકરુણાના ઝરણારૂપે શ્રીસંઘને અધ્યાત્મ-ઉપનિષદ્
નામના મહાન ગ્રંથરત્નની ભેટ સાંપડી છે, તે પરમપૂજ્ય ન્યાયવિશારદ
ન્યાયાચાર્ય યોગ-અધ્યાત્મવિદ્યાના પારગામી

**મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જેઓશ્રીમદ્‌ની પાવન આજ્ઞા અને પરમ અનુગ્રહથી આ મહાન ગ્રંથરત્નની
વિવેચનાનું કાર્ય સાકાર બન્યું છે, તે શાસન શિરતાજ વ્યાખ્યાન વાચસ્પતિ,
સુવિશાળ ગચ્છાધિપતિ ભાવાચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જેમની વિશિષ્ટ પરમાર્થ પ્રજ્ઞાના સહારે આ શાસ્ત્ર-ગ્રંથનું
અવલોકન કરશું તેવા તત્ત્વબોધક પૂજ્યપાદ આચાર્ય ભગવંત

**શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જ્ઞાનદાતાસદ્ગુરુદેવશ્રી પરમ પૂજ્ય બાપુજી

**(શ્રી લાડકચંદ માણેકચંદ વોરા)**

પરમ ઉપકારી જ્ઞાનદાતા સદ્ગુરુદેવશ્રી પરમ પૂજ્ય બાપુજીને સાદર અર્પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લંડન નિવાસી શ્રી **જયસુખભાઈ શાંતિલાલ મહેતા** અને તેમના ધર્માનુરાગી સુશ્રાવિકા શ્રીમતી **ઇલાબહેને** પિતાશ્રી **શાંતિલાલ મનસુખલાલ** મહેતાની ૫૧મી પુણ્યતિથિ તથા માતુશ્રી **ચંચળબા શાંતિલાલ મહેતાની** ૧૩મી પુણ્યતિથિએ તેઓશ્રીના આત્મશ્રેયાર્થે તેમજ **શ્રી વરજીવનદાસ કલ્યાણજી શાહ** તથા તેમના ધર્મપત્ની સુશ્રાવિકા **નિરંજનાબેને** માતુશ્રી **મણિબેન કલ્યાણજી ટોકરશી શાહ**ના આત્મશ્રેયાર્થે શ્રુતપ્રભાવક એવા આ મહાન ગ્રંથરત્નના પ્રકાશનનો આર્થિક લાભ મેળવી સ્વધનને સાર્થક બનાવી અનેકોને ભવ તરવાની ઉત્તમ તક આપી છે તે બદલ અમો તેમની અનુમોદના કરીએ છીએ.

આ શાસ્ત્રગ્રંથના સર્જન, સંરક્ષણ, સંશોધન, સંપાદન, વિવરણ અને પ્રકાશનાદિ કાર્યોમાં જે પણ પુણ્યાત્મા - મહાત્માઓનું યોગદાન છે તે સર્વેના ઋણને અમો મસ્તકે ચડાવીએ છીએ.

પ્રાંતે એક જ સદ્ભાવના ભાવીએ છીએ કે - અનંત દુઃખમય આ સંસાર ચક્રથી છોડાવી અનંત સુખમય મોક્ષે પહોંચાડનાર જૈનશાસનની રત્નત્રયીને સૌ કોઈ આ અને આવા ટંકશાળી ગ્રંથરત્નોના સ્વાધ્યાય, સદ્દહણા અને સત્સ્વીકારાદિ દ્વારા પામી પરઘર-પરદ્રવ્ય-પરરૂપાદિમાં રમતા નિજ આતમરામને સ્વઘર-સ્વદ્રવ્ય-સ્વરૂપમાં રમમાણ કરનારા બને એ જ શુભકામના.

**પ્રકાશન સમિતિ**
**શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ

## શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ અને ક્રિયાયોગના પરિપાકરૂપે પ્રગટતા સામ્યયોગ દ્વારા ભાવશત્રુઓ સામે વિજયશ્રી અપાવતો મહાનગ્રંથ

દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિ એ જીવમાત્રનું નિશ્ચિત કરેલું ધ્યેય છે; આમ છતાં તે ધ્યેયના સ્વરૂપનું અને તે ધ્યેયસિદ્ધિના માર્ગનું યથાર્થજ્ઞાન ન હોવાના કારણે મોટા ભાગના જીવો ખોટા માર્ગે ફંટાઈ જતા હોય છે, તે પછી તેઓ ગમે તેટલો અથાક પુરુષાર્થ કરે તો પણ તેઓ ધ્યેયસિદ્ધિને વરી શકતા નથી.

આત્માને ન જાણવો, ન માનવો અને ન માણવો એ દુઃખનો માર્ગ છે, જ્યારે આત્માને જાણવો, માનવો અને માણવો એ સુખનો માર્ગ છે. આ વાત જેને સમજાઈ જાય તેને માટે દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિના ધ્યેયને સિદ્ધ કરવાનું કાર્ય સાવ આસાન બની જાય છે. માટે જ કલિકાલસર્વજ્ઞ પૂ.આ.શ્રી.હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું કે,

**'આત્માના અજ્ઞાનથી પ્રગટેલું દુઃખ આત્મજ્ઞાન દ્વારા વિનષ્ટ કરાય છે.'**[1]

આત્માને ન જાણવો તે અજ્ઞાન છે અને જાણવો તે જ્ઞાન છે.

આત્માને ન માનવો તે મિથ્યાત્વ છે અને માનવો તે સમ્યક્ત્વ છે.

આત્માને ન માણવો તે અચારિત્ર છે અને માણવો તે ચારિત્ર છે.

આત્માને જાણવો, માનવો અને માણવો એ જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સ્વરૂપ રત્નત્રયી છે, અને આ રત્નત્રયીનું સામ્રાજ્ય જ દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનું સબળ સાધન છે. આત્માને જાણવા, માનવા અને માણવાની ક્રિયા એ જ યોગ છે અને એ જ અધ્યાત્મ પણ છે. આત્માને જાણવા, માનવા અને માણવાની આ ક્રિયા બાહ્ય આચારરૂપે હોય ત્યારે તે વ્યવહારિક યોગ-વ્યવહારિક અધ્યાત્મ છે અને આ જ ક્રિયા અંતરંગ પરિણતિરૂપે હોય ત્યારે તે નૈશ્ચયિક યોગ-નૈશ્ચયિક અધ્યાત્મ છે.

આ રીતે આત્માને જાણવા, માનવા અને માણવાની સાધના એ જ આત્મહિતની સાધના છે અને સર્વ સાધનાના પ્રકારોમાં એ સર્વશ્રેષ્ઠ સાધના છે. પરમતારક પરમકૃપાળુ શ્રી અરિહંત પરમાત્માએ જગતના કલ્યાણ કાજે આ જ સાધનાના માર્ગને પ્રગટ કરવા યોગ-અધ્યાત્મના ઉપદેશનો ઝરો વહેવડાવ્યો હતો. દુઃખમુક્તિના સચોટ ઉપાયરૂપ તે સાધનાને પ્રદર્શિત કરતા તે ઉપદેશો આગમાદિ ધર્મશાસ્ત્રોમાં સંગૃહીત

---

1. आत्माज्ञानभवं दुःख-मात्मज्ञानेन हन्यते x x x । - યોગશાસ્ત્ર પ્ર. ૪- શ્લો. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરાયેલા છે. આ શાસ્ત્રોમાં આત્મહિતકર એવી અધ્યાત્મ-સાધના ઉપર વિધ-વિધ શબ્દ-સંચય દ્વારા અને વિધ-વિધ શૈલીથી વ્યાપક અને ઊંડો પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

સમર્થ શાસ્ત્રકાર પૂ.આ.શ્રી.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ અધ્યાત્મ, યોગ આદિના સ્વરૂપને દર્શાવવા અનેક ગ્રંથો રચ્યા છે. કલિકાલસર્વજ્ઞ પ્રભુએ પણ યોગશાસ્ત્ર વગેરેના માધ્યમથી અધ્યાત્મ-યોગનો વિશદ પરિચય કરાવ્યો છે. અન્ય અનેક મહાપુરુષોએ આગમ, અનુમાન અને સ્વ-અનુભૂતિરૂપ યોગાભ્યાસથી જે અધ્યાત્મ આત્મસ્થ બન્યું તેનો ભવ્યાત્માઓને વિનિયોગ કરવા માટે અનેકાનેક ગ્રંથો રચેલા છે. એ જ શ્રેણીમાં થયેલા યુગપુરુષ પૂ.ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ ખાસ 'અધ્યાત્મ' શબ્દથી જ પ્રારંભાતા ચાર મહાન ગ્રંથોની શ્રી જૈન સંઘને ભેટ ધરી છે. એ ગ્રંથો છે : ૧. અધ્યાત્મસાર, ૨. અધ્યાત્મ-ઉપનિષદ્, ૩. અધ્યાત્મમતપરીક્ષા અને ૪. આધ્યાત્મિકમતપરીક્ષા.

આ ચારમાંના અંતિમ બે ગ્રંથો ખંડન-મંડનની શૈલીમાં રચાયેલા છે. અધ્યાત્મ મત પરીક્ષામાં દિગંબરોના કપોલકલ્પિત અધ્યાત્મની માન્યતાનું ખંડન કરાયું છે તો આધ્યાત્મિકમતપરીક્ષા ગ્રંથ દિગંબરીય બનારસીદાસની એકાંત નિશ્ચય નયાત્મક માન્યતાઓના ખંડન તેમજ સ્યાદ્વાદમય માન્યતાના મંડન માટે રચાયેલો છે. જ્યારે અધ્યાત્મસાર અને અધ્યાત્મ ઉપનિષદ્ આ બે ગ્રંથો તો ખાસ અધ્યાત્મસાધનાના જ સર્વાંગીણ નિરૂપણ માટે તેઓશ્રીએ રચેલા છે. આ ગ્રંથોના પદે પદમાં મહામહોપાધ્યાયજીએ આગમ, અનુમાન અને યોગાભ્યાસના પરમનિચોડરૂપે મેળવેલ ઉત્તમ તત્ત્વનું નિરૂપણ જોવા મળે છે[2].

આવા આગમાદિ ધર્મશાસ્ત્રોના અધ્યયન, શ્રવણાદિકથી સર્વજ્ઞ વીતરાગ પ્રભુની વાણીનો યથાર્થ બોધ થાય છે અને તેને અનુસરવા દ્વારા જ અધ્યાત્મ-યોગનું સ્વ-જીવનમાં પ્રગટીકરણ થાય છે. આમ અધ્યાત્મમય શાસ્ત્રોનું અધ્યયન પણ આત્માને મહાદુ:ખથી મુક્તિ અપાવી મહાસુખના સામ્રાજ્યની ભેટ આપવાનું મહાસામર્થ્ય ધરાવે છે, તેથી આત્મસાધના કરવા ઉત્તમતત્ત્વનું નિરૂપણ કરનારા ગ્રન્થોની કેટલી મહત્તા છે તે જણાવતાં પૂ. મહોપાધ્યાયજી મહારાજે તો અધ્યાત્મસારમાં 'અધ્યાત્મ શું છે ?' એ સમજાવવા એના સ્વરૂપને દર્શાવતાં પૂર્વે અધ્યાત્મનું વર્ણન જે ગ્રંથોમાં આવે છે તે ગ્રંથોનું પણ અદ્ભુત મહિમાગાન કરતાં જણાવ્યું છે કે,

'સંગીતથી શણગારેલું, સ્ત્રી દ્વારા ગવાતું ગીત જેમ ભોગી લોકોને રસદાયી-આનંદદાયી બને છે, તેમ અધ્યાત્મરસથી મનોહર બનેલું પદ્ય (અધ્યાત્મસાર ગ્રંથની રચના) પણ યોગી લોકોને રસદાયી-આનંદદાયી બને છે.[3]'

'યુવાન પુરુષોને સ્ત્રીના અધરામૃતના સ્વાદથી જે સુખનો અનુભવ થાય છે તે અધ્યાત્મને વર્ણવતા

---

2. आगमेनानुमानेन योगाभ्यासरसेन च । त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लभते तत्त्वमुत्तमम् ।।१०१।। - યોગદૃષ્ટિસમુચ્ચય

3. योगिनां प्रीतये पद्यमध्यात्मरसपेशलम् । भोगिनां भामिनीगीतं संगीतकमयं यथा ।।१/८।। - અધ્યાત્મસાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાસ્ત્રાસ્વાદરૂપ સુખસાગર સમક્ષ એક બિંદુ માત્ર છે.[4]'

'કામભોગનો આનંદ જ્યાં સુધી કામક્રીડા ચાલતી હોય ત્યાં સુધી જ હોય છે, સારામાં સારા ભોજનનો આનંદ ખાવાનું ચાલે ત્યાં સુધી જ આવતો હોય છે, પરંતુ અધ્યાત્મશાસ્ત્રના સેવન-અધ્યયનનો આનંદ અમર્યાદિત હોય છે.[5]'

તેઓશ્રીએ અધ્યાત્મસારના પહેલા અધિકારમાં આ રીતે એવી અદ્ભુત શૈલીમાં અધ્યાત્મ શાસ્ત્રનો મહિમા વર્ણવ્યો છે કે જેના શ્રવણથી પ્રેરાઈને શિષ્યના હૃદયમાં એ અધ્યાત્મને જાણવાની તીવ્ર જિજ્ઞાસા પ્રગટે છે અને તેથી જ શિષ્ય પૂછે છે કે,

'ભગવંત ! તે અધ્યાત્મ શું છે કે જેનું આપ આ રીતે વર્ણન કરી રહ્યા છો ![6]' એનો જવાબ આપતાં તેઓ શ્રીમદે કહ્યું કે,

'વત્સ ! સાંભળ ! હું તારી સમક્ષ શાસ્ત્ર મુજબ અધ્યાત્મનું વર્ણન કરું છું.[7]' ત્યાર બાદ 'અધ્યાત્મ' શું છે ? - તે જણાવતાં તેઓશ્રીએ કહ્યું કે,

**'જે આત્મા ઉપરથી મોહનો અધિકાર ચાલ્યો ગયો છે. તેની આત્માના લક્ષ્યપૂર્વક જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તેને શ્રી જિનોએ અધ્યાત્મ કહ્યું છે.[8]'**

અધ્યાત્મ સાધનાનો વ્યાપ અને ઊંડાણ કેટલા છે અને તેના દ્વારા સાધક કઈ ઊંચાઈને આંબી શકે છે. તેનું બ્યાન કરતાં તેઓશ્રીએ વધુમાં જણાવ્યું છે કે,

'જેમ ચારિત્રના સઘળાય પ્રકારોમાં 'સામાયિક' નામનું ચારિત્ર અનુસ્યૂત એટલે કે એકમેક થઈને રહેલું છે તેમ સર્વ યોગમાં (યોગના સર્વપ્રકારોમાં) આ અધ્યાત્મ પણ અનુસ્યૂત-એકમેક થઈને રહેલું છે.[9]' એટલે જ કહ્યું છે કે,

'અપુનર્બંધક અવસ્થાથી લઈને છેક ચૌદમા ગુણસ્થાનકની અવસ્થા સુધી ક્રમે ક્રમે શુદ્ધ શુદ્ધતર અને શુદ્ધતમ બનતી ક્રિયા એ અધ્યાત્મવાળી છે, એમ મનાયું છે.[10]'

---

4. कान्ताधरसुधास्वादाद्, यूनां यज्जायते सुखम् । बिन्दुः पार्श्वे तदध्यात्म-शास्त्रास्वादसुखोदधेः ।। - અધ્યાત્મસાર ૧/૯
5. रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः । अध्यात्मशास्त्रसेवायां, रसो निरवधिः पुनः ।। - અધ્યાત્મસાર ૧/૨૧
6. भगवन् ! किं तदध्यात्मं, यदित्थमुपवर्ण्यते ? । - અધ્યાત્મસાર ૨/૧
7. शृणु वत्स ! यथाशास्त्रं, वर्णयामि पुरस्तव ।। - અધ્યાત્મસાર ૨/૧
8. गतमोहाधिकाराणा-मात्मानमधिकृत्य या । प्रवर्त्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ।। - અધ્યાત્મસાર ૨/૨
9. सामायिकं यथा सर्वचारित्रेष्वनुवृत्तिमत् । अध्यात्मं सर्वयोगेषु तथानुगतमिष्यते ।। - અધ્યાત્મસાર ૨/૩
10. अपुनर्बन्धकाद्यावद् गुणस्थानं चतुर्दशम् । क्रमशुद्धिमती तावत्, क्रियाध्यात्ममयी मता ।। - અધ્યાત્મસાર ૨/૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે અધ્યાત્મની વ્યાખ્યા અને એનો વ્યાપ બતાવ્યા બાદ એ સમગ્ર ગ્રંથમાં એ જ સાધનાને તેઓશ્રીએ એકવીશ અધિકારોમાં વિસ્તારપૂર્વક સ્પષ્ટતાથી વર્ણવી છે.

વળી, 'જેમ મહારથમાં બંને પૈડાં અને પક્ષીની બંને પાંખો સંતુલિત હોય તો જ તે ગતિ કરી શકે છે, તેમ અધ્યાત્મની વિકાસયાત્રા માટે પણ જ્ઞાન અને ક્રિયા આ બેય પાંખો સંતુલિત હોવી જરૂરી બને છે.[11]' એમ જણાવી આ અધ્યાત્મની વિકાસ યાત્રાને ગતિશીલ બનાવવા માટે જ્ઞાન અને ક્રિયાની સંતુલિત અવસ્થા હોવી અતિ અનિવાર્ય છે. એ બાબત ઉપર વિશેષ ભાર મૂક્યો છે.

અધ્યાત્મસારના બીજા અધિકારના પ્રાંતે, 'અધ્યાત્મના પ્રારંભ કાળમાં પણ એટલે કે અભ્યાસકાળમાં પણ કાંઈક અંશે અધ્યાત્મની ક્રિયા અને શુભ ઓઘસંજ્ઞાને અનુસરતું અધ્યાત્મિક જ્ઞાન હોય છે;[12]' તેમ જણાવીને તેઓશ્રીએ અધ્યાત્મની જ્ઞાન અને ક્રિયા ઊભયરૂપતા સિદ્ધ કરી છે.

**અધ્યાત્મનું અનુસંધાન :**

આ જ અધ્યાત્મના વિષયને આગવી શૈલીથી વર્ણવવા માટે પૂ. મહોપાધ્યાયજીએ પ્રસ્તુત **'અધ્યાત્મ-ઉપનિષદ્'** નામના મહાન ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં તેઓશ્રીએ ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણથી તે તે દૃષ્ટિને મુખ્ય કરનારા વિદ્વાનો અધ્યાત્મ કોને માને છે એ દર્શાવવા માટે અધ્યાત્મની બે વ્યાખ્યાઓ રજૂ કરી છે. જે પૈકી પહેલી વ્યાખ્યામાં જણાવ્યું છે કે -

'આત્માને લક્ષ્યરૂપ બનાવીને જે પંચાચારની ચારિમા (પંચાચારનો પ્રકર્ષ) પ્રાપ્ત થાય છે, તેને શબ્દની જોડણીઓના જ્ઞાતાઓ 'અધ્યાત્મ' કહે છે.[13]'

આ પહેલી વ્યાખ્યા 'શબ્દયોગાર્થ' એટલે કે શબ્દોના સંયોજન-જોડણીઓ અને વ્યાકરણાદિ શાસ્ત્રાનુસાર શબ્દનો જે અર્થ થતો હોય તે અર્થને માનનારા નિષ્ણાતો દ્વારા કરાયેલી છે. તો વળી રૂઢિ અર્થના નિષ્ણાતો, એટલે કે શબ્દનો પરંપરા કે સંપ્રદાય દ્વારા રૂઢ થયેલો અર્થ માનનારા નિષ્ણાતો દ્વારા માન્ય કરાયેલી અધ્યાત્મની વ્યાખ્યા જણાવતાં તેઓશ્રીજીએ કહ્યું છે કે, 'મૈત્રી આદિ ભાવનાઓથી વાસિત થયેલું અને બાહ્ય વ્યવહારોથી ઉપબૃંહણા-પુષ્ટિને પામેલું નિર્મળ ચિત્ત એ અધ્યાત્મ છે.[14]'

આ રીતે બન્નેય પ્રકારની 'અધ્યાત્મ'ની વ્યાખ્યા આપ્યા બાદ નયદૃષ્ટિથી બેય વ્યાખ્યાઓનો સમન્વય સાધતાં તેઓ શ્રીમદે જણાવ્યું છે કે, 'આમાંની પહેલી એટલે શબ્દયોગાર્થવાળી વ્યાખ્યા એવંભૂતનયની અપેક્ષાએ છે તો બીજી એટલે રૂઢિઅર્થવાળી વ્યાખ્યા વ્યવહાર અને ઋજુસૂત્ર નયની અપેક્ષાએ કરાઈ છે.[15]'

---

11. ज्ञानं शुद्धं क्रिया शुद्धेत्यंशौ द्वाविह संगतौ । चक्रे महारथस्येव, पक्षाविव पतत्रिणः।। - અધ્યાત્મસાર ૨/૧૨
12. अध्यात्माभ्यासकालेऽपि क्रिया काप्येवमस्ति हि । शुभौघसंज्ञानुगतं ज्ञानमप्यस्ति किञ्चन ।। - અધ્યાત્મસાર ૨/૨૮
13. आत्मानमधिकृत्य स्याद्, यः पञ्चाचारचारिमा । शब्दयोगार्थनिपुणा-स्तदध्यात्मं प्रचक्षते ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૨
14. रूढ्यर्थनिपुणास्त्वाहुश्चित्तं मैत्र्यादिवासितम् । अध्यात्मं निर्मलं बाह्य-व्यवहारोपबृंहितम्।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૩
15. एवम्भूतनये ज्ञेयः प्रथमोऽर्थोऽत्र कोविदैः । यथायथं द्वितीयोऽर्थो, व्यवहारर्जुसूत्रयोः।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાર બાદ આ ગ્રંથમાં ચાર વિભાગો દ્વારા સર્વનયોને સાપેક્ષ રહીને અધ્યાત્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે વિભાગો આ પ્રમાણે છે -

૧-શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર,

૨-જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર,

૩-ક્રિયાયોગશુદ્ધિ અધિકાર અને

૪-સામ્યયોગશુદ્ધિ અધિકાર.

સર્વજ્ઞ કથિત શુદ્ધ શાસ્ત્રોના આધારે શાસ્ત્રયોગની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. એક અપેક્ષાથી વિચારીએ તો શાસ્ત્રયોગની શુદ્ધિ દ્વારા જ્ઞાનયોગ અને ક્રિયાયોગની શુદ્ધિ પ્રાપ્ત થાય છે; અને બીજી અપેક્ષાથી વિચારીએ તો શાસ્ત્રયોગની શુદ્ધિ દ્વારા જ્ઞાનયોગની શુદ્ધિ અને જ્ઞાનયોગની શુદ્ધિ દ્વારા ક્રિયાયોગની શુદ્ધિ સંપ્રાપ્ત થાય છે, અંતે એ જ્ઞાનયોગ તથા ક્રિયાયોગની શુદ્ધિ દ્વારા જ સામ્યયોગની શુદ્ધિ સંપ્રાપ્ત થાય છે. **શાસ્ત્રયોગ એ સાધનાનો પાયો છે. એની ધરી ઉપર જ અધ્યાત્મસાધનાનો પ્રારંભ થાય છે. જ્ઞાનયોગ તથા ક્રિયાયોગ એ સાધનાની વિકસિત અવસ્થા છે. જ્યારે સામ્યયોગ એ સાધનાની પરાકાષ્ઠા છે, જે સાધકને સિદ્ધિનું પ્રદાન કરે છે;** માટે જ પૂજ્યપાદ મહોપાધ્યાયજી મહારાજે આ ગ્રંથના વિષય વર્ણનનો આવો ક્રમ પસંદ કર્યો હોય તેમ સ્પષ્ટરૂપે ભાસિત થાય છે. આ ચારેય અધિકારોમાં અધ્યાત્મસાધનાની અંતરંગ અને બહિરંગ કેડીઓ અને રાજમાર્ગને અદ્ભુત રીતે તાણે-વાણે ગૂંથી આપ્યાં છે.

**શાસ્ત્રયોગશુદ્ધિ :**

અધ્યાત્મસાધના કરવા આત્માનું જ્ઞાન હોવું જરૂરી છે. આત્મા અતીન્દ્રિય હોઈ, તે માટે અતીન્દ્રિય જ્ઞાન ધરાવનાર માર્ગદર્શકની અતિ આવશ્યક્તા રહે છે. તે વિના માત્ર બુદ્ધિ કે તર્કથી આ માર્ગ કળી શકાતો નથી. આ વાતને ઉપકારી ગ્રંથકારશ્રીજીએ પોતાની આગવી પ્રતિભા દ્વારા પ્રથમ અધિકારમાં વર્ણવી છે. એમાં શાસ્ત્રની ઉપયોગિતા અને કોનું વચન શાસ્ત્રરૂપ છે તેમજ કોના વચનો શાસ્ત્રરૂપ નથી તેની ભેદરેખા જણાવતાં તેઓશ્રી જણાવે છે કે,

'જેનામાં આત્માનું શાસન (નિયમન) કરવાની અને આત્માના ભાવોની સુરક્ષા કરવાની શક્તિ હોય તેને જ જ્ઞાનીઓ **શાસ્ત્ર** કહે છે. એવું શાસ્ત્ર કેવળ સર્વજ્ઞ-વીતરાગનું વચન જ છે. અસર્વજ્ઞ, રાગી, દ્વેષી આત્માનાં વચનો શાસ્ત્રરૂપ બની શકતા નથી'.[16]

આત્મિક ઉન્નતિ સાધવા શાસ્ત્ર વચનોનો આદર કેટલો જરૂરી છે અને તેનાથી થતા લાભોનું વર્ણન કરતાં પૂજ્ય મહોપાધ્યાયજીએ સૂરિપુરંદર હરિભદ્રસૂરિ મહારાજના ષોડશક મહાગ્રંથના 'अस्मिन् हृदयस्थे सति...' શ્લોકના પર્યાયરૂપ શ્લોક દ્વારા કહ્યું છે કે,

16. शासनात्त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते । वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ।।
- અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'શાસ્ત્ર વીતરાગના જ વચનરૂપ હોવાથી શાસ્ત્રનો આદર કરીને પ્રવૃત્તિ કરવાથી વીતરાગનો આદર કરાય છે અને વીતરાગનો આદર કરવાથી નક્કી જ સર્વ સિદ્ધિઓ-સફળતાઓ પ્રાપ્ત થાય છે.'[17]

શાસ્ત્રની આવી ઉપયોગિતા અને લાભનો બોધ હોવા છતાં, દુનિયામાં પ્રસિદ્ધ અનેક શાસ્ત્રોમાંથી કયા શાસ્ત્રને શુદ્ધ માનવું ? એ ગહન પ્રશ્ન ઊભો જ રહે છે. તેથી આ અધિકારમાં તેઓશ્રીએ શાસ્ત્રની પરીક્ષા કરીને, તેની શુદ્ધતાનો નિર્ણય કરવાની એક વિશિષ્ટ પદ્ધતી બતાવી છે. જેમ 'આ સુવર્ણ સાચું અને શુદ્ધ છે કે નહિ ?' તે નક્કી કરવા તેની કષ, છેદ અને તાપ પરીક્ષા કરાય છે, તેમ શાસ્ત્રોની પણ કષ, છેદ અને તાપ પરીક્ષા કરવી જોઈએ; અને જે શાસ્ત્ર તે પરીક્ષામાં શુદ્ધ પૂરવાર થાય તે જ શાસ્ત્રને વાસ્તવિક શાસ્ત્રરૂપે માની શકાય. (કેટલાક ગ્રંથોમાં ચોથી તાડન પરીક્ષા પણ બતાવેલી છે.) શુદ્ધિની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ આવા શાસ્ત્રને આધારે જો અધ્યાત્મની સાધના કરાય તો જ તે ફળવતી બને.

શાસ્ત્રની કષ-છેદ-તાપ પરીક્ષાના સંદર્ભમાં તેઓશ્રીએ દરેક દર્શનોની માન્યતાઓ રજૂ કરીને, તે તે દર્શનનાં શાસ્ત્રો કઈ કઈ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શકતા નથી તે દર્શાવવા દાર્શનિક ચર્ચાને પૂરતો અવકાશ આપ્યો છે. આ આખી ચર્ચા વિદ્વાનોને અત્યંત આનંદ ઉપજાવે તેવી છે, આમ છતાં જેઓ એવા વિદ્વાન ન હોય તેમને ભારે પડે તેવી અઘરી પણ છે. જેઓ પાસે તેવી વિદ્વત્તા ન હોય તેઓ જ્યાં સુધી તેને સમજાવી શકે તેવા જ્ઞાની પુરુષનો યોગ ન મળે ત્યાં સુધી એટલું પ્રકરણ છોડીને આગળ વધી જશે તો તે પછીનું સાધનામાર્ગનું વર્ણન એટલું બધું રસાળ છે કે સાધકને ગ્રંથ મૂકવાનું મન નહિ થાય. તેથી જેઓ વિશેષ વિદ્વાન ન હોય તેવા સાધકોએ આ વર્ણન જોઈ ગભરાઈને આ ગ્રંથનું અધ્યયન છોડી દેવાની ભૂલ ન કરવી. કેમ કે, આગળના ત્રણ અધિકારોમાં આત્મવિકાસની વાતો ઘણી સરળ અને રોચક શૈલિમાં રજૂ કરાયેલી છે, તે આત્મોન્નતિને ઇચ્છતા સર્વ સાધકો માટે અતિ ઉપકારી છે.

આ વિભાગમાં ગ્રંથકારશ્રીજીએ 'અનેકાન્તવાદ' શું છે તે દર્શાવી અનેકાન્ત સિદ્ધાન્તવાળું શાસ્ત્ર જ ત્રિકોટિ શુદ્ધ છે તેમ સિદ્ધ કરી ન્યાયદર્શનના શાસ્ત્રોની શૈલીથી અનેકાન્તવાદની સર્વોપરિતા પૂરવાર કરી છે. વળી અનેકાન્તવાદની વ્યાપકતાનો બોધ કરાવી તેઓશ્રીએ એમ પણ સ્પષ્ટ કરી આપ્યું છે કે, અતીન્દ્રિય એવા સાધનામાર્ગમાં આગળ વધવા અનેકાન્તદૃષ્ટિ અનિવાર્ય છે.

અનેકાન્તદૃષ્ટિથી જ સાધકમાં માધ્યસ્થ્ય પ્રગટે છે. અપેક્ષાએ કહીએ તો આ મધ્યસ્થ ભાવ-તટસ્થતાની બુદ્ધિ તે આત્મિક વિકાસનું પહેલું પગથિયું છે. જેને ગ્રંથકારશ્રીએ 'શાસ્ત્રયોગશુદ્ધિ' - શાસ્ત્રની સાથેના વાસ્તવિક જોડાણથી પ્રગટતી આત્માની શુદ્ધિ તરીકે વર્ણવ્યું છે.

મધ્યસ્થ આત્મા જોઈ શકે છે કે સર્વ દર્શનો મોક્ષનું સ્વરૂપ અને તેના ઉપાયોની બાબતમાં ભિન્ન-ભિન્ન માન્યતા ધરાવતાં હોવા છતાં 'મોક્ષ' એ જ સૌનું અંતિમ લક્ષ્ય છે. સર્વ દર્શનની આવી સમાનતાને જે જાણે છે તે મધ્યસ્થતાનો ઉપાસક જ વાસ્તવિક શાસ્ત્રવેત્તા છે.[18] શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારનો નિચોડ જણાવતાં અંતે તેઓશ્રીએ કહ્યું છે,

17. शास्त्रे पुरस्कृते तस्माद्वीतरागः पुरस्कृतः । पुरस्कृते पुनस्तस्मिन्नियमात्सर्वसिद्धयः ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૧૪

18. तेन स्याद्वादमालम्ब्य, सर्वदर्शनतुल्यताम् । मोक्षोद्देशाविशेषेण, यः पश्यति स शास्त्रवित् ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૭૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'માધ્યસ્થ્ય એ જ શાસ્ત્રનો પરમાર્થ છે.'[19]

જે સાધકમાં માધ્યસ્થ્ય આવ્યું તે સાધકે જ શાસ્ત્રનો પરમાર્થ પ્રાપ્ત કર્યો છે.

**જ્ઞાનયોગશુદ્ધિ :**

અધ્યાત્મની સાધના માટે શાસ્ત્રની અનિવાર્યતા હોવા છતાં એની મર્યાદા ક્યાં સુધીની છે, તેનો પણ સુંદર વિવેક આપતાં મહામહોપાધ્યાયશ્રીજીએ શાસ્ત્રયોગ અને જ્ઞાનયોગને ભિન્ન બતાવ્યા છે. સાધનામાર્ગમાં બન્ને કેવી ભૂમિકા ભજવે છે તે દર્શાવતાં તેઓશ્રીએ જણાવ્યું છે કે,

'શાસ્ત્ર એ કેવળ દિગ્દર્શક છે, એથી વધારે એનું કાર્યક્ષેત્ર નથી. દિશા બતાવ્યા બાદ એ એક ડગલું ય સાથે ચાલતું નથી, સાથે તો આત્માનુભવ-અનુભવજ્ઞાનરૂપ જ્ઞાનયોગ જ રહે છે. એ જ્યાં સુધી મુનિને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એનું પડખું મૂકતો નથી.[20]'

એ જ વાતને જરા અલગ શૈલીથી જણાવતાં તેઓશ્રીમદે એમ પણ લખ્યું છે કે,

'શાસ્ત્રોની સેંકડો યુક્તિઓ હોવા છતાં જ્યાં સુધી આત્માનુભાવ ન થાય ત્યાં સુધી અતીન્દ્રિય (ઈન્દ્રિયો દ્વારા અગોચર) એવું પરમબ્રહ્મ (આત્મા) ક્યારે પણ જાણી શકાય નહિ.[21]'

જો શાસ્ત્રોની આટલી જ મર્યાદા હોય તો પછી શાસ્ત્રનો ઉપયોગ શું ? એવી શંકાના સમાધાનરૂપે પૂ. મહોપાધ્યાયજીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, 'સાધનાના માર્ગમાં આગળ વધવા માટે શાસ્ત્રો એટલાં બધાં ઉપયોગી અને ઉપકારક છે કે એ શાસ્ત્રોએ દર્શાવેલી દિશા તરફ ચાલનારો નિર્મળ બુદ્ધિમાન પથિક જ આગળ જતાં ઉત્તરોત્તર વિકાસશીલ અવસ્થાને પામવા માટે અનુભવ જ્ઞાનનો, જ્ઞાનયોગનો પ્રયોગ કરે છે.[22]'

અધ્યાત્મસારમાં તેઓશ્રીએ આ જ વાત જરા જુદા શબ્દોમાં કહી છે. ત્યાં કહ્યું છે કે,

'શાસ્ત્રે બતાવેલી દિશા પર ચાલવાથી જે આત્માનો અસદ્નો આગ્રહ અને કષાયોનું કાલુષ્ય ગળી ગયું છે તેમને આત્માનુભવ (જ્ઞાનયોગ) દ્વારા જ જણાય તેવું પ્રિય રહસ્ય (ઉપનિષદ્) કોઈ પણ રીતે પ્રાપ્ત થાય છે.'[23]

આ જ વાત ઉપર ભાર મૂકવા તેઓશ્રીએ આગળ જણાવ્યું છે કે,

---

19. माध्यस्थ्यमेव शास्त्रार्थो, x x x । - અધ્યાત્મ ઉપનિષદ્ ૧/૭૧

20. पदमात्रं हि नान्वेति, शास्त्रं दिग्दर्शनोत्तरम् । ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुञ्चति।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૨/૩

21. अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना । शास्त्रयुक्तिशतेनाऽपि, नैव गम्यं कदाचन ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૨/૨૧

22. दिशा दर्शितया शास्त्रै-र्गच्छन्नच्छमतिः पथि। ज्ञानयोगं प्रयुञ्जीत, तद्विशेषोपलब्धये ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૨/૧

23. शास्त्रोपदर्शितदिशा गलितासद्ग्रहकषायकलुषाणाम् । प्रियमनुभवैकवेद्यं रहस्यमाविर्भवति किमपि ।।
- અધ્યાત્મસાર ૨૦/૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મુનિ શાસ્ત્રદૃષ્ટિથી સમસ્ત શબ્દબ્રહ્મને જાણીને અનેક અનુભવો દ્વારા સ્વસંવેદ્ય એવા પરબ્રહ્મને જાણે છે.[24]'

તેઓશ્રીના આવા કથનથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રનો બોધ મેળવી તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી અનુભવજ્ઞાનની શૃંખલા લાધે છે.

આગળ વધીને આવા મહાન અનુભવજ્ઞાનને વરેલા જ્ઞાનયોગીનું મહિમાગાન કરતાં તેઓશ્રીએ કહ્યું છે કે,

'સુકૃતની બુદ્ધિથી આ આત્માનુભવને પામેલ યોગી જ ધ્યાન કરવા યોગ્ય છે, એ જ સેવવા યોગ્ય છે, એમની જ ભક્તિ કરવા યોગ્ય છે. આ આત્માનુભવવાળા યોગીને જ 'ગુરુ' માનવાથી આ સંસાર-સાગર તરવો સરળ બની જાય છે.[25]'

આવો આત્માનુભવ ન થાય તેવા આત્માઓની કેવી વિડંબણા થાય છે. તેનું પણ તાદૃશ બ્યાન કરતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ જણાવ્યું છે કે, 'જેઓ અનુભવજ્ઞાન દ્વારા મોક્ષમાર્ગનો નિશ્ચય નથી કરી શક્યા તેવા અનિશ્ચિત પંથ પર ચાલનારાઓ ચારિત્રની પરિણતિથી ચૂકી જાય છે. કેવળ ચારિત્રની બાહ્ય ક્રિયાઓ કરીને જેઓ પોતે ચારિત્રી હોવાનો ગર્વ અનુભવે છે તેઓ જેમ ચારિત્રી નથી તેમ જ્ઞાની પણ નથી. એનું ગમે તેટલું ઊંચું જણાતું જ્ઞાન પણ સરવાળે અજ્ઞાનરૂપ જ છે.[26]'

શાસ્ત્રયોગની મર્યાદા અને એનાથી દિશા મળતાં પ્રાપ્ત થતો જ્ઞાનયોગ-સામર્થ્યયોગ કઈ રીતે પરમપદ સુધી પહોંચાડે છે, તેનો સારાંશ આપતાં અધ્યાત્મસારમાં તેઓશ્રીમદે જણાવ્યું છે કે, 'શાસ્ત્રવ્યાપાર માત્ર દિશા દર્શાવવાનું જ કાર્ય કરે છે. અગમનિગમની મુસાફરીમાં તે સાથે આવતું નથી, સામ્યયોગના અનુભવસ્વરૂપ 'સામર્થ્યયોગ' રૂપ અનુભવ જ આત્માને સામા કિનારે લઈ જાય છે.[27]'

પૂ. મહોપાધ્યાયજી ભગવંતે જ્ઞાનયોગની વ્યાખ્યા આપ્યા બાદ એ જ્ઞાનયોગનો વિસ્તાર અને પ્રભાવ બંનેને ઉક્તિ અને યુક્તિ દ્વારા અભિવ્યક્ત કર્યો છે. જ્ઞાનયોગ અને શાસ્ત્રયોગ વચ્ચેની તુલનામાં શાસ્ત્રયોગ એ પાયો છે અને જ્ઞાનયોગ અને ક્રિયાયોગ એની ઉપર રચાતી ઈમારત છે. શાસ્ત્રયોગની ઉપેક્ષા કરીને જ્ઞાનયોગ અને ક્રિયાયોગ ક્યારે પણ પામી શકાતો નથી અને જ્ઞાનયોગની તથા ક્રિયાયોગની અપેક્ષા વિનાના શાસ્ત્રયોગની પણ કોઈ વિશેષ કિંમત નથી - આ વાતની સારી રીતે છણાવટ કરેલી છે.

આવા જ્ઞાનયોગીના સુખનું વર્ણન શક્ય નથી. તેને સમજાવવા માટે જગતની ઉપમાઓ વામણી પડે છે. જગતમાં સુખદાયક ઉપમાઓ તરીકે પ્રિયાનો આશ્લેષ અને બાવનાચંદન રસનું વિલેપન ગણાય છે. અહીં એ બંને ઉપમાઓ પણ જ્ઞાનયોગીના સુખના વર્ણન માટે વામણી ગણાઈ છે.[28]

---

24. अधिगत्याखिलं शब्द-ब्रह्म शास्त्रदृशा मुनिः । स्वसंवेद्यपरं ब्रह्मानुभवैरधिगच्छति ।। - અધ્યાત્મઉપનિષદ્- ૨/૨૫
25. ध्येयोऽयं सेव्योऽयं, कार्या भक्तिः सुकृतधियाऽस्यैव । अस्मिन्गुरुत्वबुद्ध्या, सुतरः संसारसिन्धुरपि ।। - અધ્યાત્મસાર ૨૦/૨૮
26. ये त्वनुभवाविनिश्चितमार्गाश्चारित्रपरिणतिभ्रष्टाः। बाह्यक्रियया चरणाभिमानिनो ज्ञानिनोऽपि न ते ।। - અધ્યાત્મસાર ૨૦/૩૫
27. दिङ्मात्रदर्शने शास्त्र-व्यापारः स्यान्न दूरगः । अस्याः स्वानुभवः पारं, सामर्थ्याख्योऽवगाहते ।। - અધ્યાત્મસાર ૯/૨૮
28. ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव पार्यते । नोपमेयं प्रियाश्लेषै-र्नापि तच्चन्दनद्रवैः ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૨/૧૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જ્ઞાનયોગ એક અંદરના ઉઘાડરૂપ છે, જેની પરાકાષ્ઠા પ્રાતિભજ્ઞાનસ્વરૂપે પ્રગટતી હોય છે. આ પ્રાતિભ-જ્ઞાન શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનથી અલગ ન હોવા છતાં બેમાંથી કોઈ એકરૂપે પણ નથી, એવું પણ તેઓશ્રીમદે સ્પષ્ટ કરી આપ્યું છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં પૂ.આ.શ્રી.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કરેલી સ્પષ્ટતાને ન્યાયાચાર્ય પૂ. મહોપાધ્યાયજી મહારાજે જ્ઞાનસારના અનુભવાષ્ટકની પહેલી ગાથા દ્વારા અને પ્રસ્તુત ગ્રંથના બીજા અધિકારની બીજી ગાથા દ્વારા પુનઃ પ્રકાશિત કરી છે.[29] તેઓએ તેને દિવસ રાત્રિ વચ્ચેની સંધી સમયે થતા અને અરુણોદયની ઉપમા આપી વસ્તુને સમજાવી છે.

**ક્રિયાયોગશુદ્ધિ :**

જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર બાદ ક્રિયાયોગશુદ્ધિ અધિકારમાં ક્રિયાયોગનું સ્યાદ્વાદ શૈલીથી નિરૂપણ કરવા માટે જ્ઞાનયોગ અને ક્રિયાયોગ બંને વચ્ચેનું સાયુજ્ય, કાર્યકારણભાવ ગૂંથી આપ્યો છે. નયચર્ચામાં જ્ઞાનયોગ પોતાની મુખ્યતા સ્થાપવા ક્રિયાયોગને જે રીતે નગણ્ય ગણે છે તે દર્શાવી, તે એકાંત માન્યતાનું યુક્તિપુરસ્સર ખંડન પણ કર્યું છે. તે જ રીતે ક્રિયાયોગ પણ પોતાની મુખ્યતા સ્થાપવા જ્ઞાનયોગને જે રીતે નગણ્ય ગણે છે તે દર્શાવી, તે એકાંત માન્યતાનું ય યુક્તિપુરસ્સર ખંડન કર્યું છે. એમ કર્યા બાદ અંતે અનેકાંતદૃષ્ટિ-સ્યાદ્વાદ શૈલીથી એ બંને યોગોની પરસ્પર સાયુજ્યતા, કાર્ય-કારણતા, અનિવાર્યતા, સ્વ-સ્વ-સ્થાને મુખ્યતા અને પરસ્થાને ગૌણતા દર્શાવીને, જ્ઞાન યોગની જેમ જ ક્રિયાયોગની પણ અનિવાર્યતા છે તે જણાવ્યું છે. એ બંનેય યોગો એકબીજાના પૂરક બનવાના કારણે સાધનાના પ્રારંભથી (અભ્યાસદશાથી) છેક યોગની સિદ્ધિ થાય ત્યારે અને તે પછી પણ કેટલા ઉપકારક બને છે, તે સ્પષ્ટ રીતે સિદ્ધ કરી આપ્યું છે.

'અધ્યાત્મસાર'માં આ જ વાતને અલગ શબ્દોમાં પુષ્ટ કરતાં તેઓશ્રીએ જણાવ્યું છે કે, 'જ્ઞાન ક્રિયા રહિત હોતું નથી, ક્રિયા પણ જ્ઞાન રહિત હોઈ શકતી નથી. ખરેખર ગૌણ અને પ્રધાન (મુખ્ય) એવા ભાવના કારણે એ બંને વચ્ચે માત્ર અવસ્થાનો જ ભેદ છે.[30]' 'કર્મયોગ (ક્રિયાયોગ)નો સારી રીતે અભ્યાસ કરે તે જ જ્ઞાનયોગને સારી રીતે પામે છે અને જ્ઞાનયોગને સારી રીતે પામનારો જ ધ્યાનયોગ પર સારી રીતે આરૂઢ થઈને મુક્તિયોગને પામે છે.[31]'

ક્રિયારૂપ વ્યવહારને ગૌણ કરનારો જ્ઞાનરૂપ નિશ્ચયને પામવા મથે તો કેવી વિડંબણા પામે છે તેનું નિદર્શન આપતાં તેઓશ્રીએ લખ્યું છે કે, 'વ્યવહાર નયનો આશ્રય કરીને ક્રિયામાર્ગમાં નિષ્ણાત બન્યા વગર જે શુદ્ધ અને અતિ સૂક્ષ્મ એવા નિશ્ચયનયના પરમાર્થને જાણવા ઇચ્છે છે તે તળાવ તરવાની શક્તિ ન હોવા છતાં મહાસાગર તરવાના મનોરથો સેવનાર જેવો શેખચલ્લી છે.[32]'

---

29. सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् । बुधैरनुभवो दृष्टः, केवलार्कारुणोदयः ।। - જ્ઞાનસાર ૨૬/૧

30. ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता । गुणप्रधानभावेन, दशाभेदः किलैनयोः ।। - અધ્યાત્મસાર ૧૫/૨૪

31. कर्मयोगं समभ्यस्य, ज्ञानयोगसमाहितः । ध्यानयोगं समारुह्य, मुक्तियोगं प्रपद्यते।। - અધ્યાત્મસાર ૧૫/૮૩

32. व्यवहाराऽविनिष्णातो, यो ज्ञीप्सति विनिश्चयम् । कासारतरणाशक्तः, सागरं स तितीर्षति ।। - અધ્યાત્મસાર ૧૮/૧૯૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'વ્યવહાર નય શું કહે છે તેનો નિશ્ચય કરીને શુદ્ધ નયને આશ્રિત એવા આત્મસ્વરૂપના જ્ઞાનમાં રત થઈને મહાત્મા પરમ સામ્યને પ્રાપ્ત કરે છે[33]' એવું જણાવી તેઓશ્રીમદ્ ક્રિયાની પાયારૂપતા અને જ્ઞાનની ઈમારતરૂપતાને જ વિધવિધ રૂપકો દ્વારા સિદ્ધ કરી આપી છે.

જ્ઞાનયોગ અને ક્રિયાયોગનું સંતુલન અધ્યાત્મની ઉત્પત્તિ, શુદ્ધિ વૃદ્ધિ અને સિદ્ધિ માટે ઉપકારક છે તે જણાવવા માટે પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રીજીએ કેટલીક માર્મિક વાતો કરી છે, તેને જાણવી ય જરૂરી છે. તેઓએ કહ્યું છે કે,

'તપ અને શ્રુતનો પણ એક જાતનો મદ ચઢી શકે છે. જે આત્માને 'હું તપસ્વી છું' કે હું બહુ જ્ઞાની છું. એવો શ્રુતનો કે તપનો મદ ચઢ્યો હોય, તે ક્રિયા કરનારો સાધક હોય તોપણ તેને કર્મબંધ થાય છે; જ્યારે ભાવનાજ્ઞાનથી યુક્ત હોવાને કારણે મદ રહિત બનેલા જ્ઞાનયોગી બાહ્યદૃષ્ટિથી સાવ નિષ્ક્રિય હોવા છતાં પણ કર્મથી લેપાતા નથી[34]'

'અજ્ઞાની પૂર્વ કોટિ વર્ષો સુધી કષ્ટાચરણની જેટલાં કર્મોનો વિનાશ કરે છે. તેટલાં કર્મોનો વિનાશ ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો જ્ઞાની માત્ર એક ઉચ્છ્વાસ જેટલા જ સમયમાં કરે છે.[35]' એવું જે બૃહત્કલ્પભાષ્યમાં જણાવ્યું છે તે આ જ વાતને પુષ્ટ કરે છે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે ભારપૂર્વક જણાવ્યું છે કે, 'ક્રિયા વિનાનું જ્ઞાન અનર્થને જ કરે છે. કારણ કે, રસ્તાનો સારામાં સારો જાણકાર પણ જો એ માર્ગે ન ચાલે તો ઈચ્છિત નગરને પામતો નથી.[36]' વિપરીત માર્ગે ચાલે તો કોઈક બીજા જ સ્થાને જ પહોંચી જાય તેમ પણ બને છે.

પૂર્ણ જ્ઞાની-કેવળજ્ઞાની પણ કેવળજ્ઞાન થયા બાદ પોતાની ભૂમિકાને અનુરૂપ એવી દેશનાદાન, વિહાર, દીક્ષાપ્રદાન, આહારાદિ-ગ્રહણ, દેહવિશ્રાંતિ વગેરે ક્રિયાઓની અપેક્ષા રાખતા હોય છે, એ વાત સ્વપ્રકાશિત દીપકને પણ તેલ પુરવાની ક્રિયા અપેક્ષિત હોય છે[37] - તે દૃષ્ટાંતથી સમજાવી છે.

'જે એકાંત જ્ઞાનયોગની આરાધના કરનારાઓ 'ક્રિયાયોગ એ બાહ્ય વ્યવહાર છે.' -એમ કહી, ક્રિયાયોગને આરાધ્યા વિના જ સિદ્ધિરૂપ તૃપ્તિને પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તે ભોજન કર્યા વિના તૃપ્તિની અપેક્ષા રાખનારા જેવા છે[38]' - એમ કહીને મહામહોપાધ્યાયજીએ એવા એકાંત જ્ઞાનવાદીઓની મૂર્ખતાને ખૂલ્લી કરી છે.

---

33. व्यवहारं विनिश्चित्य, ततः शुद्धनयाश्रितः । आत्मज्ञानरतो भूत्वा, परमं साम्यमाश्रयेत् ।। - અધ્યાત્મસાર ૧૮/૧૯૬
34. तपःश्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते । भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते ।।
- અધ્યાત્મસાર ઉપનિષદ્ ૨/૩૯
35. जं अन्नाणी कम्मं खवेइ, बहुआहिं वासकोडिहिं । तं नाणी तिहिं गुत्तो, खवेइ उसासमित्तेणं ।। - બૃહત્કલ્પભાષ્ય ૧૧૭૦
36. क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् । गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ।। - અધ્યાત્મ ઉપનિષદ્ ૩/૧૩
37. स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते । प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ।।
- અધ્યાત્મ ઉપનિષદ્ ૩/૧૪
38. बाह्यभावं पुरस्कृत्य, ये क्रियाऽव्यवहारतः । वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ।।
- અધ્યાત્મ ઉપનિષદ્ ૩/૧૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ ટંકશાલી વચન નોંધતાં જણાવ્યું છે કે, 'માત્ર જ્ઞાનમાં જ અભિમાની બનેલા જેઓ ક્રિયાનો ત્યાગ કરી બેઠા છે તેઓ 'अतो भ्रष्टः ततो भष्टः' છે. તેમનામાં અને નાસ્તિકમાં કશો ફેર નથી.[39]'

એથી જ **'જ્ઞાન-ક્રિયામાં એકી સાથે આદર કરનાર મુનિ જ દ્રવ્ય અને ભાવથી વિશુદ્ધ બનીને પરમપદ-મોક્ષને પામે છે**[40]' એવું જણાવી તેઓશ્રીમદે ક્રિયાયોગશુદ્ધિ અધિકારની પરિસમાપ્તિ કરી છે.

**સામ્યયોગશુદ્ધિ :**

ચોથા સામ્યયોગશુદ્ધિ અધિકારનો પ્રારંભ કરતાં ફરી એક વાર જ્ઞાન અને ક્રિયાયોગનો આશ્રય જ મોક્ષમાર્ગની મુસાફરીમાં દુઃખત્યાગ અને સુખપ્રાપ્તિ કરાવનાર બને છે એ જણાવવા માટે જોડા-પગરખાં વિનાના માણસનું કાંટાળા સ્થાનમાં ચાલવું કેવું દુઃખપ્રદ હોય છે? અને રથમાં આરૂઢ થઈને ગમન કરનારનું સુખ કેવું હોય છે ? - તે દષ્ટાંત આપીને સ્પષ્ટ કર્યું છે.[41]આ રથ જ સામ્યયોગરૂપ છે અને એ જ મોક્ષમાં પહોંચાડવા સમર્થ બને છે.

સામ્યયોગ સમગ્ર સાધનાનો પરિપાક ગણાયો છે. જ્ઞાનયોગ હોય કે ક્રિયાયોગ હોય, એ બંને જો સામ્યયોગમાં પરિણમે તો જ તે સફળ બને છે. આ સામ્યયોગ પણ સાધનાના પ્રારંભથી સાધનાના પર્યવસાન એટલે કે સિદ્ધાવસ્થા સુધીની સમગ્ર સાધનામાં અનુસ્યૂત રહેતો હોય છે. પ્રારંભમાં બીજના ચંદ્રના પ્રકાશની જેમ એની અલ્પતા હોય છે, પણ જ્ઞાનયોગ અને ક્રિયાયોગના આધારે વૃદ્ધિ પામતાં પામતાં એ જ સામ્યયોગ પ્રાંતે પૂર્ણિમાના ચંદ્રની જેમ વિકસ્વર બને છે. કહેવું જ હોય તો એમ કહી શકાય કે શાસ્ત્રયોગનું આલંબન લઈને સાધક જ્ઞાનયોગ અને ક્રિયાયોગને જેમ જેમ જેટલા પ્રમાણમાં સાધતો જાય તેમ તેમ તેટલા પ્રમાણમાં એના આત્મામાં સામ્યયોગ પ્રગટતો જાય અને જેમ જેમ જેટલા પ્રમાણમાં સામ્યયોગ પ્રગટતો જાય તેમ તેમ તેટલા પ્રમાણમાં એને આત્મસ્વરૂપની, આત્માનંદની અનુભૂતિ થતી જાય. સમ્યગ્દર્શનથી પ્રાપ્ત થયેલો સામ્યજન્ય સુખારંભ-સુખાનંદ આગળ વધતાં મહત્તર બની મહાનંદ આપનારો બની પ્રાંતે મહત્તમ બની પરમાનંદ આપનારો બને છે. મહાપુરુષોએ પ્રયોજેલા આત્માનંદ, મહાનંદ, પરમાનંદ, ચિદાનંદ અને આનંદઘન જેવા શબ્દો પણ આ સામ્યયોગની જ અભિવ્યક્તિ છે. આ આત્મસ્વરૂપની, આત્માનંદની અનુભૂતિ જ સાધકને પુનઃ પુનઃ ઉપર ઉપરની કક્ષાના જ્ઞાનયોગ અને ક્રિયાયોગને સાધવા માટેની દિશા દર્શાવતો જાય, તે માટેનો ઉત્સાહ પ્રગટાવતી જાય અને સાધનાની સામગ્રી પૂરી પાડીને

---

39. तेन ये क्रियया मुक्ता, ज्ञानमात्राभिमानिनः । ते भ्रष्टा ज्ञानकर्मभ्यां, नास्तिका नात्र संशयः ।।
- અધ્યાત્મ ઉપનિષદ્ ૩/૩૮

40. ज्ञाने चैव क्रियायां च, युगपद्विहितादरः । द्रव्य-भावविशुद्धः सन्, प्रयात्येव परं पदम् ।।
- અધ્યાત્મ ઉપનિષદ્ ૩/૪૨

41. ज्ञानक्रियाश्वद्वययुक्तसाम्य-रथाधिरूढः शिवमार्गगामी । न ग्रामपूःकण्टकजारतीनां, जनोऽनुपानत्क इवार्तिमेति ।।
- અધ્યાત્મ ઉપનિષદ્ ૪/૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધનાનો વેગ વધારતી જાય. એના પરિણામે ઉત્તરોત્તર વિશિષ્ટ કોટિનો સામ્યયોગ પ્રગટતો જાય, જે સામ્યયોગ અતિ વિશિષ્ટ રીતે આત્માની અનુભૂતિ કરાવતો જાય અને એ અનુભૂતિનો આનંદ સાધકને સિદ્ધિની દિશામાં વેગપૂર્વક દોરતો જાય.

આ સામ્યયોગનો આનંદ, એ આનંદની અનુભૂતિ, એ અનુભૂતિની બલવત્તા કેવી વિશિષ્ટ કોટિની હોય છે, તેનો રસાસ્વાદ પૂજ્યપાદ મહોપાધ્યાયજી ભગવંતે સામ્યયોગાધિકારના શ્લોકોમાં વર્ણવ્યો છે. આ વિષયનું વર્ણન પણ નિશ્ચય અને વ્યવહાર વગેરે વિભિન્ન નયોની દૃષ્ટિએ કરવા દ્વારા સાધક વિદ્વાનોના તત્તદ્‌વિષયક સંશયોનું નિરાકરણ કરીને પરમ-પ્રસાદની પ્રાપ્તિ કરાવી છે.

પરમાત્માના શાસનના આ સામ્યયોગને પામવાનો ઉપાય દર્શાવતો એક શ્લોક તેઓશ્રીમદે આપણને આપ્યો છે, જે દેખાવે સાવ સરળ અર્થવાળો લાગે, છતાં ગંભીર અર્થોથી ભરેલો છે. સંઘર્ષ અને સાધના વચ્ચે જીવનભર અદ્વિતીય સમતાનું સંતુલન સાધતા **સિદ્ધયોગી પરમતારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** હિતશિક્ષાની યાચના કરતા સાધકોને ખાસ આ શ્લોક ટાંકીને એના આધારે હિતશિક્ષા લખી આપતા હતા તેમાં કહ્યું છે કે,

**'आत्मप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।**
**सदा चिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ।।४-२।।'**

'જે યોગી આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં અત્યંત જાગ્રત-ઉપયોગશીલ-અપ્રમત્ત હોય, આત્માનું અકલ્યાણ થાય તેવી પરપ્રવૃત્તિ : સાંભળવા માટે બહેરો, જોવા માટે આંધળો અને બોલવા માટે મૂંગો હોય અને જે હંમેશાં જ્ઞાનાનંદના સ્થાનરૂપ મોક્ષમાં ઉપયોગશીલ હોય તે યોગી 'લોકોત્તરસામ્ય'-સમતાને પામે છે.'

આ મહાન ગ્રંથની પૂર્ણતા કરતાં એક શ્લોકમાં પૂજ્યપાદ મહોપાધ્યાયજી ભગવંતે વિશ્વાસ સાથે લખ્યું છે કે, 'આ અધ્યાત્મ-ઉપનિષદ્‌ ગ્રંથમાં બતાવ્યા મુજબ, સર્વશ્રેષ્ઠ એવા સામ્યયોગના પ્રભાવને માનીને શુદ્ધ બુદ્ધિવાળો અને શાશ્વત આનંદથી યુક્ત એવો જે આત્મા સામ્યયોગમાં નિરત બને છે અને તેમાં જે ક્યારે પણ ખેદને પામતો નથી, તે સાધક પ્રત્યેક અવિદ્યાનો નાશ કરનારો બને છે, એ પૂર્ણ સ્વભાવદશારૂપ સંપત્તિનો સ્વામી બને છે અને ખરેખર એ ભાવશત્રુઓનો વિજય કરીને યશશ્રીને મેળવે છે.[42]'

આ આર્ષવાણી અધ્યાત્મસાધનાના જિજ્ઞાસુ સાધકોને અધ્યાત્મસાધનામાં પુરુષાર્થશીલ બનવા માટે વધુને વધુ લાલાયિત, પ્રોત્સાહિત કરે છે.

42. इति शुभमतिर्मत्वा, साम्यप्रभावमनुत्तरं, य इह निरतो नित्यानन्दः कदापि न खिद्यते।
विगलदखिलाविद्यः पूर्णस्वभावसमृद्धिमान्, स खलु लभते भावारीणां जयेन यशःश्रियम् ।।
- અધ્યાત્મ ઉપનિષદ્‌ ૪/૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અતીતની અટારીએથી :**

આ મહાનગ્રંથની વિવેચના લખાઈ એનો પણ રોમાંચક ઇતિહાસ બન્યો છે. સાયલાના શ્રી રાજસોભાગ આશ્રમના પ્રણેતા તથા આધ્યાત્મિક માર્ગદર્શક **શ્રીયુત લાડકચંદભાઈ વોરા** કે જેમને ત્યાં **'પૂ. બાપુજી'** તરીકે સંબોધે છે, તેઓ ત્યાં તેમની સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં સૂરિપૂરંદર પૂજ્ય આચાર્યવર્ય **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજના અને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ પૂજ્યપાદ **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી** ગણિવર્યશ્રીના યોગ-અધ્યાત્મ વિષયક ગ્રંથોનો સ્વાધ્યાય કરાવતા. જેમાં **'અધ્યાત્મ ઉપનિષદ્'** ગ્રંથનો સ્વાધ્યાય કરાવતાં એમને ભાવ જાગ્યો હતો કે આ મહાન ગ્રંથ ઉપર કોઈ ટીકા બાલાવબોધ કે વિવેચન ઉપલબ્ધ ન હોવાથી કોઈ વિદ્વાન મુનિપ્રવર આ ગ્રંથના ભાવો ખોલતી વિવેચના લખી આપે તો મુમુક્ષુઓ આ મહાન ગ્રંથનો સરળતાથી અભ્યાસ કરી રસાસ્વાદ માણી શકે. આ માટે ૨૪ વર્ષ પહેલાં વિ.સં. ૨૦૪૨માં પાલીતાણા સાહિત્યમંદિર ખાતે બિરાજમાન સાહિત્યકલાનિધિ **પૂ. આચાર્ય શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી** પાસે તેમના અગ્રગણ્ય મુમુક્ષુ ભાઈ **શ્રી નલીનભાઈ કોઠારી**ને મોકલ્યા. શ્રી નલીનભાઈએ શ્રીયુત લાડકચંદભાઈની ભાવના તેમને જણાવી ત્યારે તેઓશ્રીએ આ માટે વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના** નામની ખાસ ભલામણ કરી કહ્યું કે 'તમે તેઓશ્રીની પાસે જઈને ભાવના રજુ કરશો તો તમારું કામ સારી રીતે પાર પડશે.'

આ પછી શ્રીયુત લાડકચંદભાઈએ શ્રી નલીનભાઈ કોઠારીને પરમતારક પરમ શ્રદ્ધેય પરમગુરુદેવશ્રીજી પાસે ખંભાત મોકલ્યા. શ્રી નલીનભાઈએ પરમગુરુદેવશ્રીજીને સદર ગ્રંથની સુંદર વિવેચના તૈયાર કરાવી આપવા વિનમ્ર વિનંતી કરી.

પરમતારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવશ્રીજીએ ત્યારે મને બોલાવીને તેઓનો પરિચય કરાવી આ કાર્યને સાંગોપાંગ પાર પાડી આપવાની આજ્ઞા કરી અને તે માટે હાર્દિક આશિર્વાદ પણ આપ્યા. તેઓશ્રીમદ્‌ના તીર્થભૂત સાનિધ્યમાં જ એ અંગેનું કાર્ય પણ પ્રારંભાયું. પરંતુ એકાદ અધિકારનું વિવેચન પુરું થવા આવ્યું તે પછી એક પછી એક એવા જ સંયોગો સર્જાતા ગયા કે જેના કારણે કામ લંબાતું જ ચાલ્યું. શ્રીયુત લાડકચંદભાઈ તરફથી આ અંગે ઉઘરાણી ચાલુ હતી, પણ આ કાર્ય માટે ત્યારે પૂરતો અવકાશ કાઢવો શક્ય ન બન્યો.

એ દરમ્યાન જેઓશ્રીમદ્‌ના આજ્ઞા આશીર્વાદથી આ કાર્ય પ્રારંભાયું હતું તે પરમ તારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવશ્રીજીનો કાળધર્મ થયો અને કાર્યના મૂળ ભાવક શ્રીયુત લાડકચંદભાઈનો પણ સ્વર્ગવાસ થઈ ગયો. ત્યારબાદ પણ તેમના ઉત્તરાધિકારી શ્રી નલીનભાઈ કોઠારી અને મુમુક્ષુઓ અવાર-નવાર મને મળવા આવતા અને આ કાર્યને સત્વરે પૂર્ણ કરી આપવાની વિનંતી કરતા રહેતા. જ્યારે પણ મળવાનું થતું ત્યારે યથાવકાશ અધ્યાત્મ-યોગ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાનયોગ-ક્રિયાયોગ આદિ વિષયો પર તાત્ત્વિક ચર્ચા-વિચારણા થતી રહેતી જ, પણ વિવેચનાનું કાર્ય તો અટકેલું જ હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષોનાં વાણાં વીત્યાં બાદ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથપ્રભુના સાન્નિધ્યમાં સં. ૨૦૬૩માં આ કાર્ય પુનઃ હાથમાં લેતાં પહેલાં શ્રી ભોરોલ તીર્થમાં, શ્રી ભીલડીયાજી તીર્થમાં અને મુંબઈ-બોરીવલીમાં આ વિષય પર જ વાચના અને વિચાર-વિમર્શ કર્યો.

આજે જ્યારે એ પરિપૂર્ણ થઈ રહ્યું છે ત્યારે મારા મનમાં એક સાથે મિશ્રિત સંવેદનાઓ અનુભવાઈ રહી છે. કાર્ય પૂર્ણ થયાનો આનંદ અને જેમની શુભ ભાવનાથી અને જેઓશ્રીમદ્‌ની પવિત્ર આજ્ઞા-આશીર્વાદની સંપત્તિથી કાર્યારંભ કરાયો હતો, તેમાંથી આજે કોઈ પણ વિદ્યમાન નથી, તેનો ખેદ અને રંજ ! તે જ રીતે મારા ભવોદધિતારક ગુરુદેવ વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાની વિદ્યમાનતામાં તેઓશ્રીની અમૃતદૃષ્ટિમાં રહીને આ કાર્ય પરિપૂર્ણતાને પામ્યું છે તે જેમ આનંદનો વિષય છે, તેમ પ્રકાશન સમયે તેઓશ્રીની પણ વિદ્યમાનતા નથી તે પણ મનને વ્યથિત કરે છે.

આજે આ કાર્ય જે રીતે પરિપૂર્ણ થઈ રહ્યું છે તેનો મહત્તમ યશ વાગડ સમુદાયના અને પરમતારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવશ્રીજીના સામ્રાજ્યવર્તી વિદુષીરત્ના સાધ્વીવર્યા **શ્રી ચન્દ્રાનનાશ્રીજી** મહારાજનાં શિષ્યરત્ના વિદુષી સાધ્વીજી **શ્રી પ્રશમિતાશ્રીજી** મહારાજ અને તેમનાં શિષ્યરત્ના સાધ્વીજી **શ્રી જિનપ્રજ્ઞાશ્રીજી** મહારાજને ફાળે જાય છે. મારા નિર્દેશમાં રહીને તેઓએ અનેકવિધ શ્રમ ઉઠાવી આ વિવેચનાને સર્વાંગ સુંદર બનાવવા શક્ય યોગદાન આપ્યું છે. છેલ્લે છેલ્લે, ચારેક મહિના પૂર્વે આ મહાન ગ્રંથનો ત્રીજો અધિકાર ફાઈનલ કરીને પ્રેસમાં મોકલવા એક ભાઈને આપ્યો અને ભાવિભાવથી રસ્તામાં એમનાથી એ મેટર ખોવાઈ ગયું. તેથી ફરી મહેનત કરી એ અધિકાર નવેસરથી તૈયાર કરવો પડ્યો, તોપણ જરાય કંટાળ્યા વિના પૂરા સદ્ભાવથી એને પણ એમણે પાર પાડી આપ્યો તે ઓછી અનુમોદનાની વાત નથી.

આ ગ્રંથની વિવેચના માટે જૈનાગમો, પંચાંગી વિવરણો, અનેક ધર્મશાસ્ત્રો, અધ્યાત્મ-ધ્યાન-યોગ અંગેના સંદર્ભગ્રંથો ઉપરાંત કર્ણાટક કેસરી પૂ.આ.શ્રી. વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજ તેમજ વિદ્વાન પં. શ્રી **યશોવિજયજી** ગણિવર વિરચિત ટીકાઓ તથા પંડિતપ્રવર **શ્રી પ્રવીણચંદ્ર મોતા** દ્વારા લખાયેલ વિવેચન ગ્રંથનો પણ આધાર લેવાયો છે.

**'લઘુ હરિભદ્ર'** અગર **'અભિનવ હેમચન્દ્રાચાર્ય'** જેવા બિરૂદો ધરાવતા ન્યાયાચાર્ય ન્યાયવિશારદ પૂજ્યપાદ મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજાની પંક્તિઓનો પરમાર્થ પ્રાપ્ત કરવો અને એને તત્ત્વજિજ્ઞાસુ જનોના લાભાર્થે સરળ શૈલીમાં પ્રકાશિત કરવો એ અત્યંત દુરુહ કાર્ય છે. અચિંત્ય ચિંતામણિ કલિકાલ કલ્પતરુ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** પરમાત્માની અવિરત વરસતી અનુગ્રહધારા તથા પરોક્ષ ગુરુપદે હૃદયે સ્થાનાપન્ન પૂજ્યપાદ **મહોપાધ્યાય ભગવંત** અને પ્રત્યક્ષ ગુરુપદે ભાલતિલકરૂપે રાજિત પરમતારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવ પૂ. આચાર્યવર્ય શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા અને વર્ધમાન તપોનિધિ ગુરુદેવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાની અખંડ અનુભવાતી આશીર્વર્ષાથી દુરુહ એવું પણ આ કાર્ય યથામતિ યથાશક્તિ સંપન્ન કર્યું છે. છદ્મસ્થ સુલભ કોઈપણ સ્ખલના થઈ હોય, જિનાજ્ઞા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિરુદ્ધ શાસ્ત્રકાર મહર્ષિના આશય વિરુદ્ધ યત્કિંચિત્ પણ આલેખનાદિ થયું હોય તો તે બદલ હાર્દિક મિચ્છા મિ દુક્કડં આપવા સાથે આ વિષયના અનુભવજ્ઞાનીઓને તેવી સ્ખલનાઓ દર્શાવવાની વિનમ્ર વિનંતી કરું છું કે જેથી તેનું પરિમાર્જન થઈ શકે.

ગ્રંથના આલેખન બાદ વિદ્વાન મુનિરાજ શ્રી **સંયમકીર્તિવિજયજી** મહારાજ, શ્રુતરસિક મુનિરાજ શ્રી **શ્રુતતિલકવિજયજી** મહારાજ, વિદુષી સાધ્વીજી શ્રી **ચંદનબાલાશ્રીજી** મહારાજ, વિદુષી સાધ્વીજીશ્રી **પ્રશમિતાશ્રીજી**નાં અનેક શિષ્યાઓ, પં. શ્રી **મેહુલભાઈ શાસ્ત્રી** તથા કુ. **જિજ્ઞાસાબેને** તે જોઈ પદાર્થ અને પ્રૂફ શુદ્ધિનું કાર્ય કરી આપ્યું છે, તે પણ સંસ્મરણીય છે.

આ ગ્રંથના આલેખન, સંપાદન, વાચના આદિના સમયમાં મને-અમને જે અપાર આનંદની અનુભૂતિ થઈ છે તે મારી-અમારી અધ્યાત્મ-સાધનાને ઉત્તરોત્તર વેગવંતી બનાવનાર બને અને લોકોત્તર સામ્યની અદ્વૈત અનુભૂતિના માધ્યમે મને, અમને, તમને, આપણા સૌને સિદ્ધિસુખના સ્વામી બનાવનાર બને એ જ શુભાભિલાષા...

૨૦૬૬ અષાઢ વદ ૧૪
રત્નપુરી - મલાડ-મુંબઈ

**વ્યાખ્યાન વાચસ્પતિ, જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ, ભાવાચાર્ય ભગવંત, શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના **શિષ્યરત્ન પરમ સમાધિસાધક વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી** મહારાજાનો ચરણ ચંચરીક
**વિજય કીર્તિયશસૂરિ.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધ્યાત્મ ઉપનિષદ્

## *ગ્રંથ પરિચય...*

સૌ કોઈ સુખ ઇચ્છે છે અને તે માટે મનગમતા પદાર્થો, પ્રેમી પાત્રો કે રાગાદિ ભાવો-પ્રતિભાવો પ્રાપ્ત કરવા દિવસ-રાત મથ્યા કરે છે. તેમાં જેને મનગમતું મળી જાય છે, તે પોતાને 'હું સુખી છું' -એમ માને છે અને જેને મનગમતું નથી મળતું કે અણગમતું મળે છે, તે પોતાને 'હું દુઃખી છું' - એમ માને છે; પરંતુ તે અજ્ઞાની જાણતો નથી કે આ સુખ નથી વિડંબના છે, દુઃખની અલ્પકાલીન હળવાશ છે અને નરી પરાધીનતા છે. કેમ કે, સુખ પારકી વસ્તુમાંથી નથી મળતું, તે તો ભીતરની પોતીકી મિલ્કત છે. પારકાને મેળવવામાં સુખ નથી કે તેને છોડવામાં દુઃખ પણ નથી; સુખ તો પર પદાર્થની ઇચ્છા માત્રથી મુક્ત થઈને, નિઃસ્પૃહ બનવામાં છે. નિઃસ્પૃહીને મનનો કોઈ સંતાપ કે અજંપો નથી હોતો, તેથી નિઃસ્પૃહી સદા સુખી હોય છે.

જે પળે જીવને આ વાત સમજાય છે, તે ધન્ય પળથી આત્મવિકાસનો પ્રારંભ થાય છે. બૌદ્ધિક સ્તરે આ વાત સમજાયા પછી પણ ઇન્દ્રિયો અને વિષયોની અપેક્ષા રાખ્યા વગર આત્મિક સુખ માણવાનો માર્ગ સાધક માટે અજાણી ભોમકા જેવો જ રહે છે. કેમ કે બુદ્ધિથી યોગીપુરુષોના સુખની વાતો તેને ગમી જાય છે, છતાં તેવું સુખ મેળવવા શું કરવું જોઈએ તે તેને સમજાતું નથી.

બસ ! આ અજાણી ભોમકાને પરિચિત બનાવવી-ભીતરના સુખનો માર્ગ દર્શાવવો, એ માર્ગે ચલાવીને એ સુખનો અનુભવ કરાવવો એ જ આ ગ્રંથનો ઉદ્દેશ છે.

**'અધ્યાત્મોપનિષદ્'** એવું તેનું ઉત્તમ નામ જ તેના ઉત્તમ ઉદ્દેશને પ્રગટ કરે છે. કેમ કે, અંદરમાં સુખને શોધવું તેનું જ નામ 'અધ્યાત્મ' અને 'ઉપનિષદ્' એટલે તો સિદ્ધ સાધક-યોગીપુરુષો, ઋષિ મુનિઓના અંતરમાં પ્રગટેલાં સ્પંદનોનો શબ્દ દેહ. તેથી ગ્રંથનો ટૂંકો પરિચય આપવો હોય તો એટલું કહેવું પર્યાપ્ત છે કે, તે અંતરંગ આનંદને પામવાના રહસ્યને પ્રગટ કરનારો ગહન અને તાત્ત્વિક ગ્રંથ છે.

આ ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ આત્મસાધના અને સિદ્ધિ સાથે સંકળાયેલ અનેક અગમ, અકળ અને રહસ્યમય વાતો પ્રદર્શિત કરી છે. તેનું ચિંતન-મનન કરતાં સાધક જરૂર પરમાત્મા જેવા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખી, પરમ સુખને પ્રાપ્ત કરવાની વાસ્તવિક દિશા પકડીને, અનાદિની અવળી ચાલને સવળી કરી તેને લક્ષ્ય સિદ્ધિ પ્રતિ વેગવંતી બનાવી શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મા સ્વયં સુખમય જ છે, તેથી આત્મિક સુખ પામવાનું નથી; પરંતુ દોષોને દૂર કરી તેને પ્રગટ કરવાનું છે. આત્માને શુદ્ધ કરવાની, તેને દોષ અને દ્વંદ્વથી મુક્ત કરવાની સંપૂર્ણ પ્રક્રિયા આ ગ્રંથમાં સંક્ષેપમાં વર્ણવી છે. તે માટે આત્મિક શુદ્ધિના ઉત્તરોત્તર સોપાનને લક્ષ્યમાં રાખી, અહીં ચાર અધિકારો દર્શાવ્યા છે :

૧. શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર,

૨. જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર,

૩. ક્રિયાયોગશુદ્ધિ અધિકાર અને

૪. સામ્યયોગશુદ્ધિ અધિકાર.

સર્વ દોષોથી અને સર્વ કર્મોથી મુક્ત અને સર્વ ગુણોથી યુક્ત અખંડ આનંદમય, અનંત જ્ઞાનમય અને સહજ સુખમય એવી આત્માની પરમ શુદ્ધ અવસ્થાનું નામ જ મોક્ષ છે. આ સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ સુધી પહોંચવાનું સૌ પ્રથમ સોપાન છે, સર્વજ્ઞ કથિત શાસ્ત્રનો યથાર્થ બોધ અને એ બોધ પ્રત્યેની શ્રદ્ધા, આ શ્રદ્ધા જ શાસ્ત્રયોગશુદ્ધિ છે. બીજું સોપાન છે શાસ્ત્રાનુસારે ચાલતાં પ્રગટેલું અનુભવજ્ઞાન અને એના દ્વારા પ્રગટતી આત્મશુદ્ધિ જ્ઞાનયોગશુદ્ધિસ્વરૂપ છે. ત્રીજું સોપાન છે અનુભવજ્ઞાનની દર્શાવાયેલી દિશામાં ક્રિયાન્વિત થઈને આત્મશુદ્ધિ સાધવી, તે ક્રિયાયોગશુદ્ધિસ્વરૂપ છે અને ચોથું સોપાન છે જ્ઞાન અને ક્રિયા દ્વારા સામ્યભાવને પ્રાપ્ત કરીને આત્માની વિશિષ્ટ શુદ્ધિ સાધવી, તે સામ્યયોગશુદ્ધિસ્વરૂપ છે. આ ચારે સોપાન સર કરતાં સાધકનું પરમાત્મા જેવું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.

તેમાં સામ્યયોગશુદ્ધિ પ્રાપ્ત કરવા માટે જ્ઞાનયોગ અને ક્રિયાયોગની શુદ્ધિ નિતાંત આવશ્યક બને છે. જ્યાં સુધી જ્ઞાન-ક્રિયાયોગની શુદ્ધિ ન થાય ત્યાં સુધી તે તે કક્ષાને અનુરૂપ રાગ-દ્વેષના વિગમથી સાધ્ય તૃણ-મણિ, શત્રુ-મિત્ર, સુખ-દુ:ખ, મોક્ષ-ભવ પ્રત્યે સમાન ભાવરૂપ સામ્યયોગની પ્રાપ્તિ થવી શક્ય નથી. ક્રિયાયોગની શુદ્ધિ પણ **'पढमं नाणं तओ दया'** એ દશવૈકાલિક સૂત્રના વચનાનુસાર જ્ઞાનયોગની શુદ્ધિ વિના શક્ય જ નથી. તો વળી જ્ઞાનયોગશુદ્ધિ પામવા માટેનો આધાર એક માત્ર સર્વજ્ઞકથિત શાસ્ત્ર જ હોવાથી તે માટે શાસ્ત્રયોગશુદ્ધિ અનિવાર્ય બને છે.

આ દૃષ્ટિકોણને લક્ષ્યમાં લઈને ગ્રંથકારશ્રીએ મહત્તાની દૃષ્ટિએ સામ્યયોગશુદ્ધિ પ્રધાન હોવા છતાં પ્રાપ્તિક્રમની અપેક્ષાને લક્ષ્યમાં રાખીને સર્વપ્રથમ શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર, તે પછી જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર તે પછી ક્રિયાયોગશુદ્ધિ અધિકાર અને તે પછી સામ્યયોગશુદ્ધિ અધિકારનું વર્ણન કર્યું છે.

ક્રમશ: એક એક શુદ્ધિને જાણી સૌ સુખેચ્છુ સમતાજન્ય આત્માના પરમ અને ચરમકક્ષાના સુખની દિશા પામે એ જ એક શુભાભિલાષા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## *ADHYATMOPANISHAD OF MAHAMAHOPADHYAYA SHRI YASHOVIJAYAJI M.S*

An Introduction

*Adhyātmaupaniṣada* is attributed to *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.*, an outstanding philosopher saint of Jainism. He flourished in the end of 17th Century and beginning of 18th century A.D. and was a Great author of Jaina Philosophical speculation. Gifted with multisided philosophical genius *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* enriched the Jaina philosophical thought with a number of original contributions. His writings, large in number and most diverse in contents, are standing testimony to the multifaceted character of his intellectual personality. **He has not given any new doctrine but his originality lies in making clear to us the meanings of the cardinal doctrines of old Jaina scriptural writers, often obscurely worded.** Even his independent writings are essentially an elaboration of and commentary of the traditional Jaina doctrines, but its presentation is genuinely independent. He had thoroughly mastered both *Digambara* and *Śvetāmbara* rich philosophical heritage. He was also extremely well-versed in all the contemporary systems of Indian philosophy. He is mostly known for his erudite scholarship. The mystical side of his saintly hood accompanied with philosophical height is not yet fully explored to the learned world.

He was a great reconciliatory of all the systems of Indian Philosophy. An attempt which was started by *Siddhasena Divākara Suriji*[1] (Circa 5th A.D,) and *Samanta Bhadra*[2], to reconcile different philosophical view-points culminated in writings of *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* History of logical literature tells us that the texts belonging to this category were mostly devoted to the vindication of *Anek¡ntav¡da* and general evaluation and reconciliation of non-Jaina philosophical viewpoints. In *AdhyātmoniśadaPrakaraṇa* also, *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* tried to uphold this tradition by giving a simple explanation of *Anekāntavāda* and clearing the doubts regarding it. But he does not stop here but goes beyond and speaks like a perfect mystic. This work is a product of the mature mind of the author who has tasted the ambrosia of spiritual experience. In this matter this work seems to be a latter work of the author.

This *Adhyātmoniṣada Prakara¸a* is written in beautiful melodious Sanskrit, in 209 Verses and contains four chapters, viz. *Śāstrayogāśuddhi Jñānayogaśuddhi*, *Kriryāyogaśuddhi* and *Sāmyayogaśuddhi*. It is a very important work from the point of view of Jaina Philosophy and Religion.

**It seems to be a spontaneous expression of a mystic mind in its attempt to realize the Supreme Soul.** The underlying current of this work is *Umāsvāti Vācaka's* statement viz. Right Faith, Right Knowledge and Right Action (conduct) are the means of liberation.[3] He goes a step further and describes the state of Liberation or *Moksha* (State of *Samat¡*) which is necessary consequence of following the path of liberation.[4]

---

1. *Sanmatitarkaprakaran*
2. *Āptamimāsā*
3. *Samyagdarsanajnanacaritani moks margah'-Tattvarthasutra-T-1*
4. *Adhy¡tmon¢¿adaprakara¸a (A.P.)*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

The first chapter is devoted to show the importance of Right Faith in the words of Jina; Right Knowledge is glorified in the second chapter; importance of action is described in the third and, the last chapter is dedicated to describe the State of equanimity (*Samati*), the undivided blissful state, which is the result of Right Faith, Right Knowledge and Right Action. **These three gems together constitute one path and are to be simultaneously pursued. If one is absent the path of salvation is incomplete.** Right Faith is responsible for placing a person on the right path, Right Knowledge illumines the path and Right Conduct leads to the goal. Thus it is emphatically maintained that all these three aspects must be present in a person, if one is to reach his spiritual goal.[5] It seems that on the basis of this same foundation laid by *Vāchakavar Shri Umāsvātīji* in fourth century A. D, *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* erected a beautiful palace illumined by his spiritual light. He has developed the same idea of *Vāchakavar Shri Umāsvātīji* but has presented it in such apt independent way, that it is very difficult to say that he is propagating *Vāchakavar Shri Umāsvātīji's* thought. The chapter-wise study will reveal this fact very clearly. Now let us make a chapter-wise survey to understand the mind of *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.*

***Chapter 1: Shastra-yoga-shuddhi***

In the beginning of the first chapter, he explains the correct meaning of the word *Adhyātma*. *Adhyātma* has two meanings. *Evambhuta* point of view (which declares that a thing bears a particular name only while it performs action or *Kriyā* which entitles it to bear that name, not always) states that all kinds of religious or moral activities of the individual *Jīva*, which assists in the spiritual advancement of one's own *Ātmana* or Self is known as *Adhyātma*. Secondly, the Citta or the *Anta:Karaṇa*, which is purified by the practice of virtues in one's life, such as friendliness, compassion etc., is entitled to be called as *Adhyātma*, from *the* point of view of *Vyavahāra* and *Ṛjusūtra* The first meaning is concerned with spiritual activities *(Kriyā)* and the second is with internal purification *(Bhāva)*. But real meaning or *Adhyātama* is to be understood on the basis of *Anekāntavāda* which is free from any kind of contradiction and reconciles different view-points. From *Anekāntā* point of view *Adhyātma* means combination of spiritual activities and purification of *citta. (i.e. Kriyā* and *Bhāva)*[6]. Then he tells us that, there are many things in the world which are beyond our sense organs and mere reason, which have to be understood with the help of Scriptures *(Āgamas)* utilizing reasoning. To achieve highest goal the knowledge of Sūtra (authority) is essential. The Scripture which is possessed of governing capacity and irreproachable power of protection is called real *Śāstra* and that *Śāstra is,* only the words of the Omniscient and not any other's.[7] Because an untruth cannot come out of the mouth of passionless and desireless Jina, therefore, one must have Right Faith in the words of the Omniscient. Unfaith in his words is nothing but exhibition of great ignorance. The Right Faith in his words is so powerful that, it brings attainment of all kinds of siddhis. In other words, the Highest State can be obtained by having firm faith in the words of *Vītarāga*, which is also called as eternal state, *Moksha*, permanent abode or peaceful state.[8]

---

5. *Praśamatīprakaraṇa of Umāsvātī* -
6. Chapter I - Shloka 2 to 5
7. Chapter I - Shloka 2 to 12
8. Chapter I - Shloka 2 to 15

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

The question is, there are many systems (*Śāstra*), then on what basis only the Jina *Śāsana* can be considered as real *Śāstra* ? Is it not a type of narrow-mindedness to say that ours is the only right system? The answer of *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* is that Jina *Śāsana is* the real *Śāstra*, this statement is not made on the basis of sectarian approach but based on the examination of purity and truthfulness of words of all the different - kinds of systems (*Śāstra*). Just as gold is tested by a touch-stone, - by rubbing, cutting and heating, similarly genuineness of *Śāstra is* to be determined by *kasha*, *cheda* and *tapa*[9] Jina *śāsana* alone can get through this severe method of examination. In *Kaṣāśuddhi, we* have to see whether prescribed injunctions and prohibitions for one and the same purpose are contradictory or not. If these are non-contradictory then, it is real *Shastra*. For example, Jainism prescribes injunctions and prohibitions in the case of self-restraint (i.e. *Saṃyama*). In this case injunction is to observe carefulness in walking, speaking, taking, food, keeping and receiving things and evacuating bowels etc, and control of psycho-physical activities of mind, speech and body, which are known as *Samiti* and *Gupti* respectively. Prohibition is to avoid injury to all living beings, speaking untruth, stealing, acquisition and so on. All these injunctions and prohibitions are for the perfection of *Samyama* and non-contradictory in nature. Throughout Jina *Shasana* the same method is followed. In other words, Jina¿¡sana prescribes means of liberation, and prohibits obstacles on the path of liberation. But this is not the case with other systems (*Śāstra*) where *Artha* and *Kama* are dominant factors and *Moksha* is secondary. Secondly, in Jainism non-contradictory injunctions and prohibitions are prescribed to protect particular religious actions, while in other systems, injunctions are found contradictory. Statements like no living beings should be injured and injuries done for Sacrifice (yagna) is not injury make their nature very clear. Such type of *Śāstra* cannot be purified by *cheda* method.

All other *Śāstra* uphold only one-sided view and *Anekānta* alone reconciles different view-points giving all sided meaning of Reality. Thus, *Jina sastra* which upholds *Anek¡nta* alone is real Śāstra[10] According to it *Ātmana* is one from the point of view of substance and many from the point of view of modifications. To judge things from all sides, *Anekānta* is the only alternative.

*Anekāntavāda* is systematic reconciliation of different kinds of *Naya*. *Naya* is a partial view-point about reality. It cannot give complete picture of a thing.[11] It is right in its own way. But when only one aspect is taken to be real then it becomes fallacious, because reality has many aspects.[12] There is no contradiction involved and no violation of law of contradiction, in applying opposite predicates to the same thing in different capacities because, they are applied to its different aspects such as matter, state, space and time. It is seen that mutually contradictory elements can exist in one and the same thing in different capacity such as; the same man is a father to his son, son to his father, husband to his wife, and so on[13].

In fact, positive and negative aspects must both belong to everything, If only the positive aspects belong to it there would be nothing to distinguish it from another and all things would become *Sat.* If

9. Chapter I - Shloka 17
10. Chapter I - Shloka 18
11. Chapter I - Shloka 32 to 34
12. Chapter I - Shloka 37
13. Chapter I - Shloka 38

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

instead, only the negative aspects belong to a thing, it would have no intrinsic value. So, production, destruction and permanence is a nature of Reality and this many-sided characteristics of reality is the basis of *Anekāntavāda.*[14].

*Anekāntavāda* combines all view-points and this is the only way to know the real nature of a thing. By saying *Anekanta is the* real method we are emphasizing *Anekāndavāda* in the form of *Anekanta*, because, in this, on the basis of context and intention of the speakers particular view -point becomes dominant' and other view-point becomes subordinate. *Anekanta is* not a single doctrine; it is a combination of many *Nayas* and does not uphold particular view-point. Thus, it cannot be said that, it is also *ekantavada.*[15] This is a doctrine of reconciliation and acceptable to almost all the systems of Indian philosophy. It harmonizes all the conflicting views and sees unity in diversity.

*Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* beautifully describes how, no system of Indian Philosophy can reject *Anekāntavāda*.

* **Saṅkhya** system cannot reject *Anekāntavāda* because, it upholds the view that mutually contradictory attributes can exist in one and the same thing by stating that *Prakūti* consists of *Sattva, Rājasa* and *Tāmas.*
* *Anekāntavāda is* not unacceptable to ***Vijñānavavādī*** Buddihist because, he claims that *Vijñāna is* one but takes different forms. That means *Vijñāna is* one and many.
* Again, **Naiyāyika** cannot reject *Anekānta* because according to them though conglomeration of several mutually exclusive *Rūpa* belong to a single substance *(citrarupa),* and its knowledge is authentic, it is one and many. In other words, according to ***Nyāya Vaisesikas*** *citrarupas* can exist in one and the same substance.
* ***Prabhakara Mimamsakas*** will not object because they hold that though knowledge is one still indirect knowledge is different from direct knowledge.
* ***Kumarila Bhatta*** who claims that reality is both universal and particular, identity-cum— difference, upholds the *Anekāntavada.*
* Even ***Advaita Vedantins*** cannot refute *Anckānta* because for them Atman is bound as well as unbound. From the phenomenal point of view, *Atman* is bound and *Atman is* unbound, ever free, from the transcendental point of view
* The ***Vedas*** upholding the different meanings of *Mantras* would not have any complaint against *Anekāntavada.*

In this way, *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* has tried to show all pervasiveness of *Anekanta* doctrine.[16] He mentions that Materialists (*Charvakas*) approval or disapproval of *Anekanta* is not worth considering, because they are too ignorant about metaphysical problems.[17]

---

14. Chapter I - Shloka 44
15. Chapter I - Shloka 42
16. Chapter I - Shloka 45 to 51
17. Chapter I - Shloka 52

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

*Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* points out that, both absolute eternalism (*nityatva*) and absolute non-eternalism (*anityatva*), are untenable because of their one-sidedness. If *Ātmana* is exclusively eternal, the experience of happiness and misery will thereby be rendered impossible. Eternal (*nitya*) means unchangeable. Unless *Ātmana* could pass from one state to another, there cannot be experiences of happiness and misery, one after another. Even injury and non-injury, merit and demerit etc., are not possible, if atman is taken to be absolutely eternal. Similarly *anitya*, if Atman is absolutely non-eternal then its merits and demerits, bondage and liberation become meaningless. Absolute non-eternality means an end of the law of retribution which requires personal identity of doer and enjoyer. So, both these views suffer from one-sidedness and the truth is that *Atman* is neither absolutely real nor absolutely unreal or changing, but real as well as unreal, eternal as well as non-eternal. *Atman* is eternal, never changing, from the point of view of substance and it is ever changing, non-eternal from the point of view of modifications. Viewed from the transcendental stand-point it is un-chained but viewed from the phenomenal point of view it is chained. It is one from the stand-point of atmatva; it is many from the point of view of *Sansara*. This is a proper approach to everything, which gives correct picture of reality. This approach is called *Anekantvada.*[18] The peculiarity of this doctrine is that it treats all the different view-points *(Naya)* impartially like a father.[19] It has no special affection towards any single *Naya*. Ignorant of this fact, many others criticize it as method of doubt and so on.[20] Really speaking, one who is aspirant of liberation must have not only erudite scholarship of this *Jina ¿¡stra* but have firm Faith in it.[21]

***Chapter 2: Gnyan-yoga-shuddhi***

The Second Chapter deals with importance of knowledge and consequence of its practical aspect. Mere knowledge of *Śāstra* cannot lead one to the highest goal. The main aim of *Śāstra is* to give clear idea about reality and to show the path to realize it. But **on its own it does not bestow the realization of *Ātmana*. Realization is a result of practice of those principles taught by *Śāstra.*[22] It is a matter of personal experience.** This highest goal is achieved by thinking that everything is play of matter like magical figures produced by a magician and meditating on qualities of *Ātmana.* The *Muni* who has engrossed himself in knowledge of *Ātmana,* tasted the ambrosia of knowledge of *Ātmana* cannot have attachment towards worldly objects.[23] *Ātmana is* self-luminous and realization of Atman is real happiness. To attain this highest happiness is in one"s own hand. Running after worldly things means invitation to misery. This realization of self-luminous *Ātmana is* a state of supreme happiness which cannot be described in words and cannot be compared to any mundane pleasure, such as embracing a beloved or anointment of body with sandal wood.[24]

---

18. Chapter I - Shloka 54 to 60
19. Chapter I - Shloka 61
20. Chapter I - Shloka 64
21. Chapter I - Shloka 70
22. Chapter II - Shloka 3
23. Chapter II - Shloka 5 to 8
24. Chapter II - Shloka 13

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

In describing the nature of *Ātmana*, *Mah¡mahop¡dhy¡ya Shri Yaśovijayajī m.s.* follows the Upanisadic path. He even quotes Upanisads. *Ātmana* is pure consciousness and this characteristic demarcates *Ātmana* from other objects. Atman is really indescribable, beyond thought and words and independent from all kinds of objects. This *Ātmana is* pure Brahman and it cannot be known through even thousands of arguments of *śāstra*. It can be realized by direct, pure experience. This non-dual experience of *Brāhmaṇa* cannot be gained either by scriptures, or mind or intellect.[25]

It is indescribable, undivided experience. It is the highest state, *Turia-avastha,* which is beyond the states of waking, dreaming and deep sleep. Existence of *Atman* cannot be logically demonstrated but it is felt within. One who realizes the *Atman* is considered to be in *Svasamaya* i.e. in *Jaina* faith and one who is attached towards worldly.objects is considered to be in *Parasamaya* i.e. in non-*Jaina* faith.[26] *Atman* is pure consciousness by nature, free from all kinds of blemishes. This so called impurity is superimposed on *Atman* by karmic matter. When, the conception of duality about Atman (such as pure and impure *Atman)* vanishes, then there remains non-dual pure *Brahman.* Here our author speaks like *Advaitin*[27] by stating that Brahman is highest universal in which all divisions born out of different view-points merge, like waves of ocean produced by ghastly winds, which merge in ocean ultimately. [28] This highest universal touches all the six substances on account of substantiality. But from phenomenal point of view, all particulars are accepted for practical purposes only.[29] Finally, *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* wants to say that nature of *Atman* is Existence, Consciousness and Bliss (*Sat, Chita, Anand*).[30] It is non-contradicted by any kind of reasoning, because it transcends all reasoning. It is a matter of Yogic perception. Just as a small girl cannot understand the pleasure derived from husband, similarly the bliss which is produced by Yogic method cannot be known by ordinary people.[31]

In this chapter itself *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* tells that, in the beginning, aspirants of liberation must follow self-restraint, celibacy etc., when they become really competent then only the real nature of *Ātmana* and everything is *Brahmā* etc., must be taught. To teach **everything is *Brahmā*** from the very beginning is dangerous because an incompetent will not be able to understand such a high level thought and it may lead him to self-destruction. Thus, a guru must be very careful in imparting his knowledge.[32]

***Chapter 3: Kriya-yoga-shuddhi***

The Third chapter is devoted to explain the importance of action. *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* sometimes speaks in terms of *Bhagavadaguru.* He states that even after realization of Self, the

25. Chapter II - Shloka 15
26. Chapter II - Shloka 26
27. Chapter II - Shloka 40
28. Chapter II - Shloka 41
29. Chapter II - Shloka 49
30. Chapter II - Shloka 43
31. Chapter II - Shloka 47
32. Chapter II - Shloka 48

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

realized person performs actions, but he is un-affected by those actions. He performs actions for the benefit of others. His actions are ideal for society. Without action, without practice, just knowledge is futile. Without walking, just by standing in one-place, no one can reach his destination.[33] The highest goal of self realization can also be achieved by following the religious and moral duties. So, without conduct, knowledge cannot lead us to reach our destination. Actions are to be performed to develop spiritual qualities and to keep *Samyama* steady[34]. Following the code of conduct only one attains the state of *Sthitaprajnā*[35]. Wrong knowledge is destroyed by both Right Knowledge and Right Action. So, both can be simultaneously pursued. There are some hypocrites in the world who claim that knowledge alone is enough to lead us to self realization and action is not necessary. Really speaking they are neither men of knowledge i.e. *Jnani* nor men of action. Equal respect is to be shown to both knowledge and action.[36]

***Chapter 4: Samya-yoga-shuddhi***

In the fourth chapter *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* describes the state attained by the Yogi. An aspirant of *Moksha*, riding on the chariot of sameness along with knowledge and action reaches the transcendental state[37]. It is a state of desirelessness and equanimity. He is unmoved by any kind of worldly attraction. This state itself is like blissful ocean. In this state all kinds of illusion vanishes. Reaching this state one enjoys only bliss and nothing else[38]. To reach this state of sameness *(Samatva)* one has to give up 'mineness (*mamatva*), In this state *Atman* shines in its pristine purity. In this state of permanent bliss, neither worldly pain nor pleasure exist.[39] It is a real state of liberation. *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.* tells that for common people it (*Samatā*) is a means to ach ieve liberation but for liberated, it is a state of liberation itself.

**This work of the author is undoubtedly an out-come of profound knowledge and experience.** His originality can be seen in presenting the same old ideal presented by *Umasvatiji* in a different and convincing manner. He tries to reconcile different philosophical view-points on the basis of *Anekantavada*. *Mahāmahopādhyāya Shri Yaśovijayajī m.s.*'s specialty is that he, like the *Upanisadic* sages, describes his mystical experience in similar terms. This book of the learned author is a very important contribution to philosophy and deserves more attention of the scholars of comparative religion and philosophy.

- With gratitude from 'Traverses on less trodden path'

---

33. Chapter III - Shloka 13
34. Chapter III - Shloka 12
35. Chapter III - Shloka 3
36. Chapter III - Shloka 13, 37 to 42
37. Chapter IV - Shloka 1, 2
38. Chapter IV - Shloka 5, 6
39. Chapter IV - Shloka 8 to 23

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | શ્લોક નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ | ૧ |
| ૨. | અધ્યાત્મનું લક્ષણ | ૨ થી ૪ |
| ૩. | અધ્યાત્મના અધિકારી | ૫ |
| ૪. | આધ્યાત્મિકની મનોદશા | ૬ |
| ૫. | અતીન્દ્રિયમાર્ગમાં તર્કની મર્યાદા | ૭-૮ |
| ૬. | અતીન્દ્રિયમાર્ગમાં આગમની મહત્તા અને મર્યાદા | ૯ થી ૧૧ |
| ૭. | શાસ્ત્રની વ્યાખ્યા અને સ્વરૂપ | ૧૨ થી ૧૬ |
| ૮. | શાસ્ત્ર પરીક્ષાની વિધિ | ૧૭ |
| ૯. | કષશુદ્ધિ | ૧૮ થી ૨૦ |
| ૧૦. | છેદશુદ્ધિ | ૨૧ થી ૨૮ |
| | A. વેદોની છેદપરીક્ષા | ૨૪ થી ૨૮ |
| ૧૧. | તાપશુદ્ધિ | ૨૯ થી ૫૩ |
| | A. સ્યાદ્‌વાદની સિદ્ધિ | ૩૨ થી ૪૪ |
| | B. અન્યદર્શનોમાં સ્યાદ્‌વાદ | ૪૫ થી ૫૨ |
| | C. તાપશુદ્ધિનો ઉપસંહાર | ૫૩ |
| ૧૨. | એકાન્તમતમાં હિંસાદિ અસંગત | ૫૪ થી ૫૯ |
| ૧૩. | અનેકાન્તવાદનું ફળમાધ્યસ્થ્ય | ૬૦ થી ૬૪ |
| ૧૪. | શ્રુત-ચિંતા-ભાવનાજ્ઞાન | ૬૫ થી ૬૯ |
| ૧૫. | શાસ્ત્રયોગનું ફળઃ મધ્યસ્થભાવ | ૭૦ થી ૭૭ |
| ૧૬. | ચિલાતિપુત્રનો મધ્યસ્થભાવ | ૭૫-૭૬ |
| ૧૭. | શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારનો સાર | ૭૭ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



અધ્યાત્મોપનિષત્ પ્રકરણની હસ્તપ્રતનું પ્રથમ પત્ર

*शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते।*
*वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ।।१२।।*

શાસન અને રક્ષણ કરવાનું સામર્થ્ય (જે) ધરાવે છે, તેથી જ બુદ્ધિશાળી પુરુષો તેને 'શાસ્ત્ર' કહે છે. તે શાસ્ત્ર તો વીતરાગનું વચન જ છે, અન્ય કોઈનું વચન નહિ. ૧૨

*शास्त्रे पुरस्कृते तस्मात्, वीतरागः पुरस्कृतः ।*
*पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः।।१४।।*

શાસ્ત્ર એ વીતરાગના જ વચન રૂપ હોવાથી શાસ્ત્રનો આદર કરવાથી વીતરાગનો આદર કરાય છે અને (આ રીતે) વીતરાગનો આદર કરવાથી અવશ્ય સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધ્યાત્મ ઉપનિષદ્

## ૧-શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર

### પ્રવેશિકા

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।।

આત્મ સાધનાનો માર્ગ અતીન્દ્રિય હોઈ, તેનું યથાર્થ દર્શન વીતરાગ સર્વજ્ઞ ભગવંતો જ કરી શકે છે અને તેનું યથાર્થ નિરૂપણ વીતરાગ સર્વજ્ઞ ભગવંતો ઉપરાંત ભૂમિકા પ્રાપ્ત એવા તેમના અનુયાયી (સંવિગ્ન-ગીતાર્થ) સાધુ ભગવંતો પણ કરી શકે છે. તે સર્વજ્ઞ કથિત માર્ગને અનુસરીને જ અધ્યાત્મ સાધક પુરુષો અધ્યાત્મ સાધનાના માર્ગે નિઃસંદેહ પ્રવૃત્તિ કરી શકે છે. વીતરાગ સર્વજ્ઞની હાજરીમાં તો તે પરમકૃપાળુને પૂછી પૂછીને પ્રવૃત્તિ કરવી શક્ય બની શકે છે; પરંતુ જ્યારે સર્વજ્ઞ ન હોય ત્યારે સાધનામાર્ગનો નિર્ણય અને તેમાં પ્રવૃત્તિ, સર્વજ્ઞના વચનોનો જેમાં સંગ્રહ કરાયો હોય તેવા શાસ્ત્રો દ્વારા જ કરવી પડે છે.

આજે પણ સર્વજ્ઞ કે અસર્વજ્ઞ કથિત અનેક શાસ્ત્રો વિદ્યમાન છે; પરંતુ 'શાસ્ત્ર ઘણાં અને મતિ થોડલી...' એ પંક્તિ જેવી પરિસ્થિતિ હોવાથી, અતિ સીમિત બુદ્ધિવાળા સામાન્ય સાધક માટે તો વિમાસણ ઊભીને ઊભી જ રહે છે. કેમ કે, અનેક શાસ્ત્રો, તેના વિધવિધ વચનો, શાસ્ત્રકારોનાં ભિન્ન ભિન્ન મંતવ્યો, પરસ્પરના ભેદો અને તેની ગહનતા જોયા પછી સાધક માટે કયાં શાસ્ત્રોને કે કયા શાસ્ત્રકારોને પ્રમાણભૂત માનવાં અને કયાં શાસ્ત્રોને અપ્રમાણભૂત માનવા, એ અંગે મોટી સમસ્યા ઊભી થાય છે. ઘણું બધું સાંભળ્યા કે વાંચ્યા પછી, તેને ક્યાં વિશ્વાસ મૂકવો તે સમજાતું નથી. ખુદ ગ્રંથકારશ્રીએ પણ ઉપદેશ રહસ્યમાં આવી જ સમસ્યાને રજૂ કરતાં લખ્યું છે કે, 'પરસ્પર વિરોધી વચન ઉપર કયા મધ્યસ્થને વિશ્વાસ થાય.' તો યોગીરાજ આનંદઘનજીએ પ્રભુ પાસે એક બાળકની જેમ આ જ વ્યથા વ્યક્ત કરતાં કહ્યું છે કે,

*'મત મત ભેદે રે જો જઈ પૂછીયે,*

*સહુ થાપે અહમેવ...'*

પ્રભુ ! અનેક વિધ માર્ગોમાંથી તારા માર્ગનું દર્શન થવું અતિ અતિ દુર્લભ છે કેમ કે, જ્યાં જઈએ ત્યાં સહુ હું જ સાચો છું એમ કહી પોતાના મતની સ્થાપના કરે છે.

સાધકના અંતરમાં પ્રગટેલી આ સમસ્યાનું સમાધાન કરવા માટે જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગ્રંથકારશ્રીએ આત્મશુદ્ધિના રહસ્યને પ્રગટ કરતા આ ગ્રંથના પહેલા અધિકારમાં શાસ્ત્રની પરીક્ષા કરવાનો એક સુંદર ઉપાય બતાવ્યો છે. તેના આધારે મધ્યસ્થ સાધક કયું શાસ્ત્ર સર્વજ્ઞનું છે; તેનો નિર્ણય કરી અને તદનુસાર પ્રવૃત્તિ કરી મોક્ષમાર્ગમાં સ્વસ્થ ચિત્તે પ્રયાણ કરી શકે છે.

સર્વજ્ઞ કથિત શાસ્ત્રોનો નિર્ણય કરાવતા આ અધિકારનું સૂચક નામ છે **'શાસ્ત્રયોગશુદ્ધિ'**. જે આત્મશુદ્ધિનું પ્રથમ સોપાન છે. કારણ કે શાસ્ત્રયોગ એટલે આત્મા સાથે શાસ્ત્રનું જોડાણ અને આવા જોડાણના કારણે આત્માની જે શુદ્ધિ નિષ્પન્ન થાય છે તે જ 'શાસ્ત્રયોગશુદ્ધિ' છે.

આ અધિકારના પઠન-પાઠનથી સાધક આત્માના અનાદિ-કાળના મિથ્યાત્વના મળો દૂર થાય છે. તેના ચિત્તમાંથી મારા-તારાના ભેદ ભૂંસાઈ જાય છે. ખોટો પક્ષપાત નાબૂદ થાય છે અને પરસ્પર વિરોધી ભાસતાં વચનોને સમજવા માટે અતિ આવશ્યક એવો માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે. સુરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના 'પક્ષપાતો ન મે વીરે...' શ્લોકમાં તેમનો આવો માધ્યસ્થ્ય ભાવ દ્યોતિત થાય છે. કયા શાસ્ત્રોના આધારે અતીન્દ્રિય માર્ગમાં પ્રવૃત્તિ કરવી તેનો નિર્ણય કરવામાં આવી મધ્યસ્થતા જરૂરી બની જાય છે. મધ્યસ્થ સાધક દરેક મતના દૃષ્ટિકોણને, તેમાં રહેલી વાસ્તવિકતા અને અવાસ્તવિકતાને સાપેક્ષ બુદ્ધિથી સમજી, વિશાળ હૈયાથી સર્વ કથનો ઉપર વિમર્શ કરીને, તટસ્થતા જાળવી, સર્વજ્ઞકથિત શાસ્ત્રનો નિર્ણય કરી શકે છે. આવો નિશ્ચય થતાં સાધકમાં તે સર્વજ્ઞના શાસ્ત્રોએ બતાવેલા માર્ગ પ્રત્યે તીવ્ર શ્રદ્ધા પ્રગટ થાય છે. પરિણામે મોક્ષમાર્ગ સંબંધી તેની મુંઝવણો દૂર થાય છે અને **'આ શાસ્ત્ર પ્રમાણે ચાલવાથી જ હું મારું અંતિમ ધ્યેય આંબી સાચા સુખને પામી શકીશ, આત્માના આનંદને માણી શકીશ'** આવો અટલ વિશ્વાસ પેદા થાય છે અને સર્વજ્ઞ શાસ્ત્ર પ્રમાણે - પ્રભુ આજ્ઞા પ્રમાણે ચાલવાની અતિ ઉચ્ચ કોટીની મનોવૃત્તિ ઉત્પન્ન થાય છે. **પ્રભુની આજ્ઞાને જણાવનાર શાસ્ત્રવચનો પ્રત્યેનો આવો લગાવ એ જ શાસ્ત્રયોગ છે અને તેનાથી થતી આત્મિક શુદ્ધિ, તે 'શાસ્ત્રયોગશુદ્ધિ' છે.**

અનાદિકાળથી જીવ મિથ્યાત્વના કારણે મોહથી મુંઝાયેલો જ હોય છે. તે આત્મહિતનો વિચાર સુદ્ધાં કરી શકતો નથી. માત્ર પોતાની વિષય-કષાયને આધીન સ્વચ્છન્દ ચિત્તવૃત્તિથી બાહ્ય પદાર્થોમાંથી સુખ મેળવવા ભટક્યા કરે છે. તેને ભટક્યાનું ભાન પણ હોતું નથી. શાસ્ત્ર તેને આવું ભાન પણ કરાવે છે અને આત્મિક સુખની દિશા પણ બતાવે છે. જ્યારે જીવનો ઘણો કર્મ મલ ઓછો થાય ત્યારે જ આવા શાસ્ત્ર સાથે જીવનું વાસ્તવિક જોડાણ શક્ય બને છે. તે જોડાણમાં દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી સહચરિત એવો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કારણ બને છે. આ ક્ષયોપશમના કારણે જ સાધકમાં પ્રભુ વચનના રાગ સ્વરૂપ 'શાસ્ત્રયોગશુદ્ધિ' પ્રગટે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવ જ્યારે એવી કક્ષાએ પહોંચે કે જ્યાં મિથ્યાત્વ મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાની યોગ્યતા જ નાશ પામી જાય ત્યારે તે જીવમાં શાસ્ત્ર સાથે જોડાણ કરવાની ક્ષમતા પ્રગટે છે. શાસ્ત્રીય ભાષામાં જીવની આ કક્ષાને અપુનર્બંધક કક્ષા કહેવાય છે.

અપુનર્બંધક કક્ષામાં આવેલા જીવને જ્યારે આત્મા સંબંધી જિજ્ઞાસા જાગે અને તે જ્યારે પોતાની આત્માસંબંધી જિજ્ઞાસાને સંતોષવા માટે ગુરુની શોધ ચાલુ કરે ત્યારે ઔપચારિક રીતે શાસ્ત્રયોગશુદ્ધિનો પ્રારંભ થયો કહેવાય છે. પરંતુ, વાસ્તવિક રીતે શાસ્ત્રયોગ પ્રારંભ તો ત્યારે જ થાય કે, જ્યારે મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમ રૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય અને શાસ્ત્ર પ્રત્યે અડગ શ્રદ્ધા પ્રગટે.

વળી જ્યારે વચનાનુષ્ઠાન કાળમાં અપ્રમત્ત મુનિની સંપૂર્ણતયા શાસ્ત્રાનુસાર પ્રવૃત્તિઓ થાય છે ત્યારે તેમને શાસ્ત્ર યોગશુદ્ધિની ફળશ્રુતિ પ્રાપ્ત થઈ છે, તેમ કહેવાય છે. વિશેષ ફળને આશ્રયીને વિચારીએ તો અસંગદશા, નિર્વિકલ્પ અવસ્થા કે અયોગીપણું તે સર્વે શાસ્ત્રયોગનું જ ફળ છે. તેથી ત્યાં પણ શાસ્ત્રયોગશુદ્ધિ માનીએ તો અપેક્ષાએ બાધ જણાતો નથી.

**શ્લોક અંતર્ગત વિષયાનુક્રમ :**

આ અધિકારના **પ્રથમ શ્લોક** દ્વારા ગ્રંથકારશ્રીએ મંગલાચરણ કરી ગ્રંથનું શુભ મંડાણ કર્યું છે. **બીજા, ત્રીજા** અને **ચોથા શ્લોકમાં** વિવિધ દૃષ્ટિકોણથી અધ્યાત્મની વ્યાખ્યા કરી છે. ત્યાર બાદ **પાંચમા શ્લોકમાં** અધ્યાત્મના અધિકારી કોણ બની શકે તે જણાવતાં અનેક દૃષ્ટિકોણથી પદાર્થની મધ્યસ્થભાવે વિચારણા કરવાની ક્ષમતાને અધ્યાત્મના સાધકની મૂળભૂત યોગ્યતા તરીકે વર્ણવી છે. આવી યોગ્યતા ધરાવનાર અધ્યાત્મ સાધક અને સામાન્ય વિચારકોની બૌદ્ધિક વિચારસરણીમાં કેટલો ભેદ હોય છે તે **છટ્ઠા શ્લોકમાં** જણાવ્યું છે.

આટલે સુધી સંપૂર્ણ ગ્રંથને અનુસરતી અધ્યાત્મ સંબંધી વાતો કર્યા પછી અધ્યાત્મનો માર્ગ અતીન્દ્રિય હોવાથી તેનો નિર્ણય બુદ્ધિ કે તર્કથી શક્ય નથી એવું **શ્લોક સાત અને આઠમાં** જણાવીને શાસ્ત્રયોગશુદ્ધિ સંબંધી કથનોનો પ્રારંભ કર્યો છે. તાર્કિક વિચારણાઓથી અકળ અને અગમ્ય જ રહેતા અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવામાં આગમ શાસ્ત્ર અત્યંત ઉપયોગી છે અને તદનુસાર પ્રયત્ન કરવામાં આવે તો જ આત્મશુદ્ધિ થઈ શકે છે; તેમ **શ્લોક નવથી અગીયાર** સુધી સ્પષ્ટ કર્યું છે.

**બારમા શ્લોકમાં** શાસ્ત્રની વ્યાખ્યા કરીને, શાસ્ત્ર વીતરાગના વચન સ્વરૂપ છે માટે તે જ વિશ્વાસપાત્ર છે તેમ **શ્લોક તેરમાં** દૃઢપણે જણાવ્યું છે.

'શાસ્ત્રને જ આગળ કરીને ચાલવાની મનોવૃત્તિ' - તે શાસ્ત્રયોગશુદ્ધિ છે. આવી મનોવૃત્તિથી કેવું અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે, તે **ચૌદમા શ્લોકમાં** દર્શાવ્યું છે. તે જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાતને અનુસરતાં **પંદરમા શ્લોકમાં** વીતરાગને આગળ કરવા એટલે શું ? તે જણાવીને અન્ય દર્શનકારો તેને શું કહે છે, તે પ્રદર્શિત કર્યું છે. વીતરાગ ભાવને આગળ કરવારૂપ અસંગ-અનુષ્ઠાન એ જ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિનું ઉત્તમ ફળ છે એમ આ શ્લોકથી જણાઈ આવે છે.

વળી **સોળમા શ્લોકમાં** યોગીઓ શાસ્ત્રદષ્ટિવાળા છે એમ જણાવીને ગર્ભિત રીતે એ સૂચિત કર્યું છે કે 'શાસ્ત્રયોગશુદ્ધિ' અપેક્ષાએ મુનિભાવ સાથે સંલગ્ન છે. કેમ કે કર્મ અને કષાયથી મુક્ત થઈ સ્વતંત્ર બનવું એ મુનિનું લક્ષ્ય છે અને તેની પ્રાપ્તિનો ઉપાય શાસ્ત્રની પરતંત્રતા છે. આ પરતંત્રતા આવતાં 'શાસ્ત્રયોગશુદ્ધિ' પ્રગટ થઈ છે, તેમ કહી શકાય. બાકી શાસ્ત્ર નિરપેક્ષ સ્વચ્છન્દ પ્રવૃત્તિમાં આત્મિક શુદ્ધિ કે મુનિભાવ શક્ય જ નથી અને મુનિ વિના બીજું કોઈ પૂર્ણપણે શાસ્ત્રને પરતંત્ર બની શકતું નથી. તેથી એક અપેક્ષાએ મુનિમાં જ શાસ્ત્રયોગશુદ્ધિ સંભવે.

શાસ્ત્રયોગશુદ્ધિ પ્રાપ્ત કરવા શાસ્ત્રની પરતંત્રતા આવશ્યક છે અને તે માટે કયું શાસ્ત્ર સર્વજ્ઞ કથિત છે તેનો તટસ્થતાથી નિર્ણય કરવો આવશ્યક છે અને આવો નિર્ણય શાસ્ત્રની કષ-છેદ અને તાપ પરીક્ષા કરવાથી થઈ શકે છે. તેથી **સત્તરમા શ્લોકથી માંડી છેક ત્રેપનમા** શ્લોક સુધી શાસ્ત્ર પરીક્ષાની વિધિ દર્શાવી છે.

જે શાસ્ત્રમાં મોક્ષ પ્રાપ્ત કરાવે તેવી જ પ્રવૃત્તિ બતાવનાર વિધિ વાક્યો હોય અને મોક્ષને પ્રતિકૂળ પ્રવૃત્તિની મનાઈ કરનાર નિષેધ વાક્યો હોય, તે શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. તે સંબંધી વાતો **અઢારમાથી વીસમા શ્લોક** સુધી કરી છે.

વિધિ-નિષેધ મોક્ષને અનુરૂપ હોવા છતાં શાસ્ત્ર તદનુરૂપ આચારસંહિતા દર્શાવે છે કે નહિ તેની તપાસ છેદ પરીક્ષાથી થાય છે. આચારો ઉત્સર્ગ અને અપવાદ બન્ને રૂપે હોવા છતાં જ્યારે બન્નેનો ઉદ્દેશ મોક્ષ જ હોય ત્યારે શાસ્ત્રમાં છેદશુદ્ધિ પ્રાપ્ત થાય. તે છેદશુદ્ધિની વિગતો **વીશથી અઠ્ઠાવીસમાં** શ્લોક સુધી દર્શાવી છે.

કષ અને છેદથી શુદ્ધ પણ શાસ્ત્રો આત્માદિ અતીન્દ્રિય પદાર્થોનું સ્વરૂપ કેવું બતાવે છે, તેની તપાસ કરીને, શાસ્ત્રની તાપ પરીક્ષા કરાય છે. જે શાસ્ત્રમાં આત્માનું નિરૂપણ એવું કરવામાં આવે કે મોક્ષ જ અસંગત બની જાય તે શાસ્ત્ર તાપશુદ્ધ બનતું નથી. આ વિષયને **શ્લોક ઓગણત્રીસથી ત્રેપન** સુધી વિસ્તારથી ચર્ચવામાં આવ્યો છે.

તાપ શુદ્ધિ દર્શાવતાં ગ્રંથકારશ્રીએ ઘણા ગહન દાર્શનિક પદાર્થોનો સ્પર્શ કર્યો છે. પ્રારંભિક વાચકોને આના દ્વારા સ્યાદ્વાદ સંબંધી જિજ્ઞાસા જરૂર ઉત્પન્ન થશે. વળી સ્યાદ્વાદનો સિદ્ધાંત સ્વીકારી આત્માને નિત્યાનિત્ય માનવાથી જ બંધ-મોક્ષ આદિ ઘટે છે, તેથી આ પ્રસ્તાવમાં સ્યાદ્વાદની પ્રામાણિકતા, તેની વ્યાપકતા, અન્ય દર્શનમાં પણ તેનો આડકતરો સ્વીકાર વગેરેનું ચિત્તને ચમત્કૃત કરે તેવું નિરૂપણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાસ્ત્રની પરીક્ષાના નિષ્કર્ષરૂપે એટલું પ્રાપ્ત થાય કે અનેકાન્તદર્શન જ તાપશુદ્ધ મનાય. કેમ કે અનેકાન્તવાદના સ્વીકારથી જ મોક્ષના ઉપાય સ્વરૂપ અહિંસા ઘટે છે. તેને અનુલક્ષીને **શ્લોક ચોપનથી ઓગણસાઈઠ સુધી** એકાન્તપક્ષમાં હિંસા કેમ ન ઘટે તેની ચર્ચા છે.

સ્યાદ્વાદ સમજી જે વ્યક્તિ દરેક નયોનું સમ્યગ્ યોજન કરે છે તેનામાં જ માધ્યસ્થ્ય આવે છે, કેમ કે દરેક નયને - દૃષ્ટિકોણને સમજી તેનું યોગ્ય જોડાણ કરવાથી જ મારા-તારાનો પક્ષપાત દૂર થાય છે અને તત્ત્વનો પક્ષપાત પ્રગટે છે. સમતાની પ્રાપ્તિ, શાસ્ત્રાર્થની પ્રાપ્તિ કે શાસ્ત્રયોગ-શુદ્ધિની પ્રાપ્તિ : આ સર્વે માધ્યસ્થ્ય ભાવની પ્રાપ્તિમાં સમાયેલા છે, ઇત્યાદિ વાતો **સાઈઠથી ચોસઠમા** શ્લોક સુધી જોવા મળે છે.

સમ્યક્ શ્રુતજ્ઞાનથી માધ્યસ્થ્ય ભાવ ઉત્પન્ન થાય છે. તેથી શ્રુત, ચિંતા અને ભાવના જ્ઞાન સ્વરૂપ સમ્યક્ શ્રુતજ્ઞાનના ભેદોનું વિવરણ **પાંસઠથી ઓગણસિત્તેરમા શ્લોક** સુધી કર્યું છે. સાધક જ્યારે ભગવાનની આજ્ઞાનું તાત્પર્ય સમજી તેનાથી ભાવિત માનસવાળો બને ત્યારે તેનામાં ભાવનાજ્ઞાન પ્રગટે છે. શાસ્ત્રયોગશુદ્ધિની આ અતિ ઉચ્ચ કક્ષા છે. જ્ઞાનયોગશુદ્ધિના શ્લોક ઓગણચાલિસમાં વળી આ જ ભાવનાજ્ઞાનને અનુભવજ્ઞાનરૂપે બતાવ્યું છે. આના ઉપરથી પણ જણાય કે ચારેય યોગ એકબીજાથી સંબંધિત જ છે.

**સિત્તેરમા શ્લોકમાં** ગ્રન્થકારશ્રીએ જણાવ્યું છે કે તત્ત્વના પક્ષપાતવાળી મધ્યસ્થદૃષ્ટિ અપનાવીને જે સર્વદર્શનોની તુલ્યતાને જોઈ શકે છે, તે જ શાસ્ત્રવેત્તા છે. આ જ વાતને દૃઢ કરવા **બોત્તેરથી ચુંમોતેરમા શ્લોક** સુધી મધ્યસ્થભાવની મહત્તા ગાઈ છે. જેમાં દરેક જ્ઞાનપિપાસુ માટે મહત્ત્વની હિતશિક્ષા સમાયેલી છે.

શાસ્ત્રયોગશુદ્ધિ સ્વરૂપ મધ્યસ્થભાવ શાસ્ત્રનો વિશદ અભ્યાસ કરવાથી જ પ્રાપ્ત થાય છે એવું નથી; પરંતુ ક્યારેક તો તે શુદ્ધિ શાસ્ત્રના એક પદના જ્ઞાનથી પણ પ્રાપ્ત થઈ શકે છે. **પંચોતેર અને છોત્તેરમા** શ્લોકમાં ચિલાતીપુત્રનું દૃષ્ટાંત આપી ગ્રંથકારશ્રીએ શાસ્ત્રયોગશુદ્ધિને ઘણી સ્પષ્ટ કરી આપી છે.

**અંતિમ શ્લોકમાં** અનેકાન્તવાદના - સ્યાદ્વાદ સિદ્ધાંતના તાત્પર્યને સમજનાર સાધક અધ્યાત્મવિશારદ બની ધીર-ગંભીરપણે શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરી શકે છે; એમ જણાવી અધિકારનું નિગમન કર્યું છે.

અધ્યાત્મનાં ગૂઢ રહસ્યોને પ્રગટ કરતાં આ ગ્રન્થને વાંચતાં અને વિચારતાં આત્મા સંબંધી વાસ્તવિક જિજ્ઞાસા ઊઠે, તત્ત્વનો પક્ષપાત પ્રગટે અને દેવ-ગુરુના અનુગ્રહથી શીઘ્ર પરમ તત્ત્વની પ્રાપ્તિ થાય એ જ એક શુભાભિલાષા...

प्रियार्थिनः प्रियाप्राप्तिं, विना क्वापि यथा रतिः ।
न तथा तत्त्वजिज्ञासो-स्तत्त्वप्राप्तिं विना क्वचित् ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અધ્યાત્મ ઉપનિષદ્
## ૧-શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | શ્લોક નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ | ૧ |
| ૨. | અધ્યાત્મનું લક્ષણ | ૨ થી ૪ |
| ૩. | અધ્યાત્મના અધિકારી | ૫ |
| ૪. | આધ્યાત્મિકની મનોદશા | ૬ |
| ૫. | અતીન્દ્રિયમાર્ગમાં તર્કની મર્યાદા | ૭-૮ |
| ૬. | અતીન્દ્રિયમાર્ગમાં આગમની મહત્તા અને મર્યાદા | ૯ થી ૧૧ |
| ૭. | શાસ્ત્રની વ્યાખ્યા અને સ્વરૂપ | ૧૨ થી ૧૬ |
| ૮. | શાસ્ત્ર પરીક્ષાની વિધિ | ૧૭ |
| ૯. | કષશુદ્ધિ | ૧૮ થી ૨૦ |
| ૧૦. | છેદશુદ્ધિ | ૨૧ થી ૨૮ |
| | A. વેદોની છેદ પરીક્ષા | ૨૪ થી ૨૮ |
| ૧૧. | તાપશુદ્ધિ | ૨૯ થી ૫૩ |
| | A. સ્યાદ્વાદની સિદ્ધિ | ૩૨ થી ૪૪ |
| | B. અન્યદર્શનોમાં સ્યાદ્વાદ | ૪૫ થી ૫૨ |
| | C. તાપશુદ્ધિનો ઉપસંહાર | ૫૩ |
| ૧૨. | એકાન્તમતમાં હિંસાદિ અસંગત | ૫૪ થી ૫૯ |
| ૧૩. | અનેકાન્તવાદનું ફળમાધ્યસ્થ્ય | ૬૦ થી ૬૪ |
| ૧૪. | શ્રુત-ચિંતા-ભાવનાજ્ઞાન | ૬૫ થી ૬૯ |
| ૧૫. | શાસ્ત્રયોગનું ફળ મધ્યસ્થભાવ | ૭૦ થી ૭૭ |
| ૧૬. | ચિલાતિપુત્રનો મધ્યસ્થભાવ | ૭૫-૭૬ |
| ૧૭. | શાસ્ત્રયોગ શુદ્ધિ અધિકારનો સાર | ૭૭ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# मंगलम्

॥ સર્વવાઞ્છિતમોક્ષફલપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ ઐઁ નમઃ ॥

## મહામહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી કૃત
## અધ્યાત્મ ઉપનિષદ્

આત્મસિદ્ધિના ઉત્તુંગ શિખરેથી અધ્યાત્મ સાધનાના આદિ ધ્વનિથી ભરતક્ષેત્રના દિગ્ દિગંતોને મુખરિત કરનાર વૃષભ ધ્વજ **પ્રભુ શ્રી આદિનાથ**ની અધ્યાત્મ વાણીનો મહાનાદ સાધકોના પ્રત્યેક આત્મપ્રદેશમાં પ્રતિપળ અધ્યાત્મ ચેતનાનો નવસંચાર કરો !

સાધના માર્ગમાં આવતા વિઘ્નસમૂહનો વિનાશ કરી સાધક આત્માને સિદ્ધિપદનું પ્રદાન કરનાર-કલિકાલ કલ્પતરુ ચિંતામણિ રત્નની ઉપમાને વરેલા પાર્શ્વયક્ષ-પદ્માવતી પૂજિત પુરુષાદાનીય **શ્રી પાર્શ્વપ્રભુ**નો અચિંત્ય પ્રભાવ આત્મસાધકોના અંતરંગ માર્ગને અજવાળતો રહો !

આત્મસાધનાની પગથાર પર પગમંડાણ કરતાં જ ઘેરી વળેલા ઘોરાતિઘોર ઉપસર્ગ વલયને વીરતાપૂર્વક વિદારીને અધ્યાત્મ સામ્રાજ્યની વિજયમાળા વરનાર **હે વીર વર્ધમાન સ્વામી** ! શરણાગત ભાવે આપને કરેલી વંદના મોક્ષમાર્ગમાં આવતાં વિઘ્ન વંટોળ સામે ઝઝુમી, સિદ્ધિને વરીએ તે માટે સ્થિરતા અને વીરતાનું પ્રદાન કરનારી બનો !

મહાનંદમય મોક્ષલક્ષ્મીના નિવાસભૂત, સર્વકાલીન-સકલ-અરિહંતોમાં પ્રતિષ્ઠિત, સાધકોના બ્રહ્મરંધ્રમાં સહસ્રદલ કમલની કર્ણિકામાં વસીને અમૃત વર્ષા દ્વારા સમાપત્તિરસનું પ્રદાન કરનાર, હજારો સૂર્યના તેજને પરાસ્ત કરનાર આર્હન્ત્યના સૂચક **'अर्हं'** પદનું પ્રણિધાન અધ્યાત્મ સાધકોને સમાપત્તિ રસામૃતથી પરિતૃપ્ત કરો !

શ્રી જિનેશ્વરદેવનું મુખદ્રહ જેનું ઉદ્ગમ સ્થાન છે. ગણધરો, સૂરિવરો જેનું ક્રીડાસ્થાન છે અને આગમ આદિ શાસ્ત્રો જેનું નિવાસસ્થાન છે, તે દ્વાદશાંગીરૂપ જિનવાણીની અધિષ્ટાત્રી **મા સરસ્વતી**ના બીજમંત્રરૂપ **'ઐઁ'**કારનું પ્રણિધાન અમારાં અજ્ઞાન તિમિરનું હરણ કરી અધ્યાત્મ માર્ગમાં લોકોત્તર પ્રકાશનું પ્રદાન કરો !

પ્રભુ વીરના શ્રીમુખમાંથી પ્રગટેલ ત્રિપદીના શ્રવણ માત્રથી અધ્યાત્મ સાધનાના માર્ગનું પ્રકાશન કરતી દ્વાદશાંગીની રચના કરનાર, અધ્યાત્મ સાધનાની વિવિધ ભૂમિકાઓ પસાર કરી યાવત્ પંચાચારની પરાકાષ્ઠારૂપ અધ્યાત્મને વરી, આત્માના વિશુદ્ધ સ્વરૂપને સિદ્ધ કરનાર **ગૌતમાદિ સર્વ ગણધરો**ને કરેલી આ વંદના, અમારા જીવનમાં પંચાચારની ચારિમારૂપ અધ્યાત્મનું પ્રદાન કરનારી બનો !

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધ્યાત્મરસનું અમીપાન કરી સાધક આત્માઓના શ્રેયાર્થે ગ્રંથપ્રણાલી દ્વારા વિવિધ શૈલીમાં સાધનાના માર્ગનું પ્રકાશન કરનાર સુવિહિત શિરોમણી **શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા,** કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા** અને ગ્રંથકાર ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહામહોપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી** મહારાજાના સિદ્ધ-સાધક ચરણોમાં ભક્તિભાવે કરેલી વંદના અમારા અધ્યાત્મ-યોગ વિષયક અવબોધને પુષ્ટ કરો અને ભવવિરહનું પ્રદાન કરી, પરમાનંદપદનું પ્રદાન કરો !

જેઓ શ્રીમદ્‌ની આજ્ઞાથી મને આ ગ્રંથનું અધ્યયન અને આલેખન કરવાનું સદ્ભાગ્ય સાંપડયું, જેઓશ્રીની મહતી કૃપાથી મારામાં આ ગ્રંથરત્નના ઊંડા ભાવોને સમજવાનું કિંચિત્ સામર્થ્ય પ્રગટ્યું. જેઓશ્રીની અપ્રમત્ત અધ્યાત્મ સાધનાથી સિંચિત જિનવાણીનું પાન કરતાં આત્મૈકલક્ષી સાધના કરવાનું લક્ષ્ય બંધાયું, તે પરમોપકારી પરમતારક શ્રી અરિહંત પરમાત્માના માર્ગનું યથાર્થ પ્રકાશન કરનાર, જગત-ઉદ્ધારક જૈનશાસનની વર્તમાનકાળમાં અદ્વિતીય આરાધના-પ્રભાવના અને સર્વતોમુખી રક્ષા કરનાર, વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદ, ભાવાચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** ! આપની ચરણોપાસના અમારામાં અધ્યાત્મ માર્ગ ઉપર ચાલવાનું સત્ત્વ પ્રગટાવનારી, આત્મ હિતકર પ્રવૃત્તિ પ્રત્યે જાગૃત કરનારી અને પરપ્રવૃત્તિ પ્રત્યે બધિરાન્ધ બનાવી સદા ચિદાન્દપદમાં લયલીન રાખનારી બનો !

ભૂમિકાને અનુરૂપ ઉત્તમ આચારોથી જેમનું જીવન પાવન બન્યું હતું, મૈત્ર્યાદિ ભાવોથી જેમનો આત્મા ભાવિત બન્યો હતો, જિનવચનના આધારે જ જેમની ચિંતનધારા સદાય વહ્યા કરતી હતી, મોહની મહાપક્કડમાંથી જેમણે છૂટકારો મેળવ્યો હતો, આત્માને લક્ષ્ય બનાવીને ઘોર તપ દ્વારા દેહ અને ઇન્દ્રિયોનું દમન કરવામાં જેઓ સફળ બન્યા હતા અને પંચાચારના નિર્મલ પાલન દ્વારા પોતાની ક્રિયાઓ-સાધનાઓને સુવિશુદ્ધ બનાવવા જેઓશ્રી સતત ઉદ્યમશીલ હતા, અધ્યાત્મ સાધનાના પરિપાકરૂપે જેમનું જીવન ઉત્તમ ગુણોની સંપદાથી સમૃદ્ધ હતું તે મારા, અમારા તારણહાર ગુરુદેવ પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજાની** મહતી કૃપાથી અધ્યાત્મ-ઉપનિષદ્ જેવા મહાન અને ગહન ગ્રંથની વિવેચનાની સફળતા સંપ્રાપ્તિને વરશે એવી પૂર્ણ શ્રદ્ધાપૂર્વક તેઓશ્રીના અધ્યાત્મપૂત ચરણે ભાવભરી વંદના.

**દેવ-ગુર્વાદિ ઇષ્ટ તત્ત્વનું પ્રણિધાન કરી, હવે મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે અધ્યાત્મ-યોગ વિષયક રચેલા અનેક ગ્રંથોમાં આગવું મહત્વ ધરાવતાં 'અધ્યાત્મ ઉપનિષદ્' ગ્રંથના વિવેચનનો મંગલ પ્રારંભ કરાય છે.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧–શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર

ऐँ नमः

## મંગલાચરણ

ગાથા-૧

**અવતરણિકા :**

**'અધ્યાત્મોપનિષદ્'**નામના આ ગ્રંથના પ્રથમ અધિકારનો પ્રારંભ કરતાં ગ્રંથકાર મહર્ષિ પ.પૂ. ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા મંગલાચરણપૂર્વક ગ્રંથના પ્રથમ શ્લોકની રચના કરે છે-

**શ્લોક :**

ऐन्द्रवृन्दनतं[१] नत्वा[४], वीतरागं[२] स्वयम्भुवम्[३] ।
अध्यात्मोपनिषन्नामा[६], ग्रन्थो[७]ऽस्माभि[५]र्विधीयते[८] ॥१॥

**શબ્દાર્થ :**

૧.ऐन्द्रवृन्दनतं - ઇન્દ્રોના સમૂહ દ્વારા નમાયેલા ૨. वीतरागं - વીતરાગ ૩. स्वयम्भुवम् - સર્વજ્ઞને ૪. नत्वा - નમીને ૫. अस्माभिः - અમારા વડે ૬. अध्यात्मोपनिषन्नामा - અધ્યાત્મ ઉપનિષદ્ નામનો ૭. ग्रन्थः - ગ્રન્થ ૮. विधीयते - બનાવાય છે.

**શ્લોકાર્થ :**

**ઇન્દ્રોનો સમૂહ જેઓશ્રીને નમસ્કાર કરે છે, અને જેઓશ્રી સ્વયં પોતાના સામર્થ્યથી સર્વજ્ઞ બન્યા છે તે વીતરાગ પરમાત્માને નમીને અમે 'અધ્યાત્મ ઉપનિષદ્' નામના ગ્રન્થની રચના કરીએ છીએ.**

**ભાવાર્થ :**

પ.પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા 'અધ્યાત્મ ઉપનિષદ્' નામના શ્રેયકારી ગ્રંથનો શુભારંભ કરતાં શિષ્ટ પુરુષોની પરંપરા અનુસાર સૌ પ્રથમ નરેન્દ્રો અને મહેન્દ્રોને પણ વંદનીય એવા શ્રી વીતરાગ પરમાત્મા કે જેઓ સ્વસામર્થ્યથી સર્વજ્ઞ બન્યા છે તેઓને વંદન કરીને, ગ્રંથના નામનો નિર્દેશ કરવા-પૂર્વક તેનાં વિષય આદિનું નિરૂપણ કરે છે. આ ગ્રંથનું 'અધ્યાત્મોપનિષદ્' એવું નામ જ તેના વિષય આદિને જણાવનારું છે. 'અધ્યાત્મ' એટલે આત્મવિષયક અને 'ઉપનિષદ્' એટલે રહસ્ય. તેથી 'અધ્યાત્મોપનિષદ્' એટલે આત્મવિષયક રહસ્ય. બહારની દુનિયામાં ભટકીને આનંદ મેળવવાનો વ્યર્થ પ્રયાસ છોડી આત્મામાં સ્થિર થઈને આનંદ કેવી રીતે પામવો તેની ચાવી આ ગ્રંથ પૂરી પાડે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

શુભકાર્યનો આરંભ કરતાં પહેલાં પોતાના અભીષ્ટ દેવાદિને નમસ્કાર કરીને મંગલાચરણ[1] કરવું તે સજ્જન પુરુષોનો એક ઉત્તમ આચાર છે. **શિષ્ટ પુરુષો બીજાના દોષોને કે કોઈએ કરેલા અપકારોને જરૂર ભૂલી શકે છે, પરંતુ પોતાના ઉપર થયેલા ઉપકારને ક્યારેય ભૂલી શકતા નથી અને અવસર આવે ત્યારે તેઓ ઉપકારીને યાદ કર્યા વિના રહી પણ શકતા નથી.**

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા પણ અતિ ઉત્તમ કક્ષાના શિષ્ટ પુરુષ હતા. તેમની બુદ્ધિ પ્રતિભા ભલભલા પંડિતોને પણ શરમિંદા બનાવે તેવી હતી, તોપણ તેઓ માનતા હતા કે મારામાં જે કાંઈ સારાપણું છે, તે મારા દેવ-ગુરુને આભારી છે, તેમની કૃપાનું જ આ ફળ છે. આ જ કારણથી કોઈપણ સત્કાર્ય કરતાં પહેલાં તેઓ પોતાના દેવ-ગુરુનું અવશ્ય સ્મરણ કરતા. આ ગ્રંથનો મંગલ પ્રારંભ પણ તેમણે પોતાના ઉપકારી અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને કર્યો છે.

નમસ્કાર કરવા માટે, જેમને નમસ્કાર[2] કરાય તેની સાથેનું એક અંતરંગ જોડાણ આવશ્યક છે. આ જોડાણ કરવા તેમના વિશિષ્ટ ગુણોનો બોધ હોવો જરૂરી છે. આથી જ મહામહોપાધ્યાયજી ભગવંતે **'ऐन्द्रवृन्दनतं नत्वा वीतरागं स्वयम्भुवम्'** આવા અર્થગંભીર શબ્દોનો પ્રયોગ કરી વિશિષ્ટસ્વરૂપે પ્રભુની સ્મૃતિ કરી છે અને વાચકવર્ગને પણ પરમાત્માની એક આગવી ઓળખ કરાવી છે.

સૌ પ્રથમ **ऐन्द्रवृन्दनतं**[3] શબ્દનો પ્રયોગ કરી જણાવ્યું છે કે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોવાના કારણે વિબુધવર ગણાતા, ભૌતિક સુખની પરાકાષ્ઠાને વરેલા હોવાના કારણે પરમ સંપત્તિમાન

1. મંગલાચરણ ત્રણ પ્રકારનાં હોય છે. (૧) આશીર્વાદાત્મક, (૨) ઈષ્ટદેવતા નમસ્કારાત્મક, (૩) વસ્તુનિર્દેશાત્મક. તેમાં અહીં ઇષ્ટદેવતાને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કરાયું છે.

त्रिविधं मङ्गलम् - आशीर्वादो नमस्क्रिया वस्तुनिर्देशश्च ।

१. परमेश्वरात् स्वस्य स्वशिष्यादेश्च वाञ्छितार्थप्रार्थनमाशीर्वादः ।

२. स्वापकर्षबोधानुकूलः स्वीयव्यापारविशेषः (नमः पदार्थः) नमस्कारः ।

३. नमस्कारादिमन्तरा स्वेष्टदेवतादिकीर्तनं वस्तुनिर्देशः । - कारिकावली - मुक्तावली - प्रभाटीकायाम् - १ ।।

2. નમસ્કાર કરવો એટલે અંતરથી પરમાત્માના ગુણો તરફ ગતિ કરવી. વ્યવહારનયની દૃષ્ટિથી વિચારીએ તો; મસ્તકાદિ અંગો નમાવવાં એ કાયિક નમસ્કાર છે, 'नमामि' ઈત્યાદિ પદોનું ઉચ્ચારણ - તે વાચિક નમસ્કાર છે અને સર્વગુણોની અપેક્ષાએ પોતાનાથી અધિક એવા જિનેશ્વર આદિ નમસ્કરણીય પ્રત્યે પ્રીતિ, આદર, બહુમાન, પૂજ્યભાવ ઉપસ્થિત કરવો એ માનસિક નમસ્કાર છે. આ સર્વ પ્રકારના નમસ્કારમાં પૂજ્ય અને પૂજકનો ભેદ હોય છે.

શુદ્ધ દ્રવ્યાસ્તિક નય (નિશ્ચય નય)ની દૃષ્ટિથી વિચારીએ તો પોતાના શુદ્ધ સ્વરૂપનો પરમાત્મા સાથે અભેદ કરીને અભેદ ભાવે પરમાત્માનું ધ્યાન, ચિંતન કે નમનક્રિયા કરવી તે નમસ્કાર છે.

नमिउण त्ति - नत्वा = तत्त्वतः स्वाभेदेन अन्तर्भूतध्यातृध्येयभावेन प्रणिधाय - उपदेशरहस्यस्वोपज्ञवृत्तौ - १ ।।

3. પ્રભુની ઓળખ કરાવતાં આ ત્રણ પદો દ્વારા ભગવાનના ચાર અતિશયો પણ સૂચિત કર્યા છે. 'ऐन्द्रवृन्दनतं' આ પદ દ્વારા પ્રભુનો **પૂજાતિશય** જણાવ્યો છે. જન્મથી પ્રારંભી નિર્વાણકાળ સુધી દેવ, દેવેન્દ્રો અને નરેન્દ્રો પ્રભુની જે વિશેષ પ્રકારે ભક્તિ કરે છે તે પ્રભુનો પૂજાતિશય છે. આ જ પદથી પ્રભુનો **વચનાતિશય** પણ સૂચવાયો છે, કેમ કે દેવ-દેવેન્દ્રો દૈવિક સુખો છોડી મનુષ્ય લોકમાં આકર્ષાઈને આવે છે તેનું મુખ્ય કારણ પ્રભુની કલ્યાણકારી પાંત્રીસ ગુણ યુક્ત વાણી છે. 'वीतरागं' પદ દ્વારા પ્રભુનો **અપાયાપગમાતિશય**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગણાતા અને અસંખ્ય દેવોનો યોગ-ક્ષેમ કરવાના કારણે પરમ ઐશ્વર્યવાન ગણાતા એવા પણ ઈન્દ્રોના સમૂહો ભગવાનને નમે છે. કેમ કે, તેઓ જાણે છે કે, પ્રભુ પાસે જે નિર્મળ કેવળજ્ઞાન છે તે અમારી પાસે નથી. પ્રભુ પાસે જે પોતિકું, સ્વાધીન અને શાશ્વત સુખ છે, તે અમારી પાસે નથી અને પ્રભુ જે રીતે જીવમાત્રનો યોગક્ષેમ કરવાનું પરમ ઐશ્વર્ય ધરાવે છે તે અમારી પાસે નથી. અમારે પણ જો આ બધું પામવું હોય તો તે માત્ર પ્રભુની સેવા-ભક્તિથી જ પામી શકાશે. આજે પણ 'પ્રભુ અનંતા સુખમાં વિલસી રહ્યા છે. એમના સુખ અને આનંદ સામે અમો તો માત્ર વિડંબના ભોગવી રહ્યા છીએ. આવા સુખને મેળવવા આ સ્વામીની સેવા-ભક્તિ જ યોગ્ય છે.' આવું માની દેવેન્દ્રો, દેવલોકનાં સુખો છોડી મનુષ્યલોકમાં રહેલા પ્રભુની ભક્તિ કરવા દોડી દોડીને આવે છે. આમ 'ઈન્દ્રોના સમૂહોથી નમાયેલા' આ વિશેષણ દ્વારા ગ્રંથકારે ગર્ભિત રીતે એ સૂચિત કર્યું છે કે 'જે પરમાત્મા ઇન્દ્ર જેવા સમર્થ માટે નમસ્કરણીય છે તે સર્વને પણ નમસ્કરણીય હોય જ.'

ત્યારપછી પ્રભુની ઓળખ માટે બીજું પદ મૂક્યું છે, **'वीतरागं'.** આ પદ દ્વારા પ્રભુ સર્વ દોષોથી મુક્ત છે, તેમ દર્શાવ્યું છે. સર્વ દોષો, દુઃખો કે પીડાઓનું કારણ રાગ જ છે. રાગથી જ સર્વ કષાયો અને દોષો ઉત્પન્ન થાય છે. પ્રભુ રાગ વિનાના છે એવું જણાવી ગ્રંથકારશ્રીએ સૂચિત કર્યું છે કે પ્રભુ સર્વ દુઃખોથી મુક્ત છે અને સર્વ સુખથી સંપન્ન છે. જેઓ પ્રભુનું આ સ્વરૂપે શ્રેષ્ઠ કક્ષાનું ધ્યાન કરે છે તેઓ સ્વયં વીતરાગ બની જાય છે અને જ્યાં સુધી તે વીતરાગ ન બને ત્યાં સુધી તેમનામાં રાગાદિ પ્રત્યેના અણગમારૂપ વૈરાગ્યભાવ તો દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો જ જાય છે. વીતરાગની ઉપાસનાથી પ્રગટેલો આ વૈરાગ્યભાવ જ ધર્મશાસ્ત્રને પરિણામ પમાડવાનું મૂળ કારણ છે, આથી જ ગ્રંથકારશ્રીએ આ શબ્દ દ્વારા સર્વ શ્રોતાજનને તે ભાવ સુધી પહોંચાડવા પ્રયત્ન કર્યો છે.

આ ઉપરાંત ત્રીજા **'स्वयम्भुवम्'**[4] શબ્દનો પ્રયોગ કરી પરમાત્મા સ્વયં સર્વજ્ઞ બન્યા છે તેમ જણાવ્યું છે. કોઈના પણ ઉપદેશની અપેક્ષા વિના તથાભવ્યત્વના પરિપાકથી સ્વયં બોધ પામેલાને, સ્વયં સર્વજ્ઞ-સર્વદર્શી બનેલાને સ્વયંભૂ કહેવાય છે. અરિહંત પરમાત્મા હંમેશા કોઈના પણ આલંબન વિના

---

જણાવ્યો છે. અપાયોનું મૂળ કારણ છે, રાગાદિ દોષો. આ દોષોનો નાશ થવાથી પ્રભુને તો કોઈ અપાય/કષ્ટ નથી જ; પરંતુ પ્રભુના સાનિધ્યમાં રહેનારામાં પણ અપાયોની સંભાવના રહેતી નથી. 'स्वयम्भुवम्' પદ દ્વારા પ્રભુનો **જ્ઞાનાતિશય** વર્ણવાયો છે.

4. स्वयम्भुवम् પદની વ્યાખ્યા કરતાં પં. આશાધરકૃત જિનસહસ્ર નામસ્તોત્રની સ્વોપજ્ઞવૃત્તિમાં તથા શ્રુતસાગરવૃત્તિમાં જણાવ્યું છે કે,

(i) स्वयमात्मना गुरुनिरपेक्षतया भवति, निर्वेदं प्राप्नोति, लोकालोकस्वरूपं जानातीति स्वयम्भूः ।

(ii) स्वयं भवति, केवलज्ञानदर्शनद्वयेन लोकालोके व्याप्नोति स्वयम्भूः ।

(iii) स्वयम्भुवा भूतहितेन भूतले इत्यादि स्वयं परोपदेशमन्तरेण मोक्षमार्गमवबुद्ध्य अनुष्ठाय वाऽनन्तचतुष्टयं तथा भवतीति स्वयम्भूः, तेन - श्रीसमन्तभद्रस्वामिकृत-चतुर्विंशतिजिनस्तुतौ ।।

(iv) स्वयम् = आत्मनैव परोपदेशनिरपेक्षतयाऽवगततत्त्वो भवतीति स्वयम्भूः ।।१।। - स्याद्वादमञ्जर्याम् ।।

(v) स्वयम् - आत्मना तथाभव्यत्वादिसामग्रीपरिपाकात् न तु परोपदेशात् भवतीति स्वयम्भूः ।। २४ ।। - अभिधानचिन्तामणौ ।।

જેઓ ગુરુની અપેક્ષા વિના સ્વયં નિર્વેદ પામે છે, લોકાલોકના સ્વરૂપને જાણે છે, કેવલજ્ઞાન અને કેવલદર્શન દ્વારા લોકાલોકમાં વ્યાપી જાય છે **તે સ્વયંભૂ.** આ રીતે 'સ્વયંભૂ' પદ પ્રભુ સર્વજ્ઞ છે એમ જણાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી મોક્ષમાર્ગનો વિકાસ સાધે છે. કોઈક સ્થાનમાં એવું જણાય કે, અરિહંત પરમાત્માએ ગુરુ ઉપદેશથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આદિ ગુણો મેળવ્યા છે, આમ છતાં જ્યાં એવું દેખાય છે ત્યાં પણ ગુરુનો ઉપદેશ ગૌણ હોય છે અને તેઓશ્રીના આત્માની તેવા પ્રકારની યોગ્યતા જ પ્રધાન હોય છે.

આ ત્રણ વિશેષણો દ્વારા ગ્રંથકારે ઇન્દ્રોના સમૂહથી નમાયેલા પરમાત્મા અનંત સુખના સ્વામી છે, રાગાદિ સર્વદોષથી રહિત છે, અને જ્ઞાનાદિ સર્વગુણથી યુક્ત છે, તેમ જણાવ્યું છે. આવી સુંદર ઓળખ દ્વારા અરિહંત પરમાત્મા સાથે પોતાનું અનુસંધાન કરી ભાવપૂર્ણ હૃદયે મહામહોપાધ્યાયજી ભગવંતે પરમાત્માને નમસ્કાર કર્યો છે.

નમસ્કાર કરતાં તેઓએ એવી ભાવના રાખી છે કે, 'પ્રભુ ! અતીન્દ્રિય એવો અધ્યાત્મનો માર્ગ તારા શાસ્ત્રના સહારે હું સારી રીતે સમજ્યો છું, ગીતાર્થ ગુરુવર્યોની પરંપરાથી મેં તેને જાણ્યો છે અને અનુભૂતિના સ્તરે સ્વસંવેદનથી તેને માણ્યો છે[5]. સૌ કોઈ આ માર્ગે ચાલી શાશ્વત સુખને પામે તેવી અભિલાષાથી હું આ ગ્રંથની રચના કરું છું; પરંતુ મેં આ માર્ગને પ્રત્યક્ષપણે પૂર્ણ જોયો નથી, તેથી તેની રજૂઆતમાં મારાથી તારા વચન વિરુદ્ધ કાંઈપણ ન કહેવાઈ જાય, તેવી શક્તિની આપ પાસે પ્રાર્થના કરું છું. સાથોસાથ હું પણ આ માર્ગે ચાલી તારા જેવા શુદ્ધ સ્વરૂપને શીઘ્ર પામું તે જ અભિલાષાથી આપને નમસ્કાર કરું છું'.

આ ત્રણ વિશેષણો દ્વારા જેમ પોતાના અનંત ઉપકારી અરિહંત પરમાત્માને પ્રણામ કર્યો છે તે જ રીતે ગ્રંથનો પ્રારંભ 'ऐँ' શબ્દથી કરી, પોતાની ઉપર કૃપાવર્ષા કરનાર શ્રુતદેવી 'મા સરસ્વતી'ને પણ પ્રણામ કર્યા છે. 'ऐँ' શબ્દ સરસ્વતીનો બીજ મંત્ર છે. ગ્રંથરચના વગેરે વિશિષ્ટકાર્યમાં સહાય મળે તેવા શુભાશયથી એકવાર મહામહોપાધ્યાયજી ભગવંતે ગંગા નદીના કિનારે મા સરસ્વતીની જપ યોગથી સાધના કરી હતી. જપ યોગથી પ્રસન્ન થયેલા 'મા શારદાએ' પૂ. ઉપાધ્યાયજી ભગવંતને કવિત્વ અને વિદ્વત્ત્વનું વરદાન આપ્યું હતું. આ ઉપકારના સ્મરણાર્થે કૃતજ્ઞભાવે મહામહોપાધ્યાયજી ભગવંતે પ્રત્યેક ગ્રંથનો પ્રારંભ 'ऐँ' શબ્દથી કર્યો છે.

આવા ઉત્તમ ગ્રંથની રચના કરવી એ એક શુભ કાર્ય છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં એકઠાં કરેલાં પાપકર્મો શુભકાર્યોમાં વિઘ્ન ઊભાં કરે છે. લોકમાં પણ કહેવાય છે કે, 'श्रेयांसि बहुविघ्नानि[6]'. શ્રેયકાર્ય ઘણાં વિઘ્નવાળાં હોય છે. આ વિઘ્નોને દૂર કરવા જ ગ્રંથનો પ્રારંભ કરતાં મંગલાચરણ કરવામાં આવે છે. તેનાથી ઉત્પન્ન થયેલો શુભભાવ પાપકર્મોનો નાશ કરે છે અથવા પાપકર્મને એટલા દૂર હડસેલે છે કે તે પાપકર્મો વિઘ્નરૂપ નથી બનતાં અને કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થઈ શકે છે.

મંગલાચરણ કર્યા પછી ગ્રંથકારશ્રીજીએ શ્લોકના ઉત્તરાર્ધમાં **'अध्यात्मोपनिषन्नामा ग्रन्थोऽस्माभिर्विधीयते'** - આ 'અધ્યાત્મ ઉપનિષદ્ નામનો ગ્રંથ અમારા વડે રચાય છે' એમ જણાવી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરી છે.

---

5. शास्त्रात्परिचितां सम्यक्, सम्प्रदायाच्च धीमताम् । इहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे ।।१/७।। - अध्यात्मसारे ।।

श्रुताम्भोधेरधिगम्य, सम्प्रदायाच्च सद्गुरोः स्वसंवेदनतश्चापि योगशास्त्रं विरच्यते ।।१/४।। - योगशास्त्रे ।।

6. श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि । अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંગલાચરણની સાથોસાથ પ્રેક્ષાવાન વ્યક્તિ ગ્રંથ વાંચવા ઉત્સાહિત થાય તે માટે ગ્રંથનો વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારીનો ઉલ્લેખ કરવો પણ આવશ્યક છે, જેને અનુબંધ [7]ચતુષ્ટય કહેવાય છે. આ ગ્રંથનું 'અધ્યાત્મ ઉપનિષદ્' નામ જ તે આવશ્યકતાને પૂર્ણ કરે છે, કેમ કે તે નામ દ્વારા ગર્ભિત રીતે ગ્રંથના વિષય, પ્રયોજન અને સંબંધ જણાવાયા છે. અધ્યાત્મના રહસ્યને જણાવવું, તે આ ગ્રંથનો **વિષય** છે અને તેનો બોધ કરાવવો અને કરવો, તે આ ગ્રંથના કર્તા અને શ્રોતાનું તત્કાલનું પ્રયોજન છે. પરંપરાએ તો બન્નેનું **પ્રયોજન** આધ્યાત્મિક વિકાસ સાધી મોક્ષ સુધી પહોંચવાનું છે.

'અધ્યાત્મ' શું છે તત્સંબંધી વિગતવાર ચર્ચા આગળના શ્લોકોમાં છે. 'ઉપનિષદ્' એટલે સાર અથવા **રહસ્ય**. વળી 'ઉપનિષદ્'નો[8] અર્થ 'ગુરુની સમીપમાં રહીને વિનયપૂર્વક મેળવેલું જ્ઞાન' અથવા જેના દ્વારા **શ્રોતા 'વિશુદ્ધ** એવા બ્રહ્મતત્ત્વની (આત્મતત્ત્વની) પાસે બેસે (જઈ શકે) તે 'ઉપનિષદ્' આમ બ્રહ્મની પાસે **પહોંચવાનું** કે બ્રહ્મતુલ્ય બનવાનું સાધન તે 'ઉપનિષદ્'. આ ગ્રંથ પણ આત્મા એટલે કે બ્રહ્મતત્વની નજીક લઈ જવામાં કારણભૂત બને છે, તેથી આ ગ્રંથનું આવું નામ અર્થને અનુસરે તેવું 'સાન્વર્થ' છે.

વળી, જ્યારે 'ઉપનિષદ્'નો અર્થ એવો કરીએ કે, 'ગુરુની સમીપમાં બેસીને વિનયપૂર્વક મેળવેલું જ્ઞાન' ત્યારે તે જ શબ્દ દ્વારા આ ગ્રંથમાં કહેવાયેલા ભાવો ક્યાંથી પ્રાપ્ત થયા કે થઈ શકે, તેની જાણકારી પણ મળી જાય છે. જૈનશાસનની ઉજળી પરંપરા મુજબ આ ગ્રંથ પણ ગુરુ દ્વારા પ્રાપ્ત થયો છે, તેથી આ ગ્રંથનો ગુરુપર્વક્રમ[9] **સંબંધ** સામર્થ્યથી જાણી શકાય છે. શ્રી અરિહંત પરમાત્માના માતૃકાપદને (ત્રિપદી) ઝીલીને શ્રી સુધર્માસ્વામીજીએ દ્વાદશાંગીની રચના કરી. તેમની પરંપરામાં થયેલા શ્રુતધર મહર્ષિઓએ આગમ ગ્રંથો અને પ્રકરણ ગ્રંથોની રચના કરી. આ આગમોના સારને જાણનારા અનેક ગીતાર્થોની શ્રુંખલામાં ગ્રંથકારશ્રીના ગુરુદેવ શ્રી **નયવિજયજી** મ.સા.નો પણ સમાવેશ થાય છે. તેમની પાસેથી ગ્રંથકાર શ્રીમહામહોપાધ્યાય **યશોવિજયજી** મહારાજે એ જ્ઞાન મેળવ્યું અને તેના પરિપાકરૂપે આ ગ્રંથની રચના

---

7. अनुबध्नन्ति लोकान् ग्रन्थाध्ययने उन्मुखीकुर्वन्ति ये ते अनुबन्धाः ।

सीसपवित्तिनिमित्तं अभिधेयपयोयणाइं संबंधो । वत्तव्वाइं सत्थे, सस्सुन्नतं सुणिज्झिहरा ।।१।।

विषयश्चाधिकारी च सम्बन्धश्च प्रयोजनम् । प्रेक्षापूर्वकारिणश्च प्रयोजनादिशून्ये न प्रवर्तन्ते ।। - विशेषावश्यकभाष्य - गा.१-टीकायाम् ।।

8. धर्मे रहस्युपनिषत् स्यात् । - योगशतकवृत्तौ - १ ।।

उप - समीपं ब्रह्मणः निषीदन्ति अनयेति उपनिषद् । यद्वा उप - गुरुणां समीपं निषद्य एव याऽधीयते यथार्थरूपेणोपलभ्यते सा उपनिषद् । - अमरकोशे ।।

9. સુધર્માસ્વામીજી મહારાજા આચારાંગ સૂત્રની શરૂઆત કરતાં કહે છે, 'सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं' અર્થાત્, 'હે આયુષ્યમાન જંબૂ ! મેં સાંભળ્યું છે કે, તે મહાતપસ્વી સમગ્ર ઐશ્વર્યવાળા, કષાયાદિ મહાવૈરીઓનો પરાભવ કરનારા, કાશ્યપગોત્રવાળા ભગવાન મહાવીરે કેવલજ્ઞાનથી જોઈને, બાર પર્ષદા સમક્ષ આ પ્રમાણે કહ્યું છે.' આમ, પૂર્વધર મહર્ષિ પણ એમ કહેતા નથી કે, 'આ હું કહું છું' પરંતુ તેઓ પણ એમ કહે છે કે, 'ભગવાન આ પ્રમાણે કહે છે.' વળી, જ્યારે 'आवसंतेणं' એવો પાઠ લઈએ ત્યારે તેની છાયા 'આવષણા' થાય અને ત્યારે આ શબ્દનો અર્થ 'ગુરુની નિશ્રામાં વસતા' એવો પણ અર્થ થાય છે. આવી જૈનશાસનની પરંપરા મુજબ ગ્રંથકારશ્રી પણ 'ઉપનિષદ્' શબ્દ દ્વારા જણાવે છે કે, આ ગ્રંથ મેં ગુરુ પાસેથી સાંભળ્યો છે.

गुरुवचनोपगत सूत्रमूलतया तात्त्विकमावेदितं भवति, गुरुपर्वक्रमलक्षणस्य सम्बन्धो सूचितो भवति ।। १।। - उपदेशरहस्यवृत्तौ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ છે, તેથી ગ્રંથકારશ્રીનો સંબંધ ગુરુપર્વક્રમથી શ્રીસુધર્માસ્વામીજી ગણધરભગવંત સાથે અને સ્વયં પરમાત્મા સાથે પણ છે. અધ્યાત્મના **અધિકારી**નું વર્ણન શ્લોક-પમાં જણાવ્યું છે. તેના દ્વારા આ ગ્રંથના અધિકારી કોણ છે તે સમજી શકાશે.

મહામહોપાધ્યાયજી ભગવંતે અધ્યાત્મના રહસ્યને પ્રગટ કરતા આ ગ્રંથને 'રહસ્ય' કે 'સાર'થી અંકિત કરવાને બદલે 'ઉપનિષદ્' શબ્દથી અંકિત કરી બે કાર્યો કર્યાં છે. એક તો જેમ વૈદિક પરંપરામાં અધ્યાત્મની રજૂઆત કરતા ગ્રંથોને ઉપનિષદ્ કહેવાય છે, તેમ આ ગ્રંથ પણ જૈનધર્મમાં બતાવેલી આધ્યાત્મિક વાતોને રજૂ કરતું એક ઉપનિષદ્ છે, તેમ જણાવ્યું છે અને બીજું પૂર્વે કહ્યું તે મુજબ અર્થથી આ ગ્રંથ ગુરુ પરંપરા દ્વારા પ્રાપ્ત થયો છે તે જણાવ્યું છે.

**'अस्माभिर्विधीयते'** અમારા વડે રચાય છે; આ વાક્ય દ્વારા ગ્રંથકારશ્રીની નમ્રતા જણાઈ આવે છે. તેમાં બહુવચનનો પ્રયોગ કરી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા સૂચિત કરે છે કે, આ રચના પાછળ ઘણા બધાનું બળ છે. પૂર્વાચાર્યોના ગ્રંથો, ગુરુ ભગવંતોએ કરાવેલ શાસ્ત્રાભ્યાસ, સહાધ્યાયીઓની મહેનત વગેરેના કારણે જ આ રચના શક્ય બની છે. વળી, અહીં 'હું રચું છું,' એવો કર્તરિ પ્રયોગ કરવાને બદલે 'અમારા વડે રચાય છે' એમ કર્મણિ પ્રયોગ કરી મહામહોપાધ્યાયજી ભગવંતે પોતાની લઘુતા દર્શાવી છે. ॥૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધ્યાત્મનું લક્ષણ

ગાથા-૨-૩-૪

**અવતરણિકા :**

મંગલાચરણ આદિનું વર્ણન કર્યા પછી હવે ગ્રંથકારશ્રી ગ્રંથના વિષયભૂત 'અધ્યાત્મ'ની ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી વ્યાખ્યા કરતાં ગાથા ૨,૩,૪માં જણાવે છે-

**શ્લોક :**

**आत्मानमधिकृत्य[२] स्याद्[५]यः[३] पञ्चाचारचारिमा[४] ।**
**शब्दयोगार्थनिपुणा[१]स्तद[६]ध्यात्मं[७] प्रचक्षते[८] ॥२॥**

**શબ્દાર્થ :**

૧. शब्दयोगार्थनिपुणाः - શબ્દનો યોગાર્થ કરવામાં નિપુણ (વિદ્વાનો) ૨. आत्मानम् अधिकृत्य - આત્માને આશ્રયીને ૩. यः - જે ૪. पञ्चाचारचारिमा - પંચાચારનો પ્રકર્ષ ૫. स्यात् - થાય (છે) ૬/૭. तदध्यात्मं - તેને અધ્યાત્મ ૮. प्रचक्षते - કહે છે.

**શ્લોકાર્થ :**

**શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને અર્થ કરવામાં કુશળ વિદ્વાનો આત્માને આશ્રયીને (આત્માના શુદ્ધ સ્વરૂપને લક્ષ્ય બનાવીને) પંચાચારનો જે પ્રકર્ષ પ્રાપ્ત થાય છે તેને અધ્યાત્મ કહે છે.**

**ભાવાર્થ :**

સામાન્યથી આત્માને આશ્રયીને, આત્મહિતને લક્ષ્યમાં રાખીને જે ક્રિયા કરાય તેને અધ્યાત્મ કહેવાય છે, પરંતુ શબ્દનો યોગાર્થ કરવામાં નિપુણ વિદ્વાનો અર્થાત્ નિશ્ચયનયને પ્રાધાન્ય આપનારા વિદ્વાનો આત્માને આશ્રયીને થતી સર્વ ક્રિયાને અધ્યાત્મ કહેતા નથી. તેઓ તો માત્ર આત્મહિતના ઉદ્દેશથી સર્વ શ્રેષ્ઠ કક્ષાના પંચાચારને જ અધ્યાત્મ કહે છે.

**વિશેષાર્થ :**

આત્મશુદ્ધિના લક્ષ્યપૂર્વક કરાતી મન-વચન-કાયાની કોઈપણ પ્રવૃત્તિને સામાન્યથી 'અધ્યાત્મ' કહેવાય છે. તેમાં પણ વિષય-કષાયથી પર થઈને આંશિક પણ આત્મામાં સ્થિર થવું તે પ્રારંભિક કોટિનું 'અધ્યાત્મ' છે અને કષાયોનો સર્વથા નાશ કરી સર્વાંશે આત્મભાવને પ્રગટ કરવો તે શ્રેષ્ઠ કક્ષાનું અધ્યાત્મ છે, આમ ભૂમિકાના ભેદથી અધ્યાત્મના અનેક પ્રકારો હોય છે. આમ છતાં મહામહોપાધ્યાયજી ભગવંતને સાધક પાસે અધ્યાત્મનું એક ઊંચું લક્ષ્ય બંધાવવું છે, તેથી તેઓ સૌ પ્રથમ અધ્યાત્મની અન્ય વ્યાખ્યાઓને ગૌણ કરી, તત્કાળ આત્માને પરમાત્મા બનાવી દે તેવી અધ્યાત્મની ઊંચી ભૂમિકાને દર્શાવતી શબ્દ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગાર્થ-નિપુણોએ કરેલી 'અધ્યાત્મ' શબ્દની (યૌગિક) વ્યાખ્યા[1] પ્રસ્તુત કરે છે.

શબ્દ-યોગાર્થ-નિપુણો કોઈ પણ વસ્તુની વ્યાખ્યા કરતાં, તેના માટે વપરાતો શબ્દ કઈ રીતે બન્યો છે, તેની ઉપર ઘણું મહત્ત્વ આપે છે. તે શબ્દમાં મૂળ શબ્દ કયો છે અને તેને કયો પ્રત્યય લાગ્યો છે તે જોઈ, તે બન્નેના સંબંધના આધારે જ તેઓ અર્થ કરે છે, તેથી પ્રકૃતિ અને પ્રત્યયથી પ્રાપ્ત થતો (derivative / literal) અર્થ જે પદાર્થમાં મુખ્યપણે ઘટે તે પદાર્થને જ તેઓ તે શબ્દથી વાચ્ય કરે છે.

પ્રસ્તુતમાં અધ્યાત્મ શબ્દ अधि ઉપસર્ગ અને आत्मन् શબ્દના યોજનથી બન્યો છે. अधि ઉપસર્ગ સપ્તમીના અર્થમાં વપરાય છે તેથી आत्मनि इति अध्यात्म એટલે કે આત્મામાં અથવા આત્માને આશ્રયીને જે કરાય તેને 'અધ્યાત્મ' કહેવાય, પરંતુ શબ્દ-યોગાર્થ-નિપુણો મુખ્યતાને જૂએ છે, તેથી તેઓ આત્માને આશ્રયીને થતી કોઈ પણ ક્રિયાને અધ્યાત્મ કહેતા નથી, પણ આત્મહિતના લક્ષ્યથી જે પંચાચારની શ્રેષ્ઠતા કે સુંદરતા પ્રાપ્ત થાય છે તેને જ તેઓ અધ્યાત્મ તરીકે સ્વીકારે છે.

આત્માને આશ્રયીને એટલે શુદ્ધ આત્મતત્ત્વને લક્ષ્ય બનાવીને. શુદ્ધ આત્મા અનંત જ્ઞાનાદિ ગુણમય છે, અનંત આનંદ તેનો સ્વભાવ છે. તે સદા માટે સહજ સુખમાં સ્થિર હોય છે, તેનામાં વિષયોનો સંગ કે કષાયોની કોઈ કનડગત નથી હોતી, કર્મના કોઈ આવરણ નથી હોતા, શરીરનો વળગાડ નથી હોતો કે કોઈપણ પ્રકારનાં બંધન નથી હોતાં.

શુદ્ધ આત્માનું આવું સ્વરૂપ સિદ્ધાત્માઓમાં પ્રગટ છે, જ્યારે સંસારી જીવોમાં આ સ્વરૂપ પ્રગટ નથી હોતું,

---

1. શબ્દનો અર્થ કરવાની ચાર પદ્ધતિઓ પ્રસિદ્ધ છે, જેના અનુસારે શબ્દના ચાર પ્રકારો થાય છે.

૧. યૌગિક - જે શબ્દ યોગબળથી અર્થ જણાવે, તેને યૌગિક શબ્દ કહેવાય છે. તેમાં યોગ એટલે પ્રકૃતિ (મૂળ શબ્દ કે ધાતુ) અને પ્રત્યયનો સંબંધ. દા.ત. पाचक. આ શબ્દ पच् ધાતુ અને કર્તૃસૂચક अक् પ્રત્યયના સંબંધથી બન્યો છે. તેનો અર્થ થાય છે રસોઈયો.

૨. રૂઢ - જે શબ્દ પ્રકૃતિ અને પ્રત્યયના સંબંધની અપેક્ષા રાખ્યા વગર પોતાની વ્યુત્પત્તિથી નિરપેક્ષ રહી, માત્ર લોકવ્યવહારના આધારે અર્થ જણાવે છે, તે રૂઢિ પ્રધાન કે રૂઢ શબ્દ કહેવાય છે. દા.ત. आखण्डल = ઇન્દ્ર, गोपुर = દરવાજો, गवाक्ष = બારી.

૩. યોગરૂઢ - જે શબ્દનો લોક પ્રચલિત અર્થ, તેના વ્યુત્પત્તિ અર્થને પણ અનુસરતો હોય તેને યોગરૂઢ શબ્દ કહેવાય છે. દા.ત. पङ्कज શબ્દ લોકમાં કમળ માટે વપરાય છે. पङ्के जायते इति पङ्कज એવી તેની વ્યુત્પત્તિ પ્રમાણે 'पङ्क એટલે કાદવ, તેમાં જે ઉત્પન્ન થાય તે પંકજ' કહેવાય. આમ તો કાદવમાં કીડા આદિ ઘણું થાય છે, તોપણ તે દરેકને 'પંકજ' નથી કહેવાતું; પરંતુ માત્ર કમળ માટે 'પંકજ' શબ્દ રૂઢ છે. તેથી पङ्कज શબ્દ યોગરૂઢ કહેવાય.

૪. યૌગિક રૂઢ - જે શબ્દ પ્રકૃતિ અને પ્રત્યયના સંબંધથી એક અર્થ જણાવે અને રૂઢિથી બીજો અર્થ જણાવે તેવા શબ્દને યૌગિક રૂઢ શબ્દ કહેવાય છે. દા.ત. उद्भिद् આ શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને તેનો અર્થ થાય છે વૃક્ષ કે લતા. કેમકે પૃથ્વીને ફાડીને ઉત્પન્ન થાય તે उद्भिद् કહેવાય. રૂઢિ પ્રમાણે उद्भिद्નો અર્થ યજ્ઞ થાય છે. આ બન્ને અર્થ પ્રચલિત હોવાથી उद्भिद् યૌગિક રૂઢ શબ્દ કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેમકે તેની ઉપર કર્મનું આવરણ હોય છે. "સિદ્ધો જેવું જ મારું સ્વરૂપ છે. મારા આવા શુદ્ધ સ્વરૂપને મારે પ્રાપ્ત કરવું છે. અનંત જ્ઞાનાદિ ગુણોને મારે પ્રગટ કરવા છે. અનંતો આનંદ મારે માણવો છે." આવા સંકલ્પ દ્વારા રાગાદિ દોષોને દૂર કરી આત્મિક ગુણોને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય બાંધી આત્માને શુદ્ધ કરવાના ઉપાયરૂપે જે ક્રિયા કરાય, તેને અધ્યાત્મ કહેવાય છે.

સામાન્યથી વિચારણા કરીએ તો આત્માના લક્ષ્યવાળી આવી પ્રવૃત્તિ અપુનર્બંધક[2] અવસ્થાની પ્રાપ્તિ થયા પછી જ શરૂ થાય છે, કેમ કે, જ્યાં સુધી મોહની માત્રા તીવ્ર હોય છે, ત્યાં સુધી કોઈપણ જીવ આત્મા સંબંધી ક્રિયા તો શું વિચાર પણ કરી શકતો નથી. મોહ જ્યારે નબળો પડે છે અને સાધક અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારપછી જ આત્મશુદ્ધિનું લક્ષ્ય બંધાય છે અને આ લક્ષ્યવાળી તેમની તે ક્રિયા જ 'અધ્યાત્મ'[3] કહેવાય છે, આમ છતાં અહીં મોહના જોરને કારણે સર્વાંશે આત્મહિતકર પ્રવૃત્તિઓ થતી નથી અને સર્વ પ્રવૃત્તિઓ આત્મલક્ષી પણ હોતી નથી. તેથી વ્યુત્પત્તિને પ્રધાન માનનારા વિદ્વાનો તે અવસ્થામાં પણ અધ્યાત્મ છે, તેવું માનતા નથી. તેઓ તો ત્યાં જ 'અધ્યાત્મ' માને કે, જ્યાં સાધક સંસારના સર્વ ભાવો પ્રત્યે ઉદાસીન બની, સમતાની ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત કરે અને આત્માને આશ્રયીને જ પંચાચારના પ્રકર્ષને પ્રાપ્ત કરે.

**પંચાચાર એટલે આત્માના શુદ્ધ સ્વરૂપને, અથવા તેના જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવાના શાસ્ત્રોક્ત પાંચ પ્રકારના આચારો.** તેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર : આ પાંચ આચારોનો સમાવેશ થાય છે. ભૂમિકા ભેદે આ આચારો પણ અનેક પ્રકારના હોય છે. જ્યારે તે આચારોનો પ્રકર્ષ પ્રગટે છે ત્યારે જ તેને શબ્દ-યોગાર્થ-નિપુણો અધ્યાત્મ કહે છે. સર્વ સાધકોએ પોતાની પંચાચારની સાધનાનો પ્રારંભ કરી પંચાચારના આવા પ્રકર્ષ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખવાનું હોય છે.

---

2. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અને રસ જેઓ હવે પુન: બાંધવાના નથી, તેવી ભૂમિકા સુધી પહોંચેલા સાધકને અપુનર્બંધક કહેવાય છે. તેને ઓળખવાના ત્રણ લક્ષણો શાસ્ત્રમાં જણાવ્યા છે.

(૧) પાપ તીવ્રભાવે ન કરે.

(૨) સંસાર પ્રત્યે બહુમાન ન હોય.

(૩) સર્વત્ર ઔચિત્યપૂર્વક વર્તન કરે.

આટલો આત્મવિકાસ કરેલો આત્મા જ વાસ્તવિક ધર્મમાર્ગ માટે યોગ્ય ગણાય છે.

पावं न तिव्वभावा कुणइ ण बहुमन्नइ भवं घोरं । उचियट्ठिइं च सेवइ सव्वत्थ वि अपुणबंधोत्ति ।।१३।। - योगशतके ।।

3. गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या । प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ।।२/२।। - अध्यात्मसारे ।।

જેના ઉપરથી મોહનો અધિકાર ચાલ્યો ગયો હોય તેવા વ્યક્તિઓની આત્માને આશ્રયીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે, તે ક્રિયાને જિનેશ્વર ભગવંતો અધ્યાત્મ કહે છે.

अपुनर्बन्धकाद्यावद् गुणस्थानं चतुर्दशम् । क्रमशुद्धिमती तावत् क्रियाध्यात्ममयी मता ।।२/४।। - अध्यात्मसारे ।।

પહેલા ગુણસ્થાનકની અપુનર્બન્ધક અવસ્થાથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીની જેટલી ધર્મક્રિયા છે તે ઉત્તરોત્તર વધુને વધુ વિશુદ્ધ બનતી જતી બધી ક્રિયા અધ્યાત્મમય મનાય છે અર્થાત્ અધ્યાત્મસ્વરૂપ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જ્ઞાનાચાર :**

કોઈપણ વસ્તુનો યથાર્થ બોધ જ્ઞાનથી થાય છે. આ જ્ઞાનગુણની પ્રાપ્તિ કે જ્ઞાનનો અવરોધ કરનારા કર્મોનો ક્ષય કે ક્ષયોપશમ જેનાથી થાય તેવી પ્રવૃત્તિને જ્ઞાનાચાર (જ્ઞાનના આચાર) કહેવાય છે. જેમકે શાસ્ત્ર અધ્યયન માટે જે સમય છે તે સમય સાચવી, ગુરુના વિનયપૂર્વક, અત્યંત બહુમાનથી, જરૂરી તપાદિ અનુષ્ઠાનો કરી, શુદ્ધ શબ્દોચ્ચારપૂર્વક, અર્થની વિચારણા સાથે શાસ્ત્ર અધ્યયન કરવું વગેરે ૮ પ્રકારના જ્ઞાનાચાર છે, પરંતુ માત્ર શાસ્ત્ર ભણવું અને જ્ઞાન પ્રાપ્તિ માટેના શાસ્ત્રીય નિયમો ન પાળવા તે જ્ઞાનાચાર નથી. કેમ કે એ રીતે ભણવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. આ આચારના પાલનપૂર્વક જો શાસ્ત્ર અધ્યયન થાય તો સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો સમ્યગ્જ્ઞાનસ્વરૂપે પરિણામ પામે છે. તે સમ્યગ્જ્ઞાન સંસારના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરાવી સાધકને આત્મસ્વરૂપનો બોધ કરાવવા સમર્થ બને છે. વળી, સમ્યગ્જ્ઞાન સ્વરૂપ દીપકના સહારે સાધક પોતાના સ્વરૂપને અને સ્વરૂપનું આવરણ કરનારા દોષોને જોઈને, તે દોષોના નાશ દ્વારા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાની દિશામાં આગળ વધી શકે છે.

**દર્શનાચાર :**

'જગતના દરેક પદાર્થો સર્વજ્ઞ-વીતરાગ પરમાત્માએ જેવા બતાવ્યા છે તેવા જ છે' - આવી અડગ શ્રદ્ધા એટલે જ સમ્યગ્દર્શન. આ ગુણને પ્રગટાવવા, ટકાવવા, સુદૃઢ અને સુનિર્મળ કરવા જિનપ્રણીત તત્ત્વોમાં નિ:શંક રહેવું; અન્ય મતની કાંક્ષા ન કરવી વગેરે ૮ પ્રકારના આચારોનું પાલન કરવું તે દર્શનાચાર છે.

આ આચારના પાલનથી તત્ત્વરુચિમાં વિઘ્ન કરનારા મિથ્યાત્વ મોહનીય આદિ કર્મો નાશ પામે છે અને તત્ત્વની શ્રદ્ધા પ્રગટે છે. જેના પરિણામે આત્મા, પુણ્ય, પાપ, પરલોક અને મોક્ષ જેવા અતીન્દ્રિય પદાર્થો ઉપર પણ સાધક તીવ્ર શ્રદ્ધાવાળો બની અધ્યાત્મના માર્ગે દૃઢતાપૂર્વક આગળ વધી શકે છે.

**ચારિત્રાચાર :**

પૌદ્ગલિક ભાવોથી પર થઈને આત્મભાવમાં સ્થિર થવું તે ચારિત્ર છે. આ ગુણને પ્રાપ્ત કરાવે તેવા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ ૮ આચારો તે ચારિત્રાચાર છે. જે ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે અને સર્વથા આ કર્મનો ક્ષય કરાવી આત્મભાવમાં સ્થિરતારૂપ ચારિત્રગુણની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બને છે.

આત્મ-સન્મુખતાપૂર્વક નિર્દમ્ભપણે થતા સમિતિ-ગુપ્તિસ્વરૂપ ચારિત્રાચારના પાલનમાં જેમ જેમ સૂક્ષ્મતા અને દૃઢતા આવે છે તેમ તેમ સાધક બાહ્યભાવોથી નિવૃત્ત થતો જાય છે. પરિણામે બાહ્ય વિષયોથી નિવૃત્ત થયેલી ઇન્દ્રિયો અને સંકલ્પ-વિકલ્પથી રહિત બનેલું મન આત્મધ્યાન માટે સમર્થ બને છે.

**તપાચાર :**

ફળની અપેક્ષાએ વિચારીએ તો જે કર્મને તપાવે, કર્મને આત્માથી છૂટાં કરે તેને તપ કહેવાય છે અને સ્વરૂપની દૃષ્ટિએ વિચારીએ તો ઇચ્છાના નિરોધને તપ કહેવાય છે. આ ગુણને પ્રાપ્ત કરવા કે તેને દૃઢ કરવા છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર એમ કુલ બાર પ્રકારના તપમાં પ્રયત્ન કરવો તેને તપાચાર કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન દ્વારા આત્માને ઓળખી, દર્શન દ્વારા તેના પ્રત્યેની શ્રદ્ધાને દૃઢ કરી, ચારિત્ર દ્વારા કર્મના આગમનને અટકાવ્યા પછી અનેક ભવોથી એકઠાં કરેલાં સર્વ પ્રકારના કર્મનો નાશ કરવા તપાચારની આવશ્યક્તા રહે છે. તપાચાર દ્વારા સાધક આત્મશુદ્ધિનું કાર્ય કરવા સમર્થ બને છે, આથી જ અધ્યાત્મને ઇચ્છતા સાધક માટે તપાચારને પણ સમ્યગ્ પ્રકારે સેવવો જરૂરી છે.

**વીર્યાચાર :**

જીવનું સામર્થ્ય, બળ, શક્તિ, ઉત્સાહ કે પરાક્રમને વીર્ય કહેવાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના સર્વ આચારોને વિષે પોતાના બાહ્ય-અભ્યંતર સામર્થ્યને ગોપવ્યા-છુપાવ્યા વગર પૂર્ણ શક્તિનો ઉપયોગ કરી પોતાના આત્માને યથાશક્તિ તેમાં જોડવાના પ્રયત્નને વીર્યાચાર કહેવાય છે. તે સામાન્યથી ૩ પ્રકારનો છે.

વીર્યાચાર દ્વારા આત્મામાં રહેલી અમાપ શક્તિને પ્રગટ કરી શકાય છે, તેથી જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવા સાધકે એક વીર  યોદ્ધાની અદાથી પરિશ્રમ કરવો જોઈએ. કેમ કે જો પ્રમાદને આધીન થયા વિના વીર્ય ફોરવાય તો જ પોતાના દોષોને કાઢી કર્મના બંધનોથી મુક્ત બની શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરી શકાય છે.

કર્મ અને દોષોથી મલિન બનેલા આત્માને સ્વચ્છ કરવા આ પાંચેય આચારો આવશ્યક છે. જેમ ધૂળથી ભરેલા ઘરને સાફ કરવા માટે; ધૂળ જોઈ શકાય તેવો પ્રકાશ, તે પ્રકાશ દ્વારા દેખાયેલી ધૂળને ધૂળ માની તેને કાઢવાનો ઉત્સાહ,  ધૂળને સાફ કરનાર સાવરણી અને ધૂળના આગમનને અટકાવવા બારી-બારણા બંધ કરવા જરૂરી છે. તે જ રીતે કર્મથી વ્યાપ્ત આત્માને શુદ્ધ કરવા જ્ઞાનરૂપી પ્રકાશ[4], કર્મરજને કચરારૂપ સમજી તેને આત્મા ઉપરથી દૂર કરવાનો ઉત્સાહ, તપરૂપ સાવરણી, કર્મના આગમનને રોકનાર સંયમ અને આત્મા ઉપરથી કર્મનો કચરો દૂર કરવાનો સુદૃઢ પ્રયત્ન અત્યંત જરૂરી છે. અપેક્ષાએ જ્ઞાનાચાર અને દર્શનાચાર પ્રકાશનું કાર્ય કરે છે, ચારિત્રાચાર કર્મના આગમનને અટકાવે છે તો તપાચાર સાવરણીનું કાર્ય કરે છે, જ્યારે વીર્યાચાર ચારેયમાં શક્તિનો સંચાર કરે છે. આ સર્વનો યોગ થાય તો જ શુદ્ધ આત્મસ્વરૂપની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે.

પંચાચારના પાલનમાં જેમ જેમ સૂક્ષ્મતા અને શુદ્ધતા વધતી જાય છે તેમ તેમ આત્માની શુદ્ધિ અને ગુણવૃદ્ધિ થતી જાય છે. આ જ રીતે સાધનાની ઉત્તરોત્તર ભૂમિકા પ્રાપ્ત થતી જાય છે અને અધ્યાત્મ પણ ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચતર કક્ષાનું પ્રાપ્ત થાય છે, તેમા પ્રારંભિક કક્ષામાં પંચાચારનું પાલન બાહ્ય આચારોના પાલન દ્વારા આંતરિક પરિણતિ તરફ ઢળતું હોય છે. ત્યારે આત્મભાવમાં સ્થિર થવાનું લક્ષ્ય હોવા છતાં સાધક સર્વથા આત્મભાવમાં રહી શકતો નથી. કાષાયિકભાવો તેને પૌદ્ગલિકભાવમાં ઘસડી જાય છે. સાધના આગળ વધતાં પંચાચારનું સૌષ્ઠવ અભ્યંતર પરિણતિરૂપ બનતું જાય છે. સાધક ત્યારે સમતાની ઉપર ઉપરની ભૂમિકાનો સ્પર્શ કરતો જાય છે, ત્યારે તે તૃણ-મણિ, શત્રુ-મિત્ર, સુખ-દુઃખ વગેરે પૌદ્ગલિક સર્વ ભાવો પ્રત્યે ઉદાસીન (indifferent / impassive) બને છે. આગળ વધી જ્યારે તે સંસાર અને મોક્ષનો પણ ભેદ ભૂલી જાય છે અને તેને મોક્ષની પણ ઇચ્છા રહેતી નથી, ત્યારે તે માત્ર આત્મભાવમાં ઠરવારૂપ શ્રેષ્ઠ પંચાચારનું

4. नाणं पयासयं सोहओ तवो संजमो य गुत्तिकरो । तिण्हंपि समाओगे मुक्खो जिणसासणे भणिओ । त्ति ।।११६१।। - विशेषावश्यकभाष्ये ।।
જ્ઞાન પ્રકાશક છે, તપ શોધક છે અને સંયમ ગુપ્તિકર છે. ત્રણેનો પણ સમાયોગ થયે છતે જિનશાસનમાં મોક્ષ કહેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણ બને છે. આમ પ્રારંભિક કક્ષામાં બાહ્ય આચારની સૂક્ષ્મતા અને શ્રેષ્ઠતામાં પંચાચારનું સૌષ્ઠવ છે, જ્યારે સાધનાની પરાકાષ્ઠામાં અભ્યંતર પરિણતિરૂપ બનેલ પંચાચારનું સૌષ્ઠવ જ મુખ્ય બને છે. સાધનાક્ષેત્રમાં બન્ને પ્રકારનું : બાહ્ય આચારોનું અને પરિણતિનું સૌષ્ઠવ આવશ્યક છે.

અત્યંત સૂક્ષ્મતાથી પદાર્થનો વિચાર કરનારા અને શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરવામાં કુશળ વિદ્વાનો તો પંચાચારના આવા શ્રેષ્ઠ પાલનને જ અધ્યાત્મ કહે છે, આથી જ અધ્યાત્મ કોને કહેવાય તે જણાવવા તેમણે **पञ्चाचारचारिमा**[5] શબ્દનો પ્રયોગ કર્યો છે. પંચાચારની ચારિમા એટલે પંચાચારનો પ્રકર્ષ, તેનું સૌષ્ઠવ, તેની શ્રેષ્ઠતા. પંચાચારની આ ચારિમા બે પ્રકારની હોય છે, (૧) નિરતિચારરૂપ શ્રેષ્ઠતા અને (૨) અક્ષેપ-ફળ-સાધકતારૂપ શ્રેષ્ઠતા.

પંચાચારનું પાલન શાસ્ત્રમાં જે પ્રકારે કરવાનું કહ્યું છે તે જ પ્રકારે કરવું, તેમાં ક્યાંય ખામી ન આવવા દેવી, તે પ્રથમ પ્રકારની પંચાચારની શ્રેષ્ઠતા છે. આવું શ્રેષ્ઠ-નિરતિચારરૂપ પંચાચારનું પાલન છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે.

આત્મભાવમાં સ્થિર થવાના એકમાત્ર લક્ષ્ય પૂર્વક જ્યારે આ પાંચે આચારોનું પાલન અત્યંત દૃઢતા પૂર્વક અને સૂક્ષ્મ પણ અતિચાર ન લાગે તેવી રીતે થાય, ત્યારે ગુણસ્થાનકની ઉચ્ચ ભૂમિકા ઉપર જીવ આરૂઢ થાય છે, ક્ષપકશ્રેણિ પ્રારંભાય છે, ઘાતી કર્મના પડલો ભેદાય છે, યોગ નિરોધ દ્વારા અઘાતી કર્મનો પણ નાશ થાય છે અને સાધનાના અંતિમ સોપાનસ્વરૂપ ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરી સાધક આત્મભાવમાં સ્થિર થાય છે. ત્યારપછી તુરંત જ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. જે પંચાચારનું પાલન આવી ઉચ્ચતમ ભૂમિકાએ પહોંચાડે તે બીજા પ્રકારનું શ્રેષ્ઠ પંચાચારનું પાલન કહેવાય છે.

બે વિવિધ દૃષ્ટિકોણ અપનાવી પંચાચારની શ્રેષ્ઠતા બાબત વિચારીએ તો જણાય કે વ્યવહાર નયથી જ્ઞાનાદિ પાંચેય આચારોનું નિરતિચાર પાલન એ પંચાચારની ચારિમા છે અને નિશ્ચયનયથી જ્ઞાનાદિ પાંચેયનું આત્મભાવસ્વરૂપે સર્વથા પરિણમન એ પંચાચારની ચારિમા છે.

પ્રાથમિક ભૂમિકામાં વ્યવહારનય સાપેક્ષ પંચાચારની ચારિમા પ્રાપ્ત કરવાની છે અને ઉપરની ભૂમિકામાં નિશ્ચયનય સાપેક્ષ પંચાચારની ચારિમા પ્રગટાવવાની છે, એમ ઉભયનય સાપેક્ષ પંચાચારની ચારિમાને પ્રગટાવવાનો પુરુષાર્થ કરવાનો છે. સાધક જ્યારે એક માત્ર આત્માને લક્ષ્ય બનાવીને વ્યવહાર સાપેક્ષ પંચાચારની ચારિમાથી આગળ વધીને નિશ્ચય સાપેક્ષ પંચાચારની ચારિમાને પ્રાપ્ત કરે છે ત્યારે તેને શબ્દ યોગાર્થમાં કુશળતા ધરાવતા વિદ્વાનો 'અધ્યાત્મ' કહે છે.

આ સંદર્ભમાં એટલું ધ્યાન રાખવું જોઈએ કે અહીં મુખ્ય વાત છે: આત્મહિતનું લક્ષ્ય, તેથી તે વિના કોઈક ભૌતિક આશંસાથી કદાચ બાહ્યથી અતિ સુંદર જણાય તેવું પંચાચારનું પાલન થતું હોય તોપણ તેને અધ્યાત્મ નહીં કહેવાય.

આ સિવાય 'અધ્યાત્મ' શબ્દ દ્વારા તેના અર્થ સુધી પહોંચવાની બીજી પણ પદ્ધતિઓ છે. જેને ગ્રન્થકાર આગળના શ્લોકમાં બતાવશે. ॥૨॥

5. चारु શબ્દને ભાવમાં इमन् પ્રત્યય લાગવાથી चारिमा એવું રૂપ पृथ्वादेरिमन्वा ૭/૧/૫૮ સૂત્રાનુસાર બને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવતરણિકા :

શબ્દની વ્યુત્પત્તિ અનુસાર અર્થ કરવામાં કુશળ વ્યક્તિઓ કોને અધ્યાત્મ કહે છે તે જણાવી હવે લોકરૂઢિ પ્રમાણે અર્થ કરનારા વિદ્વાનો 'અધ્યાત્મ' શબ્દનો શું અર્થ કરે છે તે જણાવે છે-

શ્લોક :

रूढ्यर्थनिपुणास्[२]त्[१]वाहु[८]श्चित्तं[६] मैत्र्यादिवासितम्[३] ।
अध्यात्मं[७] निर्मलं[५] बाह्यव्यवहारोपबृंहितम्[४] ॥३॥

શબ્દાર્થ :

૧. तु - વળી ૨. रूढ्यर्थनिपुणाः - રૂઢિ પ્રમાણે અર્થ કરવામાં નિપુણ (વિદ્વાનો) ૩. मैत्र्यादिवासितम् - મૈત્રી આદિથી વાસિત ૪. बाह्यव्यवहारोपबृंहितम् - બાહ્ય વ્યવહારથી પુષ્ટ ૫. निर्मलं - નિર્મળ ૬. चित्तं - ચિત્તને ૭. अध्यात्मं - અધ્યાત્મ ૮. आहुः - કહે છે.

શ્લોકાર્થ :

**વળી રૂઢિ પ્રમાણે શબ્દનો અર્થ કરવામાં કુશળ વિદ્વાનો મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ ભાવનાથી વાસિત, બાહ્ય વ્યવહારથી પુષ્ટ, અને નિર્મળ એવા ચિત્તને અધ્યાત્મ કહે છે.**

ભાવાર્થ :

શબ્દ સ્પર્શી અર્થ કરવામાં કુશળ વિદ્વાનોની દૃષ્ટિમાં અધ્યાત્મ એટલે 'પંચાચારની ચારિમા'; જ્યારે લોકરૂઢિ પ્રમાણે અર્થ કરવામાં કુશળ વિદ્વાનોની દૃષ્ટિમાં અધ્યાત્મ એટલે **'આત્મા સંબંધી ચિંતન.'** લોક વ્યવહારને અનુસરનારા આ વિદ્વદ્જનોના મતે તો જે નિર્મળ ચિત્ત આત્મશુદ્ધિ માટે બાહ્ય આચારો કરવામાં તત્પર હોય અને મૈત્રી આદિ ભાવનાઓથી જે ભાવિત થયેલું હોય તે જ ચિત્ત શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવાનું મુખ્ય સાધન છે, તેથી તેઓ આવા ચિત્તને જ 'અધ્યાત્મ' કહે છે.

વિશેષાર્થ :

પૂર્વમાં જોયું કે શબ્દના અર્થ કરવાની અનેક પદ્ધતિઓ હોય છે. પૂર્ણપણે તર્કબદ્ધ (Logical) એવી સંસ્કૃત ભાષામાં તો પ્રત્યેક શબ્દનો યથાર્થ અર્થ કેવી રીતે પ્રાપ્ત કરવો અને એક જ શબ્દના કેવા કેવા અર્થો થઈ શકે તે જણાવવા માટે પણ અનેક ગ્રંથો રચાયા છે. આ ગ્રંથોના આધારે એક જ શબ્દના અનેક અર્થો તો થઈ શકે, પણ સંદર્ભથી કયા શબ્દોનો કયો અર્થ સ્વીકારવો તે હંમેશા વિચારણીય બને છે. 'અધ્યાત્મ' શબ્દનો અર્થ બતાવતાં ગ્રન્થકારે પણ પ્રથમ અતિસૂક્ષ્મ દૃષ્ટિએ માત્ર શબ્દસ્પર્શી અર્થને (literal aspect) જ સ્વીકારનારા વિદ્વાનો 'અધ્યાત્મ' કોને કહે છે તે જણાવ્યું, હવે તેઓ રૂઢિ-અર્થ-નિપુણો અર્થાત્ લોકવ્યવહાર અનુસાર શબ્દનો વ્યવહારુ (conventional, popular) અર્થ કરવામાં કુશળ વિદ્વાનો કોને 'અધ્યાત્મ' કહે છે તે જણાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂઢિ એટલે પરંપરા (tradition) સામાન્ય લોકો શબ્દનો અર્થ કરવા વ્યાકરણના નિયમનો સહારો લેવાનો આગ્રહ રાખતા નથી. વ્યાકરણના નિયમથી આ શબ્દ કઈ રીતે બન્યો કે તેને કયો પ્રત્યય લાગ્યો છે તે જોઈ તેઓ શબ્દનો અર્થ કરતા નથી. તેઓ તો વૃદ્ધો, અનુભવીઓ, કે સંકેતજ્ઞોના નિર્દેશ અનુસાર પરંપરાગત રીતે લોકમાં જે પદાર્થ માટે જે શબ્દ રૂઢ થયો હોય અર્થાત્ વપરાતો હોય તે શબ્દનો તે જ પ્રમાણે અર્થ કરે છે.

રૂઢિ-અર્થ-નિપુણો જો કે શબ્દાનુસારે થતા અર્થને માન્ય રાખે જ તેવું નથી તોપણ તેઓ શબ્દમર્યાદાનું પૂર્ણ ઉલ્લંઘન પણ કરતા નથી. તેઓ જે પદાર્થમાં શબ્દને અનુકૂળ થોડો પણ અર્થ જણાય ત્યાં પણ તે શબ્દનો પ્રયોગ કરનારા છે. આ જ કારણથી તેઓ મૈત્ર્યાદિ ભાવનાથી વાસિત, બાહ્ય વ્યવહારથી પુષ્ટ અને નિર્મળ એવા ચિત્તને અધ્યાત્મ માને છે. તેમાં ચિત્ત એટલે હૃદયનો ઢાળ, મનનો એક પ્રકારનો પરિણામ કે આત્મદ્રવ્યનો એક પર્યાય. જે ચિત્ત મૈત્રી આદિ ભાવનાઓથી એટલું પ્રભાવિત હોય કે, તેના વાણી, વિચાર કે વર્તનમાં આ ભાવનાઓની સુવાસ જોવા મળે. મિથ્યાત્વના મળો દૂર થતાં જે ચિત્તમાં એક અપૂર્વ નિર્મળતા પ્રગટી હોય, જેના કારણે તે તત્ત્વભૂત પદાર્થને આત્મહિતની અપેક્ષાએ યથાર્થરૂપે જોઈ શકે. તદુપરાંત કષાયોને આધીન થયા વિના જે સમયે જે વ્યવહાર ઉચિત હોય તે સમયે તે ઉચિત વ્યવહાર કરવાથી જે ચિત્ત વધુ પુષ્ટ થયું હોય તેવા ચિત્તને રૂઢિ પ્રમાણે અર્થ કરનારાઓ 'અધ્યાત્મ' તરીકે ઓળખાવે છે.

રૂઢિગત આ વ્યાખ્યામાં 'આત્માને આશ્રયીને' એવી વ્યુત્પત્તિ અનુસાર અધ્યાત્મનો અર્થ આવતો નથી, પરંતુ તેમાં જે ત્રણ ભાવવાળા ચિત્તને અધ્યાત્મ તરીકે સ્વીકાર્યું છે, તે ત્રણે ભાવો આત્મામાં સ્થિર થવા, આધ્યાત્મિક વિકાસ સાધવા કે શુદ્ધ આત્મસ્વરૂપને પામવા માટે અત્યંત અનુકૂળ ભાવો છે.

કષાયો અને કર્મોના હ્રાસથી ઉત્પન્ન થતી ચિત્તશુદ્ધિ કે આત્મશુદ્ધિ વિના આ ભાવો પ્રગટતા નથી, આથી જ રૂઢિગત રીતે આવા ચિત્તમાં અધ્યાત્મ શબ્દનો પ્રયોગ થાય છે.

**૧. मैत्र्यादिवासितम् -**

ગ્રંથકારે રૂઢિની અપેક્ષાએ જે ત્રણ વિશેષણોથી વિશિષ્ટ ચિત્તને અધ્યાત્મ તરીકે સ્વીકાર્યું તેમાં સૌ પ્રથમ વિશેષણ છે, 'મૈત્ર્યાદિથી વાસિત હોવું.' મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એમ ચાર ભાવનાઓ છે. શાસ્ત્રોમાં જણાવ્યું છે કે, શુભભાવોની પ્રાપ્તિ માટે આ ચાર ભાવનાઓ ઉત્તમ સાધનો છે. જે સાધક આ ચાર ભાવનાઓને વારંવાર ભાવે છે, વિચારે છે, તેનું ચિંતન કરે છે, તેની ઊંડી અનુપ્રેક્ષા કરે છે તે સાધકના આત્મા ઉપર એવા સંસ્કારો પડે છે કે તેનો માનસિક, વાચિક, કાયિક, સર્વ વ્યવહાર આ ભાવનાના પ્રભાવ હેઠળ જ પ્રવર્તે છે. તેને તે તે પ્રવૃત્તિ કરતાં આ ભાવનાઓ વિચારવાની આવશ્યકતા રહેતી નથી. અનાયાસે તેની વૃત્તિ અને પ્રવૃત્તિમાં જીવ માત્રની હિતચિંતા, ગુણવાન પ્રત્યેનો પ્રમોદ, દુ:ખી અને દોષિત પ્રત્યે કરુણા અને સમજે તેવા ન હોય તેવા પ્રત્યે મધ્યસ્થવૃત્તિ જોવા મળે છે. ચારે ભાવનાઓની વિશેષતાઓ અનેક ગ્રંથોમાં વિસ્તારથી જોવા મળે છે, તેથી અત્રે માત્ર સંક્ષેપથી તેની વિચારણા કરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મૈત્રી ભાવના : 'परे हितमतिर्मैत्री'**

સામાન્ય લોકો 'એક બીજા પ્રત્યેના સ્નેહભાવને કે પરસ્પર અનુભવાતી અનુકૂળતા'ને મૈત્રી કહે છે. જ્યારે વિશાળ હૃદયવાળા જૈન શાસ્ત્રકારો મૈત્રીની એક આગવી વ્યાખ્યા કરે છે. તેઓ જણાવે છે કે, 'परहितचिन्ता मैत्री' કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના કે કોઈ સંબંધની અપેક્ષા રાખ્યા વિના જગતના જીવમાત્રના હિતની ચિંતા, તેમનું ભલું કરવાની ભાવના કે તેમને સાચું સુખ પમાડવાની વિચારણા એ મૈત્રી ભાવના છે.

આ ભાવનાના પરિણામે જગતના જીવમાત્ર મિત્ર જેવા લાગે છે. તેમાં સામી વ્યક્તિ મને અનુકૂળ છે કે પ્રતિકૂળ તેવો વિચાર હોતો નથી. મારા અને પરાયાનો ભેદ હોતો નથી. માત્ર સૌનું ભલું કરવાનો, સૌને આત્મિક સુખ પમાડવાનો તલસાટ હોય છે. 'આ મારું કુટુંબ, આટલા જ મારાં સગાં કે સ્વજન, મારે આટલાંનું જ જોવાનું કે વિચારવાનું' આવી સ્વાર્થ કે સંકુચિત વૃત્તિ મૈત્રી ભાવનાના પ્રભાવે નાશ પામે છે. 'वसुधैव कुटुम्बकम्'ની અતિ ઉમદા વૃત્તિ પ્રગટે છે. જેના કારણે સહિષ્ણુતા, કૃતજ્ઞતા, પરોપકારિતા, આદિ અનેક સદ્ગુણો સહજ ખીલી ઉઠે છે. આ સર્વે ગુણોના કારણે સાધકની બાહ્ય પ્રવૃત્તિમાં સ્વાભાવિક રીતે જ કોઈ જીવને પીડા ન થાય તેવું ઔચિત્યયુક્ત વર્તન જોવા મળે છે. આ ભાવનાથી કષાયની માત્રા ઘટે છે. રાગ, દ્વેષના સંસ્કારો નાશ પામે છે. સૌ કોઈને સુખી, સારા અને સ્વાધીન જોવાનું મન થાય છે. અશુભ સંકલ્પ-વિકલ્પોની હારમાળા અટકે છે. હૃદયની સંકુચિતતા નાશ પામે છે, વિશાળતા પ્રગટે છે. જેના પરિણામે આત્મભાવમાં સ્થિર થવા માટેની ઉચ્ચ-ઉચ્ચતર ભૂમિકાઓનું સર્જન થાય છે, આથી જ રૂઢિ અર્થને અનુસરનારા વિદ્વાનો મૈત્રી આદિ ભાવથી વાસિત ચિત્તને અધ્યાત્મ કહે છે.

**પ્રમોદ ભાવના : 'मुदिता गुणमोदनम्'**

પ્રમોદ એટલે પ્રકૃષ્ટ આનંદ, સંતોષ. કોઈની સારી સ્થિતિ, કોઈના ગુણો કે આધ્યાત્મિક ઉન્નતિ જોઈને હર્ષિત થવું કે ચિત્તમાં આનંદ ધારણ કરવો તે પ્રમોદભાવના છે.

આ ભાવનાથી ભાવિત થયેલો સાધક ગુણવાનને જોઈ રોમાંચિત બને છે, તેની આંખોમાં હર્ષના આંસુ ઊભરાઈ આવે છે, તેના કાન ગુણવાનની કથા સાંભળવા આતુર અને ઉત્સુક રહેતા હોય છે, ગુણ કે ગુણીનું સન્માન કરવા, તેમની સ્તુતિ કરવા તે સદા ઉત્સાહિત હોય છે.

ગુણવાન પ્રત્યેનો આવો પ્રમોદ ગુણ પ્રત્યેની રુચિ પ્રગટાવે છે. આ રુચિ ગુણપ્રાપ્તિમાં વિઘ્ન કરનારા કર્મોને વિદારી ગુણપ્રાપ્તિને સુલભ બનાવે છે. તથા ગુણવાન પ્રત્યે થતી ઇર્ષ્યા, અસૂયા, પ્રદ્વેષ, અભાવ, દુર્ભાવ, અણગમો વગેરે દોષોથી મનને દૂર રાખી દોષોના સંસ્કારોનો સમૂળ નાશ કરે છે.

સર્વદોષોનો નાશ કરી ગુણસમૃદ્ધ આત્મસ્વરૂપને પ્રગટાવવાની ઇચ્છા ધરાવતા સર્વ સાધકોએ આ પ્રમોદ ભાવનાથી ચિત્તને ભાવિત કરવું જોઈએ. કેમ કે, ગુણના પક્ષપાત વિના ઉત્તમ એવી બાહ્ય આચરણા કે અધ્યાત્મની વિચારણા પણ ગુણો પ્રગટ કરવામાં સહાયક બનતી નથી, માટે જ ગુણના પ્રકૃષ્ટ પક્ષપાતવાળી આ પ્રમોદભાવનાથી વાસિત ચિત્તને જ રૂઢિને અનુસરતા વિદ્વાનો અધ્યાત્મ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કરુણા ભાવના : 'करूणा दुःखमोक्षधीः'**

બીજાનાં દ્રવ્ય કે ભાવ દુઃખોને જોઈને તેનાં તે તે દુઃખને દૂર કરવાની ભાવના તે કરુણા ભાવના છે. ભૂખથી પીડાતા, રોગથી રીબાતા, દીન, અનાથ વગેરે જીવોને અન્ન, વસ્ત્ર, પાત્ર, ઔષધ આદિ આપી, તેમના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે દ્રવ્યકરુણા છે અને રાગાદિ અંતરંગ શત્રુઓથી પીડાતા જીવોને તેમાંથી મુક્ત કરવાની અભિલાષા તે ભાવકરુણા છે. આમ બાહ્ય કે આંતરિક કોઈપણ પ્રકારનાં દુઃખોને તત્ત્વદૃષ્ટિથી દૂર કરવાની તાલાવેલી તે કરુણા ભાવના છે.

આ ભાવનાના પરિણામે સાધકમાં પરોપકાર કરવાની વૃત્તિ ખીલતી જાય છે. મિથ્યાત્વ, અવિરતિ કષાયો કે પ્રમાદથી ઘેરાયેલા જીવો ઉપર પણ તેને દ્વેષ નથી થતો; પરંતુ તેમના પ્રત્યે પણ ચિત્ત કરુણાસભર રહે છે. આ રીતે હૈયાની કઠોરતા દૂર થતાં સાધકની સહિષ્ણુતા વધતી જાય છે અને તેના બાહ્ય આચારો વિશેષ પ્રકારે જયણાપ્રધાન બને છે. કરુણાન્વિત ચિત્ત અલ્પક્ષયોપશમ કે હીનગુણવાળાને જોઈને પણ અકળાઈ જતું નથી, પણ તેમનાં તે તે દુઃખો અને દોષોને દૂર કરવાનો ભાવ ધબકતો રાખે છે. અન્યના અંતરંગ દોષોને દૂર કરવાની ભાવનારૂપ કરુણા સ્વ-દોષના નાશમાં પણ નિમિત્ત બને છે અને સ્વ દોષના નાશનો આ પ્રયત્ન જ સાધકને આધ્યાત્મિક માર્ગે આગળ વધારે છે, માટે કરુણાભાવયુક્ત ચિત્તને અહિં અધ્યાત્મ કહ્યું છે.

**માધ્યસ્થ્ય ભાવના : 'उपेक्षा दोषमाध्यस्थ्यम्'**

'માધ્યસ્થ્ય' શબ્દનો અર્થ છે રાગ-દ્વેષની મધ્યમાં રહેવું. તેથી સારા કે ગમતા પદાર્થોમાં રાગ અને નરસા કે અણગમતા પદાર્થોમાં દ્વેષ ન કરવો તે માધ્યસ્થ્ય ભાવના છે. આ ભાવનાનું ક્ષેત્ર અતિ વિશાળ છે. જગતના જીવ કે જડ સર્વ ભાવો પ્રત્યે માધ્યસ્થ્ય રહેવું તેની ઉપેક્ષા કરવી તે આ ભાવનાનું અંતિમ લક્ષ્ય છે.

આવા અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરવા જ પ્રારંભિક ભૂમિકામાં જેઓ અવિનીત હોય, દોષવાન હોય, સેંકડો પ્રયત્ન કરવા છતાં જેઓ સુધરી શકે તેમ ન જ હોય, વળી જેઓ નિઃશંકપણે ક્રૂર કર્મ કરનાર હોય, દેવગુરુના નિંદક હોય અને પોતાની પ્રશંસા કરતા હોય તેવા જીવોની કર્મસ્થિતિ અને ભવસ્થિતિનો વિચાર કરી તેવા જીવો ઉપર ન રાગ કરવો; કે ન દ્વેષ કરવો; પરંતુ તેમની ઉપર કરુણા જીવંત રાખી ક્યારેક યોગ્ય અવસરની રાહ જોઈ તેવો અવસર ન આવે ત્યાં સુધી તેમની ઉપેક્ષા કરવી તે પ્રાથમિક કોટિની માધ્યસ્થ્ય ભાવના છે.

આગળની ભૂમિકામાં સંસારના સર્વ સુખો હંમેશા દુઃખથી સંકળાયેલા જ હોય છે, તેથી સંસારના દુઃખ કે સંસારના સુખમાં કોઈ ભેદ નથી એવી વિચારણા દ્વારા સંસારના સુખો પ્રત્યે પણ નિર્વેદ કેળવી, સંસારના સુખો અને તેના સાધનોની ઉપેક્ષા કરવાની છે. આમ માધ્યસ્થ્ય ભાવનામાં દોષિતની ઉપેક્ષાથી આગળ વધીને ભૌતિક સુખ અને તેની સામગ્રીની ઉપેક્ષા પણ સમાઈ જાય છે.

'પરમાર્થથી સંસારના કોઈ પદાર્થો સારા પણ નથી કે નરસા પણ નથી, કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ મને સુખ કે દુઃખ આપી શકતી નથી. કોઈ જડ પદાર્થો કે કોઈ જીવો મારામાં રાગ કે દ્વેષ ઉત્પન્ન કરી શકતા નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુખ-દુઃખ કે સારા-નરસાનો પરિણામ તે મોહજન્ય વિકારોથી ઉત્પન્ન થયેલી મારી કલ્પના માત્ર છે. **વાસ્તવમાં તો સંક્લેશ અને આકુળતા વગરનું મારું ચિત્ત એ જ સુખ છે અને સંક્લેશ કે આકુળતાવાળું મારું ચિત્ત એ જ દુઃખ છે.'** આવું વિચારી સંસારના જડ કે જીવ સર્વ ભાવો પ્રત્યે ઉપેક્ષા કેળવવી તે ઉત્તમ પ્રકારની માધ્યસ્થ્ય ભાવના છે. અપેક્ષાએ જોવા જઈએ તો **આ પરમ ઉપેક્ષા એ જ ઉચ્ચતર ભૂમિકાનું અધ્યાત્મ છે,** કેમકે આવા પ્રકારના માધ્યસ્થ્યભાવ વિના સંસારના ભાવોથી ચિત્ત વિરામ પામતું નથી, તેથી મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત ચિત્તને અધ્યાત્મ કહ્યું છે.

**૨. 'बाह्यव्यवहारोपबृंहितम्'**

અધ્યાત્મ માટે ઉપકારક બને તેવા ચિત્તનું નિર્માણ કરવામાં ભાવનાઓની સાથે ઉચિત બાહ્ય વ્યવહાર પણ જરૂરી છે, આથી રૂઢિમાન્ય અર્થ રજુ કરતાં ગ્રંથકારશ્રીએ ચિત્તનું બીજું વિશેષણ આપ્યું 'बाह्यव्यवहारोपबृंहितम् - બાહ્ય વ્યવહારથી પુષ્ટ થયેલું.'

અહીં બાહ્ય વ્યવહાર એટલે આત્માના જ્ઞાન, દર્શન કે ચારિત્રગુણને પુષ્ટ કરે તેવા તે તે ભૂમિકાને અનુરૂપ સર્વ પ્રકારના બાહ્ય આચારો. જેમકે જ્ઞાનગુણની પ્રાપ્તિ કે વૃદ્ધિ માટે શાસ્ત્રમાં દર્શાવેલા જ્ઞાનના આઠ આચારોનું પાલન કરવું; સંયમગુણની વૃદ્ધિ માટે સમિતિ, ગુપ્તિ કે દશધા સામાચારીનું પાલન કરવું; ગુરુ આદિનો વિનય, વૈયાવચ્ચાદિ કરવા કે આવા પોતપોતાની ભૂમિકાને અનુરૂપ જે કોઈ ઉચિત આચારો હોય તે કરવા, તે સર્વે બાહ્ય વ્યવહાર કહેવાય છે.

અપુનર્બંધક અવસ્થાથી માંડી છેક કેવળીની અવસ્થા સુધીનાં ઉચિત કાર્યો જ્ઞાન આદિ ગુણોની વૃદ્ધિ કરી આત્માને છેક મોક્ષ સુધી અર્થાત્ સ્વભાવમાં સ્થિર થવા સુધી પહોંચાડે છે, આથી જ આવા બાહ્ય વ્યવહાર કરવા માટે ઉલ્લસિત થયેલા ચિત્તને અથવા બાહ્ય વ્યવહાર દ્વારા જ્ઞાનાદિ ગુણોથી પુષ્ટ થયેલા ચિત્તને પણ રૂઢિથી અધ્યાત્મ કહેવાય છે.

**૩. 'निर्मलम्'**

મૈત્રી આદિ ભાવોના અભ્યાસથી સાધક આત્માનું ચિત્ત સ્વાર્થ, સંકુચિત વૃત્તિ, ઇર્ષ્યાના પરિણામ, હૈયાની કઠોરતા, અનુકૂળતા પ્રત્યેના રાગ અને પ્રતિકૂળતા પ્રત્યેના દ્વેષથી ધીરે ધીરે મુક્ત થાય છે. અનાદિકાળથી ચિત્તને કલુષિત કરનારા ભાવોથી મુક્ત થવાને કારણે ચિત્ત વિશુદ્ધ બને છે. વળી બાહ્ય આચરણાઓ દ્વારા તે જ્ઞાનાદિ ગુણોથી પણ યુક્ત બને છે. આવું પણ ચિત્ત જો નિર્મળ હોય તો જ તેને અધ્યાત્મસ્વરૂપે સ્વીકારી શકાય, તેથી ચિત્તનું ત્રીજું વિશેષણ 'निर्मलं' આપ્યું છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોના મળ વિનાનું ચિત્ત 'નિર્મળ' કહેવાય છે. અનાદિકાળથી જીવની વિચારસરણી રાગાદિ દોષોથી દૂષિત અજ્ઞાની વ્યક્તિઓના વચનના આધારે કરાતાં અતત્ત્વચિંતનથી અને વૈષયિક પરિણતિથી ઘડાયેલી હોય છે. આવી અવાસ્તવિક અને પરિણામે દુઃખદ નીવડે એવી વિચારસરણીથી મન મલિન થાય છે. જીવનાં મોહનાં પડલો જ્યારે કાંઈક નબળાં પડે છે ત્યારે તે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના વચનના આધારે જીવ-અજીવ આદિ તત્ત્વોનું યથાર્થરૂપે ઊંડું ચિંતન કરે છે, તેનાથી મિથ્યાત્વનો મલ નાશ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પામે છે. આત્માદિ અતીન્દ્રિય પદાર્થો પ્રત્યેનો સંશય છેદાય છે. આત્મા માટે હિતકારક શું અને અહિતકારક શું એ સંબંધી જે વિપર્યાસ પ્રવર્તતો હતો તે દૂર થાય છે. આત્માનું સહજ સુખ કેવી રીતે પ્રાપ્ત થશે તેનું ઊંડાણથી ચિંતન ચાલું થાય છે. આ રીતે, જે ચિત્તમાંથી તત્ત્વચિંતનના પરિણામે સંશય, વિપર્યય, અનધ્યવસાય આદિ મલિનતા નાશ પામી ગઈ હોય તેવા નિર્મળ ચિત્તને, રૂઢિ અર્થ કરવામાં નિપુણ વિદ્વાનો 'અધ્યાત્મ' તરીકે સ્વીકારે છે.

યોગબિન્દુ, ષોડશક આદિ ગ્રન્થોમાં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. એ યોગના જે પાંચ ભેદો બતાવ્યા છે, તેમાં 'અધ્યાત્મ, પહેલો ભેદ છે. તેની વ્યાખ્યા કરતાં તેઓશ્રીએ પણ આ જ વાત જણાવી છે. તેઓશ્રીએ કહ્યું છે કે,

**औचित्याद् वृत्तयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम् ।**
**मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ।। ३५८ ।। યોગબિન્દુ ।।**

'જે સાધકે પોતાના પૂર્ણ ઔચિત્યનું પાલન કરીને, પોતાની શક્તિ અને ભૂમિકાનુસાર અણુવ્રતો કે મહાવ્રતો સ્વીકાર્યા હોય, તેવો સાધક મૈત્રી આદિ ચારે ભાવનાઓથી ભાવિત બની, આગમ પ્રમાણે તત્ત્વનું ચિંતન કરતો હોય, તો તેનું આવું ચિંતન 'અધ્યાત્મ' નામનો યોગ કહેવાય છે.'

પ.પૂ. આચાર્ય શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ અધ્યાત્મને ત્રણ વિશેષણોથી વર્ણવ્યું છે અને ગ્રંથકારશ્રી મહામહોપાધ્યાયજીએ પણ રૂઢિ અર્થ કરવામાં કુશળ વિદ્વાનો શેને અધ્યાત્મ કહેશે તે વર્ણવતા ત્રણ વિશેષણો દર્શાવ્યાં છે. બન્ને મહાત્માઓ જુદા જુદા શબ્દોના પ્રયોગથી એક જ પદાર્થનો બોધ કરાવે છે.

તેમાં (૧) 'औचित्याद् वृत्तयुक्तस्य' ને દર્શાવવા ગ્રંથકારશ્રીએ 'बाह्यव्यवहारोपबृंहितम्' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. બન્ને વ્યાખ્યાઓમાં આ વિશેષણ ઉચિત આચારો ઉપર ભાર મૂકે છે. ઉચિત આચારોના પાલનથી સમ્યક્ ચારિત્રની ભૂમિકા અને પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે.

(૨) 'मैत्र्यादिसारम्' ને દર્શાવવા અહીં 'मैत्र्यादिवासितम्' એવો શબ્દ વપરાયો છે. મૈત્રી આદિ ભાવનાઓથી સમ્યગ્દર્શનની ભૂમિકા અને પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે.

(૩) 'वचनात्तत्त्वचिन्तनम्' નો બોધ કરાવવા ગ્રંથકારશ્રીએ 'निर्मलं' એવું વિશેષણ મુક્યું છે. સર્વજ્ઞના વચનાનુસાર તત્ત્વચિંતન કરવાથી ચિત્ત નિર્મળ થાય છે. જેનાથી સમ્યગ્જ્ઞાનની ભૂમિકા નિષ્પન્ન થાય છે અને આ જ તત્ત્વચિંતનથી સમ્યગ્જ્ઞાનની પરાકાષ્ઠા પણ પ્રાપ્ત થાય છે.

આમ 'અધ્યાત્મ'ની આ વ્યાખ્યામાં સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સમાયેલો છે. આવા અધ્યાત્મથી જ્યારે સાધકનું જીવન વાસિત બને છે ત્યારે તેને આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે અને આવો આત્મભાવનો અનુભવ જ સાધકને પરમશુદ્ધ બનાવે છે. ॥૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

પૂર્વમાં બતાવેલી બન્ને પ્રકારની અધ્યાત્મની વ્યાખ્યા કયા નયને (દૃષ્ટિકોણને) સામે રાખીને કરી છે, તે હવે જણાવે છે-

**શ્લોક :**

एवम्भूतनये[5] ज्ञेयः[6], प्रथमोऽर्थोऽत्र[3][4][1] कोविदैः[2] ।
यथायथं[9] द्वितीयोऽर्थो[7][8], व्यवहारर्जुसूत्रयोः[10] ॥४॥

**શબ્દાર્થ :**

૧. अत्र - અહીં = બીજા અને ત્રીજા શ્લોકમાં બતાવેલા 'અધ્યાત્મ'ના બે અર્થમાં ૨. कोविदैः - પંડિતો વડે ૩/૪. प्रथमः अर्थः- પહેલો અર્થ ૫. एवम्भूतनये - એવંભૂતનયવિષયક છે ૬. ज्ञेयः - (તેમ) જાણવા યોગ્ય છે. ૭/૮. द्वितीयः अर्थः - (અને) બીજો અર્થ ૯. यथायथं - યથાયોગ્ય રીતે-જે રીતે ઘટે તે રીતે ૧૦. व्यवहारर्जुसूत्रयोः - વ્યવહાર અને ઋજુસૂત્રવિષયક છે (તેમ) જાણવું.

**શ્લોકાર્થ :**

**બીજા અને ત્રીજા શ્લોકમાં જણાવેલા 'અધ્યાત્મ'ના બે અર્થોમાં પંડિતોએ પ્રથમ અર્થ એવંભૂતનય પ્રમાણે જાણવો અને બીજો અર્થ જે રીતે ઘટે તે રીતે વ્યવહાર અને ઋજુસૂત્રનયાનુસાર છે તેમ જાણવું.**

**ભાવાર્થ :**

પૂર્વના બે શ્લોકોમાં જે અલગ અલગ 'અધ્યાત્મ'ની વ્યાખ્યા કરી છે, તે અલગ અલગ નયને સામે રાખીને કરવામાં આવી છે. તેમાં શબ્દયોગાર્થ નિપુણોએ જે વ્યાખ્યા કરી છે તે સાતે નયોમાં છેલ્લા એવંભૂતનય અનુસાર કરાઈ છે. જ્યારે રૂઢિ પ્રમાણે અર્થ કરવામાં કુશળ વિદ્વાનોએ 'અધ્યાત્મ'ની વ્યાખ્યા વ્યવહારનય અને ઋજુસૂત્રનય અનુસાર કરી છે.

**વિશેષાર્થ :**

'અધ્યાત્મ શું છે' તે જણાવવા ગ્રન્થકારશ્રીજીએ અધ્યાત્મની બે વ્યાખ્યા કરી. તેમાં પ્રથમ વ્યાખ્યા એવંભૂતનયની માન્યતા પ્રમાણે છે અને બીજી વ્યાખ્યા યથાયોગ્ય રીતે વ્યવહારનય અને ઋજુસૂત્રનયની દૃષ્ટિએ કરવામાં આવી છે.

અલગ અલગ નયથી કરાયેલી આ બંને વ્યાખ્યાઓને સમજવા માટે સૌ પ્રથમ 'નય' શું છે અને તેના કેટલા પ્રકારો છે ? તે સમજવું જરૂરી છે. સામાન્યથી કહીએ તો 'નય' એટલે વસ્તુને જોવાનો એક દૃષ્ટિકોણ.

કોઈપણ વસ્તુમાં અનેક ધર્મો રહેલા હોય છે અને તેને જોવાના, જાણવાના સમજવાના કે રજૂ કરવાના અનેક દૃષ્ટિકોણ હોય છે. વસ્તુ સ્વયં અનેક સ્વરૂપવાળી હોવાના કારણે એક દૃષ્ટિકોણથી જોતાં વસ્તુનું એક સ્વરૂપ જણાય તો બીજા દૃષ્ટિકોણથી જોતાં વસ્તુ કોઈ અન્ય સ્વરૂપે પણ દેખાય. ક્યારેક એવું પણ બને કે જુદા જુદા દૃષ્ટિકોણથી વસ્તુનું જે સ્વરૂપ જણાય તે પરસ્પર વિરોધી પણ લાગે. જેમ કે, એક અપેક્ષાએ આત્મા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિત્ય છે તો અન્ય અપેક્ષાએ આત્મા અનિત્ય છે. સામાન્યથી એવું લાગે કે પદાર્થ નિત્ય પણ હોય અને અનિત્ય પણ હોય તેવું કઈ રીતે બને ? પણ વસ્તુનું સ્વરૂપ જ જુદા જુદા દૃષ્ટિકોણથી જુદું જુદું હોય છે, તેથી બે વચ્ચે વિરોધાભાસ હોતો નથી, પણ જોવાનો દૃષ્ટિકોણ જુદો હોય છે. આ જુદા જુદા દૃષ્ટિકોણથી વસ્તુને જોવાથી વસ્તુનો-વસ્તુના સ્વરૂપનો સંપૂર્ણ બોધ થઈ શકે છે.

પદાર્થનો સંપૂર્ણ બોધ કરવા માટે અપનાવાતા આવા વિવિધ દૃષ્ટિકોણને જ શાસ્ત્રીય ભાષામાં **'નય'**[1] કહેવાય છે. 'નય' અનેક ધર્મોવાળી વસ્તુના કોઈ એક ધર્મને મુખ્ય બનાવી 'આ વસ્તુ આ પ્રકારે છે' એમ જણાવે છે. તે જ્યારે વસ્તુના એક ધર્મનું પ્રતિપાદન કરે છે ત્યારે વસ્તુના અન્ય ધર્મનો વિરોધ કે અપલાપ કરતો નથી, માત્ર તેની દૃષ્ટિમાં જે ધર્મનું મહત્ત્વ હોય તેને વિશેષ પ્રકારે રજૂ કરે છે, અને વસ્તુના અન્ય ધર્મોની રજૂઆત કરવામાં ઉદાસીન રહે છે.

વસ્તુના અનેક ધર્મ હોવાને કારણે તેને જોનારા-રજૂ કરનારા નયો પણ અનેક છે, છતાં સમજવા સરલ બને તે માટે શાસ્ત્રકારોએ તે સર્વનો સંગ્રહ કરી સાત નયો બતાવ્યા છે. વળી, આ સાત નયોને નિશ્ચયનય કે વ્યવહારનય, દ્રવ્યાસ્તિકનય કે પર્યાયાસ્તિકનય, જ્ઞાનનય કે ક્રિયાનય એવા બે બેના વિભાગમાં પણ સમાવિષ્ટ કર્યા છે.

અધ્યાત્મનો પૂર્ણ બોધ કરાવવા ગ્રન્થકારશ્રીજીએ પણ બે અલગ-અલગ નયોનો આશ્રય કરનાર અલગ-અલગ વિદ્વાનોએ કરેલી અધ્યાત્મની વ્યાખ્યા રજૂ કરી છે. બીજા શ્લોકમાં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરનારા યોગાર્થ-નિપુણ વિદ્વાનોએ 'આત્માને ઉદ્દેશીને જે શ્રેષ્ઠ પંચાચારનું પાલન થાય' તેને અધ્યાત્મ કહ્યું. તેમની આ વ્યાખ્યા એવંભૂતનય પ્રમાણે છે.

એવંભૂતનયનું માનવું છે કે, શબ્દ પોતાનાથી વાચ્ય (પોતે જે પદાર્થનું સ્વરૂપ કહેવા માંગે છે તે) પદાર્થમાં જે ક્રિયા જણાવતો હોય, તે પદાર્થમાં જ્યારે તે ક્રિયા વર્તતી હોય ત્યારે જ તે પદાર્થમાં તે શબ્દનો પ્રયોગ થઈ શકે, અન્યથા નહિ. એટલે જ્યારે પદાર્થ શબ્દ દ્વારા જણાવાતી ક્રિયાથી રહિત હોય ત્યારે તે પદાર્થ માટે તે શબ્દનો પ્રયોગ ન કરાય. જેમ કે, 'રાજા' શબ્દ રાજવું - શોભવું વગેરે ક્રિયાને જણાવે છે. તેથી ચામર, છત્ર, સિંહાસન આદિ વિભૂતિઓથી વ્યક્તિ જ્યારે રાજતી હોય ત્યારે જ તે વ્યક્તિ માટે 'રાજા' શબ્દનો પ્રયોગ કરાય; પરંતુ રાજ્ય કરનાર વ્યક્તિ જો ભોજન સ્નાન વગેરે ક્રિયા કરતી હોય તો ત્યારે તે શોભવાની કે રાજ્ય કરવાની ક્રિયાથી રહિત છે, તેથી ત્યારે તેના માટે 'રાજા' શબ્દનો પ્રયોગ ન કરાય, ત્યારે તેને રાજા ન કહેવાય. આમ એવંભૂતનય શબ્દનો અર્થ કરતી વખતે પદાર્થમાં ક્રિયાનો વિશેષ પ્રકારે આગ્રહ રાખે છે.

યોગાર્થ-નિપુણો પણ આત્માને આશ્રયીને પંચાચારનો પ્રકર્ષ જ્યારે જ્યાં થતો હોય ત્યારે જ અને ત્યાં જ અધ્યાત્મ સ્વીકારે છે, તેથી તેઓ એવંભૂતનયની માન્યતાવાળા કહેવાય. તેઓ પંચાચારનો પ્રકર્ષ ન હોય તો ત્યાં

---

1. प्रकृतवस्त्वंशग्राही तदितरांशाऽप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः । - नयरहस्ये ।।

નય સાત પ્રકારના હોય છે : ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર, ૪. ઋજુસૂત્ર, ૫. શબ્દ, ૬. સમભિરૂઢ, ૭. એવંભૂત.

આ સર્વે નયોની ટૂંકી સમજ પાછળ પરિશિષ્ટ-૧ પાના નં.-૧૭૯ ઉપરથી જોઈ શકાશે તથા વિશેષ સમજ ગુરુગમથી તત્ત્વાર્થ આદિ ગ્રંથોમાંથી જાણી શકાશે. આ પરિશિષ્ટ વાંચ્યા પછી ગ્રંથનો અભ્યાસ વધુ લાભદાયક બનશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અધ્યાત્મ' શબ્દનો પ્રયોગ ન કરે અને સંપૂર્ણપણે આત્માને આશ્રયીને પ્રવૃત્તિ ન થતી હોય તો પણ 'અધ્યાત્મ' શબ્દ ન વાપરે, તેથી સ્પષ્ટ છે કે, સૂક્ષ્મતાના આગ્રહી યોગાર્થ નિપુણોની 'અધ્યાત્મ'ની વ્યાખ્યા અતિ સૂક્ષ્મ એવંભૂતનય પ્રમાણે કરાઈ છે, તેથી પૂર્વે જણાવ્યું તેમ એવંભૂતનયની માન્યતાવાળું 'અધ્યાત્મ' સમતાની પરમ ભૂમિકાને પામેલા નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં આત્મભાવમાં જ રમણ કરનારા યોગીઓમાં ઘટે છે.

ત્રીજા શ્લોકમાં રૂઢિ પ્રમાણે અર્થ કરનારા વિદ્વાનો 'મૈત્રી આદિથી વાસિત અને બાહ્ય વ્યવહારથી પુષ્ટ થયેલ નિર્મળ ચિત્તને 'અધ્યાત્મ' કહે છે. તેઓની વ્યાખ્યા યથાયોગ્ય રીતે ઋજુસૂત્ર અને વ્યવહાર બંને નયોને અનુસરે છે, તેથી આ જ વ્યાખ્યા જ્યારે ઋજુસૂત્રનય સ્વીકારે ત્યારે તેનું અર્થઘટન ઋજુસૂત્રનયને સંગત થાય તે રીતે કરવું જોઈએ અને જ્યારે વ્યવહારનય સ્વીકારે ત્યારે તેનું અર્થઘટન વ્યવહારનયને સંગત થાય તે રીતે કરવું જોઈએ. **'यथायथं'** નો આવો અર્થ કરવો ઉચિત લાગે છે, છતાં આ વિષયમાં વિશેષજ્ઞોનો વિમર્શ આવકાર્ય છે.

વ્યવહારનય લોકવ્યવહાર પ્રમાણે ચાલે છે, તેથી તેનો એવો આગ્રહ નથી હોતો કે શબ્દ પ્રયોગ કરાય ત્યારે જેના માટે જે શબ્દ વપરાતો હોય તે પદાર્થમાં તે વખતે શબ્દથી જણાતી ક્રિયા હોવી જ જોઈએ, તેથી પદાર્થમાં શબ્દથી જણાતી ક્રિયા કદાચ આગળ પાછળ હોય તોપણ વ્યવહારનય તે પદાર્થમાં તે શબ્દનો પ્રયોગ કરે છે, તેથી રાજા રાજગાદી ઉપર ન બેઠો હોય, કે તે રાજ્ય ન પણ કરતો હોય, તોપણ જો એનો રાજ્યાભિષેક થઈ ગયો હોય, તો વ્યવહારનય તેને રાજા તરીકે સ્વીકારે છે.

વ્યવહારનય મૈત્રી આદિથી વાસિત, બાહ્ય વ્યવહારથી પુષ્ટ એવા નિર્મળ ચિત્તને 'અધ્યાત્મ' તરીકે સ્વીકારે છે, આમ છતાં તેમાં વિશેષ એ છે કે આ નય ત્રણે કાળમાંથી કોઈપણ કાળમાં વર્તતા અધ્યાત્મને 'અધ્યાત્મ' તરીકે સ્વીકારે છે, તેથી જે વ્યક્તિનું ચિત્ત ભૂતકાળમાં મૈત્રી આદિ ભાવથી ભાવિત હોય અથવા નજીકના ભવિષ્યમાં તેવું થઈ શકે તેમ હોય તેવા વ્યક્તિમાં પણ આ નય અધ્યાત્મ સ્વીકારે છે. વળી વર્તમાનમાં જેનું ચિત્ત કોઈક કષાયને કારણે આત્મભાવમાં સ્થિત ન હોય, પરંતુ તેનામાં જો પશ્ચાત્તાપનો પરિણામ હોય, પ્રમાદાદિ ભાવોને કારણે બાહ્ય વ્યવહારોમાં કંઈક ઊણપ હોવા છતાં કરવાની પૂર્ણ ભાવના હોય, તેવા વ્યક્તિના ચિત્તને પણ તેટલો આત્મલક્ષી શુભ ભાવ હોવાથી વ્યવહારનય 'અધ્યાત્મ' તરીકે સ્વીકારે છે.

તદુપરાંત આ નય સ્વ-પરમાંથી કોઈના પણ અધ્યાત્મને અધ્યાત્મ તરીકે સ્વીકારે છે એટલે કે પોતાનામાં અધ્યાત્મ હોય તેવા આત્માઓમાં તો આ નય 'અધ્યાત્મ' સ્વીકારે જ છે; પરંતુ પોતાનામાં હજુ અધ્યાત્મનો ભાવ પ્રગટ્યો ન હોય, છતાં તે ભાવને પ્રગટાવવા અધ્યાત્મભાવને પામેલા ગચ્છનું જેણે શરણ સ્વીકાર્યું હોય અને તે તે ભાવોને પ્રગટાવવા તે તે ગચ્છ-સમુદાય કે વ્યક્તિઓ વચ્ચે રહી યથાયોગ્ય પ્રયત્ન પણ કરતો હોય, તેવા આત્મામાં પણ આ નય 'અધ્યાત્મ' સ્વીકારે છે. આ સર્વ બાબતો ઉપરથી નક્કી કરી શકાય કે, રૂઢિ અર્થને માનનારનું આ લક્ષણ વ્યવહારનયને સામે રાખીને કર્યું હોય તેમ માનવું યોગ્ય છે.

આ સર્વ માન્યતા ઉપરથી એવું પણ જણાય છે કે, વ્યવહારનય અપુનર્બંધક કક્ષાથી પ્રારંભી જ્યારથી ચિત્તમાં આંશિક પણ નિર્મળતા પ્રગટે છે, ત્યારથી અધ્યાત્મ માને છે.

આ ઉપરાંત ત્રીજા શ્લોકમાં જણાવેલી 'અધ્યાત્મ'ની વ્યાખ્યા ઋજુસૂત્રનયને પણ માન્ય છે. ઋજુસૂત્રનય શબ્દથી આ વ્યાખ્યા સ્વીકારે છે, પણ અર્થથી તેમાં કેટલાક ફેરફાર કરે છે.

ઋજુસૂત્રનય વિદ્યમાન દ્રવ્યને ગૌણ કરીને તથા ભૂતકાલીન કે ભવિષ્યકાલીન વસ્તુની ચર્ચા કર્યા વિના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સીધે સીધી રીતે માત્ર વર્તમાન પર્યાયને જ મહત્ત્વ આપે છે. વળી તે 'स्वकीय' પોતાની વસ્તુને જ પોતાની માને છે અર્થાત્ પોતાનામાં થતી ક્રિયાને જ તે સ્વીકારે છે, અન્યની નહિ, એટલે આ નય કોઈ વ્યક્તિ આધ્યાત્મિક ગચ્છમાં રહેતી હોય તેટલા માત્રથી તેનામાં અધ્યાત્મ સ્વીકારતો નથી. તે તો વર્તમાન ક્ષણમાં જે ચિત્ત, મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત હોય, બાહ્ય વ્યવહારોથી પુષ્ટ બન્યું હોય અને સાંસારિક સ્પૃહાઓથી મુક્ત હોય તે જ ચિત્તને અધ્યાત્મ કહે છે. પરંતુ જો કષાયને આધીન થઈ ક્યારેક ચિત્તમાંથી મૈત્રી આદિ ભાવ ચુકાઈ ગયો હોય, નિમિત્ત મળતાં ક્યાંક સાંસારિક સ્પૃહાઓ પ્રગટ થઈ ગઈ હોય કે પ્રમાદાદિ દોષોથી ઉચિત આચરણ ન થતું હોય તો તે ચિત્તને ઋજુસૂત્રનય અધ્યાત્મ તરીકે ન સ્વીકારે.

ઋજુસૂત્રનય માને છે કે જો હૈયુ સ્વાર્થી કે સંકુચિત બન્યું હોય તો જ વર્તમાનમાં મૈત્રીભાવ ન હોય, જો ગુણનો પક્ષપાત નાશ પામ્યો હોય તો જ પ્રમોદભાવ ન હોય, જો હૈયું કઠોર બન્યું હોય તો જ કરુણાભાવ ન હોય, જો હૈયામાં ક્યાંક દ્વેષ કે અણગમા આદિના ભાવો પડ્યા હોય તો જ માધ્યસ્થ્યભાવ ન હોય. વળી, જો જીવ વર્તમાનમાં વિષય, કષાય કે પ્રમાદને આધીન બન્યો હોય તો જ તે જીવ ઉપકારક ઉચિત વ્યવહાર ન કરે. આ દરેક ભાવો કષાયયુક્ત ભાવો છે. કષાયયુક્ત ભાવની હાજરીમાં અધ્યાત્મ હોઈ શકતું નથી, એવી **ઋજુસૂત્રનયની સ્પષ્ટ** માન્યતા છે. ઋજુસૂત્રનયના આધારે જ્યાંથી નિશ્ચયનય યોગનો પ્રારંભ માને છે તે પાંચમા ગુણસ્થાનકથી અધ્યાત્મનો સ્વીકાર થઈ શકે.

આમ રૂઢિ અર્થને સ્વીકારનાર મતની વ્યાખ્યાઓ જે રીતે સંગત થતી હોય તે રીતે અર્થઘટન કરી વ્યવહાર અને ઋજુસૂત્રના[2] મતને અનુસરનારી કહી શકાય.

અહીં પ્રશ્ન થાય કે સાત નયોમાંથી માત્ર ત્રણ નયથી અધ્યાત્મની વ્યાખ્યા શા માટે કરી છે ? વિચારતાં એવું લાગે છે કે, આ ત્રણ નયોની માન્યતા રજુ કરવા દ્વારા જ ગ્રંથકારે સાતે નયોની માન્યતાઓનો સમાવેશ કરી લીધો છે. સાતે નયોને દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એમ બે વિભાગમાં વહેંચી શકાય. તેમાં પૂર્વના નયો દ્રવ્યને પ્રધાન માનનારા છે તો પાછળના નયો પર્યાયને પ્રાધાન્ય આપનારા છે. એવંભૂતનય એ **પરાકાષ્ઠાનો પર્યાયાસ્તિક** નય છે, તેથી તેને માન્ય અર્થ શબ્દનય અને સમભિરૂઢ નયને તો માન્ય હોય જ છે. વળી, વ્યવહાર અને ઋજુસૂત્રની માન્યતા રજૂ કરવા દ્વારા **દ્રવ્યાસ્તિકનયોની પરાકાષ્ઠા** રજુ કરી છે, તેમાં તેનાથી નીચેના નયોનો સમાવેશ થઈ જાય છે, તેથી દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક બન્નેની પરાકાષ્ઠાઓને પ્રદર્શિત કરતાં નયોને માન્ય અધ્યાત્મની વ્યાખ્યાઓ દર્શાવી ગ્રંથકારે સંક્ષેપમાં સાતે નયની માન્યતાઓનો સમાવેશ કરી લીધો છે. એક અપેક્ષાએ એવું પણ કહી શકાય કે યોગાર્થ નિપુણોની વ્યાખ્યા **ક્રિયાનયને** આશ્રયીને કરેલ છે. તો રૂઢિ અર્થે નિપુણોની વ્યાખ્યા **જ્ઞાનનયને** આશ્રયીને કરાઈ છે. તદુપરાંત પ્રથમ વ્યાખ્યા **નિશ્ચયનયને** માન્ય વ્યાખ્યા છે તો બીજી વ્યાખ્યા **વ્યવહારનયને** માન્ય છે. ॥૪॥

2. રૂઢિઅર્થ નિપુણોએ આ બંને નયને સામે રાખી લક્ષણ કર્યું, તેનું કારણ એવું લાગે છે કે, કેટલાક પૂજ્યો (પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વગેરે) ઋજુસૂત્રનયને દ્રવ્યાસ્તિકનયમાં ગણે છે અને કેટલાક આચાર્ય ભગવંતો (પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિ આદિ) ઋજુસૂત્રનયને પર્યાયાસ્તિકનયમાં ગણે છે. આ રીતે કથન કરવાથી તે બંને વાતો વિવક્ષાભેદે સત્ય છે, એવું ફલિત થાય છે. ફક્ત વ્યવહારનયથી વ્યાખ્યા કરી હોત તો ઋજુસૂત્ર પર્યાયાસ્તિકનય છે એવું સૂચિત થાત અને ફક્ત ઋજુસૂત્રની વ્યાખ્યા કરી હોત તો ઋજૂસૂત્ર દ્રવ્યાસ્તિકનય છે તેમ લાગત. પરંતુ આ રીતે વ્યાખ્યા કરવાથી બંને પૂર્વાચાર્યોના મત પ્રત્યે પોતાની સંમતિ દર્શાવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધ્યાત્મના અધિકારી

ગાથા-૫

**અવતરણિકા :**

અધિકારી આત્મા જ યોગ્ય ઉપાયો દ્વારા પ્રારબ્ધ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત કરે છે, તેથી અધ્યાત્મની વ્યાખ્યા કર્યા પછી, હવે ગ્રંથકારશ્રી અધ્યાત્મના અધિકારી કોણ છે તે બતાવે છે-

**શ્લોક :**

गलन्नयकृतभ्रान्तिर्यः स्याद्विश्रान्तिसम्मुखः ।
स्याद्वादविशदालोकः, स एवाध्यात्मभाजनम् ॥५॥

**શબ્દાર્થ :**

૧. यः - જે ૨. गलन्नयकृतभ्रान्तिः - નાશ પામતી નયકૃત ભ્રાન્તિવાળો છે, ૩. विश्रान्तिसम्मुखः - વિશ્રાન્તિને સન્મુખ છે, ૪. स्याद्वादविशदा-लोकः - સ્યાદ્વાદરૂપ વિશદ (સ્પષ્ટ-નિર્મળ) દૃષ્ટિવાળો છે, ૫. सः - તે ૬. एव - જ ૭. अध्यात्मभाजनम् - અધ્યાત્મનો અધિકારી ૮. स्यात् - થાય.

**શ્લોકાર્થ :**

**એક જ નયથી = એક જ દૃષ્ટિકોણથી; પદાર્થને જોતાં ઉત્પન્ન થયેલી ભ્રમણાઓ જેની નાશ પામી રહી હોય, જે વિશ્રાન્તિને સન્મુખ બન્યો હોય અને જેનામાં સ્યાદ્વાદની નિર્મળ વિશાળ દૃષ્ટિ એટલે કે સર્વ દૃષ્ટિકોણથી પદાર્થને જોવાની ક્ષમતા પ્રગટી હોય તે જ વ્યક્તિ અધ્યાત્મનો અધિકારી બને.**

**ભાવાર્થ :**

અધ્યાત્મનો માર્ગ એક વિશિષ્ટ માર્ગ છે. તેના ઉપર ચાલવા માટે સાધકમાં કેટલીક પ્રાથમિક યોગ્યતાઓ હોવી આવશ્યક છે. તેમાં સૌ પ્રથમ આવશ્યકતા એ છે કે,

(૧) એક જ નયને આશ્રયીને ચાલતી વિચારણાઓના કારણે સાધકના મનમાં આત્મા, સુખ આદિ વિષયક જે ભ્રમણા ઉત્પન્ન થઈ હોય તે તત્ત્વની વિચારણા કરવાના કારણે ધીમે ધીમે નાશ પામી રહી હોય.

(૨) વળી, બીજી જરૂરીયાત એ છે કે, 'બાહ્ય પદાર્થોથી સુખ મળે છે' એવો ભ્રમ ટળવાને કારણે સાધકનું ચિત્ત બહાર ભટકવાથી કંટાળી આત્મામાં સ્થિર થવા માટે તત્પર બન્યું હોય.

(૩) આ ઉપરાંત જેનામાં આત્મસ્વરૂપનો બોધ અને વાસ્તવિક સુખ કેવી રીતે પ્રાપ્ત થશે તે સંબંધી અનેક દૃષ્ટિકોણથી વિચારવાની ક્ષમતા ખીલી હોય અર્થાત્ જે સાધકની દૃષ્ટિ સ્યાદ્વાદના નિર્મળ પ્રકાશથી યુક્ત હોય તે સાધક અધ્યાત્મનું ભાજન બની શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

અધ્યાત્મની સાધના એ જગતનું સર્વોત્કૃષ્ટ કાર્ય છે, તે પરમાત્માની શ્રેષ્ઠ ઉપાસના છે, તેની આરાધનાથી શાશ્વત સુખના ભોક્તા બની શકાય છે અને પોતાનું પરમ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી શકાય છે. આવી સાધના કોણ કરી શકે ? કોણ તેનું ભાજન બની શકે ? કોનામાં પરમ શુદ્ધ આત્મભાવને પામવાની યોગ્યતા પ્રગટી કહેવાય ? આ સર્વ જિજ્ઞાસાઓને સંતોષવાનું કાર્ય આ શ્લોક કરે છે. જોવા જઈએ તો અધ્યાત્મના અધિકારીનું વર્ણન અનેક ગ્રંથોમાં અનેક રીતે કરવામાં આવ્યું છે, પણ તે સર્વનો સાર એ છે કે, જ્યારે આત્મા ઉપરથી મોહનો અધિકાર[1] ઘટે છે અને તે પોતાના ગુણોને પ્રગટ કરવા સ્વયં પ્રયત્નશીલ બને છે, ત્યારે જ તે અધ્યાત્મનો અધિકારી બને છે. પ્રશ્ન એ થાય કે જીવ આવો પ્રયત્ન ક્યારે કરી શકે ?

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ અનંતા પુદ્‌ગલપરાવર્તો પસાર કરે છે, તેમ કરતાં કરતાં જીવ જ્યારે ચરમાવર્તકાળમાં[2] આવે છે એટલે કે, મોક્ષમાં જવા પહેલાંના એક ચોક્કસ કાળખંડમાં પ્રવેશ કરે છે, ત્યારે તેના ઉપરની મોહની પક્કડ કાંઈક ઢીલી પડે છે. આત્મા ઉપર 'પર'ની અર્થાત્ જડની કે પુદ્‌ગલની પક્કડ જેટલી વધુ તેટલી તેની ભૂમિકા નીચી અને એ પક્કડમાંથી તે જેટલે અંશે મુક્ત થાય તેટલી તેની ભૂમિકા ઊંચી. આત્મા ઉપરથી જ્યારે જડની પક્કડ ઓછી થાય ત્યારે જ તે પોતાની જાતને શુદ્ધ કરવાનો આંશિક પ્રયાસ ચાલુ કરી શકે છે.

ચરમાવર્તકાળમાં આવતાં જીવનો અમુક પ્રકારનો ભાવમળ નાશ પામે છે. ભાવમળ કે કર્મમળ એટલે જીવમાં રહેલી કર્મબંધ કરવાની યોગ્યતા. આ યોગ્યતા ગાઢ મિથ્યાત્વ મોહનીયાદિ કર્મસ્વરૂપ છે. જ્યાં સુધી મિથ્યાત્વ ગાઢ હોય છે અર્થાત્ જ્યાં સુધી ભાવમલની તીવ્રતા હોય છે ત્યાં સુધી જીવ સંસારના યથાર્થ સ્વરૂપને સમજી શકતો નથી. ચરમાવર્તમાં[2] આવતાં જ્યારે ભાવમળનો હ્રાસ-ઘટાડો થાય છે, ત્યારે જ જીવમાં સંસારના વાસ્તવિક સ્વરૂપની વિચારણા કરવાની, વસ્તુના યથાર્થ સ્વરૂપને સમજવાની કાંઈક ક્ષમતા પ્રગટે છે. આ જ કારણથી તેને આત્મા આદિ પદાર્થવિષયક પણ જિજ્ઞાસા જાગૃત થાય છે, 'હું કોણ છું ? મારો સ્વભાવ શું ? મને કયા કારણે સુખ કે દુઃખ થાય છે ? દુઃખનાં કારણોને કઈ રીતે નાબુદ કરી શકાય ? અને સંપૂર્ણ સુખ કઈ રીતે પ્રાપ્ત થાય ?' આવી અનેક પ્રકારની આત્મા આદિ અતીન્દ્રિય પદાર્થવિષયક વિચારધારાઓ ચાલુ થાય છે. આવી અવસ્થામાં જ જીવ અધ્યાત્મનો અધિકારી બને છે.

આ જ વાતને ગ્રંથકારશ્રી એક આગવી શૈલીથી રજૂ કરતાં જણાવે છે કે,

૧. નયના કારણે ઉત્પન્ન થયેલી ભ્રાન્તિઓ જેની નાશ પામી રહી હોય,

૨. જે વિશ્રાન્તિસ્વરૂપ મોક્ષની અર્થાત્ પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખ થયો હોય અને

૩. જેને સ્યાદ્‌વાદરૂપ નિર્મળ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય, તે વ્યક્તિ અધ્યાત્મનો અધિકારી બને છે.

---

1. गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या । प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ।।२/२।। - अध्यात्मसारे ।।

2. **ચરમાવર્ત કાળ :** ચરમાવર્ત કાળ એટલે મોક્ષમાં જવા પૂર્વેનો છેલ્લો પુદ્‌ગલપરાવર્તકાળ : જીવ જ્યારે વાસ્તવિક ચરમાવર્તકાળમાં આવે છે, ત્યારે તેનામાં દુઃખી પ્રત્યેની અત્યંત દયા, ગુણવાનમાં અદ્વેષ અને સર્વત્ર ઔચિત્યસેવન વગેરે ગુણો પ્રગટે છે.

दुःखितेषु दयात्यन्त-मद्वेषो गुणवत्सु च । औचित्यासेवनं चैव, सर्वत्रैवाविशेषतः ।।३२।। - योगदृष्टिसमुच्चये ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**१. गलत्रयकृतभ्रान्तिः -**

અધ્યાત્મનો અધિકારી તે જ બની શકે છે કે જેની બુદ્ધિમાંથી નયને કારણે ઉત્પન્ન થયેલી ભ્રાન્તિ-ભ્રમણા નાશ પામી રહી હોય.

કોઈપણ એક જ નયથી એટલે કે એક જ દૃષ્ટિકોણથી પદાર્થને જોવાની કુટેવના કારણે ભ્રાન્તિ-ભ્રમ ઉત્પન્ન થાય છે. કારણ કે, વસ્તુના અનંત ધર્મો અને અનંત પાસાઓ હોવા છતાં પણ નયો હંમેશા તેના એક જ પાસાંથી એક ધર્મનું જ પ્રતિપાદન કરે છે. ભિન્ન-ભિન્ન દૃષ્ટિવાળા નયોમાંથી કોઈપણ એક નયની રજૂઆત સાંભળી એક અંશમાં તે સ્વરૂપે રહેલી વસ્તુને, સર્વાંશે તે સ્વરૂપે સ્વીકારવી, તે જ 'નયકૃત ભ્રાન્તિ' છે.

પદાર્થને એક જ દૃષ્ટિકોણથી જોવાને કારણે કેવા ભ્રમો પેદા થાય છે, તેને સમજવા માટે શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે. એકવાર સાત આંધળાઓ ભેગા થયા અને 'હાથી કેવો છે' તે વિષય ઉપર તેઓ ચર્ચાએ ચઢ્યા. પહેલાએ હાથીના પગને પકડીને, તેને થાંભલા જેવો કહ્યો. તો બીજાએ કાનને સ્પર્શીને હાથીને સૂપડા જેવો કહ્યો. ત્રીજાએ વળી પૂંછડી પકડી, તેને દોરડા જેવો કહ્યો. ચોથાએ સૂંઢને પકડી હાથીને સાંબેલા જેવો કહ્યો. પાંચમાએ વળી પેટને સ્પર્શી તેને ઢોલ જેવો કહ્યો. છઠ્ઠાએ ગંડસ્થલને સ્પર્શી તેને માટલા જેવો કહ્યો. સાતમાએ હાથીની પીઠનો સ્પર્શ કરી તેને દિવાલ જેવો કહ્યો.

સાતેય અંધોનો આ નિર્ણય હાથીના એક-એક અંશના એટલે કે એક એક અંગના જ્ઞાનના આધારે થયેલો હતો. તેમણે હાથીના એક અંશના જ્ઞાનના આધારે સંપૂર્ણ હાથી સંબંધી નિર્ણય કર્યો તે તેઓની ભ્રાન્તિ હતી, પરંતુ દેખતા માણસને તો તરત જ સમજાય કે હાથી થાંભલા જેવો પણ નથી કે સૂપડાં જેવો પણ નથી, માત્ર તેના પગ થાંભલા જેવા છે અને તેના કાન સૂપડા જેવા છે. આમ પગની અપેક્ષાએ હાથી ચોક્કસ થાંભલા જેવો છે, છતાં પણ તેટલા માત્રથી હાથીને સર્વાંશે એટલે કે, સંપૂર્ણપણે થાંભલા જેવો માનવો તે 'નયકૃત ભ્રાન્તિ' છે, એટલે કે, એક દૃષ્ટિકોણથી પદાર્થને જોવાને કારણે ઉત્પન્ન થયેલી ભ્રમણા છે.

આંખો ન હોવાને કારણે આંધળા પુરુષોને જેમ હાથી સંબંધી અલગ-અલગ ભ્રમો થયા હતા. તે જ રીતે કેવળજ્ઞાનરૂપી આંખો ન હોવાને કારણે છદ્મસ્થ (સંસારી) જીવો જો અનેકાન્ત દૃષ્ટિએ પદાર્થને જોવા ટેવાયા ન હોય તો આત્મા, સુખ વગેરે અતીન્દ્રિય પદાર્થો સંબંધી તેઓને અલગ-અલગ ભ્રમો થયા કરે છે. કેમ કે, કેવળજ્ઞાન વિના છદ્મસ્થ જીવોને આત્મા દેખાતો નથી, તેમને તો માત્ર હલન-ચલન વગેરે ક્રિયા કરતું શરીર દેખાય છે. સ્થૂલ વ્યવહારનય દેખાતા કે અનુભવાતા પદાર્થને જ તે રૂપે સ્વીકારે છે, તેથી આ નય શરીર તે જ આત્મા છે. સુખ-દુઃખ શરીરને થાય છે અને જોવા આદિનું કાર્ય આંખ વગેરે ઇન્દ્રિયો કરે છે, તેમ માને છે. વાસ્તવમાં અનંત ગુણસંપન્ન આત્મા શરીરથી ભિન્ન છે. કર્મથી તેની શક્તિ કુંઠિત થઈ ગઈ હોવાને કારણે નબળી આંખવાળો જેમ ચશ્માના માધ્યમે જુએ છે તેમ તે આંખના માધ્યમે જુએ છે. કાનના માધ્યમે સાંભળે છે, માટે આંખ, કાન વગેરે ઇન્દ્રિયો તે રૂપ, શબ્દ વગેરેનું, જ્ઞાન કરવાનાં માધ્યમો છે, આમ છતાં સ્થૂલ વ્યવહારનયથી પદાર્થને જોનારી વ્યક્તિને એવો ભ્રમ થાય છે કે રૂપનું જ્ઞાન આંખે જ કર્યું છે, શબ્દનું જ્ઞાન કાને જ કર્યું છે. આ એક પ્રકારની 'નયકૃતભ્રાન્તિ' છે. આવા ભ્રમના કારણે જ, 'શરીરથી જુદો 'આત્મા' નામનો કોઈ પદાર્થ છે અને તેના કારણે જ આંખ વગેરે ઇન્દ્રિયો જોવા આદિનું કાર્ય કરી શકે છે અને સુખ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુઃખની સંવેદનાઓ કરી શકે છે'; આવી વાસ્તવિકતાને સંસારના મોટા ભાગના જીવો હૈયાથી સ્વીકારી શકતા નથી. પરિણામે તેઓ આત્માને શુદ્ધ કરવાની વાસ્તવિક સાધના પણ કરી શકતા નથી.

વળી, નિશ્ચયનયના આધારે આત્માને જોતી વ્યક્તિ એમ માને છે કે, 'આત્મા પોતાનાથી પર એવા કર્માદિનો કર્તા નથી, હર્તા નથી કે ભોક્તા પણ નથી; તે તો માત્ર પોતાના જ્ઞાનાદિ ગુણો દ્વારા શરીર-કર્માદિ પુદ્ગલોના તે તે ભાવોનો દૃષ્ટા છે.' નિશ્ચયનયની આવી એકાન્ત વિચારસરણી અપનાવવાના કારણે ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા જીવોને એવો ભ્રમ થાય છે કે, 'હું કર્મનો કર્તા-હર્તા નથી, તો મારે કર્મનાશ માટે તપ-ત્યાગ આદિ ખોટું કષ્ટ સહન કરવાની શું જરૂર છે ?' આ ભ્રમ પણ એક પ્રકારની 'નયકૃત ભ્રાન્તિ' છે.

આવી રીતે એક-એક નયનું આલંબન લઈને આ જગતમાં અનેક પ્રકારના ભ્રમો પ્રવર્તે છે. કેટલાક જ્ઞાનથી જ મોક્ષ મળે એવું માને છે તો કેટલાક ક્રિયાથી જ મોક્ષ મળે તેમ માને છે. કેટલાક ઉત્સર્ગ માર્ગે ચાલવાથી મોક્ષ મળે એમ માને છે તો કેટલાક વળી અપવાદ માર્ગે ચાલવાથી મોક્ષ મળે તેમ માને છે. આ સર્વ વાતો નય સાપેક્ષ છે, તેથી તેને જો બીજા નય સાથે જોડવામાં ન આવે તો 'આ વસ્તુ આમ જ છે.' એવી ભ્રાન્તિ પ્રગટ થાય છે. વાસ્તવમાં આમાંની કોઈપણ વાત એકાન્તે સત્ય હોતી નથી. નિશ્ચયનયથી આત્મા કર્મનો કર્તા નથી, તો વળી વ્યવહારનયથી આત્મા કર્મનો કર્તા પણ છે. કર્મના કારણે જ જીવને અનેક પ્રકારનાં સુખ-દુઃખ ભોગવવાં પડે છે અને કર્મનો નાશ કરવા જ્ઞાની પુરુષોએ બતાવેલી સાધના પણ કરવી પડે છે. વિરોધી વિચારસરણી ધરાવતા આ અને આવા બીજા નયોનું જો સાપેક્ષ બુદ્ધિથી યથાયોગ્ય જોડાણ ન થાય તો આત્માવિષયક કોઈક ને કોઈક ગેરસમજ પેદા થાય અને આત્માના સ્વરૂપનો યથાર્થ બોધ ન થવાના કારણે તેને સુખી કરવાના ઉપાયો પણ અપનાવી ન શકાય.

એક જ દૃષ્ટિથી વિચારવાનાને કારણે જેમ આત્માદિવિષયક ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે, તેમ સુખ ક્યાંથી મળશે એ વિષયમાં પણ અનાદિકાળથી જીવમાં મોટી ભ્રમણા પ્રવર્તતી હોય છે, તેથી જ તેને જે પદાર્થ આત્મા માટે સુખકારક ન હોય તે પદાર્થ સુખકર લાગે છે. વળી 'શરીરાદિ એ જ હું' આવા ભ્રમના કારણે તે શરીરાદિની સાનુકૂળતામાં સુખ અનુભવે છે અને આવા ભ્રામક સુખની શોધમાં જીંદગીભર બાહ્ય પદાર્થો, વ્યક્તિઓ કે વાતાવરણને મેળવવા ભટક્યા કરે છે. એકાન્ત દૃષ્ટિથી વિચારવાના કારણે ઉત્પન્ન થયેલા આવા ભ્રમો જ્યાં સુધી અકબંધ હોય ત્યાં સુધી જીવને આત્મિક સુખ દેખાતું જ નથી, તેથી ત્યાં સુધી તેનામાં અધ્યાત્મ પામવાની કોઈ લાયકાત જ ખીલતી નથી. ચરમાવર્તમાં આવ્યા પછી જ્યારે મોહની પક્કડ કાંઈક નબળી પડે ત્યારે જીવ તાત્ત્વિક વિચારણાઓ કરવા સમર્થ બને છે. આવી વિચારણાઓને કારણે તેનો પોતાની જાત પ્રત્યેનો, બાહ્ય પદાર્થો પ્રત્યેનો તથા સુખ અને તેની સામગ્રીઓ પ્રત્યેનો અભિગમ બદલાય છે. 'હું કોણ છું ? મને સુખ ક્યાંથી મળશે ?' વગેરે ગહન પ્રશ્નો સંબંધી તેની ગેરસમજ કે અણસમજ ધીમે ધીમે નાશ થવા લાગે છે. ગ્રંથકારશ્રી કહે છે કે આવો સાધક જ અધ્યાત્મનું ભાજન બની શકે.

એટલું ધ્યાનમાં રાખવું કે, કદાચ કોઈ સાધક એક નયની કે એક દર્શનની માન્યતાથી વાસિત હોય; પરંતુ જો તે પ્રજ્ઞાપનીય હોય એટલે કે કોઈ સત્ય સમજાવે તો સત્ય સમજવાની તૈયારીવાળો હોય, કદાગ્રહી ન હોય તો તેની પણ નયકૃત ભ્રાન્તિ ટળી શકે છે અને તે પણ અધ્યાત્મનો અધિકારી બની શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**૨. विश्रान्तिसम्मुखः -**

જેમ જેમ એક દૃષ્ટિકોણની પક્કડ રાખી વિચારવાની કુટેવથી ઉત્પન્ન થયેલા ભ્રમો નાશ પામતાં જાય છે, તેમ તેમ સાધકને ધીરે ધીરે એવી પ્રતીતિ થવા લાગે છે કે, 'સુખ મારી ભીતરમાં જ છે, હું નિત્ય અને શાશ્વત આત્મા છું. અનંત જ્ઞાન અને નિરાબાધ સુખ મારો પોતાનો સ્વભાવ છે, તેથી સુખ બહાર નથી અને બાહ્ય પદાર્થોમાંથી સુખ મળવાનું પણ નથી. મારે તો મારા પોતીકા સ્વાધીન સુખને પ્રગટ કરવાનું છે' આવી વાસ્તવિકતાનો બોધ થવાને કારણે સાધકને બાહ્ય પદાર્થોમાંથી સુખ મેળવવાની દોટ વ્યર્થ લાગે છે, તેને બહાર ભટકવાની પોતાની અનાદિકાલીન વૃત્તિ બાળકની કૂદાકૂદ જેવી લાગે છે, આથી જ આવી પ્રવૃત્તિઓથી તેને કંટાળો આવે છે, થાક લાગે છે અને તે આત્મભાવમાં-અંતરમાં ઠરવા તત્પર બને છે, તેની આવી તત્પરતા એ જ અધ્યાત્મને પામવાની બીજી યોગ્યતા છે.

બાહ્ય પદાર્થોમાંથી સુખ મેળવવાની અનાદિકાલીન ભાગદોડથી થાકેલા જીવ માટે આરામનું સ્થાન એક માત્ર મોક્ષ છે, અથવા શુદ્ધ આત્મા છે. જીવ જ્યારે સઘળા દોષોથી મુક્ત બની મોક્ષમાં પહોંચે છે ત્યારે જ તે વાસ્તવિક વિશ્રાન્તિનો અનુભવ કરે છે. બાકી ત્યાં સુધી મને કે કમને તેને કર્મના કારણે કટપૂતળીની જેમ નાચવું જ પડે છે, એક સ્થાનથી બીજા સ્થાને ભટકવું પડે છે.

આમ છતાં જ્યાં સુધી મોહનો નશો તીવ્ર હોય છે અને તેનાથી ઉત્પન્ન થયેલી નયકૃત ભ્રાન્તિઓ અકબંધ હોય છે ત્યાં સુધી જીવને પોતે ભટકી રહ્યો છે એવું ભાન પણ થતું નથી કે શ્રમનો અનુભવ પણ થતો નથી. આવા બેભાન જીવમાં આત્મશુદ્ધિની ભાવના કેવી રીતે પ્રગટે અને તે અધ્યાત્મનું ભાજન પણ કેવી રીતે બને ?

મોહની પક્કડ જ્યારે ઢીલી પડે છે, નશો કાંઈક ઉતરે છે અને જીવ એકાન્તિક વિચારણાઓથી મુક્ત બને છે ત્યારે તેનામાં હું કોણ ? મારું સ્વરૂપ શું ? મને સુખ દુ:ખ શેનાથી ? વગેરે આત્મા અને સુખ-દુ:ખ આદિ તત્ત્વો વિષયક જિજ્ઞાસા પ્રગટે છે. સદ્ગુરુના સહારે કે સ્વયં વિચારણા કરતાં કરતાં તેને સંસારની નિર્ગુણતાનો બોધ થાય છે. હું અનાદિકાળથી કેટકેટલું ભટક્યો છું તેનું ભાન થાય છે. આવા તત્ત્વચિંતનના પરિણામે તેને ભવભ્રમણના થાકનો અનુભવ થાય છે અને તે વિશ્રાન્તિને ઝંખવા લાગે છે. તેને સર્વ પ્રકારના સંક્લેશથી રહિત મોક્ષ મેળવવાની તીવ્ર ભાવના થાય છે. જ્યાં સ્વાધીન પરમાનંદ છે, શાશ્વત કાળનું સુખ છે તેવા આત્માના પરમશુદ્ધ સ્વરૂપમાં રમમાણ રહી ભવોભવના થાકને દૂર કરવાની તમન્ના પ્રગટે છે. જે સાધકમાં આવી ઉચ્ચતમ અભિલાષા જાગે અર્થાત્ જે મોક્ષને અભિમુખ બને તે જ સાધકમાં અધ્યાત્મનું ભાજન બનવાની લાયકાત સમાયેલી છે.

**૩. स्याद्वादविशदालोकः -**

એકાન્ત દૃષ્ટિનો ત્યાગ કરવાથી સાધકમાં સહજ જ અનેક દૃષ્ટિકોણથી વિચારવાની નિર્મળ ક્ષમતા ખીલે છે. આ ક્ષમતા તે જ અધ્યાત્મ પામનારા સાધકની ત્રીજી લાક્ષણિકતા છે. કેમ કે આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે બાહ્ય પદાર્થને કે જાતને જોવાનો દૃષ્ટિકોણ બદલાવવો અતિ આવશ્યક છે. સાધક જ્યારે સ્વ-પરને અનેક પાસાંઓથી નિહાળવા લાગે છે ત્યારે જ તેને પોતે કોણ છે. પોતાનું મૂળ સ્વરૂપ કેવું છે અને અત્યારના પોતાનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવું સ્વરૂપ કેમ થયું છે તેનો યથાર્થ બોધ થાય છે. સ્પષ્ટ છે કે જ્યારે આ રીતે સ્યાદ્વાદની દૃષ્ટિ ખીલે ત્યારે જ સાધક અધ્યાત્મના માર્ગે ચાલવા સમર્થ બને છે.

સ્યાદ્વાદ એટલે કથંચિત્વાદ, અનેકાન્તવાદ કે સાપેક્ષવાદ[3]. કોઈક એક દૃષ્ટિથી વસ્તુ એકસ્વરૂપવાળી છે અને અન્ય કોઈક દૃષ્ટિથી વસ્તુ અન્યસ્વરૂપવાળી છે. કોઈ વસ્તુ એકાન્તે એક જ સ્વરૂપવાળી હોતી નથી; દરેક વસ્તુ અનંત ધર્મોથી યુક્ત હોય છે. **અનંત ધર્માત્મક વસ્તુને અનેક દૃષ્ટિકોણથી જોવી તે જ અનેકાન્તવાદ,** સ્યાદ્વાદ કે કથંચિત્વાદ છે.

કોઈપણ વસ્તુને અનેક પાસાંથી નિહાળવામાં આવે તો જ તે પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ સમજી, તેમાં થતા રાગ-દ્વેષથી પર રહી શકાય છે; પરંતુ જ્યારે કોઈપણ વસ્તુને માત્ર એક દૃષ્ટિકોણથી જોવામાં આવે છે, ત્યારે તેમાં રાગ-દ્વેષના પરિણામો થાય છે. જેમ કે, સ્ત્રીના રૂપને જોવાથી ભોગીને રાગ થાય છે અને તે જ સ્ત્રીના સ્વભાવની વિચિત્રતા આદિનો વિચાર કરતી વ્યક્તિને તેમાં દ્વેષ થાય છે. આ બંને વ્યક્તિઓ એક-એક દૃષ્ટિકોણથી જ સ્ત્રીને જોઈ રહી છે, તેથી તેમને રાગ-દ્વેષના વિકલ્પો થાય છે. જ્યારે સ્યાદ્વાદના વિશાળ પ્રકાશથી જે વ્યક્તિ સ્ત્રીને જુએ છે, તેને આ સર્વ ભાવો કર્મકૃત છે, અસ્થિર છે, અનિત્ય છે એવું સમજાય છે. તે જાણે છે કે, સ્ત્રીના શરીરમાં રહેલું આત્મદ્રવ્ય જ સ્થિર, નિત્ય, સર્વદોષ રહિત અને સર્વગુણસંપન્ન છે. આવી વિચારણાને કારણે તેને સ્ત્રીના સુંદર રૂપને જોઈને રાગ કે વિચિત્ર સ્વભાવને જોઈને દ્વેષ પણ થતો નથી, પરંતુ અનેકાન્તવાદથી પ્રગટેલી તેને બુદ્ધિની વિશાળતાને કારણે સ્ત્રીને જોઈ માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે.

આ રીતે જેઓ એક નયથી - એક દૃષ્ટિકોણથી સંકુચિત વૃત્તિ (narrow minded aproach) રાખી જગતવર્તી સર્વ પદાર્થોને જોતાં નથી પણ સ્યાદ્વાદની વિશાળ દૃષ્ટિથી (considering all aspects-global out look રાખી) જગતને જુએ છે એટલે કે, કોઈપણ પ્રસંગ, પરિસ્થિતિ કે વ્યક્તિને સર્વ દૃષ્ટિકોણથી વિચારે છે (global minded બને છે.), તેઓનું મન વિરુદ્ધ વિચારસરણીને પણ સહન કરી શકે છે. કેમ કે, તેઓ સમજે છે કે અન્ય નયથી આ વાત આમ પણ હોઈ શકે, તેથી તેમનામાં કોઈપણ પદાર્થ પ્રત્યેનો કોઈ પૂર્વગ્રહ કે કદાગ્રહ રહેતો નથી. કોઈપણ નિમિત્તનો ગમો કે અણગમો પણ રહેતો નથી.

પરિણામે તેઓ શાંત ઉપશાંત વિશ્રાન્ત બને છે. આવા સ્વસ્થ ચિત્ત અને નિર્મળ દૃષ્ટિવાળા વ્યક્તિઓ જ આત્મવિષયક યથાર્થ વિચારણાઓ કરી શકે છે. તેથી જ ગ્રંથકારશ્રી જણાવે છે કે જેનામાં અનેક દૃષ્ટિઓને વિચારવાની ક્ષમતા ખીલી હોય તે જ અધ્યાત્મનું ભાજન બની શકે.

સ્યાદ્વાદના સિદ્ધાન્તથી સર્વ પદાર્થો કે સર્વ પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાને કારણે સાધકમાં જ્ઞાન કે ક્રિયા,

3. સાપેક્ષવાદ એટલે અપેક્ષા સહિતનો મત. સામાન્ય વ્યવહારમાં 'અપેક્ષા' શબ્દ આશા, ઇચ્છા કે આકાંક્ષા એવા અર્થમાં વપરાય છે. પરંતુ, સ્યાદ્વાદના સંબંધમાં 'અપેક્ષા' શબ્દનો ઉપયોગ ચોક્કસ અર્થમાં કરાય છે. અમુકના સંબંધમાં, અમુક દૃષ્ટિકોણથી, અમુકને લક્ષ્યમાં લઈને, અમુકના આધારે કે અમુકના સંદર્ભમાં; આવા જુદા જુદા પર્યાયવાચી શબ્દપ્રયોગો માટે શાસ્ત્રમાં 'અપેક્ષા' શબ્દનો પ્રયોગ થાય છે. અંગ્રેજીમાં એને માટે 'with reference to certain context' અથવા 'from a certain point of view' કે 'in certain respect' કે 'in relation to' અથવા 'relatively' એવા પ્રયોગ કરી શકાય, તેથી અપેક્ષાએ 'આ વસ્તુ આમ છે' એટલે 'from this point of view' આ વસ્તુ આમ છે' એવું કહેવાય. સ્યાદ્વાદી હંમેશા આ રીતે અપેક્ષાથી કથન કરે છે, માટે સ્યાદ્વાદને સાપેક્ષવાદ પણ કહેવાય છે. (આ વિષયની વધુ વિગતો પરિશિષ્ટ-૧માં પણ છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્સર્ગ કે અપવાદ, નિશ્ચય કે વ્યવહાર કોઈ પણ બાબતનો અસદ્ આગ્રહ રહેતો નથી. જ્યાં જે પ્રકારે જે વસ્તુ મોક્ષમાર્ગમાં ઉપકારક થાય ત્યાં તે પ્રકારે તે વસ્તુને તે મહત્ત્વ આપી શકે છે. તેનામાં સર્વ વસ્તુની વાસ્તવિકતાને ઊંડાણથી વિચારવાની સૂક્ષ્મ દૃષ્ટિનો ઉઘાડ થાય છે. જેના કારણે તેના મનમાંથી સ્વ-પરનો ભેદ ભૂંસાવા લાગે છે અને જીવ માત્રનું હિત કરવાની ઉમદાવૃત્તિ પ્રગટે છે. હૈયાની આવી વિશાળતા ધરાવનાર જીવો સામી વ્યક્તિના કર્મકૃત પર્યાયો પરથી દૃષ્ટિ હટાવી તેના શુદ્ધ આત્મદ્રવ્યને જોવામાં કુશળ બને છે, તેથી જ ઉપાધ્યાયજી મહારાજે તેઓમાં અધ્યાત્મ પામવાની યોગ્યતા છે તેમ જણાવ્યું છે.

ગ્રંથકારશ્રીએ અધ્યાત્મસાર નામના પોતાના ગ્રંથમાં જણાવ્યું છે કે, સ્યાદ્વાદ દૃષ્ટિથી સર્વ પદાર્થોનું અવલોકન કરવામાં આવે ત્યારે જ સાધકમાં જ્ઞાનગર્ભિત[4] વૈરાગ્ય પ્રાપ્ત થાય છે, તેથી અધ્યાત્મના અધિકારીના આ ત્રણે લક્ષણો જો કે જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા ગીતાર્થ મુનિ ભગવંતોમાં જ પૂર્ણતયા ઘટે તેવા છે. આમ છતાં આ લક્ષણોના બીજ અપુનર્બંધક અવસ્થામાં પણ દેખાય છે. કેમ કે શાસ્ત્રમાં અપુનર્બંધકના જે ત્રણ લક્ષણો પ્રસિદ્ધ છે, તે લક્ષણોનો અંતર્ભાવ આ ત્રણ વિશેષણોમાં થઈ શકે.

અપુનર્બંધકનું પ્રથમ લક્ષણ છે - **પાપ નવિ તીવ્રભાવે કરે.** જે જીવો વિશ્રાન્તિને સન્મુખ બન્યા હોય તે જીવો ભવભ્રમણથી કંટાળી ગયા હોય તેથી તેઓ ભવભ્રમણને વધારનારા પાપ વ્યાપારોને કદી રાજીખુશીથી ન સેવે; કર્મના બંધનને કારણે તેમને પાપ કરવું પડે ત્યારે પણ તેઓ પાપને કરવા જેવું તો ન જ માને.

વળી, અપુનર્બંધકનું બીજું લક્ષણ છે - **ભવ પ્રત્યે બહુમાન ન હોય.** જ્યાં સુધી નયકૃત ભ્રાન્તિઓ ટળી ન હોય ત્યાં સુધી જ જીવને સંસાર, તેના સંબંધો, પૌદ્ગલિક સામગ્રીઓ, રાગાદિના વિવિધ ભાવો સુખકારક લાગે છે; જ્યારે 'સંગમાં સુખ છે' એવો ભ્રમ ટળે છે ત્યારે સાધકને સંસાર લેશમાત્ર સુખકર નથી લાગતો તેથી તેને ભવ પ્રત્યે બહુમાન નથી રહેતું.

વળી અપુનર્બંધકના ત્રીજા લક્ષણ ઉપર પણ ગંભીરતાથી વિમર્શ કરીએ તો સમજાય એવું છે કે, જ્યાં સુધી સ્યાદ્વાદની વિશાળ દૃષ્ટિ ખીલી ન હોય ત્યાં સુધી જ જીવમાં પોતાની ગણાતી વ્યક્તિ પ્રત્યે રાગ અને અન્ય પ્રત્યે દ્વેષ આદિથી પ્રેરિત અનુચિત પ્રવૃત્તિઓ દેખાય છે. જ્યારે સ્યાદ્વાદની નિર્મળ દૃષ્ટિનો ઉઘાડ થાય છે ત્યારે હૈયાની વિશાળતાને કારણે લાગણીમાં તણાયા વગર **સર્વત્ર ઔચિત્યનું પાલન સહજ બની જાય છે.** આ જ તો અપુનર્બંધકનું ત્રીજું લક્ષણ છે.

આમ અપુનર્બંધક અવસ્થા વાળા જીવમાં આ શ્લોકમાં જણાવેલા ત્રણે લક્ષણો અંશે અંશે પણ જોવા મળે છે. આવા આત્માઓ જ માધ્યસ્થ્ય કેળવી તત્ત્વ-અતત્ત્વનો વિવેક કરવા સમર્થ બને છે અને અતીન્દ્રિય માર્ગને સમજી શકે છે, આમ આ જીવો અધ્યાત્મના અધિકારી બને છે. ॥૫॥

4. ज्ञानगर्भं तु वैराग्यं, सम्यक्तत्त्वपरिच्छिदः । स्याद्वादिनः शिवोपाय-स्पर्शिनस्तत्त्वदर्शिनः ।।६/१६।।

मिमांसामांसला यस्य, स्वपरागमगोचरा । बुद्धिः स्यात्तस्य वैराग्यं, ज्ञानगर्भमुदञ्चति ।।६/१७।।

વળી સમ્યક્ તત્ત્વને જાણનારા, **સ્યાદ્વાદના જ્ઞાનવાળા,** મોક્ષના ઉપાયને સ્પર્શનારા, તત્ત્વના દર્શી એવા જીવોનો વૈરાગ્ય જ્ઞાનગર્ભ હોય છે. ॥૧૬॥

સ્વદર્શન-પરદર્શનના આગમના વિષયવાળી, તત્ત્વવિચારણાથી પુષ્ટ થયેલી એવી બુદ્ધિ જેની હોય, તેને જ્ઞાનગર્ભ વૈરાગ્ય પ્રગટે છે. ॥૧૭॥

- अध्यात्मसारे ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આધ્યાત્મિકની મનોદશા

ગાથા-૬

**અવતરણિકા :**

અધ્યાત્મના અધિકારી કોણ છે તે જણાવી હવે નયકૃતભ્રાન્તિ વિનાના સ્યાદ્વાદના બોધવાળા મધ્યસ્થવૃત્તિવાળા સાધકની મનોદશા અને ખોટા આગ્રહવાળા આત્માની મનોદશા વચ્ચે કેટલો ભેદ છે, તેને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

मनोवत्सो[2] युक्तिगवीं[3] मध्यस्थस्या[1]नुधावति[4] ।
तामा[6]कर्षति[8] पुच्छेन[7] तुच्छाग्रहमनःकपिः[5] ॥६॥

**શબ્દાર્થ :**

૧. मध्यस्थस्य - મધ્યસ્થ વ્યક્તિનું ૨. मनोवत्सः - મનરૂપી વાછરડું ૩. युक्तिगवीं - યુક્તિરૂપી ગાયની ૪. अनुधावति - પાછળ દોડે છે. ૫. तुच्छाग्रहमनःकपिः - તુચ્છ આગ્રહવાળા વ્યક્તિનું મનરૂપી વાંદરું ૬. ताम् - તેને = યુક્તિરૂપી ગાયને ૭. पुच्छेन - પૂંછડાથી ૮. आकर्षति ખેંચે છે.

**શ્લોકાર્થ :**

**મધ્યસ્થ વ્યક્તિનું મનરૂપી વાંછરડું યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે. જ્યારે તુચ્છ આગ્રહવાળા વ્યક્તિનું મનરૂપી વાંદરું યુક્તિરૂપી ગાયને પૂંછડાથી ખેંચે છે.**

**ભાવાર્થ :**

સ્યાદ્વાદના સિદ્ધાંત પ્રમાણે વિચાર કરવાની ક્ષમતાને કારણે સાધકમાં મધ્યસ્થતા પ્રગટે છે. આ મધ્યસ્થતા પ્રગટ થાય પછી સાધક શાસ્ત્ર સમજવા યોગ્ય બને છે. કેમ કે, શાસ્ત્ર જે રીતે દરેક પદાર્થોનું પ્રરૂપણ કરે અને તેને સમજાવવા જે યુક્તિઓ રજૂ કરે, તે સર્વને ઊંડાણથી ગ્રહણ કરવા મધ્યસ્થ વ્યક્તિ પૂર્વગ્રહ છોડીને મુક્ત મને વિચાર કરી શકે છે, તેથી જ શાસ્ત્રોક્ત યુક્તિને અનુસરતાં મનને ગાયને અનુસરતાં વાછરડાં જેવું કહ્યું છે. તેનાથી વિપરીત તુચ્છ આગ્રહને પકડી રાખનાર વ્યક્તિઓ પોતાની મનઘડંત વાતોને સિદ્ધ કરવા શાસ્ત્રની યુક્તિઓ શોધે છે. શાસ્ત્રોક્ત તર્કોને મારી-મચડીને પણ પોતાની વાત સાથે સંમત બનાવવા પ્રયત્ન કરે છે. આવા લોકોના મનને ગાયની પૂંછડી ખેંચીને ગાયને પોતાની તરફ વાળવા પ્રયત્ન કરનારા વાંદરા સાથે સરખાવ્યું છે.

**વિશેષાર્થ :**

નયોની ભ્રાન્તિઓ ટળતાં જેના હૃદયમાં સ્યાદ્વાદ પરિણામ પામે છે તેવી વ્યક્તિઓને ક્યારેય અસત્ આગ્રહ હોતો નથી. તેઓ માધ્યસ્થ્ય વૃત્તિને વરેલા હોય છે. ગ્રંથકારશ્રીએ આવી વ્યક્તિઓને ગાયને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુસરતા વાછરડાની ઉપમા આપી છે. જેમ વાછરડું સતત પોતાની મા ગાયને અનુસરે, તેમ મધ્યસ્થ વ્યક્તિ હંમેશા શાસ્ત્રને અનુસરે છે, તેઓ જ્યારે કોઈપણ પદાર્થની વિચારણા કરે ત્યારે જ્ઞાની પુરુષના વચનનો સહારો લે છે. શાસ્ત્રમાં તે પદાર્થને સમજાવવા જે યુક્તિઓ આપી હોય એટલે કે જે તર્ક કે અનુમાનનો પ્રયોગ કર્યો હોય, તે પ્રમાણે પદાર્થને સમજવા મહેનત કરે છે, પરંતુ પોતાના બદ્ધ અભિપ્રાયોથી વાસિત બની શાસ્ત્રોની યુક્તિઓ પ્રત્યે બેદરકાર બનતાં નથી. તેઓ તો પોતાના અભિપ્રાયો બાજુ ઉપર મૂકી, ખૂલ્લા દિલે (open minded બની) શાસ્ત્રની શૈલિ પ્રમાણે પદાર્થને સમજવા પ્રયત્ન કરે છે. આમ મધ્યસ્થ વ્યક્તિ શાસ્ત્રમાં જણાવેલ તર્ક અને અનુમાનોને સમજવા પોતાની બુદ્ધિને દોડાવે છે, તેથી તેઓ અંતે પદાર્થની વાસ્તવિકતા સુધી પણ પહોંચી શકે છે.

આનાથી વિપરીત જેઓના મનમાંથી હજુ નયકૃત ભ્રાંતિ ટળી ન હોય અને તેથી જ જેઓનું મન હજુ સ્યાદ્વાદથી રંગાયું ન હોય તેઓના મનમાં તત્ત્વનો પક્ષપાત પ્રગટ્યો હોતો નથી, તેથી આવા વ્યક્તિઓ માત્ર પોતાના પક્ષનો કે પોતે બાંધેલા અભિપ્રાયોનો જ આગ્રહ રાખે છે. તેઓ કદાચ સુંદર સંયમધર્મનું પાલન કરતા હોય, તપ-ત્યાગ કરતા હોય કે ક્યારેક વળી આગમનો અભ્યાસ કરતા પણ દેખાતા હોય, તોપણ તેઓ કદાગ્રહનો ત્યાગ કરી શકતા નથી. તેઓ **"સાચું તે મારું" તેવું માનવાને બદલે "મારું તે સાચું"** એવી વૃત્તિવાળા હોય છે. તેઓ પહેલેથી પદાર્થનો નિર્ણય કરી રાખે છે અને પછી પોતાના આ પૂર્વગ્રહને - કદાગ્રહને સિદ્ધ કરવા માટે શાસ્ત્રની યુક્તિઓ શોધે છે. જે તર્ક કે અનુમાન શાસ્ત્રમાં જોવામાં આવે, તેને મારી મચડીને પણ પોતાની વાતને સિદ્ધ કરવા ઉપયોગમાં લે છે, આથી જ તેમના મનને એટલે કે તેમની બુદ્ધિને ગ્રંથકારશ્રીએ વાંદરાની ઉપમા આપી છે. જેમ વાંદરો ગાયને પૂંછડાથી ખેંચે છે તેમ આ કદાગ્રહી લોકો શાસ્ત્રની યુક્તિઓને પોતાની વાત સિદ્ધ કરવા ખેંચે છે, પણ તે યુક્તિઓ કયા પદાર્થને સમજાવે છે તે જોવા પ્રયત્ન પણ કરતા નથી. પરિણામે તેઓ પદાર્થની વાસ્તવિકતા સુધી પહોંચી શકતા નથી. આવા લોકોને તત્ત્વની પ્રાપ્તિ ક્યારેય થતી નથી.

આમ જોઈએ તો તત્ત્વને પામવાના બે ઉપાયો છે ઉક્તિ અને યુક્તિ અર્થાત્ આગમ વચન પ્રત્યેની શ્રદ્ધા અને તર્ક. આમ છતાં યથાસ્થાને આ બન્નેનો ઉપયોગ થાય તો સત્ય તત્ત્વ સમજાય છે. જે આગમિક પદાર્થો શ્રદ્ધાગમ્ય હોય તેને આગમ વચનથી ગ્રહણ કરવા અને જે યુક્તિગમ્ય હોય તેને યુક્તિથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ[1]. તે સિવાય યુક્તિથી આગમિક વચનોને તોડવાનો પ્રયાસ કરવો એ તો આગમની વિરાધના છે. મધ્યસ્થવૃત્તિવાળો સાધક આવી ભૂલ ક્યારેય કરતો નથી. ॥૬॥

1. તુલના : आज्ञयागमिकार्थानां, यौक्तिकानां च युक्तितः । न स्थाने योजकत्वं चेन्न तदा ज्ञानगर्भता ।।६/३८।। - अध्यात्मसारे ।।
આગમિક અર્થોને આજ્ઞા વડે અને યુક્તિવાળા અર્થોને યુક્તિથી ગ્રહણ કરવા; આ પ્રકારે યોગ્ય સ્થાનમાં જેની બુદ્ધિનું જોડાણ ન થયું હોય તેના વૈરાગ્યમાં જ્ઞાનગર્ભતા નથી એટલે કે તેનામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અતીન્દ્રિયમાર્ગમાં તર્કની મર્યાદા

ગાથા-૭-૮

**અવતરણિકા :**

નયકૃત ભ્રાંતિ ન ટળવાના કારણે એકાન્ત દૃષ્ટિમાં અટવાયેલો મધ્યસ્થભાવ વગરનો પુરુષ તુચ્છ આગ્રહવશ યુક્તિને પોતાની તરફ ખેંચે છે, તે જોયા પછી હવે તેની તે કુયુક્તિઓ કેવી હોય છે અને કેવા અનર્થનું કારણ બને છે, તે દૃષ્ટાંત દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે-

**શ્લોક :**

अनर्थायैव नार्थाय, जातिप्रायाश्च युक्तयः ।
हस्ती हन्तीति वचने, प्राप्ताप्राप्तविकल्पवत् ॥७॥

**શબ્દાર્થ :**

૧/૨. च हस्ती हन्तीति - અને વળી 'હાથી મારે છે' એ પ્રકારના ૩. वचने - વચનમાં ૪. प्राप्ताप्राप्तविकल्पवत् - પ્રાપ્ત - અપ્રાપ્તના વિકલ્પની જેમ ૫/૬. जातिप्रायाः युक्तयः - જાતિપ્રાય: યુક્તિઓ ૭. अनर्थाय - અનર્થને માટે ૮. एव - જ (થાય છે.) ૯. नार्थाय - અર્થ (પ્રયોજનની સિદ્ધિ) માટે નહીં.

**શ્લોકાર્થ :**

**'હાથી મારે છે' - આવું વચન સાંભળતાં 'તે પ્રાપ્તને મારે કે અપ્રાપ્તને મારે' (અડેલાને મારે કે, નહિ અડેલાને મારે ?) - એવા વિકલ્પની જેમ જાતિપ્રાય: (દોષવાળી) યુક્તિઓ અનર્થકારી જ થાય છે, તેનાથી કોઈ લાભ થતો નથી.**

**ભાવાર્થ :**

ગાંડો હાથી પાછળ પડ્યો હોય અને તેનો મહાવત ખસી જવા બૂમો પાડતો હોય ત્યારે કોઈ મૂર્ખ દલીલ કરવા બેસે કે, આ હાથી તેને અડેલાને મારે કે ન અડેલાને મારે તો અવસર ચુકાઈ જાય અને તે મૂર્ખ હાથીનો ભોગ બની જાય. તેવી જ રીતે આત્મા આદિ અતીન્દ્રિય પદાર્થોને જાણ્યા વિના તેના સંબંધી માત્ર તર્ક-વિતર્ક કરવાથી કાંઈ વળતું નથી. ઊલટાનું આવા તર્કો કરવામાં અટવાઈ જવાથી જીવન વેડફાઈ જાય છે અને અનાદિકાળનો ભ્રમ અકબંધ રહે છે, તેથી જ કહ્યું છે કે, કુયુક્તિઓથી પ્રયોજનની સિદ્ધિ તો થતી જ નથી, પણ ઘણો અનર્થ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

કહેવાતા અર્થથી જુદા જ અર્થને પકડે અને ન હોય તેવા દોષોનો આરોપ કરાવે તેવી કુયુક્તિને - ખોટી દલીલને - જાતિપ્રાય:[1] યુક્તિ કહેવાય છે. આવી યુક્તિ પદાર્થના સ્વરૂપના યથાર્થ નિર્ણય કરવા માટે ઉપયોગી બનતી નથી, પણ પદાર્થના સ્વરૂપમાં ભ્રાંતિ પેદા કરીને અનર્થનું જ કારણ બને છે. જેમ એક નૈયાયિક વિદ્યાર્થી તાજો ન્યાયશાસ્ત્ર ભણીને ઘેર આવતો હતો. એટલામાં તેની સન્મુખ ગાંડો બનેલો હાથી દોડતો આવ્યો. હાથી પર બેઠેલા મહાવતે બૂમ પાડી કે, 'હે લોકો ! હાથી ગાંડો થયો છે, માટે જલ્દી ખસી જાવ, દૂર ચાલ્યા જાવ.' આ સાંભળી તે ન્યાય ભણેલો વિદ્યાર્થી તર્ક કરતાં કહે છે કે, 'અરે મુર્ખા ! શું આવું અસંગત બોલે છે ? હાથી અડેલાને મારે છે કે ન અડેલાને ? જો અડેલાને મારતો હોય તો તું અડેલો છે, તો તને કેમ મારતો નથી ? અને જો ન અડેલાને મારે તો મારી જેમ આખું વિશ્વ તેને અડેલ નથી, માટે બધાને મારે, પણ એવું તો બનતું નથી.' એટલે મારે અહીંથી જરાય ભાગવાની જરૂર નથી. આ પ્રમાણે તે કુતર્કો કરતો હતો એટલામાં તો સામેથી હાથી આવ્યો અને વિદ્યાર્થીને સૂંઢમાં પકડી મારવાની તૈયારી કરી. મહાવતે મહામુશ્કેલીથી તેને છોડાવ્યો.

અનુભવ વિના માત્ર ખોટા કુતર્કો કરવાથી જેમ ન્યાયશાસ્ત્રનો વિદ્યાર્થી દુ:ખી થયો તેમ અતીન્દ્રિય ક્ષેત્રમાં પણ અનુભવ વિનાના વ્યક્તિઓ માત્ર કુતર્કો કરીને કાંઈ પામી શકતા નથી, માત્ર પોતાના મિથ્યાત્વને પુષ્ટ કરી, ભવભ્રમણ વધારી, દુ:ખની પરંપરા સર્જે છે.

આત્મા, પુણ્ય, પાપ વગેરે અતીન્દ્રિય પદાર્થો કેવળજ્ઞાની જ જોઈ શકે છે, તેના હિત-અહિતનો વિભાગ પણ તેઓ જ કરી શકે છે. આ જ કારણથી આ વિષયમાં તેમના વચનને અનુસરવામાં જ શ્રેય છે; પરંતુ તેમના વચનને બાજુ ઉપર મૂકી, 'આત્મા દેખાતો નથી માટે આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી, હોય તો દેખાય કેમ નહીં ? પુણ્ય-પાપનું ફળ અહીં તો જોવા મળતું નથી. અહીં તો પાપ કરનાર સદા સુખી અને પુણ્ય કરનાર દુ:ખી એવું પણ જોવા મળે છે.' - આવા ખોટા તર્કો કરવાથી આત્મા આદિ તત્ત્વોનો વાસ્તવિક બોધ થતો નથી અને આવા બોધ વગર આત્માના હિત માટે કોઈ વિશેષ પ્રયાસ પણ થઈ શકતો નથી. ॥૭॥

1. જાતિપ્રાય:- વાદી સમ્યગ્ હેતુ કે હેત્વાભાસનો પ્રયોગ કરે ત્યારે હેતુનિષ્ઠતત્ત્વ કે દોષનો પ્રતિભાસ શીઘ્ર ન થવાથી હેતુપ્રતિબિંબ તુલ્ય અર્થાત્ હેતુને સમાન દેખાતા પ્રયોગ દ્વારા કંઈ પણ કહી દેવું તે જાતિ છે, એટલે કે દૂષણાભાસ છે, એટલે કે હેતુમાં રહેલા દોષાદિની સમ્યક્ પરીક્ષા કર્યા વિના જ હેતુ સાથે તુલ્યતાનો આભાસ કરાવનાર અન્ય હેતુ દ્વારા સત્પ્રતિપક્ષ વગેરે દૂષણ બતાવવું તે જાતિ છે. નૈયાયિક શાસ્ત્રમાં સાધર્મ્ય આદિ ચોવીસ પ્રકારની યુક્તિઓ બતાવી છે, તેને જાતિ કહેવાય છે. તેના જેવી બીજી પણ જે કુયુક્તિઓ છે, તેને જાતિપ્રાય: કેહવાય છે. આવી જાતિપ્રાય: કુયુક્તિઓ પદાર્થના સ્વરૂપનો યથાર્થ નિર્ણય માટે ઉપયોગી ન બનતાં પદાર્થના વિષયમાં ભ્રાંતિ પેદા કરી માત્ર અનર્થનું જ કારણ બને છે. આ વિષે વિશેષ માહિતી પરિશિષ્ટ નં.૨માંથી તથા વિવિધ ન્યાયશાસ્ત્રોમાંથી મેળવી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

'જાતિપ્રાય: યુક્તિઓ અનર્થ માટે થાય છે' - તેવું જાણ્યા પછી કોઈને એવી શંકા થઈ શકે છે કે - કુયુક્તિથી આત્માદિ પદાર્થનો સમ્યગ્ બોધ ન થઈ શકે એ વાત બરાબર, પરંતુ સમુચિત યુક્તિનો આશ્રય કરવામાં આવે તો, આત્માદિ પદાર્થનો નિર્ણય થઈ શકે ને ? - આવી શંકાનું સમાધાન કરતાં કહે છે-

**શ્લોક :**

ज्ञायेरन्[५] हेतुवादेन[२] पदार्था[४] यद्यतीन्द्रियाः[१,३] ।
कालेनैतावता[७,६] प्राज्ञैः[८] कृतः[११] स्यात्तेषु[१२,९] निश्चयः[१०] ॥८॥

**શબ્દાર્થ :**

૧. यदि - જો ૨. हेतुवादेन - હેતુવાદથી - યુક્તિવાદથી ૩. अतीन्द्रियाः - અતીન્દ્રિય ૪. पदार्थाः - પદાર્થો ૫. ज्ञायेरन् - જણાય (જાણી શકાય) ૬. एतावता - (તો) આટલા ૭. कालेन - કાળથી ૮. प्राज्ञैः - પ્રાજ્ઞો દ્વારા ૯. तेषु - તેના = અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં ૧૦. निश्चयः - નિશ્ચય ૧૧/૧૨. कृतः स्यात् - કરાયો હોત.

**શ્લોકાર્થ :**

**જો હેતુવાદથી એટલે કે અનુમાન (યુક્તિ) અને તર્ક દ્વારા અતીન્દ્રિય પદાર્થો જાણી શકાતા હોત તો આટલા કાળ સુધી બુદ્ધિમાન પુરુષો દ્વારા અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં નિશ્ચય કરાઈ જ ગયો હોત.**

**ભાવાર્થ :**

આત્મા પુણ્ય, પાપ આદિ અતીન્દ્રિય પદાર્થો માત્ર તર્ક-વિતર્ક કરવાથી જાણી શકાતા નથી. જો તર્ક દ્વારા આ પદાર્થોનો નિર્ણય થતો હોત તો આજ સુધીમાં દુનિયામાં જે અનેક વિદ્વાનો થઈ ગયા છે તેમના દ્વારા આ વિષયમાં જરૂર નિર્ણય થઈ ગયો હોત, પરંતુ તેવું થયું નથી તે જ સૂચવે છે કે અતીન્દ્રિય પદાર્થો માત્ર તર્કનો વિષય નથી.

**વિશેષાર્થ :**

જગતમાં પદાર્થો બે પ્રકારના છે: ૧. ઈન્દ્રિયગમ્ય એટલે ઇન્દ્રિયોથી જાણી શકાય તેવા અને ૨. ઈન્દ્રિય-અગમ્ય એટલે ઇન્દ્રિયો દ્વારા ન જાણી શકાય તેવા. આત્મા-પુણ્ય-પાપ આદિ પદાર્થો ઈન્દ્રિયથી અગમ્ય છે એટલે અતીન્દ્રિય છે. અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય માત્ર યુક્તિથી કદી થઈ શકતો નથી.

યુક્તિવાદના આધારે એટલે કે તર્ક શક્તિના આધારે (logicaly) જ પદાર્થના અસ્તિત્વ અને સ્વરૂપનો નિર્ણય કરવાનો આગ્રહ રાખનારે એ ધ્યાનમાં લેવું જોઈએ કે, યુક્તિવાદની ક્ષમતા ઘણી જ મર્યાદિત છે. તેના આધારે ક્યારે પણ જગતના બધા જ પદાર્થોના અસ્તિત્વ અને તેના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી શકાતો નથી. જો યુક્તિવાદથી જ જગતના તમામ પદાર્થોના અસ્તિત્વ અને સ્વરૂપનો યથાર્થ નિર્ણય થઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકતો હોત[1] તો આજ સુધીના અનંતા ભૂતકાળમાં અનેક તાર્કિક શિરોમણિઓ અને ધુરંધર વિદ્વાનો થઈ ગયા છે, તેમના દ્વારા યુક્તિવાદથી અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય થઈ ગયો હોત; પરંતુ આજ દિવસ સુધી તેઓ પણ આત્માદિ અતીન્દ્રિય પદાર્થોનો યોગ્ય નિર્ણય કરી શક્યા નથી. તે જ બતાવે છે કે માત્ર યુક્તિવાદથી અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય થઈ શકતો નથી.

અહીં કદાચ એવી શંકા થાય કે, "જો હેતુવાદથી પદાર્થનો નિર્ણય થઈ શકતો ન હોય તો છઠ્ઠા શ્લોકમાં 'મધ્યસ્થનું મન યુક્તિરૂપ ગાયને અનુસરે છે' એમ જણાવીને યુક્તિવાદનું મહત્ત્વ શા માટે સ્થાપિત કર્યું ? અને એ રીતે સ્થાપિત કરેલું યુક્તિવાદનું મહત્ત્વ શું આ વાતથી ખંડિત થતું નથી ? આ વિષયમાં એ વાત સમજવી ખાસ જરૂરી છે કે, છઠ્ઠા શ્લોકમાં યુક્તિવાદનું નહિ, પણ માધ્યસ્થ્યનું મહત્ત્વ બતાવ્યું છે. માધ્યસ્થ્યને પામેલો સાધક યુક્તિવાદને જરૂર અનુસરશે, પણ એકાન્તે યુક્તિને પકડીને તે કદી બેસી નહિ રહે. તે પોતાની તર્કશક્તિને પદાર્થના સાચા સ્વરૂપનો બોધ કરવા માટે વાપરશે; તેથી જ્યાં યુક્તિને મુખ્ય કરવાની હશે, ત્યાં યુક્તિને પ્રાધાન્ય આપશે અને જ્યાં આગમને મહત્ત્વ આપવાનું હશે, ત્યાં આગમને મહત્ત્વ આપશે. આમ મધ્યસ્થ વ્યક્તિ યુક્તિગમ્ય પદાર્થોનો યથાર્થ બોધ પ્રાપ્ત કરવા પોતાની તર્કશક્તિનો ઉપયોગ કરશે, આથી જ તે આત્માદિ અતીન્દ્રિય પદાર્થના અસ્તિત્વ અને સ્વરૂપનો પણ આગમ અને યુક્તિના આધારે નિર્ણય કરી આત્મસાધનાના માર્ગે નિર્વિઘ્ને ગતિ કરી શકશે. ॥૮॥

---

1. તુલના

अभ्युच्चयमाह -

ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ।।१४६।।

ज्ञायेरन् हेतुवादेनानुमानवादेन, पदार्था यद्यतीन्द्रियाः सर्वज्ञादयः कालेनैतावता प्राज्ञैस्तार्किकैः, कृतः स्यात्तेषु निश्चयोऽवगम इति । योगदृष्टिसमुच्चये ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અતીન્દ્રિયમાર્ગમાં આગમની મહત્તા અને મર્યાદા

ગાથા-૯-૧૦-૧૧

**અવતરણિકા :**

જો માત્ર યુક્તિવાદથી અતીન્દ્રિય પદાર્થનો બોધ થતો નથી તો, આત્માદિ અતીન્દ્રિય પદાર્થનો બોધ કરવા અન્ય કયા સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે ? આ જિજ્ઞાસાની તૃપ્તિ માટે ગ્રંથકારશ્રી હવેના શ્લોકમાં જણાવે છે-

**શ્લોક :**

आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् ।
अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥९॥

**શબ્દાર્થ :**

૧. अतीन्द्रियाणामर्थानां - અતીન્દ્રિય અર્થોના ૨. सद्भावप्रतिपत्तये - સદ્ભાવના સ્વીકાર માટે ૩. आगमः च આગમ અને ૪. उपपत्तिः च - ઉપપત્તિ (યુક્તિ) ૫. सम्पूर्णं - સંપૂર્ણ ૬. दृष्टिलक्षणम् - દૃષ્ટિસ્વરૂપ છે.

**શ્લોકાર્થ :**

**અતીન્દ્રિય પદાર્થોના સદ્ભાવનો (સત્તાનો) સ્વીકાર કરવા માટે એટલે કે 'અતીન્દ્રિય પદાર્થો અસ્તિત્વ ધરાવે છે, વિદ્યમાન છે અને તેનું સ્વરૂપ કેવું છે.' તેનો યથાર્થ બોધ પ્રાપ્ત કરવા માટે આગમ અને ઉપપત્તિ સંપૂર્ણ દૃષ્ટિસ્વરૂપ છે.**

**ભાવાર્થ :**

આત્મા આદિ છે કે નહીં ? આ ગહન પ્રશ્નનો જવાબ માત્ર તર્ક કરવાથી ન મળી શકે. તે માટે આત્માનો અનુભવ કરનાર અને તેને સ્પષ્ટરૂપે જોનારા સર્વજ્ઞનું વચન પણ જરૂરી છે. આ બન્નેનો સુમેળ સધાય તો જ આત્માદિ પદાર્થોના અસ્તિત્વનો અને તેના સામાન્ય સ્વરૂપનો બોધ પ્રાપ્ત થાય. આગમ એટલે પરમાત્માનું વચન અને ઉપપત્તિ એટલે આગમને સમજવામાં ઉપયોગી બને તેવી તર્કશક્તિ. આ બે સાધનો 'આત્મા છે' એવો નિશ્ચય કરવા પર્યાપ્ત છે.

**વિશેષાર્થ :**

ઇન્દ્રિય દ્વારા જે પદાર્થો જાણી કે અનુભવી શકાતા નથી તેવા આત્મા, પુણ્ય, પાપ આદિ પદાર્થોનું સ્પષ્ટ અને સાક્ષાત્ દર્શન કેવળજ્ઞાનથી જ થાય છે. આમ છતાં કેવળજ્ઞાન વિના પણ જો સાધક સર્વજ્ઞ ભગવંતના વચનરૂપ શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી તર્કનો ઉપયોગ કરે તો તે આત્મા પુણ્ય, પાપ આદિ પદાર્થો છે અને તે આવા સ્વરૂપવાળા છે, તેમ જાણી શકે છે. કેમ કે, અતીન્દ્રિય પદાર્થનો બોધ મેળવવા સર્વજ્ઞના વચનો અને તર્કશક્તિ પર્યાપ્ત સાધનો છે, તેથી જ્યારે સાધક આગમ અને તર્કશક્તિ આ બન્ને સાધનોનો ઉપયોગ કરી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મા આદિ પદાર્થને જુએ ત્યારે તેણે પદાર્થને સંપૂર્ણ દૃષ્ટિથી જોયો તેમ કહેવાય છે; પરંતુ જ્યારે બે સાધનોમાંથી કોઈ એક જ સાધનનો ઉપયોગ કરાય ત્યારે તેની દૃષ્ટિ અપૂર્ણ છે તેમ કહેવાય છે, તેથી જે વસ્તુ તર્કસંગત દેખાય પણ આગમ તેમાં સાખ ન પૂરે અથવા જે વસ્તુ તર્કસંગત ન હોય અને કોઈક કહેવાતું શાસ્ત્ર એમાં સાખ પૂરે તો તેનાથી પદાર્થનો નિર્ણય થઈ શકે નહીં.

'આત્મા'નો યથાર્થબોધ કરવા ઉપયોગી બનનારાં બન્ને સાધનો આ પ્રમાણે છે-

**૧ આગમ :**

રાગ, દ્વેષ અને મોહ-અજ્ઞાનનો નાશ કરી જેઓ સર્વજ્ઞ વીતરાગ બને છે, તેમને આપ્તપુરુષ કહેવાય છે. આવા આપ્ત પુરુષો પોતાના કેવળજ્ઞાનમાં જે પદાર્થો જેવા છે, તેવા જુએ છે અને જગતના હિત માટે, જેવા જુએ છે તેવા યથાર્થ જ કહે છે. આવા આપ્તપુરુષના વચનમાં ક્યારેય ક્યાંય અસત્યની છાંટ હોતી નથી. આથી આવા આપ્તપુરુષના વચનને આગમ કહેવાય છે. આગમરૂપી આપ્તપુરુષના વચનના આધારે આત્માદિ પદાર્થોના અસ્તિત્વ અને સ્વરૂપનો નિર્ણય જરૂર થઈ શકે છે.

**૨ ઉપપત્તિ :**

ઉપપત્તિનો અર્થ છે - અનુમાન. લિંગ દ્વારા થતા લિંગીના જ્ઞાનને અનુમાન કહેવાય છે. જેમ ધુમાડારૂપ લિંગને જોઈ પર્વતાદિ સ્થળોમાં અગ્નિસ્વરૂપ લિંગી છે, તેવું અનુમાન થાય છે. તે રીતે જડ એવા શરીરમાં થતી ચેષ્ટાઓ (movement)કે વિવિધતાથી ભરેલા વિશ્વને જોઈ આત્મા, પુણ્ય, પાપ આદિ વિષયક અનુમાન પણ થઈ શકે છે. આવા અનુમાનને ઉપપત્તિ પ્રમાણ કહેવાય છે.

આ ઉપપત્તિના પણ બે પ્રકાર છે : ૧. તથોપપત્તિ અને ૨. અન્યથા અનુપપત્તિ. તથોપપત્તિ એટલે જેના કાર્ય-કારણભાવ દેખાતા હોય, જેમ કે અગ્નિથી ધુમાડાની ઉપપત્તિ થાય છે, તેવું અનેક સ્થળે જોવા મળે છે; તેના કારણે ધુમાડો જોતાં અહીં અગ્નિ હોવો જોઈએ, તેવું અનુમાન કરી શકાય છે, આને **તથોપપત્તિ** કહેવાય છે.

જ્યારે દૃશ્ય પદાર્થની બીજી રીતે સંગતિ ન થતી હોય ત્યારે અદૃશ્યની કલ્પના કરવી તે અન્યથા અનુપપત્તિ છે. ઘણાં એવાં કાર્યો હોય છે કે જેનાં કોઈ સ્પષ્ટ કારણો પ્રત્યક્ષ દેખાતાં ન હોય, તોપણ તે કાર્યનું કોઈક કારણ તો માનવું જ પડે છે. જેમ કે, 'पीनो देवदत्तः दिवा न भुङ्क्तै' દેવદત્ત નામનો કોઈક માણસ રુષ્ટ-પુષ્ટ દેખાય છે, પણ તેને કોઈએ દિવસે કદી ખાતાં જોયો નથી. ત્યાં અનુમાન કરવું પડે છે કે, એ રાત્રે ખાતો હોવો જોઈએ. આવા અનુમાનને **અન્યથા અનુપપત્તિ** કહેવાય છે.

ખાવું, પીવું, હાલવું, ચાલવું આદિ ક્રિયાઓ શરીરમાં દેખાય છે, આથી સ્થૂલદૃષ્ટિએ વિચારીએ તો આ બધી ક્રિયાઓનો સંચાલક શરીર જ લાગે, પણ મૃત શરીરમાં આ બધી ક્રિયાઓ થતી નથી, કેમકે તે જડ છે. તો પછી પૂર્વે જડ એવા પણ શરીરમાં ક્રિયાઓ કેવી રીતે થતી હતી ? આવો પ્રશ્ન ઉદ્ભવે ત્યારે માનવું જ પડે કે ચોક્કસ પ્રકારની ક્રિયાઓનો સંચાલક શરીરથી અન્ય કોઈક છે એટલે કે આત્મા છે.

શાસ્ત્રવચનનો આધાર લઈ જો આ પદાર્થ વિચારવામાં આવે તોપણ સ્પષ્ટ સમજાય કે, તે સંચાલક તત્ત્વ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મા જ છે. આત્મા જ પોતાની વીર્યશક્તિ દ્વારા આવી ચેષ્ટાઓ શરીરના માધ્યમે કરે છે અને આત્મા જ પોતાની જ્ઞાનશક્તિ દ્વારા સુખ અને દુઃખની સંવેદના પણ કરે છે અને આત્મા જ્યારે શરીરમાંથી છૂટો પડે છે, ત્યારે આ સર્વ પ્રવૃત્તિ અટકે છે. આ રીતે શાસ્ત્રવચનનો સહારો લઈ, જડ એવા શરીરમાં ક્રિયાની અન્યથા અનુપપત્તિ થતી હોવાથી જો આત્માનું અનુમાન કરવામાં આવે તો શરીરની ચેષ્ટા આદિની સંગતિ થઈ શકે અને આત્મા ન માનીએ તો તે સર્વની સંગતિ થઈ શકે નહિ. આથી જ શાસ્ત્ર અને શાસ્ત્રાનુસારી યુક્તિ દ્વારા, 'આત્મા નામનો પદાર્થ છે' તથા તેનું સ્વરૂપ આવા પ્રકારનું છે, તેવું સમજી શકાય છે.

વળી, આ જગતમાં જેટલી વિવિધતા જોવા મળે છે, તેનું કોઈ સ્પષ્ટ કારણ જોવા મળતું નથી. જેમ કે, એક સાથે માતા બે બાળકને જન્મ આપે છે, તેમાં એક રૂપવાન છે, એક કુરૂપ છે. એક રોગી છે, એક નિરોગી છે. એક બુદ્ધિશાળી છે, એક બુદ્ધિવિહીન છે. એક પૂર્ણાંગ છે, એક વિકલાંગ છે. એક સુખી છે, એક દુઃખી છે. આનું કારણ શું ? આ બધાનું કોઈ દેખીતું કારણ જણાતું નથી; પણ શાસ્ત્રમાં કહ્યું છે, 'स्वस्वकर्मकृतावेशाः स्वस्वकर्मभुजो नराः'[1] મનુષ્ય માત્ર (જીવ માત્ર) પોતપોતાના કર્મથી કરાયેલા આવેશવાળા અર્થાત્ અવસ્થાવાળા હોય છે અને સૌ પોતપોતાના કર્મને જ ભોગવનારા હોય છે, તેથી આવા અનેક શાસ્ત્રવચનનો સહારો લઈ અનુમાન કરાય તો જરૂર સમજી શકાય કે, આ જગતની વિવિધતા અને વિચિત્રતાનું કારણ કર્મ જ છે. કર્મને માન્યા વિના આ વિવિધતાઓ કોઈ રીતે સંગત થઈ શકે તેમ નથી. આ રીતે શાસ્ત્રાધારે અનુમાન કરવામાં આવે તો અતીન્દ્રિય એવા કર્મનું અસ્તિત્વ અને તેનું સ્વરૂપ સારી રીતે સમજી શકાય તેમ છે.

વળી, જન્મતા જ બાળકને સ્તનપાન કરવાની ખબર કઈ રીતે પડે છે ? દુઃખ આવે ત્યારે રડવાનું તેને કોણે શીખવાડ્યું છે ? અને બાળકમાં જે ભયાદિ લાગણીઓ દેખાય છે, તે શેના કારણે ? તેની વિચારણા પણ શાસ્ત્રાધારે કરવામાં આવે તો સમજાય કે, જીવમાં અનાદિકાળથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞા પ્રવર્તે છે. આ સંસ્કારોને કારણે જ કોઈપણ પ્રકારના શિક્ષણ વિના જન્મતાં જ બાળકને આહાર કરવાનું, ભયની લાગણી વ્યક્ત કરવાનું વગેરે જ્ઞાન થઈ જાય છે. તેની આવી વિવિધ પ્રવૃત્તિઓના આધારે પૂર્વભવ કે ભવની પરંપરાનું અનુમાન જરૂર થઈ શકે છે. આ રીતે જગત્સ્થિતિનો વિચાર કરતાં આત્મા, પુણ્ય, પાપ, પરલોક આદિ પદાર્થોનો પણ નિર્ણય થઈ શકે છે, કેમ કે, 'આ સિવાય એટલે કે જો આત્મા, પુણ્ય, પાપ, પરલોક આદિ ન માનીએ તો દૃશ્યમાન જગતની વિવિધતા અને વિચિત્રતા કોઈ રીતે સંગત થાય તેમ નથી, માટે આત્મા વગેરે માનવા જ જોઈએ' - આવી વિચારણા તે 'અન્યથા અનુપપત્તિ' પ્રમાણ છે અને આત્મા, કર્મ, પુણ્ય, પાપ, પરલોક આદિ માનીએ તો જગતની વ્યવસ્થા બરાબર ઘટી જાય છે આવો તર્ક તે તથોપપત્તિ છે. ટૂંકમાં કહીએ તો તથોપપત્તિ એ અન્વયવ્યાપ્તિ સ્વરૂપ છે અને અન્યથા અનુપપત્તિ એ વ્યતિરેકવ્યાપ્તિ સ્વરૂપ છે.

આ રીતે તર્કશક્તિનો સહારો લઈને જો સમ્યગ્ પ્રકારે આગમમાં કહેલા તત્ત્વોની વિચારણા કરવામાં આવે તો જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા, સ્વર્ગ-નરક, સંસાર-મોક્ષ, આત્મા, આત્માના જ્ઞાનાદિ અનંત ગુણો, એનું આવરણ કરનારા કર્મો, એ કર્મોનો ધર્મસાધના દ્વારા થતો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય, એના યોગે આત્માના ગુણોનું આંશિકરૂપે કે પૂર્ણરૂપે પ્રગટીકરણ - આ બધા જ પદાર્થોનાં અસ્તિત્વનો નિર્ણય અને તેના સ્વરૂપનો કંઈક અવબોધ પણ થઈ શકે છે. ॥૯॥

1. જ્ઞાનસાર ૧૬/૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

"આગમ અને યુક્તિ બંનેનો સહારો લેવામાં આવે તોપણ આત્માદિ અતીન્દ્રિય પદાર્થના માત્ર અસ્તિત્વનો જ બોધ થાય છે" - પૂર્વ શ્લોકની આ વાત જાણી જિજ્ઞાસા થાય કે, તે બોધ પૂર્ણ હશે કે અપૂર્ણ ? - આવી જિજ્ઞાસાને સંતોષવા ગ્રંથકારશ્રી જણાવે છે-

**શ્લોક :**

**अन्तरा[2] केवलज्ञानं[1] छद्मस्था:[3] खल्वचक्षुषः[4] ।**
**हस्तस्पर्शसमं[5] शास्त्रज्ञानं[6] तद्व्यवहारकृत्[7] ॥१०॥**

**શબ્દાર્થ :**

૧/૨. केवलज्ञानं अन्तरा - કેવલજ્ઞાન વિના ૩. छद्मस्थाः - છદ્મસ્થો ૪. खलु अचक्षुषः - ખરેખર ચક્ષુ વિનાના છે. ૫. हस्तस्पर्शसमं - હાથના સ્પર્શ તુલ્ય ૬. शास्त्रज्ञानं - શાસ્ત્રજ્ઞાન ૭. तद्व्यवहारकृत् - તેના = અતીન્દ્રિય પદાર્થોના વ્યવહારને કરનારું છે.

**શ્લોકાર્થ :**

**કેવળજ્ઞાન વિનાના છદ્મસ્થ જીવો ખરેખર ચક્ષુ વિનાના છે. (તેમના માટે) શાસ્ત્રથી મેળવેલું અતીન્દ્રિય પદાર્થનું જ્ઞાન હાથના સ્પર્શથી થતાં પદાર્થના જ્ઞાન જેવું છે. અંધ જેમ હાથથી સ્પર્શ કરી વ્યવહાર કરે છે તેમ આ જ્ઞાન પણ વ્યવહાર કરાવનારું છે.**

**ભાવાર્થ :**

કેવળજ્ઞાન વિનાના છદ્મસ્થ જીવો અંધ સમાન છે. અંધ વ્યક્તિ જેમ સ્પર્શ આદિ દ્વારા આ વસ્તુ છે, તેવો નિર્ણય કરી, પોતાનો વ્યવહાર ચલાવી શકે છે, પણ તેને તે પદાર્થના રંગ-રૂપ આદિનો કોઈ વિશેષ બોધ થતો નથી. તેની જેમ આગમ અને અનુમાન દ્વારા છદ્મસ્થ જીવો આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થો છે, તેવું નક્કી કરી સાધના ચોક્કસ કરી શકે છે, પણ કેવળજ્ઞાન વિના આત્મતત્ત્વનું સ્પષ્ટ દર્શન કરી શકતા નથી.

**વિશેષાર્થ :**

આગળના શ્લોકમાં જણાવ્યું તેમ આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થોનો બોધ કરવા માટે આગમ અને યુક્તિ સંપૂર્ણ દૃષ્ટિરૂપ છે. આમ છતાં આગમ કે યુક્તિ દ્વારા આત્માદિ પદાર્થો છે અને સામાન્યથી તેમનું આવું સ્વરૂપ છે તે જાણી શકાય છે, પરંતુ કેવળજ્ઞાન દ્વારા આત્માદિનો જેવો પૂર્ણ બોધ થાય તેવો બોધ તો આગમ કે યુક્તિ દ્વારા નથી જ થતો. કેવળી આત્માદિ પદાર્થોને જે રીતે સ્પષ્ટપણે જોઈ શકે છે. હરપળ તેની અનુભૂતિ કરી શકે છે તે બોધ કે પ્રતીતિ ચૌદપૂર્વનું જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે તેવા શાસ્ત્રજ્ઞાની કે અનેક યુક્તિ-પ્રયુક્તિઓને જાણનાર વિદ્વાન પણ કરી શકતા નથી. તેથી શાસ્ત્રજ્ઞાની વિદ્વાનો પણ આત્માદિનું સ્પષ્ટ દર્શન કરવા માટે તો અંધ જેવા જ છે.

અંધ બે પ્રકારના હોય છે : (૧) ઘડાયેલા કે સદ્-અંધ અને (૨) અણઘડ કે અસદ્-અંધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેળવાયેલા અંધમાં દૃષ્ટિના અભાવમાં પણ પ્રત્યેક વ્યવહારો કઈ રીતે કરવા કે દરેક પદાર્થોને કઈ રીતે ઓળખવા તેની એક અનોખી સૂઝ હોય છે, તેથી તે ઘણો ખરો વ્યવહાર દેખતા માણસ જેવો જ કરી શકે છે, આમ છતાં તેને પણ આંખોની અપેક્ષા તો રહે જ છે. ચક્ષુ પ્રાપ્ત થવાની જ્યાં થોડી પણ સંભાવના જણાય ત્યાં તેનો ચક્ષુ મેળવવા માટેનો પ્રયત્ન ચાલુ જ હોય છે. તે સમજે છે કે કેળવણી અને અનુભવના આધારે મારો વ્યવહાર ગમે તેટલો સારી રીતે ચાલતો હોય તોપણ સાક્ષાત્ ચક્ષુ દ્વારા પદાર્થનું દર્શન કરીને જે વ્યવહાર થાય અને એમાં જે તૃપ્તિ, નિઃશંકતા, અને નિશ્ચિંતતાનો અનુભવ થાય તે અંધાપામાં તો શક્ય નથી જ.

કેળવણી વગરના અણઘડ કે અસદ્-અંધમાં આંખોના અભાવમાં સ્પર્શ કે ગંધથી કેવી રીતે વ્યવહાર ચલાવવો તેની સૂઝ હોતી નથી આવી જ રીતે, કેવળજ્ઞાનરૂપી ચક્ષુ વિનાના અંધ સમાન છદ્મસ્થ જીવો પણ બે પ્રકારના હોય છે. તેમાં જેની પાસે આગમનો આધાર નથી અને જેઓ માત્ર તર્કના આધારે આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થનો બોધ કરવા પ્રયત્ન કરે છે તે અણઘડ કે અસદ્અંધ જેવા હોય છે, તેઓ કદી પણ અતીન્દ્રિય પદાર્થનો બોધ કરી શકતા નથી. જ્યારે શાસ્ત્રજ્ઞાનીનો વ્યવહાર કેળવાયેલા અંધ (સદ્અંધ) જેવો હોય છે. તેઓ આગમનું અવલંબન લઈ કેળવાયેલા અંધની જેમ ઘણો સારો વ્યવહાર કરી શકે છે. આમ છતાં જેમ અંધની પણ એક મર્યાદા હોય છે તેમ છેક ચૌદ પૂર્વના શ્રુતજ્ઞાની છદ્મસ્થોની પણ એક મર્યાદા હોય છે.

કેવળજ્ઞાન વિનાનો છદ્મસ્થ સાધક પણ શાસ્ત્રજ્ઞાનના આધારે જાણે છે કે, "હું આત્મા છું, જ્ઞાનાદિ ગુણોથી યુક્ત છું અને પરમસુખનો સ્વામી છું, પણ કર્મના આવરણના કારણે આજે મારા ગુણો ઢંકાયેલા છે. મારું સુખ અવરાયેલું છે. આમ છતાં યોગમાર્ગની સાધના દ્વારા હું કર્મને દૂર કરી મારા ગુણોને અને સુખને જરૂર પામી શકું તેમ છું." આવું જાણી છદ્મસ્થ સાધક પણ શાસ્ત્રના આધારે પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા યથાયોગ્ય વ્યવહાર કરી આત્મિક સુખનું કંઈક સંવેદન કરી શકે છે, તોપણ કેવળજ્ઞાન વિના આત્માનું દર્શન થતું નથી. સુખમય આત્માનો સાક્ષાત્કાર થતો નથી, તેથી અન્ય ઇન્દ્રિયો દ્વારા વ્યવહાર ચલાવતા અંધને જેમ આંખોની અપેક્ષા રહે જ છે તેમ શાસ્ત્રના આધારે સાધનામાર્ગે આગળ વધતાં સાધકને પણ કેવળજ્ઞાનની અપેક્ષા રહે જ છે. અતીન્દ્રિય પદાર્થના વિષયમાં કેવળજ્ઞાની જ દેખતા માણસ જેવો વ્યવહાર કરી શકે. આટલી વાત જો સમજાય તો આગમ અને ઉપપત્તિરૂપ દૃષ્ટિ પ્રાપ્ત થવા છતાં પણ કેવળજ્ઞાનની અપેક્ષા કેમ રહે તે ખ્યાલમાં આવી જશે.

આના ઉપરથી એટલું નક્કી કરી શકાય કે પૂર્વ શ્લોકમાં અતીન્દ્રિય પદાર્થનો બોધ કરવા આગમ અને ઉપપત્તિ પ્રમાણને સંપૂર્ણ દૃષ્ટિરૂપ કહ્યાં તે અતીન્દ્રિય પદાર્થોના અસ્તિત્વનો સ્વીકાર કે તેના સ્વરૂપનો નિર્ણય કરવાની અપેક્ષાએ કહ્યું છે; પરંતુ આત્મસાક્ષાત્કારની અપેક્ષાએ નહિ. તેથી આત્માદિ તત્ત્વનો જેને અનુભવ કરવો હોય તેણે સૌ પ્રથમ શાસ્ત્રાભ્યાસ કરવો જોઈએ, ત્યારપછી શાસ્ત્રાનુસારી યુક્તિનું જોડાણ કરીને શાસ્ત્રમાં બતાવેલા અનુષ્ઠાનો આદરવા જોઈએ. જેમ જેમ આ માર્ગે આગળ વધતાં જવાય તેમ તેમ આત્માદિ તત્ત્વનો 'અનુભવ' થવાની શરૂઆત થાય અને કેવળજ્ઞાન થતાં તેનો પૂર્ણ સાક્ષાત્કાર થઈ શકે[1]. ॥૧૦॥

1. आगमेनानुमानेन, योगाभ्यासरसेन च । त्रिधा प्रकल्पयन्प्रज्ञां, लभते तत्त्वमुत्तमम् ।।१०१।। - योगदृष्टिसमुच्चये ।।

અહીં પૂ. મહામહોપાધ્યાયજી ભગવંતે આગમ અને અનુમાન દ્વારા આત્માદિ તત્ત્વનો બોધ થશે તેમ જણાવ્યું છે અને પૂ. હરીભદ્રસૂરી મ.સા. એ 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં આત્માદિ ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ માટે આગમ, અનુમાન અને યોગાભ્યાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવતરણિકા :

કેવળજ્ઞાન વિના આત્મદર્શન થતું નથી છતાં પણ શાસ્ત્રજ્ઞાન નિરર્થક નથી. કારણ કે શાસ્ત્રજ્ઞાન જ આત્મહિતની દિશા બતાવી શકે છે. તેવું જણાવી શાસ્ત્રજ્ઞાનની મહત્તા સ્થાપન કરતાં જણાવે છે-

શ્લોક :

शुद्धोञ्छाद्यपि[८,९] शास्त्राज्ञानिरपेक्षस्य[७] नो[६] हितम्[५] ।
भौतहन्तुर्यथा[१] तस्य[३] पदस्पर्शनिषेधनम्[४] ॥११॥

શબ્દાર્થ :

૧. यथा - જે પ્રમાણે ૨. भौतहन्तुः - ભૌત ગુરુને હણનાર વ્યક્તિનો ૩/૪. तस्य पदस्पर्शनिषेधनम् - તેના = ભૌત ગુરુને પગથી સ્પર્શ કરવાનો નિષેધ ૫/૬. हितम् नो - હિતકારી નથી ૭. (तथा) शास्त्राज्ञानिरपेक्षस्य - (તેવી રીતે) શાસ્ત્રાજ્ઞા નિરપેક્ષ વ્યક્તિની ૮/૯. शुद्धोञ्छाद्यपि - શુદ્ધ ભિક્ષાદિ પણ (नो हितम्) (હિતકારી નથી.)

શ્લોકાર્થ :

**ભૌતગુરુની હત્યા કરનાર વ્યક્તિનો ભૌત ગુરુને પગથી સ્પર્શ કરવાનો નિષેધ જેમ હિતકારી નથી, તેમ શાસ્ત્રની આજ્ઞાને બાજુ ઉપર મૂકી શુદ્ધ ભિક્ષા આદિનો આગ્રહ રાખવો પણ હિતકારી નથી.**

ભાવાર્થ :

એક ભીલ રાજાએ મોરપીંછનું છત્ર મેળવવા માટે પોતાના ગુરુ એવા ભૌતાચાર્યની હત્યા કરાવી; પરંતુ તે વખતે પણ તેણે પોતાના સૈનિકોને સૂચના આપેલી કે, 'ગુરુની આશાતનાથી બચવા, ગુરુને પગ ન લાગી જાય તેની ખૂબ કાળજી રાખજો.' તેનો આવો આશાતનાથી બચવાનો સારો ભાવ પણ હિતકારક બનતો નથી, કેમ કે 'ગુરુને પગ લગાડવો' એ નાનું પાપ છે, જ્યારે 'ગુરુને મારી નાંખવા' તે મોટું પાપ છે. તેની જેમ કોઈ વિવેક વિહોણો સાધક શાસ્ત્રાજ્ઞાને બાજુ પર મૂકી, આત્મહિત સાધવા માટે જો શુદ્ધ ભિક્ષાદિ ઉત્તમ સાધ્વાચારનું પાલન કરે તો તે પણ હિતકારી બનતું નથી, કેમ કે 'અશુદ્ધ ભિક્ષા'-એ નાનું પાપ છે અને 'શાસ્ત્ર-આજ્ઞાની ઉપેક્ષા કરવી' - એ મોટું પાપ છે.

વિશેષાર્થ :

શુદ્ધ આત્મતત્ત્વનું દર્શન કેવળજ્ઞાનથી જ થઈ શકે છે અને શાસ્ત્રજ્ઞાન ભલે તેવું આત્મદર્શન કરાવવા સમર્થ ન હોય. છતાં પણ તે શુદ્ધ આત્માને પ્રગટ કરવાની ઇચ્છાવાળા સાધક માટે તો જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તે શાસ્ત્રજ્ઞાન જ ઉપયોગી બનવાનું છે, તેથી ગ્રંથકારશ્રી સાધકને આત્મહિતની સાચી દિશાનો બોધ કરાવવા અલગ અલગ દૃષ્ટિકોણથી શાસ્ત્રનું મહત્ત્વ સમજાવી રહ્યા છે. પહેલા તેઓશ્રીએ જણાવ્યું કે માત્ર

એમ ત્રણ ઉપાયો દ્વારા બુદ્ધિને કસવાની વાત કરી છે. અપેક્ષાભેદે બન્ને વાતો યોગ્ય છે. આત્મા વિદ્યમાન છે અને તેનું સ્વરૂપ કેવું છે તેટલો માત્ર બોધ કરવા માટે આગમ અને અનુમાન એ બે જ ઉપાયો જરૂરી છે, પણ **આત્માના સુખમય સ્વરૂપનો અનુભવ કે સાક્ષાત્કાર કરવા આ બે ઉપાયો ઉપરાંત યોગાભ્યાસ પણ અનિવાર્ય છે.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તર્કથી આત્મહિત સાધી શકાતું નથી; પરંતુ શાસ્ત્ર વચનને સમજવા માટે કરાતો તર્ક અને શાસ્ત્ર વચનને બાધ ન આવે એવો તર્ક જ આત્મહિતના માર્ગમાં ઉપયોગી નીવડે છે.

હવે આ જ વાતને આગળ વધારતા ગ્રંથકારશ્રી કહે છે કે, સામાન્યથી ભલે એવું કહેવાય કે, આત્મહિત સાધવા શુદ્ધ સંયમજીવનનું પાલન કરવું જોઈએ, પરંતુ તે શાસ્ત્રાજ્ઞા પૂર્વકનું હોય તો જ વાસ્તવમાં ઉપકારક બને છે. શાસ્ત્રાજ્ઞાની ઉપેક્ષા કરી નિર્દોષ આહાર, નવકલ્પી વિહાર કે ઉત્કૃષ્ટ તપ આદિ જેવા ઉત્તમ સાધ્વાચારો પણ આત્મહિતકર થતા નથી, કેમ કે, 'સર્વ પ્રવૃત્તિ શાસ્ત્રાજ્ઞા સાપેક્ષ કરવી' એ બળવાન આજ્ઞા છે અને 'શુદ્ધ ભિક્ષાદિરૂપ સાધ્વાચારનું પાલન કરવું' તે અપેક્ષાએ ખૂબ નાની આજ્ઞા છે. બળવાન આજ્ઞાની ઉપેક્ષા કરી આવી નાની આજ્ઞાના પાલન માટેનો યત્ન સાધક માટે ક્યારેય હિતકારી થતો નથી.

આ જ વાતને ગ્રંથકારશ્રીજી એક દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. એક ભીલ રાજાએ એવું સાંભળ્યું હતું કે 'તપસ્વી ઋષિઓને પગ લગાડવાથી મોટો અનર્થ થાય છે.' તેથી તે દૃઢ આગ્રહપૂર્વક તે મર્યાદાનું પાલન કરતો હતો. હવે એકવાર તેને એક શરીરે ભસ્મ લગાડનાર ભૌત ગુરુ પાસેથી મોરપીંછનું છત્ર જોઈતું હતું. ભૌતગુરુએ તે આપવાની ના પાડી તેથી ભીલ રાજાએ તેના સૈનિકોને આદેશ કર્યો કે 'ભૌતગુરુની પાસેથી કોઈ પણ રીતે મોરપીંછનું છત્ર લઈ આવો, પરંતુ ખાસ ધ્યાન રાખજો કે ગુરુને તમારો પગ ન લાગી જાય. સૈનિકો ગુરુ પાસે ગયા, પરંતુ ગુરુએ તેમને પણ મોરપીંછનું છત્ર ન આપ્યું તેથી સૈનિકોએ તો દૂરથી બાણનો પ્રહાર કરી ગુરુને મારી નાંખ્યા. આમ ભીલરાજા ગુરુને પગનો સ્પર્શ કરવારૂપ નાના પાપથી તો બચી શક્યો; પરંતુ તેણે ગુરુહત્યાનું ગોઝારું પાપ વહોરી લીધું. વિવેક ન હોવાને કારણે પાપથી બચવાનો ભાવ હોવા છતાં તે પાપથી બચી ન શક્યો[1].

ભીલરાજાની જેમ આત્મહિતની ઇચ્છાવાળા સાધક માટે પણ 'સર્વ ક્રિયા શાસ્ત્ર સાપેક્ષપણે કરવી' - તે મોટી આજ્ઞા છે અને 'શુદ્ધભિક્ષા ગ્રહણ કરવી' વગેરે અનેક શાસ્ત્ર-આજ્ઞાઓ પૈકીની એક નાની આજ્ઞા છે.

1. તુલના :-

ભૌત પ્રતે જિમ બાણે હણતા, પગ અણફરસી સબરા રે

ગુરુ છોડી આહારતણો ખપ, કરતા તિમ મુનિ નવરા રે... શ્રી જિન

બા૦ તથા ભૌત પ્રતેં૦ = બૌદ્ધ [?] પ્રતેં જિમ બાણેં કરીને હણતાં પીછું લેવાને માટે પણ પગ ફરસીને એતલે પગ ફરસતાં પાપ લાગે, તે માટે **શબરા** ક૦ શબર નામા રાજા, તેહની પર=ગુરુકુલવાસી છાંડિનેં આહારનો ખપ કરતા એતલે શુદ્ધમાન આહાર ખોલતા મુનિને નવરા જાણવા એતલે નિકામા જાણવા. ઇતિ ગાથાર્થ.

ભાવાર્થ તો કથાથી જાણીઇં. તદ્યથા : કોઈક સન્નિવેશને વિષે શબરનામા રાજા તે બૌદ્ધનો ભક્તિવંતો થતો હવો, તેહને ઘરિ બૌદ્ધ ગુરુ આવતો હવો, માથા ઉપરે મયૂરપિચ્છનો છત્ર અતિ અદ્ભુત શોભાવંત ધરાવતો હવો, રાજાઇ આદર સન્માન દેઇ આસનેં બેસાર્યો. તે રાજાની રાણીઇં દીઠો. છત્ર પણ મયૂરના ચંદ્ર તેણે કરીને ચગવગાટ કરતું દીઠું. તે છત્ર, કુતૂહલ પામી થકી, રાણી માગતી હવી. તે દેશમાં મયૂર નથી તે માટે અચરિજ. તે બૌદ્ધઇ ન આપ્યું. ઊઠીને પોતાને ઠેકાણે જાતો રહ્યો. હવે રાણી ભોજન ન કરે. રાજાએ પૂછ્યું. જે 'ભોજન સ્યા માટે નથી કરતી ?' તિવારેં રાણી બોલી જે 'એ છત્ર આવે તો ભોજન કરું.' તિવારેં રાજાએ છત્ર માગે પણિ આપે નહીં. તિવારે સ્નેહરાગ અતિ દુર્ધર છે. તે માટે રાણીને સ્નેહે કરી રાજાઇં પોતાના સુભટને હુકમ કર્યો જે 'બલાત્કારે એ છત્રપિચ્છ લેઇ આવો', તિવારે સુભટ બોલ્યો જે 'એ પોતે જીવતાં તો નહીં આપે. કાંય પ્રહાર કરીઇં તો આપે, નહીંતર પ્રહાર કરીને બલાત્કારેં લાવીઇં.' તિવારેં રાજા બોલ્યો જે 'એ ગુરુની આશાતના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા અપેક્ષાએ 'ગુરુકુળવાસમાં વસવું' તે મોટી આજ્ઞા છે, અને 'સૂત્ર પોરિસિ અને અર્થ પોરિસિનું પાલન કરવું' વગેરે નાની આજ્ઞા છે. ગુરુકુળવાસમાં રહેવાથી ઘણીવાર કોઈક દોષોની સંભાવના રહે છે. વિવેક કેળવ્યા વગર કોઈ આવા દોષોને મોટા માની કોઈ ગુરુકુળવાસનો ત્યાગ કરે અને નિર્દોષ આહારનો કે વિશેષ પ્રકારના સ્વાધ્યાયનો આગ્રહ રાખે તો તેનાથી ક્યારેય તેનું હિત થતું નથી, **ટૂંકમાં આત્મહિત, પ્રભુઆજ્ઞાને પૂર્ણરૂપે ઓળખી તેને અનુસાર પ્રવૃત્તિ કરવાથી થાય છે; સ્વચ્છંદ[2] પ્રવૃત્તિથી નહિ.**

ભગવાનની આજ્ઞા સર્વદા સૌ માટે એક સરખી હોતી નથી. કોઈક માટે ઉત્સર્ગ આજ્ઞા મહત્ત્વની બને છે, તો કોઈક માટે અપવાદની આજ્ઞા મહત્ત્વની બને છે. જેના માટે જે આજ્ઞા મહત્ત્વની હોય તેનું હિત તે આજ્ઞા આરાધવામાં જ સમાયેલું છે. કોઈકનું આત્મકલ્યાણ નિશ્ચયના માર્ગે થાય છે, તો કોઈકનું કલ્યાણ વ્યવહારના માર્ગે ચાલવાથી થાય છે. આ સર્વ બાબતો શાસ્ત્રના મર્મને સમજનારા ગીતાર્થ ગુરુભગવંતો જ જાણી શકે છે. આથી જ શાસ્ત્રમાં બે જ પ્રકારના વિહાર[3] માન્ય રખાયા છે - એક ગીતાર્થનો વિહાર અને બીજો ગીતાર્થ નિશ્રિતનો વિહાર. 'વિહાર' એટલે અહીં સંપૂર્ણ સાધુચર્યા સમજવી, સંપૂર્ણ યોગમાર્ગમાં વિહરણ સમજવું.

સ્વયં જેઓ ગુરુ આદિ પાસેથી શાસ્ત્ર ભણેલા હોય અને તેના કારણે કયા સંયોગોમાં શું કરાય તેની જેને શાસ્ત્રીય સૂઝ હોય તેવા ગીતાર્થને વિહાર કરવાની સંમતિ છે તથા જેઓ હજુ શાસ્ત્ર ભણીને તૈયાર થયા ન હોય પરંતુ શાસ્ત્રને જાણનારા ગીતાર્થ જેમ કહે તેમ કરવાની જેઓની તૈયારી હોય, તેવા ગીતાર્થની નિશ્રાવાળાને શાસ્ત્ર વિહારની છૂટ આપે છે, કેમકે તેઓ ગીતાર્થ ન હોવા છતાં પણ વિકલ્પ વગર ગીતાર્થની આજ્ઞા અનુસાર પ્રવર્તતા હોય છે. તેના કારણે તેમનો સર્વ વ્યવહાર લાભ-અલાભ, ઉત્સર્ગ-અપવાદની જિનવચનાનુસારી વિચારણાપૂર્વકનો હોય છે. વળી ગીતાર્થ ગુરુની નિશ્રારૂપ ગુરુકુળવાસમાં રહેવાના કારણે તેઓ ગુરુવિનયપૂર્વક શાસ્ત્ર ભણી સ્વયં ગીતાર્થ પણ થઈ શકે છે.

આ સિવાય જેઓ સ્વયં ગીતાર્થ નથી અને ગીતાર્થની નિશ્રામાં પણ નથી તેવાઓને જૈનશાસનમાં

---

થાય તે માટે ગુરુના પાદસ્પર્શ કરસ્યો મા. વેગલા ઊભા રહી, બાણ નાખી ચેષ્ટા રહિત કરીને લેઈ આવો. પણિ ગુરુપાદસ્પર્શ કરસ્યો તો ગુરુની અવજ્ઞા થસ્યેં. તેહનું પાપ મોટૂં લાગસ્યેં. ઇતિ દૃષ્ટાંત. શબર રાજા ગુરુનો નાશ કરતો તથા પાદસ્પર્શ વારતો હતો. એહને તેહવો વિવેક ગુરુકુલવાસ ત્યજીનેં શુદ્ધ આહાર ગવેષે છે તેહને તેહવો વિવેક જાણવો. ઇતિ ભાવ. यतः 'सुद्धुंछाइसु जुत्तो गुरुकुलचागाइणेह विन्नेओ। सबर ससरक्ख पिच्छत्थघाय पायाछिवणतुल्लो.. ।।१।।

- इति 'धर्मरत्नप्रकरणे.' [ગા. ૧૨૮ની વૃત્તિ] ૮૯ ॥

- ગ્રંથકારશ્રી ઉ. યશોવિજયજીકૃત ૩૫૦ ગાથાના સ્તવનનો પં. પદ્મવિજયકૃત બાલાવબોધ. [પ. ૧૩] ।।

2. समइपवित्ती सव्वा आणाबज्झ त्ति भवफला चेव । तित्थयरूद्देसेण वि न तत्तओ सा तदुद्देसा ।।८/१३।। - पञ्चाशके ।।

સ્વચ્છંદ મતિથી થનારી સર્વ પ્રવૃત્તિઓ જિનાજ્ઞા બાહ્ય હોવાથી સંસારમાં રખડાવનાર છે. કદાચ ભગવાનને ઉદ્દેશીને તે પ્રવૃત્તિ થતી હોય તો પણ વાસ્તવમાં તે પ્રવૃત્તિ ભગવાનને ઉદ્દેશીને બનતી નથી.

3. गीयत्थो य विहारो, बीयो गीयत्थनिस्सितो भणिओ । इत्तो तइअविहारो नाणुन्नाओ जिणवरेहिं ।।११/३१।। - पञ्चाशके ।।

જિનેશ્વરોએ એક ગીતાર્થ વિહાર અને બીજો ગીતાર્થ નિશ્રિતનો વિહાર કહ્યો છે. આનાથી ત્રીજો વિહાર જિનેશ્વરો વડે અનુજ્ઞાત નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિહરવાની છૂટ અપાઈ નથી. આવી વ્યક્તિઓના તપ-સંયમ આદિ સુંદર અનુષ્ઠાનો પણ આત્મહિત કરી શકતા નથી.[4]

આથી જ મોક્ષમાર્ગની સાધના કરવા ઇચ્છતા સાધકે પોતાની સર્વપ્રવૃત્તિ શાસ્ત્રાનુસારી બને તે માટે સૌ પ્રથમ ગુરુકુલવાસમાં રહી શાસ્ત્રજ્ઞ બનવું જોઈએ અને શાસ્ત્ર ભણીને શાસ્ત્ર વચનના ઉપયોગપૂર્વક સર્વ સાધ્વાચારનું પાલન કરવું જોઈએ.[5] જ્યાં સુધી પોતે શાસ્ત્ર ભણીને ગીતાર્થ ન બની શકે ત્યાં સુધી શાસ્ત્રને જાણનાર ગીતાર્થની નિશ્રામાં રહેવું જોઈએ, તો જ તે આત્મકલ્યાણ કરી શકે છે. જેઓ સ્વયં ગીતાર્થ નથી કે ગીતાર્થની નિશ્રામાં પણ નથી, આમ છતાં સંયમજીવનના ઉત્કૃષ્ટ આચારોનું પાલન કરવાના કારણે 'અમે બહુ સારા સંયમી છીએ તેથી અમારું આત્મકલ્યાણ નિશ્ચિત છે' તેવું અભિમાન કરે છે, તેઓ અજ્ઞાનમાં ખૂપેલાં છે અને પ્રાયઃ ગ્રંથિભેદ સુધી પણ પહોંચ્યા નથી, તો તેઓ ગુણસ્થાનકના ક્રમે આગળ વધી કેવળજ્ઞાન સુધીનું આત્મહિત કેવી રીતે પ્રાપ્ત કરી શકશે ?[6]

અહીં એ પણ ખાસ ધ્યાનમાં રાખવું કે, જે સાધકો પ્રાથમિક કક્ષાના છે, જેમણે વૈરાગ્ય પામી સંયમજીવનનો સ્વીકાર પણ કર્યો છે અને જેમના હૈયામાં શાસ્ત્રવચનો અને શાસ્ત્રના જાણકાર ગીતાર્થ ગુરુભગવંતોના વચનો પ્રત્યેનો આદર ભાવ જીવંત અને ધબકતો છે, તેવા ગીતાર્થનિશ્રિત સાધકો પણ ક્ષયોપશમના અભાવે શાસ્ત્ર કે શાસ્ત્રજ્ઞોએ કહેલી વાતના મર્મને ન સમજવાને કારણે શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાની પોતાની ભાવના સફળ કરી શકતા નથી. તેઓના તપ-સંયમ નકામા જતાં નથી, કેમ કે તેઓના હૈયામાં શાસ્ત્ર પ્રમાણે કરવાનો ભાવ છે. વળી કેટલાક સાધકો શાસ્ત્રાજ્ઞાને જાણે પણ છે અને તેઓની ભાવના પણ તેમ જ કરવાની હોય છે, છતાંય પ્રમાદવશ તેમ કરી શકતા નથી. આવા સાધકોને જો પોતે શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ નથી કરી શકતા તેનું ભારોભાર દુઃખ અને રંજ હોય, સતત પોતાની સ્ખલનાઓને સુધારવા પ્રયત્નશીલ હોય અને પોતાની ભૂલની સતત નિંદા, ગર્હા કરતા હોય તો તેમની પ્રવૃત્તિ પણ સંપૂર્ણ નિષ્ફળ જતી નથી. કારણ કે તેઓ પણ શાસ્ત્ર નિરપેક્ષ નથી પણ શાસ્ત્ર સાપેક્ષ છે, પરંતુ જેઓ શાસ્ત્રવચનની ઉપેક્ષા કરે છે તેમની તો સર્વ ક્રિયા નિષ્ફળ જ છે. ॥૧૧॥

---

4. परिणामो वि णियमा, आणाबज्झो न सुंदरो भणिओ । तित्थयरेऽबहुमाणासग्गहदुट्ठो त्ति तंतंमि ।।५।। - उपदेशरहस्ये ।।

જીવની રક્ષા કરવાના શુભ વિષયવાળો પરિણામ પણ જો આજ્ઞાનુસારી ન હોય તો તીર્થંકરમાં અનાદર અને અસદ્ આગ્રહથી કલંકિત હોવાથી શાસ્ત્રમાં તેને નિયમા અસુંદર કહ્યો છે.

5. आणाणुगयं जं तं चेव बुहेण सेवियव्वं तु ।। ९/१०।। - उपदेशपदे ।।

આજ્ઞાયુક્ત જે હોય તેને જ પંડિતોએ સ્વીકારવું જોઈએ.

6. ગીતારથ વિણ ભૂલા ભમતા કષ્ટ કરે અભિમાને, પ્રાયઃ ગ્રંથિ લગે નવિ આવ્યા તે ખૂંતા અજ્ઞાને... ઢાળ ૫ - ગાથા ૩

- મહામહોપાધ્યાયજીકૃત ૩૫૦ ગાથાનું સ્તવન ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાસ્ત્રની વ્યાખ્યા અને સ્વરૂપ

ગાથા-૧૨-૧૩-૧૪-૧૫-૧૬

**અવતરણિકા :**

શાસ્ત્રની મહત્તા સાંભળ્યા પછી આત્મહિતના ઇચ્છુક શિષ્યને અવશ્ય જિજ્ઞાસા થાય કે - "શાસ્ત્ર કોને કહેવાય ? અને કોના વચનને શાસ્ત્ર માની શકાય ?" તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે-

**શ્લોક :**

शासनात्[१] त्राणशक्तेश्च[२], बुधैः[३] शास्त्रं[४] निरुच्यते[५] ।
वचनं[९] वीतरागस्य[८], तत्तु[६][७] नान्यस्य[१२][१०] कस्यचित्[११] ॥१२॥

**શબ્દાર્થ :**

૧. शासनात् - શાસન કરતું હોવાથી ૨. त्राणशक्तेः च - અને રક્ષણ કરવાની શક્તિ હોવાથી ૩. बुधैः - બુધો વડે ૪. शास्त्रं - શાસ્ત્ર ૫. निरुच्यते - કહેવાય છે. ૬/૭. तत् तु - તે (શાસ્ત્ર) તો ૮/૯. वीतरागस्य वचनं - વીતરાગનું વચન છે ૧૦/૧૧/૧૨. अन्यस्य कस्यचित् न - અન્ય કોઈનું (વચન) નહીં.

**શ્લોકાર્થ :**

**(શાસ્ત્ર) શાસન અને રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેથી જ બુદ્ધિશાળી પુરુષો તેને 'શાસ્ત્ર' કહે છે. તે શાસ્ત્ર તો વીતરાગનું વચન જ છે; અન્ય કોઈનું વચન નહીં.**

**ભાવાર્થ :**

'શાસ્ત્ર' શબ્દ બે ધાતુથી બનેલો છે, शास् અને त्रै. તેમાં 'शास्' ધાતુનો અર્થ છે શાસન કરવું અર્થાત્ હિતનો માર્ગ બતાવવો અને 'त्रै' ધાતુનો અર્થ છે રક્ષણ કરવું. જે વચન હિતનો માર્ગ બતાવવાનું અને દુઃખ-દુર્ગતિથી પ્રાણીની રક્ષા કરવાનું સામર્થ્ય ધરાવે છે, તે વચનના સંગ્રહને શાસ્ત્ર કહેવાય છે. આવું સામર્થ્ય માત્ર વીતરાગના વચનમાં જ હોય છે, અન્ય કોઈના વચનમાં નહીં, તેથી વીતરાગનું વચન એ જ શાસ્ત્ર છે.

**વિશેષાર્થ :**

શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાની ઇચ્છાવાળા સાધકોને માટે આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થોનો બોધ મેળવવા કે આત્મશુદ્ધિના ઉપાયસ્વરૂપ સાધ્વાચારનું પાલન કરવા એક શાસ્ત્ર જ આલંબન છે. પરંતુ જગતમાં અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર વગેરે અનેક ભૌતિક શાસ્ત્રો પણ છે અને આત્માની વાતો કરનારા અનેક ધર્મશાસ્ત્રો પણ છે. આમાંથી કયા શાસ્ત્રોનો સહારો લઈ સાધનાના માર્ગે આગળ વધવું ? તે એક મોટી મૂંઝવણ છે, જેને સૂલઝાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે, જે વચનના આધારે ચાલવાથી આત્માનું હિત સુનિશ્ચિત હોય અને જે વચનનો સહારો લેવાથી દુઃખ અને દુર્ગતિથી રક્ષણ થઈ શકતું હોય, તેવા વચનના સંગ્રહને જ શાસ્ત્ર[1]

1. शास् = શાસન કરવું + त्रै = त्राण् = રક્ષણ કરવું = શાસ્ત્ર. શબ્દની આવી વ્યુત્પત્તિ કેવળ પ્રત્યય અને પ્રકૃતિના વિભાગને લક્ષ્યમાં રાખીને નથી કરેલી, પરંતુ આ એક પારિભાષિક વ્યુત્પત્તિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેવાય છે. શાસ્ત્રની આ વ્યાખ્યા જેમાં ઘટે તેવા શાસ્ત્રને જ પ્રજ્ઞાવાન પુરુષોએ શાસ્ત્ર તરીકે સ્વીકારવું જોઈએ. કેમ કે, જે શાસ્ત્ર-વચનના આધારે ચાલી દુઃખભર્યા સંસારસાગરથી તરવાનું છે અને આત્માનું પરમ સુખ પામવાનું છે, તે જ શાસ્ત્રના વિષયમાં જો ઠગાઈ જઈએ તો સંસાર તરવાને બદલે ડૂબી જવાય અને દુઃખની પરંપરાનું સર્જન પણ થાય.

વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ પણ 'પ્રશમરતિ' નામના ગ્રંથમાં શાસ્ત્રની આ જ વ્યાખ્યા કરી છે કે, રાગ-દ્વેષથી ઉદ્ધત થયેલા ચિત્તવાળાને જેના વડે શુદ્ધ ધર્મમાં અનુશાસ્તિ અપાય છે અને દુઃખથી રક્ષણ કરાય છે, તેને સજ્જનો શાસ્ત્ર કહે છે[2]

જે વચનમાં શાસન અને રક્ષણ કરવાની શક્તિ છે, તેને જ શાસ્ત્ર કહેવાય, તેવો નિર્ણય થતાં જ જિજ્ઞાસા થાય કે, આવી શક્તિ કોના વચનમાં હોઈ શકે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે, માત્ર સર્વજ્ઞ વીતરાગનું જ વચન એવું છે, કેમ કે તે જ આત્માને અહિતથી ઉગારી, હિતના માર્ગે ચઢાવી શકે છે, દોષરૂપ કષાયોથી મુક્ત કરાવી, ક્ષમાદિ ગુણોમાં યત્ન કરાવે છે. રાગ-દ્વેષના દ્વન્દ્વોમાંથી આત્માને બહાર કાઢી વીતરાગભાવ તરફ લઈ જાય છે. મિથ્યાત્વ અને અજ્ઞાનને ઓળખાવી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરાવે છે. વિષયોની વાસનાથી આત્માને મુક્ત કરાવી વૈરાગ્યની ભાવનાથી સુવાસિત કરે છે, વીતરાગ સિવાય અન્ય કોઈ રાગાદિ દોષવાન્ વ્યક્તિના વચનમાં એવી તાકાત નથી કે જગતના જીવોનું હિત કરી શકે. ॥૧૨॥

**અવતરણિકા :**

'વીતરાગના વચનને જ શાસ્ત્ર કહી શકાય, અન્ય કોઈના વચનને નહિ.' એવું જાણી કોઈને જિજ્ઞાસા થાય કે, વીતરાગનું વચન જ શાસ્ત્ર કેમ કહેવાય, અન્ય કોઈનું કેમ નહીં ? તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે-

**શ્લોક :**

वीतरागोऽनृतं नैवं, ब्रूयात्तद्धेत्वभावतः ।
यस्तद्वाक्येष्वनाश्वासस्तन्महामोहविजृम्भितम् ॥१३॥

**શબ્દાર્થ :**

૧. वीतरागो - વીતરાગ ૨. अनृतं - અસત્ય ૩. नैव - ન જ ૪. ब्रूयात् - બોલે ૫. तद्धेत्वभावतः - કેમ કે, તેમનામાં તેના = અસત્ય બોલવાના કારણો જ વિદ્યમાન નથી, ૬. तद्वाक्येषु - (આમ છતાં) તેમના (વીતરાગના) વચનમાં ૭. यः - જે ૮. अनाश्वासः અવિશ્વાસ છે ૯. तन्महामोहविजृम्भितम् - તે મહામોહનો વિલાસ છે.

**શ્લોકાર્થ :**

**વીતરાગ કદી ખોટું ન જ બોલે. કેમ કે, અસત્ય બોલવાના (રાગાદિ) કારણો જ તેમનામાં નથી, આમ છતાં તેમના વચન ઉપર જે અવિશ્વાસ થાય છે, તે મહામોહનો વિલાસ છે.**

2. यस्माद्रागद्वेषोद्धतचित्तान् समनुशास्ति सद्धर्मे । सन्त्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते सद्भिः ।। १८७ ।। - प्रशमरतौ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :**

રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન), આ ત્રણ અસત્ય ભાષણનાં કારણો છે. વીતરાગમાં આ ત્રણેય કારણોનો સર્વથા અભાવ હોવાથી તેઓ કદી પણ અસત્ય બોલતા નથી. આવા વીતરાગ ભગવંતના હિતકારી સન્માર્ગને બતાવનાર વચન ઉપર જે અવિશ્વાસ થાય છે, તે ખરેખર મહામોહનો વિલાસ છે. મોહની બલવત્તા વિના વીતરાગના વચન ઉપર ક્યારેય અશ્રદ્ધા-અવિશ્વાસ થતો નથી.

**વિશેષાર્થ :**

અસત્ય બોલવાનાં મુખ્ય ત્રણ કારણો છે : રાગ, દ્વેષ અને અજ્ઞાન. જીવ જ્યારે પણ અયથાર્થ બોલે છે, અયોગ્ય વચન ઉચ્ચારે છે, આત્માના હિતાહિતનો વિચાર કર્યા વિના જેમ તેમ કથન કરે છે, ત્યારે તેના મૂળમાં આ ત્રણ પૈકીના કોઈપણ એક, બે કે ત્રણેય દોષો જ કારણભૂત હોય છે.

તેમાં સૌ પ્રથમ છે - **રાગ.**

કોઈપણ વસ્તુ કે સંયોગોમાં રંગાવું, તેમાં આસક્તિ કરવી, મનનું તે તરફ ખેંચાવું, તેમાં ગમો કે રુચિ પ્રગટવી તેનું નામ રાગ છે. કોઈપણ વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે વિચારધારા પ્રત્યેનો રાગ કે ખેંચાણ વ્યક્તિને અસત્ય બોલવા પ્રેરિત કરે છે. સ્વમતનો રાગ, પોતાની માન્યતાની રુચિ અને પોતાની ગણાતી વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યેની લાગણી, તેને તે વસ્તુના સંરક્ષણ, પાલન અને સંવર્ધનાદિ માટે અસત્યના માર્ગે લઈ જાય છે.

અસત્ય કથનનું બીજું કારણ છે - **દ્વેષ.**

કોઈપણ વસ્તુ, વ્યક્તિ પરિસ્થિતિ કે વિચારધારા પ્રત્યેનો અણગમો, અરુચિ, તેનાથી દૂર થવાની કે તેને દૂર કરવાની ભાવના તે દ્વેષ છે. દ્વેષવાન વ્યક્તિ કે વસ્તુ આવી ન જાય, ન ગમતા મતો કે માન્યતાઓ ફાવી ન જાય, તે માટે જીવો અનેક રીતે જૂઠનો આશ્રય લેતા હોય છે.

અસત્ય કથનનું ત્રીજું કારણ છે - **અજ્ઞાન.**

એ જ રીતે કોઈપણ વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે વિચારધારાનું અજ્ઞાન અસત્ય બોલવામાં નિમિત્ત બને છે. આ અજ્ઞાન પણ ત્રણ પ્રકારનું છે.

૧-અનધ્યવસાય- વસ્તુ વગેરેનાં અસ્તિત્વ કે સ્વરૂપ વગેરેનો ખ્યાલ ન હોવો.

૨-સંશય- વસ્તુ વગેરેના અસ્તિત્વ કે સ્વરૂપ વગેરેની બાબતમાં આમ હશે કે તેમ હશે તેવી શંકા હોવી.

૩-વિપર્યય- વસ્તુ વગેરેની અસ્તિત્વ અને સ્વરૂપની બાબતમાં તે જેવું હોય તેના કરતાં ઊંધી સમજ-બોધ હોવો. આ રીતે ત્રણ પૈકી કોઈપણ પ્રકારના અજ્ઞાનના કારણે પણ અસત્ય બોલવાનું થાય છે અને ઘણીવાર તો આ અજ્ઞાનના કારણે જીવો અનિચ્છાથી પણ અસત્ય બોલે છે.

રાગી, દ્વેષી અને અજ્ઞાની જીવો; ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે, અનિષ્ટ વસ્તુથી છૂટવા માટે કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાનતાના કારણે સત્યાસત્યનો, હિતાહિતનો કે હેય-ઉપાદેયનો વિવેક કરી શકતા નથી. આ જ કારણથી ક્યારેક ઇરાદાપૂર્વક અને ક્યારેક ઇરાદા વિના પણ તેમનાથી અસત્ય બોલાઈ જાય છે. જ્યારે સર્વજ્ઞ વીતરાગમાં આ ત્રણે દોષોનો અને તેના કારણભૂત કર્મોનો સર્વથા અભાવ છે, આથી જ તેઓ ક્યારેય અસત્ય બોલતા નથી, કોઈના હિતને બાધ આવે તેવું એક વચન ઉચ્ચારતા નથી, કોઈના સુખને આંચ આવે તેવું કથન તેઓ ક્યારેય કરતા નથી, આમ છતાં તેમના વચન પર અવિશ્વાસ થવો કે વચનમાં શંકા થવી તે મહામોહનો વિલાસ જ છે. તીવ્ર મોહના ઉદય વિના સર્વજ્ઞના વચનમાં શંકા, અશ્રદ્ધા કે અનાદર ક્યારેય થઈ શકતો નથી. ॥૧૩॥

**અવતરણિકા :**

વીતરાગનું વચન જ શાસ્ત્ર છે તેમ જણાવ્યા પછી, હવે શાસ્ત્ર પ્રત્યેનો આદર કેટલો મહત્ત્વનો છે અને તેનું ફળ શું છે, તે જણાવે છે-

**શ્લોક :**

शास्त्रे[२] पुरस्कृते[३] तस्मात्,[१] वीतरागः[४] पुरस्कृतः[५] ।
पुरस्कृते[८] पुनस्[६]तस्मिन्[७], नियमात्[९] सर्वसिद्धयः[१०] ॥१४॥

**શબ્દાર્થ :**

૧. तस्मात् - તે કારણથી = વીતરાગનું વચન અસત્ય ન હોવાથી ૨/૩. शास्त्रे पुरस्कृते - શાસ્ત્ર આગળ (શાસ્ત્રનો આદર) કરાયે છતે ૪. वीतरागः- વીતરાગનો ૫. पुरस्कृतः - આદર કરાયો છે - આગળ કરાયેલ છે ૬. पुनः - વળી ૭/૮. तस्मिन् पुरस्कृते - તે = વીતરાગ આગળ (આદર) કરાયે છતે ૯. नियमात् - નિયમથી ૧૦. सर्वसिद्धयः - સર્વ સિદ્ધિઓ (પ્રાપ્ત થાય છે.)

**શ્લોકાર્થ :**

**શાસ્ત્ર એ વીતરાગના જ વચનરૂપ હોવાથી શાસ્ત્રને આગળ કરીને પ્રવૃત્તિ કરવાથી વીતરાગ જ આગળ કરાય છે અને વીતરાગને આગળ કરવાથી નક્કી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :**

શાસ્ત્ર વીતરાગના વચનરૂપ છે. વીતરાગ અને વીતરાગના વચન વચ્ચે કથંચિત્ અભેદ છે, આથી દરેક પ્રવૃત્તિ કરવામાં શાસ્ત્રને આગળ કરવાથી વીતરાગ જ આગળ કરાય છે. આ રીતે શાસ્ત્રને સામે રાખીને જે વ્યક્તિ અનુષ્ઠાન કરે છે, તેની ક્રિયા વચનાનુષ્ઠાનરૂપ બને છે. વારંવાર વચનાનુષ્ઠાનના સેવનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે અર્થાત્ વીતરાગભાવ જ સર્વત્ર બુદ્ધિમાં પ્રવર્તે છે. આ રીતે વીતરાગભાવનું પ્રવર્તન તે જ વીતરાગનું પુરસ્કરણ છે. આવા અસંગઅનુષ્ઠાનરૂપ વીતરાગભાવના પુરસ્કરણથી કેવળજ્ઞાન અને મોક્ષ સુધીની સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

'મા' જ મારું રક્ષણ કરનાર છે અને 'મા' જ મને સુખ આપનાર છે; તેમ માનતું બાળક જેમ કોઈપણ પ્રવૃત્તિ કરતાં પૂર્વે 'મા'ના મુખ સામે જુએ છે, 'મા'ને ગમે તેવું જ વર્તન કરે છે, 'મા' ને ન ગમે ત્યાંથી પાછું વળે છે. તે જ રીતે સંક્લેશ ભર્યા સંસારમાં 'વીતરાગના વચનરૂપ આ શાસ્ત્ર જ મારું રક્ષણ કરનાર છે અને મને સાચું સુખ આપનાર છે' તેમ માનતો સાધક કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં શાસ્ત્રવચનનું સ્મરણ કરે છે. શાસ્ત્રમાં આ પ્રવૃત્તિ કઈ રીતે કરવાની કહી છે તે જાણે છે અને જાણ્યા પછી તે રીતે જ પ્રવૃત્તિ કરવા યત્ન કરે છે. આ રીતે શાસ્ત્રના અનુસંધાનપૂર્વક શ્રેષ્ઠ સાધકો જે ઉચિત પ્રવૃત્તિ કરે છે તેને ગ્રંથકારશ્રી **શાસ્ત્ર-પુરસ્કરણની**[1] ક્રિયા તરીકે ઓળખાવે છે. શાસ્ત્રપુરસ્કરણની આ સ્થિતિનો ઉલ્લેખ **વચનાનુષ્ઠાન** કે **શાસ્ત્રયોગ**રૂપે પણ કરાયો છે.

માતાના વચનને યાદ કરીને પ્રવૃત્તિ કરનાર પુત્રને એવું સ્મરણ રહે જ છે કે, 'મારી માતાએ આ પ્રવૃત્તિ આ રીતે કરવાની કહી છે.' તેથી પ્રવૃત્તિ કરતાં સ્વાભાવિક રીતે જ તેને માતાની સ્મૃતિ રહે છે. તે જ રીતે સાધક જ્યારે શાસ્ત્રના અનુસંધાનપૂર્વક પ્રવૃત્તિ કરતો હોય છે, ત્યારે વીતરાગનું વચન જ શાસ્ત્ર હોવાને કારણે તેને સહજ રીતે જ વીતરાગની સ્મૃતિ રહે છે. આમ **શાસ્ત્ર પ્રત્યે આદર તે જ વીતરાગ પ્રત્યેનો આદર છે.** અપેક્ષાએ કહીએ તો શાસ્ત્રને આગળ કરવા તે જ વીતરાગને આગળ કરવા તુલ્ય છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવું કે, શાસ્ત્રના અનુસંધાનપૂર્વક કરાતી સર્વ પ્રવૃત્તિઓ વચનાનુષ્ઠાનની કે શાસ્ત્રયોગની કક્ષામાં આવે તેવું નથી. પ્રારંભિક કક્ષામાં સાધક પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા માટે ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવા માટે યત્ન કરતો હોય, છતાં પણ અભ્યાસ દશામાં તે કદાચ સર્વાંશે વચનાનુસાર પ્રવૃત્તિ કરી શકતો નથી. તેની આવી ક્રિયાને શાસ્ત્રકારો પ્રીતિઅનુષ્ઠાન[2] કે ભક્તિઅનુષ્ઠાન[3] અથવા ઇચ્છાયોગનું[4] અનુષ્ઠાન કહે છે. સતત અભ્યાસ કરતાં કરતાં જેમ જેમ સાધકની શક્તિ અને ક્ષયોપશમ વધતાં જાય છે, તેમ તેમ તેનો શાસ્ત્રાનુસાર પ્રવૃત્તિ કરવાનો પ્રયત્ન સફળ થતો જાય છે. જેના પરિણામે તે સાધક વીતરાગ ભગવાને જે રીતે અનુષ્ઠાન કરવા કહ્યું હોય, બરાબર તે જ રીતે અનુષ્ઠાન કરી શકે છે. પરિપૂર્ણ રીતે ભગવાનની આજ્ઞા અનુસાર થતાં આ અનુષ્ઠાનને વચન-અનુષ્ઠાન કે શાસ્ત્રયોગનું અનુષ્ઠાન કહેવાય છે.

---

1. शास्त्रे पुरस्कृते = શાસ્ત્રપુરસ્કૃત કરવું એટલે સમ્યક્ પ્રકારના શાસ્ત્રજ્ઞાનપૂર્વક જ પોતાના મન-વચન-કાયાને પ્રવર્તાવવા. આવું શાસ્ત્રપુરસ્કરણ મુખ્યપણે વચન-અનુષ્ઠાનકાળમાં આવે છે અને પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનમાં ગૌણપણે હોઈ શકે છે.

2. **પ્રીતિઅનુષ્ઠાન :** જે ધર્માનુષ્ઠાન પ્રત્યે હિતના ઉદયવાળી પરમ પ્રીતિ હોય, એટલે કે આ અનુષ્ઠાનથી જ મારું હિત થશે તેવી દૃઢ શ્રદ્ધા હોય, યથાશક્તિ કરાતાં અનુષ્ઠાનના કાળમાં અન્ય સર્વ કાર્યનો ત્યાગ કરાયો હોય તેને પ્રીતિઅનુષ્ઠાન કહેવાય છે.

3. **ભક્તિઅનુષ્ઠાન :** જે અનુષ્ઠાનમાં પ્રીતિઅનુષ્ઠાન કરતાં ક્ષયોપશમ અને શક્તિનો ઉત્કર્ષ હોય અને તેથી જ અનુષ્ઠાનગત ગુણોના વિશેષ જ્ઞાનથી જેમાં વિશેષ પ્રકારે ભક્તિ થતી હોય તેને ભક્તિઅનુષ્ઠાન કહેવાય છે.

4. **ઇચ્છાયોગ :** ધર્મ કરવાની તીવ્ર ઇચ્છા હોય, ક્રિયા સંબંધી શાસ્ત્રજ્ઞાન પણ હોય, છતાં પ્રમાદાદિ દોષના કારણે જે ધર્મક્રિયા સંપૂર્ણપણે શાસ્ત્રોક્ત રીતે ન થાય તેવી અંગોની વિકલતાવાળી ધર્મક્રિયાને ઇચ્છાયોગની ક્રિયા કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે પુનઃ પુનઃ શાસ્ત્રયોગનું અનુષ્ઠાન કરનાર સાધકને વચનાનુસાર જ પ્રવૃત્તિ કરવાનો એક અભ્યાસ પડી જાય છે. પરિણામે તેની અંતરંગ પરિણતિ એવી ઘડાઈ જાય છે કે તેના સંયમ સાધક સર્વ યોગો વચનના સ્મરણ વિના પણ સ્વાભાવિક રીતે વચનાનુસાર જ પ્રવર્તે છે આવા સ્વાભાવિક થતાં અનુષ્ઠાનમાં અન્ય સર્વ સંગની જેમ વચનનો પણ સંગ છૂટી જાય છે, માટે તેને અસંગઅનુષ્ઠાન કહેવાય છે.

વચનાનુષ્ઠાનકાળમાં વીતરાગ ભગવાનના વચન પ્રત્યે અવિહડ રાગ હોય છે. તેના કારણે સર્વ ધર્મક્રિયા વીતરાગ ભગવાને જે રીતે કરવાની કહી છે તે પ્રમાણે જ કરાય છે અને તે દ્વારા સંસારના સર્વ ભાવો પ્રત્યેના રાગાદિને તોડવા યત્ન કરાય છે, જેના પરિણામે કષાયો અતિ મંદ-મંદતર કક્ષાના થઈ જાય છે. જ્યારે અસંગઅનુષ્ઠાનકાળમાં અન્યત્ર તો રાગાદિ કષાયો પ્રવર્તતાં જ નથી, પરંતુ વીતરાગ ભગવાનના વચન પ્રત્યે પણ રાગ રહેતો નથી. તેની સાથે તાદાત્મ્ય સધાઈ જાય છે અને સર્વત્ર વીતરાગ વચનની પરિણતિરૂપ સમતા અને ઉદાસીનતાનો પરિણામ પ્રવર્તે છે.

પૂર્વે વચનાનુષ્ઠાનનાકાળમાં વારંવાર વીતરાગના વચનના સ્મરણપૂર્વક વીતરાગ ભાવમાં જવા યત્ન થતો હતો. હવે વચનના સ્મરણ વિના પણ સાધકનો ઉપયોગ સહજ રીતે વીતરાગમય બની શકે છે. **અસંગઅનુષ્ઠાનની**[5] આ અવસ્થાને ગ્રંથકારશ્રી **વીતરાગપુરસ્કરણની** અવસ્થા કહે છે.

અસંગઅનુષ્ઠાનકાળમાં આત્માની કષાયકૃત મલિનતાઓ ઘણી ઓછી થવાને કારણે આત્મા દર્પણ જેવો નિર્મળ બનતો જાય છે. નિર્મળ સ્ફટિક કે દર્પણમાં જેમ સામે આવેલી વસ્તુનું પ્રતિબિંબ ઝીલાય છે તેમ નિર્મળ બનેલા ચિત્તમાં વીતરાગનું પ્રતિબિંબ ઝીલાય છે અર્થાત્ નિર્મળ ચિત્ત વીતરાગતાનો સ્પર્શ કરે છે. આ રીતે વીતરાગના પ્રતિબિંબથી વીતરાગમય બનેલો આત્મા ત્યારે તે સ્વયં વીતરાગ હોય તેવો અનુભવ કરે છે.આત્મામાં પડતી આ પરમાત્માની છાયાને 'સમાપત્તિ'[6] (सम = સમાનતા + आपत्ति = પ્રાપ્તિ) કે સમરસ આપત્તિ કહેવાય છે. આ સમાપત્તિના સમયમાં સાધક વીતરાગ પરમાત્મા સાથે એકમેક થઈ જાય છે. વીતરાગ સાથે તાદાત્મ્યભાવને પ્રાપ્ત કરે છે. વીતરાગ સાથે તાદાત્મ્ય એટલે વીતરાગતાનો સ્પર્શ થવો, તેથી ત્યારે તેની જ્ઞાનધારા એકમાત્ર વીતરાગભાવના ઉપયોગમાં જ પ્રવર્તે છે. વીતરાગભાવનું ધ્યાન કરતાં કરતાં સાધક જ્યારે આ કક્ષાએ પહોંચે છે ત્યારે તેને 'હું જ પરમાત્મા છું' અથવા મારામાં જ પરમાત્મસ્વરૂપ રહેલું છે' તેવો

5. सत्प्रवृत्तिपदं चेहाऽसङ्गानुष्ठानसंज्ञितम् । महापथप्रयाणं यदनागामिपदावहम् ।।१७५।।

असङ्गानुष्ठानमाह-

प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयः । शिववर्त्म ध्रुवाध्वेति योगिभिर्गीयते ह्यदः ।।१७।। - योगदृष्टिसमुच्चये ।।

યોગદૃષ્ટિમાં પ્રશાંતવાહિતા, વિસભાગપરિક્ષય આદિને અસંગ-અનુષ્ઠાનના પર્યાયરૂપે બતાવ્યા છે. જ્યારે અહીં આ પછીના શ્લોક-૧૫માં તેને વીતરાગ પુરસ્કરણના પર્યાયરૂપે બતાવ્યા છે. તદુપરાંત તેનો 'સમાપત્તિ' તરીકે પણ ઉલ્લેખ કર્યો છે. તેના ઉપરથી નક્કી થાય છે કે વીતરાગ સાથે તાદાત્મ્ય સાધવું તે જ વીતરાગપુરસ્કરણ છે અને તે જ અસંગઅનુષ્ઠાન પણ છે. તથા શાસ્ત્રપુરસ્કરણ એ વચનઅનુષ્ઠાન છે.

6. मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः । क्षीणवृत्तौ भवेद् ध्याना-दन्तरात्मनि निर्मले ।।३०/३।। - ज्ञानसारे ।।

क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृ-ग्रहण-ग्राह्येषु तत्स्थ-तदञ्जनता समापत्तिः ।। २/४१ ।। - पाताञ्जलयोगसूत्रे ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપૂર્વ અનુભવ થાય છે. આવા શુદ્ધ અનુભવથી ઘણા અશુભ કર્મોનો નાશ થાય છે અને પ્રકૃષ્ટ કોટિનો પુણ્યબંધ થાય છે. જેના પરિણામે સાધક સર્વ સિદ્ધિઓ, રિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત કરી, છેક મોક્ષ સુધી પહોંચી શકે છે.

શાસ્ત્રમાં સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિનો એક સુંદર ક્રમ દર્શાવ્યો છે. વીતરાગ સાથે તાદાત્મ્ય સાધે અર્થાત્ આત્મા વીતરાગ ભાવનો અનુભવ કરે તેવા ધ્યાનને **'સમાપત્તિ'** 'કહેવાય છે. સમાપત્તિથી વિશિષ્ટ કર્મનિર્જરા અને તીર્થંકરનામકર્મ જેવા ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ થાય છે, જેને **'આપત્તિ'**[7] કહેવાય છે. ત્યારપછી જ્યારે આ તીર્થંકર નામકર્મનો ઉદય ચાલુ થાય ત્યારે આ જગતની સર્વશ્રેષ્ઠ એવી તીર્થંકરપણાની અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ સ્વરૂપ સંપત્તિ પ્રાપ્ત થાય છે, જેને **'સંપત્તિ'** કહેવાય છે. આમ પ્રભુનું ધ્યાન સાધકને છેક પ્રભુ બનાવી શકે તો બીજી બધી સંપત્તિનું તો શું કહેવું ?

અહીં એટલું ધ્યાનમાં લેવું કે પ્રભુ સાથે સમરસની અનુભૂતિસ્વરૂપ આ સમાપત્તિ મુખ્યપણે અસંગઅનુષ્ઠાનમાં અનુભવાય છે. અને તે ક્ષાયિકભાવના સમ્યક્ત્વાદિ ગુણોનું કારણ બને છે. જ્યારે શાસ્ત્રયોગથી નીચેની ભૂમિકામાં કે ઇચ્છાયોગકાળમાં પણ આ સમરસ આપત્તિ હોય છે, પણ તે મુખ્ય સમાપત્તિના[8] બીજરૂપે હોય છે અને સમ્યક્ત્વાદિ ગુણોનું કારણ બને છે.

આમ દરેક પ્રવૃત્તિ કરતી વખતે શાસ્ત્ર વચનને આગળ કરવાથી જ સાધક ક્રમે કરી છેક મોક્ષ સુધી પહોંચી શકે છે, તેથી હંમેશા શાસ્ત્રાજ્ઞા મુજબ જ જીવન જીવવાનો સંકલ્પ હોવો જોઈએ. ॥૧૪॥

**અવતરણિકા :**

વીતરાગના પુરસ્કરણને અન્ય દર્શનકારો પણ અર્થથી સ્વીકારે છે, તેઓ તે માટે કયા કયા શબ્દોનો ઉપયોગ કરે છે તે બતાવતાં કહે છે-

**શ્લોક :**

**एनं[१] केचित्[२] समापत्तिं[३], वदन्त्यन्ये[४][५] ध्रुवं[६] पदम्[७] ।**
**प्रशान्तवाहितामन्ये[९][८], विसभागक्षयं[११] परे[१०] ॥१५॥**

**શબ્દાર્થ :**

૧. एनं - આને (શાસ્ત્રના આદર દ્વારા કરાતા વીતરાગના આદરને) ૨. केचित् - કોઈક ૩. समापत्तिं - સમાપત્તિ ૪. वदन्ति - કહે છે ૫. अन्ये - અન્ય ૬/૭. ध्रुवम् पदम् - ધ્રુવપદ (કહે છે) ૮. अन्ये - અન્ય ૯. प्रशान्तवाहिताम् - પ્રશાન્તવાહિતા (અને) ૧૦. परे - અન્ય દર્શનકારો (વળી તેને) ૧૧. विसभागक्षयं - વિસભાગક્ષય પણ કહે છે.

**શ્લોકાર્થ :**

**આ વીતરાગ પુરસ્કરણને કેટલાક 'સમાપત્તિ' કહે છે, કોઈક 'ધ્રુવ પદ' કહે છે, અન્ય 'પ્રશાંતવાહિતા' કહે છે અને વળી બીજા કોઈક 'વિસભાગક્ષય' કહે છે.**

7. आपत्तिश्च ततः पुण्य-तीर्थकृत्कर्मबन्धतः । तद्भावाभिमुखत्वेन, संपत्तिश्च क्रमाद् भवेत् ॥३०/४॥ - ज्ञानसारे ॥

8. सैव समरसापत्ति योगिनः सम्यक्त्वादिगुणपुरुषमाता । - षोडशक-२/१५ टीकायाम् ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :**

શાસ્ત્રપુરસ્કરણરૂપ વચનાનુષ્ઠાનથી પ્રાપ્ત થતા વીતરાગપુરસ્કરણની ક્રિયારૂપ અસંગઅનુષ્ઠાનને કેટલાક ‘સમાપત્તિ’ કહે છે, કોઈક તેને ‘ધ્રુવપદ’ કહે છે, કોઈક તેને ‘પ્રશાંતવાહિતા’ કહે છે અને કોઈક તેને ‘વિસભાગક્ષય’ પણ કહે છે.

**વિશેષાર્થ :**

જગતનાં જેટલાં આસ્તિક દર્શનો છે, તે સર્વેની માન્યતામાં અનેક વિવિધતા હોવા છતાં સાપેક્ષ ભાવે કેટલીક બાબતોમાં એક સમાનતા પણ છે. સર્વને ધર્મના ફળરૂપે આત્માનું સુખ પામવું હોય છે અને આ સુખને પામવા જ આત્માના અનંતસુખને પામેલા પરમાત્મામાં લીન બનવું હોય છે.

આથી જ વીતરાગપ્રભુના વચનને યાદ કરતો કરતો સાધક જ્યારે પ્રભુમય બને છે, વીતરાગમય બને છે, સર્વત્ર સમતાભાવવાળો બને છે, સંસારના સર્વભાવથી ઉદાસીન થઈ આત્મભાવમાં લીન બને છે; તે અવસ્થાને દરેક આસ્તિક દર્શનકારો પણ સાધનાની એક ઉચ્ચ ભૂમિકા તરીકે સ્વીકારે છે અને તેને તેઓ પોત-પોતાની પરિભાષામાં જુદા જુદા શબ્દોથી ઓળખાવે છે.

જૈનદર્શન જેને ‘વીતરાગપુરસ્કરણની ક્રિયા’ કે ‘અસંગઅનુષ્ઠાન’ કહે છે, તેને જ યોગદર્શનના જગપ્રસિદ્ધ મહર્ષિ પતંજલિ **‘સમાપત્તિ’** કહે છે. સમાપત્તિ એટલે પરમાત્મા સાથે એકમેકતારૂપ સમપણાની પ્રાપ્તિ.

મહાવ્રતિકો તેને **‘ધ્રુવપદ’** કહે છે. ધ્રુવપદ એટલે ચિત્તનું સ્થિર સ્થાન. વચનાનુષ્ઠાનમાં ચિત્ત ભગવાનના વચનના રાગથી રંજિત હોવાના કારણે થોડું પણ અસ્થિર સ્થાનવાળું હતું, પરંતુ અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થવાથી ચિત્ત વીતરાગમાં લીન થવાના કારણે સ્થિર ઉપયોગવાળું બને છે.

સાંખ્યો તેને **‘પ્રશાંતવાહિતા’** કહે છે. આ અવસ્થામાં જીવનો ઉપયોગ અને પરિણતિ વીતરાગમય બની જાય છે. આથી રાગાદિ કષાયોથી અત્યંત શાંત-ભાવવાળી આ અવસ્થામાં વહ્યા કરવાની સ્થિતિને અન્ય ‘પ્રશાંતવાહિતા’ કહે છે.

વળી બૌદ્ધો તેને **‘વિસભાગક્ષય’** કહે છે. ચિત્તપરિણતિ જ્યાં સુધી રાગાદિ ભાવથી યુક્ત હોય છે, ત્યાં સુધી ઉપયોગની સંતતિ = ઉપયોગની પરંપરા વારંવાર બદલાતી હોય છે, બદલાતી સંતતિને વિસભાગસંતતિ કહેવાય છે. વચનાનુષ્ઠાનકાળમાં પણ પરમાત્માના વચન પ્રત્યેના રાગને કારણે ભગવાને બતાવેલા સારા ભાવો પ્રત્યે રાગ અને ખરાબ ભાવો પ્રત્યે દ્વેષ હોય છે. એ રીતે રાગ-દ્વેષના ઉપયોગો બદલાયા કરે છે. આ બદલાતા ઉપયોગોને વિસભાગસંતતિ કહેવાય છે. જ્યારે ચિત્ત એક માત્ર વીતરાગભાવસ્વરૂપ એક ઉપયોગવાળું બને છે, ત્યારે વિસભાગસંતતિનો ક્ષય થાય છે અને માત્ર સભાગસંતતિ[1] વર્તે છે. આવો ઉપયોગ અસંગઅનુષ્ઠાનકાળમાં આવે છે, માટે અન્ય તેને વિસભાગક્ષય કહે છે. ॥૧૫॥

---

1. સભાગસંતતિ એટલે ઘટની સદૃશસંતતિ. દરેક ક્ષણે પરિવર્તન પામતાં ઘટવિષયક “अयं घटः अयं घटः” એ પ્રમાણે સદૃશપરંપરા ચાલે તે સભાગસંતતિ કહેવાય અને ઘટ જ્યારે ઠીકરારૂપે થાય ત્યારે વિસદૃશપરંપરા ચાલે. “આ ઘટ છે” એવી પરંપરાને બદલે “આ ઠીકરા છે” એવી વિસદૃશપરંપરા ચાલે, તે **વિસભાગસંતતિ** કહેવાય. આ વિસભાગસંતતિનો ક્ષય એટલે જ આત્માના વીતરાગમય સ્વભાવની સાથેની ‘સમાપત્તિ’.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

પૂર્વમાં કહ્યું છે, શાસ્ત્રનો આદર સર્વ સિદ્ધિનું કારણ છે. શાસ્ત્રનો આદર કરવો એટલે શાસ્ત્રરૂપ ચક્ષુથી પદાર્થનું અવલોકન કરીને તેને અનુસારે ત્રણેય યોગોને અને આત્મપરિણતિને પ્રવર્તાવવા. ત્યાં પ્રશ્ન થાય કે, આવી શાસ્ત્રરૂપ ચક્ષુ કોને હોય છે ? અને જેની પાસે આ શાસ્ત્રરૂપી ચક્ષુ હોતી નથી તેમની પાસે કઈ ચક્ષુ હોય છે ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

**चर्मचक्षुर्भृतः[2] सर्वे[1], देवा[3]श्चावधिचक्षुषः[4] ।**
**सर्वतश्चक्षुषः[6] सिद्धा[5], योगिनः[7] शास्त्रचक्षुषः[8] ॥१६॥**

**શબ્દાર્થ :**

૧. सर्वे - સર્વ ૨. चर्मचक्षुर्भृतः - ચર્મચક્ષુને (ચામડાની આંખને) ધારણ કરનારા છે. ૩. देवाः च - અને દેવો ૪. अवधिचक्षुषः - અવધિજ્ઞાનરૂપી ચક્ષુવાળા છે. ૫. सिद्धाः - સિદ્ધો ૬. सर्वतः चक्षुषः - સર્વ તરફથી (આત્મપ્રદેશથી ઉપયોગરૂપ) ચક્ષુવાળા છે. ૭. योगिनः - યોગીઓ ૮. शास्त्रचक्षुषः - શાસ્ત્રરૂપી ચક્ષુવાળા છે.

**શ્લોકાર્થ :**

**જગતના સર્વજીવો ચર્મચક્ષુને ધારણ કરનારા છે, દેવતાઓ અવધિજ્ઞાનરૂપી ચક્ષુવાળા છે, સિદ્ધભગવંતો ચોમેર (ઉપયોગરૂપ) ચક્ષુવાળા છે અને યોગીઓ શાસ્ત્રરૂપી ચક્ષુવાળા છે.**

**ભાવાર્થ :**

વ્યવહારથી આકાર કે નિલ, પિત આદિ વર્ણ વગેરે સ્વરૂપ રૂપને જોવાના ઉપયોગમાં આવતી ચક્ષુરિન્દ્રિયને જ જગત ચક્ષુ તરીકે જણાવે છે, પરંતુ પરમાર્થની દૃષ્ટિએ જોઈએ તો જે જે સાધનો પદાર્થનો બોધ કરાવવામાં સમર્થ હોય તે સર્વ સાધનોને ચક્ષુ કહી શકાય, અને તે સર્વે ઇન્દ્રિયો ચામડાથી બનેલી હોવાથી તેને ચર્મચક્ષુ કહેવાય છે. જગતના જીવો ચામડાની આંખથી જગતવર્તી પદાર્થોનું જ્ઞાન કરી, ઈષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ કરે છે. દેવો અવધિજ્ઞાનરૂપી ચક્ષુથી જુએ છે; સિદ્ધભગવંતો સર્વતઃ ઇં સર્વ આત્મપ્રદેશોથી પદાર્થને જોનારા છે અને યોગીપુરુષો શાસ્ત્રરૂપી ચક્ષુથી પદાર્થોનો બોધ કરી પ્રવૃત્તિ કરે છે, માટે તેઓ શાસ્ત્રરૂપી ચક્ષુવાળા છે. આથી અધ્યાત્મની પ્રાપ્તિના અર્થીએ યોગીની જેમ શાસ્ત્રરૂપ ચક્ષુથી જોવાનો યત્ન કરવો જોઈએ.

**વિશેષાર્થ :**

આત્માનો સ્વભાવ અનંત જ્ઞાનમય છે, આમ છતાં કર્મના આવરણને કારણે દરેક આત્માઓ સર્વ પદાર્થને આત્મસાક્ષાત્પણે જોઈ શકતા નથી. તેથી પદાર્થનું દર્શન કરવા મનુષ્ય અને તિર્યંચો પોતાને પ્રાપ્ત થયેલી ચામડાની આંખોનો ઉપયોગ કરે છે. તેમાં પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો આંખ સાથે પાંચે ઇન્દ્રિયોથી પદાર્થો સંબંધી જ્ઞાન કરી શકે છે. જ્યારે તે સિવાયના તિર્યંચો પોતાને જે જે ઇન્દ્રિયો પ્રાપ્ત થઈ છે તેનાથી પદાર્થો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંબંધી જ્ઞાન કરી શકે છે. અહીં એટલું ખ્યાલમાં રાખવું કે, પર્યાપ્તનામકર્મના ઉદયથી અને જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી ચક્ષુ, માત્ર ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવને જ મળે છે. તે સિવાયના જીવોને ચક્ષુ ઇન્દ્રિય હોતી નથી. આમ છતાં તેઓ તે સિવાયની ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયના વિષયનું જ્ઞાન મેળવી શકે છે. આ સર્વ ઇન્દ્રિયો ચામડાની બનેલી હોય છે. માટે અપેક્ષાએ સર્વ જીવો ચર્મચક્ષુવાળા કહેવાય છે.

ભવસ્વભાવથી જ દેવોને અવધિજ્ઞાન હોય છે, તેથી તેઓ પદાર્થનો વિશેષ બોધ કરવા અવધિજ્ઞાનનો ઉપયોગ કરતા હોય છે, તેથી દેવોને અવધિજ્ઞાનરૂપી ચક્ષુવાળા કહ્યા છે. જોકે સામાન્યથી પદાર્થનો બોધ કરવા તેઓ ચર્મચક્ષુનો ઉપયોગ તો કરે છે, પરંતુ પ્રધાનતા અવધિજ્ઞાનની હોવાને કારણે અને વિશિષ્ટ બોધ પણ તેઓ અવધિજ્ઞાન અને અવધિદર્શનથી કરતા હોઈ અહીં દેવોને અવધિજ્ઞાનરૂપ-ચક્ષુવાળા કહ્યા છે.

અહીં નારકીના જીવોનો ઉલ્લેખ નથી; પરંતુ તેઓમાં પણ અવધિજ્ઞાન હોઈ, તેમને પણ અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા કહેવામાં બાધ જણાતો નથી.

સિદ્ધભગવંતોને નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય છે, તેના દ્વારા તેઓ ચરાચર જગતને હાથમાં રહેલા આમળાની જેમ જોઈ શકે છે. તેઓને પદાર્થનો બોધ કરવા કોઈ ઇન્દ્રિયની આવશ્યકતા રહેતી નથી. સર્વ આવરણનો ક્ષય થયો હોવાને કારણે તેઓ પોતાના સર્વ આત્મપ્રદેશથી એક જ સમયમાં સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જોઈ શકે છે, તેથી સિદ્ધોને ચોમેર કેવળજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ સર્વતઃ ચક્ષુવાળા કહ્યા છે. આ વાત સર્વજ્ઞ-વીતરાગ બનેલા સંસારવર્તી અરિહંતાદિને પણ લાગુ પડે છે તેથી તેઓ પણ સર્વતઃ ચક્ષુવાળા છે.

અતીન્દ્રિય એવા આત્મા આદિમાં જેને પ્રવૃત્તિ કરવી છે, તેવા યોગીઓ તો કોઈ અનોખી જ આંખવાળા છે. ભલે તેઓ છે ચામડાની આંખવાળા, પરંતુ તેઓ જુએ છે શાસ્ત્રની આંખથી. તેઓ જે કાંઈ વિચારે છે તેમાં શાસ્ત્રવચનનો જ સહારો લે છે, તેઓ જે કાંઈ બોલે છે તેમાં શાસ્ત્રવચનનો આધાર હોય છે અને તેઓ પ્રવૃત્તિ કે નિવૃત્તિ જે કાંઈ કરે તે શાસ્ત્રવચનને સામે રાખીને કરે છે, તેથી જ યોગીઓને શાસ્ત્રરૂપ ચક્ષુવાળા કહ્યા છે.

તથાવિધ મોહનીય અને શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી મુનિને આ શાસ્ત્રરૂપી ચક્ષુ મળે છે, તેથી જ મુનિ આ ચક્ષુને નિર્મળ બનાવવા વધુ પ્રકાશવંત બનાવવા, ચિરસ્થાયી બનાવવા પાંચ પ્રહર (લગભગ ૧૪-૧૫ કલાક) સ્વાધ્યાય કરે છે, શાસ્ત્રજ્ઞની સેવા કરે છે, શાસ્ત્રને સમજાવનારનો અત્યંત વિનય સાચવે છે. શાસ્ત્ર પ્રત્યે હૈયાથી અત્યંત બહુમાનભાવ રાખે છે, સતત શાસ્ત્ર પાછળ જ રચ્યા-પચ્યા રહે છે. નીતનવું શ્રુત ભણે છે, જૂનાનું પુનરાવર્તન કરે છે, તેના દ્વારા શાસ્ત્રમાં આવતા પદાર્થોને દૃઢ કરે છે, શાસ્ત્રોક્ત સુસંસ્કારો પેદા કરે છે, રાગાદિના કુસંસ્કારો દૂર કરવા મહેનત કરે છે અને પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ સર્વજ્ઞ-વીતરાગ ભગવાનની આજ્ઞાનુસાર થાય તે માટે સજાગ અને સાવધાન રહે છે.

શાસ્ત્રમાં યોગીઓને ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત કહ્યા છે. ભારંડ પક્ષીને બે માથાં, ચાર આંખ, એક પેટ અને બે જીવ હોય છે. બંને જીવોએ એકબીજાને અનુરૂપ રહેવા સતત અપ્રમત્ત રહેવું પડે છે. એક જે વિચારે તે જ બીજાએ વિચારવું પડે છે. જે પ્રમાણે એક આચાર કરે તે જ પ્રમાણે બીજાને આચરવું પડે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. એકબીજાના મનને જાણીને જ પ્રવૃત્તિ કરવી પડે છે. જ્યારે એકબીજાથી વિરુદ્ધ કરવાની ઈચ્છા થાય કે વિરુદ્ધ કરવા જાય ત્યારે બંને મૃત્યુ પામી જાય છે. તે જ રીતે યોગીઓ પણ શાસ્ત્ર શું કહે છે, તે જોઈને - જાણીને જ પ્રવૃત્તિ કરે છે. તેમની એક પણ પ્રવૃત્તિ શાસ્ત્રના આધાર વિહોણી સંભવતી નથી. જેમ ભારંડ પક્ષી એકબીજાના વિચારના બળે ચાલે છે, ત્યાં સુધી જ સુખે જીવન જીવી શકે છે, પછી નહિ. તે જ રીતે યોગી પણ શાસ્ત્ર પ્રમાણે ચાલે તો જ સુખને પામી શકે છે, પરંતુ જો તે શાસ્ત્ર નિરપેક્ષપણે પ્રવૃત્તિ કરે તો નિશ્ચે તેનું પતન જ થાય છે.

આ વિષયમાં એટલું ધ્યાન રાખવું કે, શાસ્ત્રરૂપ ચક્ષુ ત્યારે જ પ્રાપ્ત થઈ કહેવાય કે જ્યારે શાસ્ત્રના એક એક વચન પ્રત્યે આદર હોય, પ્રત્યેક વચનને પાળવાની આંતરિક તાલાવેલી હોય, અને શક્ય પ્રયત્ને પાળવાની તૈયારી હોય અને ન પળાતી આજ્ઞાઓ પ્રત્યે શુદ્ધ પક્ષપાત હોય. આ સિવાય માત્ર શાસ્ત્ર ભણી લેવાથી શાસ્ત્ર ચક્ષુ પ્રાપ્ત થતી નથી. ॥૧૬॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાસ્ત્ર પરીક્ષાની વિધિ

ગાથા-૧૭

**અવતરણિકા :**

આ જગતમાં અનેક મતો-દર્શનો છે અને સર્વ મતનાં શાસ્ત્રો પણ અલગ-અલગ છે. વળી સૌ કોઈ એમ માને છે કે, અમારાં શાસ્ત્રો સર્વજ્ઞકથિત છે અને શાસન તથા ત્રાણ શક્તિથી યુક્ત છે, પણ તે દરેક શાસ્ત્રો ભિન્ન-ભિન્ન પ્રવૃત્તિને બતાવનાર છે, માટે હિતેચ્છુને મૂંઝવણ થાય કે કયા શાસ્ત્રના આધારે પ્રવૃત્તિ કરવી ? આ મૂંઝવણમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

परीक्षन्ते[५] कषच्छेदतापैः[३] स्वर्णं[४] यथा[१] जनाः[२] ।
शास्त्रे[८]ऽपि[९] वर्णिकाशुद्धिं,[१०] परीक्षन्तां[११] तथा[६] बुधाः[७] ॥१७॥

**શબ્દાર્થ :**

૧.यथा - જે પ્રમાણે ૨. जनाः - લોકો ૩. कषच्छेदतापैः - કષ, છેદ અને તાપ વડે ૪. स्वर्णं - સોનાની ૫. परीक्षन्ते - પરીક્ષા કરે છે. ૬/૭. तथा बुधाः - તે પ્રકારે વિદ્વાનોએ ૮. शास्त्रे - શાસ્ત્રવિષયક ૯. अपि - પણ ૧૦. वर्णिकाशुद्धिं - વર્ણિકાશુદ્ધિની ૧૧.परीक्षन्तां - પરીક્ષા કરવી જોઈએ.

**શ્લોકાર્થ :**

**જે પ્રકારે લોકો કષ, છેદ અને તાપ વડે સુવર્ણની પરીક્ષા કરે છે, તે પ્રકારે વિદ્વાન પુરુષો શાસ્ત્રવિષયક પણ વર્ણિકાશુદ્ધિ[1]ની પરીક્ષા કરે.**

**ભાવાર્થ :**

કિંમતી સુવર્ણને ખરીદતાં પહેલાં તેમાં ઠગાઈ ન જવાય તે માટે તેની કષ, છેદ અને તાપથી પરીક્ષા કરાય છે. તે જ પ્રકારે જે શાસ્ત્રના આધારે મોક્ષરૂપ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનું છે, તે શાસ્ત્રમાં પણ ક્યાંય ઠગાઈ ન જવાય તે માટે બુધ પુરુષોએ શાસ્ત્રવિષયક પણ વર્ણિકાશુદ્ધિની કષ, છેદ અને તાપથી પરીક્ષા કરવી જોઈએ.

**વિશેષાર્થ :**

સુવર્ણની કિંમત જેમને સમજાઈ છે, તેવા લોકો સુવર્ણની ખરીદી કરતાં પહેલાં સુવર્ણની ત્રણ રીતે પરીક્ષા કરે છે. સૌ પ્રથમ કસોટીના પત્થર ઉપર સુવર્ણને ઘસવામાં આવે છે, ઘસતાં જો શુદ્ધ રેખા દેખાય તો તે કષશુદ્ધ સુવર્ણ કહેવાય છે. ઉપરથી શુદ્ધ છતાં સોનું અંદરથી શુદ્ધ છે કે નહિ, તેની તપાસ માટે સુવર્ણને છીણીથી

1. વર્ણિકા=શબ્દરચના અને તેની શુદ્ધિ=શબ્દરચનાથી બનેલાં શાસ્ત્રો મોક્ષમાર્ગ માટે ઉપકારક છે કે નહિ ? તેની તપાસ કરવી તે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છેદવામાં આવે છે. છેદતાં અંદરથી શુદ્ધ દેખાય તો તે સુવર્ણ છેદપરીક્ષાથી શુદ્ધ કહેવાય છે. વળી, આ સુવર્ણ સંપૂર્ણ શુદ્ધ છે કે નહિ, તેની તપાસ માટે સોનાને ભઠ્ઠી ઉપર ચઢાવી ઓગાળવામાં આવે છે, ત્યારે અગ્નિથી સુવર્ણમાં જરાય ઝાંખપ ન આવે, ઊલટું તે વધુ તેજસ્વી બને તો તે સુવર્ણ તાપથી શુદ્ધ ગણાય છે.

સુવર્ણની જેમ મોક્ષાર્થી સાધકે પણ જે શાસ્ત્રના આધારે સંસાર સાગરને તરી મોક્ષના મહાસુખને માણવું છે, તે શાસ્ત્રની કષ, છેદ અને તાપ પરીક્ષા કરવી જોઈએ. કેમ કે, આ જગતમાં નામથી ધર્મશાસ્ત્રો ઘણા છે, તેમાં કયું શાસ્ત્ર સાચું અને કયું શાસ્ત્ર ખોટું તેની જો પરીક્ષા કરવામાં ન આવે તો આત્મશ્રેયના કાર્યમાં ઠગાઈ જવાય છે, તેથી શ્રેયના અર્થી આત્માએ તો શાસ્ત્રનો સ્વીકાર કરતાં પહેલાં શાસ્ત્રવિષયક પરીક્ષક બુદ્ધિ કેળવીને 'આ શાસ્ત્ર સર્વજ્ઞના વચનરૂપ છે કે નહિ ?'- તે શાસ્ત્રનાં વચનોની પરીક્ષા કરીને નક્કી કરવું જોઈએ અર્થાત્ શાસ્ત્રની વર્ણિકાશુદ્ધિથી પરીક્ષા કરવી જોઈએ.

કોઈ સુવર્ણના વિષયમાં ઠગાય તો માત્ર આર્થિક નુકશાન જ થાય છે, પરંતુ શાસ્ત્રના વિષયમાં કોઈ ઠગાય તો તેની ભવપરંપરા બગડ્યા વિના રહેતી નથી. કેમ કે, ઉન્માર્ગને સન્માર્ગ માનીને ચાલવાથી ઇષ્ટસ્થાને તો પહોંચાતું નથી, પરંતુ મિથ્યાત્વના પોષણથી અનિષ્ટકારક ભવભ્રમણ પણ વધે છે. માટે જે શાસ્ત્રના સહારે શ્રેયકાર્ય કરવું છે, તે શાસ્ત્રના એક એક શબ્દ આત્મશુદ્ધિને કરનારા છે કે નહિ ? મોક્ષમાર્ગના ઘોતક છે કે નહિ ? તેનો નિર્ણય શાસ્ત્રના પ્રતિપાદન દ્વારા કરવો જોઈએ.' ॥૧૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# કષશુદ્ધિ

ગાથા-૧૮-૧૯-૨૦

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકમાં કષ, છેદ અને તાપ વડે શાસ્ત્રની પરીક્ષા કરવાનું જણાવ્યું, તેમાં શાસ્ત્રવિષયક કષ-શુદ્ધિ શું છે તે બતાવતાં કહે છે-

**શ્લોક :**

विधयः[४] प्रतिषेधाद्या[५], भूयांसो[३] यत्र[१] वर्णिताः[२] ।
एकाधिकारा[६] दृश्यन्ते[७], कषशुद्धिं[९] वदन्ति[१०] ताम्[८] ॥१८॥

**શબ્દાર્થ :**

૧. यत्र - જે (શાસ્ત્ર)માં ૨. वर्णिताः - વર્ણન કરાયેલા ૩. भूयांसः - ઘણાં ૪/૫ विधयः प्रतिषेधाद्या - વિધિ અને પ્રતિષેધો ૬. एकाधिकाराः - એક અધિકારવાળા ૭. दृश्यन्ते - દેખાય છે ૮. ताम् - તેને (વિદ્વાનો) ૯. कषशुद्धिं - (શાસ્ત્ર વિષયક) કષશુદ્ધિ ૧૦. वदन्ति - કહે છે.

**શ્લોકાર્થ :**

**જે શાસ્ત્રમાં વર્ણન કરાયેલા ઘણાં વિધિ અને પ્રતિષેધો (મોક્ષરૂપ) એક અધિકારવાળા દેખાય છે, તેને શાસ્ત્રકારો શાસ્ત્ર સંબંધી કષ-શુદ્ધિ કહે છે.**

**ભાવાર્થ :**

જે શાસ્ત્રમાં વર્ણન કરાયેલ ઘણાં વિધિવાક્યો અને નિષેધવાક્યો પરમહિતરૂપ જે મોક્ષ છે, તે રૂપ એક અધિકારવાળા અર્થાત્ મોક્ષનું કારણ બને તેવાં દેખાય તે શાસ્ત્ર કષથી શુદ્ધ ગણાય છે.

**વિશેષાર્થ :**

સુવર્ણની પરીક્ષા માટે જેમ પ્રથમ તેની કષ પરીક્ષા થાય છે, તેમ આ શાસ્ત્ર કષથી શુદ્ધ છે કે નહિ ? તેની તપાસ માટે શાસ્ત્રમાં બતાવેલા વિધાનો-વિધિવાક્યો અને નિષેધો-નિષેધવાક્યો આત્માના સુખરૂપ મોક્ષના કારણભૂત છે કે નહિ ? તે અત્યંત સૂક્ષ્મતાથી તપાસવું જોઈએ. તેમાં જે વાક્યમાં મોક્ષ મેળવવા માટે અમુક વસ્તુ કરવી જોઈએ એવું વિધાન કર્યું હોય એટલે કે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, તત્ત્વની શ્રદ્ધા આદિ ધર્મોનું સેવન કરવું જોઈએ - એવું કહ્યું હોય, તે વિધિ વાક્ય કહેવાય છે અને જે વાક્યોમાં મોક્ષ મેળવવા માટે કોઈ અધર્મ આદિ અમુક વસ્તુ ન કરવી જોઈએ એવો નિષેધ કર્યો હોય એટલે કે; હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ, ક્રોધ, માન, માયા, લોભ, તત્ત્વની અશ્રદ્ધા આદિનો ત્યાગ કરવો જોઈએ - એવું કહ્યું હોય, તેને પ્રતિષેધ વાક્યો કહેવાય છે. દા.ત. 'उपादेयश्च संवरः' એ વિધિ વાક્ય છે અને 'आश्रवः सर्वथा हेयः' એ નિષેધ વાક્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાસ્ત્રમાં આવા અનેક પ્રકારના વિધિ અને નિષેધ વાક્યો છે. તે સર્વે મોક્ષના કારણ બને તેવા છે કે નહીં તેની તપાસ કરવી એ શાસ્ત્રની કષ પરીક્ષા સમાન છે. જેમ કે, શાસ્ત્રમાં કહ્યું હોય કે હિંસા ન કરવી જોઈએ, અને અહિંસાનું પાલન કરવું જોઈએ તો તપાસવું જોઈએ કે શું આ શાસ્ત્રમાં દરેક પ્રકારની હિંસાનું વર્ણન છે ? સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોનું સ્વરૂપ અને તેનાં સુખ-દુઃખની સંવેદનાઓનું વર્ણન છે ? દ્રવ્ય હિંસા સાથે મોક્ષમાં બાધક બને તેવી ભાવ હિંસા પણ કોને કહેવાય તે જણાવ્યું છે ? મોક્ષપ્રાપ્તિમાં અત્યંત બાધક બને તેવી વિષય અને કષાયની વૃત્તિઓની હાનિકારકતા વર્ણવી છે ? હિંસાદિની પ્રવૃત્તિઓ કે મનને મલિન કરે તેવી વૃત્તિઓનું નિયંત્રણ કરવાના ઉપાયો બતાવ્યા છે ? તે ઉપાયો પણ શું વાસ્તવિક રીતે મોક્ષના કારણ બને તેવા છે કે માત્ર તે કાળ પૂરતા કષાયાદિને દબાવે તેવા છે ? આ રીતે શાસ્ત્રના દરેક વિધિ અને નિષેધોની ઊંડી તપાસ કરતાં જો તે સર્વ વિધિ નિષેધો એક માત્ર મોક્ષના લક્ષ્યને સાધનારા હોય તો તે શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. ॥૧૮॥

**અવતરણિકા :**

કષશુદ્ધિવાળાં શાસ્ત્રો કયા કહેવાય, તે જણાવી હવે અન્વય દૃષ્ટાંત દ્વારા તેને વધુ સ્પષ્ટ કરે છે-

**શ્લોક :**

**सिद्धान्तेषु[२] यथा[१] ध्यानाध्ययनादिविधिव्रजाः[५] ।**
**हिंसादीनां[६] निषेधाढ्या[७] भूयांसो[४] मोक्षगोचराः[३] ॥१९॥**

**શબ્દાર્થ :**

૧. यथा - જેમ કે ૨. सिद्धान्तेषु - (જૈન) સિદ્ધાન્તોમાં ૩. मोक्षगोचराः - મોક્ષવિષયક ૪. भूयांसो - ઘણા ૫. ध्यानाध्ययनादिविधिव्रजाः - ધ્યાન - અધ્યયન આદિ વિધિના સમૂહો ૬/૭. हिंसादीनां निषेधाढ्या - અને હિંસાદિના નિષેધો (છે).

**શ્લોકાર્થ :**

**જેમ કે, જૈન સિદ્ધાંતોમાં મોક્ષવિષયક ઘણાં ધ્યાન-અધ્યયનાદિ વિધિના સમૂહો અને હિંસાદિના નિષેધો છે. (તે કારણે તે શાસ્ત્ર કષશુદ્ધ છે.)**

**ભાવાર્થ :**

પૂર્વમાં જણાવ્યું કે, જે શાસ્ત્રમાં કહેવાયેલા વિધિ અને નિષેધો મોક્ષના કારણ બનતા હોય તે શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. હવે તેવા જ શાસ્ત્રનું દૃષ્ટાંત આપતાં કહે છે કે જૈન સિદ્ધાંતમાં મોક્ષના સાધક, મોક્ષમાર્ગના પોષક ધ્યાન-અધ્યયન અને આદિથી ક્ષમાદિ ચારિત્ર ધર્મોનાં ઘણાં વિધાનો છે અને મોક્ષમાર્ગમાં બાધક એવી હિંસા, જૂઠ, ચોરી વગેરેનો નિષેધ કરતાં કથનો પણ છે. તેથી જૈન સિદ્ધાંત કષ-શુદ્ધ કહેવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

જે શાસ્ત્રનાં પ્રત્યેક વિધાનો અને નિષેધો મોક્ષ સાથે સંબંધવાળા હોય અને સંસારના કારણરૂપ રાગાદિ ભાવોનું ઉન્મૂલન કરનાર હોય, તે જ શાસ્ત્ર કષ-શુદ્ધિથી ઉત્તીર્ણ કહેવાય.

જૈન શાસ્ત્રોમાં ધ્યાનની શૈલીઓ તથા જપના વિધાનો એવા બતાવ્યા છે, જે રાગાદિ મલિન ભાવોને દૂર કરી વીતરાગતા સુધી પહોંચાડી શકે છે. તેવી રીતે અધ્યયન, અધ્યાપનની પદ્ધતિઓ પણ એવી વર્ણવી છે જે અજ્ઞાનનો નાશ કરી સર્વજ્ઞતા સુધી પહોંચાડે છે. વળી, અનેકવિધ સાધના શૈલીઓ એવી દર્શાવાઈ છે જે કર્મક્ષયમાં નિમિત્ત બની સાધકને સર્વ કર્મથી મુક્ત બનાવી શકે છે.

આ પ્રકારના વિધાનોની જેમ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે પાપોનો નિષેધ પણ ઠેર ઠેર જોવા મળે છે. આવા વિધિ અને નિષેધ વાક્યોના કારણે જૈન સિદ્ધાંત કષશુદ્ધ પુરવાર થાય છે.

વળી, જૈન શાસ્ત્રોમાં હિંસાદિ દોષોની વાતો પણ માત્ર સ્થૂલથી કરવામાં આવી નથી, પરંતુ હિંસાદિ દોષોનું વર્ણન પણ એ રીતે કરવામાં આવ્યું છે કે તેના ત્યાગથી સાંસારિક ભાવોથી વિશ્રાંતિ અને મોક્ષને અનુકૂળ ભાવોમાં સ્થિરતા સુલભ બને છે, આથી જ જૈન શાસ્ત્રો કષ-શુદ્ધિમાં દૃષ્ટાંતરૂપ છે. ||૧૯||

**અવતરણિકા :**

કયાં શાસ્ત્રો કષથી શુદ્ધ છે, તે જણાવી હવે કયાં શાસ્ત્રો કષપરીક્ષાથી શુદ્ધ નથી, તે જણાવે છે અર્થાત્ વ્યતિરેકથી કષશુદ્ધિને સમજાવે છે-

**શ્લોક :**

**अर्थकामविमिश्रं[2] यद्[1], [4]यच्च[3] क्लृप्तकथाऽऽविलम्[5] ।**
**आनुषङ्गिकमोक्षार्थं[7], [6]यन्न[10] तत्[8] कषशुद्धिमत्[9] ॥२०॥**

**શબ્દાર્થ :**

૧. यद् - જે (શાસ્ત્ર) ૨. अर्थकामविमिश्रं - અર્થ અને કામ (સંબંધી વાતો)થી મિશ્રિત હોય ૩/૪. च यद् - અને જે ૫. क्लृप्तकथाऽऽविलम् - ઉપજાવી કાઢેલી-કાલ્પનિક ખોટી કથાઓથી ખરડાયેલ હોય ૬/૭. यद् आनुषङ्गिकमोक्षार्थं - જેમાં આનુષંગિક રીતે મોક્ષાર્થક (કથનો) હોય ૮/૯/૧૦. तत् कषशुद्धिमत् न - તે (શાસ્ત્ર) કષશુદ્ધિવાળું નથી.

**શ્લોકાર્થ :**

**જે શાસ્ત્ર અર્થ, કામ(ની વાતો)થી મિશ્રિત હોય અને જે ક્લૃપ્તકથાથી ઃ ઉપજાવી કાઢેલી કાલ્પનિક વાતોથી ખરડાયેલ હોય અને જેમાં મોક્ષ માટેની વાતો મુખ્યરૂપે નહિ, પણ આનુષંગિક રીતે જ રજૂ કરાઈ હોય તે શાસ્ત્ર કષશુદ્ધિવાળું નથી.**

**ભાવાર્થ :**

જે સિદ્ધાંતમાં પ્રધાનપણે અર્થ, કામની વાતો હોય, વળી જે ક્લૃપ્ત કથા એટલે કલ્પિત કથાઓથી ખરડાયેલ હોય, તેમજ જે સિદ્ધાંતમાં અર્થ-કામની વાત મુખ્યરૂપે આવતી હોય અને મોક્ષની વાત આનુષંગિક રીતે જ આવતી હોય તે શાસ્ત્ર કષપરીક્ષાથી શુદ્ધ ગણાય નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

આત્માને હિતકારી માર્ગમાં પ્રવર્તાવે અને અહિતકારી માર્ગમાંથી ઉગારે, તેવા વિધાનો જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર કષશુદ્ધ શાસ્ત્ર કહેવાય છે; પરંતુ જે શાસ્ત્રોમાં અર્થ અને કામ પુરુષાર્થની વાતો ભરેલી હોય, ધનોપાર્જન માટે અથવા ભૌતિક સુખ સામગ્રી મેળવવા માટે અનેક વિધિ-વિધાનો બતાવ્યા હોય, કામુક ભાવ પેદા થાય કે ઇચ્છિત ઇન્દ્રિયોનું સુખ મેળવવા શું કરવું જોઈએ તે જણાવ્યું હોય, શૃંગારરસ આદિની વાતોથી જે શાસ્ત્રો લોકરંજન કરતા હોય, આ ઉપરાંત જે શાસ્ત્રોમાં તે તે દર્શનની મિથ્યા માન્યતાઓના પ્રચાર માટે કે અપસિદ્ધાંતોને વહેતા મૂકવા માટે અનેક પ્રકારની અસંભવિત હોય તેવી ઉપજાવી કાઢેલી કાલ્પનિક કથાઓ (કલ્પ્ત કથાઓ) ભરેલી હોય તે શાસ્ત્રો કષશુદ્ધ શાસ્ત્રો નથી.

વળી જે શાસ્ત્રોમાં તપાદિ અનુષ્ઠાનોના ફળરૂપે મોક્ષની વાત માત્ર પ્રાસંગિક રીતે જણાવી હોય, પણ મોક્ષનું કેટલું મહત્ત્વ છે, આત્માનું સુખ જ મેળવવા જેવું છે, તેવું પ્રધાનરૂપે સ્થાપિત ન કર્યું હોય, તે શાસ્ત્રો પણ કષશુદ્ધ કહેવાતા નથી. આ ઉપરાંત **જે શાસ્ત્રોમાં (ઉપદેશમાં) સંસારમાં શાંતિથી જીવી શકાય તે માટે સંતોષાદિ ગુણો કેળવવા, સંપ રાખવો, શિસ્ત જાળવવી, પ્રામાણિક રહેવું, સ્વચ્છતા જાળવવી, આર્ય સંસ્કૃતિ જીવંત રાખવી વગેરે વાતો મુખ્યપણે કરવામાં આવી હોય અને આનુષંગિક રીતે મોક્ષની વાતો હોય, તેવા શાસ્ત્ર (ઉપદેશ)ને કષશુદ્ધ શાસ્ત્ર કહેવાતું નથી.** અર્થ-કામની વાતો કે કાલ્પનિક કથાઓથી યુક્ત આવાં શાસ્ત્રો વાંચતાં, 'એક માત્ર મોક્ષ પુરુષાર્થ કે તેના માટે જ ધર્મ પુરુષાર્થ આદરવા જેવો છે', તેવી બુદ્ધિ ઉત્પન્ન થતી નથી; પરંતુ જીવનમાં અર્થ-કામ પુરુષાર્થ જ કરવા જેવા લાગે છે. સ્વર્ગના ભૌતિક સુખોમાં ઉપાદેય બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી જ અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવા કે અતીન્દ્રિય સુખ મેળવવા માટે આ શાસ્ત્ર કોઈ કામનું નથી.

જ્યારે જૈન શાસ્ત્રોમાં મોક્ષ પુરુષાર્થ અને તેના માટે થતાં ધર્મ પુરુષાર્થની[1] સાથે સાથે અવસર પ્રાપ્ત અર્થ-કામ પુરુષાર્થનું અનુવાદરૂપે વર્ણન છે, તેથી ચારે પુરુષાર્થ અંતર્ગત અર્થ અને કામનું વર્ણન ત્યાં જોવા તો મળે છે, પરંતુ આત્મા માટે તે કેટલા અહિતકારી છે અને ત્યજવા યોગ્ય છે; તેમ જણાવવા માટે જ તે વાતો કરવામાં આવી છે. બાકી મુખ્યપણે તો મોક્ષની અને તેના કારણરૂપ ધર્મની જ વાત કરવામાં આવી છે, આથી જૈનદર્શનના શાસ્ત્રોને અર્થ-કામથી મિશ્ર ન કહેવાય. વળી જૈન શાસ્ત્રમાં જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી જ સદ્ગતિ અને સત્સામગ્રી માટે પુણ્યબંધ આદિની વાતો પણ આનુષંગિક રીતે જ કરવામાં આવી છે અને તેને માત્ર મોક્ષની પ્રાપ્તિ માટેની સહાયક સામગ્રી તરીકે જ વર્ણવી છે, મુખ્ય ઉદ્દેશરૂપે નહીં. તેથી જૈનશાસ્ત્રો કષશુદ્ધ શાસ્ત્ર કહેવાય છે. જ્યારે પુરાણ આદિમાં કાલ્પનિક કથાઓ, અર્થ-કામની વાતો અને પ્રાસંગિક રીતે જ મોક્ષનું વર્ણન છે તેથી તે કષશુદ્ધ કહેવાતા નથી.

ટૂંકમાં જે શાસ્ત્રમાં મોક્ષને પ્રધાન બનાવી, મોક્ષપ્રાપ્તિના એકમાત્ર ઉદ્દેશથી મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય અને તેની પ્રગતિ સરળ બને એવા આશયથી કથા કે હિતકારી ઉપદેશ કહેવાયા હોય તે જ શાસ્ત્ર કષશુદ્ધ બને છે; અન્ય નહીં. ॥૨૦॥

1. पुमर्था इह चत्वारः कामार्थौ तत्र जन्मिनाम् । अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः ।।४०।।
अर्थस्तु मोक्ष एवैको धर्मस्तस्य च कारणम् । संयमादिर्दशविधः संसाराम्भोधितारणः ।।४१।। - श्री हेमाचार्यकृतदीपोत्सवकल्पे ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# છેદશુદ્ધિ

ગાથા-૨૧ થી ૨૮

**અવતરણિકા :**

કષશુદ્ધિ કહ્યા બાદ હવે શાસ્ત્રવિષયક છેદશુદ્ધિ બતાવતાં કહે છે-

**શ્લોક :**

विधीनां[3] च[4] निषेधानां[5], योगक्षेमकरी[6] क्रिया[7] ।
वर्ण्यते[8] यत्र[1] सर्वत्र[2], तच्छास्त्रं[9][10] छेदशुद्धिमत्[11] ॥२१॥

**શબ્દાર્થ :**

૧. यत्र - જે શાસ્ત્રમાં ૨. सर्वत्र - સર્વત્ર ૩/૪/૫. विधीनां च निषेधानां - વિધિ અને નિષેધોના ૬/૭ योगक्षेमकरी क्रिया - યોગક્ષેમને કરનારી ક્રિયા ૮. वर्ण्यते - વર્ણવાઈ હોય. ૯/૧૦. तत् शास्त्रं - તે શાસ્ત્ર ૧૧. छेदशुद्धिमत् - છેદશુદ્ધિવાળું જાણવું.

**શ્લોકાર્થ :**

**જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધોને યોગ અને ક્ષેમ કરનારી ક્રિયા સર્વત્ર વર્ણવાઈ હોય, તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું છે.**

**ભાવાર્થ :**

શાસ્ત્રમાં જણાવેલા વિધિ અને નિષેધ વચનોનો યથાયોગ્ય નિર્વાહ થાય એવા આચારો જે શાસ્ત્રમાં બતાવ્યાં હોય અર્થાત્ જે શાસ્ત્રમાં આચારો એવા પ્રકારના બતાવ્યા હોય કે, જેના દ્વારા ધ્યાન, અધ્યયન કરવા જોઈએ એવા શાસ્ત્રોક્ત વિધાન વાક્યોનું અને હિંસા, જૂઠ આદિ ન કરવા જોઈએ તેવા નિષેધ વાક્યોનું પાલન અને પોષણ યથાયોગ્ય રીતે થતું હોય તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું છે તેમ જાણવું.

**વિશેષાર્થ :**

કષપરીક્ષાથી સુવર્ણની શુદ્ધતા જણાઈ હોવા છતાં સુવર્ણની સર્વાંગીણ પરીક્ષા કરવાનો અર્થી સુવર્ણનો વચમાંથી છેદ કરી સુવર્ણ શુદ્ધ છે કે નહીં તેનો નિર્ણય કરવા તત્પર બને છે. તે જ રીતે જે શાસ્ત્રોના આધારે આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરીને પરમાનંદ માણવો છે, તે શાસ્ત્રો વિધિ-નિષેધના વચન દ્વારા કષથી શુદ્ધ લાગવા છતાં તેની સર્વાંગીણ સચોટતા માટે આત્મહિતનો અર્થી છેદપરીક્ષા કરવા તત્પર બને છે.

શાસ્ત્રની છેદ પરીક્ષા કરવા માટે શાસ્ત્રોમાં ધ્યાનાદિના જે વિધાનો કર્યા છે અને હિંસાદિનો જે નિષેધ કર્યો છે તેની પુષ્ટિ થાય તેવા આચારો પણ બતાવ્યા છે કે નહીં, તેની તપાસ કરવામાં આવે છે. જો શાસ્ત્રમાં જણાવેલી ક્રિયાઓ ધ્યાનાદિની વૃદ્ધિ કરનારી હોય અને હિંસા આદિને અટકાવનારી હોય તો તે ક્રિયાઓ વિધિ-નિષેધનો યોગ-ક્ષેમ કરનારી કહેવાય છે અને તેવી ક્રિયાઓ બતાવનાર શાસ્ત્રો જ છેદશુદ્ધ કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમકે, સંસારમાં રહેલો ગૃહસ્થ દુન્યવી પ્રવૃત્તિમાં અટવાયેલો હોવા છતાં એણે ઉપરની ભૂમિકાના લક્ષ્યપૂર્વક પોતાની ભૂમિકાના ધ્યાન-અધ્યયન કઈ રીતે કરવા ? સંપૂર્ણ હિંસાદિથી વિરામ ન પામી શકાય તોપણ સંપૂર્ણ હિંસાદિ પાપોથી નિવર્તનના લક્ષ્યપૂર્વક અણુવ્રતો કઈ રીતે પાળવા ? જયણાપૂર્વક જીવન કઈ રીતે જીવવું ? વગેરેનું કથન જે શાસ્ત્રોમાં કર્યું હોય અને ઘરનો ત્યાગ કરી જેઓ સંયમી બન્યા હોય તેમને પોતાની ભૂમિકા મુજબનાં ધ્યાન-અધ્યયન કઈ રીતે કરવાં અને સંયમ જીવનના નિર્વાહ માટે નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરે કઈ રીતે ગ્રહણ કરવા કે જેનાથી તેઓ સંપૂર્ણ અહિંસક જીવન જીવી શકે; તેવા આચારો પણ જે શાસ્ત્રોમાં વર્ણવ્યા હોય તેને છેદશુદ્ધ કહેવાય છે.

આના બદલે જે શાસ્ત્રમાં વિધિ વચનો અને નિષેધ વચનો જોવા મળે પણ તેના નિર્વાહ માટે જયણા પૂર્વકના જીવન વ્યવહારની વાતો જોવા ન મળતી હોય. સંસાર ત્યાગી માટે પણ હિંસાજનક સ્નાનાદિનું વિધાન હોય, અન્નપાકની ક્રિયાનો બાધ ન હોય, મઠ કે આશ્રમ આદિ પરિગ્રહ રાખવાનું પણ કથન હોય, પોતે બ્રહ્મચર્યનું પાલન કરે અને ગૃહસ્થીને 'પુત્રવતી ભવ'ના આશીર્વાદ આપવાના આચારો હોય, તે શાસ્ત્ર છેદશુદ્ધ શાસ્ત્ર કહી શકાય નહિ, કેમ કે, આવાં આચારોને કારણે અહિંસાદિ ધર્મોનું પૂર્ણ પાલન થઈ શકતું નથી અને પરિણામે તે શાસ્ત્ર દ્વારા અતીન્દ્રિય એવું આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ પ્રગટ પણ કરી શકાતું નથી. ॥૨૧॥

**અવતરણિકા :**

શાસ્ત્રની છેદશુદ્ધિ જણાવ્યા પછી આવી છેદશુદ્ધિ કયા શાસ્ત્રોમાં ઘટે તે રૂપ અન્વય દૃષ્ટાંત બતાવતાં કહે છે-

**શ્લોક :**

**कायिकाद्यपि[५] कुर्वीत[८], गुप्तश्च[६] समितो[७] मुनिः[४] ।**
**कृत्ये[१०] ज्यायसि[९] किं[११] वाच्य-[१२]मित्युक्तं[३] समये[२] यथा[१] ॥२२॥**

**શબ્દાર્થ :**

૧. यथा - જેમ કે ૨. समये - (જૈન) શાસ્ત્રોમાં ૩. इति उक्तं - એ પ્રમાણે કહેવાયું છે કે ૪. मुनिः - મુનિ ૫. कायिकाद्यपि - કાયિકાદિ પણ ૬/૭. गुप्ताद्या समितो- ગુપ્ત-ગુપ્તિવાન અને સમિત-સમિતિવાન (થઈને) ૮. कुर्वीत - કરે ૯/૧૦. ज्यायसि कृत्ये - (તો) મોટા કાર્યના વિષયમાં ૧૧/૧૨. किं वाच्यम् - શું કહેવું. (તેથી જૈન શાસ્ત્રો છેદશુદ્ધ કહેવાય.)

**શ્લોકાર્થ :**

**જેમ કે, 'મુનિ કાયિકાદિ પણ ગુપ્ત અને સમિત બનીને કરે (તો) મોટા કૃત્યના વિષયમાં શું કહેવું ?' એ પ્રમાણે (જૈન) શાસ્ત્રોમાં કહેવાયું છે. (તેથી જૈન શાસ્ત્રો છેદશુદ્ધ છે).**

**ભાવાર્થ :**

વિધિ નિષેધને અનુરૂપ ક્રિયાઓ જ્યાં વર્ણવાઈ હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ કહેવાય. જેમ કે, જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે - 'મુક્તિના સાધક મુનિ હંમેશા વિશેષ પ્રયોજન ન હોય ત્યારે પોતાના મન, વચન, કાયાના ગોપનરૂપ-નિવૃત્તિરૂપ ગુપ્તિવાળા અને વિશેષ પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે મન, વચન, કાયાની સમ્યક્ પ્રવૃત્તિરૂપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમિતિવાળા રહે.' આથી જ મુનિને જ્યારે લઘુનીતિ, વડીનીતિ કે કાયા-શરીરને લગતી અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરવી પડે, ત્યારે પણ તેને સમિતિ અને ગુપ્તિમાં રહીને જ તે ક્રિયાઓ કરવી જોઈએ. જો શરીરની હાજત ટાળવા જેવાં સામાન્ય કાર્યો પણ મુનિ સમિતિ-ગુપ્તિપૂર્વક કરે, એમ જણાવ્યું હોય તો મોટા કાર્યો માટે તો પૂછવું જ શું ? અર્થાત્ શાસન-રક્ષા, શાસન-પ્રભાવના જેવાં કાર્યો પણ તેને અપ્રમત્તભાવે જ કરવાના છે એવું સ્પષ્ટપણે વિગતવાર જૈનશાસ્ત્રોમાં જણાવ્યું છે. આના ઉપરથી એવું નક્કી કરી શકાય કે જૈનશાસ્ત્રોમાં બતાવેલી ક્રિયાઓ, તેમાં બતાવેલ વિધિ-નિષેધને પુષ્ટ કરનારી બને છે, તેથી જૈનશાસ્ત્રો છેદશુદ્ધ શાસ્ત્રોનું એક દૃષ્ટાંત કહેવાય.

**વિશેષાર્થ :**

જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધને અનુરૂપ આચારો જણાવ્યા હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ કહેવાય છે. ઘણા ધર્મશાસ્ત્રોમાં મુક્તિની સાધના માટે અહિંસાદિ ધર્મનું પાલન કરવું જોઈએ અને હિંસાદિ અધર્મો ન આચરવા જોઈએ એવા વિધિ-નિષેધ વાક્યો બતાવ્યાં હોય છે, તેથી તે કષશુદ્ધ તો હોય છે; પરંતુ તેમાં અહિંસાદિ ધર્મો પાળી શકાય તેવા આચારો જણાવ્યા હોતા નથી, તેથી તે શાસ્ત્ર છેદશુદ્ધ હોતા નથી; જ્યારે જૈનશાસ્ત્રોમાં જે સાધક સર્વથા હિંસા આદિનો ત્યાગ કરી મુક્તિની સાધના માટે ગુરુચરણે જીવન સમર્પિત કરે છે, તેના માટે એવા આચારો બતાવ્યા છે કે, જેના દ્વારા તે હિંસાદિ પાપોથી સંપૂર્ણ રીતે મુક્ત રહી સુંદર રીતે અહિંસાદિ ધર્મનું પાલન કરી શકે છે, આથી જ જૈનશાસ્ત્રો કષશુદ્ધ હોવા ઉપરાંત છેદશુદ્ધ પણ હોય છે.

જૈન શાસ્ત્રોમાં જણાવ્યું છે કે, મોક્ષની સાધના માટે કટિબદ્ધ બનેલા મુનિ ક્યારે પણ સમિતિ-ગુપ્તિથી મુક્ત ન હોવા જોઈએ. એમના જીવનની પ્રત્યેક પળો સમિતિ અને ગુપ્તિના રંગથી રંગાયેલી હોવી જોઈએ. જ્યાં સુધી વિશેષ કારણ ઉપસ્થિતિ ન થાય ત્યાં સુધી મુનિ ગુપ્તિમાં રહે અને જ્યારે વિશેષ કારણ ઉપસ્થિત થાય ત્યારે મુનિ સમિતિમાં રહે. મુનિ જ્યારે સમિતિમાં હોય ત્યારે પણ ગુપ્તિમાં તો હોય જ.

આમ હિંસા કરવાનાં મૂળ સાધનો સમાન મન, વચન અને કાયાના યોગોના સમ્યક્ પ્રવર્તનરૂપ સમિતિનું અને મન-વચન-કાયાનું ગોપન કરવારૂપ ગુપ્તિનું પાલન કરવાથી મુનિ સર્વથા આ પાપથી બચી શકે છે. તેમાં ગુપ્તિ દરમ્યાન મુનિના પંચાચારની ચારિમા અંતરંગ ભાવોમાં પ્રવર્તે છે અને સમિતિનો અવસર ઊભો થતાં એ ચારિમા બાહ્ય આચારરૂપે બહિર્વૃત્તિમાં પ્રવર્તે છે ત્યારે તેઓ સમિતિ-ગુપ્તિ ઉભયમાં હોય છે. આથી તેમના જીવનની પ્રત્યેક પળો સમિતિ-ગુપ્તિના રંગથી રંગાયેલી હોય છે, તેમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

સમિતિ-ગુપ્તિરૂપ આચારથી સંપન્ન મુનિ તેની કાયિકાદિ ક્રિયા એટલે કે તેના દૈહિક ધર્મો જેવા કે ઝાડો-પેશાબ વિસર્જનના વ્યવહારો પણ સમિતિ-ગુપ્તિપૂર્વક કરે છે. જૈનશાસ્ત્રોમાં જ્યારે આહાર ગ્રહણ, મળ-મૂત્રનું વિસર્જન જેવાં નાનાં કાર્યો માટે પણ એવું કહ્યું છે કે, મુનિએ તે સર્વ કાર્યો સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વક, અપ્રમત્તપણે, ઉપયોગ અને જયણાપૂર્વક ક્યાંય રાગાદિભાવો સ્પર્શી ન જાય એટલે કે ક્યાંય દ્રવ્ય હિંસા કે ભાવહિંસા ન થઈ જાય તેની કાળજીપૂર્વક કરવાના કહ્યા છે તો પછી મોટા કાર્ય માટે તો શું કહેવું ? (कृत्ये ज्यायसि किं वाच्यं ?)

જે શાસ્ત્ર દેહની હાજત ટાળવા જેવા નાના કાર્યો કરવા માટે પણ એવું સૂચન કરતા હોય કે તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહિંસાનું પાલન થાય તે રીતે કરવા, તે શાસ્ત્ર શાસનની રક્ષા કે ઉપસ્થિત થયેલ શાસનની પ્રભાવના જેવા મોટા કાર્યો અને ધ્યાન, અધ્યયન, અધ્યાપન, આવશ્યક ક્રિયા, વિહાર, લોચ, કાયક્લેશ આદિ સંયમ પોષક દૈનિક કે ક્યારેક ક્યારેક થતાં કાર્યો વગેરેને તો વિશેષ પ્રકારે સમિતિ-ગુપ્તિના ઉપયોગપૂર્વક કરવાનું કહે એમાં નવાઈ શું ? આથી જ જૈનશાસ્ત્રોમાં નાનાથી-મોટા પ્રત્યેક વ્યવહારોમાં સમિતિ-ગુપ્તિનું પાલન કેટલી કાળજીપૂર્વક કેટલા ઉપયોગપૂર્વકનું હોવું જોઈએ તેની વાતો અતિ સૂક્ષ્મતાથી અને પૂરા વિસ્તારથી કરવામાં આવી છે.

સમિતિ-ગુપ્તિના વર્ણન દ્વારા જૈન શાસ્ત્રોમાં સૂક્ષ્મથી બાદર અને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તમામ જીવોની દ્રવ્ય-ભાવ અહિંસા કેવી રીતે આરાધવી અને ખુદ પોતાના આત્માની પણ ભાવ અહિંસા કઈ રીતે આરાધવી એનું સૂક્ષ્મતમ અને વિશદ વર્ણન કરવામાં આવ્યું હોવાથી જ જૈનશાસ્ત્ર છેદશુદ્ધિમાં સર્વથા ઉત્તીર્ણ થાય છે. ॥૨૨॥

**અવતરણિકા :**

હવે વ્યતિરેક દૃષ્ટાંતથી છેદશુદ્ધિને જણાવતાં કહે છે -

**શ્લોક :**

**अन्यार्थं[३] किञ्चिदुत्सृष्टं[२][४], यत्रान्यार्थमपोद्य(ह्य)ते[१][५][६] ।**
**दुर्विधिप्रतिषेधं[८] तद्[७], न[११] शास्त्रं[९] छेदशुद्धिमत्[१०] ॥२३॥**

**શબ્દાર્થ :**

૧. यत्र - જેમાં = જે શાસ્ત્રમાં ૨/૩. किञ्चिद् अन्यार्थं - કોઈક અન્ય ઉદ્દેશથી ૪. उत्सृष्टं - ઉત્સર્ગનું કથન હોય ૫. (किञ्चित्) अन्यार्थं- (અને કોઈક) અન્ય ઉદ્દેશથી ૬. अपोद्यते - અપવાદનું કથન હોય ૭. तद् - તે ૮. दुर्विधिप्रतिषेधं - કુત્સિત વિધિ-નિષેધવાળું ૯. शास्त्रं - શાસ્ત્ર ૧૦/૧૧. छेदशुद्धिमत् न - છેદશુદ્ધિવાળું નથી.

**શ્લોકાર્થ :**

**જ્યાં કાંઈક અન્યને ઉદ્દેશીને ઉત્સર્ગમાર્ગથી કથન હોય અને કાંઈક અન્ય વિષયને ઉદ્દેશીને અપવાદમાર્ગથી કથન હોય તે કુત્સિત વિધિ-નિષેધવાળું શાસ્ત્ર છેદશુદ્ધિવાળું નથી.**

**ભાવાર્થ :**

જે શાસ્ત્રમાં મોક્ષના ઉદ્દેશથી ઔત્સર્ગિક કથન કર્યું કે, "કોઈ જીવને હણવો નહિ" અને વળી બીજું આપવાદિક વિધાન કર્યું કે, "સ્વર્ગાદિની ઈચ્છાવાળાએ યજ્ઞ કરવો જોઈએ." આમ મોક્ષાર્થક હિંસાનો નિષેધ કર્યા પછી પણ યજ્ઞ વિષયક હિંસાની જેમાં છૂટ હોય, તેવું કુત્સિત વિધિ-નિષેધવાળું શાસ્ત્ર છેદ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શકતું નથી, પરંતુ જે શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બંને મોક્ષાર્થક હોય તે શાસ્ત્ર છેદથી શુદ્ધ બની શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

સર્વ ધર્મશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ મહાઆનંદસ્વરૂપ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરાવવાનો છે. આ માર્ગને પ્રાપ્ત કરાવવા માટેના શાસ્ત્રોમાં બે પ્રકારના વિધાનો જોવા મળે છે. એક ઔત્સર્ગિક વિધાન[1] અને બીજુ આપવાદિક વિધાન[2]. ઔત્સર્ગિક વિધાનનો અર્થ છે- રાજમાર્ગ અથવા સર્વજનસામાન્ય માર્ગ અગર તો વિશેષ કારણ ન હોય ત્યારે સામાન્યપણે કરવાનું આચરણ. આપવાદિક વિધાનનો અર્થ છે- વિશેષ માર્ગ અથવા વિશેષ કારણ ઉપસ્થિત થાય ત્યારે તેવા કારણે સેવાતો માર્ગ. બંને માર્ગે ચાલનારનું લક્ષ્ય જો એક હોય તો આ બંને માર્ગ ઈષ્ટ સ્થાને પહોંચાડવા સમર્થ છે, તેથી જેમ જે શાસ્ત્રમાં વિધિ-પ્રતિષેધ એકાર્થક હોય એટલે કે મોક્ષાર્થવિષયક હોય તે જ શાસ્ત્ર કષશુદ્ધ બને, તેમ જે શાસ્ત્રમાં બતાવેલા ઉત્સર્ગ અને અપવાદના વિધાનો પણ એકાર્થક હોય એટલે મોક્ષાર્થવિષયક હોય તે જ શાસ્ત્ર છેદશુદ્ધ બને.

જેમ કે, 'સર્વ સંસારનો ત્યાગ કરી મોક્ષની સાધના કરતા સાધુએ પોતાનું જીવન અહિંસક બન્યું રહે તે માટે ૪૨ દોષથી રહિત નિર્દોષ આહાર લેવો જોઈએ અને તે દ્વારા પોતાનો જીવન નિર્વાહ કરવો જોઈએ' - આ ઔત્સર્ગિક વિધાન છે. વળી, 'જ્યારે નિર્દોષ આહાર ન મળે અને સાધુને અહિંસાના પરમ કારણભૂત સંયમજીવન યથોચિત રીતે જીવી શકાય તેવું ન લાગે ત્યારે સંયમજીવનને ટકાવવા માટે પંચકહાનિના ક્રમથી વિચારીને, ઓછામાં ઓછા દોષ લાગે તેવી ગવેષણા કરી, સંયમ જીવનને જાળવી રાખવા માટે મુનિએ યત્ન કરવો જોઈએ'; આ અપવાદમાર્ગનું કથન છે. ઉત્સર્ગ કે અપવાદ આ બંને વિધાનનો ઉદ્દેશ તો એક જ છે કે સંયમજીવનને ધબકતું રાખી મોક્ષની સાધના કરવી, માટે આવા મોક્ષરૂપ એક અર્થ-લક્ષ્યવાળા (એકાર્થક) ઔત્સર્ગિક અને આપવાદિક વિધાનોવાળા જૈન શાસ્ત્રો છેદપરીક્ષાથી શુદ્ધ ગણાય છે. ટૂંકમાં શાસ્ત્રનિર્દિષ્ટ વિધિ-નિષેધોના નિર્વાહ માટે બતાવેલા ઔત્સર્ગિક કે આપવાદિક આચારો પણ મોક્ષને અનુરૂપ જ હોવા જોઈએ. જે જૈનદર્શનમાં સ્પષ્ટપણે જોવા મળે છે, આથી જ જૈનદર્શન છેદશુદ્ધ કહેવાય.

જ્યારે અન્ય દર્શનમાં શાસ્ત્રનિર્દિષ્ટ વિધિ-નિષેધના નિર્વાહ માટે બતાવાયેલા ઉત્સર્ગ અને અપવાદો મોક્ષને અનુરૂપ હોતા નથી. સામાન્યથી જે કોઈક હેતુસર ત્યાગ કરાયેલ હોય છે તે જ વિશેષ અવસ્થામાં (આપવાદિક સ્થાનમાં) અન્ય હેતુસર અનિષિદ્ધ બની જાય છે. જેમ કે, જે શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદના વિધાનો એકાર્થક કરાયાં ન હોય, પરંતુ ભિન્ન ભિન્ન ઉદ્દેશથી કરવામાં આવ્યાં હોય, જેમ કે એક વિધાન એવું હોય કે, 'મોક્ષાર્થીએ ઉત્સર્ગ માર્ગે કોઈ પણ જીવની હિંસા કરવી નહિ' અને તે જ શાસ્ત્રમાં બીજું આપવાદિક વિધાન કર્યું હોય કે (स्वर्गकामः अग्निषोमीयं पशुमालभेत) 'ભૌતિક સમૃદ્ધિની ઈચ્છાવાળી વ્યક્તિએ અગ્નિષોમ દેવતાવાળા યજ્ઞમાં પશુ હોમવો જોઈએ;' તો તે શાસ્ત્રમાંનું આ આપવાદિક વિધાન મોક્ષાર્થક નથી, પરંતુ ભૌતિક સુખાર્થક છે. આ રીતે જ્યાં ભિન્ન ભિન્ન ઉદ્દેશવાળા બંને વિધાનો જોવા મળતાં હોય તે શાસ્ત્રને છેદ પરીક્ષાથી શુદ્ધ ન કહેવાય.

---

1. ઉત્સર્ગ માર્ગ/ઔત્સર્ગિક વિધાન : सामान्योक्तो विधिरुत्सर्गः
2. અપવાદ માર્ગ/આપવાદિક વિધાન : विशेषोक्तो विधिरपवादः

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી આ શ્લોકના પરમાર્થને વિચારતાં એક વાત એ પણ સ્પષ્ટ થાય છે કે, શાસ્ત્રના ઉત્સર્ગ અને અપવાદ જેમ એકાર્થક હોવા જોઈએ, તેમ એક જ પ્રયોજનના પોષક પણ હોવા જોઈએ. એટલે કે, **જે શાસ્ત્રનાં પ્રત્યેક વિધાનો મોક્ષમાર્ગ અને મોક્ષના અનન્ય ઉપાયરૂપ સમાધિભાવનાં પોષક હોય તો જ તે શાસ્ત્ર છેદપરીક્ષાથી શુદ્ધ ગણાય** તે સિવાય નહીં. મોક્ષમાર્ગને, મોક્ષમાર્ગને અનુરૂપ પરિણતિને કે સમતાને ઘાતક બને તેવા ઉત્સર્ગ કે અપવાદના આચારો ક્યારે પણ મોક્ષાર્થક બની શકે નહીં. જેમ કે દિગંબરના શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદનાં અનેક કથનો મોક્ષ માટે જ બતાવ્યાં છે. મોક્ષરૂપ એક જ ઉદ્દેશથી સમગ્ર વિધાનો હોઈ ઉપરછલ્લી દૃષ્ટિથી તો તેઓનું શાસ્ત્ર છેદથી શુદ્ધ લાગે. આમ છતાં ભગવાન દ્વારા પ્રરૂપિત સાપેક્ષ યતિધર્મ અને નિરપેક્ષ યતિધર્મના કથનોની ઉપેક્ષા કરીને, "નિષ્પરિગ્રહી સાધુએ વસ્ત્ર, પાત્ર રાખવાં નહિ" - એવું તેમનું મોક્ષાર્થક વિધાન પણ મોક્ષના કારણભૂત સમાધિભાવ આદિનું પોષક બનતું નથી. કેમ કે જેમની પાસે વસ્ત્રલબ્ધિ[3] છે, તેવા સત્ત્વશાળી મુનિની વાત જુદી છે. બાકી સામાન્ય સાધુ જો વસ્ત્રનો ત્યાગ કરે તો તેમની બ્રહ્મચર્યની ગુપ્તિ જળવાતી નથી, અતિ ઠંડી આદિના સમયમાં સમાધિભાવ ટકતો નથી, માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાનાદિમાં અંતરાય થાય છે. વળી પાત્રલબ્ધિવિહીન[4] સાધુ પાત્ર ન રાખે તો આહાર નીચે પડતાં કીડી આદિ જીવોની કિલામણા થવાની સંભાવના રહે છે. આ રીતે આવી પ્રવૃત્તિઓ અહિંસક ભાવની પોષક બનતી નથી, માટે મોક્ષાર્થક પણ આ કથન શાસ્ત્રોક્ત વિધિ-નિષેધનું પોષક બનતું નથી, તેથી જ આવાં કથનવાળું દિગંબરોનું શાસ્ત્ર છેદશુદ્ધ શાસ્ત્ર કહેવાતું નથી. ॥૨૩॥

3. વસ્ત્રલબ્ધિ - સાધુની એક એવી લબ્ધિ કે જેના કારણે વસ્ત્ર ન હોય છતાં (તેને જોઈ લોકોને જુગુપ્સા ન થાય કે) તે લોકમાં નગ્ન ન દેખાય.
4. પાત્રલબ્ધિ - હાથમાં રાખેલ આહાર પાણીનો ઊંચો ઢગ થાય છતાં તેમાંથી એક ટીપું પણ નીચે ન પડે તેને પાત્રલબ્ધિ કહેવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વેદોની છેદ પરીક્ષા

ગાથા-૨૪ થી ૨૮

**અવતરણિકા :**

પૂર્વમાં કહ્યું કે, 'વેદશાસ્ત્રમાં દર્શાવેલા ઉત્સર્ગ-અપવાદ એક વિષયવાળા અર્થાત્ એક પ્રયોજનને સિદ્ધ કરનારા નથી, માટે વેદશાસ્ત્ર છેદશુદ્ધ નથી.' તેની સામે વેદને માનનારા કહે છે કે, "ભલે વેદશાસ્ત્રમાં મોક્ષાર્થે હિંસાનો નિષેધ અને સ્વર્ગાર્થે યજ્ઞનું વિધાન છે, તોપણ કોઈ દોષ નથી. કેમ કે, યજ્ઞાર્થક હિંસા શાસ્ત્રવિહિત છે અને શાસ્ત્રવિહિત હિંસા અનર્થકારી નથી, માટે વેદશાસ્ત્રો છેદશુદ્ધ નથી, તેમ તમે કહી શકો નહીં' - આવી શંકાના નિરાકરણાર્થે ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

**निषिद्धस्य[७] विधानेऽपि[९] हिंसादेर्भूतिकामिभिः[६] ।**
**दाहस्येव[२] न[४] सद्वैद्यै[१]-र्याति[५] प्रकृतिदुष्टता[३] ॥२४॥**

**શબ્દાર્થ :**

૧. सद्वैद्यैः - સદ્વૈદ્યો વડે ૨. दाहस्य - દાહની ૩. प्रकृतिदुष्टता - પ્રકૃતિદુષ્ટતા ૪/૫. इव न याति - જેમ જતી નથી ૬. भूतिकामिभिः - (તેમ) ભૂતિકામીઓ વડે ૭/૮. निषिद्धस्य हिंसादेः - નિષિદ્ધ એવી હિંસાદિના ૯. विधानेऽपि - વિધાનમાં પણ - (હિંસાદિની પ્રકૃતિદુષ્ટતા જતી નથી.)

**શ્લોકાર્થ :**

**સદ્વૈદ્યો વડે કરાતા દાહની પ્રકૃતિદુષ્ટતા જેમ જતી નથી, તેમ સમૃદ્ધિની ઇચ્છાવાળાઓ વડે નિષિદ્ધ એવી હિંસાદિનું વિધાન કરાયું હોવા છતાં પણ તે હિંસાદિમાં જે સ્વાભાવિક દુષ્ટતા છે તે નાશ પામતી નથી.**

**ભાવાર્થ :**

વૈદક શાસ્ત્રમાં દાહનો નિષેધ છે, આમ છતાં અમુક રોગમાં સદ્વૈદ્યો પણ દાહનું વિધાન કરે છે; પરંતુ સદ્વૈદ્યો દાહનું વિધાન કરે એટલા માત્રથી દાહમાં પીડા ઉત્પન્ન કરવાનો જે સ્વભાવગત દોષ છે તે કાંઈ નાશ પામી જતો નથી; તેવી જ રીતે વેદ-વિહિત હોવા માત્રથી કાંઈ સ્વર્ગાદિ માટે કરાતી હિંસાની પ્રકૃતિગત અનર્થકારિતા દૂર થતી નથી.

**વિશેષાર્થ :**

વેદશાસ્ત્રોનું કથન છે કે, 'હિંસા પાપનું કારણ છે, માટે હિંસા ન કરવી જોઈએ. ('मा हिंस्यात् सर्वभूतानि') આમ છતાં સ્વર્ગની ઈચ્છાવાળાએ જે યજ્ઞમાં પશુનો હોમ કરવામાં આવે છે તેવો યજ્ઞ કરવો જોઈએ.' (स्वर्गकामः अग्निषोमीयं पशुमालभेत) વેદશાસ્ત્રના આવા વિધાનને સામે રાખીને, વેદને માનનારા કહે છે કે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સ્વર્ગાર્થે કરાતી હિંસા વેદવિહિત હોવાથી અનર્થકારી નથી'. એમને ગ્રંથકારશ્રી કહે છે કે, 'શાસ્ત્રમાં વિધાન હોવા માત્રથી કાંઈ હિંસા અદુષ્ટ થતી નથી.'

વૈદક શાસ્ત્રમાં દાહનો નિષેધ છે, આમ છતાં કેટલાક રોગોમાં સારા વૈદ્યો પણ દૂષિત ત્વચાને બાળવા અગ્નિ ચિકિત્સાનું-ડામ દેવા વગેરેનું વિધાન કરે છે. આવા વિધાનથી પણ જ્યારે અગ્નિનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે જેમ અગ્નિથી દાહરૂપ પીડા તો થાય જ છે. તેમ વૈદિકો વડે યજ્ઞ માટે હિંસાનું વિધાન હોવા છતાં પણ હિંસા અનર્થકારી તો છે જ. આથી આવા વિધાનવાળું શાસ્ત્ર છેદશુદ્ધ માની શકાય નહિ. ॥૨૪॥

**અવતરણિકા :**

"(યજ્ઞસંબંધી) હિંસામાં પણ હિંસાની પ્રકૃતિદુષ્ટતા જતી નથી," આ વાત ગ્રંથકારશ્રીએ દૃષ્ટાંત આપી સિદ્ધ કરી, તેમાં વૈદિકો દ્વારા ઉઠાવાતા પ્રશ્નને રજુ કરી તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

**हिंसा भावकृतो[१] दोषो[२], दाहस्तु[३] न[४] तथेति[५] चेत्[६] ।**
**भूत्यर्थं[७] तद्विधानेऽपि[८], भावदोषः[९] कथं[१०] गतः[११] ? ॥२५॥**

**શબ્દાર્થ :**

૧/૨. 'हिंसा भावकृत्तो दोषो - 'હિંસા ભાવથી કરાયેલો દોષ છે. ૩/૪. दाहस्तु न तथा' - પણ દાહ તેવા પ્રકારનો નથી' ૫/૬. इति चेत् - એ પ્રમાણે જો તું કહેતો હોય તો ૭. भूत्यर्थं - (સ્વર્ગાદિ) ઐશ્વર્ય માટે ૮. तद्विधानेऽपि - તેના=હિંસાના વિધાનમાં પણ ૯. भावदोषः - ભાવદોષ (તો છે જ) ૧૦/૧૧.कथं गतः - (તે) કેવી રીતે જાય ?

**શ્લોકાર્થ :**

**'હિંસા, એ ભાવથી કરાયેલો દોષ છે; જ્યારે દાહ તેવા પ્રકારનો (દોષ) નથી.' (આ પ્રમાણે દૃષ્ટાંતનું જ વૈષમ્ય છે) એમ જો તું કહેતો હોય તો ઐશ્વર્યાદિ માટે યજ્ઞગત જે હિંસાનું વિધાન છે, તેમાં પણ ભાવદોષ કઈ રીતે દૂર થઈ શકે ?**

**ભાવાર્થ :**

પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, 'વૈદ્ય દ્વારા ડામ દેવાનું વિધાન કરવા છતાં પણ જેમ દાહની પ્રકૃતિદુષ્ટતા જતી નથી, તેમ યજ્ઞગત હિંસાનું પણ વિધાન હોવા માત્રથી કાંઈ પ્રકૃતિદુષ્ટતા જતી નથી', ત્યાં વેદાન્તી કહે કે - "હિંસા તો ભાવથી કરાયેલો દોષ છે, તેથી જ્યાં અશુભ ભાવ હોય ત્યાં જ હિંસાનો દોષ લાગે છે. જ્યારે દાહની ક્રિયામાં તેવું નથી, ત્યાં તો અશુભ ભાવ ન હોય તો પણ દાહજન્ય પીડા તો થાય જ છે - આ પ્રમાણે તમે બતાવેલ દૃષ્ટાંતમાં જ વિસંગતિ છે." વેદાન્તીની આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી કહે છે કે, ભલે તું હિંસામાં ભાવકૃત દોષ માનતો હોય તો પણ ઐશ્વર્ય માટે જે યજ્ઞગત હિંસાનું વિધાન છે, તેમાં ભાવદોષ કઈ રીતે દૂર થાય ? અર્થાત્ ઐશ્વર્યની કામનાથી થતા યજ્ઞમાં ભાવદોષ દૂર થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ દૃષ્ટાંત દ્વારા એક વાતની રજુઆત કરી કે, 'જેમ સદ્વૈદ્ય ભલે રોગનાશ માટે દાહની સલાહ આપે તો પણ દાહ વખતે પીડા તો થાય જ છે. તેમ સ્વર્ગની ઈચ્છાથી ભલે વેદવિહિત એવો યજ્ઞ કરાય તો પણ તે યજ્ઞમાં થતી હિંસા દોષરૂપ તો છે જ.'

આ વાત સાંભળી વેદાન્તી શંકા કરે કે, 'તમે જે દૃષ્ટાંત આપ્યું છે, તે વિસંગતિવાળું છે. કેમ કે હિંસા એ ભાવથી કરાયેલો દોષ છે એટલે જ્યાં અશુભ ભાવ હોય ત્યાં હિંસારૂપ દોષ લાગે છે જ્યાં અશુભ ભાવ નથી, પરંતુ કાંઈક પ્રાપ્ત કરવા જ અનિવાર્ય સંયોગમાં જ્યાં હિંસા કરવી પડે છે, ત્યાં હિંસાકૃત કર્મબંધ થતો નથી. જ્યારે રોગાદિ અવસ્થામાં રોગનાશ માટે પણ જે દાહનો (અગ્નિનો) ઉપયોગ કરવામાં આવે છે તેમાં પણ દાહજન્ય પીડા તો દર્દીને થાય જ છે.'

આ રીતે વેદાન્તીઓ એમ જણાવે છે કે, ગ્રંથકારશ્રીએ આપેલા દૃષ્ટાંતમાં જ વિષમતા છે. હિંસામાં અશુભ ભાવ હોય તો હિંસાકૃત દોષ છે. અશુભ ભાવ ન હોય તો હિંસામાં દોષ નથી. જ્યારે દાહ વખતે તો શુભભાવ હોય કે ન હોય તો પણ દાહજન્ય પીડા તો થાય જ છે.

આ રીતે વેદાન્તીએ જ્યારે દૃષ્ટાંતમાં વિસંગતિ બતાવી, ત્યારે તેનું ખંડન કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે, તું ભલે હિંસામાં અશુભ ભાવ ભળે તો જ દોષ છે, તેમ કહે છે, તોપણ જેઓ સાંસારિક સમૃદ્ધિની ઈચ્છાથી જ યજ્ઞગત હિંસા કરે છે, તેમાં પોતાનાં બાહ્ય સુખો માટે અન્યનાં સુખ-દુ:ખની ઉપેક્ષાનો પરિણામ છે. આ અશુભભાવ છે અને તે અવશ્ય કર્મબંધનું કારણ બને છે. પોતાનાં સુખ માટે અન્યની હિંસાની પ્રવૃત્તિમાં ભાવની મલિનતા કોઈ રીતે નષ્ટ થઈ જતી નથી. તેથી આવા યજ્ઞમાં ભાવકૃત દોષ કઈ રીતે દૂર થઈ શકે ? તેથી યજ્ઞગત હિંસામાં પણ ભાવકૃત દોષ જતો નથી પણ ઉભો જ રહે છે. ॥૨૫॥

**અવતરણિકા :**

'વેદવિહિત હોવાને કારણે જ યજ્ઞગત હિંસા નિર્દોષ છે' - તેમ કહી હિંસામાં ભાવદોષનું નિરાકરણ કરવા પ્રયત્ન કરી રહેલા વેદાન્તીને ગ્રન્થકારશ્રી એવું માનવામાં બીજી શું આપત્તિ આવશે તે જણાવતાં કહે છે-

**શ્લોક :**

वेदोक्तत्वान्[१]मनःशुद्ध्या[३] कर्मयज्ञोऽपि[२] योगिनः[७] ।
ब्रह्मयज्ञ[४] इती[५]च्छन्तः[६], श्येनयागं[८] त्यजन्ति[१०] किम्[९] ? ॥२६॥

**શબ્દાર્થ :**

૧. वेदोक्तत्वात् - વેદમાં જણાવેલો હોવાને કારણે ૨. कर्मयज्ञोऽपि - કર્મયજ્ઞ પણ ૩. मनःशुद्ध्या - મનની શુદ્ધિ દ્વારા ૪. ब्रह्मयज्ञ - બ્રહ્મયજ્ઞ (સ્વરૂપ બને છે). ૫/૬. इति इच्छन्तः - એ પ્રમાણે ઇચ્છતા (માનતા) ૭. योगिनः - (વેદાન્તી) યોગીઓ ૮. श्येनयागं - (વેદોક્ત એવા પણ) શ્યેનયાગને ૯/૧૦. किं त्यजन्ति - શું કામ છોડે છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :**

**"વેદોક્ત હોવાથી કર્મયજ્ઞ પણ મનશુદ્ધિ દ્વારા બ્રહ્મયજ્ઞ સ્વરૂપ જ બને છે." એવું માનતા (વેદાન્તી) યોગીઓ શ્યેનયાગને શું કામ ત્યજે છે ?**

**ભાવાર્થ :**

વેદાન્તીની એવી માન્યતા છે કે, 'વેદમાં બતાવેલાં સર્વ અનુષ્ઠાનોથી મનની શુદ્ધિ થાય છે, તેથી વેદોક્ત એવા કર્મયજ્ઞથી પણ મનશુદ્ધિ થાય છે. આમ કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞનું ફળ આપતો હોવાથી કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ જ કહેવાય. આવી માન્યતાવાળા વેદાન્તીને ગ્રંથકારશ્રી સામો પ્રશ્ન કરે છે કે, જો વેદમાં કહેલાં સર્વ અનુષ્ઠાનો તમને સ્વીકાર્ય જ હોય તો તમારા યોગીઓ શ્યેનયાગનો[1] શા માટે નિષેધ કરે છે ?

**વિશેષાર્થ :**

વેદાન્તીઓ કોઈપણ રીતે યજ્ઞગત હિંસાને નિર્દોષ સિદ્ધ કરવા પ્રયત્ન કરી રહ્યા છે, તેથી ગ્રન્થકારશ્રીએ જ્યારે સુખની ઇચ્છાથી જ કરાતા યજ્ઞમાં થતી હિંસામાં ભાવદોષ છે એવો આરોપ મુક્યો, ત્યારે વેદાન્તીઓ તે હિંસા વેદવિહિત છે માટે નિર્દોષ છે એવું સાબિત કરવા પ્રયત્ન કરી રહ્યા છે.

વેદાન્તીઓનું કહેવું છે કે, જે કોઈ અનુષ્ઠાન વેદમાં જણાવેલું હોય તે મનની શુદ્ધિનું કારણ બને છે, આથી સમૃદ્ધિની ઇચ્છાથી કરાતા યજ્ઞમાં ભલે હિંસા હોય, પણ આવા યજ્ઞો પણ વેદમાં બતાવેલા છે, તેથી તે મનશુદ્ધિનું કારણ બને છે. મનશુદ્ધિનું કારણ થતું હોવાથી તે કર્મયજ્ઞો પણ બ્રહ્મયજ્ઞરૂપ બની શકે છે, તેથી આ યજ્ઞમાં થતી હિંસા પણ દોષયુક્ત રહેતી નથી.

વેદાન્તીના આવા ભાવને સમજીને, ગ્રંથકારશ્રી તેમને કહે છે કે, 'જો તમારા માટે વેદમાં વિધાન કરેલી સાવદ્ય એવી પણ યજ્ઞાદિની ક્રિયા ચિત્તશુદ્ધિ કરતી હોવાથી ઉપાદેય અને આદરણીય બનતી હોય, તો પછી શત્રુઓના વધ માટે કરાતા શ્યેનયાગને તમારા યોગીઓએ દુર્ગતિની પરંપરાનું કારણ કહી, હેયરૂપે શા માટે વર્ણવ્યો છે ?

ગ્રંથકારશ્રી આવો પ્રશ્ન કરી વેદાન્તીને એવું જણાવવા માંગે છે કે, જેમ વેદોક્ત એવો પણ શ્યેનયાગ મનની શુદ્ધિ કરતો નથી, માટે જ યોગીઓ તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે, તેમ સ્વર્ગાદિ સમૃદ્ધિની કામનાથી કરાતા વેદોક્ત એવા અન્ય કર્મયજ્ઞો પણ મનની શુદ્ધિ કરે છે તેમ કહી શકાય નહીં. આથી સ્પષ્ટ છે કે, આવા યજ્ઞોમાં થતી હિંસા નિર્દોષ છે તેવું પુરવાર થતું નથી, તેથી જે શાસ્ત્ર આવી હિંસાનું વિધાન કરે તે છેદશુદ્ધ ગણાય નહીં. ॥૨૬॥

1. શ્યેનયાગ = શત્રુના વધ માટે કરાતો એક પ્રકારનો યજ્ઞ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

યજ્ઞ વેદોક્ત છે, તેથી તેમાં થતી હિંસા નિર્દોષ છે, તેમ પુરવાર કરવા પ્રયત્ન કરી રહેલા પૂર્વપક્ષીના મૂળમાં જ ઘા કરતા ગ્રન્થકારશ્રી 'કર્મવિધિને વેદાન્તની વાતોને પુષ્ટ કરનારી મનાય નહીં.' તેમ જણાવે છે-

**શ્લોક :**

वेदान्तविधिशेषत्वमतः कर्मविधेर्हतम् ।
भिन्नात्मदर्शकाः शेषा, वेदान्ता एव कर्मणः ॥२७॥

**શબ્દાર્થ :**

૧.अतः - આ કારણથી ૨. कर्मविधेः - કર્મવિધિનું ૩. वेदान्तविधिशेषत्वम् - વેદાન્તવિધિનું અંગપણું ૪. हतम् - હણાયેલું છે. ૫/૬. कर्मणः भिन्नात्मदर्शकाः - કર્મથી ભિન્ન એવાં આત્માને બતાવનારાં ૭/૮. वेदान्ता एव - વેદવાક્યો જ ૯. शेषाः - (વેદાન્તવિધિનાં) અંગો (કહેવાય)

**શ્લોકાર્થ :**

**આથી કરીને = શ્યેનયાગની જેમ કર્મયજ્ઞ મનશુદ્ધિનું કારણ નથી એથી કરીને, કર્મવિધિને વેદાંત વિધિનું અંગ મનાય નહીં, (પરંતુ) કર્મયજ્ઞથી જુદા જ સ્વરૂપવાળા આત્માને ઓળખાવનારાં વેદ વાક્યો જ વેદાન્ત વિધિનાં અંગ કહેવાય.**

**ભાવાર્થ :**

'વેદોક્ત હોવા છતાં વેદાન્તીઓ શ્યેનયાગનો ત્યાગ કરવા જણાવે છે', તેના આધારે શ્લોક ૨૬માં સિદ્ધ કર્યું કે વેદોક્ત એવો પણ શ્યેનયાગ જેમ મનશુદ્ધિનું કારણ બનતો નથી તેમ ભૌતિક સુખ મેળવવાની ઇચ્છાથી કરાતા અન્ય કર્મયજ્ઞો પણ વેદોક્ત હોવા માત્રથી કાંઈ મનશુદ્ધિનું કારણ બનતા નથી. આ જ કારણથી કર્મવિધિને એટલે કે કર્મયજ્ઞને (વેદ નિર્દિષ્ટ ક્રિયાકાંડને) જણાવનારાં વેદ વાક્યોને વેદાન્તવિધિનું અંગ ન મનાય. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી કોને વેદાન્તવિધિનું અંગ માનવું ? તેના ઉત્તરમાં ગ્રન્થકારશ્રી જણાવે છે કે, કર્મથી એટલે કે કર્મવિધિ કે કર્મયજ્ઞને જણાવનારાં વાક્યોથી જૂદા જ સ્વરૂપવાળાં આત્માને ઓળખાવનારા અને આત્મસ્વરૂપને પામવાનો માર્ગ બતાવનારાં વેદ વાક્યો જ વેદાન્તવિધિનાં અંગ તરીકે સ્વીકારી શકાય.

**વિશેષાર્થ :**

જે લોકોની એવી માન્યતા છે કે, ભૂતિ એટલે આબાદિ-સમૃદ્ધિ માટે કરાતાં યજ્ઞ આદિ વિષયક વાક્યો વેદના જ એક અંગભૂત છે, તેમની માન્યતા યોગ્ય ન કહેવાય, કેમ કે જ્યારે બે વસ્તુ એક ફળને આપનારી હોય ત્યારે જ એ બેમાં અંગ-અંગી ભાવ બને. જો કોઈ વિધિ-વાક્યો વેદાન્તના ફળ કરતાં જુદા ફળને આપનારા હોય તો તે વેદાન્તનું અંગ ન કહેવાય, તેથી વેદાન્તની મુખ્ય વાતને જે સિદ્ધ કરે તેવાં વાક્યોને જ વેદના અંગ તરીકે સ્વીકારી શકાય. વેદાન્તનું ફળ છે- આત્મબોધ, જ્યારે કર્મવિધિનું ફળ છે- ભૌતિક સુખ સંપત્તિ. તેથી વેદાન્ત અને કર્મવિધિ વચ્ચે એકફલકત્વ નથી. આ જ કારણે કર્મવિધિ એટલે કે સ્વર્ગાદિનાં સુખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે હિંસાયુક્ત પણ કર્મયજ્ઞ કરવા જોઈએ એવાં વિધ્યર્થ પ્રયોગવાળાં વાક્યો વેદાન્તવિધિના શેષ[1] અર્થાત્ વેદાન્તના અંગ તરીકે ન સ્વીકારી શકાય. ભિન્ન ફલકત્વ હોવાથી તે બે વચ્ચે અંગ-અંગી ભાવ બનતો નથી.

વેદાન્ત એટલે ઉપનિષદ્ ગ્રંથો : તેમાં મુખ્યપણે આધ્યાત્મિક વાક્યો હોય છે. આવાં વાક્યો રાગ-દ્વેષાદિથી રહિત આત્માનો બોધ કરાવે છે. જેમકે, 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यः' અથવા 'तत्त्वमसि' આ વેદાન્તના વિધિ વાક્યો કહેવાય. આવાં વેદાન્ત વાક્યોને સિદ્ધ કરવા માટે જે સાધનભૂત બને તેવાં વાક્યોને વેદાન્તવિધિનું અંગ કહેવાય. પરંતુ 'अग्निहोत्रं जुहुयात्' વગેરે કર્મયજ્ઞનું વિધાન કરનારાં વાક્યો વેદાન્તનાં અંગ બનતાં નથી, કેમકે આવા કર્મયજ્ઞને બતાવનારાં વિધિ વાક્યો, આત્માનો બોધ કરાવવામાં સહાયક પણ બનતાં નથી અને પૂર્વ શ્લોકમાં સિદ્ધ કર્યું તેમ, તે શ્યેનયાગની જેમ મનશુદ્ધિનું કારણ પણ બનતાં નથી, તેથી કર્મવિધિ વેદાન્તવિધિનું અંગ[2] ન કહેવાય.

આમ જ્યારે કર્મકાંડને જણાવનારા વેદના વાક્યો વેદાન્તના અંગ જ નથી એવું સિદ્ધ થાય ત્યારે 'વેદોક્ત હોવાથી કર્મયજ્ઞ મનશુદ્ધિનું કારણ બને છે માટે નિર્દોષ છે' - એવું કથન વજૂદ વિનાનું છે.

આટલી વાત સાંભળ્યા પછી જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે તો પછી કેવાં વાક્યો વેદાન્તવિધિનાં અંગ બની શકે ? તેથી શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રન્થકારશ્રી કહે છે કે કર્મથી એટલે કર્મકાંડથી; કર્મયજ્ઞથી કે કર્મકાંડને જણાવનારાં વિધિ વાક્યોથી તદ્દન ભિન્નસ્વરૂપવાળા આત્માને ઓળખાવનારાં વેદાન્તો (વેદવાક્યો) જ વેદાન્તવિધિનાં અંગ કહેવાય, કેમકે તેવાં વાક્યો જ 'શુદ્ધ આત્માને પ્રગટ કરવાની' વેદાન્તની મુખ્ય વાતને સિદ્ધ કરનારા છે.

આના ઉપરથી એ નક્કી કરી શકાય કે વેદાન્તનો મુખ્ય ઉદ્દેશ આત્માનો બોધ કરવાનો છે, તેથી તેને જણાવનારાં વિધિ વાક્યો વેદાન્તવિધિશેષ કહેવાય અર્થાત્ તે વેદાન્તનાં ઉત્સર્ગ વાક્યો કહેવાય. જ્યારે સ્વર્ગાદિ સમૃદ્ધિને મેળવવા માટે જે કર્મવિધિ બતાવાઈ છે તે આપવાદિક કથન છે, તેથી વેદશાસ્ત્રોમાં ઉત્સર્ગને

---

1. वेदान्तविधिशेष શબ્દ ત્રણ શબ્દોથી બનેલો છે. ૧. વેદાન્ત ૨. વિધિ અને ૩. શેષ.

**વેદાન્ત** એટલે ઉપનિષદ્. ઋગ્, યજુર્, સામ અને અથર્વ એમ ચાર વેદ છે. ચારેય વેદોમાં જે જ્ઞાનયોગને જણાવનારાં વાક્યો છે, તેના સંગ્રહને ઉપનિષદ્ કહેવાય છે, અથવા વેદાન્ત એટલે વેદનો અંતિમ ભાગ જેમાં આત્માને જણાવનારાં વાક્યોનો સંગ્રહ છે, તેને ઉપનિષદ્ કહેવાય છે. જ્યારે વેદ પ્રતિપાદ્ય યાગાદિ ક્રિયાકાંડને જણાવનારાં વેદનાં જે વાક્યો છે તેના સંગ્રહને બ્રાહ્મણ ગ્રંથો કહેવાય છે.

**વિધિ** એટલે વિધ્યર્થનાં પ્રયોગવાળું એટલે કે 'કરવું જોઈએ' એવા પ્રયોગવાળું વાક્ય જેમ કે, 'अहरहं जुहुयात्' પ્રતિદિન યજ્ઞ કરવો જોઈએ કે 'स्वर्गकाम्यया अग्निहोत्रं जुहुयात्,' સ્વર્ગની ઇચ્છાથી અગ્નિહોત્ર યજ્ઞ કરવો જોઈએ. અથવા आत्मा वा अरे द्रष्टव्यः, श्रोतव्यो, मंतव्यो, निदिध्यासितव्यः આત્માને જોવો જોઈએ, સાંભળવો જોઈએ, મનન કરવો જોઈએ, ધ્યાન કરવો જોઈએ, આ વાક્યો વિધિવાક્ય કહેવાય. આમાંના જે વાક્યો ઉપનિષદ્માં મળે તેને **વેદાન્તવિધિ** કહેવાય.

**શેષ** શબ્દ ઘણા અર્થોમાં વપરાય છે. અહીં તેનો અર્થ 'અંગ' અભિપ્રેત છે. મુખ્ય વસ્તુની સિદ્ધિ માટે જે જણાવાતું હોય અને કાર્યની સિદ્ધિનું જે અસાધારણ સાધન હોય તેને મુખ્ય વસ્તુનું અંગ કહેવાય. તેથી **'વેદાન્તવિધિશેષ'** શબ્દનો અર્થ થાય **'ઉપનિષદ્માં બતાવેલા મુખ્ય વિધિવાક્યને સિદ્ધ કરવા માટે બતાવેલું સહાયક વાક્ય'**

2. અહીં 'કર્મવિધિ વેદાન્તવિધિનું અંગ નથી,' તેવું કહ્યું. ત્યાં એમ ન સમજવું કે તે વેદનો એક ભાગ નથી, પરંતુ અહીં 'અંગ નથી' એવું કહેવા દ્વારા એમ જણાવવું છે કે કર્મવિધિ વેદાન્તના મુખ્ય ઉદ્દેશને સિદ્ધ કરતી નથી, તેથી તે વેદોક્ત હોવા છતાં પણ વેદાન્તવિધિનું અંગ ન કહેવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આશ્રયીને મોક્ષાર્થક હિંસાનો નિષેધ અને અપવાદને આશ્રયીને સ્વર્ગ માટે હિંસાત્મક યજ્ઞાદિનું વિધાન છે. આમ ઉત્સર્ગનું વિધાન મોક્ષાર્થક છે અને અપવાદનું વિધાન ભૌતિક સુખ મેળવવા માટે છે. શ્લોક ૨૩ માં જણાવ્યું હતું કે - જે શાસ્ત્રમાં કોઈ એક હેતુથી ઉત્સર્ગનું વિધાન હોય અને કોઈ બીજા હેતુથી અપવાદનું કથન કર્યું હોય, તે શાસ્ત્ર છેદશુદ્ધ ન કહેવાય, તેથી વેદશાસ્ત્ર છેદશુદ્ધ ન કહેવાય. ॥૨૭॥

**અવતરણિકા :**

'કર્મવિધિ વેદાન્તવિધિનું અંગ ન મનાય' એમ પૂર્વશ્લોકમાં સિદ્ધ કરી, હવે ગ્રન્થકાર પોતે સિદ્ધ કરેલી વાતની પુષ્ટિ કરવા વેદને પ્રમાણ માનનારા સાંખ્યાચાર્યોનાં વચનો જણાવી, યજ્ઞગત હિંસા દોષરૂપ છે કે નહીં તે પ્રાસંગિક ચાલુ થયેલી ચર્ચાનો ઉપસંહાર કરતાં કહે છે-

**શ્લોક :**

**कर्मणां[२] निरवद्यानां[१], चित्तशोधकता[४] परम्[३] ।**
**साङ्ख्याचार्या[५] अपीच्छन्ती[६]-त्या[७]स्ता[११]मे[९]षो[८]ऽत्र[८] विस्तरः[१०] ॥२८॥**

**શબ્દાર્થ :**

૧/૨. निरवद्यानां कर्मणां - નિરવદ્ય -નિષ્પાપ એવાં કર્મોની ૩/૪. परम् चित्तशोधकता - શ્રેષ્ઠ ચિત્તશોધકતા છે. ૫/૬. साङ्ख्याचार्या अपीच्छन्ति - (એ પ્રમાણે) સાંખ્ય આચાર્યો પણ ઇચ્છે છે (માને છે). ૭. इति - એથી કરીને ૮. अत्र - અહીં ૯/૧૦. एष विस्तरः - આ વિસ્તાર (અર્થાત્ આટલી રજૂઆત) ૧૧. आस्ताम् - પર્યાપ્ત છે.

**શ્લોકાર્થ :**

**સાંખ્યાચાર્યો પણ એવું માને છે કે, 'નિરવદ્ય કર્મ જ શ્રેષ્ઠ ચિત્તશોધક છે' એથી કરીને અહીં ઇં શાસ્ત્રની છેદશુદ્ધિના વિષયમાં પ્રાસંગિક ચાલુ થયેલ 'યજ્ઞગત હિંસા સદોષ છે કે નિર્દોષ છે' તેની ચર્ચામાં આટલી રજૂઆત પર્યાપ્ત છે.**

**ભાવાર્થ :**

વેદોક્ત હોવા છતાં હિંસા પ્રધાન યજ્ઞાદિ કર્મો ચિત્તશુદ્ધિનું કારણ બનતા નથી. તેથી જ નક્કી થયું કે, જે નિરવદ્ય (અહિંસક) કર્મો હોય તે જ મુખ્યતયા મનશુદ્ધિનું કારણ બને છે. આવી માન્યતા જૈનો અને બૌદ્ધો તો ધરાવે જ છે પણ વેદને જ માનનારા સાંખ્યાચાર્યો પણ નિરવદ્ય કર્મથી જ ચિત્તશુદ્ધિ થાય તેમ માને છે. આથી છેદશુદ્ધિના વિષયમાં પ્રાસંગિક ચાલુ થયેલી 'યજ્ઞમાં થતી હિંસા સદોષ છે કે નિર્દોષ છે' તેની ચર્ચામાં વધુ વિસ્તાર કરવાની કોઈ જરૂર રહેતી નથી.

**વિશેષાર્થ :**

તપ, જપ, અધ્યયન આદિ નિષ્પાપ પ્રવૃત્તિઓ ચિત્તની મલિનતાને દૂર કરી નિર્મળ ભાવ પેદા કરી શકે છે, પરંતુ હિંસાદિરૂપ પાપ પ્રવૃત્તિ ચિત્તશુદ્ધિનું કારણ બની શકતી નથી. આ વાત જૈન, બૌદ્ધ આદિ અનેક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આસ્તિક દર્શનકારો સહિત વેદને સ્વીકારનારા સાંખ્યાચાર્યોને પણ માન્ય છે. આથી જ તેઓએ પણ વેદોક્ત હિંસાને વખોડવા નીચે પ્રમાણે જણાવ્યું છે.

- જે નિર્દય વ્યક્તિઓ દેવને અર્પણ કરવાના બહાનાથી કે યજ્ઞના બહાનાથી પ્રાણીઓને હણે છે, તે ઘોર દુર્ગતિને પામે છે.[1]
- પશુઓની હિંસા કરી યજ્ઞ કરનારા અમે અજ્ઞાનરૂપી અંધારામાં પડેલા છીએ, કેમ કે, ભૂતકાળમાં કે ભવિષ્યમાં હિંસા ક્યારેય ધર્મરૂપ બની શકતી નથી.[2]
- જે મૂઢ જીવો પ્રાણીની હિંસા કરી ધર્મ કરવા ઇચ્છે છે, તે કાળા સાપના મોઢામાંથી અમૃતની વર્ષા થાય તેવું ઇચ્છે છે.[3]
- યજ્ઞમાં મદિરા, માછલી, પશુઓનું માંસ તથા બલિ આપવાનું ધૂર્તો વડે કહેવાયું છે; પણ વેદમાં આવું કહ્યું નથી.[4]

મહાભારતના કર્તા શ્રી વ્યાસમુનિએ પણ મહાભારતના શાન્તિપર્વમાં યજ્ઞનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે, આત્મહિત કરવાની ભાવનાવાળા બુદ્ધિસંપન્ન પુરુષોએ યજ્ઞ કરવા પૂર્વે જ્ઞાનની પાળીથી બંધાયેલ નિર્મળ મનરૂપી તીર્થમાં બ્રહ્મચર્ય અને દયારૂપી પાણીથી સ્નાન કરવું જોઈએ. ત્યારપછી યજ્ઞ માટે ઇંટ-માટીનો નહિ પણ પોતાના આત્માનો જ યજ્ઞકુંડ બનાવી, તેમાં લાકડાના બદલે કર્મનું ઇંધન નાંખી, ધ્યાનનો અગ્નિ પ્રગટાવવો જોઈએ. યોગ્ય પવન વગર આ પ્રગટેલો અગ્નિ પણ શમી જાય તેવી સંભાવના છે. તેથી જ્ઞાની પુરુષોએ ઇન્દ્રિયોના દમન સ્વરૂપ પવન ફૂંકી તેને પ્રદિપ્ત રાખવો અને જ્યારે આત્મામાં ધ્યાનનો અગ્નિ જ્વલંત બને ત્યારે બુદ્ધિશાળી પુરુષોએ સમતાનો મંત્રપાઠ જપી તેમાં કષાયોની આહુતી આપી યજ્ઞ કરવો જોઈએ; પરંતુ તેઓએ ક્યારેય પશુઓની આહુતી આપી યજ્ઞ ન કરવો જોઈએ.[5]

વેદને માનનારાઓના જ આવા વચનોથી સ્પષ્ટ સમજાય છે કે વેદોક્ત હોવા છતાં પણ યજ્ઞગત હિંસા પાપબંધનું કારણ છે. તેથી ગ્રંથકારશ્રી હવે આ વિષયમાં વધુ ચર્ચા કરવાની જરૂર જોતાં નથી.

આ ચર્ચાને ગંભીરતાથી વિચારતાં સાધકના મનમાં એક પ્રશ્ન સંભવે કે, જૈન શાસ્ત્રો તો હિંસાયુક્ત સાવદ્ય ક્રિયાને ચિત્તશુદ્ધિનું કારણ માનતાં નથી, તો જેમાં પૃથ્વી, પાણી, અગ્નિ આદિ એકેન્દ્રિય જીવોની હિંસા થાય છે તેવી જિનપૂજા વગેરેનું વિધાન તેઓ કેવી રીતે કરી શકે ? અને જો કરે છે તો તે શાસ્ત્ર છેદશુદ્ધ કેવી રીતે ?

---

1. देवोपहारव्याजेन यज्ञव्याजेन येऽथवा । घ्नन्ति जन्तून् गतघृणा घोरां ते यान्ति दुर्गतिम् ।। - योगशास्त्रे ।।
2. अन्धे तमसि मज्जामः पशुभिर्ये यजामहे । हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यति ।। - उत्तरमीमांसायाम् ।।
3. प्राणिघातात्तु यो धर्ममीहते मूढमानसः । स वाञ्छति सुधावृष्टिं कृष्णाहिमुखकोटरात् ।। - महाभारते शान्तिपर्वणि ।।
4. सूरा मत्स्याः पशोर्मांसं द्विजातीनां बलिस्तथा । धूर्तैः प्रवर्तितं यज्ञे नैतद् वेदेषु कथितं ।। - महाभारते शान्तिपर्वणि ।।
5. ज्ञानपालिपरिक्षिप्ते ब्रह्मचर्यदयाम्भसि । स्नात्वातिविमले तीर्थे पापपङ्कापहारिणि ।।
ध्यानाग्नौ जीवकुण्डस्थे दममारुतदीपिते । असत्कर्म समित्क्षेपैरग्निहोत्रं कुरूत्तमम् ।।
कषायपशुभिर्दुष्टै-र्धर्मकामार्थनाशकैः । शममन्त्रहुतैर्यज्ञं विधेहि विहितं बुधैः ।। - महाभारते शान्तिपर्वणि ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ વિષયમાં એટલું ખાસ વિચારવું કે, જિનપૂજામાં હિંસા છે તે વાત સાચી; પરંતુ તે પરમ અહિંસક ભાવને પ્રાપ્ત કરાવનારી છે. આથી જૈન શાસ્ત્રો આને સ્વરૂપથી હિંસા માને છે પણ ફળથી (અનુબંધથી) તે હિંસા અહિંસા[6] જ છે તેમ માને છે.

વળી, જેમાં પાણી, ફૂલ વગેરેનો વપરાશ થાય છે, તેવી પૂજાનું વિધાન જૈન શાસ્ત્રમાં સર્વ માટે નથી. જેઓ અવિરતિધર હોય, આરંભ અને સમારંભ તથા પરિગ્રહના પાપથી લપેટાયેલા હોય, જેઓ સંસારની અસારતાને જાણતા હોય છતાં પણ કર્મયોગે સંસારની આસક્તિથી છૂટી શકતા ન હોય, વળી સ્વાધ્યાયાદિ નિરવદ્ય યોગોમાં જેનું મન લાગતું ન હોય અને સંયમજીવનનાં કષ્ટો સહન કરવાની જેમનામાં શક્તિ ન હોય, તેવા સાધકો માટે સંસારની આસક્તિ તોડી સંયમજીવન માટેનું સત્ત્વ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપે જ જૈનશાસ્ત્રોમાં જિનપૂજાનું વિધાન છે.

જિનપૂજા કરીને શ્રાવક પ્રભુ પ્રત્યેની પ્રીતિ દૃઢ કરે છે અને તે દ્વારા સંસારના રાગને તોડવા પ્રયત્ન કરે છે. પ્રભુને ઉત્તમ દ્રવ્યોની ભેટ ધરી તે દ્રવ્યો પ્રત્યેની પોતાની આસક્તિ ઘટાડવા પ્રયત્ન કરે છે. પ્રભુના સંયમાદિ ઉત્તમ ગુણો પ્રત્યે આદર કેળવી તે સંયમમાં વિઘ્ન કરનારા કર્મોનો નાશ કરવા મહેનત કરે છે. ક્યાંય નિરર્થક હિંસા ન થઈ જાય તેની ખૂબ કાળજી રાખી જયણા અને વિધિપૂર્વક પૂજા કરતા શ્રાવકની ભાવના તો એક જ હોય કે, 'આ વીતરાગની પૂજાના ફળસ્વરૂપે હું પણ સંયમ પ્રાપ્ત કરી, સર્વ જીવોને અભયદાન આપી, સ્વ-પરની દ્રવ્ય-ભાવહિંસાથી સંપૂર્ણ મુક્ત થઈ મોક્ષનો મહા-આનંદ પ્રાપ્ત કરું.' આવી ભાવનાના પરિણામે જ સ્વરૂપથી હિંસાયુક્ત જણાતી પણ પૂજા અનુબંધથી પરમ-અહિંસક ભાવ સુધી પહોંચાડનારી બને છે. આથી જ જૈનશાસ્ત્રો આવી હિંસાને માત્ર સ્વરૂપથી હિંસા માને છે, પરંતુ અનુબંધથી તો તે હિંસા અહિંસા જ છે તેમ કહે છે.

આમ, જૈનશાસ્ત્રોમાં અવિરતિધર શ્રાવકો માટે વિહિત કરાયેલી પ્રભુપૂજા નિરવદ્ય સંયમાદિની પ્રાપ્તિનું કારણ બની અંતે મોક્ષ પ્રાપ્ત કરાવે છે, જ્યારે સ્વર્ગાદિ ભૌતિક સુખની ઇચ્છાથી નિર્દયપણે કરાતી યજ્ઞગત હિંસા માત્ર વ્યક્તિગત તુચ્છ એવી સાંસારિક સુખની પ્રાપ્તિમાં જ વિશ્રાન્તિ પામે છે. તેથી તે બેની સરખામણી થઈ શકે તેમ જ નથી. વળી, યજ્ઞગત હિંસા અન્યની પીડાનું કારણ હોવાથી ચિત્તશુદ્ધિનું કારણ પણ બની શકતી નથી.

આમ, જૈનશાસ્ત્રોમાં જે પ્રભુપૂજા આદિનું વિધાન છે તે પણ મોક્ષાર્થક છે અને જે નિરવદ્ય એવા જપ, ધ્યાન આદિનું વિધાન છે તે પણ મોક્ષાર્થક છે. આથી જૈન શાસ્ત્રોમાં ઉત્સર્ગ કે અપવાદ વિધાન બન્ને મોક્ષાર્થક જ હોવાથી જૈનશાસ્ત્રો છેદ શુદ્ધ કહેવાય. ॥૨૮॥

---

6. હેતુ-સ્વરૂપ અને અનુબંધ હિંસાની વિગતો માટે જુઓ પરિશિષ્ટ નં. ૩ પાના નં. ૧૯૩. - महाभारते शान्तिपर्वणि ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તાપશુદ્ધિ

ગાથા-૨૯ થી ૫૩

**અવતરણિકા :**

શાસ્ત્રવિષયક છેદશુદ્ધિ જણાવી, હવે ક્રમપ્રાપ્ત શાસ્ત્રની તાપશુદ્ધિ શું છે, તે જણાવતાં કહે છે-

**શ્લોક :**

यत्र[१] सर्वनयाऽऽलम्बिविचारप्रबलाग्निना[२] ।
तात्पर्यश्यामिका[३] न[४] स्यात्[५], तच्छास्त्रं[६] तापशुद्धिमत्[७] ॥२९॥

**શબ્દાર્થ :**

૧.यत्र - જે શાસ્ત્રમાં ૨.-सर्वनयालम्बिविचारप्रबलाग्निना - સર્વનયને આશ્રયીને કરાતા વિચારરૂપી પ્રબળ અગ્નિ વડે ૩/૪/૫.तात्पर्यश्यामिका न स्यात् - (તે શાસ્ત્રનું) તાત્પર્ય કાળું ન પડી જાય અર્થાત્ અસંગત ન ઠરે ૬. तत् शास्त्रं - તે શાસ્ત્ર ૭. तापशुद्धिमत् - તાપશુદ્ધિવાળું (જાણવું).

**શ્લોકાર્થ :**

**જે શાસ્ત્રના વચનને સર્વનયને આધારે કરાતા વિચારરૂપી અગ્નિ દ્વારા ખૂબ તપાવવામાં આવે અને છતાં પણ જો તેનું તાત્પર્ય કાળું ન પડે એટલે કે તાત્પર્ય અસંગત ન બની જાય, તો તે શાસ્ત્રને તાપ-પરીક્ષામાં સફળ માનવું.**

**ભાવાર્થ :**

શાસ્ત્રમાં આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થોનું જે સ્વરૂપ વર્ણવ્યું હોય, તેને જ્યારે જુદા જુદા દૃષ્ટિકોણથી તપાસવામાં આવે, એટલે કે સર્વ નયને આધારે તે પદાર્થોના સ્વરૂપની વિચારણા કરવામાં આવે અને ત્યારે જો 'મોક્ષ' સ્વરૂપ શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ કે શાસ્ત્રના વચનોનું તાત્પર્ય અસંગત ન બને તો તે શાસ્ત્ર તાપશુદ્ધિવાળું કહેવાય.

**વિશેષાર્થ :**

સોનાની પરીક્ષા કરનાર વ્યક્તિ પહેલાં સોનાને કસોટીના પત્થર ઉપર ઘસી તે શુદ્ધ છે કે નહીં તે તપાસે છે. ત્યારપછી ઉપરથી શુદ્ધ લાગતું સોનું અંદરથી પણ શુદ્ધ છે કે નહીં તેનો નિર્ણય કરવા તેને છેદીને પણ તેની શુદ્ધતાનો નિર્ણય કરે છે; પરંતુ સુવર્ણની અત્યંત શુદ્ધતાનો અંતિમ નિશ્ચય તો તેને પ્રબળ અગ્નિમાં તપાવવાથી જ થાય છે. જો તે કષશુદ્ધ અને છેદશુદ્ધ સોનામાં પણ કોઈ અન્ય ધાતુનો અંશ હશે તો ભઠ્ઠીનો તાપ લાગતાં જ તે ધાતુ શ્યામ પડી જશે. જ્યારે સાચું સોનું તો અગ્નિની જ્વાળાઓથી વધુ ચમકશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેની જેમ જે શાસ્ત્રમાં મોક્ષના ઉદ્દેશને અનુરૂપ જ વિધિ-નિષેધ અને તેના નિર્વાહ માટે ઉત્સર્ગ કે અપવાદ જણાવાયા હોય તે શાસ્ત્ર કષ અને છેદ પરીક્ષામાં ઉતીર્ણ થયેલું કહેવાય, આમ છતાં પણ શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા પદાર્થોને જ્યારે સર્વ નયના આલંબનપૂર્વક ચાલતી વિચારસરણીરૂપ પ્રબળ અગ્નિથી તપાસવામાં આવે ત્યારે જ શાસ્ત્રની શુદ્ધતાનો અંતિમ નિશ્ચય થાય છે. તે વખતે જો શાસ્ત્રમાં જણાવેલા પદાર્થો દ્વારા મોક્ષ અસંભવ ન બની જતો હોય અને તેની પ્રાપ્તિના ઉપાયો વ્યર્થ પણ ન ઠરતા હોય, તો તે શાસ્ત્ર 'તાપશુદ્ધ' કહેવાય. કેમકે, શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન મુક્તિમાર્ગ સમજાવવાનું છે, તેથી શાસ્ત્ર દ્વારા મુક્તિમાર્ગનું અવતરણ જે આત્મામાં થવાનું છે તે આત્માનું સ્વરૂપ કેવું છે તેનો યોગ્ય નિશ્ચય થવો પણ અતિ જરૂરી છે.

શાસ્ત્રમાં આત્માને જો એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્યરૂપે વર્ણવ્યો હોય, તો શાસ્ત્રમાં બતાવેલા વિધિ-નિષેધનું જે મોક્ષસ્વરૂપ તાત્પર્ય છે તે મલિન બની જાય, કેમ કે જો આત્માને અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એકરૂપ માનવામાં આવે તો મનુષ્યભવ આદિ પર્યાયો, આત્મા સાથે થતો કર્મનો બંધ, કર્મના કારણે થતાં જુદાં જુદાં પરિણામો આ બધુ કઈ રીતે ઘટી શકે ? અને જ્યારે આ બધું ન ઘટે ત્યારે તે શાસ્ત્રોનું મોક્ષરૂપી તાત્પર્ય અસંગત થાય અને મોક્ષની પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં જણાવેલો સાધનામાર્ગ પણ વ્યર્થ જાય. વળી એકાન્ત નિત્ય પક્ષમાં આત્માની વર્તમાન અવસ્થામાં જો કોઈ ફેરફાર થવાનો જ ન હોય તો સાધકને શાસ્ત્રમાં જણાવેલા ઉપાયો સેવવાનો ઉત્સાહ ક્યાંથી જાગે ? તેથી આત્માને એકાન્ત નિત્ય માનનારાં શાસ્ત્ર તાપશુદ્ધ ન કહેવાય.

વળી, જો આત્માને એકાન્તે અનિત્ય માનવામાં આવે તોપણ મોક્ષરૂપ તાત્પર્ય સંગત ન થાય, કેમકે સાધનાની બીજી જ ક્ષણે જો સાધના કરનાર વ્યક્તિનું અસ્તિત્વ જ ન હોય તો સાધનાનું ફળ કોને મળે ? તેથી આત્માને એકાન્તે અનિત્ય કહેનારાં શાસ્ત્રો પણ તાપશુદ્ધ ન મનાય.

જે શાસ્ત્રોમાં આત્માને દ્રવ્યથી નિત્યસ્વરૂપે અને પર્યાયથી અનિત્યસ્વરૂપે વર્ણવ્યો હોય, તે અનેકાન્તદૃષ્ટિવાળાં શાસ્ત્રો સર્વનયોને આશ્રયીને થતા વિચારરૂપી પ્રબળ અગ્નિના તાપ દ્વારા પણ પરિપૂર્ણ શુદ્ધ સોનાની જેમ ચમકે છે એટલે તેના સહારે સાધક મોક્ષ સુખને-પરમાત્મ અવસ્થાને પામી શકે છે. ||૨૯||

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

સર્વનયોને આધારે વિચાર-વિમર્શ કરતાં પણ જે શાસ્ત્રના પદાર્થો મોક્ષસાધક જ બની રહે તે શાસ્ત્ર તાપશુદ્ધ કહેવાય તેવું જણાવ્યા પછી ગ્રન્થકારશ્રી હવેના બે શ્લોકોમાં તાપશુદ્ધિનું એક ઉત્તમ ઉદાહરણ આપતાં, જૈન આગમનો એક પાઠ પ્રસ્તુત કરે છે-

**શ્લોક :**

**यथा[१]ऽऽह[५] सोमिलप्रश्ने[२], जिनः[४] स्याद्वादसिद्धये[३] ।**
**द्रव्यार्थादहमेकोऽस्मि[६], दृग्ज्ञानार्थादुभावपि[७] ॥३०॥**
**अक्षयश्चाव्ययश्चास्मि[९], प्रदेशार्थविचारतः[८] ।**
**अनेकभूतभावात्मा[११], पर्यायार्थपरिग्रहात्[१०] ॥३१॥**

**શબ્દાર્થ :**

૧. *यथा - જેમ કે,* ૨. *सोमिलप्रश्ने - સોમિલનો પ્રશ્ન થયો ત્યારે* ૩. *स्याद्वादसिद्धये* - સ્યાદ્વાદની સિદ્ધિ માટે ૪/૫. जिनः आह- જિનેશ્વર ભગવાને કહ્યું કે ૬. द्रव्यार्थाद् अहम् एकः अस्मि - 'દ્રવ્યાર્થથી હું એક છું, ૭. दृग्ज्ञानार्थाद् उभौ अपि - (તો) દર્શન અને જ્ઞાનરૂપ અર્થથી = પરિણામથી (હું) ઉભયરૂપ પણ છું, ૮/૯. प्रदेशार्थविचारतः अक्षयः च अव्ययः च अस्मि - પ્રદેશાર્થની વિચારણાથી (હું) અક્ષય અને અવ્યય છું. ૧૦/૧૧. पर्यायार्थपरिग्रहाद् अनेकभूतभावात्मा - (તો) પર્યાયાર્થનો સ્વીકાર કરવાથી (હું) અનેક ભૂતકાળના ભાવો સ્વરૂપ (પણ) છું.

**શ્લોકાર્થ :**

**જેમ કે સોમિલે પ્રશ્ન પૂછ્યો ત્યારે, સ્યાદ્વાદના સિદ્ધાંતની સિદ્ધિ કરવા માટે જિનેશ્વર ભગવાને કહ્યું કે, 'દ્રવ્યાર્થથી વિચારો તો હું એક છું, દર્શન તથા જ્ઞાનના પરિણામથી વિચારો તો હું ઉભયરૂપ છું, પ્રદેશાર્થથી વિચારણા કરતાં હું અક્ષય અને અવ્યય છું અને પર્યાયાર્થનો સ્વીકાર કરી વિચાર કરીએ તો હું અતીતકાળના અનેક ભાવો-પર્યાયો સ્વરૂપ છું. ઉપલક્ષણથી વર્તમાનના અને ભવિષ્યના અનેક પર્યાયસ્વરૂપ છું'.**

**ભાવાર્થ :**

સોમિલ નામના બ્રાહ્મણે જ્યારે પરમાત્માને પ્રશ્ન કર્યો કે, 'પ્રભુ ! આપ કેવા છો ?' ત્યારે પ્રભુએ પ્રત્યુત્તર આપ્યો કે, 'દ્રવ્યથી હું એક છું, તો દર્શન-જ્ઞાનના પરિણામથી હું ઉભય છું. આત્મપ્રદેશોની અપેક્ષાએ હું અક્ષય અને અવ્યય છું, જ્યારે પર્યાયોની અપેક્ષાએ વિચારો તો હું ભૂતકાળમાં થયેલા અનેક જુદા જુદા ભાવ સ્વરૂપ છું. ઉપલક્ષણથી વર્તમાનના અને ભવિષ્યના પણ અનેક પર્યાયોસ્વરૂપ છું' સ્યાદ્વાદના સિદ્ધાંતને પુષ્ટ કરનારો પરમાત્માનો આ પ્રત્યુત્તર જૈનશાસ્ત્રોની અનેકાન્તદૃષ્ટિનું ઉત્તમ ઉદાહરણ છે. આવી દૃષ્ટિથી પદાર્થોની વિચારણા કરવામાં આવે તો જ મોક્ષાદિ સંગત થાય, આથી જ આ ઉત્તર દ્વારા એવું નક્કી કરી શકાય કે જૈનશાસ્ત્રો તાપશુદ્ધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

તાપશુદ્ધ શાસ્ત્રનું એક દૃષ્ટાંત આપવા ગ્રન્થકારશ્રી જૈન આગમ 'ભગવતી સૂત્ર'ના એક પાઠનું સ્મરણ કરાવે છે.[1]

સોમિલ નામના બ્રાહ્મણે એકવાર ભગવાનને પ્રશ્ન કર્યો કે, "હે ભગવાન ! શું આપ એક છો ? શું આપ ઉભય છો ? આપ અક્ષય છો ? અવ્યય છો ? અવસ્થિત છો ? અનેક ભૂત-ભાવી પર્યાયમય છો ?"

સોમિલના આવા પ્રશ્નના જવાબમાં ભગવાને જણાવ્યું કે, "હે સોમિલ ! હું એક પણ છું, ઉભય પણ છું, અક્ષય પણ છું, અવ્યય પણ છું, અવસ્થિત પણ છું અને અનવસ્થિત પણ છું." આવો ઉત્તર જેમ આપણને સમજવો અઘરો પડે તેમ સોમિલ બ્રાહ્મણને પણ ન સમજાયો. તેથી તેણે ભગવાનને પુનઃ તે સમજાવવા માટે વિનંતિ કરી, ત્યારે ભગવાને સ્યાદ્વાદની સિદ્ધિ માટે જણાવ્યું કે "હે સોમિલ ! દ્રવ્યાર્થિક નયથી વિચારીએ તો હું એક આત્મદ્રવ્યસ્વરૂપ છું અને પર્યાયાર્થિક નયથી વિચારીએ તો હું જ્ઞાન અને દર્શન ઉભયરૂપ છું. કારણ કે, દર્શન પણ મારો પર્યાય છે અને જ્ઞાન પણ મારો પર્યાય છે, તેથી હું જ્ઞાનસ્વરૂપ પણ છું અને દર્શનસ્વરૂપ પણ છું. આ અપેક્ષાએ હું ઉભય-બે સ્વરૂપ પણ છું. જીવદ્રવ્યના પ્રદેશો ક્યારેય નાશ પામતા નથી અને ઓછા પણ થતાં નથી, માટે હું અક્ષય પણ છું અને અવ્યય પણ છું અને તેથી હું અવસ્થિત પણ છું. વળી, જો આત્માના વિવિધ પર્યાયોની અપેક્ષાએ વિચારીએ તો ભૂતકાળમાં મારા જે મનુષ્ય, દેવ વગેરે જુદા જુદા ભાવો થયા તે સ્વરૂપે હું અનેક પણ છું અને તેથી હું અનવસ્થિત પણ છું."

ભગવાનના આ જવાબથી નક્કી કરી શકાય છે કે એક જ ધર્મીમાં એકત્વ, દ્વિત્વ, અનેકત્વ વગેરે અનેક વિરોધી ધર્મો એકસાથે પણ હોઈ શકે છે. ભગવાનના આ જવાબો જ અનેકાન્તને સિદ્ધ કરે છે, અને જીવાદિ દરેક પદાર્થનું સ્યાદ્વાદસ્વરૂપ બતાવે છે.

અનેકાન્તને માન્યા વિના આત્મા વગેરે પદાર્થોનું આવું વાસ્તવિક પરિપૂર્ણ સ્વરૂપ બતાવી શકાતું નથી. સ્યાદ્વાદી જ પદાર્થને દ્રવ્યાસ્તિક નયથી એક અને પર્યાયાસ્તિક નયથી અનેકરૂપે જોઈ-જાણી શકે છે. આત્મદ્રવ્યના કોઈ પ્રદેશોનો એક અંશથી કે સર્વાંશથી ક્યારે પણ નાશ થતો નથી, તેથી સ્યાદ્વાદનો સ્વીકાર કરનાર વ્યક્તિ આત્માને અક્ષય અને અવ્યય પણ માની શકે છે. વળી, આત્મા જ્યારે મનુષ્ય બને કે દેવ બને ત્યારે તે રૂપે પરિણામ પામતાં આત્માના એક પર્યાયનો ક્ષય અને બીજાની ઉત્પત્તિ થતી હોવાથી તે આત્માને ક્ષય પામવાના સ્વભાવવાળો પણ સ્વીકારી શકે છે. અનેકાન્તને અપનાવ્યા વિના પદાર્થનું આવું વાસ્તવિક સ્વરૂપ જાણી શકાતું જ નથી, અને તે વિના મોક્ષ આદિની સંગતિ પણ થઈ શકતી નથી. અનેકાન્તને અપનાવવાથી જ શાસ્ત્રીય પદાર્થોનું તાત્પર્ય સુસ્થિત રહે છે, તેથી જ જે શાસ્ત્રમાં અનેકાન્તદૃષ્ટિનું નિરૂપણ હોય તે જ શાસ્ત્ર તાપશુદ્ધ કહેવાય, જેમકે જૈનશાસ્ત્ર. ॥૩૦-૩૧॥

1. भंते एगे भवं ? दुवे भवं ? अक्खए भवं ? अव्वए भवं ? अवट्ठिए भवं ? अणेगभूयभावभविए भवं ?
सोमिल ! एगे वि अहं जाव अणेगभूयभावभविए वि अहं
से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-जाव 'भविए वि अहं'
सोमिला ! दव्वट्ठयाए एगे अहं, णाणदंसणट्ठयाए दुविहे अहं, पएसट्ठयाए अक्खए वि अहं, अव्वए वि अहं, अवट्ठिए वि अहं, उवयोगट्ठयाए अणेगभूयभावभविए वि अहं । से तेणट्ठेणं जाव... भविए वि अहं इत्येवं प्रोक्तवान् । - भगवतीसूत्रे २१-१८. १०-सूत्र ६४८ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સ્યાદ્વાદની સિદ્ધિ

ગાથા-૩૨ થી ૪૪

**અવતરણિકા :**

જે શાસ્ત્રમાં સ્યાદ્વાદદૃષ્ટિથી કથન કરાયું હોય તે શાસ્ત્ર તાત્પર્યશુદ્ધ છે અને તેથી તાપશુદ્ધ પણ છે, જેમ કે જૈન શાસ્ત્રો; પરંતુ જે શાસ્ત્રોમાં એકાન્તદૃષ્ટિથી કથન કરાયું હોય તે તાત્પર્યશુદ્ધ નથી અને તેથી તાપશુદ્ધ પણ નથી. ત્યાં કોઈને શંકા થાય કે, જૈનશાસ્ત્રોમાં પણ જ્યારે એક નયથી પદાર્થનું નિરૂપણ કરવામાં આવે ત્યારે નયોનું એકાંતિક કથન જોવા મળે છે. તો પછી આ રીતે એકાંતિક કથન કરનારાં જૈન શાસ્ત્રો તાપશુદ્ધ કેવી રીતે કહેવાય ? આવી શંકાનું સમાધાન કરતાં હવે ગ્રંથકારશ્રી જણાવે છે-

**શ્લોક :**

द्वयोरेकत्वबुद्ध्यापि, यथा द्वित्वं न गच्छति ।
नयैकान्तधियाप्येवमनेकान्तो न गच्छति ॥३२॥

**શબ્દાર્થ :**

૧. यथा - જે પ્રમાણે ૨. द्वयोः - બે વસ્તુમાં ૩. एकत्वबुद्ध्यापि - એકત્વ બુદ્ધિથી પણ ૪. द्वित्वं - દ્વિત્વ ૫/૬. न गच्छति - નાશ પામતું નથી. ૭. एवम् - એ પ્રમાણે ૮. नयैकान्तधिया - નયની એકાન્ત अपि બુદ્ધિથી પણ ૯. अनेकान्तः - અનેકાન્ત ૧૦/૧૧. न गच्छति - નાશ પામતો નથી.

**શ્લોકાર્થ :**

**જેમ સામે રહેલા બે પદાર્થોમાં અપેક્ષાએ એકપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ત્યારે પણ તે બન્ને પદાર્થમાં રહેલું દ્વિત્વ નાશ પામતું નથી. એ પ્રમાણે નયની એકાન્તબુદ્ધિથી પણ અનેકાન્ત નાશ પામતું નથી.**

**ભાવાર્થ :**

સામે રહેલા બે પદાર્થોમાંથી એક-એકને જ જોવાનો દૃષ્ટિકોણ અપનાવી, કોઈ એમ કહે કે 'આ એક છે' અને 'આ એક છે' તો તેનું કથન કાંઈ ખોટું નથી અર્થાત્ બંનેમાં રહેલા 'એકત્વ' ધર્મને આગળ કરીને બંનેમાં અલગ રીતે નિર્દેશ કરવામાં આવે તો કોઈ દોષ નથી. વળી તે જ વખતે એ બે પદાર્થો હોવાને કારણે તે બન્નેમાં દ્વિત્વ ઇં 'બે પણા'ની બુદ્ધિ પણ નાશ પામતી નથી. કેમ કે, 'દ્વિત્વ' ઉભયમાં રહે છે. આમ એકત્વ અને દ્વિત્વ વિરોધી હોવા છતાં અપેક્ષાવિશેષથી જેમ સાથે પણ રહે છે, તેમ જૈનદર્શનમાં પણ કોઈ એક નયની એકાન્તબુદ્ધિથી કોઈ કથન કર્યું હોય તોપણ તેની અનેકાન્તતા નાશ પામતી નથી; કેમકે સ્યાદ્વાદને સ્વીકારનાર જૈનદર્શનવાળા માને છે કે, આ નયની અપેક્ષાએ જ આ વસ્તુ આવી છે, પરંતુ સર્વથા આમ જ છે એવું નથી. આથી જૈનદર્શનમાં તે તે નયની એકાન્તબુદ્ધિથી કથન હોય તોપણ અનેકાન્તપણું નાશ પામતું નથી, તેથી તાત્પર્યશ્યામિકા પણ થતી નથી અને પરિણામે જૈનદર્શન સ્વયં તાપશુદ્ધ સિદ્ધ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

સામે બે ઘટ પડ્યા હોય પણ જો તે બન્ને ઘટને અલગ અલગરૂપે લક્ષ્ય બનાવાય, તો 'આ એક છે' અને 'આ એક છે' એવી એકત્વની બુદ્ધિ બન્નેમાં ઉત્પન્ન થાય છે. આમ છતાં ત્યારે પણ તે બન્નેના સમુદાયમાં 'આ બે છે' એવી દ્વિત્વની એટલે કે બેપણાની બુદ્ધિ નાશ પામતી નથી. આ 'દ્વિત્વ' નામનો ધર્મ ઉભયમાં રહે છે, તેથી એક ઘટમાં 'એકત્વ'તો છે જ પણ સાથે સાથે 'દ્વિત્વ' પણ છે. તેથી એક જ પદાર્થમાં એકી સાથે એકત્વ અને દ્વિત્વ એમ બે વિરોધી ધર્મો રહી શકે છે. આ જ સ્યાદ્વાદદષ્ટિ છે.

આવી જ રીતે અનેકાન્તસિદ્ધાન્તનું પ્રતિપાદન કરનારા જૈનશાસ્ત્રોમાં પણ અનેક ધર્મવાળી વસ્તુમાંથી કોઈ એક ધર્મને સમજાવવા કે તેનું પ્રાધાન્ય જણાવવા 'આ વસ્તુ આવી જ છે' તેવું એકાન્તે કથન કરાય છે, પરંતુ ત્યારે પણ સ્યાદ્વાદી સારી પેઠે જાણે છે કે, આ વસ્તુ આ અપેક્ષાએ જ આવી છે, તેથી સ્યાદ્વાદી તે વખતે પણ તેમાં રહેલા બીજા ધર્મોનો અપલાપ કરતો નથી અર્થાત્ તે જાણે છે કે, તે સમયે પણ પદાર્થમાં રહેલા બીજા ધર્મો કાંઈ સદંતર જતા રહેતા નથી.

આવી વિવિધ અપેક્ષાઓ લક્ષ્યમાં હોવાને કારણે જૈનદર્શનને માનનારા મહર્ષિઓ સમજે છે કે, જગતવર્તી સર્વ ભાવો પર્યાયથી અનિત્ય છે અને દ્રવ્યથી નિત્ય છે, પરંતુ મોહના કારણે જે જીવો આવું જાણતા નથી તેઓ 'હું અહીં કાયમ રહેવાનો છું અને મેં સજાવેલો સંસાર પણ સદા રહેવાનો છે.' તેવું માની નાહકના પાપ બાંધી દુઃખી થઈ રહ્યા છે. તે જીવોને દુઃખથી મુક્ત કરાવવા અને એકાન્તવાળી તેમની માન્યતાને તોડાવવા જ મહર્ષિઓ પદાર્થ નિત્યાનિત્ય હોવા છતાં એમ કહે છે કે 'सर्वमनित्यं' આવું કહી તેઓ એમ જણાવવા માંગે છે કે, જે પદાર્થ જે સ્વરૂપે દેખાય છે તે પદાર્થ તે સ્વરૂપે સદા રહેનાર નથી, તો તેના ઉપર નાહકનો મોહ શા માટે કરવો ?

આ રીતે અન્ય નયની વાતને મનમાં રાખી એક નયથી એકાન્તે કથન કરવામાં આવે તોપણ અનેકાન્તને કોઈ બાધ આવતો નથી, કેમકે જૈનદર્શન સાપેક્ષબુદ્ધિ જાળવીને પદાર્થમાં રહેલા અનંત ધર્મોમાંથી મુખ્યપણે કોઈપણ એક ગુણધર્મનો બોધ કરાવે ત્યારે તેના બાકીના ગુણધર્મોનો અપલાપ કરતું નથી; પણ બાકીના ગુણધર્મોને માત્ર ગૌણ બનાવે છે. આ રીતે અનંતધર્માત્મક વસ્તુના જે સમયે જે ધર્મને મહત્ત્વ આપવું હોય તે ધર્મને પ્રાધાન્ય આપીને અન્ય ધર્મોને ગૌણ કરવામાં કોઈ દોષ નથી. કેમ કે, મનમાં ગૌણપણે અન્યનો સ્વીકાર થયેલો જ હોય છે. અન્યધર્મોને ગૌણ બનાવવા અને અન્યધર્મોનો અપલાપ કરવો, એ બેમાં ભેદ છે. અન્યધર્મો ને ગૌણ કરવામાં સ્યાદ્વાદદષ્ટિ હણાતી નથી, જ્યારે અન્યધર્મોનો અપલાપ કરવામાં સ્યાદ્વાદદષ્ટિ હણાઈ જાય છે, આથી જ અન્યધર્મોને ગૌણ કરી પોતાના પ્રતિપાદ્ય એવા એક ધર્મની પ્રરૂપણા કરનાર નય જ સુનય બને છે. અન્યધર્મોનો અપલાપ કરનાર નય દુર્નય બને છે.

જૈનદર્શનને વરેલા મહર્ષિઓ માત્ર અન્ય ધર્મને ગૌણ કરે છે એટલું જ નહિ, પરંતુ ક્યારેક તો શિષ્યની બુદ્ધિમાં એક વાતને વધુ સ્થિર કરવા એક જ નયથી વસ્તુનું વર્ણન કરતી વખતે અન્ય નયનું ખંડન પણ કરે છે. જેમ કે 'અહિંસા જ ધર્મ છે, હિંસા અધર્મ જ છે.' અહીં પણ અનેકાન્તદૃષ્ટિથી જોઈએ તો આવું નથી, કેમ કે સંઘાદિના રક્ષણ માટે કે વિશેષ શુભભાવની વૃદ્ધિ માટે પોતાની ભૂમિકાદિનો વિચાર કરી જો બાહ્યહિંસા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે જે માત્ર દ્રવ્યહિંસા જ છે, ભાવહિંસા નથી જ, તે અપનાવાઈ હોય તો તે ધર્મ પણ બને છે, તોપણ જ્યાં સુધી સૂક્ષ્મદષ્ટિથી પદાર્થને જોવાની ક્ષમતા ન આવે ત્યાં સુધી શિષ્યને આવો ભેદ જણાવાતો નથી. તેને તો સામાન્યથી 'અહિંસા જ ધર્મ છે અને હિંસા અધર્મ જ છે' તેમ કહેવામાં આવે છે. આવું કથન કરતી વખતે પણ સ્યાદ્વાદને સમજનારા સદ્ગુરુ ભગવંતોનાં મગજમાં અન્ય અપેક્ષા બેઠેલી જ હોય છે, તેઓ માત્ર શિષ્યની બુદ્ધિ પરિપક્વ બને તેની રાહ જોતા હોય છે. તેથી સંજોગને અનુરૂપ કરેલી એક નયની પ્રરૂપણા પણ પરમાર્થથી શુદ્ધ જ છે. તે અનેકાન્તનો નાશ પણ કરતી નથી કે તેના કારણે શાસ્ત્રની તાપશુદ્ધિને બાધ પણ આવતો નથી. ॥૩૨॥

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકમાં સ્થાપન કર્યું કે નયની એકાન્ત બુદ્ધિથી પણ અનેકાન્ત નાશ પામતો નથી, ત્યાં પ્રશ્ન થાય કે તો શું નયની એકાન્તબુદ્ધિ પ્રમાણભૂત છે ? તેનો ઉત્તર આપતાં જણાવે છે-

**શ્લોક :**

**सामग्र्येण[४] न[६] मानं[५] स्याद्[७], द्वयोरेकत्वधीर्यथा[१] ।**
**तथा[८] वस्तुनि[९] वस्त्वंशबुद्धिर्ज्ञेया[११-१२] नयात्मिका[१०] ॥३३॥**

**શબ્દાર્થ :**

૧. यथा - જે પ્રકારે ૨. द्वयोः - (સામે રહેલી) બે વસ્તુમાં ૩. एकत्वधीः - એકત્વની બુદ્ધિ ૪. सामग्र्येण - સમગ્રપણાથી ૫/૬/૭. मानं न स्यात् - પ્રમાણભૂત ન થાય ૮. तथा - તે પ્રકારે ૯. वस्तुनि - વસ્તુમાં ૧૦/૧૧. *नयात्मिका वस्त्वंशबुद्धिः* - નયાત્મિકા એવી વસ્તુ-અંશની બુદ્ધિ (સમગ્રપણાથી પ્રમાણભૂત ન થાય તેમ) ૧૨. ज्ञेया - જાણવું.

**શ્લોકાર્થ :**

**જે પ્રમાણે સામે રહેલી બે વસ્તુમાં એકત્વની બુદ્ધિ સમગ્રતયા પ્રમાણભૂત થતી નથી તે પ્રમાણે *(અનંતધર્મવાળી)* વસ્તુના વિષયમાં *(તેના એક ધર્મને સામે રાખીને)* વસ્તુ-અંશની નયાત્મિકા બુદ્ધિ પણ સમગ્રતયા પ્રમાણભૂત નથી તેમ જાણવું.**

**ભાવાર્થ :**

સામે પડેલી બે વસ્તુમાંથી એકને જ લક્ષ્ય બનાવી 'આ એક છે' એવું કથન તે એક પદાર્થની અપેક્ષાએ બોલવામાં આવે તો સાચું છે, પણ જો બન્નેના સમુદાયની અપેક્ષાએ આવું કહેવામાં આવે, તો તે સાચું નથી. એટલે કે બે પદાર્થમાં (બન્નેને આશ્રયીને) સમગ્રતયા એકપણાની બુદ્ધિ પ્રમાણભૂત ન કહેવાય. તેની જેમ અનંત ધર્માત્મક વસ્તુના વિષયમાં પણ તેના માત્ર એકાદ ધર્મને આગળ કરીને વસ્તુના અંશનું નયાત્મક કથન તે અંશ માટે સાચું હોવા છતાં, સમગ્ર વસ્તુવિષયક એવું કથન અયોગ્ય-અસત્ય કહેવાય, તેથી નયની એકાન્ત બુદ્ધિ સમગ્રતયા પ્રમાણભૂત ન કહેવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

'એક નયના આધારે એકાન્તે કથન કરવા છતાં અનેકાન્ત બાધિત થતો નથી.' -ગ્રન્થકારશ્રીની આ વાત પકડીને પૂર્વપક્ષીનું એવું કહેવું છે કે, એક નયના આધારે કરાતા એકાંતિક કથનથી જો અનેકાન્તને બાધ ન આવતો હોય, તો એક નયના આધારે થતું એકાંતિક કથન પણ પ્રમાણભૂત માનવું જોઈએ અને તે રીતે એક નયથી એકાંતિક કથન કરનારાં શાસ્ત્રો પણ શુદ્ધ માનવાં જોઈએ.

પૂર્વપક્ષીનો આ આશય સમજીને જ ગ્રંથકારશ્રી આ શ્લોકમાં તેને ખૂબીપૂર્વક જણાવે છે કે, વસ્તુના એક અંશને આશ્રયીને થતું એકાંતિક કથન, સર્વાંશે તે વસ્તુ માટે યોગ્ય નથી, તેથી નયની એકાન્તબુદ્ધિ સમગ્રતયા પ્રમાણભૂત નથી.

જેમ સામે કોઈ બે વસ્તુ પડી હોય, તેમાં 'આ એક છે' અને 'આ એક છે' એવી બેમાં એકત્વની બુદ્ધિ યોગ્ય હોવા છતાં, તેઓના સમૂહમાં દ્વિત્વ ન માનતાં સમગ્રતયા જો એકત્વ જ મનાય તો તે ખોટું છે. સમગ્રતાથી એટલે કે બન્નેના સમુદાયને આશ્રયીને તે એકત્વની બુદ્ધિ પ્રમાણભૂત ન કહેવાય, કેમ કે જેમ તે બે વસ્તુમાં એકત્વ છે તેમ દ્વિત્વ પણ છે, તેથી એકત્વ અને દ્વિત્વ ઉભયરૂપ બુદ્ધિ થાય તો જ તે સમગ્રતાથી પ્રમાણરૂપ કહેવાય. આમ ભિન્ન ભિન્ન નયની દૃષ્ટિએ સમવાય સંબંધથી એક જ પદાર્થમાં એકત્વ અને દ્વિત્વનો વિરોધ આવતો નથી.

તે જ રીતે આત્મામાં નિત્યત્વ-અનિત્યત્વ બન્ને ધર્મો તો છે જ, પણ તેમાં દ્રવ્યથી નિત્યત્વ છે અને પર્યાયથી અનિત્યત્વ છે, તેથી સંપૂર્ણપણે જોવામાં આવે તો આત્મા નિત્યાનિત્ય છે. આવા ઉભયસ્વરૂપવાળા આત્મામાં સમગ્રતયા માત્ર નિત્યત્વ જ કે માત્ર અનિત્યત્વ જ માનવું તે દોષરૂપ છે.

આમ, વસ્તુના વિષયમાં નયાત્મિકા બુદ્ધિ વસ્તુના અંશના બોધસ્વરૂપ છે, તેથી અંશથી યથાર્થ હોવા છતાં સમગ્રતાથી (as a whole / in totality) તે પ્રમાણ નથી. ॥૩૩॥

**અવતરણિકા :**

જો નયાત્મિકા બુદ્ધિ સમગ્રતયા પ્રમાણભૂત નથી તો પછી જૈન શાસ્ત્રો તેનો કેમ સ્વીકાર કરે છે ? તેવી જિજ્ઞાસાનું સમાધાન કરતાં જણાવે છે-

**શ્લોક :**

**एकदेशेन चैकत्वधीर्द्वयोः स्याद्यथा प्रमा ।**
**तथा वस्तुनि वस्त्वंशबुद्धिर्ज्ञेया नयात्मिका ॥३४॥**

**શબ્દાર્થ :**

૧/૨. च यथा - અને જે પ્રમાણે ૩. द्वयोः - બે પદાર્થોમાં ૪. एकत्वधीः - એકત્વની બુદ્ધિ ૫. एकदेशेन - એક દેશથી ૬/૭. प्रमा स्यात् - પ્રમારૂપ થાય ૮. तथा - તે પ્રકારે ૯. वस्तुनि - વસ્તુમાં ૧૦. नयात्मिका - નયાત્મિકા એવી ૧૧. वस्त्वंशबुद्धिः - વસ્તુ-અંશની બુદ્ધિ (એક દેશથી પ્રમારૂપ) ૧૨. ज्ञेया - જાણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :**

**જેમ સામે પડેલા બે પદાર્થોમાંથી કોઈપણ એકમાં ઉત્પન્ન થયેલી એકત્વ બુદ્ધિ એક દેશથી યથાર્થ ગણાય તેમ વસ્તુમાં નયાત્મિકા એવી વસ્તુ-અંશની બુદ્ધિ પણ વસ્તુના એક દેશથી યથાર્થ જાણવી.**

**ભાવાર્થ :**

બે વસ્તુના સમુદાયમાં 'આ એક છે' એવી એકપણાની બુદ્ધિ યથાર્થ ન કહેવાય, પરંતુ જો તે સમુદાયના એક અંશમાં એકત્વની બુદ્ધિ થાય તો તે યોગ્ય કહેવાય. તેની જેમ અનંત ધર્માત્મક વસ્તુમાં જો સર્વાંશે એક નયને આશ્રયીને એક જ ધર્મની બુદ્ધિ થાય તો તે યથાર્થ ન ગણાય, પરંતુ તેના એકજ અંશમાં જો આવી બુદ્ધિ થાય તો તેને પ્રમાણભૂત માનવામાં કોઈ વાંધો નથી. તેથી જ જૈનશાસન નયબુદ્ધિને સ્વીકારે છે.

**વિશેષાર્થ :**

વસ્તુના કોઈ એક ગુણધર્મને આશ્રયીને વસ્તુવિષયક 'આ નિત્ય છે' કે 'આ અનિત્ય છે' એવું એકાન્તે પણ કોઈ કથન કરવામાં આવે તો તે કથન અયોગ્ય નથી અને તેનાથી અનેકાન્ત બાધિત પણ થતો નથી. આમ છતાં એકાંતિક કથન કરનારી આવી નયની બુદ્ધિ સંપૂર્ણ વસ્તુને આશ્રયીને પ્રમાણભૂત નથી બનતી, પરંતુ વસ્તુના એક અંશને (દેશને) આશ્રયીને તેને ચોક્કસ પ્રમાણભૂત માની શકાય.

જેમ બે ઘટ સામે પડ્યા હોય તો બન્નેના સમુદાય માટે 'આ એક છે' એવી એકત્વની બુદ્ધિ ખોટી કહેવાય, પરંતુ તે બેમાંથી કોઈ એક જ વસ્તુને આશ્રયીને જો 'આ એક છે' તેવી બુદ્ધિ કરાય તો તે યોગ્ય જ કહેવાય.

તેવી જ રીતે નિત્યાનિત્ય સ્વભાવવાળી વસ્તુને સર્વાંશે નિત્ય કે અનિત્ય કહેવામાં આવે તો તે ખોટું કહેવાય, પરંતુ દ્રવ્યાસ્તિક નયના આધારે વસ્તુના દ્રવ્યરૂપ અંશને આશ્રયીને એટલે કે તેને મુખ્ય બનાવીને વસ્તુને નિત્ય કહેવાય અને પર્યાયાસ્તિક નયના આધારે વસ્તુના પર્યાયરૂપ અંશને આશ્રયીને વસ્તુને અનિત્ય કહેવામાં આવે તો કાંઈ ખોટું નથી. જગતના સર્વ વ્યવહારો પણ આ રીતે જ ચાલે છે. વસ્તુના ઘણા ધર્મો હોવા છતાં, જ્યાં જેની મુખ્યતા હોય કે જેનાથી કાર્ય થતું હોય તેને જ આગળ કરી કામ લેવાય છે. આથી જ નય સ્વરૂપ બુદ્ધિ, વસ્તુનો સર્વાંશે બોધ કરવા-કરાવવામાં અયોગ્ય હોવા છતાં આંશિક રીતે બોધ કરવા-કરાવવામાં તો યથાર્થ જ છે, તેથી જ જૈનશાસન તેને સ્વીકારી, તેના જ આધારે વસ્તુનો વાસ્તવિક બોધ કરે-કરાવે છે. ॥૩૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

'નયાત્મિકા બુદ્ધિ પ્રમાણભૂત છે કે અપ્રમાણભૂત' તે વિષયની ચર્ચાનો નિષ્કર્ષ જણાવતાં કહે છે-

**શ્લોક :**

इत्थं[२] च[१] संशयत्वं[५] यन्नयानां[४ ३] भाषते[७] परः[६] ।
तदपास्तं[८ ९] द्वयालम्बः[१३] प्रत्येकं[१२] न[१४] नयेषु[११] यत्[१०] ॥३५॥

નોંધ : भाषते परः - ના સ્થાને भाषितं परैः એવો પણ પાઠ મળે છે.

**શબ્દાર્થ :**

૧/૨. च इत्थं - અને આ રીતે ૩. नयानां - (પરસ્પર વિરોધી વિકલ્પો સ્વરૂપ) નયોનું ૪/૫. यत् संशयत्वं - જે સંશયત્વ ૬/૭. परः भाषते - અન્ય કહે છે ૮/૯. तद् अपास्तं - તે દૂર થાય છે ૧૦. यत् - કારણ કે ૧૧. नयेषु - નયોમાં ૧૨. प्रत्येकं - પ્રત્યેક (નય) ૧૩/૧૪. द्वयालम्बः न - દ્વયાલમ્બવાળો નથી = બે વિરુદ્ધ ધર્મના સ્વીકારવાળો નથી.

**શ્લોકાર્થ :**

**અને આ રીતે = નયાત્મિકા બુદ્ધિને એક દેશથી પ્રમાણભૂત સ્વીકારવાને કારણે, અન્ય દર્શનકારો (પરસ્પર વિરોધી) નયોમાં જે સંશયપણાનો આરોપ કરે છે તે ટકી શકતો નથી, કેમ કે અનેક નયોના સમૂહમાંના કોઈ એક નયમાં બે વિરુદ્ધ ધર્મોનું આલંબન હોતું નથી.**

**ભાવાર્થ :**

એક જ પદાર્થને આશ્રયીને જુદા જુદા નયોના જુદા જુદા અભિપ્રાયો સાંભળીને કેટલાક એવું માને છે કે, નયોના આધારે જે બોધ થાય છે તે સંશયાત્મક રહે છે; પરંતુ પૂર્વમાં જે જણાવ્યું કે, 'વસ્તુના એક અંશમાં નયની બુદ્ધિ પ્રમાણરૂપ છે' - તેના આધારે નયોમાં સંશયનો આરોપ ટકી શકતો નથી; કેમ કે જો એક વસ્તુના વિષયમાં બે વિરોધી વિકલ્પો ઊભા થાય તો સંશય થાય, પરંતુ નયોના વિષયમાં એવું નથી. પ્રત્યેક નયો તો નિશ્ચિતપણે એક જ વાત રજૂ કરે છે અને નિશ્ચિત પ્રકારના કથનમાં સંશયનો સવાલ જ રહેતો નથી.

**વિશેષાર્થ :**

અનેકાન્તવાદ જુદા જુદા નયની દૃષ્ટિથી એવું કથન કરે છે કે, 'આત્મા વગેરે પદાર્થો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.' તેનું આવું કથન સાંભળી કેટલાકને સંશય થાય કે 'આત્મા નિત્ય હશે કે અનિત્ય ?' આથી કોઈ એવો આરોપ કરે છે કે નયોથી થતો બોધ નિશ્ચયાત્મક નથી, પણ સંશયરૂપ છે. આવો આરોપ બિલ્કુલ યોગ્ય નથી કેમ કે, ઉપરના શ્લોકોમાં નયોના સ્વરૂપની જે રીતે સ્પષ્ટતા કરી છે, તે જોતાં એમનો આરોપ જરા પણ ટકી શકે તેમ નથી.

અનેકાન્ત એ નયોના સમૂહ સ્વરૂપ છે. નયસમૂહ પોતાની માન્યતાને સાપેક્ષપણે નિશ્ચયાત્મક રીતે જ રજૂ કરતો હોય છે. જે અપેક્ષાથી, જે રીતે વાત રજૂ કરવામાં આવી હોય, તે રીતે તો તે વાત નિશ્ચિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ હોય છે તેમાં કોઈ સંશય નથી હોતો. અનેકાન્તવાદ સત્ય માટે એટલો સભાન હોય છે કે તે પોતાની વાત રજૂ કરતાં પહેલાં સ્પષ્ટ કરી લે છે કે તેણે રજૂ કરેલો વિચાર અમુક અપેક્ષાએ, અમુક સંદર્ભમાં જ કરેલો છે, તેથી તે અપેક્ષાએ તે અંશમાં તો તેની વાત નિશ્ચિત જ હોય છે, તેથી જ આગળના શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું હતું કે નયોનું એકાન્તિક કથન પણ એક અંશથી તો યોગ્ય જ છે. તેમાં સંશયને જરા પણ અવકાશ રહેતો નથી.

સંશય[1] તો ત્યારે ઉત્પન્ન થાય કે જ્યારે એક જ વસ્તુ સંબંધી બે વિરોધી વિકલ્પો (alternatives) સામે હોય અને તે બન્ને વિકલ્પો સંબંધી કોઈ હકારાત્મક (positive) કે નકારાત્મક (negative) નિશ્ચય ન થઈ શક્યો હોય. જેમકે રાત્રિના ધૂંધળા પ્રકાશમાં સામે કોઈ સ્થિર વસ્તુને જોઈ 'આ માણસ છે કે ઠૂંઠું ?' એવો સંશય ઊભો થઈ શકે છે, કેમ કે અહીં બે વિકલ્પો ઉભા થયા છે અને તે માણસ કે ઠૂંઠાંમાંથી કોઈપણ વિકલ્પ સંબંધી નિશ્ચય થઈ શક્યો નથી. જ્યારે નયોના વિષયમાં આવું ક્યારેય બનતું નથી, કેમ કે નયો હંમેશા નિશ્ચિતરૂપે એક જ વાતનું કથન કરે છે, તેથી નયોના કારણે ક્યારેય પણ સંશય[2] ઊભો થતો નથી.

દ્રવ્યાર્થિક નય આત્માને સ્પષ્ટપણે નિત્ય જ કહે છે. પર્યાયાર્થિક નય આત્માને સ્પષ્ટપણે અનિત્ય જ જણાવે છે. અનેકાન્તના અંગભૂત આ બન્ને નયોનું કથન એકબીજાથી વિરુદ્ધ હોવા છતાં પણ અપેક્ષાપૂર્વકનું હોવાથી તેમાં પરસ્પર લેશ પણ **વિરોધ** રહેતો નથી અને અપેક્ષા સહિત/સંદર્ભથી નિશ્ચિત કથન કરતા હોવાને કારણે તેમાં **સંશય** પણ રહેતો નથી. જ્યારે નયના અભિપ્રાયમાં લેશ પણ સંશય ન હોય તો તે જ નયોના સમૂહરૂપ અનેકાન્તવાદમાં (સ્યાદ્વાદમાં) સંશય ક્યાંથી રહે ? ॥૩૫॥

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકમાં જણાવ્યું કે નયોના સમૂહમાંના એક એક નયનું કથન નિશ્ચયાત્મક હોય છે, તેમાં બે વિરોધી વિકલ્પ હોતા નથી, તેથી તે સંશયરૂપ ન કહેવાય. આ વાત નયની બાબતમાં તો બરાબર છે. પરંતુ સમગ્ર વસ્તુને સામે રાખીને સર્વ નયોથી વિચારણા કરીએ તો બુદ્ધિમાં બે વિરોધી વિકલ્પો ઊભા થાય જ, કેમકે દ્રવ્યાર્થિક નય 'આત્મા નિત્ય છે' એવું કથન કરે તો પર્યાયાર્થિક નય 'આત્મા અનિત્ય છે' તેમ કહે, તેથી આત્માની વિચારણા કરનાર વ્યક્તિને આ બન્ને કથનો સાંભળી સંશય તો થાય જ કે, 'ખરેખર આત્મા નિત્ય હશે કે અનિત્ય ? તેથી સર્વ નયના આધારે ચાલતી વિચારસરણીમાં સંપૂર્ણ પદાર્થવિષયક જે જ્ઞાન થાય તે તો સંશયાત્મક જ બને. આવી શંકાનું નિરાકરણ કરતાં કહે છે-

---

1. साधकबाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शिज्ञानं संशयः ।।११।।
यथाऽयं स्थाणुर्वा पुरुषो वा ।।१२।। - प्रमाणनयतत्त्वावलोके ।।

2. अयं न संशयः, कोटेरैक्यात् ।
टीका - अयं नयात्मको बोधः संशयो न, कुतः ? कोटेः प्रकारस्य ऐक्यात्, संशयस्य विरुद्धोभयप्रकारकज्ञानस्वरूपत्वात् ।
- नयोपदेशे, गा. ८ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્લોક :**

सामग्र्येण[1] द्वयालम्बेऽप्यविरोधे[3] समुच्चयः[4]।
विरोधे[5] दुर्नयव्राताः[6] स्वशस्त्रेण[7] स्वयं[8] हताः[9] ॥३६॥

**શબ્દાર્થ :**

૧. सामग्र्येण - સમગ્રતયા ૨. द्वयालम्बेऽपि - બે (ધર્મનું) આલમ્બન હોવા છતાં પણ ૩. अविरोधे - અવિરોધ હોય ત્યારે ૪. समुच्चयः - સંગ્રહ થાય ૫. विरोधे - વિરોધ હોય તો ૬. दुर्नयव्राताः - દુર્નયોના સમૂહો ૭. स्वशस्त्रेण - સ્વશસ્ત્રથી ૮/૯. स्वयं हताः - સ્વયં હણાયેલા છે.

**શ્લોકાર્થ :**

**સમગ્રરૂપે બે (ધર્મનું) આલંબન હોવા છતાં પણ જો તે બન્નેમાં વિરોધ ન આવતો હોય તો બન્નેનો સંગ્રહ થાય છે અને જો વિરોધ આવતો હોય તો દુર્નયોના સમૂહો પોતાના શસ્ત્રથી પોતે જ હણાયેલા છે.**

**ભાવાર્થ :**

એક નય જો કે નિશ્ચિતપણે એક અંશમાં એક ધર્મનું જ કથન કરે છે, તેથી એક નયમાં સંશય થઈ શકે નહીં, પરંતુ સમગ્રતયા જ્યારે બન્ને નયોને ગ્રહણ કરવામાં આવે ત્યારે બે જુદા જુદા ધર્મોનું આલંબન પ્રાપ્ત થાય છે. જેમકે એક નય કહે કે આત્મા નિત્ય છે તો બીજો નય કહે કે, આત્મા અનિત્ય છે. આ રીતે દ્વયાલમ્બ પ્રાપ્ત થાય ત્યારે અપેક્ષાભેદથી વિચારતાં, એટલે કે દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે, એમ વિચારતાં જો વિરોધ ન આવતો હોય, તો બન્નેના અભિપ્રાયોનો સંગ્રહ કરીને વસ્તુનો સંપૂર્ણપણે બોધ કરી શકાય છે. જો અપેક્ષાભેદ વિચારવામાં ન આવે અને નયાત્મક કથનને સર્વાંશે ગ્રહણ કરવામાં આવે તો નક્કી વિરોધ આવે. ત્યારે તે નયાત્મક કથન દુર્નય બની જાય છે. દુર્નયોના સમૂહો વસ્તુને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માની પોતાની માન્યતાની રજૂઆત કરવા જાય ત્યારે તે પોતે જ પોતાની માન્યતામાં ટકી શકતા નથી.

**વિશેષાર્થ :**

કોઈપણ પદાર્થને સર્વાંશથી જોઈએ તો તેના સંબંધી અનેક જુદા જુદા ધર્મોનો બોધ થાય. કોઈક રીતે પદાર્થ નિત્ય લાગે તો કોઈક રીતે અનિત્ય લાગે, કોઈ ધર્મથી સત્ દેખાય તો કોઈ ધર્મથી અસત્ દેખાય. આ રીતે ભિન્ન ભિન્ન ધર્મોનો બોધ થવાથી વિચારભૂમિકામાં તે પદાર્થ સંબંધી બે વિરોધી ધર્મોનું આલમ્બન પ્રાપ્ત થાય. જેમકે, આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. અપેક્ષાને લક્ષ્યમાં લીધા વિના ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં આવા બે વિકલ્પોવાળા કથનથી બુદ્ધિમાં સંશય ઊભો થાય કે 'આત્મા નિત્ય હશે કે અનિત્ય ?' આમ છતાં અપેક્ષાને લક્ષ્યમાં રાખી જો આ વાતને ગંભીરતાથી વિચારવામાં આવે તો જરૂર સમજાય કે આત્મદ્રવ્ય કાયમ રહેનાર છે, તેનો નાશ કદી થવાનો નથી, માટે દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે. વળી બાલ્ય, યુવા, વૃદ્ધાદિ અનેક અવસ્થા તથા મનુષ્યત્વ આદિ અનેક પર્યાયો નજર સામે પલટાતા દેખાય છે, માટે પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. આથી નયો જે રીતે જુદી-જુદી અપેક્ષાથી (different perspectivesથી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદાર્થની રજૂઆત કરે છે તે રીતે પદાર્થને જોવા પ્રયત્ન કરવામાં આવે તો શંકા તો થતી જ નથી; પરંતુ પદાર્થવિષયક પૂર્ણ અને યથાર્થ બોધ થઈ શકે છે.

આથી જ ગ્રંથકારશ્રી કહે છે, નયોના આધારે કોઈ પણ વસ્તુનું જ્ઞાન કરવામાં આવે તો એક જ વસ્તુવિષયક અનેક અભિપ્રાયો પ્રાપ્ત થાય છે. તેમાંના કેટલાક અભિપ્રાયો પરસ્પર વિરોધી જેવા પણ લાગે, પરંતુ નયો જે અપેક્ષાથી વસ્તુ સ્વરૂપનું કથન કરે છે તે અપેક્ષાથી પદાર્થ જોવા પ્રયત્ન કરવામાં આવે તો તેમાં ક્યાંય વિરોધ આવતો નથી. પરિણામે જુદા જુદા સર્વ અભિપ્રાયોનો સંગ્રહ કરી શકાય છે અને તેના આધારે વસ્તુનો સંપૂર્ણ અને વાસ્તવિક બોધ કરી શકાય છે. આમ, વસ્તુના સ્વરૂપ સંબંધી બે વિરોધી અભિપ્રાયો પ્રાપ્ત થવા છતાં અપેક્ષાભેદ હોવાને કારણે કોઈ સંશય ઊભો થતો નથી.

વસ્તુના વિષયમાં પ્રાપ્ત થયેલા જુદા જુદા અભિપ્રાયોને જો આ રીતે અપેક્ષાભેદથી વિચારવામાં ન આવે તો બન્ને અભિપ્રાયો પરસ્પર વિરોધી બની જાય, કેમ કે ત્યારે 'આત્મા આ અપેક્ષાએ (from this point of view) નિત્ય છે' કે 'આ અપેક્ષાએ અનિત્ય છે' એવું કહેવાતું નથી, પરંતુ આત્મા નિત્ય જ છે કે અનિત્ય જ છે એવું એકાન્તે કથન કરવામાં આવે છે.

આ રીતે અપેક્ષા વિના એકાન્તે કથન કરાય ત્યારે બન્ને વિરોધી અભિપ્રાયો એક બીજાનું ખંડન કરનારા બની જાય છે. એક બીજાને ખંડન કરનારા અભિપ્રાયો સુનય[1] સ્વરૂપ રહેતા નથી; પરંતુ દુર્નયરૂપ બની જાય છે કેમ કે, નિરપેક્ષપણે પ્રવૃત્તિ એ જ દુર્નયપણાનું બીજ છે અને સાપેક્ષભાવે રજૂઆત કરવામાં સુનયપણું છે.

સુનય પોતાની માન્યતાને પ્રધાનપણે રજૂ કરવા માટે જ એક દેશથી પદાર્થનું સ્વરૂપ બતાવે છે, પરંતુ બીજા નયના અભિપ્રાયનું તે ક્યારેય ખંડન કરતો નથી. તે અન્ય નયની માન્યતા પ્રત્યે સદા ઉદાસીન રહે છે, એટલે કે તે અન્ય નયોની વાતોને ગૌણપણે સ્વીકારે છે, પણ પોતાના અભિપ્રાયોમાં એને સ્થાન આપતો નથી. જો તે અન્યના અભિપ્રાય પ્રત્યે ઉદાસીન ન રહેતાં, અન્યની માન્યતાનું ખંડન કરવા લાગે તો તે દુર્નય બની જાય છે.

---

1. स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः । स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः । - सम्मतितर्क - દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ.
**સુનય** એટલે એક એવા પ્રકારનો અભિપ્રાય જે વસ્તુના એક ધર્મને આગળ કરી આ વસ્તુ આવી છે-તેમ જણાવે, પરંતુ તે વખતે પણ તે વસ્તુના બીજા ધર્મોનો અપલાપ-નિષેધ ન કરે.
જ્યારે **દુર્નય** વસ્તુના એક ધર્મને પકડી આ વસ્તુ આવી જ છે, તેમ સંપૂર્ણ વસ્તુવિષયક એકાંતે કથન કરે અને વસ્તુના બીજા ધર્મોનો અપલાપ-નિષેધ કરે.
જેમ સુનય વસ્તુના એક અંશને ગ્રહણ કરી વસ્તુનો બોધ કરાવે તેવો વિશેષ પ્રકારનો અભિપ્રાય છે, તેમ **પ્રમાણ** પણ એક એવા પ્રકારનો અભિપ્રાય છે જે વસ્તુના સર્વ પાસાંનો બોધ કરાવે. પ્રમાણ સર્વ સુનયોના સમૂહસ્વરૂપ છે.
નીચેનાં કેટલાક દૃષ્ટાંતો દ્વારા આ ત્રણે પ્રકારના અભિપ્રાયોને સમજવા સુલભ બનશે.

I. • अयं सदेव - 'આ વસ્તુ સત્ જ છે' - આવું કહેનાર **દુર્નય** છે.
- अयं सत् - 'આ વસ્તુ સત્ છે' - આવું કહેનાર **સુનય** છે.
- अयं स्यात् सत् - 'આ વસ્તુ અપેક્ષાએ સત્ છે' - આવું કહેનાર **પ્રમાણ** છે.

II. સત્ એટલે કે દ્રવ્યનું લક્ષણ કરતાં કહેવામાં આવ્યું છે કે,

दव्वं पज्जवविउयं दव्वविउत्ता य पज्जवा णत्थि । उप्पाय-ट्ठिइ-भंगा हंदि दवियलक्खणं एयं ।।१२।। - सम्मतितर्क-प्रथमकाण्डे ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુનયને આશ્રયીને પદાર્થની વિચારણા કરવામાં ક્યારે પણ વિરોધ આવતો નથી, અને દુર્નયોના આધારે વિચારણા કરવામાં ક્યારે પણ વિરોધ આવ્યા વિના રહેતો નથી. સુનયોનો સમૂહ વસ્તુના વિવિધ અંશ આદિને આશ્રયીને પ્રાપ્ત થાય છે, કેમ કે સુનય એ વસ્તુની અંશાત્મક બુદ્ધિસ્વરૂપ છે, જેમાં સંદર્ભ, સંબંધ કે અપેક્ષાને કારણે ભેદ પડે છે. જ્યારે દરેક દુર્નય વસ્તુના એક અંશને સંપૂર્ણ વસ્તુ સંબંધી એકાન્તે કથન કરનારા હોય છે, તેથી દુર્નયોનો સમૂહ સંપૂર્ણ વસ્તુવિષયક અનેક જુદા જુદા અભિપ્રાયો સ્વરૂપ હોય છે.

સુનયોનો સંગ્રહ વસ્તુનો યથાર્થ બોધ કરાવવામાં સહાયક બને છે જ્યારે દુર્નયનો સમૂહ એક બીજાનું ખંડન કરવામાં તત્પર હોય છે, તેથી દરેક દુર્નયની માન્યતા અન્ય નયની માન્યતાનું ખંડન કરવાનું એક શસ્ત્ર બની જાય છે. પોતાના આ શસ્ત્ર વડે તે બીજાનો નાશ કરવા પ્રયત્ન કરે છે પણ બને છે એવું કે બીજાનું ખંડન કરતાં તે પોતે જ હણાઈ જાય છે.

જેમ કે દ્રવ્યાસ્તિકનયની માન્યતા ઉપર ચાલતો દુર્નય આત્માને સર્વાંશે નિત્ય કહે છે. જ્યાં સુધી તે દ્રવ્યથી જ આત્મા નિત્ય છે એવું કહેવા પ્રયત્ન કરે ત્યાં સુધી કોઈ વાંધો ન આવે, પણ તે તો આત્માને સર્વાંશે અને એકાન્તે નિત્ય કહે છે, તેથી તેના કથનથી એવું પ્રાપ્ત થાય કે, આત્મા પર્યાયથી પણ નિત્ય છે. હકીકતમાં આ

---

દ્રવ્ય એ ઉત્પાદ અને નાશ એવા પર્યાય વિનાનું નથી અને પર્યાયો એ દ્રવ્ય = ધ્રુવાંશ વિનાના નથી. કારણ કે, ઉત્પાદ, નાશ અને સ્થિતિ એ ત્રણે દ્રવ્ય = સત્‌નું લક્ષણ છે. દ્રવ્યનું = સત્‌નું આવું લક્ષણ એ પ્રમાણ વાક્યસ્વરૂપ છે, તેના દ્વારા વસ્તુનું યથાર્થ અને સંપૂર્ણ સ્વરૂપ અહીં બતાવ્યું છે.

કોઈ વસ્તુ ઉત્પાદ અને વિનાશ વિનાની માત્ર સ્થિર નથી. તેમ જ કોઈ વસ્તુ સ્થિરતા વિનાની માત્ર ઉત્પાદ-વિનાશવાળી નથી. કારણ કે વસ્તુનો સ્વભાવ જ એવો છે કે, તે મૂળરૂપે સ્થિર છતાં નિમિત્ત પ્રમાણે જુદા જુદા રૂપે બદલાતી રહે છે, તેથી એક જ વસ્તુમાં સ્થિરપણું અને અસ્થિરપણું વિરુદ્ધ નથી, પણ વાસ્તવિક છે, અને એ બે રૂપો હોય તો જ વસ્તુ પૂર્ણ બને છે, આથી જો કોઈ એમ કહે કે,

- 'વસ્તુ સ્થિર/નિત્ય જ છે' કે 'વસ્તુ અસ્થિર/અનિત્ય જ છે' તો તે **દુર્નયો** છે.
- જો કોઈ અપેક્ષાપૂર્વક એમ કહે કે, 'વસ્તુ સ્થિર/નિત્ય છે' અથવા 'વસ્તુ અસ્થિર/અનિત્ય છે' તો એ **સુનયો** છે.
- જે એમ કહે કે 'વસ્તુ સ્થિર-અસ્થિર / નિત્યાનિત્ય છે' - એ **પ્રમાણ** વાક્ય છે. પ્રમાણ વાકય વસ્તુના સ્વરૂપનું પૂર્ણ અને યથાર્થ નિરૂપણ કરનારું સ્યાદ્વાદ્‌દૃષ્ટિવાળું વાક્ય છે.

III. જૈન શાસ્ત્રના બીજા એક પ્રસિદ્ધ વાક્યને આ ત્રણ અભિપ્રાયોને આધારે વિચારીએ તો,

- प्रमत्तयोगाद् एव हिंसा, प्राणव्यपरोपणम् एव हिंसा - 'પ્રમત્તયોગ જ હિંસા છે' કે 'પ્રાણનો નાશ જ હિંસા છે' - આ બન્ને અભિપ્રાયો **દુર્નયસ્વરૂપ** છે.
- 'प्रमत्तयोगात् हिंसा, प्राणव्यपरोपणं हिंसा - 'પ્રમત્તયોગથી હિંસા છે' કે 'પ્રાણનો નાશ એ હિંસા છે' - આ બન્ને અભિપ્રાયો **સુનયસ્વરૂપ** છે.
- 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा - 'પ્રમત્તયોગથી પ્રાણનો નાશ કરવો એ હિંસા છે' - આ અભિપ્રાય **પ્રમાણસ્વરૂપ** છે.

  'પ્રમતયોગ જ હિંસા' એવું માનનાર દુર્નય પ્રાણવ્યયરોપણ પણ હિંસા છે એવું નહીં સ્વીકારે અને એનું ખંડન કરશે. તે જ રીતે 'પ્રાણવ્યપરોપણ હિંસા' એવું માનનાર દુર્નય પ્રમત્તયોગ હિંસા છે તેવું નહિ માને અને એનું ખંડન કરશે. જ્યારે 'પ્રમત્તયોગ' હિંસા, એવું માનનાર સુનય પ્રાણવ્યપરોપણ હિંસા છે તેવું બોલશે નહિ, પણ એનું ખંડન પણ નહિ કરે. એ જ રીતે 'પ્રાણવ્યપરોપણ હિંસા' એવું માનનાર સુનય 'પ્રમત્તયોગહિંસા છે' એવું નહીં બોલે પણ એનું ખંડન પણ નહિ કરે. જ્યારે પ્રમાણ વાક્યમાં બન્નેનો સમાવેશ થશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નયની માન્યતા રજૂ કરતી વ્યક્તિ જ્યારે એવું બોલે કે આત્મા નિત્ય છે ત્યારે જ તેનો પર્યાય બદલાઈ જાય છે, તેથી આત્મા એકાન્તે નિત્ય છે એવું સ્થાપન કરવા જતાં તે સ્વયં જ અસંગત બની જાય છે. આથી જ ગ્રન્થકારશ્રી કહે છે કે, દુર્નયો પોતાના શસ્ત્રથી પોતે જ હણાઈ જાય છે.

દુર્નયોનો સમુહ પોતાના શસ્ત્રોથી પોતે જ હણાયેલો છે એટલે કે દુર્નયો જ્યારે બીજા નયને અભિપ્રેત હોય તેવા અર્થને ખોટો ઠરાવવા જાય છે - તેમાં દોષો આપે છે - ત્યારે દુર્નયો પોતાને જે અભિપ્રેત અર્થ છે તેનો પણ ઉચ્છેદ કરનારા બને છે. બીજાને દુષિત કરવા જતાં પોતાનો અભિપ્રાય જ દુષિત-અસંગત બની જાય છે. જેમકે, દ્રવ્યાસ્તિકનય વસ્તુને એકાન્તે નિત્ય માને છે તેથી તે વસ્તુમાં રહેલી અનિત્યતાનું ખંડન કરે છે. હવે દુનિયામાં જે પણ વસ્તુ નિત્ય છે તે વાસ્તવમાં કોઈક અંશે તો અનિત્યતાથી યુક્ત જ હોય છે. તેથી જગતમાં જ્યાં પણ નિત્યતા દેખાય છે તે અનિત્યતાથી યુક્ત જ હોય છે. જો અનિત્યતા છે જ નહિ એવું કહેવામાં આવે તો અનિત્યતા સહિતની નિત્યતાનું પણ ખંડન થઈ જાય, તેથી ક્યાંય દુર્નયને અભિપ્રેત એવી નિત્યતા પણ પ્રાપ્ત થતી નથી, કારણ કે પહેલાં જોયું તેમ જગતની જે પણ નિત્યતા છે તે અનિત્યતાથી યુક્ત જ છે અને તેનું તો દુર્નયે પોતે જ ખંડન કર્યું છે. આમ, પોતાને માન્ય નથી એવી અનિત્યતાનું ખંડન કરવા જતાં દુર્નય દ્વારા પોતાને માન્ય એવી નિત્યતા પણ અસંગત બની જાય છે. તેથી જ ગ્રંથકારશ્રી કહે છે કે પોતે જે યુક્તિઓ આપી બીજાનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે તે યુક્તિરૂપ શસ્ત્રોથી દુર્નયો સ્વયં જ નાશ પામી જાય છે. ||૩૬||

**અવતરણિકા :**

બે વિરોધી ધર્મોનો સંગ્રહ કરવામાં આવે તો વિરોધ કેમ ન થાય ? તે જણાવતાં કહે છે-

**શ્લોક :**

**કથં[3] વિપ્રતિષિદ્ધાનાં[1] ન વિરોધઃ[4] સમુચ્ચયે[2] ? ।**
**અપેક્ષાભેદતો[6] હન્ત[5] કૈવ[8] વિપ્રતિષિદ્ધતા[7] ||૩૭||**

**શબ્દાર્થ :**

૧. विप्रतिषिद्धानां - પરસ્પર વિરોધી (ધર્મોના) ૨. समुच्चये - સંગ્રહમાં ૩/૪. कथं न विरोधः ? - વિરોધ કેમ ન આવે ? ૫. हन्त ! - ખેદની વાત છે, (કે, વિદ્વાન થઈને પણ આટલું સમજતા નથી !) ૬. अपेक्षाभेदतः - અપેક્ષાભેદથી ૭/૮. विप्रतिषिद्धता एव का ? - (ધર્મોમાં) વિરોધિતા જ કેવી ?

**શ્લોકાર્થ :**

**એક જ પદાર્થના પરસ્પર વિરોધી એવા ધર્મોનો સંગ્રહ કરવામાં આવે તો વિરોધ કેમ ન થાય ? તેવા પૂર્વપક્ષીના પ્રશ્નનો જવાબ આપતાં (વિદ્વાન ગણાતા પ્રશ્નકારની અણસમજ ઉપર ખેદ વ્યક્ત કરતા) હંત ! કરીને ગ્રંથકારશ્રી કહે છે કે અપેક્ષાનો ભેદ હોવાથી વિરોધિતા જ ક્યાં છે ? એટલે કે વિરોધ જ નથી.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :**

પરસ્પર વિરોધી એવા નયોના સંગ્રહ સમાન અનેકાન્તમાં વિરોધ કેમ ન આવે ? એવા પ્રશ્નના જવાબમાં વિદ્વાન ગણાતા પૂર્વપક્ષની અણસમજ પ્રત્યે ખેદ વ્યક્ત કરતાં હંત ! કહીને ગ્રંથકારશ્રી કહે છે કે, જુદી જુદી અપેક્ષાને કારણે અભિપ્રાયભેદ ધરાવતા નયોના સમૂહસ્વરૂપ અનેકાન્તવાદમાં વિરોધ શી રીતે આવે ? અર્થાત્ અપેક્ષાભેદ હોવાથી જુદા જુદા અભિપ્રાયો ધરાવતા નયોમાં વિરોધ ન આવે.

**વિશેષાર્થ :**

પૂર્વપક્ષીનું એમ કહેવું છે કે, 'સ્યાદ્વાદ પરસ્પર વિરુદ્ધ અભિપ્રાય ધરાવતા નયોના સમૂહસ્વરૂપ છે. પરસ્પર વિરુદ્ધ અભિપ્રાય ધરાવતા નયોને જ્યારે ભેગા કરવામાં આવે ત્યારે તો નક્કી વિરોધ ઊભો થાય અને જો અનેકાન્તના અંગભૂત નયોમાં પરસ્પર વિરોધ ઊભો થાય તો અનેકાન્તમાં સંવાદીપણું શી રીતે ઘટે ?'

પૂર્વપક્ષીના આવા કથનના પ્રત્યુત્તરમાં પૂજ્ય મહામહોપાધ્યાયજી ભગવંત વિદ્વાન ગણાતા પ્રશ્નકારની અણસમજ ઉપર हन्त શબ્દ દ્વારા અત્યંત ખેદ અને નારાજગી વ્યક્ત કરતાં કહે છે કે, નયોના અને તેના સમૂહરૂપ અનેકાન્તના સ્વરૂપને ન સમજવાના પરિણામે જ તમને આવો પ્રશ્ન ઊભો થાય છે. જો નયોના તથા અનેકાન્તના સ્વરૂપનો યથાર્થ બોધ હોય તો આવા પ્રશ્નને અવકાશ જ રહેતો નથી, કારણ કે અનેકાન્તવાદના અંગભૂત નયોનો અભિપ્રાયભેદ અપેક્ષાપૂર્વકનો હોય છે.

પૂર્વના શ્લોકમાં જણાવ્યું તેમ જો અપેક્ષાને બાજુ ઉપર મૂકીને એટલે નિરપેક્ષપણે વિચારતાં જો અભિપ્રાયભેદ આવતો હોય તો તેના સમુચ્ચયમાં એટલે કે તેને ભેગા કરવામાં જરૂર વિરોધ આવે, જ્યારે અપેક્ષાપૂર્વક અભિપ્રાયભેદ હોય તો કદી પણ વિરોધ સંભવી શકતો નથી, પરંતુ સમ્યગ્ અને યથાર્થ બોધ થાય છે.

નિરપેક્ષપણે અભિપ્રાયભેદ ધરાવવો તે દુર્નયનું લક્ષણ છે. આવા દુર્નયોના સમૂહમાં જરૂર વિરોધ સંભવે, પણ સાપેક્ષપણે અભિપ્રાયભેદ ધરાવવો તે તો સુનયનું લક્ષણ છે. આવા સુનયોના સમુચ્ચયમાં વિરોધ કેવી રીતે આવે ? આવો પ્રશ્ન કરી ગ્રન્થકારશ્રી એમ જણાવવા માંગે છે કે, આ રીતે અપેક્ષાભેદથી વિચાર કરવામાં આવે તો પરસ્પર કોઈ વિરોધ રહેતો નથી. ઊલટાનું સાપેક્ષપણે પદાર્થનું પ્રતિપાદન કરતા સુનયોના સમૂહને તો સમ્યગ્દર્શન કહેવાય છે, તેથી નયોના સમૂહરૂપ સ્યાદ્વાદમાં ક્યારેય ક્યાંય વિસંવાદ આવતો નથી, ઊલટું સર્વત્ર સ્યાદ્વાદથી જ સંવાદિતા સાધી શકાય છે, તેથી સ્પષ્ટ છે કે, સ્યાદ્વાદ એ નિશ્ચિતતાનો સૂચક છે અનિશ્ચિતતાનો નહિ.

આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ તો કહ્યું છે કે, જેમ રત્નો ગમે તેવાં પાણીદાર અને કીમતી હોય પણ જ્યાં સુધી તે બધા છૂટાં હોય, ત્યાં સુધી તે 'રત્નાવલી' કે 'હાર' કહેવાતાં નથી. તે જ રત્નો જ્યારે યોગ્ય રીતે ગોઠવીને દોરામાં પરોવી દેવામાં આવે તો તે વૈડુર્ય, હીરા, માણેક વગેરે પોતાના ખાસ નામો છોડી 'હાર' એવું નામ ધારણ કરે છે. તેમ દરેક નયવાદ પોતપોતાના પક્ષમાં ગમે તેટલો મજબૂત હોય; પરંતુ જો તે બીજા પક્ષની દરકાર ન કરે તો તે નિરપેક્ષ નયો 'સમ્યગ્દર્શન' કહેવાતા નથી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે તે બધાનો વિષય અંદરોઅંદર એક બીજા સાથે ગોઠવાઈ જાય અને બધા જુદા જુદા વિષયના પ્રતિપાદક હોવા છતાં મુખ્યપણે એક જ વસ્તુનું પ્રતિપાદન કરવા માટે **સાપેક્ષપણે** પ્રવર્તે તો તે દરેક પોતાનું ખાસ નામ છોડી **'સમ્યગ્દર્શન'**[1] નામ ધારણ કરે છે. રત્નોનું હારપણું પરોવણી અને ગોઠવણી ઉપર અવલંબે છે; તેમ નયવાદોના સમૂહનું 'સમ્યગ્દષ્ટિપણું' તેમની પરસ્પર અપેક્ષા ઉપર અવલંબે છે. આમ વિરોધી વિચારસણીઓને જ્યારે અપેક્ષાભેદથી જોડી દેવામાં આવે તો વિરોધ આવતો જ નથી, પરંતુ આવા જોડાણથી જ જગતને જોવાનો સાચો દૃષ્ટિકોણ = સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આથી જ સમ્મતિ પ્રકરણના અંતે અનેકાન્તવાદનો સાર જણાવતાં કહ્યું છે કે, જૈનદર્શન મિથ્યાદર્શનોનો સમૂહ[2] છે, અને ખૂબીની વાત તો એ છે કે મિથ્યા માન્યતાનો સમૂહ હોવા છતાં તે સમ્યગ્ બની જાય છે. કેમ કે અનેકાન્તવાદની વિશેષતા જ એ છે કે તે છૂટી છૂટી અને એકબીજાને અવગણતી હોવાથી ખોટી ઠરતી હોય તેવી અનેક વિચારસરણીઓને યોગ્ય રીતે ગોઠવી તેની ઉપયોગીતા સાધી આપે છે.

આમ, અનેકાન્તદર્શન (જૈનદર્શન) અનેક પરસ્પર વિરોધી દૃષ્ટિઓનો સમુચિત સરવાળો હોવાથી તે ભલે ને ગમે તેટલું જટિલ હોય પણ તટસ્થ અને મધ્યસ્થ મુમુક્ષુ માટે તો તે વગર મહેનતે સમજી શકાય તેવું છે. મહાપુરુષોએ તો અનેકાન્તસ્વરૂપ જિનવચનને અમૃતસાર કહી બિરદાવ્યું છે, કેમકે તે ક્લેશોનો નાશ કરી માધ્યસ્થ્યની વૃદ્ધિ કરી અમરપણાને પ્રાપ્ત કરાવે છે. ॥૩૭॥

---

1. जहडणेयलक्खणगुणा वेरुलियाइ मणी विसंजुत्ता । रयणावलिववएसं न लहंति महग्घमुल्ला वि ।।२२।।

જેવી રીતે અનેક લક્ષણ અને ગુણવાળા વૈડૂર્ય વગેરે રત્નો બહુ કીમતી હોવા છતાં છૂટાં છૂટાં હોય, તો રત્નાવલી-હાર નામ નથી પામતાં. ॥૨૨॥

तह णिययवायसुविणिच्छिया वि अण्णोण्णपक्खणिरवेक्खा । सम्मद्दंसणसद्दं सव्वे वि णया ण पावेंति ।।२३।।

તેવી રીતે બધાં નયો પોતપોતાના પક્ષમાં વધારે નિશ્ચિત હોવા છતાં પણ અંદરોઅંદર એકબીજા સાથે નિરપેક્ષ હોઈ 'સમ્યગ્દર્શન' વ્યવહાર પામી શકતા નથી. ॥૨૩॥

जह पुण ते चेव मणी जहा गुणविसेसभागपडिबद्धा । 'रयणावलि' त्ति भण्णइ जहंति पाडिक्कसण्णाउ ।।२४।।

વળી, જેમ તે જ મણિઓ દોરામાં ખાસ ખાસ ભાગ પાડી તે પ્રમાણે ગોઠવવામાં આવ્યા હોય, તો 'રત્નાવલી' એમ કહેવાય છે; અને પોતાનાં જુદાં જુદાં નામો છોડી દે છે. ॥૨૪॥

तह सव्वे णयवाया जहाणुरूवविणिउत्तवत्तव्वा । सम्मद्दंसणसद्दं लहन्ति ण विसेससण्णाओ ।।२५।।

તેમ બધા નયવાદો ઘટતી રીતે ગોઠવાઈ વ્યવસ્થિત અર્થવાળા થાય, તો 'સમ્યગ્દર્શન' વ્યવહાર પામે છે; વિશેષ સંજ્ઞા પામતા નથી. ॥૨૫॥ - सम्मतितर्कप्रकरण - प्रथमकाण्डे ।।

2. भद्दं मिच्छादंसणसमूहमइयस्स अमयसारस्स । जिणवयणस्स भगवओ संविग्गसुहाहिगम्मस्स ।।६९।।

- सम्मतितर्कप्रकरण - तृतीयकाण्डे ।।

મિથ્યાદર્શનોના સમૂહરૂપ, અમૃત (અમરપણું) આપનાર અને મુમુક્ષુઓ વડે અનાયાસથી સમજી શકાય એવા પૂજ્ય જિનવચનનું ભદ્ર હો. ॥૬૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

અપેક્ષાભેદથી વિરોધ કઈ રીતે ન થાય તે વસ્તુ એક વ્યવહારિક દૃષ્ટાન્ત દ્વારા ગ્રંથકારશ્રી દર્શાવે છે-

**શ્લોક :**

**भिन्नापेक्षा[3] यथैकत्र[1][2] पितृपुत्रादिकल्पना[4] ।**
**नित्यानित्याद्यनेकान्तस्तथैव[6][5] न[7] विरोत्स्यते[8] ॥३८॥**

**શબ્દાર્થ :**

૧. यथा - જેમ ૨. एकत्र - એક (વ્યક્તિમાં) ૩. भिन्नापेक्षा - અપેક્ષાભેદવાળી ૪. पितृपुत्रादिकल्पना - પિતા-પુત્રાદિની કલ્પના (વિરોધી નથી) ૫. तथा एव - તેમ જ ૬. नित्यानित्याद्यनेकान्तः - (એક વસ્તુમાં) નિત્ય-અનિત્ય આદિ અનેકાન્ત ૭/૮. (अपि) न विरोत्स्यते - પણ વિરોધ પામશે નહીં.

**શ્લોકાર્થ :**

**જેમ એક જ વ્યક્તિમાં અપેક્ષાભેદથી પિતા-પુત્રાદિની કલ્પના વિરોધી બનતી નથી, તેમ એક જ પદાર્થમાં નિત્ય-અનિત્યાદિસ્વરૂપ અનેકાન્ત પણ વિરોધી થશે નહિ.**

**ભાવાર્થ :**

પિતા અને પુત્ર જેવા વિરોધી ધર્મ અપેક્ષાના ભેદથી જેમ એકત્ર-એક જ વ્યક્તિમાં જોવા મળે છે તેમ એક જ પદાર્થમાં નિત્ય-અનિત્યાદિસ્વરૂપ અનેકાન્ત પણ ઘટી શકે છે. અપેક્ષાભેદથી એક જ પદાર્થમાં નિત્ય-અનિત્યાદિ સ્વરૂપ વિરોધી ધર્મને સ્વીકારવામાં પણ કોઈ વાંધો આવતો નથી.

**વિશેષાર્થ :**

વ્યવહારમાં આ વસ્તુ સ્પષ્ટ જોવા મળે છે કે પિતા અને પુત્ર જેવા વિરોધી ધર્મો પણ અપેક્ષાભેદથી એક વ્યક્તિમાં[1] ઘટી શકે છે. એક જ વ્યક્તિ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર હોય છે અને તે જ વ્યક્તિ પોતાના પુત્રની અપેક્ષાએ પિતા પણ હોય છે અને એ જ વ્યક્તિ પોતાની બહેનની અપેક્ષાએ ભાઈ પણ હોઈ શકે છે; એટલે એક જ વ્યક્તિમાં અપેક્ષાભેદથી પિતા, પુત્ર, બંધુ આદિ વિરોધી ધર્મો પણ ઘટે છે. તે જ રીતે એક જ પદાર્થમાં અપેક્ષાભેદ દ્વારા વિરોધી ગણાતા નિત્ય-અનિત્ય, સામાન્ય-વિશેષ, ભેદ-અભેદ વિગેરે ધર્મો પણ ઘટી શકે છે. જેમ કે, જે વસ્તુ દ્રવ્યરૂપે સદા અવસ્થાનવાળી હોવાથી દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિએ દ્રવ્યરૂપે નિત્ય છે, તે જ વસ્તુ પર્યાયરૂપે સદા પરિવર્તનશીલ હોવાથી પર્યાયાસ્તિકનયની દૃષ્ટિએ પર્યાયરૂપે અનિત્ય પણ છે. આ રીતે અપેક્ષાભેદથી વસ્તુના અનેક ધર્મનું કથન કરનાર અનેકાન્તવાદ કઈ રીતે વિરોધી થાય ? અર્થાત્ ન થાય. ॥૩૮॥

1. તુલના :

पिउ-पुत्त-णत्तु-भव्वय-भाऊणं एगपुरिससंबंधो । ण य सो एगस्स पिय त्ति सेसयाणं पिया होइ ॥१७॥

એક જ પુરુષ જુદા જુદા સંબંધથી પિતા, પુત્ર, પૌત્ર, ભાણિયો, ભાઈ વગેરે છે. કારણ કે તે એકનો પિતા થવા માત્રથી કાંઈ બીજા બધાનો પિતા થતો નથી. - सम्मतितर्कप्रकरण - तृतीयकाण्डे ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

'સર્વત્ર સ્યાદ્વાદ સ્વીકારવામાં આવે તો ક્યાંય કોઈ વસ્તુના સ્વરૂપનો નિર્ણય નહિ થાય' આવી ન્યાયદર્શનવાળાની શંકા જણાવી, ગ્રંથકારશ્રી તેનું સમાધાન કરતાં કહે છે-

**શ્લોક :**

> व्यापके सत्यनेकान्ते, स्वरूपपररूपयोः ।
> आनेकान्त्यान्न कुत्रापि, निर्णीतिरिति चेन्मतिः ॥३९॥
> अव्याप्यवृत्तिधर्माणां, यथाऽवच्छेदकाश्रया ।
> नाऽपि ततः परावृत्तिस्तत्, किं नाऽत्र तथेक्ष्यते ॥४०॥

**શબ્દાર્થ :**

૧/૨/૩. अनेकान्ते व्यापके सति - 'અનેકાન્ત વ્યાપક હોતે છતે ૪. स्वरूपपररूपयोः - સ્વરૂપ અને પરરૂપનું (પણ) ૫. आनेकान्त्यात् - અનેકાન્તપણું હોવાથી ૬. कुत्रापि - (અનેકાન્તના આધારે) ક્યાંય પણ ૭/૮. न निर्णीतिः - (વસ્તુસ્વરૂપનો) નિર્ણય નહીં થાય' ૯/૧૦. इति चेत् मतिः- એ પ્રમાણે જો તારી મતિ હોય (તો પછી) ૧૧. यथा - જે પ્રમાણે (કોઈ વસ્તુમાં) ૧૨. अव्याप्यवृत्तिधर्माणां - અવ્યાપ્યવૃત્તિધર્મોનો ૧૩. अवच्छेदकाश्रया (निर्णीतिः) - અવચ્છેદકના આધારે (નિર્ણય થાય છે) ૧૪. अपि - (પછી બીજા અવચ્છેદકથી તે જ વસ્તુમાં તે ધર્મના અભાવનો નિર્ણય થાય તો) પણ ૧૫/૧૬/૧૭. ततः परावृत्तिः न - તેનાથી = અવચ્છેદકના આધારે થયેલા નિર્ણયથી પરાવૃત્તિ થતી નથી ૧૮. तत् - તે = નિર્ણયથી પરાવૃત્તિ થતી નથી, તે વાત ૧૯. अत्र - અહીં = સ્વરૂપ અને પરરૂપના અનેકાન્તમાં ૨૦. तथा - તે પ્રકારે = અવચ્છેદકના આધારે નિર્ણીત થશે તે પ્રકારે ૨૧/૨૨/૨૩. किं न इक्ष्यते - (તારા વડે) કેમ જોવાતું નથી ?

**શ્લોકાર્થ :**

**'અનેકાન્તને સર્વત્ર સ્વીકારવામાં આવે તો સ્વરૂપ અને પરરૂપમાં પણ અનેકાન્ત હોવાથી, ક્યાંય પણ વસ્તુના સ્વરૂપનો નિર્ણય નહીં થઈ શકે' - આવી નૈયાયિકની દલીલ સામે ગ્રંથકારશ્રી કહે છે કે, જે પ્રમાણે અવચ્છેદકના આધારે અવ્યાપ્તવૃત્તિ ધર્મોનો નિર્ણય થયા પછી તેમાં ફેરફાર થતો નથી, તેમ અહીં પણ અપેક્ષાના આધારે જે નિર્ણય થાય તેમાં કોઈ ફેરફાર થતો નથી.**

**ભાવાર્થ :**

"અનેકાન્તને જો સર્વવ્યાપી સ્વીકારવામાં આવે એટલે જગતના તમામ પદાર્થોને અનંતધર્માત્મક સ્વીકારવામાં આવે તો સ્વરૂપ અને પરરૂપના વિષયમાં પણ અનેકાન્ત પ્રાપ્ત થશે, એટલે કે વસ્તુ સ્વ-રૂપે પણ હોઈ શકે અને પર-રૂપે પણ હોઈ શકે, તો પછી અનેકાન્તના આધારે વસ્તુના સ્વરૂપનો નિર્ણય કેવી રીતે થઈ શકે ?" આવા પ્રકારની શંકા જો પૂર્વપક્ષીની બુદ્ધિમાં હોય તો ગ્રન્થકારશ્રી તેને જવાબ આપતાં કહે છે કે, "જેમ વસ્તુમાં રહેલા અવ્યાપ્યવૃત્તિધર્મનો નિર્ણય અવચ્છેદકના આધારે થાય છે, એટલે કે એક જ વસ્તુમાં કોઈ એક અવચ્છેદકના આધારે એક ધર્મ રહ્યો હોય અને તે જ વસ્તુમાં અન્ય અવચ્છેદકના આધારે તે ધર્મનો અભાવ પણ રહ્યો હોય, ત્યારે એક જ વસ્તુમાં ધર્મના ભાવ-અભાવનો અનેકાન્ત પ્રાપ્ત થાય છે, આમ છતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ પૂર્વે એક અવચ્છેદકના આધારે જે ધર્મનો નિર્ણય થઈ ગયો હોય અને પછી કોઈ અન્ય અવચ્છેદકના આધારે તે ધર્મના વિરોધી ધર્મનો નિર્ણય થાય તોપણ નિર્ણયથી પરાવૃત્તિ થતી નથી એટલે કે પૂર્વના નિર્ણયમાં ફેરફાર થઈ જતો નથી, કેમ કે ધર્મની વિદ્યમાનતા અને ધર્મનો અભાવ બન્ને નિર્ણયો જુદા જુદા અવચ્છેદકથી થયા હતા. આમ, 'અવચ્છેદકના આધારે કરેલા નિર્ણયમાં ફેરફાર થતો નથી એ વાત 'વસ્તુ સ્વ-રૂપે પણ છે અને પર-રૂપે પણ છે' એવા અનેકાન્તના વિષયમાં પણ તે પ્રકારે છે તેમ તું કેમ જોતો નથી ?"

ટૂંકમાં, જેમ નૈયાયિકો અવચ્છેદકના આધારે એક જ પદાર્થમાં વિરોધી ધર્મનો નિર્ણય કરે છે અને તે નિર્ણયમાં ફેરફાર પણ થતો નથી, તેમ અનેકાન્તમાં પણ અપેક્ષાભેદથી વિરોધી ધર્મનો નિર્ણય પણ થાય અને તેના આધારે વસ્તુના સ્વરૂપનો યથાર્થ નિર્ણય પણ થઈ શકે છે.

**વિશેષાર્થ :**

ન્યાયદર્શનનો સ્વીકાર કરનાર પૂર્વપક્ષી પ્રશ્નકાર કહે છે કે, "અનેકાન્તનો સિદ્ધાંત વ્યાપક હોવાને કારણે, પદાર્થમાં જેમ નિત્યતા અને અનિત્યતાનો અનેકાન્ત પ્રાપ્ત થાય છે, તેમ પદાર્થમાં સ્વ-રૂપ અને પર-રૂપનો[1] અનેકાન્ત પણ પ્રાપ્ત થાય, એટલે કે સામે કોઈ ઘટ પડ્યો હોય તો તે ઘટ સ્વ-રૂપે પણ હોઈ શકે અને તે કોઈ અન્યરૂપે પણ હોઈ શકે; આવો અનેકાન્ત પણ પ્રાપ્ત થાય, કેમકે અનેકાન્તવાદને માનનારા એવું તો ક્યારેય કહેતા નથી કે આ ઘટ જ છે. તેઓ તો એવું કહેતા હોય છે કે આ વસ્તુ અપેક્ષાએ ઘટ છે અને અપેક્ષાએ કાંઈક બીજું પણ છે. સ્યાદ્વાદની આવી વાતોના આધારે પદાર્થના સ્વરૂપ સંબંધી કોઈ સ્પષ્ટ નિર્ણય નહીં થઈ શકે. પદાર્થના વિષયમાં નિર્ણય તો ત્યારે જ થઈ શકે કે જ્યારે સ્પષ્ટ કહેવામાં આવે કે 'આ ઘટ છે, બીજું કાંઈ નથી.' આથી સ્યાદ્વાદના આધારે કોઈ વ્યવહાર થઈ શકે નહીં." પૂર્વપક્ષીની આવી શંકાને પહેલા શ્લોકમાં રજુ કરી બીજા શ્લોકમાં ગ્રન્થકારશ્રી તે જ નૈયાયિકની પરિભાષાનો સહારો લઈ તેનું સમાધાન આપે છે.

નૈયાયિકો એવું માને છે કે, સંયોગ અને સંયોગના અભાવ જેવા કેટલાક વિરુદ્ધ ધર્મો એવા છે કે જે એક જ વસ્તુમાં એક જ સમયે હાજર હોઈ શકે છે. આવા ધર્મો સંપૂર્ણ વસ્તુમાં રહેતા નથી, તે વસ્તુના એક ભાગમાં જ રહેતા હોય છે. ન્યાયની ભાષામાં આવા ધર્મોને અવ્યાપ્યવૃત્તિધર્મો[2] કહેવાય છે.

વસ્તુમાં આવા અવ્યાપ્યવૃત્તિ ધર્મો રહેલા છે કે નહીં તેનો નિર્ણય નૈયાયિકો અવચ્છેદકના આધારે કરે છે. જેમકે કોઈ એક વૃક્ષની શાખા ઉપર એક વાંદરો બેઠો હોય; પરંતુ વૃક્ષના મૂળમાં વાંદરો ન બેઠો હોય તો પ્રશ્ન થાય કે, 'વૃક્ષ કપિસંયોગી છે કે નથી ?' મતલબ કે વૃક્ષ વાંદરાના સંયોગવાળું છે કે વાંદરાના સંયોગ વિનાનું છે ? આ પ્રશ્નમાં બે વિકલ્પો ઊભા થવાને કારણે તે એક સંશય સ્વરૂપ બની શકે. આમ છતાં નૈયાયિકો આવા

1. સ્વરૂપ એટલે પોતાનું રૂપ અને પરરૂપ એટલે બીજાનું રૂપ. ઘટ માટે ઘટનું રૂપ એ સ્વરૂપ છે અને પટનું રૂપ કે જગતના બીજા કોઈ પણ પદાર્થનું રૂપ એ પરરૂપ છે. સ્વરૂપ અને પરરૂપનો અનેકાન્ત હોવો એટલે ઘટમાં ઘટરૂપ પણ હોવું અને પટરૂપ પણ હોવું.

2. અવ્યાપ્યવૃત્તિ એટલે વસ્તુમાં સર્વત્ર વ્યાપીને ન રહેવું; પરંતુ વસ્તુના એક ભાગમાં રહેવું, વસ્તુના અમુક પ્રદેશમાં રહેવું. જ્યાં પોતાનો અભાવ હાજર હોય તે જ અધિકરણમાં પોતે પણ રહેવું અથવા સાવચ્છિન્નરૂપે રહેવું = મર્યાદિતરૂપે રહેવું પણ નિરવચ્છિન્નરૂપે એટલે કે સંપૂર્ણતયા ન રહેવું.

अव्याप्यवृत्तित्वम् = स्वसमानाधिकरणाभावप्रतियोगित्वम्, यथा वृक्षे कपिसंयोगाभावः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંશયને દૂર કરવા 'અવચ્છેદક'[3]નો પ્રયોગ કરે છે. તે લોકોનું કહેવું છે કે, શાખા-અવચ્છેદેન વૃક્ષ કપિસંયોગી-વાંદરાના સંબંધવાળુ છે એટલે કે શાખાના વિભાગને આગળ કરીને વૃક્ષના સ્વરૂપની વિચારણા કરવામાં આવે તો તેને કપિસંયોગી -વાંદરાના સંબંધવાળું કહેવાય, અને મૂળ-અવચ્છેદેન વૃક્ષ કપિસંયોગી નથી એટલે મૂળને આશ્રયીને વિચાર કરાય તો વૃક્ષ કપિસંયોગી ન કહેવાય.

આમ, સંયોગ અને સંયોગાભાવનો અનેકાન્ત હોવા છતાં પણ અવચ્છેદકનો આશ્રય લઈને સંશય પેદા કરે એવા બે વિકલ્પો દૂર કરાયા અને તેના કારણે જે બે નિર્ણયો કરાયા કે 'શાખાવચ્છેદેન વૃક્ષ કપિસંયોગવાળું છે' અને 'મૂલાવચ્છેદેન વૃક્ષ કપિસંયોગના અભાવવાળું છે' તે બન્ને નિર્ણયોમાં કોઈ ફેરફાર થતો નથી. આના ઉપરથી નક્કી થાય કે ભાવ-અભાવનો અનેકાન્ત હોવા છતાં અવચ્છેદકના ભેદથી બન્ને ધર્મોનો એક જ વસ્તુમાં સ્વીકાર કરી શકાય છે.

આવી જ રીતે સ્વ-રૂપ અને પર-રૂપના અનેકાન્તની પણ સંગતિ થઈ શકે છે. જેમકે સામે પડેલા ઘડામાં ઘટના સ્વ-રૂપનું અસ્તિત્વ છે અથવા તે ઘટ સ્વ-રૂપે સત્ છે તેમ કહી શકાય. વળી તે જ ઘટમાં ઘટ સિવાય બીજું કોઈ પર-રૂપ નથી તેથી તેમાં પર-રૂપનું અસ્તિત્વ નથી, નાસ્તિત્વ છે અથવા તે ઘટ પર-રૂપે અસત્ છે તેમ કહી શકાય. ન્યાયની ભાષામાં એમ કહેવાય છે કે, 'અસ્તિત્વસંબંધાવચ્છિન્ન ઘટ સ્વ-રૂપવાળો છે અને નાસ્તિત્વસંબંધાવચ્છિન્ન તે જ ઘટ પર-રૂપવાળો છે.'

ઘટ ઘટરૂપે અસ્તિ છે અને પટરૂપે નાસ્તિ છે. મતલબ કે ઘડો ઘડા રૂપે છે કપડા રૂપે નથી, તેથી અસ્તિત્વની દૃષ્ટિએ વિચારીએ તો ઘટ ઘટસ્વરૂપ છે અને નાસ્તિત્વની દૃષ્ટિએ વિચારીએ તો ઘટ પટસ્વરૂપ પણ છે, તેથી ઘટમાં સ્વ-રૂપ પણ છે અને પર-રૂપ પણ છે. આ રીતે ઘટમાં સ્વ-રૂપ અને પર-રૂપનો અનેકાન્ત પ્રાપ્ત થાય છે, તોપણ અવચ્છેદકના આધારે સ્વ-રૂપ અને પર-રૂપનો નિર્ણય કરી શકાય છે. અસ્તિત્વસંબંધાવચ્છેદેન ઘટ ઘટસ્વરૂપ છે અને નાસ્તિત્વ- સંબંધાવચ્છેદેન ઘટ પરરૂપ છે.

આમ, ઘટમાં ભિન્ન ભિન્ન અવચ્છેદકથી રહેલા સ્વ-રૂપ અને પર-રૂપનો અનેકાન્ત હોવા છતાં પણ ઘટત્વાવચ્છિન્ન ઘટમાં જે સ્વ-રૂપનો નિર્ણય થયો છે, તે નિર્ણયમાં કોઈ બદલાવ આવતો નથી, ઊલટો સ્વ-રૂપ અને પર-રૂપનો અનેકાન્ત ઘટનો વિશેષ બોધ કરાવે છે.

આ બે શ્લોકની ચર્ચાના આધારે નક્કી કરી શકાય કે, જેમ બે જુદા જુદા અવચ્છેદકથી સંયોગ અને સંયોગાભાવ જેવા વિરુદ્ધ ધર્મો એકી સમયે એકત્ર રહી શકે છે, તેમ જુદી જુદી અપેક્ષાએ સ્વરૂપ-પરરૂપનો, સત્-અસત્નો કે નિત્ય-અનિત્યનો અનેકાન્ત પણ એક જ વસ્તુમાં પ્રાપ્ત થઈ શકે છે અને તેના કારણે વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવામાં કોઈ બાધ આવતો નથી. ઊલટું વસ્તુનું સ્વરૂપ વિશેષ સ્પષ્ટ થાય છે. ॥૩૯-૪૦॥

---

3. અવચ્છેદક એ નૈયાયિક ગ્રન્થોનો એક પારિભાષિક શબ્દ છે, તેનો અર્થ નિયંત્રક, જ્ઞાપક કે વ્યાવર્તક થાય છે. જે ધર્મને આગળ કરીને પદાર્થ ઓળખાય કે જે ધર્મથી પદાર્થ જણાય અથવા જે ધર્મથી પદાર્થ અન્ય પદાર્થથી વિલક્ષણ છે તેવું નક્કી કરી શકાય તેને અવચ્છેદક કહેવાય, છતાં આ વિષયમાં વિશેષ જાણકારી તો તર્કસંગ્રહ, મુક્તાવલી વગેરે ન્યાયશાસ્ત્રના ગ્રંથોમાંથી જ મેળવી શકાય. સામાન્યથી અવચ્છેદકની વ્યાખ્યા આ પ્રમાણે છે :

अन्यूनानतिरिक्तधर्मोऽवच्छेदकः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકમાં જોયું કે સ્વ-રૂપ અને પર-રૂપનો અનેકાન્ત હોવા છતાં જુદા જુદા અવચ્છેદકના આધારે વસ્તુસ્વરૂપનો નિર્ણય થઈ શકે છે અને તેમાં બદલાવ પણ આવતો નથી. ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે, "અવચ્છેદકના આધારે વસ્તુ સ્વરૂપનો જે નિર્ણય થાય તેમાં ભલે ફેરફાર ન થાય, પરંતુ નૈગમ વગેરે નયોના અભિપ્રાયો બદલાવવાના કારણે વસ્તુસ્વરૂપનો નિર્ણય પણ બદલાઈ જાય, તેથી એક નયથી ઘટનું જે સ્વરૂપ છે તે સ્વરૂપ અન્ય નયથી રહે નહીં, અન્ય નયથી ઘટનું સ્વરૂપ જ બદલાઈ જશે, તેથી ઘટના સ્વરૂપનો કોઈ નિર્ણય થશે નહીં. પરિણામે આ ઘટ છે - આ પટ છે એવો વ્યવહાર પણ નહીં થઈ શકે." આવી શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

**आनैगमान्त्यभेदं[1] तत्[2] परावृत्तावपि[4] स्फुटम्[3] ।**
**अभिप्रेताश्रयेणैव[5] निर्णयो[6] व्यवहारकः[7] ॥४१॥**

**શબ્દાર્થ :**

૧.आनैगमान्त्यभेदं - નૈગમનયથી આરંભીને એવંભૂતનયસ્વરૂપ અંત્ય ભેદ સુધી ૨. तत् - તેની = સ્વ-રૂપ અને પર-રૂપની ૩. स्फुटम् - સ્પષ્ટ ૪. परावृत्तौ अपि - પરાવૃત્તિ = ફેરફાર હોવા છતાં પણ ૫. अभिप्रेताश्रयेण एव - અભિપ્રેતના આશ્રયથી જ થતો ૬. निर्णयः - નિર્ણય ૭. व्यवहारकः - વ્યવહારને કરનારો છે.

**શ્લોકાર્થ :**

**નૈગમનયથી માંડીને છેક સાત નયોમાં છેલ્લા ભેદરૂપ એવંભૂતનય સુધી વસ્તુના સ્વ-રૂપ અને પર-રૂપવિષયક અભિપ્રાયો સ્પષ્ટપણે બદલાયા કરે છે, તોપણ અભિપ્રેતના આશ્રયથી જ જે નિર્ણય થાય છે, તેના આધારે વ્યવહાર કરી શકાય છે.**

**ભાવાર્થ :**

નૈગમનયથી શરૂ કરીને એવંભૂત નય સુધી પદાર્થના સ્વરૂપસંબંધી અભિપ્રાયો બદલાયા કરે છે. આ રીતે નયે નયે પદાર્થનું સ્વરૂપ બદલાતું હોવા છતાં વ્યવહારને ચલાવનારા નિર્ણયો અટકી પડતા નથી. જે નયને જેવા પ્રકારનો પદાર્થ અભિપ્રેત હોય તેના આધારે વસ્તુના સ્વરૂપનો નિર્ણય થાય છે. જેમકે એવંભૂતનયને તીર્થની સ્થાપના કરી રહેલા તીર્થંકર જ તીર્થંકર તરીકે અભિપ્રેત છે, તેથી તે દ્વાદશાંગીની રચના કરીને પ્રભુ સમક્ષ નતમસ્તકે ઊભેલા ગણધર ભગવંતો ઉપર વાસનિક્ષેપ કરતા અરિહંત પરમાત્મામાં જ તીર્થંકરનો વ્યવહાર કરે છે, પરંતુ અષ્ટ મહાપ્રાતિહાર્યથી યુક્ત વિહાર કરતા અરિહંત પરમાત્મામાં તીર્થંકરનો વ્યવહાર કરતો નથી.

**વિશેષાર્થ :**

નૈગમ-૧, સંગ્રહ-૨, વ્યવહાર-૩, ઋજુસૂત્ર-૪ શબ્દ-૫, સમભિરૂઢ-૬ અને એવંભૂત-૭ : આમ કુલ સાત નયો છે. આ દરેક નયના અલગ અલગ દૃષ્ટિકોણ છે, તેથી સ્યાદ્વાદની દૃષ્ટિએ જ્યારે પદાર્થને જોવામાં આવે ત્યારે એક જ પદાર્થના વિષયમાં દરેક નયો પોત-પોતાના દૃષ્ટિકોણ મુજબ જુદા જુદા અભિપ્રાયો આપતાં હોય છે, તેથી નયદૃષ્ટિથી વિચારતાં દરેક નયથી એક જ પદાર્થનું જુદું જુદું જ સ્વરૂપ સામે આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સમ્યગ્દર્શન' નામના પદાર્થને નયની દૃષ્ટિએ સમજવા જઈએ તો દરેક નય તેને જુદી જુદી રીતે મૂલવે છે. શુદ્ધ વ્યવહારાદિ નયો જેને જીવાદિ તત્ત્વો પ્રત્યે માત્ર શ્રદ્ધા હોય તેનામાં પણ સમ્યગ્દર્શન ગુણ છે, તેમ માને છે. જ્યારે એવંભૂત નય જેવી શ્રદ્ધા હોય તેવું આચરણ દેખાતું હોય ત્યાં જ સમ્યગ્દર્શન છે, તેવું માને છે, માટે આ નય જેઓ સંપૂર્ણ પાપનો ત્યાગ કરી નિષ્પાપ જીવન જીવી રહ્યા હોય તેવા નિરતિચાર સંયમવાળા મહાત્માઓમાં જ સમ્યગ્દર્શનનો સ્વીકાર કરે છે. આમ, આ નયાનુસાર 'સમ્યગ્આચરણા પૂર્વકની સમ્યક્શ્રદ્ધા' એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહેવાય, અને માત્ર સમ્યક્શ્રદ્ધા એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ નહિ પણ પરરૂપ કહેવાય.

અશુદ્ધ વ્યવહારનય તો પ્રથમ ગુણસ્થાનકવર્તી વ્યક્તિ કે જેને માત્ર સમ્યગ્દર્શન ઉચ્ચરાવ્યું હોય અને તેની તમામ મર્યાદાઓ બરાબર પાળતા હોય તેનામાં પણ સમ્યગ્દર્શન માને છે, તેથી તેના મતે 'સુદેવ-સુગુરુ સુધર્મનો સ્વીકાર' -એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહેવાય.

આ રીતે નૈગમનયથી માંડીને છેક એવંભૂતનયસ્વરૂપ નયના અંત્યભેદ સુધી સમ્યગ્દર્શનનું સ્વરૂપ બદલાયા કરે છે. અન્ય નયોથી સમ્યગ્ શ્રદ્ધા એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ હતું, તો તે જ સમ્યગ્ શ્રદ્ધા એવંભૂતનયથી પરરૂપ બની જાય છે. પૂર્વ શ્લોકમાં જણાવ્યું તે રીતે અવચ્છેદકના આધારે પણ તેના સ્વરૂપનો નિર્ણય થઈ શકતો નથી; કેમ કે અસ્તિત્વસંબંધાવચ્છેદેન એક નય ચોથા ગુણસ્થાનકવર્તી સાધકમાં સમ્યગ્દર્શન સ્વીકારે છે તો તે જ સંબંધથી બીજો નય સ્વીકારતો નથી, તેથી અવચ્છેદકના આધારે પણ પદાર્થના સ્વરૂપનો નિર્ણય થઈ શકતો નથી. વળી આવા નિર્ણયના અભાવમાં કયા પદાર્થમાં 'આ ઘટ છે,' કે 'આ પટ છે' વગેરે વ્યવહાર કરવો, તે પણ નક્કી કરી શકાતું નથી. ઉપરછલ્લી દૃષ્ટિએ પૂર્વપક્ષીની આ મુંઝવણ યોગ્ય લાગે પણ વાસ્તવમાં તે યોગ્ય નથી.

નયે નયે સ્વરૂપમાં ફેરફાર થતો હોવા છતાં પણ અભિપ્રેતના આશ્રયથી સ્વરૂપનો નિર્ણય થઈ શકે છે. અભિપ્રેત એટલે નયના અભિપ્રાયથી વિવક્ષિત વસ્તુ. જે નયને જેવા પ્રકારનો પદાર્થ અભિપ્રેત હોય, તેના આધારે જ વ્યવહાર કરી શકાય, તેથી એવંભૂતનયથી નિરતિચાર સંયમવાળા મુનિમાં જ સમ્યગ્દર્શન મનાશે. શુદ્ધ વ્યવહારનય વળી ચોથા ગુણસ્થાનકવાળા અવિરતિધરમાં પણ સમ્યગ્દર્શન માનશે, અને અશુદ્ધ વ્યવહારનય વળી વ્યવહારથી સમ્યક્ત્વવ્રત ઉચ્ચારનાર વ્યક્તિમાં પણ સમ્યગ્દર્શનનો વ્યવહાર કરશે.

આ જ રીતે તીર્થંકરના વિષયોમાં પણ દરેક નયોના અભિપ્રાયો અલગ-અલગ છે. નૈગમનયના અભિપ્રાયથી ભવિષ્યમાં જે વ્યક્તિ તીર્થંકરનામકર્મનો બંધ કરવાની હોય તેવી વ્યક્તિ પણ તીર્થંકર તરીકે અભિપ્રેત છે, તેથી તેના આધારે મરીચિને તીર્થંકર કહેવાય છે. આ નયના અભિપ્રાયને સ્વીકારીને ભરત મહારાજા મરીચિમાં તીર્થંકરનો વ્યવહાર કરે છે; પરંતુ વ્યવહારનય જેમાં તીર્થંકરને અનુરૂપ કોઈ લક્ષણ ન જણાય ત્યાં તીર્થંકરનો વ્યવહાર કરતો નથી, તેથી વ્યવહાર નયને અનુસરતા ઇન્દ્રમહારાજે મરીચિનો જન્માભિષેક આદિ ન કર્યા. વ્યવહારનય તો નજીકમાં જેઓ તીર્થંકર થવાના હોય અને જેનામાં પુણ્ય પ્રભાવ આદિ વિશિષ્ટ ગુણો દેખાતા હોય ત્યાં જ તીર્થંકરનો વ્યવહાર કરે છે. આ નયનું અવલંબન લઈને જ ઇન્દ્રમહારાજા, જેઓ તે ભવમાં જ તીર્થંકર થવાના છે અને માતાના ગર્ભમાં આવતાં જ જેમના પુણ્યના ચમકારા જણાઈ આવે છે તેવા, ત્રિશલા માતાના પુત્રઆદિનો મેરુપર્વત ઉપર જઈ જન્માભિષેક કરે છે. આમ જે વખતે જે નયના સંદર્ભથી વાત ચાલતી હોય તે નયના સંદર્ભને આશ્રયીને પદાર્થના સ્વરૂપનો એક ચોક્કસ નિર્ણય પણ થઈ શકે છે અને તદનુસાર વ્યવહાર પણ પ્રવર્તી શકે છે. ॥૪૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

જ્યારે અનેકાન્તમાં આપેલા એક એક દોષનું નિરાકરણ કર્યું ત્યારે હવે પૂર્વપક્ષી શંકા કરે છે કે, 'અનેકાન્તના સિદ્ધાન્તને તમે એકાન્તે સ્વીકારશો કે અનેકાન્તે ? જો એકાન્તે સ્વીકારશો તો અનેકાન્ત નાશ પામી જશે, અને અનેકાન્તના સિદ્ધાન્તમાં પણ જો અનેકાન્ત હોય તો અનવસ્થા દોષ લાગશે' - તેનું નિરાકરણ કરતાં કહે છે-

**શ્લોક :**

**अनेकान्ते[1]ऽप्य[2]नेकान्ता[3]-दनिष्ठै[4]वम[5]पाकृता[6] ।**
**नयसूक्ष्मेक्षिकाप्रान्ते[7] विश्रान्तेः[8] सुलभत्वतः[9] ॥४२॥**

**શબ્દાર્થ :**

૧/૨. अनेकान्ते अपि - અનેકાન્તમાં પણ ૩. अनेकान्तात् - અનેકાન્ત હોવાથી ૪. अनिष्ठा - (જે) અનવસ્થા પ્રાપ્ત થતી હતી (તે) ૫. एवम् - આ પ્રમાણે (૪૦,૪૧ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે) ૬. अपाकृता - દૂર કરાય છે, ૭. नयसूक्ष्मेक्षिकाप्रान्ते - નયની સૂક્ષ્મ દૃષ્ટિના અંતમાં ૮. विश्रान्तेः - વિશ્રાન્તિનું ૯. सुलभत्वतः - સુલભપણું હોવાથી.

**શ્લોકાર્થ :**

**અનેકાન્તના સિદ્ધાન્તમાં પણ અનેકાન્ત હોવાથી જે અનવસ્થા પ્રાપ્ત થતી હતી તે આ પ્રમાણે = શ્લોક ૪૦, ૪૧માં જણાવ્યું તેમ અવચ્છેદકનો આશ્રય કરીને દૂર કરાય છે, કેમકે નયની સૂક્ષ્મદૃષ્ટિના અંતે વિશ્રાન્તિ સુલભ છે.**

**ભાવાર્થ :**

'અનેકાન્તમાં પણ અનેકાન્ત હોવાને કારણે તમારે ક્યાંય અંત નહિ આવે એટલે કે અનવસ્થા ચાલ્યા કરશે' આવી પૂર્વપક્ષની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે, 'અમારે અનેકાન્તમાં પણ અનેકાન્ત માનવામાં કોઈ વાંધો નથી, કેમ કે પ્રમાણ અને નયની દૃષ્ટિરૂપ નયની સૂક્ષ્મ દૃષ્ટિથી સ્યાદ્વાદને જોવામાં આવે, તો એકાન્ત-અનેકાન્તનો સ્પષ્ટ નિર્ણય થઈ જાય છે. જ્યાં નિર્ણયસ્વરૂપ વિશ્રાન્તિ પ્રાપ્ત થઈ જાય છે ત્યાં અનવસ્થાનો સવાલ જ નથી રહેતો.

**વિશેષાર્થ :**

છેલ્લા દસ શ્લોકથી પૂર્વપક્ષીએ અનેકાન્તના સિદ્ધાન્તને દૂષિત કરવા અનેક દોષો આપ્યા છે. ગ્રન્થકારશ્રીએ તે સર્વનું તર્કબદ્ધ નિરાકરણ કરીને અનેકાન્તવાદને નિર્દોષ સ્થાપિત કર્યો છે. અનેકાન્તના સિદ્ધાન્તમાં જ્યારે અન્ય કોઈ દોષ આપી ન શકાયો ત્યારે તે પૂર્વપક્ષીએ પ્રશ્ન ઉઠાવ્યો કે, 'તમે અનેકાન્તવાદને એકાન્તે સ્વીકારશો કે અનેકાન્તે ? જો એકાન્તે સ્વીકારશો તો અનેકાન્તવાદ સર્વત્ર ઘટે છે એવું નહીં કહી શકાય, કેમકે સ્યાદ્વાદના સિદ્ધાન્તમાં જ તે લાગુ નહીં પડે, તેથી તમારે તેને અનેકાન્તે સ્વીકારવો પડશે અને જો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેકાન્તના સિદ્ધાન્તમાં અનેકાન્ત સ્વીકારશો તો 'અનવસ્થા'[1] દોષ આવશે'. આ રીતે પૂર્વપક્ષીએ સ્યાદ્વાદના સિદ્ધાન્તમાં અનવસ્થા દોષનો જે આરોપ મુક્યો છે, તેનું ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં નિરાકરણ કર્યું છે.

અનેકાન્તના સિદ્ધાન્તમાંથી અનવસ્થા દોષ કેવી રીતે દૂર થાય છે તે સમજવા માટે પહેલા અનેકાન્તમાં અનવસ્થા કેવી રીતે ઊભી કરે છે, તે સમજવું પડે. જ્યારે અનેકાન્તના સિદ્ધાન્તને પણ અનેકાન્તે સ્વીકારાય, ત્યારે એવું પ્રાપ્ત થાય કે અનેકાન્તના સિદ્ધાન્તમાં અપેક્ષાએ અનેકાન્ત છે અને અપેક્ષાએ એકાન્ત છે. તેથી અસત્ કલ્પનાથી અનેકાન્ત સિદ્ધાન્તના બે વિભાગની કલ્પના કરી શકાય : વિભાગ $x$ જે અનેકાન્તસ્વરૂપ છે અને વિભાગ $y$ જે એકાન્તસ્વરૂપ છે. હવે વિભાગ $y$ જે એકાન્ત સ્વરૂપ છે તેમાં તો કોઈ વાંધો નથી, પરંતુ વિભાગ $x$ અનેકાન્તસ્વરૂપ હોવાથી તે પણ અપેક્ષાએ અનેકાન્ત અને અપેક્ષાએ એકાન્તરૂપ બનશે, તેથી તેના પણ $x^1$ અને $y^1$ એમ એકાન્ત અને અનેકાન્તરૂપ બે વિભાગો પડશે. પુન: આ $x^1$ પણ અનેકાન્તરૂપ હોવાથી તેના પણ બે વિભાગો પડશે. આ રીતે બે વિભાગોની એક પરંપરા (chain) ચાલ્યા કરશે. જેનો કોઈ અંત જ નહીં આવે.




અનેકાન્ત અને એકાન્તના આવા વિભાગોને કારણે અનેકાન્તના સ્વરૂપનો કોઈ નિર્ણય જ નહીં થઈ શકે. જ્યાં કોઈ અવસ્થા (અટકવાનું સ્થાન) નથી એટલે કે કોઈ વસ્તુનો નિર્ણય નથી, તેને 'અનવસ્થા' દોષ કહેવાય છે. પૂર્વપક્ષીનું કહેવું છે કે જો અનેકાન્તના સિદ્ધાન્તને અનેકાન્તે સ્વીકારાય તો આવો અનવસ્થા દોષ આવશે.

શ્લોકના પૂર્વાર્ધમાં અનેકાન્તના સિદ્ધાન્તમાં પણ અનેકાન્ત સ્વીકારવાથી જે અનવસ્થા પ્રાપ્ત થાય છે, તેને

1. અનવસ્થા - न अवस्था इति अनवस्था - કોઈ અંતિમ નિર્ણય પર ન પહોંચવું તેને અનવસ્થા કહેવાય છે. કાર્ય-કારણની એક એવી પરંપરા કે જેનો કોઈ અંત ન આવે અથવા અસત્ કલ્પનાઓની પરંપરાને અનવસ્થા કહેવાય છે. આ એક પ્રકારનો તર્કદોષ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે દૂર કરાય છે; આવું કહેવા દ્વારા ગ્રન્થકારશ્રી જણાવે છે કે જેમ અવ્યાપ્યવૃત્તિ ધર્મોનો (વસ્તુના અમુક ભાગમાં રહેનારા ધર્મોનો) અવચ્છેદકના આધારે નિર્ણય થઈ શકે છે. તેમ બે વિરુદ્ધ ધર્મોનો પણ એક પદાર્થમાં અવચ્છેદકના આધારે નિર્ણય થઈ શકે છે.[2] બસ આ જ પદ્ધતિથી અનેકાન્તના સિદ્ધાન્તમાં પણ જે એકાન્ત અને અનેકાન્તરૂપ બે વિરુદ્ધ ધર્મો રહ્યા છે, તેનો નિર્ણય થઈ શકે છે. અવચ્છેદકના આધારે જ્યારે એકવાર નિર્ણય થઈ જશે કે અનેકાન્તનો સિદ્ધાન્ત આ અપેક્ષાએ એકાન્તરૂપ છે અને આ અપેક્ષાએ અનેકાન્તરૂપ છે ત્યારે અનવસ્થા પ્રાપ્ત નહીં થાય. કેમ કે જે અપેક્ષાએ અનેકાન્ત અનેકાન્તસ્વરૂપ છે તે અપેક્ષાએ તે અનેકાન્તરૂપ જ હોવાથી તેના ફરી ફરી બે વિભાગો પડશે નહીં અને એકાન્ત-અનેકાન્તની જે પરંપરા ચાલતી હતી તે પણ નહીં ચાલે. આમ, અવચ્છેદકનો આશ્રય કરવાથી અનવસ્થા દૂર કરાય છે.

જો કે વૃક્ષમાં સંયોગ અને સંયોગાભાવરૂપ બે અવ્યાપ્યવૃત્તિધર્મોનો નિર્ણય કરવા માટે શાખા અને મૂળ એમ બે અવચ્છેદકો મળે છે; પરંતુ અનેકાન્તના સિદ્ધાન્તમાં એકાન્ત અને અનેકાન્તરૂપ અવ્યાપ્યવૃત્તિધર્મોનો નિર્ણય કરવા કોઈ અવચ્છેદક દેખાતો નથી, માટે 'તેનો નિર્ણય કયા અવચ્છેદકથી કરવો ?' - આવો કોઈને પ્રશ્ન થાય તો તેનું સમાધાન એ છે કે, 'નય' અને 'પ્રમાણ' આ બે અવચ્છેદકના આધારે અનેકાન્તમાં (સ્યાદ્વાદમાં) એકાન્ત અને અનેકાન્ત રૂપ બે વિરોધી ધર્મોનો નિર્ણય કરી શકાય છે. **નય-અવચ્છેદેન સ્યાદ્વાદ એકાન્તરૂપ છે અને પ્રમાણ-અવચ્છેદેન સ્યાદ્વાદ અનેકાન્તસ્વરૂપ છે.** આ વાત સમ્મતિતર્ક, અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ, સ્વયમ્ભૂસ્તોત્ર આદિ ગ્રંથોમાં સુંદર રીતે સ્પષ્ટ કરાઈ છે.

સ્વયં ગ્રન્થકારે અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ નામના ગ્રન્થમાં જણાવ્યું છે કે, "અનેકાન્ત પણ અનેકાન્તસ્વરૂપ છે. એવું કથન અમને ઇષ્ટ છે, કેમકે નયની અપેક્ષાથી તે એકાન્તસ્વરૂપ છે અને પ્રમાણની અપેક્ષાથી તે અનેકાન્ત સ્વરૂપ છે."[3]

'નય' અને પ્રમાણ' આ બે અપેક્ષાઓનો આશ્રય કરીને અનેકાન્તના સિદ્ધાન્તના સ્વરૂપની વિચારણા કરવામાં આવે તો અનેકાન્તના સિદ્ધાન્તમાં પણ 'એકાન્ત' અને 'અનેકાન્ત' રૂપ બે વિરુદ્ધ ધર્મોનો સમાવેશ થઈ શકે છે. આ બન્ને અપેક્ષાઓને આવરી લેતી સૂક્ષ્મ વિચારસરણીને ગ્રન્થકારશ્રી નયની સૂક્ષ્મ-ઇક્ષિકા એટલે કે નયની સૂક્ષ્મદૃષ્ટિ કહે છે. આવી વિચારણાના અંતે એ સ્પષ્ટ થઈ જાય છે કે અનેકાન્તમાં પણ અનેકાન્ત છે. નયની અપેક્ષાએ તેમાં એકાન્ત છે અને પ્રમાણની અપેક્ષાએ તેમાં અનેકાન્ત છે. આવો સ્પષ્ટ નિર્ણય પ્રાપ્ત થતાં અનવસ્થાનો પણ કોઈ સવાલ ઉઠતો નથી.

સુનય પદાર્થને એક પાસાંથી કે એક angle અથવા એક dimension થી જુએ છે, તેથી કોઈ એક સુનયની અપેક્ષાએ વિચારતાં અનેકાન્તમાં **એકાન્ત** છે. જ્યારે પ્રમાણ પદાર્થને એક જ પાસાંથી નથી જોતો, પણ તે પદાર્થને સર્વાંશે જુએ છે. પ્રમાણ એ all-dimensional approach છે, તેથી પ્રમાણની અપેક્ષાએ

---

2. આ વાતનો વિસ્તાર શ્લોક ૪૦ માં આવી ગયો છે.

3. अनेकान्तेऽप्यनेकान्त इतीष्टमस्माकमिति नयप्रमाणापेक्षया एकान्तश्चानेकान्तश्चेत्येवमसौ ज्ञापनीयः । तथाहि-नित्यानित्यादिशबलैकस्वरूपे वस्तुनि नित्यत्वाऽनित्यत्वाद्येकतरधर्मा-वच्छेदकावच्छेदेनैकतरधर्मात्मकत्वम्, उभयावच्छेदेन वोभयात्मकत्वमिति । X X X नित्यानित्यत्वादिसप्तधर्मात्मकत्व-प्रतिपादकता-पर्याप्त्यधिकरणे अनेकान्तमहावाक्येऽपि **सकलनयवाक्यावच्छेदेनोक्तरूपमनेकान्तात्मकत्वं, प्रत्येकनयवाक्यावच्छेदेन चैकान्तात्मकत्वं** न दुर्वचमिति भावः । - अनेकान्तव्यवस्थाप्रकरणे ।।

अनेकान्तेऽप्यनेकान्तः प्रमाण-नयसाधनः । अनेकान्तः प्रमाणात्ते तदेकान्तोऽर्पितान्नयात् ।। - समन्तभद्राचार्यरचित - स्वयम्भूस्तोत्रे ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરેલી વિચારણામાં અનેક નયોનો કે અનેક અપેક્ષાઓનો સમાવેશ હોવાથી તે **અનેકાન્તરૂપ** છે.

સારરૂપે એટલું કહી શકાય કે, કોઈ પણ પદાર્થની જેમ અનેકાન્ત પણ બે અપેક્ષાએ જોઈ શકાય. ૧. નયની અપેક્ષાએ ૨. પ્રમાણની અપેક્ષાએ, તેમાં નયની અપેક્ષા એ અપૂર્ણદૃષ્ટિ છે અને તે એકાન્તરૂપ છે અને પ્રમાણની અપેક્ષા એ સંપૂર્ણદૃષ્ટિરૂપ છે અને અનેકાન્તરૂપ છે.

આથી જ તાર્કિક શિરોમણિ આચાર્યદેવ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીજીએ પણ સમ્મતિતર્કપ્રકરણમાં કહ્યું છે કે, જેમ અનેકાન્ત સિદ્ધાન્ત જગતના તમામ પદાર્થોમાં અનેક ધર્મો દર્શાવી તેમાં અનેકાન્ત ઊભો કરે છે તેમ અનેકાન્ત સ્વયં પણ સિદ્ધાન્તને બાધ ન આવે તે પ્રમાણે વિકલ્પનો વિષય થવા યોગ્ય છે એટલે કે અનેકાન્તમાં પણ અનેકાન્ત છે[4].

અનેકાન્તની દૃષ્ટિથી જ્યારે અનેકાન્તને જોવાય ત્યારે અનેકાન્તસિદ્ધાન્ત અનેક ભિન્ન ભિન્ન દૃષ્ટિઓનો સમૂહ છે. તેથી તે એક દૃષ્ટિરૂપ નથી પણ અનેક દૃષ્ટિઓના અર્થાત્ અનેક ભિન્ન ભિન્ન નયોના સમૂહરૂપ છે. આ સ્વરૂપે તે એક દૃષ્ટિરૂપ નથી પણ અનેકાન્તરૂપ છે, અને જે એક એક નયરૂપ સ્વતંત્ર દૃષ્ટિ છે તે એકાન્તરૂપ છે.

આમ અનેકાન્ત એટલે બીજું કાંઈ નહીં પણ જુદી જુદી દૃષ્ટિરૂપ એકાન્તોનો સાચો સરવાળો. શરત એટલી કે તેમાં જે એકાન્ત છે તે યથાર્થતાનો વિરોધી ન હોવો જોઈએ, આથી જ અનેકાન્તમાં સાપેક્ષ (સમ્યગ્) એકાન્તોને સ્થાન છે, તેમાં સમ્યગ્ એકાન્ત સુનયની અપેક્ષાએ છે અને સમ્યગ્ અનેકાન્ત પ્રમાણની અપેક્ષાએ છે.[5]

આ રીતે નયની સૂક્ષ્મ વિચારસરણીના સહારે વિચારતાં એટલું સ્પષ્ટ થઈ જાય છે કે, જે અપેક્ષાએ અનેકાન્તમાં એકાન્ત છે તે અપેક્ષાએ એકાન્ત જ છે અને જે અપેક્ષાએ અનેકાન્તમાં અનેકાન્ત છે તે અપેક્ષાએ અનેકાન્ત જ છે. આમ, નય અને પ્રમાણની અપેક્ષાઓનો સહારો લેવાથી અનેકાન્તના સ્વરૂપનો સુલભતાથી નિર્ણય થઈ જાય છે અને તેમાં અનવસ્થાનો દોષ પણ રહેતોનથી. પરિણામે અનેકાન્તમાં પણ અનેકાન્ત સ્વીકારવાથી અનેકાન્ત સર્વવ્યાપી સિદ્ધાન્ત બને છે. ॥૪૨॥

**અવતરણિકા :**

અનેકાન્તમાં અનવસ્થા દોષ આવતો નથી એ વાત પૂર્વ શ્લોકમાં સિદ્ધ કરી, હવે અનેકાન્તમાં અન્યોન્યાશ્રયાદિ દોષો પણ આવતા નથી તે બતાવતાં કહે છે-

**શ્લોક :**

**आत्माश्रयादयोऽप्यत्र[२ १], सावकाशा[४] न[५] कर्हिचित्[३] ।**
**ते[८] हि[६] प्रमाणसिद्धार्थात्[७], प्रकृत्यैव[९] पराङ्मुखाः ॥४३॥**

4. भयणा वि हु भइयव्वा जह भयणा भयइ सव्वदव्वाइं । एवं भयणा नियमो वि होइ समयाविरोहेण ॥२७॥ - सम्मतितर्क-तृतीयकाण्डे ॥

5. तत्र सम्यगेकान्तो नय उच्यते, सम्यगनेकान्तः प्रमाणम् ।
नयार्पणादेकान्तो भवत्येकनिश्चयप्रवणत्वात् । प्रमाणार्पणादनेकान्तो भवति अनेकनिश्चयाधिकरण- त्वात् ।
- तत्त्वार्थराजवा० १-६-६- / शास्त्रवा० स्याद्वादक० द्वि. पं. १/१० ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :**

૧.अत्र - અહીં = અનેકાન્તમાં ૨. आत्माश्रयादयः अपि - આત્માશ્રય આદિ દોષોનો પણ ૩. कर्हिचित् - ક્યારેય ૪/૫. सावकाशा न - અવકાશ નથી. ૬. हि - કારણ કે ૭. प्रमाणसिद्धार्थात् - (સ્યાદ્વાદ) પ્રમાણસિદ્ધ અર્થ હોવાથી ૮/૯. ते प्रकृत्यैव - તે = આત્માશ્રય વગેરે દોષો પ્રકૃતિથી જ ૧૦. पराङ्मुखाः - પરાङ्મુખ છે - દૂર રહે છે.

**શ્લોકાર્થ :**

**અનવસ્થાની જેમ આત્માશ્રય આદિ દોષોનો પણ અનેકાન્તમાં ક્યારેય અવકાશ રહેતો નથી, કારણ કે અનેકાન્ત એ પ્રમાણસિદ્ધ અર્થ હોવાને કારણે અનેકાન્ત પ્રત્યે તે દોષો પ્રકૃતિથી જ દૂર રહે છે.**

**ભાવાર્થ :**

અનેકાન્તના સિદ્ધાન્તમાં અનવસ્થા દોષ તો આવતો નથી, પરંતુ આત્માશ્રય વગેરે દોષો પણ સ્વાભાવિક રીતે જ તેની સામે ઊઠી શકતા નથી. કેમકે અનેકાન્ત પ્રત્યક્ષ આદિ પ્રમાણથી સિદ્ધ પદાર્થ છે.

**વિશેષાર્થ :**

સ્યાદ્વાદનો સિદ્ધાન્ત પ્રત્યક્ષાદિ અનેક પ્રમાણોથી સિદ્ધ છે. જગતની સર્વ વ્યવસ્થાઓ આ સિદ્ધાન્ત ઉપર નિર્ભર છે. પ્રમાણોથી સિદ્ધ એવા સ્યાદ્વાદમાં પૂર્વે જણાવ્યું તેમ અનવસ્થા દોષનો તો અવકાશ નથી જ, પરંતુ તે સિવાયના આત્માશ્રય, અન્યોન્યાશ્રય, ચક્રક વગેરે દોષો પણ સ્વાભાવિક રીતે જ સ્યાદ્વાદથી દૂર રહે છે.

પોતાની સિદ્ધિ માટે જ્યારે પોતાનો જ ઉલ્લેખ કરાય ત્યારે **'આત્માશ્રય'** દોષ પ્રાપ્ત થાય છે. જેમકે, આત્માને નિત્ય માનનારા કોઈ પૂર્વપક્ષીને જ્યારે સ્યાદ્વાદી વિધાન કરે કે આત્મા એકાન્તે નિત્ય નથી અને એકાન્તે અનિત્ય પણ નથી; પરંતુ આત્મા નિત્યાનિત્યરૂપ અનેકાન્તસ્વરૂપવાળો છે, ત્યારે આત્માને એકાન્તે નિત્ય કે અનિત્ય માનનાર કોઈ પૂર્વપક્ષી પૂછે કે, આત્માને નિત્યાનિત્ય માનવામાં પ્રમાણ શું ? અને ત્યારે જવાબ આપતા જો સ્યાદ્વાદી એવું કહે કે અનેકાન્ત જ પ્રમાણ છે, તો 'આત્માશ્રય' દોષ આવે, કેમકે અનેકાન્તની સિદ્ધિ માટે અનેકાન્ત જ પ્રમાણ છે એવું કહેવામાં આવ્યું છે.

વળી, પદાર્થની પ્રમાણરૂપે સિદ્ધિ કરવા માટે જ્યારે પરસ્પર એક બીજાની અપેક્ષા રખાય ત્યારે **'અન્યોન્યાશ્રય'** દોષ પ્રાપ્ત થાય, તેથી જ્યારે એમ કહેવામાં આવે કે આત્મા નિત્યાનિત્યાદિરૂપ છે તેમાં પ્રમાણ શાસ્ત્ર છે અને ત્યારે પુનઃ પ્રશ્ન કરાય કે શાસ્ત્ર કેમ આવું કહે છે ? તો જવાબ આપવામાં આવે કે આત્મા નિત્યાનિત્યાદિરૂપ છે માટે શાસ્ત્ર આવું કહે છે, તો અન્યોન્યાશ્રય દોષ આવે.

અન્યોન્યાશ્રય દોષના નિવારણ માટે જો એવું કહેવામાં આવે કે આત્મા નિત્યાનિત્યાદિ કેમ છે ? તો જવાબ અપાય કે શાસ્ત્ર તેમ કહે છે માટે; જ્યારે પુનઃ પ્રશ્ન થાય કે શાસ્ત્ર આવું કેમ કહે છે ? તો જવાબ અપાય કે સર્વજ્ઞનો અનુભવ તેમ છે માટે. ત્યાં વળી પ્રશ્ન થાય કે સર્વજ્ઞનો અનુભવ આવો કેમ છે ? તો ઘૂમી ફરીને પાછો એ જ જવાબ અપાય કે આત્માદિ પદાર્થો નિત્યાનિત્ય છે માટે. આ રીતે આત્માને નિત્યાનિત્યરૂપ અનેકાન્તરૂપે સિદ્ધ કરવામાં **'ચક્રક'** દોષ લાગે.

આવા સર્વ દોષોને કારણે અનેકાન્ત સિદ્ધ થઈ શકે નહીં એવું જો કોઈ કહેતું હોય તો તેને ગ્રન્થકારશ્રી કહે છે કે, અનેકાન્તમાં ક્યારે પણ આત્માશ્રય વગેરે દોષો આવતા નથી, કારણ કે સ્યાદ્વાદ પ્રત્યક્ષાદિ પ્રમાણથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધ પદાર્થ છે. પ્રત્યક્ષપ્રમાણથી જે પદાર્થ સિદ્ધ ન હોય તેમાં દોષો ઊઠાવી શકાય છે, પરંતુ પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી જે વસ્તુ સિદ્ધ હોય તેમાં પ્રશ્નો પૂછી નવા નવા દોષો ઊભા કરવા તે નર્યું અજ્ઞાન છે. જેમ સૂર્ય પૂર્વમાં ઊગે છે. આ વસ્તુ પ્રત્યક્ષથી દેખાય છે, છતાં તે પૂર્વમાં જ કેમ ઊગે છે વગેરે પ્રશ્નો કરવા અયોગ્ય છે, તેમ જગતવર્તી સર્વ પદાર્થો દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે, એવું સૌ કોઈને નજર સામે દેખાય છે, વળી આ રીતે સ્વીકારવાથી જ સર્વ વ્યવસ્થાઓ ઘટે છે. આમ છતાં, 'આ પદાર્થમાં અનેકાન્ત કેમ છે ?' આવા અનેક પ્રશ્નો પૂછી તેમાં દોષો ઊભા કરવા તે પ્રશ્નકર્તાના જ્ઞાનની અપૂર્ણતા અગર તો વિપર્યાસ જ સૂચવે છે. ||૪૩||

**અવતરણિકા :**

'પ્રમાણથી સિદ્ધ પદાર્થમાં સ્વભાવથી જ દોષો આવતા નથી.' આવી વાત સાંભળી પ્રશ્ન થાય કે, અનેકાન્તાત્મક પદાર્થ કઈ રીતે પ્રત્યક્ષ સિદ્ધ છે ? શિષ્યની આવી શંકાને સંતોષવા વ્યવહારિક દૃષ્ટાંત દ્વારા પદાર્થની અનેકાન્તતા બતાવવા મહામહોપાધ્યાયજી ભગવંત ફરમાવે છે-

**શ્લોક :**

**उत्पन्नं[४] दधिभावेन[३], नष्टं[२] दुग्धतया[१] पयः[५] ।**
**गोरसत्वात्[६] स्थिरं[७] जानन्[८] स्याद्वादद्विड्[१२] जनो[११]ऽपि[९] कः[१०] ॥४४॥**

**શબ્દાર્થ :**

૧/૨. दुग्धतया नष्टं - દૂધરૂપે નાશ પામેલ ૩/૪. दधिभावेन उत्पन्नं - દહીંરૂપે ઉત્પન્ન થયેલ ૫. पयः - એવા પ્રવાહી દ્રવ્યને ૬/૭. गोरसत्वात् स्थिरं -ગોરસરૂપે સ્થિર ૮/૯. जानन् अपि - જાણતો એવો પણ ૧૦/૧૧. कः जनः - કયો માણસ ૧૨. स्याद्वादद्विड् - સ્યાદ્વાદનો દ્વેષી થાય ?

**શ્લોકાર્થ :**

**'દૂધરૂપે નાશ પામેલ અને દહીંરૂપે ઉત્પન્ન થયેલ પયઃ (પ્રવાહીરૂપ દ્રવ્ય) દૂધ અને દહીંરૂપ બન્ને અવસ્થામાં ગોરસરૂપે સ્થિર રહે છે' એવું જાણતો એવો પણ કયો માણસ સ્યાદ્વાદનો દ્વેષી થાય ?**

**ભાવાર્થ :**

આબાલ ગોપાલ સૌ કોઈ જાણે છે કે, એકનું એક જ પ્રવાહી દ્રવ્ય અમુક પ્રકારની પ્રક્રિયા દ્વારા દુધરૂપે નાશ પામે છે અને દહીંરૂપે ઉત્પન્ન થાય છે છતાં દૂધ અને દહીં બન્ને અવસ્થામાં તે ગોરસ તરીકે તો સ્થિર જ છે. આ રીતે એક જ દ્રવ્યમાં ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્યરૂપ અનેક ધર્મને જાણવા છતાં પણ સ્યાદ્વાદનો કોણ દ્વેષ કરે ? અર્થાત્ આવું જાણતો કોઈ પણ માણસ સ્યાદ્વાદનો દ્વેષી ન થાય.

**વિશેષાર્થ :**

આબાલ ગોપાલ સૌ પ્રત્યક્ષરૂપે જાણે છે કે દૂધરૂપ એક પદાર્થ અમુક પ્રક્રિયા દ્વારા દૂધસ્વરૂપે નાશ પામે છે અને દહીંરૂપે ઉત્પન્ન થાય છે. વળી, દૂધ અને દહીં બન્ને અવસ્થામાં ગોરસરૂપે તો તે સ્થિર જ રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગતના તમામ પદાર્થો આ રીતે અમુક પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, અમુક પર્યાયરૂપે નાશ પામે છે. છતાં દ્રવ્યરૂપે સદા સ્થિર રહે છે. જગતવર્તી એક વસ્તુ એવી નથી કે જે સદાકાળ એકસ્વરૂપે સ્થિર રહે, તેના કોઈ પર્યાય કે અવસ્થામાં પરાવર્તન ન આવે. સ્યાદ્વાદના આ સિદ્ધાંતને જેઓ યથાર્થ સમજે છે તેઓને સ્યાદ્વાદ પ્રત્યે દ્વેષ તો ન જ થાય, પરંતુ આ સિદ્ધાંતને સમજવાના કારણે ક્યાંય હરખ-શોક, ગમો-અણગમો વગેરે ભાવો પણ ક્યારેય થતા નથી અને સૌને સુખ આપનાર સમતા, ઉદાસીનતા આદિ ભાવો પ્રાપ્ત થાય છે.

આ જ વાતને સમજવા શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે. એક રાજાએ પોતાની પુત્રીનાં કડાં વગેરે ભંગાવી પુત્રનો મુગુટ બનાવ્યો. પુત્ર ખુશખુશાલ થઈ ગયો અને પુત્રી રડવા લાગી, પરંતુ પિતા સ્વસ્થ હતા, તે રાજી પણ ન હતા કે નારાજ ન હતા, તે તો મધ્યસ્થ ભાવે બેઠા હતા, કારણ કે તે સમજતા હતા કે ભલે કડાં તૂટ્યાં અને મુગુટ બન્યો; પરંતુ સોનું તો તેનું તે જ છે. સોનાનું વજન કે સોનાની કિંમતમાં તો રતીભાર પણ ફરક પડ્યો નથી, તેથી મારા ખજાનામાં કે મારી મૂડીમાં કોઈ ફેરફાર થયો નથી. રાજાની જેમ જગતના સર્વ પદાર્થોને જે આ રીતે જૂએ છે તેને ક્યાંય રાગ-દ્વેષ થતો નથી, તેને ક્યાંય વ્યથા કે વેદના પણ થતી નથી, સદા સ્વસ્થતા ટકી શકે છે. એક માત્ર સ્યાદ્વાદના સિદ્ધાંતને સમજવાથી જીવનના અનેકવિધ પ્રશ્નોનો પણ અંત આવી જાય છે.

દાર્શનિક સિદ્ધાંતને સમજવા માટે તો સ્યાદ્વાદનો સિદ્ધાંત અત્યંત ઉપકારક છે જ; પરંતુ જગતના સર્વ વ્યવહારો, દરેક પ્રસંગો કે કોઈપણ પરિસ્થિતિને આ સિદ્ધાંત અનુસાર વિચારવામાં આવે તો ક્યાંય કાષાયિક ભાવોને અવકાશ મળતો નથી, મન સ્વસ્થ, શાંત અને પ્રશાંત રહે છે. ચર્ચા કે વાદના પ્રસંગોમાં પણ ચિત્ત શાંત હોવાને કારણે ઉભય પક્ષે વિચારવાનો અવકાશ મળે છે, સર્વને ન્યાય આપી શકાય છે. આવા આવા અનેક વિધ ફાયદાઓ આ સિદ્ધાંતને સમજીને જીવનમાં ઉતારવાથી થાય છે. તેથી સર્વત્ર પ્રત્યક્ષ અનુભવાતો અને સ્વસ્થ-સુખી જીવન જીવવા માટે અત્યંત ઉપકારક એવા આ સિદ્ધાંત ઉપર કયો વિચારક દ્વેષ કરે ? ખરેખર આ સિદ્ધાંતને જેઓ વાસ્તવિક રીતે સમજતા નથી તેવા અજ્ઞાની સિવાય આ સિદ્ધાંત ઉપર કોઈ દ્વેષ ન કરે.

સ્યાદ્વાદના સિદ્ધાંતને જેઓ યથાર્થ સમજે છે તેઓ આ સિદ્ધાંત ઉપર ઓવારી જાય છે. આ સિદ્ધાંતનું કથન કરનાર સર્વજ્ઞ પ્રભુ પ્રત્યે તેમનો આદર અને બહુમાનભાવ વધી જાય છે. જગતની આ વાસ્તવિકતા દર્શાવવા બદલ તેમનો મોટો ઉપકાર માને છે.

સ્યાદ્વાદના સિદ્ધાંતની નિર્દોષતા સંબંધી શ્લોક-૩૨ થી ચાલુ થયેલી ચર્ચાને ગ્રંથકારશ્રી અહીં સમાપ્ત કરે છે. આ ચર્ચામાં થયેલા પ્રશ્ન અને પ્રતિપ્રશ્નના સમાધાનથી એટલું નક્કી કરી શકાય છે કે,

* નયની એકાન્તબુદ્ધિથી અનેકાન્તને બાધ આવતો નથી.
* નયની એકાન્તબુદ્ધિ સમગ્રતયા પ્રમાણભૂત નથી પણ એક દેશથી, અંશથી કે ધર્મથી પ્રમાણભૂત છે.
* પ્રત્યેક નયમાં તો દ્વયાલંબ નથી જ, તેથી સંશય કે વિરોધનો કોઈ સવાલ જ આવતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે સમગ્રરૂપે નયસમૂહમાં દ્વયાલંબ હોવા છતાં પણ અપેક્ષાભેદથી વિરોધ નથી, તેથી સ્યાદ્વાદ નિશ્ચિતતા સૂચક નિશ્ચયવાદ છે, પણ સંશયવાદ નથી.

* વસ્તુ માત્ર અનંતધર્મવાળી છે તેટલું નહિ, પણ પરસ્પર વિરોધી છતાં અપેક્ષાભેદે એકત્ર રહેનારા અનંતધર્મવાળી છે.
* વસ્તુમાં નાસ્તિત્વરૂપે રહેલા ધર્મોનો બોધ થયા વિના વસ્તુનું સર્વાંગીણ સ્વરૂપ સ્પષ્ટ થતું નથી.
* અનેકાન્તનો સિદ્ધાંત સર્વત્ર વ્યાપક છે. વ્યવહાર કે વ્યાપાર, ધર્મ કે કર્મ ક્યાંય અનેકાન્તનો સિદ્ધાંત અપનાવ્યા વિના ચાલી શકે તેમ નથી.
* અનવસ્થા, અન્યોન્યાશ્રય આદિ કોઈ દોષો અનેકાન્તમાં ક્યારેય આવતા નથી.

આ તો થઈ દાર્શનિક દૃષ્ટિએ અનેકાન્તવાદની નિર્દોષતા, પરંતુ જો અનેકાન્તવાદના ભાવોનું વાસ્તવિક જ્ઞાન થઈ જાય તો જીવન જીવવું ખૂબ સરળ બની જાય. દરેકના ભાવોને સમજવાનો એક અનોખો દૃષ્ટિકોણ કેળવાઈ જાય. પરિણામે એક બીજાના ભાવો ન સમજવાના કારણે થતા સંક્લેશોથી બચી શકાય. વળી, વસ્તુમાત્ર પર્યાયરૂપે અનિત્ય છે એવી ઊંડી સમજણ હોવાથી કોઈનો સારો વ્યવહાર, સારા શબ્દ કે મનોહર રૂપ-રંગ આદિ જોઈને કદી આસક્ત બની જવાતું નથી. તથા કોઈનો ખરાબ વ્યવહાર, ખરાબ શબ્દ કે અરોચક રૂપાદિ જોઈ દ્વેષ થતો નથી. કેમકે, સ્યાદ્વાદી સમજે છે કે આ બન્ને પર્યાયો છે, માટે તે પરાવર્તન પામવાના જ છે. પરાવર્તનશીલ આવા ભાવોમાં રાગ કે રોષ શા માટે કરવો ?

વસ્તુ જેમ પર્યાયથી અનિત્ય છે તેમ દ્રવ્યરૂપે નિત્ય પણ છે, આ વાત અનેકાન્ત સિદ્ધાંત અપનાવવાથી સ્પષ્ટ સમજાય છે. આથી જ અનેકાન્ત ઉપર જેને અડગ આસ્થા ઊભી થાય છે તેવા સાધકોને કોઈપણ વ્યક્તિના જન્મ કે મરણમાં કે કોઈપણ વસ્તુની ઉત્પત્તિ કે વિનાશમાં હર્ષ કે શોક થતો નથી. કારણ કે તેને ખ્યાલ હોય છે કે આ તો માત્ર શરીર નામના પર્યાયની ઉત્પત્તિ કે નાશ થયો છે પણ આત્મદ્રવ્ય તો અમર જ છે. કોઈ વસ્તુના રૂપ-રંગમાં ફેરફાર થાય તોપણ તે સમજે છે કે આ તો પર્યાયનું પરિવર્તન છે, દ્રવ્ય તો તેનું તે જ છે. આથી જ અનેકાન્તને સમજનાર વ્યક્તિ વિહ્વળ થયા વિના દરેક સંયોગમાં સારી રીતે જીવન જીવી શકે છે.

સ્યાદ્વાદનો સિદ્ધાંત બતાવનાર શાસ્ત્રના આધારે જ કષાયોના શમનરૂપ **ઉપશમ,** વસ્તુના વાસ્તવિક બોધરૂપ **વિવેક** અને પ્રત્યેક જીવોના સુખ-દુઃખની વિચારણાના કારણે પ્રવૃત્તિમાં **સંવરસ્વરૂપ** વાસ્તવિક મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. તેથી સ્યાદ્વાદવાળું જ શાસ્ત્ર તાપશુદ્ધ બને, અન્ય કોઈ નહિ.

આથી જ તો દેવચંદ્રજી મહારાજે વીર પ્રભુને વિનંતી કરતા કહ્યું છે કે,

"વિનતિ માનજો ! શક્તિ એ આપજો ! ભાવ સ્યાદ્વાદના શુદ્ધ ભાસે..." ॥૪૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અન્યદર્શનોમાં સ્યાદ્વાદ

ગાથા-૪૫ થી ૫૨

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકોમાં પુરવાર કર્યું તેમ અનેકાન્તવાદનો સિદ્ધાન્ત જગતની વ્યવસ્થા ઘટાવવામાં કે જીવન જીવવામાં અતિ ઉપકારક છે, તોપણ અન્ય દર્શનકારો અનેકાન્તવાદના સિદ્ધાન્તને સીધી રીતે સ્વીકારતા નથી. આમ છતાં તેઓને પણ પોતાના સિદ્ધાન્તોને કે પદાર્થોને સિદ્ધ કરવા કેવી કેવી રીતે અનેકાન્તનો સ્વીકાર કરવો પડે છે તે ગ્રંથકારશ્રી હવેના શ્લોકોમાં જણાવે છે-

**શ્લોક :**

इच्छन्[६] प्रधानं[५] सत्त्वाद्यै[१]र्विरुद्धै[२]र्गुम्फितं[४] गुणैः[३] ।
साङ्ख्यः[९] सङ्ख्यावतां[७] मुख्यो[८], [१२]नानेकान्तं[१०] प्रतिक्षिपेत्[११] ॥४५॥

**શબ્દાર્થ :**

૧/૨/૩. सत्त्वाद्यैः विरुद्धैः गुणैः- સત્ત્વ આદિ વિરુદ્ધ એવા ગુણોથી ૪/૫. गुम्फितं प्रधानं - યુક્ત એવા પ્રધાનને ૬. इच्छन् - માનતો ૭/૮. सङ्ख्यावतां मुख्यः - બુદ્ધિમાનોમાં મુખ્ય એવો ૯. साङ्ख्यः - સાંખ્ય ૧૦. अनेकान्तं - અનેકાન્તનો ૧૧/૧૨. प्रतिक्षिपेत् न - પ્રતિક્ષેપ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**'પ્રધાન' નામનો પદાર્થ સત્ત્વ, તમસ્ અને રજસ્ એવા ત્રણ વિરુદ્ધ ધર્મોથી યુક્ત છે' - એવું માનતો બુદ્ધિમાનોમાં મુખ્ય એવો સાંખ્ય મત અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે.**

**ભાવાર્થ :**

બુદ્ધિમાનોમાં મુખ્ય ગણાતા સાંખ્યો, પુરુષ અને પ્રકૃતિ એમ મુખ્ય બે તત્ત્વો માને છે; તેમાં પ્રકૃતિને તેઓ પરસ્પર વિરોધી એવા સત્ત્વ-રજસ્-તમસ્-એ ત્રણ ગુણોથી યુક્ત માને છે. આ રીતે એક જ પ્રકૃતિને અનેક ધર્મોથી યુક્ત માનતા તેઓ અનેકાન્તનું ખંડન કેવી રીતે કરી શકે ? કેમકે તેઓ જો અનેકાન્તને ન માને તો એક જ પ્રકૃતિને પરસ્પર વિરોધી એવા અનેક સ્વરૂપવાળી ન માની શકે.

**વિશેષાર્થ :**

સંખ્યા શબ્દનો અર્થ છે, સમ્યગ્જ્ઞાન (સં=સમ્યગ્+ખ્યા=જ્ઞાન) અને સંખ્યા જેમાં પ્રધાન છે તેને સાંખ્ય કહેવાય છે. સાંખ્યદર્શન[1] એક અતિ પ્રાચીન દર્શન મનાય છે, તેના પ્રણેતા કપિલમુનિ છે. નિરીશ્વરવાદી આ દર્શન મુખ્યરૂપે બે તત્ત્વોને માને છે.

1. संख्या प्रकुवर्ते चैव प्रकृतिं च प्रचक्षते तत्त्वानि च चतुर्विंशतिः तेन सांख्या प्रकीर्तिताः । સાંખ્યદર્શનની સંક્ષિપ્ત માહિતિ પરિશિષ્ટ-૪માં આપેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) પુરુષ અને (૨) પ્રકૃતિ. પુરુષ એટલે આત્મા અને પ્રકૃતિ એટલે જડ તત્ત્વ.

પુરુષ અને પ્રકૃતિ બન્ને ભિન્ન છે, છતાં મોહના કારણે પુરુષને એટલે કે જીવને એવો ભ્રમ થાય છે કે આ બન્ને એક જ છે, જુદા નથી. પુરુષ અને પ્રકૃતિ અભિન્ન છે-ભિન્ન નથી, એવું જ્ઞાન એ અન્યતાખ્યાતિ સ્વરૂપ છે. આવા જ્ઞાનના કારણે આખા સંસારનું સર્જન થાય છે. તે સર્જાયેલા સંસારનું વિસર્જન કરવા ભેદજ્ઞાન થવું અતિ જરૂરી છે. 'પ્રકૃતિ અને પુરુષ ભિન્ન છે' તેવા જ્ઞાનને 'ભેદજ્ઞાન' કહેવાય છે. તે પ્રાપ્ત થતાં 'અન્યતાખ્યાતિ'નો અંત થાય છે. આ ભેદજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન સાંખ્ય દર્શનનું મુખ્ય અંગ છે. આથી જ તેનું સાન્વર્થ એવું નામ સાંખ્ય કહેવાય.

સાંખ્યના મતે પુરુષ અનેક છે પણ પ્રકૃતિ સત્ત્વ, રજસ્ અને તમસ્ - એ ત્રણ ગુણોના સમુદાયસ્વરૂપ એક છે. અને એક હોવા છતાં તે પ્રકૃતિ, પ્રતિપુરુષ ભિન્ન ભાસે છે.

**સત્ત્વનો** સ્વભાવ જ્ઞાન-પ્રકાશ-આનંદ છે. તે લઘુ અને ઉજ્જવલ છે અને પદાર્થનો વાસ્તવિક બોધ કરાવવામાં સહાયક બને છે. ઉચિત પ્રવૃત્તિ, તપ, ત્યાગ, ઔદાર્ય, કે ક્ષમાદિ ગુણોની પ્રાપ્તિ સત્ત્વથી જ થાય છે, તે સુખકારી અને પ્રીતિદાયક છે.

**રજસ્નો** સ્વભાવ કોઈપણ પદાર્થ પ્રત્યે રંગાવાનો છે અને તેના કારણે દુઃખી થવાનો છે, તે ગતિમાન છે અને મનની ચંચળતાનું કારણ છે. આ ગુણને કારણે જીવો ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે અને દુઃખી થાય છે. આ ગુણ જ નિષ્ક્રિય એવા સત્ત્વ અને તમોગુણને તેમના કાર્યોમાં ટેકો આપે છે.

**તમસ્નો** સ્વભાવ અજ્ઞાન, અવરોધ અને મોહ છે, તે ગુરુ એટલે કે ભારે છે અને કાળો છે, તે પદાર્થનો વાસ્તવિક બોધ કરાવનારી વિચારસરણીને કુંઠિત કરે છે અને શુભ વિચારોનો અવરોધ કરે છે. અજ્ઞાન, અધીરાઈ, ઉકળાટ, નિદ્રા, દ્વેષ, ક્રોધના આવેશો વગેરે દોષોનું કારણ તમસ્ ગુણ છે.

આમ, સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણે વિરોધી ધર્મો છે, છતાં સાંખ્ય- દર્શનકારો માને છે કે પ્રકૃતિ તે ત્રણેથી યુક્ત છે. આમ તો સાંખ્યદર્શનકારોને અનેકાન્તવાદ માન્ય નથી, છતાં આ રીતે પ્રકૃતિને એક અને અનેક એમ બે વિરોધીધર્મવાળી માનતાં, તેઓ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ તેમનાથી અનેકાન્તનો સ્વીકાર થઈ જાય છે.

વળી, આ ત્રણે ભાવો વિરોધી હોવાથી મુખ્યરૂપે ત્રણે સાથે રહી શકતા નથી. ત્રણમાંથી એક મુખ્ય (પ્રગટ) હોય તો બાકીના બે ગૌણ (અપ્રગટ) હોય. આમ મુખ્યરૂપે તેઓ વિરોધી છે પણ ગૌણરૂપે તેઓ સાથે રહી શકે છે માટે વિરોધી નથી, તેથી અપેક્ષાએ વિરોધ છે તો અપેક્ષાએ વિરોધ નથી. આ રીતે પણ સાંખ્યના મતે અનેકાન્તનો સ્વીકાર થઈ જાય છે, તેથી તેઓ અનેકાન્તનું ખંડન કેવી રીતે કરે ?

સાંખ્યને જ્યારે એક સ્થાનમાં આ રીતે અનેકાન્ત સ્વીકાર્ય બને છે. ત્યારે સ્પષ્ટ છે કે તે અનેકાન્ત અસંગત છે એવું તો ન જ કહી શકે, અને જ્યારે તેના મતે એક સ્થાનમાં અનેકાન્ત સિદ્ધ થઈ જાય તો અન્યત્ર અનેકાન્તનો સ્વીકાર કરવામાં કોઈ દોષ નથી એવું સિદ્ધ કરી શકાય. વાસ્તવમાં તેઓને પોતાના સિદ્ધાંતોના નિર્વાહ માટે અનેકાન્તવાદની જરૂર પડે જ છે; પણ માત્ર અનેકાન્તના નામથી જ વિરોધ છે. ॥૪૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

બૌદ્ધ મત પણ કેવી રીતે અનેકાન્તને અપનાવે છે તે જણાવે છે-

**શ્લોક :**

विज्ञानस्यैकमाकारं नानाकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो नानेकान्तं प्रतिक्षिपेत् ॥४६॥

**શબ્દાર્થ :**

૧.विज्ञानस्य - વિજ્ઞાનના ૨. नानाकारकरम्बितम्[1]- વિવિધ આકારથી યુક્ત એવા ૩. एकम् आकारं - એક આકારને ૪. इच्छन् - સ્વીકારતા ૫/૬. प्राज्ञः तथागतः - પ્રાજ્ઞ એવા તથાગત બૌદ્ધ ૭. अनेकान्तं - અનેકાન્તનો ૮/૯. न प्रतિक્ષिपेत् - નિષેધ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**'વિજ્ઞાનનો એક આકાર[2] વિવિધ આકારોથી યુક્ત છે' - એવું માનતા બુદ્ધિશાળી બૌદ્ધ અનેકાન્તનો નિષેધ ન કરી શકે.**

**ભાવાર્થ :**

બૌદ્ધ દર્શન એવું માને છે કે જગતમાં જ્ઞાન સિવાય બીજો કોઈ પદાર્થ જ નથી. જ્યારે કોઈ અનેક રંગો ધરાવતાં વસ્ત્રનું જ્ઞાન થાય છે ત્યારે જ્ઞાન તો એક જ છે. પરંતુ તે જ્ઞાન ગ્રાહક પણ છે અને ગ્રાહ્ય પણ છે. ગ્રાહક તરીકે તે એક છે અને ગ્રાહ્ય તરીકે તે અનેક છે, કેમકે વસ્ત્ર જેવી કોઈ વસ્તુ જ ન હોવાને કારણે જે વિવિધ રંગોના આકારવાળું જ્ઞાન થાય છે તે વાસ્તવમાં અનેકવિધ ગ્રાહ્ય જ્ઞાન છે. આ રીતે જ્ઞાનને એકરૂપ અને અનેકરૂપ સ્વીકારનાર બૌદ્ધ મત અનેકાન્તનો નિષેધ કઈ રીતે કરી શકે ?

**વિશેષાર્થ :**

બૌદ્ધદર્શનના આદ્ય પ્રણેતા ગૌતમબુદ્ધ છે. તેઓનું એવું માનવું છે કે 'જગતના દરેક પદાર્થોનું અસ્તિત્વ માત્ર એક ક્ષણ પૂરતું હોય છે'- માટે સર્વ પદાર્થો ક્ષણિક છે, ક્ષણિકવાદ એ તેમનો મૂળભૂત સિદ્ધાંત છે.

સામાન્ય લોકો જેને ચૈતન્ય કહે છે, તેને બૌદ્ધ 'વિજ્ઞાન' કહે છે. વિચારોના ભેદને કારણે સમયના વહેણમાં બૌદ્ધ દર્શન ચાર વિભાગમાં વહેંચાઈ ગયું છે;

૧. વૈભાષિક ૨. સૌત્રાંતિક ૩. યોગાચાર ૪. માધ્યમિક

આ ચારે ભેદોમાં મૂળભૂત સિદ્ધાંતો સંબંધી વિસંવાદ નથી, છતાં પણ બાહ્ય રીતે દેખાતો સંસાર અને મોક્ષ આ બન્નેના સ્વરૂપમાં આ ચારે શાખાઓ વચ્ચે ઘણા મોટા મતભેદો છે.[3]

1. नानाकारकरम्बितम् = चित्रपटाद्यनेकाकारमिश्रितम् - स्याद्वादरहस्ये ।।
2. આકાર એટલે પુદ્‌ગલના સમૂહરૂપ પદાર્થ. આ બૌદ્ધનો પારિભાષિક શબ્દ છે.
3. બૌદ્ધના ચાર ભેદો વિષયક જાણકારી જૈન-અજૈન દાર્શનિક ગ્રંથોમાંથી મેળવી શકાય, તેની ટૂંકી સમજ પાછળ પરિશિષ્ટ-૫માં આપેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ચાર ભેદોમાં જે યોગાચાર નામનો ભેદ છે તે જ્ઞાનાદ્વૈતવાદી છે. આ સંપ્રદાય વિજ્ઞાનવાદને સ્વીકારે છે. તેઓ એમ માને છે કે જગતમાં જ્ઞાન સિવાય બીજો કોઈ બાહ્ય પદાર્થ જ નથી. આમ છતાં બાહ્ય વિષયોનું જ્ઞાન તો થાય છે. તો પછી વિષય વિના તેનું જ્ઞાન કેવી રીતે થાય ? તેથી તેઓ કહે છે કે, બાહ્ય પદાર્થો તરીકે લોકો જેનો અનુભવ કરે છે, જેને જુએ છે તે માત્ર વાસનાને કારણે તેમને થયેલું જ્ઞાન જ છે, તેથી તેમના મતે બાહ્ય પદાર્થો અસ્તિત્વ ધરાવતા જ નથી માત્ર તે પદાર્થોનું વિજ્ઞાન છે.

જેના વડે વસ્તુનો બોધ થાય તેને ગ્રાહક (ગ્રહણ કરનાર) કહેવાય અને જેનો બોધ કરાય તેને ગ્રાહ્ય (ગ્રહણ કરવા યોગ્ય) કહેવાય, તેથી સામાન્યથી જ્ઞાનને ગ્રાહક કહેવાય અને ઘટ-પટ આદિ બાહ્ય પદાર્થો ગ્રાહ્ય કહેવાય, પરંતુ જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધના મતે બાહ્ય પદાર્થો ન હોવાને કારણે ઘટ-પટ આદિરૂપે જે ભાસે છે તે ગ્રાહ્ય જ્ઞાન છે અને જ્ઞાન પોતે જ તેનો ગ્રાહક છે એટલે જ્ઞાન જ જ્ઞાનનો ગ્રહણ કરનાર છે. જ્યારે ચિત્રપટ એટલે અનેક રંગોવાળા વસ્ત્રનું જ્ઞાન થાય છે ત્યારે ગ્રાહકરૂપે તે જ્ઞાન એક જ છે અને ગ્રાહ્યરૂપે જુદા જુદા રંગ વગેરે રૂપે થતું જ્ઞાન અનેક સ્વરૂપવાળું પણ છે. આ રીતે ગ્રાહકરૂપે એક અને ગ્રાહ્યરૂપે અનેક એવા જ્ઞાનને સ્વીકારતો બૌદ્ધ અનેકાન્તનો નિષેધ કેવી રીતે કરી શકે ? આના ઉપરથી સ્યાદ્વાદ સિદ્ધાંત કેટલો વ્યાપક છે તે સમજી શકાય છે. ॥૪૬॥

**અવતરણિકા :**

નૈયાયિક આદિ અનેકાન્તનો કેવી રીતે સ્વીકાર કરે છે, તે જણાવે છે-

**શ્લોક :**

**चित्रमे[२]कम[१]नेकं[३] च[४], रूपं[५] प्रामाणिकं[६] वदन्[७] ।**
**योगो[८] वैशेषिको[९] वापि[१०], ना[१२]नेकान्तं[११] प्रतिक्षिपेत्[१३] ॥४७॥**

**શબ્દાર્થ :**

૧/૨. एकम् चित्रम् - એક ચિત્રરૂપને (કાબરચીતરા રૂપને) ૩/૪/૫. अनेकम् च रूपम् - અને અનેક રૂપને ૬. प्रामाणिकं - પ્રામાણિક ૭. वदन् - કહેતા ૮/૯/૧૦. योगः वैशेषिकः वापि - યોગ કે વૈશેષિક પણ ૧૧. अनेकान्तं - અનેકાન્તનો ૧૨/૧૩. न प्रतिक्षिपेत् - પ્રતિક્ષેપ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**એક ચિત્રરૂપને અને (તેમાં રહેલા) અનેક રૂપને પ્રામાણિક કહેતા યોગ (ન્યાય) કે વૈશેષિક દર્શન પણ અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે.**

**ભાવાર્થ :**

યોગ અને વૈશેષિક દર્શનો એવું માને છે કે એક જ ધર્મીમાં સંપૂર્ણપણે ફેલાયેલું (વ્યાપ્યવૃત્તિ) એક ચિત્રરૂપ હોય છે અને તે એક ચિત્રરૂપ, ધર્મીના અમુક ભાગમાં જ રહેલ અનેક રૂપોથી યુક્ત હોય છે. આ રીતે એક જ વસ્તુમાં એક ચિત્રરૂપ અને અનેક રૂપને પ્રામાણિક કહેનારા નૈયાયિકો અનેકાન્તનું ખંડન કેવી રીતે કરી શકે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

વૈશેષિક દર્શનના રચયિતા કણાદ મુનિ છે અને યોગ એટલે કે નૈયાયિકમતના પ્રણેતા ગૌતમ મુનિ-અક્ષપાદ છે. વૈશેષિકદર્શન અને ન્યાયદર્શનમાં બહુ જ ઓછો તફાવત છે. પ્રાચીન ન્યાય સોળ પદાર્થો માને છે જ્યારે નવ્ય ન્યાય તે સોળે પદાર્થોને વૈશેષિક મતમાં બતાવેલા સાત પદાર્થોમાં સમાવી લે છે. જે આ પ્રમાણે છે : દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ-સમવાય અને અભાવ.

નૈયાયિક અને વૈશેષિકોના મતે 'રૂપ' એ દ્રવ્યમાં રહેનારા પચ્ચીસ ગુણોમાંનો એક ગુણ છે. સામાન્ય ભાષામાં જેને રંગ કહેવાય તેને નૈયાયિકો રૂપ કહે છે. તેમના ગ્રંથમાં શ્વેત વગેરે છ વર્ણો(રંગો)નું વર્ણન કરી, તેઓ 'ચિત્રરૂપ' નામના સાતમાં રૂપનું પણ નિરૂપણ કરે છે.

'ચિત્ર' એટલે કાબરચીતરું. અનેક રંગોના સમૂહને ચિત્રરંગ અથવા ચિત્રરૂપ કહેવાય. આ ચિત્રરૂપ પણ એક સ્વતંત્ર રંગ/રૂપ છે, એવું તેઓનું માનવું છે, તેથી ચિત્રરૂપ સ્વયં એકરૂપ છે અને તે અનેકરૂપોનું બનેલું છે. આમ તેઓ આ કાબર-ચીતરા રૂપને એટલે કે ચિત્રરૂપને એકરૂપ પણ કહે છે અને અનેકરૂપ પણ કહે છે.

આમ તો નૈયાયિક રૂપને (રંગને) વ્યાપ્યવૃત્તિ ગુણ માને છે. હવે જો તે પીળા, લાલ, કાળા આદિ અનેક રૂપો (રંગો) વાળા કોઈ પદાર્થમાં અનેક રૂપો સ્વીકારે તો રૂપ વ્યાપ્યવૃત્તિ ન રહે તેથી રૂપની વ્યાપ્યવૃત્તિતાને ટકાવી રાખવા માટે તેમને એક ચિત્રરૂપની કલ્પના કરી છે. આ ચિત્રરૂપ એક છે અને વ્યાપ્યવૃત્તિ છે એવું તેઓ માને છે પણ તે ચિત્રરૂપ અનેક રૂપોનો સમુદાય છે[1]; એવું પણ તેઓ માને છે.

જેમકે કોઈ વિવિધ રંગોવાળુ વસ્ત્ર હોય તો તેને ચિત્રરૂપવાળું વસ્ત્ર કહેવાય. સંસ્કૃતમાં આવા વસ્ત્ર માટે 'ચિત્રપટ' એવો શબ્દ વપરાય છે. આવા વિવિધ રંગોવાળા વસ્ત્રમાં એટલે ચિત્રપટમાં વ્યાપ્યવૃત્તિ (સંપૂર્ણ પટમાં / વસ્ત્રમાં ફેલાયેલું) એક ચિત્રરૂપ પણ હોય છે અને અવ્યાપ્યવૃત્તિ (પટ/વસ્ત્રના અમુક ભાગમાં રહેલ) અનેક વિરુદ્ધ વિવિધરૂપો પણ હોય છે. જે આખાં વસ્ત્રમાં સર્વત્ર વ્યાપીને રહેતું એક ચિત્રરૂપ છે તે અનેક રંગોથી બનેલું છે. જ્યારે તે જ અનેક રંગોમાં અવાંતર અનેક રૂપો હોય છે. આ રીતે ચિત્રરૂપને એક-અનેક સ્વીકારવાથી યોગ-વૈશેષિકો પણ આડકતરી રીતે તો અનેકાન્તને સ્વીકારે જ છે. તો પછી એ અનેકાન્તનું ખંડન શી રીતે કરી શકે ?

આ રીતે એક જ ચિત્રપટમાં રૂપની અપેક્ષાએ એક ચિત્રરૂપ પણ છે અને અનેક પણ છે અર્થાત્ ચિત્રપટના રૂપમાં એકત્વ અને અનેકત્વ એમ બે વિરોધી ધર્મો એકીસાથે રહે છે. ॥૪૭॥




1. अनेकविरुद्धनानारूपसमुदायः = चित्ररूपम् - निलकण्ठ्याम् ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

મીમાંસકો કેમ અનેકાન્તને નકારી ન શકે તે હવેના બે શ્લોકમાં જણાવે છે-

**શ્લોક :**

प्रत्यक्षं[२] मितिमात्रंशे[१], मेयांशे[३] तद्विलक्षणम्[४] ।
गुरुर्ज्ञानं[६] वदन्नेकं[५], नानेकान्तं[९] प्रतिक्षिपेत्[११] ॥४८॥

**શબ્દાર્થ :**

૧. मितिमात्रंशे - મિતિ=અનુમિતિ અને માતૃ=અનુમાન કરનાર વ્યક્તિના અંશમાં ૨. प्रत्यक्षं - પ્રત્યક્ષ ૩. मेयांशे - (અને) મેય = અનુમેય વિષયના અંશમાં ૪. तद्विलक्षणम् - તેનાથી વિલક્ષણ = પરોક્ષ એવા ૫/૬. एकं ज्ञानं - એક જ્ઞાનને ૭/૮. वदन् गुरुः - કહેતા ગુરુ = મીમાંસક મતના એક અનુયાયી શ્રી પ્રભાકર ૯. अनेकान्तं - અનેકાન્તનો ૧૦/૧૧. न प्रतिक्षिपेत् - પ્રતિક્ષેપ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**'એક જ જ્ઞાન, અનુમિતિ અને અનુમાતાના અંશમાં પ્રત્યક્ષ છે અને અનુમેયના અંશમાં તેનાથી વિલક્ષણ = પરોક્ષ છે' એવું કહેતા 'ગુરુ' (પ્રભાકર-મીમાંસક મતના એક વિભાગના પુરસ્કર્તા) અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે.**

**ભાવાર્થ :**

મીમાંસક મતના એક વિભાગના પુરસ્કર્તા પ્રભાકર 'ગુરુ' તરીકે ઓળખાય છે. તેઓ એમ માને છે કે જ્ઞાનના ત્રણ અંશો હોય છે : અનુમિતિ (પ્રમા), અનુમાતા (અનુમાન કરનાર વ્યક્તિ) અને અનુમેય (અનુમાન કરવા યોગ્ય વસ્તુ = અનુમાનનો વિષય). આ ત્રણમાંથી અનુમિતિ અને અનુમાતા પ્રત્યક્ષ હોય છે અને અનુમેય પરોક્ષ હોય છે. એક જ જ્ઞાનમાં પ્રત્યક્ષતા અને પરોક્ષતા રૂપ બે ધર્મો સ્વીકારનાર 'ગુરુ' દ્વારા અનાયાસે સ્યાદ્વાદનો સ્વીકાર થઈ જાય છે.

**વિશેષાર્થ :**

મીમાંસા દર્શનના પ્રણેતા જૈમિનિ ઋષિ છે. તેઓ 'વેદ'ને નિત્ય અને અપૌરુષેય માને છે. વેદવિહિત 'કર્મો'ને તેઓ ધર્મ માને છે. વેદ વાક્યોનું અર્થઘટન કેવી રીતે કરવું અને કર્મકાંડની વ્યવસ્થા કરવી એ મીમાંસકોનું પ્રયોજન છે. જૈમિનિ ઋષિના સૂત્રો તેમનું મુખ્ય શાસ્ત્ર છે. ભિન્ન ભિન્ન વિચારસરણીને કારણે મીમાંસાના ત્રણ મત પડે છે.

(૧) ગુરુમત, જેના પ્રવર્તક પ્રભાકરમિશ્ર છે.

(૨) ભાટ્ટમત, જેના પ્રવર્તક કુમારિલભટ્ટ છે.

(૩) મિશ્રમત, જેના પ્રવર્તક મુરારિમિશ્ર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેકાન્ત કેટલો વ્યાપક છે તે બતાવતાં ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં પ્રભાકરમિશ્ર કેવી રીતે અનેકાન્તને સ્વીકારે છે તે જણાવે છે અને શ્લોક-૪૯માં મીમાંસકના અન્ય બે મતો દ્વારા અનેકાન્ત કેવી રીતે અપનાવાય છે તે જણાવશે.

પ્રભાકરના મતમાં જ્ઞાન 'સ્વપ્રકાશક' છે. જ્ઞાનનું સ્વતઃ જ સંવેદન થતું હોવાને કારણે, **જ્ઞાન** પોતાના અંશમાં હંમેશા પ્રત્યક્ષ જ હોય છે. તેવી જ રીતે જ્ઞાન કરનાર વ્યક્તિ પોતે જ હોવાને કારણે, **જ્ઞાતા** પણ પ્રત્યક્ષ હોય છે. આમ છતાં જ્ઞાનનો જે વિષય, એટલે કે **જ્ઞેય,** ક્યારેક પ્રત્યક્ષ હોય છે અને ક્યારેક પરોક્ષ પણ હોય છે. જેમ કે જ્યારે 'હું ઘટને જાણું છું' (घटमहं जानामि) એવું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાન, જ્ઞાતા ઇં હું અને જ્ઞેય = ઘટ, ત્રણે પ્રત્યક્ષ હોય છે. તેથી જ્ઞાનના ત્રણે અંશો (જ્ઞાનત્વ, જ્ઞાતૃત્વ અને જ્ઞેયત્વ) પ્રત્યક્ષ છે એમ કહી શકાય. આ રીતે ત્રણે પ્રત્યક્ષ હોવાથી પ્રભાકરને ત્રિપુટી પ્રત્યક્ષવાદી પણ કહેવાય છે.

પ્રત્યક્ષ જ્ઞાનના ત્રણે અંશોમાં પ્રત્યક્ષતા ઘટી શકે છે; પરંતુ જ્યારે અનુમિતિ થાય છે ત્યારે આવું ત્રિપુટી પ્રત્યક્ષ સંભવી શકતું નથી. જેમકે 'હું અગ્નિનું અનુમાન કરું છું' (वह्निमनुमिनोमि) એવું જ્ઞાન કોઈ કરે ત્યારે આ જ્ઞાન અને અનુમાન કરનાર વ્યક્તિ તો પ્રત્યક્ષ છે પરંતુ અનુમેય એવો અગ્નિ પ્રત્યક્ષ નથી પરોક્ષ છે, તેથી પ્રભાકરના મતમાં 'अहं वह्निं अनुमिनोमि' સ્વરૂપ જ્ઞાનમાં अहं શબ્દથી અનુમાતા અને अनुमिनोमि શબ્દથી અનુમાનરૂપ જ્ઞાન પ્રત્યક્ષ છે અને वह्नि પરોક્ષ છે. આ રીતે એક જ જ્ઞાનને અવચ્છેદકના ભેદથી પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે વિરોધી ધર્મોરૂપે સ્વીકાર કરનાર પ્રભાકર અનેકાન્તવાદનો નિષેધ શી રીતે કરી શકે ? ॥૪૮॥

**શ્લોક :**

जातिव्यक्त्यात्मकं[२] वस्तु[३], वदन्ननुभवोचितम्[१] ।
भट्टो[५] वाऽपि[६] मुरारिर्वा[७], नानेकान्तं[८] प्रतिक्षिपेत्[१०] ॥४९॥

**શબ્દાર્થ :**

૧. अनुभवोचितम् - અનુભવને ઉચિત ૨/૩. जातिव्यक्त्यात्मकं वस्तु - વસ્તુને જાતિ સ્વરૂપ અને વ્યક્તિ સ્વરૂપ ૪. वदन् - કહેતો ૫/૬/૭. भट्टो वाऽपि मुरारिर्वा - ભટ્ટ કે મુરારિ પણ ૮. अनेकान्तं - અનેકાન્તનો ૯/૧૦. न प्रतिक्षिपेत् - પ્રતિક્ષેપ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**વસ્તુ જાતિ અને વ્યક્તિ એમ ઉભય સ્વરૂપ છે એમ અનુભવને અનુસરે તેવી વાત કરનારા મીમાંસકો કુમારિલ ભટ્ટ કે મુરારિ મિશ્ર અનેકાન્તવાદનો પ્રતિક્ષેપ ન કરી શકે.**

**વિશેષાર્થ :**

લોકનો અનુભવ છે કે જ્યારે પણ ઇન્દ્રિયોનો પદાર્થ સાથે સંબંધ થાય છે ત્યારે તેનો સામાન્યથી પણ બોધ થાય છે અને વિશેષથી પણ બોધ થાય છે. 'આ ઘડો છે' - એવો સામાન્યથી જેમ બોધ થાય છે, તેમ 'આ લાલ છે, કાળો છે, માટીનો છે, સોનાનો છે' વગેરે તેના સંબંધી વિશેષ બોધ પણ થાય છે. સામાન્ય બોધ એ વસ્તુનો જાતિસ્વરૂપે અનુભવ કરાવે છે દા.ત આ ભેંસ છે અને વિશેષ બોધ વસ્તુનો વ્યક્તિસ્વરૂપે અનુભવ કરાવે છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દા.ત આ મોહનભાઈની ગીરની ભેંસ છે વગેરે. આ અનુભવોને આધારે મીમાંસક, ભટ્ટ અને મુરારિ માને છે કે - 'વસ્તુ જાતિ અને વ્યક્તિ ઉભયસ્વરૂપ છે.' જાતિ એટલે સામાન્ય, સમાનાકારકતા અથવા જેના કારણે અનેક જુદી જુદી અવસ્થાઓમાં જે અનુગત એક દ્રવ્યની પ્રતીતિ થાય છે તે જાતિ છે અને વ્યક્તિ એટલે વિશેષ. પદાર્થના રંગ, રૂપ, આકાર આદિના કારણે પદાર્થ વિશેષ બને છે.

આ રીતે મીમાંસક એમ માને છે કે, દરેક ઘટ, ઘટત્વજાતિરૂપ સામાન્ય રૂપે પણ છે અને અન્ય પદાર્થો કરતાં જુદી જ વ્યક્તિરૂપે વિશેષરૂપે પણ છે. નૈયાયિકની જેમ તે ઘટરૂપ વ્યક્તિ અને ઘટત્વજાતિને જુદી માનતો નથી[1]. એક જ પદાર્થને આ રીતે ઉભયસ્વરૂપ માનનાર મીમાંસક માને કે ન માને તેણે અનેકાન્તનો સ્વીકાર તો કરી જ લીધો છે, તેથી તે અનેકાન્તનો વિરોધ કેવી રીતે કરી શકે ? ॥૪૯॥

**અવતરણિકા :**

પૂર્વ મીમાંસકો પણ અનેકાન્તના સિદ્ધાંતને સ્વીકારે છે એવું પુરવાર કરી, હવે ઉત્તરમીમાંસકો (વેદાંતીઓ) પણ અનેકાન્ત માને છે; એવું જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

**अबद्धं[३] परमार्थेन,[२] बद्धं[६] च[५] व्यवहारतः[४] ।**
**ब्रुवाणो[७] ब्रह्म[१] वेदान्ती,[८] नानेकान्तं[९] प्रतिक्षिपेत्[११] ॥५०॥**

**શબ્દાર્થ :**

૧. ब्रह्म - બ્રહ્મ = આત્મા ૨/૩. परमार्थेन अबद्धं - પરમાર્થથી બંધાયેલ નથી. ૪/૫/૬. व्यवहारतः च बद्धं - અને વ્યવહારથી બંધાયેલ છે એવું ૭/૮. ब्रुवाणः वेदान्ती - બોલતો વેદાન્તી ૯. अनेकान्तं - અનેકાન્તનો ૧૦/૧૧. न प्रतिक्षिपेत् - પ્રતિક્ષેપ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**'બ્રહ્મ એટલે કે આત્મા પરમાર્થથી બંધાયેલ નથી અને વ્યવહારથી બંધાયેલ છે' - આવું બોલનાર વેદાન્તી અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે.**

**ભાવાર્થ :**

પરમાર્થથી (વાસ્તવિક રીતે) આત્મા બંધન વગરનો છે અને વ્યવહારથી તે બંધનવાળો છે એવું પ્રતિપાદન કરનાર વેદાન્તી અનેકાન્તનો નિષેધ ન કરી શકે.

**વિશેષાર્થ :**

'વેદાન્ત' એટલે વેદનો અંતિમભાગ. વેદના પૂર્વભાગમાં યજ્ઞાદિ કર્મોના મંત્રો છે અને ઉત્તરભાગમાં આત્મજ્ઞાનના મંત્રો છે, જેને ઉપનિષદ્ કહેવાય છે. ઉપનિષદ્નાં વાક્યોની એકવાક્યતા સ્થાપવા માટે રચાયેલ

1. નૈયાયિકો ધર્મ-ધર્મીને એકાન્તે ભિન્ન માને છે, જ્યારે મીમાંસકો ધર્મ-ધર્મીને એકાન્તે અભિન્ન માને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધાન્તોને 'વેદાન્તદર્શન' કહેવાય છે. બાદરાયણ ઋષિનાં 'બ્રહ્મસૂત્રો' વેદાન્તનો મૂળ આધાર છે, તેને ઉત્તરમીમાંસા પણ કહેવાય છે.

વેદાન્તી આત્માને બ્રહ્મસ્વરૂપ માને છે. તેઓનું માનવું છે કે, જગતમાં બ્રહ્મ સિવાય બીજા કોઈ પદાર્થો નથી - 'ब्रह्म सत्यं जगन्मिथ्या' - તેથી તેઓને 'ब्रह्माद्वैतवादी' પણ કહેવાય છે.

વેદાન્તીના મતે વાસ્તવમાં બ્રહ્મ જ સત્ય છે અને તે સિવાય જગત છે જ નહીં, છતાં દરેક વ્યક્તિને ઝાડ, પાન, પશુ, ઘર વગેરે રૂપ જે સૃષ્ટિ દેખાય છે, તે અજ્ઞાનના કારણે દેખાય છે. આ અજ્ઞાનને જ વેદાન્તીઓ 'અવિદ્યા' કે 'માયા' તરીકે ઓળખાવે છે. વળી, તેઓનું માનવું છે કે, પરમાર્થથી આત્મા અવિદ્યા સાથે સંકળાયેલ નથી પણ વ્યવહારથી આત્મા અવિદ્યા સાથે સંકળાયેલ પણ છે. જેમ નિર્મલ એવું પણ સ્ફટિક પાસે રહેલા લાલ કપડાના કારણે લાલ ભાસે છે, પણ વાસ્તવિકતાએ તે લાલ હોતું નથી, તેમ પરમાર્થથી અલિપ્ત એવો પણ આત્મા વ્યવહારથી અવિદ્યાથી સંકળાયેલ પ્રતીત થાય છે. આ રીતે વેદાન્તીઓ આત્માને પરમાર્થથી નિત્ય મુક્ત માને છે અને વ્યવહારથી બંધાયેલ માને છે. વળી, વ્યવહારથી જ બંધાયેલા આત્માને મુક્ત કરવા અજ્ઞાનને ટાળી મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપદેશ પણ આપે છે.

આ રીતે અનેકાન્તનો જ આશ્રય કરીને આત્માને બદ્ધ અને અબદ્ધ માનનાર અર્થાત્ એક જ આત્મામાં મુક્તત્વ અને બદ્ધત્વ એમ બે વિરોધી ધર્મનો સ્વીકાર કરનાર વેદાન્તી અનેકાન્તવાદનું ખંડન કેવી રીતે કરી શકે ? ||૫૦||

**અવતરણિકા :**

વેદોમાં પણ અનેકાન્ત વણાયેલો છે તે જણાવે છે-

**શ્લોક :**

**ब्रुवाणा[३] भिन्नभिन्नार्थान्[२], नयभेदव्यपेक्षया[१] ।**
**प्रतिक्षिपेयुर्नो[७] वेदाः[४], स्याद्वादं[६] सार्वतान्त्रिकम्[५] ॥५१॥**

**શબ્દાર્થ :**

૧. नयभेदव्यपेक्षया - નયભેદની અપેક્ષાથી ૨. भिन्नभिन्नार्थान् - ભિન્ન ભિન્ન અર્થોને ૩. ब्रुवाणाः - કહેનારા ૪. वेदाः - વેદો ૫. सार्वतान्त्रिकम् - સર્વ શાસ્ત્રોમાં વ્યાપક એવા ૬. स्याद्वादं - સ્યાદ્વાદનો ૭ न प्रतिक्षिपेयुः - પ્રતિક્ષેપ ન કરી શકે.

**શ્લોકાર્થ :**

**જુદા જુદા નયની અપેક્ષાથી જુદા જુદા અર્થોને કહેનારા વેદો સાર્વતાન્ત્રિક - સર્વ શાસ્ત્રોમાં વ્યાપક - એવા સ્યાદ્વાદનો પ્રતિક્ષેપ ન કરી શકે.**

**ભાવાર્થ :**

'નય' અને 'પ્રમાણ' - આ બન્ને જૈન દર્શનના મૌલિક શબ્દો છે, તેથી વેદો શબ્દથી નય અને પ્રમાણને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનતા નથી. આમ છતાં વેદોને પણ અર્થથી તો નય અને પ્રમાણ માન્ય કરવા જ પડ્યા છે, કેમકે તેઓ પણ જુદી જુદી અપેક્ષાથી જુદા જુદા અર્થને કહે છે, તેથી અલગ અલગ નય ઉપર ચાલનારા સર્વ દર્શનકારો જેમ સ્યાદ્-વાદનો વિરોધ નથી કરી શકતા તેમ વેદો પણ સ્યાદ્વાદનો વિરોધ કરી શકતા નથી.

**વિશેષાર્થ :**

વેદોમાં અનેક વિરોધાભાસી કથનો પ્રાપ્ત થાય છે. આ કથનો જુદા જુદા દૃષ્ટિકોણથી નયની અપેક્ષાથી જુદા જુદા અર્થને જણાવનારાં હોય છે. જ્યારે તે અપેક્ષાને લક્ષ્યમાં રાખીને વેદ-વચનોનો અર્થ કરાય ત્યારે જ તેનો વાસ્તવિક અર્થ સમજી શકાય અને દેખાતો વિરોધાભાસ ટળી શકે, પણ આ રીતે જો જુદા જુદા દૃષ્ટિકોણથી નયની અપેક્ષાનો આશ્રય ન કરાય અને માત્ર શબ્દથી જે અર્થ પ્રાપ્ત થતો હોય, તેને ગ્રહણ કરવામાં આવે તો વેદના વચનોમાં પરસ્પર વિરોધ જ આવે.

પ્રભુવીરના અગિયાર ગણધરો પૂર્વે વેદને માનનારા ચૌદ વિદ્યાના પારગામી બ્રાહ્મણ પંડિતો હતા. તે સર્વેને વેદનાં વિરોધી વચનોના કારણે જ આત્મા, પરલોક, પુણ્ય-પાપ, કર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થવિષયક સંશયો ઊભા થયેલા. આવી શંકા થવા પાછળ એક જ કારણ હતું કે, તેઓએ વેદ વચનોને ભિન્ન ભિન્ન અપેક્ષાઓથી વિચાર કરવાના બદલે તેનો માત્ર શાબ્દિક અર્થ કરેલો; પણ વેદનાં તે વચનો કઈ અપેક્ષાએ છે તેને તેઓ જાણતા ન હતા. વીરપ્રભુએ વેદનાં જ વચનોને જુદી જુદી અપેક્ષાઓથી ગ્રહણ કરાવી તેમનો સંશય ટાળ્યો હતો.

જેમ કે 'વિજ્ઞાનઘન એવો આત્મા પંચમહાભૂતમાંથી ઉત્પન્ન થઈને તેમાં જ વિલીન થાય છે, પ્રેત્ય સંજ્ઞા જેવી કોઈ વસ્તુ નથી.'[1] - એવા વેદના વચનોને કારણે જ પ્રથમ ગણધર થનારા ઇન્દ્રભૂતિ બ્રાહ્મણને 'આત્મા હશે કે નહીં ?' - એવી શંકા ઉદ્ભવેલી. પરમકૃપાળુ પરમાત્માએ જ્યારે યથાયોગ્ય નયની અપેક્ષાથી વેદની પંક્તિનો વાસ્તવિક અર્થ ગ્રહણ કરાવ્યો કે, 'પાંચ ભૂતોમાંથી બનેલ ઘટ-પટ આદિ પદાર્થો સંબંધી જ્ઞાનના ઉપયોગવાળો આત્મા બને છે અને તે વસ્તુઓ નાશ પામે કે દૃષ્ટિ બહાર જતી રહે ત્યારે તે તે જ્ઞાનાદિના ઉપયોગવાળો આત્મા વિલિન થઈ જાય છે. વળી, પ્રેત્ય સંજ્ઞા નથી એટલે કે પૂર્વની સંજ્ઞા ઇં બુદ્ધિ રહેતી નથી. નવો ઉપયોગ પૂર્વના ઉપયોગનો નાશ કરે છે, માટે પૂર્વની સંજ્ઞા રહેતી નથી.' આવો અપેક્ષા સહિતનો અર્થ સાંભળ્યો ત્યારે તેમનો સંશય ટળ્યો.

1. 'विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनुविश्यति न प्रेत्यसंज्ञाऽस्ति ।' - વેદની આ પંક્તિના 'વિજ્ઞાનઘન' પદનો ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ 'ગમનાગમન આદિ ચેષ્ટા કરનારો આત્મા' એવો અર્થ કરતા. જેમ મદ્ય સામગ્રીનો બરાબર ઉપયોગ કરાય તો તેમાંથી મદ્યશક્તિ પેદા થાય છે; તેમ પ્રત્યક્ષ દેખાતા પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતમાંથી તે આત્મા ઉત્પન્ન થાય છે, અને જેમ પાણીમાં પેદા થયેલા પરપોટા પાણીમાં જ નાશ પામી જાય છે, તેમ તે પંચભૂતમાંથી ઉત્પન્ન થયેલો આત્મા પંચભૂતમાં જ વિલીન થઈ જાય છે, તેથી પાંચ ભૂતોથી અતિરિક્ત આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી. વળી, તેથી જ 'न प्रेत्यसंज्ञाऽस्ति' અર્થાત્ પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ નથી.

આમ, આ પંક્તિથી ઇન્દ્રભૂતિને એવું લાગતું હતું કે આત્મા નથી. તો વળી, વેદની જ બીજી પંક્તિ આત્માને સિદ્ધ કરતી હતી. આ રીતે બે પરસ્પર વિરોધી વેદ વાક્યોને કારણે ઇન્દ્રભૂતિને શંકા ઉત્પન્ન થયેલી કે 'આત્મા હશે કે નહીં ?' વાસ્તવમાં બન્ને વિરોધી જેવા જણાતા વેદ વાક્યો સત્ય હતા માત્ર જુદા જુદા નયને અનુસરતા હતા. નય સાપેક્ષ અર્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અર્થસંગ્રહ' વગેરે મીમાંસક શાસ્ત્રો પણ વેદનાં વચનોનો ભિન્ન ભિન્ન અપેક્ષાથી કેવી રીતે અર્થ પ્રાપ્ત કરવો જોઈએ તેની પદ્ધતિ બતાવતાં હોય છે. જો વેદવચનોને આ રીતે ભિન્ન ભિન્ન દૃષ્ટિથી માનવામાં ન આવે તો તે વચનો વિસંવાદી અને અસંબદ્ધ જ લાગે. તેથી શબ્દથી નયનો સ્વીકાર નહીં કરનારા વેદોને પણ અર્થથી તો તેને સ્વીકારવા જ પડે છે. આના ઉપરથી નિર્ણીત થાય છે કે વેદવચનો પણ નય અને પ્રમાણની દૃષ્ટિ વિના યથાર્થ સમજી શકાતાં નથી, માટે વેદાન્તી ભલે સ્યાદ્-વાદનો સીધો સ્વીકાર ન કરે, તોપણ સ્યાદ્વાદ વિના તેમને પણ ચાલે તેમ નથી.

આમ, એક એક નયો ઉપર ચાલનાર સર્વ શાસ્ત્રો પોતાના સિદ્ધાંતોનો નિર્વાહ કરવા સ્યાદ્વાદને આડકતરી રીતે પણ સ્વીકારે છે. તેથી એવું કહી શકાય કે, સ્યાદ્વાદ સર્વ શાસ્ત્રોમાં વ્યાપક છે એટલે કે સાર્વતાન્ત્રિક છે (તન્ત્રો ઇં શાસ્ત્રો). વળી બીજી રીતે વિચારીએ તો સર્વદર્શનો જે જે વાત કરી રહ્યા છે તે નયોના સમૂહ સ્વરૂપ સ્યાદ્વાદના કોઈ એક નયને જ પકડીને  કરી રહ્યા છે. એ રીતે પણ સ્યાદ્વાદ સકળ શાસ્ત્રોમાં વ્યાપ્ત છે. કોઈ દર્શન આત્માને નિત્ય કહે છે તો કોઈ અનિત્ય; જ્યારે સ્યાદ્વાદીને તો અપેક્ષાએ આ બન્ને કથનો માન્ય છે માટે  પણ સ્યાદ્વાદને સાર્વતાન્ત્રિક કહી શકાય. ।।૫૧।।

---

ન કરવાને કારણે જ ઇન્દ્રભૂતિ બ્રાહ્મણને આવી શંકા ઉદ્ભવેલી. પ્રભુ મહાવીરે અનેકાન્ત સિદ્ધાન્તના આધારે તે તે વેદવાક્યો કયા કયા નયને અનુસરે છે તે જણાવતાં કહ્યું કે, આ સંદર્ભમાં વિજ્ઞાનઘનનો અર્થ આત્મા નથી કરવાનો; પરંતુ 'વિજ્ઞાન' શબ્દનો અર્થ જ્ઞાન-દર્શનનો ઉપયોગ સમજવો અને આત્મા એ ઉપયોગમય હોવાથી 'વિજ્ઞાનઘન' શબ્દથી જ્ઞાન-દર્શનનો ઉપયોગ છે સ્વરૂપ જેનું એવો આત્મા સમજવો જોઈએ, આત્માને જ્ઞાન-દર્શનના ઉપયોગ સ્વરૂપ એટલા જ માટે મનાય છે કે, અસંખ્યાત પ્રદેશી આત્માના અસંખ્યાતે અસંખ્યાત પ્રદેશો જ્ઞાનના અનંતપર્યાયવાળા છે. હવે આવા 'વિજ્ઞાનઘનમાં' = જ્ઞાન-દર્શનના ઉપયોગવાળા આત્મામાં પોતાના વિષયરૂપે પાંચે ભૂતો અથવા પાંચે ભૂતોમાંથી બનેલ ઘટપટ આદિ પદાર્થો વિષયક જ્ઞાનોપયોગ પેદા થાય છે.

આ ઘટાદિના જ્ઞાનથી પરિણત થયેલો આત્મા એ અપેક્ષાએ વિષયસ્વરૂપે હેતુભૂત બનેલા ઘટાદિથી ઉત્પન્ન થયેલો કહેવાય. કારણ કે, ઘટાદિના જ્ઞાનનો પરિણામ ઘટાદિ વસ્તુઓની અપેક્ષાવાળો જ હોય છે, એટલે કે ઘટાદિ જે જે વસ્તુ જ્યારે આત્માની સામે આવે ત્યારે તે તે વસ્તુના જ્ઞાનસ્વરૂપ ઉપયોગ પેદા થાય છે અને એથી એ ઉપયોગ સ્વરૂપ એ આત્મા બને છે, માટે તે તે ઉપયોગસ્વરૂપ આત્મા પેદા થયો એમ કહી શકાય. આ પ્રમાણે, પ્રત્યક્ષ એવા પાંચ ભૂતોથી અથવા એનાથી બનેલી ઘટ-પટ આદિ વસ્તુઓથી, તે તે વસ્તુના ઉપયોગસ્વરૂપે આત્મા ઉત્પન્ન થઈને, તે વસ્તુઓ નાશ પામે અથવા દૃષ્ટિની બહાર નીકળી જાય ત્યારે તે તે વિષયોના ઉપયોગવાળો આત્મા પણ નાશ પામે છે અને અન્ય ઉપયોગસ્વરૂપે પેદા થાય છે અને સામાન્યરૂપે આત્માનું અસ્તિત્વ કાયમ છે જ.

'પ્રેત્યસંજ્ઞા નથી' એ પંક્તિનો એવો અર્થ કરવો જોઈએ કે, પ્રથમના ઘટનો ઉપયોગ થઈ ગયા બાદ પછીથી જ્યારે પટ આદિ ભિન્ન પદાર્થનો ઉપયોગ પેદા થાય, ત્યારે પ્રથમના ઘટવિષયક ઉપયોગસ્વરૂપ સંજ્ઞા = જ્ઞાન રહેતું નથી, કારણ કે વર્તમાનના પટ આદિના ઉપયોગે તે પૂર્વની સંજ્ઞાનો = બુદ્ધિનો નાશ કરેલ છે. આ રીતે વિચારવાથી એવો અર્થ પ્રાપ્ત થાય કે, ઘટ-પટાદિ આદિ પાંચ ભૂતોસ્વરૂપ વિષયોમાંથી, તે તે વિષયોના જ્ઞાન-દર્શનના ઉપયોગવાળો આત્મા ઉત્પન્ન થાય છે અને તે તે વિષયો દૂર થતાં તે તે વિષયોના ઉપયોગવાળો આત્મા નથી રહેતો. વળી, નવો ઉપયોગ પૂર્વના ઉપયોગને એટલે કે પ્રેત્ય સંજ્ઞાને નાશ કરે છે માટે પ્રેત્ય સંજ્ઞા નથી. જો આ રીતે અપેક્ષા પૂર્વક વેદની પંક્તિ ન બેસાડાય તો અવશ્ય અર્થનો અનર્થ થાય. પણ અપેક્ષા પૂર્વક વિચારાય તો વેદની પંક્તિનો યોગ્ય અર્થ કરી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

સર્વ આસ્તિક દર્શનો સ્યાદ્વાદને સ્વીકારે છે તેવું જણાવ્યા પછી હવે ગ્રન્થકારશ્રી ચાર્વાકનામના નાસ્તિક દર્શન સંબંધી વક્તવ્ય કરે છે-

**શ્લોક :**

विमतिः[6] सम्मतिर्वापि[7], चार्वाकस्य[5] न[8] मृग्यते[9] ।
परलोकात्ममोक्षेषु[3], यस्य[1] मुह्यति[4] शेमुषी[2] ॥५२॥

**શબ્દાર્થ :**

૧/૨. यस्य शेमुषी - જેની બુદ્ધિ ૩. परलोकात्ममोक्षेषु - પરલોક, આત્મા, મોક્ષના વિષયમાં ૪. मुह्यति - મોહ પામે છે = મુંઝાય છે ૫. चार्वाकस्य - (તે) ચાર્વાકની ૬. विमतिः - અસમ્મતિ ૭. सम्मतिः वा अपि - કે સમ્મતિ પણ ૮/૯. न मृग्यते - વિચારાતી નથી.

**શ્લોકાર્થ :**

**ચાર્વાકની બુદ્ધિ પરલોક, આત્મા, મોક્ષ આદિ વિષયોને સમજવામાં કે સ્વીકારવામાં મુંઝવણ અનુભવે છે તેથી તેને સ્યાદ્વાદ સંમત છે કે નહીં; તે વિચારાતું નથી.**

**ભાવાર્થ :**

ચાર્વાક, નાસ્તિક દર્શન છે. તે અદૃષ્ટ એવા આત્મા, પુણ્ય, પાપ, પરલોક, મોક્ષ આદિ પદાર્થોને માનતો નથી, માત્ર પ્રત્યક્ષને માને છે. તે કહે છે 'ઇહલોક મીઠા-પરલોક કોણે દીઠા'. આવા નાસ્તિકો સ્યાદ્વાદ માને છે કે નહીં તેને વિચારવાની જરૂર જ નથી. કેમ કે, સ્યાદ્વાદનો સિદ્ધાંત આત્મકલ્યાણ માટે છે. જેને આત્મ કલ્યાણની કામના નથી તે આ સિદ્ધાંત માને છે કે નહીં, તેનાથી આપણને શું મતલબ છે.

**વિશેષાર્થ :**

શાસ્ત્રાધારે જેને આત્મા આદિ અતીન્દ્રિય પદાર્થોનો બોધ કરી આત્મકલ્યાણ કરવાની ભાવના હોય તેના માટે શાસ્ત્રની પરીક્ષા કરવી જરૂરી છે. ચાર્વાક દર્શન તો નાસ્તિક દર્શન છે. તે દૃશ્યમાન એવા શરીર આદિને જ માને છે, અદૃશ્ય એવા આત્માદિ તત્ત્વને તે માનતો જ નથી. તે કહે છે કે, આ જગતમાં સ્ત્રી, સંપત્તિ, બાગ, બગીચા, જેવા મોજ મજા કરવાનાં જે અનેક સાધનો મળ્યાં છે તેને ભોગવી લો, સારું ખાઈ-પી-જોઈ મજા માણી લો. દૃશ્યમાન એવાં આ સુંદર સુખોનો ત્યાગ કરી, નહિ દેખાતા એવા આત્મા, પુણ્ય કે પરલોક માટે પ્રયત્ન કરવો નિરર્થક છે. મળેલાને ભોગવી લેવું તે બુદ્ધિમત્તા છે અને નહિ મળેલા સુખ માટે મહેનત કરવી તે મૂર્ખતા છે.

આત્માદિને નહિ માનતો ચાર્વાક અનેકાન્ત-સ્યાદ્વાદને સ્વીકારે છે કે નહિ તે વિચારવાની જરૂર શું છે ? કેમ કે સ્યાદ્વાદનો સિદ્ધાંત જગતને યથાર્થરૂપે જોઈ, આત્મકલ્યાણ કરવા માટે છે. વસ્તુના સત્ય સ્વરૂપને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમજી, તેમાં થતાં દુઃખદાયી એવા રાગ, દ્વેષાદિના ભાવોથી દૂર થવા માટે છે અને સદા સુખ આપનાર સમતા આદિના ભાવોને પામી અંતે મોક્ષના મહાસુખને મેળવવા માટે છે. જેને આત્મકલ્યાણકર આ ભાવો સમજવા નથી તેવા મોહમૂઢ લોકો સ્યાદ્વાદ સિદ્ધાંત માને કે ન માને તેના ઉપર લક્ષ્ય આપવાનો કોઈ અર્થ નથી.

જેઓ આત્માદિ અતીન્દ્રિય પદાર્થોને સમજે છે અને આત્મકલ્યાણ કરવાનું જેનું લક્ષ્ય છે તેઓ આસ્તિક દર્શનવાળા છે. તેમના પ્રત્યે ગ્રંથકારશ્રીને અતિ માન પણ છે, માટે તેઓ સ્યાદ્વાદને સ્વીકારે છે કે નહિ તેની ગ્રંથકારશ્રીએ અહીં સવિસ્તૃત વિચારણા કરી. ભલે તેઓ સ્પષ્ટપણે સ્યાદ્વાદને સ્વીકારતા નથી, પરંતુ તેમની માન્યતા પ્રમાણે પદાર્થની સંગતિ કરતા તેમનાથી પણ આડકતરી રીતે તો સ્યાદ્વાદનો સ્વીકાર થઈ જ જાય છે. આ વિચારણાઓથી સ્યાદ્વાદમાં સર્વદર્શનોની સમ્મતિ છે તેમ જણાવવામાં આવ્યું છે. જ્યારે નિર્વિચારક એવા ચાર્વાકની સમ્મતિથી સ્યાદ્વાદને પ્રમાણભૂત માનવો તે ગ્રંથકારશ્રીને સ્યાદ્વાદનું જ અવમૂલ્યન કરવા જેવું ભાસે છે, તેથી તેઓનું કહેવું છે કે ચાર્વાક સ્યાદ્વાદને સ્વીકારે છે કે નહિ તેની ચર્ચા જ નિરર્થક છે[1]. ॥૫૨॥

1. શ્લોક ૪૫ થી ૫૨ સુધીના પદાર્થોને વિશેષથી જાણવા માટે જિજ્ઞાસુઓએ વીતરાગ સ્તોત્ર અષ્ટમપ્રકાશની ટીકા તેનું વિવેચન તથા તેના મર્મનું ઉદ્ઘાટન કરનાર ગ્રંથકારશ્રીનો 'સ્યાદ્વાદરહસ્ય' નામનો ગ્રંથ જોવો. ઉપરાંત સર્વ દર્શનોનો સંક્ષિપ્ત પરિચય પરિશિષ્ટ ૪થી ૧૦માં મળી શકશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તાપશુદ્ધિનો ઉપસંહાર

ગાથા-૫૩

**અવતરણિકા :**

અનેકાન્તવાદ સર્વ દર્શનોમાં વ્યાપક છે, તેમ જણાવી તાપશુદ્ધિના વિવેચનનો ઉપસંહાર કરતાં કહે છે-

**શ્લોક :**

तेनानेकान्तसूत्रं यद्, यद्वा सूत्रं नयात्मकम् ।
तदेव तापशुद्धं स्याद्, न तु दुर्नयसंज्ञितम् ॥५३॥

**શબ્દાર્થ :**

૧. तेन - તે કારણથી ૨/૩. यद् अनेकान्तसूत्रं - જે અનેકાન્ત (પ્રમાણ) સૂત્ર છે ૪/૫/૬. यद् वा सूत्रं नयात्मकम् - અથવા જે સૂત્ર નયાત્મક છે ૭. तद् एवं - તે જ ૮/૯. तापशुद्धं स्यात् - તાપશુદ્ધ થાય ૧૦/૧૧/૧૨. न तु दुर्नयसंज्ञितम् - પરંતુ દુર્નયસંજ્ઞિત (સૂત્ર તાપશુદ્ધ) ન થાય.

**શ્લોકાર્થ :**

**શ્લોક ૨૯ થી ૫૨ સુધીના શ્લોકોમાં જણાવ્યું તે પ્રમાણે સ્યાદ્વાદથી જગતની વ્યવસ્થા સુસંગત થાય છે, તે કારણથી જે અનેકાન્તસૂત્ર અથવા જે નયાત્મકસૂત્ર છે, તે જ તાપશુદ્ધ કહેવાય પરંતુ દુર્નયયુક્ત શાસ્ત્રો તાપશુદ્ધ ન કહેવાય.**

**ભાવાર્થ - વિશેષાર્થ :**

છેલ્લા ચોવીસ શ્લોકોમાં ગ્રંથકારશ્રીએ સ્યાદ્વાદનું મહત્ત્વ સમજાવ્યું છે. નયો અને નયોના સમૂહરૂપ સ્યાદ્વાદ નિર્દોષ છે અને પ્રમાણભૂત છે એવું તર્કબદ્ધ રીતે પુરવાર કર્યું છે. જીવનના પ્રત્યેક વ્યવહારો કે ધર્મના સિદ્ધાન્તો સર્વે સ્યાદ્વાદ સાથે તાણે-વાણે વણાયેલા છે. અનેકાન્તનો સ્વીકાર કર્યા વિના કોઈ વ્યવહાર પણ ચાલે તેમ નથી કે કોઈ શાસ્ત્રના પરમાર્થને પણ પામી શકાય તેમ નથી. આ જ કારણથી જે શાસ્ત્ર અનેકાન્તસ્વરૂપ છે અથવા જે સુનયાત્મક સૂત્ર છે તે જ તાપશુદ્ધ કહેવાય.

એકાન્તને માનનારાં દુર્નયવાળાં સૂત્રો તાપશુદ્ધ ન કહેવાય, કેમકે દુર્નય પદાર્થને એકાન્તે એકસ્વરૂપવાળો સ્વીકારે છે. જેના કારણે મોક્ષ કે તે માટેની સાધના સુસંગત થતી નથી. આવા દુર્નયનાં કથનોમાં મોક્ષરૂપ તાત્પર્ય મલિન થાય છે. જ્યારે અનેકાન્ત કે નયાત્મક સૂત્રોથી તાત્પર્ય શ્યામ-મલિન થતું નથી પણ મોક્ષ સંગત થાય છે માટે તે જ તાપશુદ્ધ છે. ॥૫૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# એકાન્તમતમાં હિંસાદિ અસંગત

ગાથા ૫૪ થી ૫૯

**અવતરણિકા :**

સ્યાદ્વાદ કેટલો વ્યાપક છે તે જણાવી, હવે જેઓ અનેકાન્તવાદ નથી માનતા તેમના મતમાં હિંસાદિ પણ સંગત થતાં નથી અને તેથી પણ તેઓ તાપશુદ્ધ નથી તેમ જણાવે છે-

**શ્લોક :**

नित्यैकान्ते[१] न[३] हिंसादि[२], तत्पर्यायापरिक्षयात्[४] ।
मनःसंयोगनाशादौ[५], व्यापारानुपलम्भतः[६] ॥५४॥

**શબ્દાર્થ :**

૧. नित्यैकान्ते - (આત્માને) એકાન્તે નિત્ય માનનાર મતમાં ૨/૩. हिंसादि न - હિંસાદિ ઘટતાં નથી ૪. तत्पर्यायापरिक्षयात् - (કેમકે) તેના = જેની હિંસા કરાય છે તેના, પર્યાયનો નાશ થતો નથી. ૫. मनःसंयोगनाशादौ - મનસંયોગના નાશ આદિમાં ૬. व्यापारानुपलम्भतः- (હિંસકની) પ્રવૃત્તિ દેખાતી નથી.

**શ્લોકાર્થ :**

**આત્માને એકાન્તે નિત્ય માનનારના મતમાં હિંસાદિ ઘટતાં નથી. કેમ કે, હિંસ્યના પર્યાયનો નાશ થતો નથી. (જો પૂર્વપક્ષી એમ કહે કે, 'આત્માનો મન સાથે જે સંયોગ છે, તે સંયોગના નાશ વગેરે રૂપ હિંસા ઘટી શકે છે,' તો તેને ગ્રન્થકારશ્રી કહે છે કે) મન સાથેના સંયોગના નાશમાં (હિંસકની) કોઈ પ્રવૃત્તિ દેખાતી નથી (કે જેને હિંસારૂપે માની શકાય).**

**ભાવાર્થ :**

અનેકાન્તવાદી કહે છે કે, આત્માને એકાન્તે નિત્ય માનનારના મત પ્રમાણે આત્માના પર્યાયોમાં કોઈ ફેરફાર ન થતો હોવાને કારણે આત્માના પર્યાયોનો નાશ જ થતો નથી, તેથી તેમના મત પ્રમાણે કોઈ રીતે હિંસા ઘટી શકે જ નહિ. ત્યારે એકાન્તવાદી કહે છે કે, આત્માનો મનની સાથેનો જે સંયોગ છે તેનો નાશ થવો તે જ હિંસા છે. એના જવાબમાં ગ્રન્થકારશ્રી તેને કહે છે કે, મન સાથેના સંયોગનો નાશ થવા પાછળ હિંસક વ્યક્તિની કોઈ પ્રવૃત્તિ કારણરૂપે પ્રાપ્ત થતી નથી કે જેને હિંસા તરીકે સ્વીકારી શકાય.

**વિશેષાર્થ :**

નૈયાયિક, સાંખ્ય, વેદાન્તી વગેરે દર્શનકારો આત્માને એકાન્તે નિત્ય માને છે. તેમના મતે આત્મા કૂટસ્થ નિત્ય છે. કૂટસ્થ એટલે અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એકસ્વભાવ, એટલે કે નાશ નહિ પામેલો, ઉત્પન્ન નહિ થયેલો, સ્થિર એક સ્વભાવવાળો જે આત્મા હોય તે કુટસ્થનિત્ય કહેવાય. તેથી તેમના મત પ્રમાણે આત્મા સદા એક જ સ્વરૂપે રહે છે, તેમાં ક્યારેય કોઈ ફેરફાર સંભવતો જ નથી. તેઓની આવી એકાન્ત માન્યતાના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણે તેમના મતમાં વાસ્તવમાં હિંસા ઘટી શકતી નથી. કેમ કે, જ્યારે આત્મામાં લેશમાત્ર પણ પરિવર્તનનો અવકાશ નથી, ત્યારે હિંસા કરનાર પુરુષ હિંસાની પ્રવૃત્તિ જ કેવી રીતે કરી શકે અને માનો કે કરી શકે તો તે ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ સામેના આત્મામાં કોઈપણ જાતનો ફેરફાર થવો શક્ય નથી તો પછી હિંસા કેવી રીતે થાય ? વળી, તેમના મત પ્રમાણે કોઈ પણ જીવ દ્વારા અન્ય કોઈપણ જીવના કોઈપણ પર્યાયનો નાશ થતો જ નથી.

વળી, આત્માને એકાન્તે નિત્ય સ્વીકારતાં એક બાજુ હિંસા ઘટતી નથી, તો બીજી બાજુ અહિંસા પણ ઘટતી નથી. આથી જેઓ મોક્ષની પ્રાપ્તિ માટે હિંસાના નિષેધનો ઉપદેશ આપે છે, તેઓનો એ ઉપદેશ માત્ર વાણીના વિલાસરૂપ જ ઠરે છે કારણ કે જ્યાં સુધી હિંસા જ ન ઘટે ત્યાં સુધી તેના ત્યાગરૂપ અહિંસા કે તેનાથી પ્રાપ્ત થતો મોક્ષ કેવી રીતે ઘટે ? અને જે શાસ્ત્રના સિદ્ધાંતોના આધારે હિંસા, અહિંસા, મોક્ષ આદિ ન ઘટતાં હોય તે શાસ્ત્રને તાપશુદ્ધ પણ કઈ રીતે કહી શકાય ? આવા આરોપનું નિરાકરણ કરવા એકાન્તવાદી નૈયાયિક વગેરે કહે કે, 'એવું નથી કે અમારા મતમાં હિંસા ઘટતી નથી. અમારા મતમાં પણ હિંસા ઘટે છે. કેમ કે, અમે ભલે આત્માને એકાન્તે નિત્ય માનીએ, તોપણ સ્મૃતિ-અજનક અને જ્ઞાન-જનક[1], એવો આત્માનો મન સાથેનો જે ચરમ સંયોગ એટલે કે છેલ્લો સંયોગ હોય છે, તેનો નાશ એ જ અમારા મતે હિંસા છે.'

નૈયાયિકનું માનવું છે કે, જ્યારે આત્માનો મનની સાથે સંયોગ થાય છે ત્યારે જ જ્ઞાન પેદા થાય છે. તેમાં પ્રથમ બાહ્ય વિષયો સાથે ઇન્દ્રિયોનો સંબંધ થાય છે, ત્યારપછી ઇન્દ્રિયોનો મન સાથે સંબંધ થાય છે, તે પછી મન આત્મા સાથે જોડાય છે. આ રીતે આત્માનો મન સાથે સંયોગ થાય છે, તેનાથી આત્માને જ્ઞાન થાય છે. જ્ઞાન થયા પછી બીજી ક્ષણે તે જ્ઞાન-જનક આત્મ-મનસંયોગ સ્વયં જ નાશ પામી જાય છે; પરંતુ તે મન-સંયોગથી જન્ય એવું જ્ઞાન, સંસ્કારોનું આધાન કરી, સ્મૃતિનું જનક બને છે. આમ,

- બાહ્ય વિષયો સાથે ઇન્દ્રિયોનો સંબંધ થાય,
- ઇન્દ્રિયો સાથે મનનો સંબંધ થાય,
- મનની સાથે આત્માનો સંબંધ થાય,
- મનસંયોગથી જ્ઞાન ઉત્પન્ન થાય અને
- જ્ઞાન સંસ્કારને આધાન કરી
- સ્મૃતિ ઉત્પન્ન કરે.

પરંતુ સ્મૃતિને ઉત્પન્ન કરનારા તે દરેક મનસંયોગ બીજી ક્ષણે નાશ પામી જાય છે અને દરેક ક્ષણે

---

1. मनोयोगविशेषस्य ध्वंसो मरणमात्मनः । हिंसा तच्चेन्न तत्त्वस्य सिद्धेरर्थसमाजतः ।।१६ ।।
मन इति ।'मनोयोगविशेषस्य = **स्मृत्यजनकज्ञानजनकमनःसंयोगस्य ध्वंस आत्मनो मरणम्,** तद्धिंसा । इयं ह्यात्मनोऽव्ययेऽप्युपपत्स्यते । अतिसान्निध्यादेव हि शरीरखण्डनादात्माऽपि खण्डित इति लोकानामभिमानः नाऽयं विशेषदर्शिभिरादरणीय' इति चेत् ?
न, तत्त्वस्य = उक्तध्वंसत्वस्य अर्थसमाजतः = अर्थवशादेव सिद्धेः, स्मृतिहेत्वभावादेव स्मृत्यजननाच्चरममनःसंयोगस्याऽपि संयोगान्तरवदेव नाशात् ।
तथा च नेयं हिंसा केनचित्कृता स्यादिति सुस्थितमेव सकलं जगत्स्यात् ।।८/१६।।
- द्वात्रिंशद् द्वात्रिंशिकायाम् ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્માની સાથે મનના નવા નવા સંયોગો ઊભા થયા કરે છે, તેથી જોવા જઈએ તો નૈયાયિકના મત પ્રમાણે સતત મનસંયોગનો નાશ થાય છે, પરંતુ તે આવા મનસંયોગના નાશને હિંસા માનતો નથી, પણ આત્માની સાથે મનનો જે ચરમ (છેલ્લો) સંયોગ હોય, તેના નાશને જ હિંસા માને છે. મૃત્યુની અવ્યવહિત પૂર્વે, મરનાર વ્યક્તિના આત્માની સાથે જે મનનો સંબંધ હોય છે તે ચરમ (છેલ્લો) મનનો સંબંધ કહેવાય છે. મૃત્યુ પહેલાના છેલ્લા મન-સંયોગથી જે જ્ઞાન થાય છે તે આત્મામાં સ્મૃતિ ઉત્પન્ન કરતું નથી, તેથી છેલ્લો મન-સંયોગ પૂર્વના મન-સંયોગ કરતાં જુદો પડે છે. અત્યાર સુધીના દરેક ક્ષણસ્થાયી મન-સંયોગો જ્ઞાનના જનક હોવા સાથે સ્મૃતિના પણ જનક હતા, જ્યારે છેલ્લો મન-સંયોગ જ્ઞાનનો જનક હોવા છતાં પણ સ્મૃતિનો જનક હોતો નથી. કેમ કે, આ મન-સંયોગ થતાં જ્ઞાન તો થાય છે પણ તે સ્મૃતિ જનક બનતું નથી. છેલ્લો મન-સંયોગ થયા પછી ફરીથી ઇન્દ્રિયો સાથે સંબંધિત થઈને આત્માની સાથે મનનો સંયોગ થતો નથી, માટે જ તે છેલ્લું જ્ઞાન સ્મૃતિ જનક બનતું નથી. આવા સ્મૃતિ-અજનક જ્ઞાન-જનક મન-સંયોગના નાશને જ નૈયાયિક મરણ કહે છે. જ્યારે હિંસક વ્યક્તિ કોઈ અન્ય જીવને શસ્ત્ર આદિથી કે તે વિના મારે ત્યારે મરનાર જીવનો જે મૃત્યુ પૂર્વેનો આત્મ-મનસંયોગ હોય છે તે છેલ્લો મનસંયોગ કહેવાય. આ છેલ્લા મનસંયોગનો નાશ જો હિંસક વ્યક્તિ કરે તો તેની પ્રવૃત્તિને હિંસા કહેવાય છે. આ રીતે અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિર એક સ્વભાવવાળા આત્માની પણ હિંસા ઘટી શકે. એવું નૈયાયિકોનું કહેવું છે.

નૈયાયિકની આવી દલીલ સામે ગ્રન્થકારશ્રી કહે છે કે, આત્માની સાથે મનના સંયોગના નાશને પણ હિંસા તરીકે સ્વીકારી શકાય નહિ. કેમ કે, તેમાં હિંસકવ્યક્તિની પ્રવૃત્તિ કારણરૂપે દેખાતી નથી. જેમ પૂર્વના મનસંયોગો સ્વયં જ નાશ પામે છે, તેમ ચરમ મનસંયોગનો નાશ પણ સ્વયં જ થાય છે, પરંતુ હિંસક વ્યક્તિની પ્રવૃત્તિથી થતો નથી.

નૈયાયિકની જેમ સાંખ્ય પણ આત્માને એકાન્તે નિત્ય માને છે. સાંખ્યના મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ એવા બે પદાર્થો છે, તેમાં પુરુષ તો એકાન્તે નિત્ય છે પણ પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈને મારે ત્યારે તે મરનાર વ્યક્તિને બુદ્ધિગત દુઃખ ઉત્પન્ન[2] થાય છે. બુદ્ધિથી પુરુષ જુદો છે એવું જ્ઞાન ન હોવાને કારણે પુરુષને ભ્રમ થાય છે કે, 'મને દુઃખ ઉત્પન્ન થયું.' બુદ્ધિમાં ઉત્પન્ન થતા આ દુઃખોને જ સાંખ્ય હિંસા તરીકે વર્ણવે છે.

સાંખ્યની આ વાત પણ અસંબદ્ધ છે. કેમ કે, જ્યારે કોઈ પુરુષ કોઈની હિંસા કરે ત્યારે જડ એવી પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિને દુઃખ ઉત્પન્ન થાય છે એવું પ્રત્યક્ષ અને અનુભવથી અસંગત લાગે છે. કેમ કે, જેમ જડ એવા ઘડાને દુઃખ થાય છે એવું ન કહી શકાય તેમ જડ એવી બુદ્ધિને દુઃખ ઉત્પન્ન થાય છે એવું

---

2. न हि बुद्धिगतदुःखोत्पादरूपा हिंसा साङ्ख्यानामात्मनि प्रतिबिम्बोदयेनाऽनुपचरिता सम्भवति । न वा नैयायिकानां स्वभिन्नदुःखरूपगुणरूपा सा आत्मनि समवायेन, प्रतिबिम्ब-समवाययोरेव काल्पनिकत्वात् । न च कथमपि स्वपर्यायविनाशाऽभावे हिंसाव्यवहारः कल्पनाशतेनाप्युपपादयितुं शक्यत इति । तदिदमाह -

"निष्क्रियोऽसौ ततो हन्ति हन्यते वा न जातुचित् । कश्चित्केनचिदित्येवं न हिंसाऽस्योपपद्यते" ।। (अष्टके - १४/२) ।। - द्वा. द्वा., ८/१६ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવી રીતે કહી શકાય. આમ સાંખ્ય મત પ્રમાણે તો કોઈ પુરુષ જ્યારે કોઈ પ્રવૃત્તિ જ કરતો નથી તો કોઈ હિંસાની પ્રવૃત્તિ કરે છે અને કોઈની હિંસા થાય છે એવું કહેવાય જ શી રીતે ? તેથી કોઈ પુરુષ કોઈની હિંસા કરતો નથી. તેનાથી કોઈ મરે છે તેમ માનીએ તો પણ મરનાર જીવમાં દુ:ખ ઉત્પન્ન થતું નથી. આથી જ સાંખ્ય મતે પણ હિંસા ઘટશે નહીં.

નૈયાયિકો જે મન-સંયોગના નાશને હિંસા કહે છે તેમાં હિંસકનો કોઈ વ્યાપાર જણાતો નથી માટે તે યોગ્ય જણાતી નથી. વળી, 'આદિ' પદથી બુદ્ધિમાં દુ:ખની ઉત્પત્તિરૂપ હિંસા જે સાંખ્ય પ્રતિપાદિત કરે છે, તે પણ એક ઉપચારમાત્ર છે પણ વાસ્તવિક નથી. હકીકતમાં આત્માને એકાન્તે નિત્ય માનવામાં આવે તો 'કોઈ હિંસા કરે છે કે કોઈ જીવની હિંસા થાય છે' એવું કહેવાય જ નહીં. કેમ કે 'હિંસા' શબ્દ નાશનો પર્યાયવાચી શબ્દ છે અને જે એકાન્ત નિત્ય[3] હોય તેનો નાશ સંભવે નહીં.

હકીકતમાં કોઈની હિંસા થાય ત્યારે આત્માનો શરીર સાથે વિયોગ થાય છે, તેથી કોઈક એક દેહના સંયોગવાળો આત્માનો પર્યાય નાશ પામે છે અને એક નવો પર્યાય ઉત્પન્ન થાય છે. આ રીતે અન્ય વ્યક્તિ જ્યારે આત્માના મનુષ્ય આદિ પર્યાયોનો નાશ કરે ત્યારે તેને હિંસા કરી તેમ કહેવાય અને તે રીતે જ હિંસા પદાર્થ ઘટે; પરંતુ આત્માને એકાન્તે નિત્ય માની તેના પર્યાયના પણ નાશનો અભાવ માનવાથી તો નૈયાયિક આદિના મતમાં સેંકડો બીજી કલ્પનાઓ કરવાથી પણ હિંસા પદાર્થ ઘટી શકતો નથી.

આમ, આત્માને એકાન્તે નિત્ય માનનાર સાંખ્ય કે નૈયાયિક બન્નેના મતમાં હિંસાને કેવી રીતે ઘટાવવી, તે સંબંધી પ્રશ્નો ઊભા જ રહે છે. જ્યારે જૈનદર્શન અનેકાન્તવાદની દષ્ટિથી આત્માને જુએ છે, તેથી તે દ્રવ્યની અપેક્ષાએ આત્માને નિત્ય અને પર્યાયની અપેક્ષાએ આત્માને અનિત્ય માને છે. પર્યાયો સતત પલટાયા કરે છે, તોપણ મનુષ્ય આદિ પર્યાયો ભવપર્યંત રહે છે. દીર્ઘકાળ ટકનારા આ મનુષ્યત્વ વગેરે પર્યાયોના નાશને જૈનદર્શન મૃત્યુ તરીકે સ્વીકારે છે. આયુષ્યકર્મ પુરું થતાં કોઈ સ્વયં મૃત્યુ પામે તો તેમાં કોઈને હિંસક કહેવાતો નથી, પરંતુ આ મૃત્યુ જો કોઈ વ્યક્તિના નિમિત્તે કે તેની કોઈ પ્રવૃત્તિથી થાય તો તે વ્યક્તિને હિંસક કહેવાય છે. આવી હિંસા અન્યના દુ:ખનું કારણ હોય છે, તેથી મુમુક્ષુઓએ તેને અત્યંત પ્રયત્નપૂર્વક ટાળવી જોઈએ. આ રીતે જે અહિંસાધર્મનું પાલન થાય છે, તે જ મોક્ષનો ઉપાય છે.

આમ, અનેકાન્તનો સ્વીકાર ન કરવાથી હિંસા-અહિંસા ઘટતાં નથી અને અનેકાન્તનો સ્વીકાર કરવાથી હિંસા પણ ઘટી શકે છે અને અનુક્રમે અહિંસા, મોક્ષ વગેરે પણ ઘટી શકે છે. તેથી અનેકાન્ત શાસ્ત્રો તાપશુદ્ધિમાં ઊતીર્ણ થતાં હોવાથી તાપશુદ્ધ કહેવાય છે. જ્યારે એકાન્ત શાસ્ત્ર તાપશુદ્ધમાં પાર પડી શકતાં નથી તેથી તે તાપશુદ્ધ કહેવાય નહિ. આમ, અનેકાન્ત શાસ્ત્રના આધારે જ અતીન્દ્રિય પદાર્થોમાં પ્રવૃત્તિ કરવી એ હિતકર હોવાથી યોગ્ય છે. ॥૫૪॥

---

3. नित्यत्वम् = ध्वंसाप्रतियोगित्वम् - स्याद्वादरहस्ये ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

આત્માને એકાન્તે નિત્ય માનવામાં જેમ હિંસાદિ ઘટી શકે નહિ તેમ બંધ અને મોક્ષ પણ સંગત થાય નહિ, તે જણાવતાં કહે છે-

**શ્લોક :**

**बुद्धिलेपोऽपि[2] को[3] नित्यनिर्लेपात्मव्यवस्थितौ[1] ।**
**सामानाधिकरण्येन[5], बन्धमोक्षौ[6] हि[4] सङ्गतौ[7] ॥५५॥**

**શબ્દાર્થ :**

१. नित्यनिर्लेपात्मव्यवस्थितौ - નિત્ય-નિર્લેપ આત્મા વ્યવસ્થિત હોતે છતે ૨/૩. बुद्धिलेपोऽपि कः ? - બુદ્ધિલેપ પણ શું ? ૪/૫. हि सामानाधिकरण्येन - કારણ કે સમાન અધિકરણના ભાવથી ૬/૭. बन्धमोक्षौ सङ्गतौ - બન્ધ અને મોક્ષ સંગત થાય છે.

**શ્લોકાર્થ :**

**આત્મા જો નિત્ય અને નિર્લેપ હોય તો બુદ્ધિલેપ પણ શું ? કારણ કે સામાનાધિકરણ્યથી (જ) બન્ધ અને મોક્ષ સંગત છે.**

**ભાવાર્થ :**

આત્મા જો એકાન્તે નિત્ય અને નિર્લેપ હોય તો બુદ્ધિના લેપરૂપ સંસાર આત્માને કેવી રીતે ઘટી શકે ? કેમ કે જો બુદ્ધિના લેપરૂપ સંસાર આત્માને છે તેમ કહીએ તો આત્મા એકાન્તે નિત્ય અને નિર્લેપ છે એવું સિદ્ધ ન થાય, અને જો બુદ્ધિનો લેપ પ્રકૃતિને થાય છે તેમ માનીએ તો બુદ્ધિના લેપરૂપ બંધ પ્રકૃતિને થાય અને બુદ્ધિના લેપનો નાશ થવાથી મોક્ષ પણ પ્રકૃતિનો જ થાય, કેમકે બંધ અને મોક્ષ એક જ અધિકરણમાં થાય છે, તેથી જે બંધાય છે તેનો જ મોક્ષ થાય છે, તેથી આત્માને એકાન્તે નિત્ય માનનારના મતે આત્માનો બંધ અને મોક્ષ સંગત થાય નહિ.

**વિશેષાર્થ :**

સાંખ્ય દર્શનમાં મુખ્ય બે તત્ત્વો છે : (૧) પુરુષ અને (૨) પ્રકૃતિ. પુરુષ એટલે આત્મા. તેમના મત પ્રમાણે આત્મા કૂટસ્થ નિત્ય, નિર્લેપ, અપરિણામી, નિષ્ક્રિય, વ્યાપક અને અનેક છે. પ્રકૃતિ જડ તત્ત્વ છે, તે પરિણામી, સક્રિય અને સલેપ છે. પ્રકૃતિમાંથી બુદ્ધિ (મહત્ તત્ત્વ) ઉત્પન્ન થાય છે અને તેમાંથી બીજાં બાવીસ તત્ત્વો ઉત્પન્ન થાય છે, તેથી બુદ્ધિ જ જગતની ઉત્પત્તિનું બીજ મનાય છે. આ બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેના લીધે પુરુષને ભ્રમ થાય છે કે, પ્રતિબિંબ તે જ હું છું. પરિણામે બુદ્ધિની સક્રિયતાને તે પોતાની માની લે છે અને તેમાંથી 'અહંકાર' (અભિમાન)નો જન્મ થાય છે. 'હું આ કરું છું' 'હું આ ભોગવું છું' એવું અભિમાન તે જ સાંખ્યના મતે **'બુદ્ધિનો લેપ'** અથવા **'બંધ'** છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્માને એકાન્તે નિત્ય અને નિર્લેપ માનનારા સાંખ્ય દર્શનકારોને ગ્રન્થકારશ્રી કહે છે કે જો આત્મા સદા નિર્લેપ જ હોય તો બુદ્ધિના લેપ (બંધ) સ્વરૂપ સંસાર આત્માને શી રીતે સંગત થાય ? વળી જે બંધાતો નથી તેનો બંધનથી મુક્ત થવા રૂપ મોક્ષ પણ કઈ રીતે ઘટે ?

આમ છતાં સાંખ્ય દર્શનકારો પ્રકૃતિને વચ્ચે લાવી કહે છે કે, પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિમાં જે અહંકાર પેદા થાય છે તે જ બુદ્ધિનો લેપ છે અને તે જ બંધ છે. તેની આવી માન્યતાનું નિરાકરણ કરતાં ગ્રન્થકારશ્રી કહે છે કે, આ રીતે તો બુદ્ધિના લેપરૂપ બંધ, પ્રકૃતિનો સંભવે; પરંતુ આત્માને નહિ. દુનિયામાં સ્પષ્ટ દેખાય છે કે "જે બંધાય છે, તે જ મુક્ત થાય છે." તેથી જો બુદ્ધિના લેપરૂપ બંધ પ્રકૃતિને પ્રાપ્ત થાય, તો બુદ્ધિનો લેપ નાશ થવાથી મોક્ષ પણ પ્રકૃતિનો જ થાય. કેમ કે, બંધ અને મોક્ષ સમાન અધિકરણથી (એક જ વસ્તુમાં) સંગત થાય છે એટલે કે, જેને બંધન હોય તેની જ મુક્તિ સંભવે. જો આત્મા એકાન્તે નિત્ય અને નિર્લેપ હોય તો તે બંધાય નહિ અને તેથી તેનો મોક્ષ પણ થાય નહિ, એટલે આત્માને એકાન્તે નિત્ય માનનારાઓના મત પ્રમાણે બંધ અને મોક્ષ પણ ઘટી શકે નહિ. આમ છતાં તેઓ બંધનથી મુક્ત થવાનો ઉપદેશ આપે છે જે નિરર્થક છે.

જૈનદર્શન પણ આત્માને નિત્ય-નિર્લેપ માને છે, પણ એકાન્તે નહિ. તેના મતે પરમાર્થથી નિત્ય-નિર્લેપ એવા આત્માનું સ્વરૂપ વર્તમાનમાં કર્મથી આવરાઈ ગયું છે. જેમ શુદ્ધ સુવર્ણ જ્યારે ખાણમાં માટીથી ખરડાયેલું હોય છે, ત્યારે અશુદ્ધ જણાય છે અને તેને શુદ્ધ બનાવવા અનેક પ્રક્રિયા કરવી પડે છે તેમ વર્તમાનમાં અશુદ્ધ બનેલા આત્માને શુદ્ધ કરવા માટે સાધના માર્ગ છે. તેના દ્વારા કર્મથી બંધાયેલ આત્માને શુદ્ધ કરી શકાય છે. તેથી જ જૈન દર્શનોના શાસ્ત્રો સ્પષ્ટ કહે છે કે, 'આત્મા એકાન્તે નિત્ય નિર્લેપ નથી' જેના પરિણામે કર્મનો બંધ અને કર્મનો નાશ બન્ને આત્મારૂપી એક અધિકારણમાં જ પ્રાપ્ત થાય છે, આથી જૈનદર્શનનો મુક્તિનો ઉપદેશ સાર્થક ઠરે છે, તેથી જૈનશાસ્ત્રો ત્રિકોટિ શુદ્ધ કહેવાય. ॥૫૫॥

**અવતરણિકા :**

આત્માને એકાન્તે નિત્ય માનવામાં જેમ હિંસાદિ ઘટતાં નથી તેમ આત્માને એકાન્તે અનિત્ય માનવામાં પણ હિંસાદિ ઘટતાં નથી, તે બતાવતાં કહે છે-

**શ્લોક :**

अनित्यैकान्तपक्षेऽपि[१], हिंसादिकमसङ्गतम्[२] ।
स्वतो[३] विनाशशीलानां[४], क्षणानां[५] नाशकोऽस्तु[६] कः[७] ? ॥५६॥

**શબ્દાર્થ :**

૧. अनित्यैकान्तपक्षेऽपि - (આત્માને) એકાન્તે અનિત્ય માનનાર મતમાં પણ ૨. हिंसादिकम् असङ्गतम् - હિંસાદિ અસંગત છે ૩/૪. स्वतः विनाशशीलानां - (કેમ કે) સ્વયં જ વિનાશ થવાના સ્વભાવવાળી ૫. क्षणानां - ક્ષણોનો - જીવાદિ વસ્તુનો ૬. नाशकः - નાશક ૭/૮. कः अस्तु - કોણ થાય ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :**

**આત્માને એકાન્તે અનિત્ય માનનારાના મતમાં પણ હિંસાદિ ઘટતાં નથી. કેમ કે, સ્વયં જ નાશ પામનારી ક્ષણોનો - જીવાદિ પદાર્થોનો નાશક કોણ થાય ?**

**ભાવાર્થ :**

આત્માને એકાન્તે નિત્ય માનનારના મતમાં તો હિંસાદિ ઘટી શકતાં નથી પણ આત્માને એકાન્તે અનિત્ય માનનારના મતમાં પણ હિંસાદિ ઘટતાં નથી. જ્યારે પદાર્થનો સ્વભાવ જ એવો હોય કે, તે સ્વયં જ બીજી ક્ષણે નાશ પામી જતો હોય, ત્યારે તેનો નાશ કરનાર કોણ બને ? અને જ્યારે નાશક જ ન હોય, ત્યારે કોની પ્રવૃત્તિને હિંસા તરીકે સ્વીકારી શકાય ? અને હિંસા શક્ય જ ન હોય તો અહિંસા પાલનની વાત કે ઉપદેશ પણ શી રીતે ઘટે ? આથી જ એકાન્તે અનિત્ય માનનારના મતમાં પણ હિંસાદિ ઘટતાં નથી.

**વિશેષાર્થ :**

બૌદ્ધ મત આત્માને એકાન્તે અનિત્ય માને છે. તેમના મતે દરેક વસ્તુ એકાન્તે ક્ષણિક છે એટલે કે વસ્તુ માત્ર એક ક્ષણ જ રહે છે, તેનો સ્વભાવ જ એવો છે કે, તે બીજી ક્ષણે વિનાશ પામી જ જાય. આત્મા આદિ દરેક પદાર્થ પ્રથમ ક્ષણે ઉત્પન્ન થાય છે અને બીજી જ ક્ષણે સ્વયં વિનાશ પામી જાય છે. આવી માન્યતા હોવાને કારણે આત્માને પણ એકાન્તે ક્ષણિક માનનાર બૌદ્ધ મતમાં પણ હિંસા ન ઘટે. કેમ કે, આત્મા જો બીજી ક્ષણે રહેવાનો હોય તો કોઈ હિંસક વ્યક્તિ તેનો નાશ કરી તેની હિંસા કરી શકે. જેમકે કોઈ ઘડો બન્યા પછી બીજી ક્ષણે હાજર હોય તો કોઈ તેને લાકડી મારી ફોડી શકે, પરંતુ ઘડો સ્વયં જ બીજી ક્ષણે નાશ પામી જતો હોય તો તેનો નાશ કોઈ કેવી રીતે કરી શકે ? તેવી જ રીતે જેની હિંસા કરાય છે તે હિંસ્ય વ્યક્તિ જ્યારે સ્વયં જ બીજી ક્ષણે નાશ પામી જતી હોય ત્યારે, 'હિંસકે શસ્ત્રનો ઘા કરી તેને મારી નાંખ્યો,' તેમ કેવી રીતે કહી શકાય ? હવે જ્યાં આત્માના નાશમાં કોઈ અન્ય વ્યક્તિ કારણભૂત નથી બનતી ત્યાં કોની પ્રવૃત્તિને હિંસા તરીકે સ્વીકારી શકાય ? આથી જ આત્માને એકાન્તે અનિત્ય માનનાર મતમાં પણ હિંસા આદિ ઘટી શકતાં નથી.

જૈનદર્શન પણ આત્માને અનિત્ય માને છે, પણ એકાન્તે નહિ. તે આત્માને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય માને છે, તેથી ક્યારેક કોઈક વ્યકિત સંક્લેશને આધીન થઈ કોઈ અન્ય જીવની પશુ, પક્ષી કે માનવ વગેરે અવસ્થાનો નાશ કરે ત્યારે તેણે હિંસા કરી કહેવાય અને તે સ્વયં હિંસક પણ મનાય. આમ, અપેક્ષાભેદથી આત્માને નિત્ય-અનિત્ય માનનાર જૈનમત પ્રમાણે હિંસાદિ ઘટી શકે છે, તેથી તે તાપશુદ્ધ શાસ્ત્ર કહેવાય છે. ॥૫૬॥

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું કે, બૌદ્ધોના ક્ષણિકવાદના આધારે 'આત્માને એકાન્તે અનિત્ય માનવામાં હિંસાદિ ઘટતાં નથી.' તેના બચાવમાં પૂર્વપક્ષી બૌદ્ધો જે કહે છે, તે રજૂ કરીને, તેની તે વાત કઈ રીતે બરાબર નથી તે જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્લોક :

आनन्तर्यं[३] क्षणानां[२] तु[१], न[४] हिंसादिनियामकम्[५] ।
विशेषादर्शनात्[८] तस्य[७], बुद्धलुब्धकयोर्मिथः[६] ॥५७॥

**શબ્દાર્થ :**

૧/૨.तु क्षणानां - વળી ક્ષણોનું ૩. आनन्तर्यं - આનન્તર્ય ૪/૫. न हिंसादिनियामकम् - હિંસાદિનું નિયામક નથી. ૬. बुद्धलुब्धकयोः मिथः - (કેમ કે) બુદ્ધ અને શિકારીમાં પરસ્પર ૭. तस्य - તેના = ક્ષણોનું જે આનન્તર્ય છે, તેના ૮. विशेषादर्शनात् - વિશેષનું દર્શન થતું નથી.

**શ્લોકાર્થ :**

**વળી 'ક્ષણોનું જે (વિસભાગસંતતિરૂપ) આનન્તર્ય છે એટલે એક ક્ષણ પછી કોઈપણ અંતર વગર વિસભાગસંતતિ ચલાવે તેવી તરત આવતી ક્ષણનો જે એક વિશિષ્ટ ધર્મ છે તે જ હિંસાદિનો નિયામક બને છે' - એવું કહેવું યોગ્ય નથી, કેમ કે બુદ્ધ કે શિકારીમાં પરસ્પર તે ક્ષણો સંબંધી આનન્તર્યના વિશેષનું દર્શન થતું નથી એટલે કે ક્ષણોનું આનન્તર્ય તો બુદ્ધ અને શિકારીમાં સમાન છે.**

**ભાવાર્થ :**

બૌદ્ધમતનું માનવું છે કે, જ્યારે સમાન સંતાનની પરંપરા ચાલે તેવી ક્ષણનો અંત આવે અને ચાલુ પરંપરા કરતાં જુદા જ પ્રકારના સંતાનની પરંપરાવાળી ક્ષણ આવે ત્યારે તે અનન્તર ક્ષણનું આનન્તર્ય જ હિંસાનું નિયામક બનશે અને તેવી વિસદૃશસંતતિવાળી અનન્તર ક્ષણ જેણે ઉત્પન્ન કરી હશે તે જ હિંસક મનાશે. બૌદ્ધની આવી વાત પણ સ્વીકારી શકાય તેમ નથી. કેમ કે (આ શ્લોકના વિશેષાર્થના છેલ્લા પેરાગ્રાફમાં બતાવ્યા મુજબ) શિકારી કે બુદ્ધ બન્ને અનન્તર ક્ષણ ઉત્પન્ન કરે છે, તેથી બન્નેને હિંસક માનવાની આપત્તિ આવશે.

**વિશેષાર્થ :**

આત્માને એકાન્તે અનિત્ય માનનારા બૌદ્ધદર્શનકારોના મતમાં હિંસાદિ ઘટી શકે નહિ, કેમકે એક પછી એક એમ નિરન્તર ચાલતી ક્ષણોના નાશની સાથે જ એક ક્ષણ માટે જ અસ્તિત્વ ધરાવતો પદાર્થ પણ સ્વયં જ વિનાશ પામી જાય છે, તેથી તેનો કોઈએ નાશ કર્યો એવું ન કહેવાય. પદાર્થ કોઈની પ્રવૃત્તિથી નાશ પામતો હોય તો કોઈએ તેને નષ્ટ કર્યો એમ કહી શકાય. તે જ રીતે જીવનું કોઈ વ્યક્તિના પ્રયત્નથી મૃત્યું થતું હોય તો કોઈએ તેની હિંસા કરી એવું કહી શકાય, પરંતુ જ્યારે પદાર્થ સ્વયં જ બીજી ક્ષણે નાશ પામી જતો હોય કે જીવ પણ જ્યારે ઉત્પત્તિની બીજી જ ક્ષણે મૃત્યુ પામી જતો હોય ત્યારે કોઈએ હિંસા કરી એવું કેવી રીતે કહેવાય ?

પૂર્વ ગાથામાં આપેલી આવી આપત્તિનું સમાધાન કરવા માટે બૌદ્ધ દર્શનકારો એમ કહે છે કે, "પદાર્થ સ્વયં જ વિનાશ પામે છે, છતાં પણ તે પદાર્થ ઉત્તરક્ષણમાં પોતાના સંતાનને પેદા કરે છે. આ સંતાન ક્યારેક પૂર્વના પદાર્થ જેવો જ હોય છે તો ક્યારેક વળી તેના કરતાં જૂદો જ હોય છે. પોતાના સમાન (સદૃશ) સંતાનને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સભાગસંતતિ કહેવાય છે અને પોતાના કરતાં વિલક્ષણ (વિસદૃશ) સંતાનને વિસભાગસંતતિ કહેવાય છે. જ્યારે એક ક્ષણ પછી તરત આવતી બીજી ક્ષણમાં વિસભાગસંતતિ પેદા થાય ત્યારે તે વિસભાગસંતતિરૂપ ક્ષણોનું આનન્તર્ય[1] જ હિંસા છે. સભાગસંતતિવાળી બીજી ક્ષણ તો સ્વયં જ પેદા થાય છે, પરંતુ વિસભાગસંતતિવાળી બીજી ક્ષણ કોઈના પ્રયત્નથી પણ પેદા થઈ શકે છે. જ્યારે વિસભાગસંતતિવાળી ક્ષણ કોઈના પ્રયત્નથી પેદા થાય ત્યારે તેવો પ્રયત્ન કરનાર વ્યક્તિને હિંસક કહેવાય છે. આ રીતે આત્માને એકાન્તે અનિત્ય માનનારના પક્ષમાં પણ હિંસક અને હિંસાદિ ઘટી શકે."

ગ્રંથકારશ્રીજીનું કહેવું છે કે, બૌદ્ધની આવી માન્યતા પણ યોગ્ય નથી, કેમકે 'ભૂંડની વિસભાગસંતતિવાળી ક્ષણને ઉત્પન્ન કરનાર શિકારીને જો હિંસક માનવામાં આવે તો બુદ્ધને પણ હિંસક માનવાની આપત્તિ આવે. ભૂંડને મારી શિકારી તેની વિસભાગસંતતિ પેદા કરે છે એટલે કે શિકારીને ભૂંડની વિસભાગસંતતિરૂપ અનન્તર ક્ષણ ઉત્પન્ન કરવામાં કારણ મનાય છે. તેની જેમ જ્યારે બુદ્ધ મૃત્યુ પામે ત્યારે પોતાના મૃત્યુ પછી જે પોતાની વિસભાગસંતતિ પેદા થાય છે તેમાં બુદ્ધ સ્વયં ઉપાદાન કારણ છે, તેથી બુદ્ધને પણ હિંસક માનવા પડે. આમ, વિસભાગસંતતિરૂપ અનન્તર ક્ષણ પેદા કરવામાં જેમ શિકારી કારણ છે તેમ બુદ્ધ પણ કારણ છે, તેથી માત્ર વિજાતીયક્ષણની ઉત્પત્તિને હિંસા ન માની શકાય અને તેના ઉત્પાદકને હિંસક પણ ન કહેવાય. આમ, એકાન્તે અનિત્ય માનનારના મતમાં હિંસાદિ ઘટી શકતાં નથી. ॥૫૭॥

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકમાં કહ્યું કે વિસભાગસંતતિવાળું ક્ષણોનું આનન્તર્ય જેમ શિકારી ઉત્પન્ન કરે છે તેમ બુદ્ધ પણ ઉત્પન્ન કરે છે, તેથી તે બન્નેમાં કોઈ ફરક નથી, તેથી ક્ષણોના આનન્તર્યને હિંસાદિનું નિયામક ન માની શકાય; તેની સામે પૂર્વપક્ષી કહે છે કે, શિકારી અને બુદ્ધ બન્ને વિસભાગસંતતિરૂપ અનન્તર ક્ષણની ઉત્પત્તિમાં ભલે નિમિત્ત અને ઉપાદાન કારણ હોય પણ શિકારીમાં સંક્લેશ હોય છે જ્યારે બુદ્ધમાં સંક્લેશ નથી હોતો, તેથી શિકારીને હિંસક મનાય, બુદ્ધને નહિ. તેનું નિરાકરણ કરતાં કહે છે -

**શ્લોક :**

**सङ्क्लेशेन विशेषश्चेदानन्तर्यमपार्थकम् ।**
**न हि तेनापि संक्लिष्टमध्ये भेदो विधीयते ॥५८॥**

**मनोवाक्काययोगानां भेदादेवं क्रियाभिदा ।**
**समग्रैव विशीर्येतेत्येतदन्यत्र चर्चितम् ॥५९॥**

**શબ્દાર્થ :**

૧. चेत् - જો ૨. सङ्क्लेशेन - સંક્લેશથી ૩. विशेषः - (વિસભાગસંતતિવાળા આનન્તર્યના કારણ એવા બુદ્ધ અને શિકારીમાં) વિશેષ=ફરક છે. (એવું કહો તો) ૪. आनन्तर्यम् - આનન્તર્ય ૫. अपार्थकम् - વ્યર્થ જાય, ૬. हि - કારણ કે, ૭. तेनापि - તેનાથી પણ = આનન્તર્યથી પણ (કંઈ) ૮. संक्लिष्टमध्ये - સંક્લિષ્ટ વ્યક્તિઓ વચ્ચે ૯/૧૦/૧૧. भेदः न विधीयते - ભેદ કરાતો નથી. ૧૨. एवं - (વળી) આ પ્રમાણે = આનન્તર્ય વ્યર્થ છે અને સંક્લેશના લીધે જ શિકારી હિંસક મનાય અને બુદ્ધ હિંસક ન મનાય,

1. आनन्तर्य = अनन्तरस्य भावः અંતરરહિતપણું, વચમાં વ્યવધાનનો અભાવ. અવ્યવધાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ સ્વીકારીએ તો ૧૩. मनोवाक्काययोगानां - મન-વચન-કાયાના યોગોના ૧૪. भेदात् - ભેદથી ૧૫. क्रियाभिदा - (જે) ક્રિયાભેદો (ઉત્પન્ન થાય છે, ) ૧૬. समग्रैव - (તે) સમગ્ર (ક્રિયાભેદો) જ ૧૭. विशीर्येत - નાશ પામી જાય. ૧૮. इति एतद् - આ (ક્રિયાભેદો નાશ પામી જાય એ) વાત ૧૯. अन्यत्र - અન્યત્ર = અન્ય શાસ્ત્રોમાં ૨૦. चर्चितम् ચર્ચેલ છે.

**શ્લોકાર્થ :**

**વિસભાગસંતતિના ઉત્પાદક બુદ્ધ અને શિકારીમાં, સંક્લેશના કારણે વિશેષ (ફરક) છે; એમ જો કહો તો આનન્તર્યને (હિંસાનું નિયામક માનવું) વ્યર્થ છે, કેમકે આનન્તર્યથી પણ કાંઈ સંક્લિષ્ટ વ્યક્તિઓ વચ્ચે ભેદ કરાતો નથી. વળી, આ રીતે વિસભાગસંતતિ ઉત્પન્ન થાય તેની પૂર્વ ક્ષણમાં વર્તતા બુદ્ધ અને શિકારીમાં માત્ર સંક્લેશના આધારે ફરક છે એમ સ્વીકારશો તો મન-વચન-કાયાના યોગના ભેદથી જે ક્રિયાના ભેદો પડે છે, તે સમગ્ર નાશ પામી જાય. આ વિષયની ચર્ચા અન્ય ગ્રન્થોમાં કરેલ છે.**

**ભાવાર્થ :**

બુદ્ધ અને શિકારી બન્ને વિસભાગસંતતિરૂપ ક્ષણોનું આનન્તર્ય પેદા કરવામાં કારણભૂત છે, તેથી શિકારીની જેમ બુદ્ધને પણ હિંસક માનવાની જે આપત્તિ આવે, તેનું નિરાકરણ કરવા બૌદ્ધ એવી દલીલ કરે છે કે, 'શિકારીમાં સંક્લેશ છે અને બુદ્ધમાં સંક્લેશ નથી તેથી બન્ને સરખા નથી; પરંતુ બન્નેમાં સંક્લેશના કારણે ફરક પડે છે. આમ, સંક્લેશના આધારે નક્કી કરી શકાય કે કોણ હિંસક છે અને કોણ નથી.'

બૌદ્ધની આ માન્યતાના જવાબમાં ગ્રંથકારશ્રી કહે છે કે "બૌદ્ધોનું આ સમાધાન પણ યોગ્ય નથી. કેમ કે જો સંક્લેશના કારણે બન્નેમાં ભેદ છે, એવું સ્વીકારીએ તો પછી આનન્તર્યને હિંસાનું નિયામક માનવાની કોઈ જરૂરત રહેતી નથી. કેમ કે બુદ્ધ કે શિકારીમાં સંક્લેશના કારણે જ ફરક છે એમ સ્વીકાર્યા પછી પણ આનન્તર્યના લીધે સંક્લેશવાળી બે વ્યક્તિઓ વચ્ચે ભેદ કરાતો નથી.

વળી, આ રીતે માત્ર સંક્લેશને હિંસાનો નિયામક માનવામાં આવે તો સંક્લેશ એક માનસિક પરિણામ છે, તેથી મનથી હિંસા થવા રૂપ હિંસાનો એક ભેદ પ્રાપ્ત થશે; પરંતુ મનથી, વચનથી અને કાયાથી કરણ, કરાવણ અને અનુમોદનરૂપ જે હિંસાદિ ક્રિયાના અનેક ભેદો પડે છે તે ભેદો નહિ પડી શકે. અને એ ભેદોને સ્વીકાર્યા વિના હિંસા-અહિંસાના યથોચિત ભેદો પણ નહિ પડી શકે."

**વિશેષાર્થ :**

'પદાર્થનું અસ્તિત્વ માત્ર એક ક્ષણ જ હોય છે. બીજી ક્ષણે તે વિનાશ પામી જાય છે.' - આવી માન્યતાવાળા બૌદ્ધ મતમાં હિંસાદિ ઘટી શકે નહીં, કેમકે સ્વયં જ વિનાશ પામી જતા આત્માની હિંસા કરનાર કોણ બની શકે ? તેની સામે બૌદ્ધનું એમ કહેવું છે કે, 'વિસભાગસંતતિરૂપ ક્ષણોનું આનન્તર્ય જ હિંસા છે.' તેની આવી વાત સ્વીકારી લેવામાં આવે તો બુદ્ધ અને શિકારી બન્નેને હિંસક માનવા પડે. કેમ કે, બુદ્ધ પોતાની વિસભાગસંતતિ ઉત્પન્ન કરવામાં ઉપાદાન કારણ છે, તો શિકારી ભૂંડની વિસભાગસંતતિ ઉત્પન્ન કરવામાં નિમિત્ત કારણ છે, બન્નેમાં કોઈ ફરક નથી.

આ આપત્તિનું નિરાકરણ કરવા બૌદ્ધ કહે છે કે, 'બુદ્ધ અને શિકારી બન્ને સરખા નથી, કારણ કે બન્ને વચ્ચે સંક્લેશ-અસંક્લેશના આધારે ભેદ પડે છે.' શિકારી જ્યારે ભૂંડની હિંસા કરે છે ત્યારે તેનામાં 'હું આને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારું' તેવો સંક્લેશભાવ હોય છે. જ્યારે બુદ્ધ મૃત્યુ પામે ત્યારપછી તેમની પણ વિજાતીયસંતતિરૂપ ઉત્તરક્ષણ પેદા થાય છે, પરંતુ તેની પૂર્વ ક્ષણમાં એટલે કે જીવનની છેલ્લી ક્ષણમાં 'હું આને મારું' તેવો સંક્લેશભાવ વર્તતો નથી. આના આધારે એમ કહી શકાય કે શિકારી હિંસક છે, કેમ કે તેનામાં સંક્લેશ છે અને બુદ્ધ હિંસક નથી, કેમ કે તેમનામાં સંક્લેશ નથી.

બૌદ્ધની આવી માન્યતાના આધારે એવું નક્કી કરી શકાય કે, 'તેમના મતે માત્ર વિસભાગસંતતિવાળું ક્ષણોનું આનન્તર્ય હિંસાનું નિયામક નથી, પરંતુ સંક્લેશ સહિત (વિશિષ્ટ) વિસભાગસંતતિવાળું ક્ષણોનું આનન્તર્ય હિંસાનું નિયામક છે. તેથી શિકારી હિંસક કહેવાય પણ બુદ્ધ હિંસક ન કહેવાય.'

આની સામે ગ્રંથકારશ્રી કહે છે કે, સંક્લેશના કારણે શિકારી અને બુદ્ધમાં ભેદ સ્વીકારવામાં આવે તો આ પૂર્વે બૌદ્ધોએ જે જણાવ્યું તે ક્ષણોનું આનન્તર્ય નિષ્પ્રયોજન ઠરશે. નૈયાયિકની ભાષામાં કહીએ તો જો સંક્લેશને ભેદક માનવામાં આવે તો આનન્તર્ય અન્યથાસિદ્ધ થઈ જશે એટલે કે, સંક્લિષ્ટતાથી જ જો હિંસક અને અહિંસકનો ભેદ પુરવાર થઈ જાય છે માટે આનન્તર્યની કોઈ જરૂર રહેતી નથી તેથી કારણત્વેન આનન્તર્ય અસિદ્ધ થઈ જાય છે. આ આનન્તર્યને કારણ તરીકે સ્વીકારવાની કોઈ જરૂરીયાત નહિ રહે.

હવે જો આનન્તર્ય વ્યર્થ ઠરે તો કોઈ બે વ્યક્તિ અન્યને મારવાના પરિણામરૂપ સંક્લેશવાળી બને. તેમાંથી એક વ્યક્તિ હિંસા કરી શકે (વિસભાગસંતતિરૂપ આનન્તર્ય પેદા કરી શકે) અને બીજી વ્યક્તિ સામગ્રી અને સંયોગ ન મળવાથી હિંસા ન કરી શકે. આમ છતાં જ્યારે સંક્લેશને જ હિંસાનું નિયામક માનવામાં આવે તો બન્નેય એક સરખા હિંસક ન હોવા છતાં બન્નેને એક સરખા હિંસક માનવા પડે, તેથી નિયમ એવો થયો કે વિસભાગસંતતિરૂપ આનન્તર્ય પેદા થાય કે ન થાય તોપણ સંક્લેશવાળી બન્ને વ્યક્તિઓને હિંસક માનવી પડે, તેથી શિકારી અને બુદ્ધના દૃષ્ટાંતની જેમ અન્યત્ર પણ સંક્લેશ જ હિંસાનો નિયામક બની જાય છે, પછી હિંસા થઈ કે ન થઈ, તેનો નિર્ણય કરવામાં વિસભાગસંતતિરૂપ આનન્તર્ય કોઈ ભાગ ભજવતું નથી તે નિષ્પ્રયોજન બની જાય છે.

તદુપરાંત હિંસાનો નિર્ણય કરવામાં માત્ર સંક્લેશ જ નિયામક બને અને વિસભાગસંતતિરૂપ આનન્તર્ય વ્યર્થ મનાય તો, શાસ્ત્રમાં અને લોકવ્યવહારમાં પણ જે મન, વચન, કાયાના યોગથી તથા કરવા, કરાવવા, અનુમોદવાના સ્વરૂપથી હિંસા કે અહિંસાની ક્રિયાના ભેદો (પ્રકારો) જણાવ્યા છે, તે ભેદો પણ ઘટી શકશે નહીં.

આમ, જે લોકો આત્માને એકાન્તે અનિત્ય માને છે, ક્ષણમાત્ર અસ્તિત્વ ધરાવનાર માને છે, તેઓ જુદી જુદી અનેક દલીલો કરી પોતાના મતે પણ હિંસા-અહિંસાદિ ઘટી શકે છે, તેવું સિદ્ધ કરવાની મહેનત કરે છે; પરંતુ તેમના મતમાં હિંસાદિ ઘટી શકતાં નથી. જે સિદ્ધાંતને સ્વીકારવાથી હિંસા-અહિંસા જ ન ઘટી શકે તેવા અસત્ સિદ્ધાંતનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રના આધારે અતીન્દ્રિય માર્ગે પ્રવૃત્તિ પણ કેવી રીતે કરી શકાય ?

આ સંદર્ભમાં એટલું નોંધમાં લેવું કે, જૈનદર્શન પણ સંક્લેશને હિંસા માને છે, પરંતુ તે એકાન્તે સંક્લેશથી જ હિંસા થાય છે એવું નથી માનતું. નિશ્ચયનયથી તે સંક્લેશને હિંસા માને છે તો વ્યવહારનયથી તે મન-વચન-કાયાના યોગોથી કરણ-કરાવણ-અનુમોદનરૂપ પ્રવૃત્તિઓને પણ હિંસા તરીકે સ્વીકારે છે. માટે જ શ્રી તત્ત્વાર્થસૂત્રમાં प्रमत्तयोगात्[1] प्राणव्यपरोपणं हिंसा । એવું સૂત્ર આપવામાં આવ્યું છે. ।।૫૮-૫૯।।

૧. આ વાક્યને વિશેષથી સમજવા ગાથા નં. ૩૬ની ફુટ નોટ નં. ૧ જોવી પાના નં. ૯૭/૯૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનેકાન્તવાદનું ફળ માધ્યસ્થ્ય

ગાથા ૬૦-૬૧-૬૨-૬૩-૬૪

**અવતરણિકા :**

એકાન્ત નિત્યવાદ કે એકાન્ત અનિત્યવાદનો સ્વીકાર કરતાં શું આપત્તિ આવે છે તેનો ઉપસંહાર કરી અનેકાન્તવાદનો મહિમા ગાતા ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

नित्यानित्याद्यनेकान्तशास्त्रं[२] तस्माद्[१]विशिष्यते[३] ।
तद्दृष्ट्यैव[४] हि[५] माध्यस्थ्यं[७] गरिष्ठ[६]मुपपद्यते[८] ॥६०॥

**શબ્દાર્થ :**

૧. तस्मात् - તે કારણથી ૨. नित्यानित्याद्यनेकान्तशास्त्रं - નિત્ય-અનિત્ય આદિ અનેકાન્તવાદવાળું શાસ્ત્ર ૩. विशिष्यते - વિશેષિત કરાય છે = યુક્તિયુક્ત છે. ૪/૫. तद्दृष्ट्या एव हि - તે (અનેકાન્ત શાસ્ત્ર)ની દૃષ્ટિથી જ ખરેખર ૬/૭. गरिष्ठम् माध्यस्थ्यं - ઉત્કૃષ્ટ માધ્યસ્થ્ય ૮. उपपद्यते - પપન્ન (પ્રાપ્ત) થાય છે.

**શ્લોકાર્થ :**

**(આત્માને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માનવામાં હિંસાદિ ઘટી શકતાં નથી,) તે કારણથી આત્માને નિત્યાનિત્યરૂપે સ્વીકારનાર અનેકાન્તશાસ્ત્ર વિશેષતાને પામે છે અર્થાત્ યુક્તિયુક્ત ઠરે છે. વળી અનેકાન્તશાસ્ત્રની દૃષ્ટિથી જ ખરેખર ઉત્કૃષ્ટ મધ્યસ્થભાવ પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :**

આત્મા આદિ પદાર્થોને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માનવામાં આવે તો હિંસા-અહિંસા વગેરે ઘટી શકતાં નથી. જે શાસ્ત્રોના સિદ્ધાન્તાનુસાર સર્વધર્મમાન્ય હિંસા આદિ ન ઘટે, તે શાસ્ત્રને પ્રમાણભૂત કેવી રીતે મનાય ? આત્માને નિત્યાનિત્ય સ્વીકારવામાં આવે તો જ હિંસાદિ ઘટી શકે છે, તેથી અનેકાન્તદૃષ્ટિવાળાં શાસ્ત્રો જ વિશેષ છે અર્થાત્ યુક્તિ યુક્ત છે. સર્વજન માન્ય હિંસાદિને સંગત બનાવી આપવાં, એ જ આ શાસ્ત્રોની વિશેષતા છે. વળી અનેકાન્ત શાસ્ત્રની દૃષ્ટિથી જ તત્ત્વનો યથાર્થ નિર્ણય કરાવે તેવો ગરિષ્ઠ મધ્યસ્થભાવ પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ :**

અનેકાન્ત શાસ્ત્રાનુસારે જ સર્વ શિષ્ટ પુરૂષોને માન્ય હિંસા અને અહિંસા, ઘટી શકે છે, માટે (સર્વશાસ્ત્રોમાં) અનેકાન્તસ્વરૂપ જૈનશાસ્ત્રો પ્રમાણભૂત છે અને સર્વશ્રેષ્ઠ છે. આત્માદિ પદાર્થોને એકાન્તે નિત્ય કે અનિત્ય માનતાં અન્યશાસ્ત્રોના આધારે હિંસાદિ ઘટતાં નથી માટે આવાં શાસ્ત્રો પ્રમાણભૂત મનાય પણ નહિ અને તે વિશેષ છે એવું કહેવાય પણ નહિ. અનેકાન્ત શાસ્ત્રને જે સાધકો જાણે છે, તેને સારી રીતે સમજે છે, તે જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રેષ્ઠકોટિના મધ્યસ્થભાવને પામી શકે છે. મધ્યસ્થભાવ એટલે કોઈપણ વસ્તુની વિચારણામાં કે તત્ત્વનો નિર્ણય કરવામાં વ્યક્તિગત રાગ-દ્વેષને બાજુ ઉપર મૂકી, વસ્તુની યથાર્થતાનો વિચાર કરવાની ક્ષમતા.

માધ્યસ્થ્યને વરેલા આવા સાધકો પ્રામાણિક ન્યાયાધીશ જેવા હોય છે. પ્રામાણિક ન્યાયાધીશ જેમ કોઈને ન્યાય આપતાં પહેલાં બન્ને પક્ષની વાતો શાંતિથી સાંભળે છે, તેના ઉપર ઊંડું આલોચન કરે છે. તેમાં પોતાના કોઈ અંગત સ્વાર્થ કે રાગ-દ્વેષને વચ્ચે લાવ્યા વગર કાયદાના નિયમો પ્રમાણે પોતાને જે સત્ય લાગે તેના જ પક્ષે યોગ્ય ન્યાય આપે છે. તે જ રીતે સ્યાદ્વાદથી સંસ્કારિતમતિવાળો સાધક કોઈપણ પદાર્થનો નિર્ણય કરતાં પહેલાં, તે પદાર્થને વિવિધ દૃષ્ટિકોણથી જુએ છે. જુદા જુદા દૃષ્ટિકોણથી જોતાં નયવાદીઓની વાતોને શાંતિથી સાંભળે છે, તેમાં ક્યાંય આગ્રહ રાખતો નથી. લાગણીમાં આવીને ખોટાને સાચું કે સાચાને ખોટું કહેતો નથી. ક્યારેય સર્વને સમાન માની ગોળ-ખોળને એક ત્રાજવે તોળવા જેવી ભૂલ કરતો નથી, પરંતુ તત્ત્વના નિર્ણયમાં તે સર્વત્ર મધ્યસ્થ રહે છે અને નિર્ણય થયા બાદ સાચાનો પક્ષ કરે છે અને ખોટાને મચક આપતો નથી.

સ્યાદ્વાદના બોધને કારણે વ્યક્તિમાં ક્યાંય પક્ષપાત રહેતો નથી, તેની દૃષ્ટિ અને તેનું હૈયું વિશાળ બને છે, તે વિરોધી વાતને પણ સાપેક્ષ રીતે સાંભળી શકે છે અને જે વાત યુક્તિયુક્ત લાગે તેનું યોગ્ય સ્થાને જોડાણ કરી, સ્વીકારી પણ શકે છે. અનેકાન્તના સિદ્ધાન્તને સમજી વિવેકપૂર્વક તેનો સ્વીકાર કરનાર ઉત્કૃષ્ટ મધ્યસ્થભાવને વરેલા ૧૪૪૪ ગ્રંથના રચયિતા પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા એક શ્લોકમાં[1] જણાવે છે કે, 'મને વીર પરમાત્મા પ્રત્યે પક્ષપાત નથી કે કપિલ વગેરે ઉપર દ્વેષ પણ નથી, જેનું પણ વચન યુક્તિયુક્ત હોય તેનો સ્વીકાર કરવો જોઈએ.' આગળ ગ્રંથકારશ્રી તો ત્યાં સુધી કહેવાના છે કે, જેઓમાં મધ્યસ્થભાવ પ્રગટ્યો હોય તે જ સ્યાદ્વાદ ભણેલા કહેવાય, કેમકે સ્યાદ્વાદનું મુખ્ય ફળ માધ્યસ્થ્ય છે. આવા વચન ઉપરથી સમજી શકાય છે કે, સ્યાદ્વાદને સમજનારા કેટલા નિષ્પક્ષપાતી અને મધ્યસ્થ હોય છે. ॥૬૦॥

**અવતરણિકા :**

અનેકાન્ત દૃષ્ટિથી જેનામાં ઉત્કૃષ્ટ મધ્યસ્થભાવ પ્રગટ થયો હોય, તેની સર્વ નયો પ્રત્યે કેવી દૃષ્ટિ હોય તે બતાવતાં કહે છે -

**શ્લોક :**

यस्य[१] सर्वेषु[२] समता[५], नयेषु[३] तनयेष्विव[४] ।
तस्यानेकान्तवादस्य[६], क्व[७] न्यूनाधिकशेमुषी[८] ॥६१॥

**શબ્દાર્થ :**

૧. यस्य - જે(અનેકાન્તવાદ)ની ૨/૩. सर्वेषु नयेषु - સર્વ નયોમાં ૪. तनयेषु इव - (સર્વ) પુત્રોની જેમ ૫. समता - સમતા (સમાનતા હોય છે,) ૬. तस्य अनेकान्तवादस्य - તે અનેકાન્તવાદની ૭/૮. क्व न्यूनाधिकशेमुषी - ક્યાં (કયા નયોમાં) ઓછી કે વધતી બુદ્ધિ (હોય ?)

1. पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :**

**જે અનેકાન્તવાદની સર્વનયો પ્રત્યે પુત્રોની જેમ સમાનબુદ્ધિ હોય છે, તે અનેકાન્તવાદની કયા નયોમાં ન્યૂન કે અધિક બુદ્ધિ હોય ? અર્થાત્ ક્યાંય ન હોય.**

**ભાવાર્થ :**

અનેક સંતાનોના પિતાને જેમ સર્વ પુત્રોમાં સમાન બુદ્ધિ હોય છે, તેમ પોતાના અંશ સમાન દરેક સુનયોમાં અનેકાન્તવાદની પણ સમાન બુદ્ધિ હોય છે. અનેકાન્તવાદ એટલે જ અનેક સુનયોનો સમૂહ. તેથી અનેકાન્તવાદને કોઈ એક નયમાં અધિક બુદ્ધિ કે અન્યમાં ન્યૂનતાની બુદ્ધિ હોતી નથી. હા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને જ્યાં જે નયની પ્રધાનતા આપવી જરૂરી હોય ત્યાં તે પ્રમાણે તે તે નયોને અનેકાન્તવાદી પ્રાધાન્ય આપે, પરંતુ તેને કોઈ પ્રત્યે પક્ષપાત હોતો નથી.

**વિશેષાર્થ :**

પિતાને જેમ પોતાનાં દરેક સંતાનો પ્રત્યે સમાન પ્રેમ કે લાગણીનો ભાવ હોય છે, તેમ પિતાતુલ્ય અનેકાન્તવાદને પણ પુત્રતુલ્ય સર્વ સુનયોમાં પોતાનાં બાળકો જેવી તુલ્યદૃષ્ટિ હોય છે. સર્વનયોના સમૂહ સમાન સ્યાદ્વાદને કોઈપણ નયમાં 'આ હીન છે' કે 'આ અધિક છે' એવી બુદ્ધિ થતી નથી.

સમાન પ્રેમ હોવા છતાં પિતા જે ક્ષેત્રમાં જે પુત્રની યોગ્યતા દેખાય તે ક્ષેત્રમાં તે પુત્રને આગળ કરે છે. બુદ્ધિશાળીને વ્યાપારમાં જોડે તો મંદબુદ્ધિવાળાને ગૃહકાર્યમાં જોડે છે. સક્ષમ પુત્ર પ્રત્યે પિતા ક્યારેક ઓછું ધ્યાન આપે તો શારીરિક કે માનસિક નબળાઈવાળા પ્રત્યે વિશેષ ધ્યાન પણ આપે. તેની જેમ અનેકાન્તવાદ પણ સર્વનયો પ્રત્યે સમાનદૃષ્ટિવાળો હોવા છતાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લક્ષ્યમાં લઈને જ્યારે નિશ્ચયને મુખ્યતા આપવાની આવશ્યકતા જણાય ત્યારે નિશ્ચયને પ્રધાન કરે અને જ્યારે વ્યવહારને મુખ્યતા આપવાની જરૂર જણાય ત્યારે વ્યવહારને પ્રધાનતા આપે છે. તે જ રીતે જ્યારે ક્રિયાનયને પ્રાધાન્ય આપવાની આવશ્યકતા જણાય ત્યારે ક્રિયાનયને આગળ કરે છે અને જ્યારે જ્ઞાનનયને પ્રાધાન્ય આપવાની જરૂર જણાય ત્યારે જ્ઞાનનયને પ્રાધાન્ય આપે છે. જે સંયોગોમાં જે નયથી હિત થતું જણાય તે નયને અનેકાન્તવાદ વિશેષ મહત્ત્વ આપે છે.

અનેકાન્તવાદને સમજેલા ગુરુભગવંતમાં પણ સર્વનું હિત કરવાની ભાવના હોય છે, તેથી જો કોઈ શ્રોતાની બુદ્ધિ વ્યવહાર કે ક્રિયા પ્રત્યે જરૂર કરતાં વધુ ઢળેલી જણાય તો તેને ગુરુભગવંત નિશ્ચયની કે જ્ઞાનની વાતો કરી પરિણામની શુદ્ધિ તરફ દોરે છે. એ જ રીતે જો કોઈ શ્રોતા નિશ્ચયનય તરફ અતિ ઢળી ગયો હોય તો ગુરુભગવંત તેને વ્યવહાર પણ તેના સ્થાને અતિ મહત્ત્વનો છે તેમ સમજાવી વ્યવહાર પ્રત્યે પણ આદરવાળો બનાવે છે. કોઈ શિષ્ય જો એકાન્ત ઉત્સર્ગરૂચિવાળો હોય તો તેને અવસરે અપવાદ પણ માર્ગ છે તેમ જણાવે છે. એ જ રીતે કોઈ જીવ અપવાદ પ્રત્યે વિશેષરુચિવાળો થઈ ગયો હોય તો તેને ઉત્સર્ગની વાતો કરી સત્વશાળી પણ બનાવે છે. ટૂંકમાં જે પણ નયની વિચારસરણી અપનાવવાથી શુદ્ધ આત્મતત્ત્વને પામવા તરફ આગળ વધાતું હોય તે નયને અનેકાન્તવાદ પ્રાધાન્ય આપીને સરવાળે સાધકને સર્વનય પ્રત્યે સમાન દૃષ્ટિવાળો બનાવી મધ્યસ્થભાવમાં સ્થિર કરે છે. ॥૬૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

સુનયો પ્રત્યે તો અનેકાન્તની સમાન બુદ્ધિ હોય, પરંતુ દુર્નયો પ્રત્યે શું અનેકાન્તવાદને દ્વેષ ન હોય ? આવી જિજ્ઞાસાનું સમાધાન કરતાં કહે છે-

**શ્લોક :**

स्वतन्त्रास्तु[१] नयास्तस्यं[२][३], नांशाः[४] किन्तु[५] प्रकल्पिताः[६] ।
रागद्वेषौ[१२] कथं[११] तेषाम्[७], दूषणेऽपि[८] च[९] भूषणे[१०] ? ॥६२॥

(નોંધ : અહીં तेषाम् ના બદલે तस्य એવો પાઠ પણ મળે છે.)

**શબ્દાર્થ :**

૧/૨. स्वतन्त्रास्तु नयाः - વળી સ્વતન્ત્ર નયો (દુર્નયો) ૩/૪. तस्य अंशाः न - તેના = અનેકાન્તવાદના અંશો નથી ૫/૬. किन्तु प्रकल्पिताः - પરંતુ પ્રકલ્પિત છે- કાલ્પનિક છે. ૭. तेषाम् - તેઓના (કાલ્પનિક એવા તે નયોના) ૮/૯/૧૦. दूषणेऽपि च भूषणे - દૂષણમાં કે ભૂષણમાં પણ ૧૧/૧૨. कथं रागद्वेषौ - રાગ-દ્વેષ કેવી રીતે થાય ?

**શ્લોકાર્થ :**

**સ્વતન્ત્ર નયો (કે જે દુર્નય છે, તે) અનેકાન્તવાદના અંશો નથી; પરંતુ માત્ર કલ્પિત છે. કાલ્પનિક હોવાથી વાસ્તવમાં તેમનું અસ્તિત્વ જ નથી, તો તેઓના દૂષણમાં કે ભૂષણમાં પણ રાગ-દ્વેષ કેવી રીતે થાય ?**

**ભાવાર્થ :**

એકબીજાથી નિરપેક્ષ બનેલા જે સ્વતન્ત્ર નયો છે, તે સ્યાદ્વાદના અંશ નથી. તે શશ-શૃંગ જેવા એક કાલ્પનિક અભિપ્રાય માત્ર છે, પણ વાસ્તવિક પદાર્થસ્વરૂપ નથી, તેથી આવા સ્વતંત્ર નયોને સુંદર શબ્દોની હારમાળાથી શોભાવાય કે કુત્સિત વચનો દ્વારા દૂષિત કરાય તે બન્નેમાં અનેકાન્તવાદના પરમાર્થને સમજેલી વ્યક્તિને રાગ કે દ્વેષ થતો નથી, પરંતુ સ્યાદ્વાદી તો બન્ને પરિસ્થિતિમાં સદાય ઉદાસીન હોય છે.

**વિશેષાર્થ :**

સ્વતંત્ર નયો એટલે કોઈ એકદૃષ્ટિથી પદાર્થ જોઈ, 'આ પદાર્થ સર્વાંશે આવો જ છે' - તેવું કથન કરનારા દુર્નયો. આ દુર્નયો સ્યાદ્વાદના અંશ નથી, કેમ કે સ્યાદ્વાદ ક્યારેય કોઈ પદાર્થને સર્વાંશે એક દૃષ્ટિથી જોતો નથી. સ્યાદ્વાદ જ્યારે પણ કોઈ એક નયથી (દૃષ્ટિથી) પદાર્થને જોઈ એક ધર્મને મુખ્ય કરી પદાર્થની રજૂઆત કરે ત્યારે પણ વસ્તુમાં રહેલા બીજા ધર્મોનું તે ખંડન કરતો નથી; પરંતુ બીજા ધર્મોને પણ ગૌણરૂપે સ્વીકારે છે. જ્યારે દુર્નયો તો એક જ દૃષ્ટિથી પદાર્થને જોઈ આ પદાર્થ સર્વાંશે આવો જ છે તેવું કહેવા દ્વારા વસ્તુના વાસ્તવિક બીજા ધર્મનો અપલાપ કરે છે.

વાસ્તવમાં દુનિયાનો કોઈ પણ પદાર્થ એવો નથી કે જે એક જ ધર્મવાળો હોય. માટે આવા નયો વાસ્તવિક નથી પણ કલ્પના માત્ર છે. દુનિયામાં શીંગડું પણ હોય છે અને સસલું પણ હોય છે; પરંતુ શિંગડાંવાળું સસલું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોતું નથી, આમ છતાં ક્યારેક કોઈ એવી કલ્પના કરી બેસે કે કોઈ એક સસલું શીંગડાવાળું હતું અને પછી તે કાલ્પનિક સસલાને શબ્દોથી શણગારે કે તેને ગાળો આપે તો તે સાંભળી સુજ્ઞ વિવેકી વ્યક્તિને રાગ-દ્વેષ થતો નથી. એ જ રીતે કાલ્પનિક સ્વતંત્ર નયોને કોઈ નવાજે કે કોઈ દૂષિત કરે તોપણ અનેકાન્તવાદીને તેના પ્રત્યે કોઈ તોષ કે કોઈ રોષ થતો નથી. કેમ કે, તે સમજે છે કે આ તો માત્ર કાલ્પનિક અભિપ્રાયો છે પણ તત્ત્વભૂત વાત નથી, તેના ખંડન-મંડનમાં પડવાની જરૂર નથી. હા, તેવા એકાન્તવાદીના અભિપ્રાયથી બુદ્ધિ ભ્રષ્ટ ન થઈ જાય એટલા માટે અનેકાન્તવાદી તેના તરફ લક્ષ્ય આપ્યા વિના માત્ર ઉદાસીન રહે છે, એટલે કે તેની વાત ઉપર ધ્યાન આપતો નથી; પણ તેને તેના પ્રત્યે દ્વેષ નથી હોતો. દૂર રહેવામાં પોતાનું હિત છે માટે તે દૂર રહે છે. જેમ સંન્યાસીને સ્ત્રી પ્રત્યે કાંઈ દ્વેષ નથી હોતો, પણ તે જાણે છે કે સ્ત્રીથી દૂર રહેવામાં જ પોતાનું હિત છે એવું સમજવાથી સંન્યાસી સ્ત્રી પ્રત્યે ઉદાસીન રહે છે. ॥૬૨॥

**અવતરણિકા :**

પૂર્વ શ્લોકની વાતને જ હવે દૃષ્ટાંત દ્વારા સમજાવતાં કહે છે-

**શ્લોક :**

**अर्थे[4] महेन्द्रजालस्य[1], दूषितेऽपि[2] च भूषिते[3] ।**
**यथा[5] जनानां[6] माध्यस्थ्यं[7], दुर्नयार्थे[10] तथा[8] मुनेः[9] ॥६३॥**

**શબ્દાર્થ :**

૧. महेन्द्रजालस्य - ઇન્દ્રજાળના ૨/૩/૪. दूषितेऽपि च भूषिते अर्थे - દૂષિત અને ભૂષિત કરાયેલા એવા પણ પદાર્થમાં ૫/૬. यथा जनानां - જે પ્રકારે લોકોને ૭. माध्यस्थ्यं - માધ્યસ્થ્ય (ઉપેક્ષાભાવ) હોય છે ૮/૯. तथा मुनेः - તે પ્રકારે મુનિને ૧૦. दुर्नयार्थे - દુર્નયોરૂપ પદાર્થમાં (માધ્યસ્થ્ય -ઉપેક્ષાભાવ હોય છે.)

**શ્લોકાર્થ :**

**જેમ ઇન્દ્રજાળના દૂષિત કે ભૂષિત કરાયેલા પદાર્થોમાં સમજુ લોકો મધ્યસ્થ રહે છે, એની ઉપેક્ષા કરે છે તેમ મુનિ પણ (કાલ્પનિક એવા) દુર્નયોરૂપ પદાર્થમાં મધ્યસ્થ રહે છે.**

**ભાવાર્થ :**

કોઈ જાદુગર કે વિશિષ્ટ શક્તિસંપન્ન દેવો જ્યારે ઇન્દ્રજાળની રચના કરે ત્યારે ન હોય તેવા પદાર્થો દેખાય છે. આવા સમયે વસ્તુસ્થિતિને સમજતો એવો બુદ્ધિશાળી પુરુષ તો જાણે જ છે કે આ ઇન્દ્રજાળ છે. જે દેખાય છે તે આભાસ માત્ર છે, તેથી તે ઉપજાવેલા દૃશ્યો સારા હોય કે નરસા હોય તેનાથી વિવેકીને કોઈ ફરક પડતો નથી. કોઈ અજ્ઞાની તેમાં દેખાતા રૂપ, રંગ કે હાવભાવની પ્રશંસા કરે કે તેની નિંદા કરે તોપણ બુદ્ધિશાળી વ્યક્તિને તેની નિંદા કે પ્રશંસાથી કાંઈ થતું નથી, તે તો તેમાં મધ્યસ્થ રહે છે ઉપેક્ષા સેવે છે. તે જ રીતે મુનિ પણ જાણે છે કે દુનર્યો એક કલ્પના માત્ર છે, તેથી તેના દૂષણ કે ભૂષણમાં મુનિનો મધ્યસ્થભાવ સહજ રીતે જળવાઈ રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

મંત્ર, વિદ્યા, હાથચાલાકી કે અન્ય કોઈ પ્રયોગ દ્વારા અનેક પ્રકારની ઇન્દ્રજાળો ઊભી કરવામાં આવતી હોય છે. આ ઇન્દ્રજાળમાં ન હોય તેવા અનેક પ્રકારનાં દૃશ્યો દેખાડવામાં આવે છે. જેમકે અત્યારે પ્રચલિત જાદુના ખેલમાં, જીવતી સ્ત્રીને કાપવા વગેરેની ક્રિયા બતાવાય છે. આ જોઈ અજ્ઞાની પ્રેક્ષકો દુઃખની લાગણી અનુભવે છે અને કપાયેલી સ્ત્રીને પુનઃ સંધાયેલી જીવતી જાગતી નાચતી જુએ ત્યારે સુખની લાગણી અનુભવે છે. આમ છતાં જે વ્યક્તિ સમજે છે કે આ તો માત્ર માયાજાળ છે, આમાં કાંઈ જ વાસ્તવિક નથી, તેને આવાં દૃશ્યોમાં ક્યાંય હર્ષ કે શોક કે રાગ-દ્વેષનો ભાવ થતો નથી. બસ, આવી જ રીતે કાલ્પનિક દુર્નયોને કોઈ ગમે તેવા સારા કહે કે અત્યંત ખરાબ કહે તેનાથી સ્યાદ્વાદને સમજતો મુનિ રાજી પણ થતો નથી કે ખિન્ન પણ થતો નથી. ॥૬૩॥

**અવતરણિકા :**

દુર્નયો કલ્પના માત્ર હોવાથી મુનિને તેમાં રાગ-દ્વેષ ન થાય તે તો યોગ્ય છે, પરંતુ મુનિ સ્યાદ્વાદના પક્ષપાતી છે, તેથી સ્યાદ્વાદને કોઈ દૂષિત કરશે ત્યારે તો મુનિને તેના પ્રત્યે દ્વેષ થશે ને ? ત્યાં તે પોતાનું માધ્યસ્થ્ય કઈ રીતે ટકાવશે આવી શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોક :**

**दूषयेदज्ञ एवोच्चैः, स्याद्वादं न तु पण्डितः ।**
**अज्ञप्रलापे सुज्ञानां, न द्वेषः करुणैव तु ॥६४॥**

**શબ્દાર્થ :**

૧/૨.अज्ञः एव - અજ્ઞ જ ३. स्याद्वादं - સ્યાદ્વાદને ૪/૫. उच्चैः दूषयेत् - અત્યંત દૂષિત કરે ૬/૭/૮. न तु पण्डितः - પણ પંડિત નહિ ९. अज्ञप्रलापे - (અને) અજ્ઞના પ્રલાપમાં ૧૦. सुज्ञानां - જ્ઞાની પુરુષોને ૧૧/૧૨. न द्वेषः - દ્વેષ થતો નથી, ૧૩/૧૪. तु करुणैव - પરંતુ કરુણા જ થાય છે.

**શ્લોકાર્થ :**

**અજ્ઞાની પુરુષો જ સ્યાદ્વાદને અત્યંત દૂષિત કરે, પંડિત પુરુષો નહિ અને જ્ઞાની પુરુષોને આવા અજ્ઞાનીઓના બોલવા ઉપર દ્વેષ થતો નથી, પરંતુ કરુણા જ થાય છે.**

**ભાવાર્થ :**

સ્યાદ્વાદને જેઓ યથાર્થરૂપે જાણે છે, તેઓ ક્યારેય 'સ્યાદ્વાદ યોગ્ય નથી. તેનાથી કોઈ વસ્તુનો યોગ્ય નિર્ણય થતો નથી.' આવું નબળું બોલી સ્યાદ્વાદને દૂષિત કરતા નથી. જેઓ સ્યાદ્વાદને યથાર્થરૂપે જાણતાં નથી તેવા અજ્ઞાનીઓ જ, 'સ્યાદ્વાદ અયથાર્થવાદ છે, ફેરફૂદડીઓ વાદ છે, અસ્થિરવાદ છે; સંશયવાદ છે, માટે તેનાથી કોઈ વસ્તુનો નિર્ણય થઈ શકતો નથી' વગેરે કહી તેને દૂષિત કરે છે. અજ્ઞાનીઓના સ્યાદ્વાદ અંગેના આવા પ્રલાપો સાંભળી જ્ઞાની પુરુષોને ક્યારેય તેમના માટે દ્વેષ થતો નથી, પરંતુ તેમના ઉપર માત્ર દયા જ આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

'સ્યાદ્વાદ અતિ સુસંગતવાદ છે. વિશ્વની સંપૂર્ણ વ્યવસ્થા કે સંસારના રોજીંદા વ્યવહારો પણ સ્યાદ્વાદના આધારે જ ઘટી શકે છે.' બુદ્ધિશાળી લોકો આ વાતને યથાર્થરૂપે જાણે છે, માટે તેઓ ક્યારેય સ્યાદ્વાદની ટીકા કરતા નથી કે તેના સંબંધી કદી નબળું બોલતાં નથી; પરંતુ જેઓ સ્યાદ્વાદને સમજતા નથી કે જેનામાં સ્યાદ્વાદ સમજવાની ક્ષમતા નથી તેવા લોકો કોઈ એક પક્ષ કે મત પ્રત્યે અતિ આગ્રહવાળા હોય છે, આવા કદાગ્રહી લોકો દુન્યવી દરેક પદાર્થોને સમજવા પોતાની બુદ્ધિનો પૂર્ણ ઉપયોગ કરતાં હોવાને કારણે, દુન્યવી દૃષ્ટિએ તેઓ બુદ્ધિમાન ગણાય છે, પણ આત્મા આદિ પદાર્થના વિષયમાં તેઓ કદાગ્રહી હોય છે. કદાગ્રહના કારણે તેઓ અનેક દૃષ્ટિકોણથી પદાર્થના સ્વરૂપનો નિર્ણય કરી શકતા નથી. આથી જ આવા જીવો આધ્યાત્મિક ક્ષેત્રે તો અજ્ઞાની જ કહેવાય છે.

આવા અજ્ઞાનીઓ સ્યાદ્વાદને સમજવાનો વિશેષ યત્ન કર્યા વિના, કે પૂર્વાપરનો વિચાર કર્યા વિના, જ ઉપરછલ્લી રીતે અનેકાન્તવાદ સામે આરોપો ઉપર આરોપો કરતાં કહે છે કે, 'આ તો સંશયવાદ છે, અસ્થિરવાદ છે, અનિશ્ચિત વાદ છે, ફેરફુદડીઓ વાદ છે, કોઈ વાતનો નિર્ણય તો આમાં થતો નથી, વિરોધીઓની પણ બધી વાતો આ લોકો સ્વીકારી લે છે, આ રીતે તો પદાર્થનો નિર્ણય કઈ રીતે થાય ? આથી જ સ્યાદ્વાદ યોગ્ય નથી, તેના સ્વીકારથી ક્યારેય કોઈ કામ કે આત્મકલ્યાણ થઈ શકે નહિ.'

અજ્ઞાનીઓની આવી વાતો સાંભળવા છતાં જ્ઞાની પુરુષને તેના પ્રત્યે લેશ પણ દ્વેષ થતો નથી, પરંતુ તેઓને તેમના પ્રત્યે દયા આવે છે. 'બિચારા આ લોકો વાસ્તવિકતા નહિ સમજવાના કારણે સત્યની સાધનાથી અને આત્મકલ્યાણથી વંચિત રહી જશે'-તેવો ભાવ થાય છે. 'હા' ક્યારેક આવા અજ્ઞાનીઓના પ્રલાપોથી અન્ય કોઈ બાળજીવોને નુકસાન થતું દેખાય ત્યારે આ મહાત્માઓ તેમના મતનું ખંડન પણ કરે છે અને તેમને શિક્ષા પણ કરે છે. છતાં ય તેમનું હૃદય એક 'મા' જેવું હોય છે. 'મા' પોતાના તોફાની બાળકને સુધારવા લાલ આંખ કરે, કડવાં વેણ પણ કહે અને ક્યારેક હાથ પણ ઉપાડે; પરંતુ તેના હૃદયમાં માત્ર બાળકને સુધારવાની અને તેના ભવિષ્યને ઉજાળવાની ભાવના હોય છે. તેમ સ્યાદ્વાદને વરેલા પ્રાજ્ઞ પુરુષો અજ્ઞાનીઓ સામે ક્યારેક લાલ આંખ કરે કે કડવાં શબ્દથી તેમનું અનુશાસન પણ કરે, તોપણ તેમની ભાવના તો માત્ર તેમને સન્માર્ગમાં સ્થાપવાની અને તેમના અનંતા ભાવિને ઉજાળવાની જ હોય છે. જે કરુણા ભાવનાનો જ એક પ્રકાર છે. ॥૬૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રુત-ચિંતા-ભાવનાજ્ઞાન

ગાથા-૬૫-૬૬-૬૭-૬૮-૬૯

**અવતરણિકા :**

સ્યાદ્વાદના બોધથી વ્યક્તિમાં માધ્યસ્થ્ય આવે છે, તે પૂર્વના શ્લોકોમાં જણાવ્યું. હવે તે મધ્યસ્થ વ્યક્તિનું જ્ઞાન કેવા પ્રકારનું હોય છે તે જણાવે છે-

**શ્લોક :**

त्रिविधं[५] ज्ञानमाख्यातं[६,७], श्रुतं[१] चिन्ता[२] च[३] भावना[४] ।
आद्यं[८] कोष्ठगबीजाभं[९], वाक्यार्थविषयं[१०] मतम्[११] ॥६५॥

**શબ્દાર્થ :**

૧/૨/૩/૪. श्रुतं चिन्ता च भावना - શ્રુત, ચિન્તા અને ભાવના એમ, ૫/૬. त्रिविधं ज्ञानम् - ત્રણ પ્રકારનું જ્ઞાન ૭. आख्यातं - કહેવાયું છે. ૮. आद्यं - (તેમાં) પહેલું (શ્રુતજ્ઞાન) ૯. कोष्ठगबीजाभं - કોઠીમાં રહેલા બીજ જેવું (અને) ૧૦. वाक्यार्थविषयं - વાક્યાર્થ વિષયક ૧૧. मतम् - મનાયેલ છે.

**શ્લોકાર્થ :**

**શ્રુત, ચિન્તા અને ભાવના એમ ત્રણ પ્રકારનું જ્ઞાન કહેવાયું છે, તેમાં પહેલું શ્રુતજ્ઞાન કોઠીમાં પડેલા બીજ જેવું અને વાક્યાર્થવિષયક હોય છે.**

**ભાવાર્થ :**

સમ્યગ્શ્રુતજ્ઞાન ૧. શ્રુતજ્ઞાન ૨. ચિન્તાજ્ઞાન અને ૩. ભાવનાજ્ઞાન : એમ ત્રણ-પ્રકારનું છે. તેમાં પહેલું શ્રુતજ્ઞાન કોઠીમાં રહેલાં બીજ જેવું અને વાક્યાર્થના વિષયવાળું છે. કોઠીમાં રક્ષણ કરાયેલ બીજનું જો યોગ્ય સ્થાનમાં વાવેતર કરીને ખાતર-પાણી વગેરેથી સિંચન કરાય તો તેમાંથી નક્કી અંકુરાદિ પાંગરે અને અનુક્રમે એક સુંદર ફળદાયક છોડ, વૃક્ષ આદિ ઉત્પન્ન થાય. તેમ શ્રુતજ્ઞાનવાળા મહાત્માને પણ જો સદ્ગુરુની પ્રાપ્તિ આદિ સામગ્રી મળી જાય તો તે શ્રુતજ્ઞાનરૂપી બીજમાંથી અનુક્રમે થડ, ફૂલ, ફળ જેવું ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન પ્રગટી શકે છે.

**વિશેષાર્થ :**

સાધક આત્માને જ્યારે સ્યાદ્વાદનું ભાન થાય છે, ત્યારે તેનામાં પદાર્થને અનેક દૃષ્ટિકોણથી જોવાની ક્ષમતા પ્રગટે છે. તેનું અનાદિકાલીન અજ્ઞાન ટળે છે અને જ્ઞાનનો પ્રકાશ લાધે છે. પરિણામે સુખવિષયક તેની અનાદિકાળની માન્યતામાં ધરમૂળ પરિવર્તન આવે છે. તેની અતત્ત્વ પ્રત્યેની પક્કડ નબળી પડે છે અને તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત મજબૂત બને છે, આ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થવામાં મુખ્ય કારણ જ્ઞાનાવરણીયકર્મ અને મોહનીયકર્મનો ક્ષયોપશમ હોય છે. આ બન્ને પ્રકારના કર્મોના ક્ષયોપશમથી થયેલા આ જ્ઞાનને સમ્યક્

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતજ્ઞાન કહેવાય છે.

આ સમ્યક્ શ્રુતજ્ઞાનના ઉત્તરોત્તર વિકાસને દર્શાવતા ત્રણ ભેદો શાસ્ત્રોમાં જણાવ્યા છે : ૧. શ્રુતજ્ઞાન[1] ૨. ચિન્તાજ્ઞાન અને ૩. ભાવનાજ્ઞાન. શ્રુતજ્ઞાનમાં શાસ્ત્રયોગની શુદ્ધિ પ્રારંભિક ભૂમિકાની હોય છે. ચિંતાજ્ઞાનમાં તે શુદ્ધિ વિશેષ પ્રકારની હોય છે અને ભાવનાજ્ઞાનમાં તે શુદ્ધિ અત્યંત ઊંચી કક્ષાની હોય છે.

**શ્રુતજ્ઞાન :**

૧-શ્રુતજ્ઞાન, ૨-ચિંતાજ્ઞાન અને ૩-ભાવનાજ્ઞાન પૈકીનું પહેલું શ્રુતજ્ઞાન કોઠારમાં રહેલા બીજ જેવું અને વાક્યાર્થના વિષયવાળું કહેવાય છે. કોઠારમાં બીજ સુરક્ષિત રહેતું હોય છે. તેમાં સડવા, બળવા કે નાશ પામવાની પ્રાયઃ સંભાવના રહેતી નથી. આવા સુરક્ષિત બીજને જો યોગ્ય સ્થાનમાં વાવવામાં આવે અને ખાતર-પાણીથી તેનું સિંચન કરવામાં આવે તો તેમાંથી અંકુરો ફૂટે છે. ક્રમે કરી વૃદ્ધિ પામતા તે અંકુરામાંથી ડાળી, પાન, ફૂલ, ફળ, થડ વગેરેથી શોભતું ઘટાદાર વૃક્ષ પણ ઉત્પન્ન થાય છે.

તેની જેમ શ્રુતજ્ઞાનને વરેલા સાધકનો બીજભૂત બોધ પણ સુરક્ષિત હોય છે. તે બોધ ભલે સામાન્ય કોટીનો હોય, પરંતુ તેનામાં તે તે પદાર્થને વિશેષથી સમજવાની તીવ્ર જિજ્ઞાસા જરૂર સમાયેલી હોય છે. વળી શ્રુતજ્ઞાનીનો કદાગ્રહ પણ નાશ પામી ગયો હોય છે. આથી જ્યારે સદ્ગુરુનો સંયોગ વગેરે તત્ત્વપ્રાપ્તિની સામગ્રી પ્રાપ્ત થાય, ત્યારે તે બીજ જેવું શ્રુતજ્ઞાન અનુક્રમે ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનસ્વરૂપ તત્ત્વના પરમાર્થને પમાડે તેવા ઘટાદાર વૃક્ષસ્વરૂપ બની શકે છે.

વળી આ શ્રુતજ્ઞાન વાક્યાર્થના વિષયવાળું હોય છે. તાત્પર્ય એ છે કે, ઉપદેશપદ આદિ ગ્રંથોમાં જ્ઞાન પ્રાપ્તિના ક્રમને દર્શાવતા જ્ઞાનના ચાર પ્રકાર વર્ણવ્યા છે : પદાર્થજ્ઞાન, વાક્યાર્થજ્ઞાન, મહાવાક્યાર્થજ્ઞાન અને ઐદમ્પર્યાર્થજ્ઞાન.[2] આ ચારે પ્રકારના જ્ઞાનમાંથી સમ્યક્શ્રુતના પ્રથમ ભેદસ્વરૂપ શ્રુતજ્ઞાનનો વિષય વાક્યાર્થજ્ઞાન હોય છે.

---

1. અહીં જે 'શ્રુતજ્ઞાન'ની વાત કરી છે તે મતિ, શ્રુત, અવધિ આદિ સ્વરૂપ જે જ્ઞાનના પાંચ ભેદો છે, તેમાંના શ્રુતજ્ઞાનના એક પેટા ભેદની વાત છે. સામાન્યથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.

   (૧) **મિથ્યાશ્રુત** - મિથ્યાત્વના ઉદય સહકૃત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થતું જ્ઞાન મિથ્યાશ્રુતજ્ઞાન કહેવાય છે.

   (૨) **સમ્યક્શ્રુત** - મિથ્યાત્વના ઉદય વિનાના જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થતું જ્ઞાન તે સમ્યક્ શ્રુતજ્ઞાન કહેવાય છે.

   આ સમ્યક્શ્રુતના પુનઃ ત્રણ ભેદો છે : શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન. તેથી અહીં **'શ્રુતજ્ઞાન'** શબ્દ પ્રયોગદ્વારા સમ્યક્શ્રુતના પ્રથમભેદની એક શાસ્ત્રીય સંજ્ઞા સમજવી.

2. સામાન્યથી જ્ઞાન ચાર પ્રકારનું હોય છે : ૧. પદાર્થજ્ઞાન ૨. વાક્યાર્થજ્ઞાન ૩. મહાવાક્યાર્થજ્ઞાન અને ૪. ઐદમ્પર્યાર્થજ્ઞાન

   અનેક પદોથી બનેલા વાક્યના છૂટા છૂટા એક-એક પદના જ્ઞાનને પદાર્થજ્ઞાન કહેવાય છે. જેમકે, 'नमोऽत्थु णं अरिहंताणं' આ વાક્યમાં नमो = નમસ્કાર अत्थु = થાઓ णं = વાક્યનો અલંકાર અને अरिहंताणं = અરિહંતોને; આ રીતે એક એક પદનું જે જ્ઞાન થાય છે તેને **પદાર્થજ્ઞાન** કહેવાય છે.

   અનેક પદો ભેગા કરી બનેલ સંપૂર્ણ વાક્યના અર્થના જ્ઞાનને વાક્યાર્થજ્ઞાન કહેવાય છે. જેમકે, 'नमोऽत्थु णं अरिहंताणं' = અરિહંતોને મારો નમસ્કાર થાઓ. આ રીતે પદાર્થની સંકલનાપૂર્વકના આખા વાક્યના બોધને **વાક્યાર્થજ્ઞાન** કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનપ્રાપ્તિના ક્રમમાં તો અનેક પદોથી બનેલું જે એક વાક્ય હોય, તેના દરેક પદોના અર્થની સંકલના કરી, જે એક સંપૂર્ણ વાક્યના અર્થનો બોધ થાય તેને વાક્યાર્થજ્ઞાન કહેવાય છે. પરંતુ શ્રુતજ્ઞાનનો વિષય જે વાક્યાર્થજ્ઞાન બને છે તે આટલું સીમિત નથી હોતું. તેમાં શાસ્ત્રોના વાક્યોનો સામાન્ય બોધ તો થાય છે, પરંતુ તે બોધ આગળ પાછળના વાક્યો સાથે સંગત થાય તેવો સંકલનાત્મક બોધ હોય છે, તેથી શ્રુતજ્ઞાન વખતે જે વાક્યાર્થજ્ઞાન થાય છે તે શાસ્ત્રવચનોના આગળ-પાછળના સંદર્ભપૂર્વક થતા વાક્યના અર્થના બોધસ્વરૂપ મનાય છે.

આ વાતની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ અન્ય ગ્રંથોમાં ખૂબ સુંદર રીતે કરી છે. તેઓ જણાવે છે કે શ્રુતજ્ઞાનમાં જે વાક્યની વિચારણા ચાલતી હોય તે પ્રસ્તુત વાક્યનો અર્થ કરવા પૂર્વે, શાસ્ત્રનાં આગળ-પાછળનાં વાક્યોને વિચારવાં અતિ જરૂરી હોય છે. સર્વ વાક્યોને વિચારી શાસ્ત્રના એક પણ વચન સાથે વિરોધ ન આવે તે રીતે જો પ્રસ્તુત વાક્યનો અર્થ કરવામાં આવે તો તે વાક્યાર્થ શ્રુતજ્ઞાનનો વિષય બને છે. આમ છતાં શ્રુતજ્ઞાનના વાક્યાર્થ[3]માં પ્રમાણ-નયની વિચારણા હોતી નથી. તેથી શાસ્ત્રનાં વિવિધ વાક્યોની સંકલનાવાળું અને સમ્યગ્બોધવાળું શ્રુતજ્ઞાન પણ અપેક્ષાએ તો સામાન્ય બોધસ્વરૂપ જ છે. તેના દ્વારા ઉપરછલ્લી દૃષ્ટિએ વિરોધી જણાતાં શાસ્ત્ર વાક્યોની સામાન્યથી સંગતિ કરી શકાય છે, પણ તેમાં ઊંડા તર્ક કે નયાદિની વિચારણા હોતી નથી, તેથી શાસ્ત્રવચનોનો સામાન્ય બોધ હોય કે વિસ્તૃત બોધ હોય, પરંતુ જ્યાં સુધી નયસાપેક્ષ રીતે પદાર્થોને જોવાની પ્રજ્ઞા ન વિકસી હોય ત્યાં સુધીનું સમ્યક્ શ્રુતજ્ઞાન 'શ્રુતજ્ઞાન' સ્વરૂપ કહેવાય છે.

જેમકે 'मा हिंस्यात् सर्वभूतानि' આ વાક્યથી સામાન્ય બોધ એવો થાય કે કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ. આની સામે શાસ્ત્રમાં બીજાં એવાં પણ વાક્યો જોવા મળે છે કે શ્રાવકે ઉત્તમ જળથી, વિવિધ પુષ્પોથી, સુગંધી ધૂપથી પ્રભુ પૂજા કરવી જોઈએ. સાધુએ નવકલ્પી વિહાર કરવો જોઈએ. તેમાં વચ્ચે નદી આવે અને અન્ય માર્ગ ન હોય તો સાધુ નદી ઉતરે તો તેમાં બાધ નથી, એટલે જેમાં અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, આદિની વિરાધના થાય તેવા વિધાનોનો ઉલ્લેખ પણ શાસ્ત્રોમાં જોવા મળે છે.

---

વાક્યને વિશેષથી સમજવા માટે જે વિચારણા કરાય, તે માટે અનેક પ્રશ્નો ઉઠાવી જે સમાધાનો મેળવાય છે તે મહાવાક્યાર્થજ્ઞાન કહેવાય છે. જેમકે 'नमोऽत्थु णं अरिहंताणं' = માં अत्थु નો પ્રયોગ કેમ કર્યો હશે ? 'મારો નમસ્કાર થાઓ' આવું કહેવા કરતાં 'હું નમસ્કાર કરું છું' - એવું કહ્યું હોત તો વધુ યોગ્ય ન લાગત ? વગેરે પ્રશ્નો ઉઠાવી તેના સમાધાનો મેળવી જે અર્થ તરી આવે તે **મહાવાક્યાર્થ** સ્વરૂપ છે.

અંતમાં, આખા વાક્યના તાત્પર્યજ્ઞાનને ઐદમ્પર્યાર્થજ્ઞાન કહેવાય છે. જેમકે 'नमोऽत्थु णं अरिहंताणं' આ વાક્ય એક પ્રાર્થનાસ્વરૂપ છે, તેમાં જે ભગવદ્ ભાવની પ્રાપ્તિ સ્વરૂપ શ્રેષ્ઠ ફળ તત્કાળ પ્રાપ્ત કરાવે એવા ઉત્તમોત્તમ નમસ્કારની ભાવના વ્યક્ત કરાઈ છે. આ રીતે શાસ્ત્રવચનના તાત્પર્ય સુધી પહોંચાડનાર જ્ઞાનને **ઐદમ્પર્યાર્થજ્ઞાન** કહેવાય છે.

આની વિશેષ વાતો પરિશિષ્ટ નં. ૧૧ માં છે.

3. श्रुतं सर्वानुगात् = सर्वशास्त्राविरोधि निर्णीतार्थात् वाक्यात् प्रमाणनयवर्जितात् । - द्वा. द्वा. वृत्तौ, २/१० ।।

वाक्यार्थः = प्रकृतवाक्यैकवाक्यताऽऽपन्नः सकलशास्त्रवचनार्थाऽविरोधिवचनार्थः तन्मात्रं प्रमाण-नयाधिगमरहितं तद्विषयं = तद्गोचरं न तु परस्परविभिन्नविषयशास्त्रावयवभूतपदमात्रवाच्यार्थविषयं, तस्य संशयादिरूपत्वात् । - षोडशकवृत्तौ, ११/७ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સામાન્યથી જોતાં આવાં વાક્યો मा हिंस्यात् सर्वभूतानि -એવાં શાસ્ત્ર વાક્યોનાં વિરોધી વાક્યો લાગે, પરંતુ શ્રુતજ્ઞાનવાળો સાધક સામાન્યથી એટલું વિચારી શકે કે ભગવાને સામાન્યથી દરેક પ્રકારની હિંસાનો નિષેધ કર્યો છે, પરંતુ દ્રવ્યહિંસા કરતાં રાગ-દ્વેષથી થતી ભાવહિંસા આત્મા માટે વધારે અહિતકર છે, કારણ કે રાગ, દ્વેષ અને મોહ : આ જ હિંસાના અને તેના દ્વારા થતાં અકલ્યાણનાં મુખ્ય કારણો છે, તેથી તે રાગ-દ્વેષથી બચવા માટે જ ભગવાને સાધુ માટે નદી ઉતરવાની ક્રિયા અને શ્રાવકો માટે પૂજાદિનાં કર્તવ્યો બતાવ્યાં છે.

શ્રુતજ્ઞાનવાળો સાધક શાસ્ત્ર વચનોનો આવો સંકલનાત્મક બોધ કરવા સમર્થ છે, પરંતુ તેનામાં તે વાત કયા નયથી છે ? તેમાં કઈ સૂક્ષ્મ યુક્તિઓ છે ? તે સમજવાની ક્ષમતા હોતી નથી. આમ છતાં તે તે પદાર્થોને ઊંડાણથી સમજવા માટેની તેની મથામણ ચાલુ હોય છે. પ્રયત્ન કરતાં કરતાં જ્યારે તેની પ્રજ્ઞા ખીલે છે, ત્યારે આ વાત કયા નયથી દર્શાવી છે, તેમાં કઈ સૂક્ષ્મ યુક્તિઓ છે ? તે સમજાય છે ત્યારે તેનું વાક્યાર્થનું જ્ઞાન જ મહાવાક્યાર્થજ્ઞાન અને અંતે ઐદમ્પર્યાર્થજ્ઞાનમાં પરિણમન પામી શકે છે, આથી જ આ શ્રુતજ્ઞાનને કોઠારમાં રહેલા બીજ જેવું અને વાક્યાર્થના વિષયવાળું દર્શાવ્યું છે. ॥૬૫॥

**અવતરણિકા :**

હવે સમ્યક્શ્રુતજ્ઞાનના બીજા વિભાગરૂપ 'ચિન્તાજ્ઞાન'નું સ્વરૂપ જણાવે છે-

**શ્લોક :**

**महावाक्यार्थजं[2] यत्तु[1] सूक्ष्मयुक्तिशतान्वितम्[3] ।**
**तद्द्वितीयं[7] जले[4] तैल - बिन्दुरीत्या[5] प्रसृत्वरम्[6] ॥६६॥**

**શબ્દાર્થ :**

૧.यत्तु - વળી જે (જ્ઞાન) ૨. महावाक्यार्थजं - મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયું હોય ૩. सूक्ष्मयुक्तिशतान्वितम् - સેંકડો સૂક્ષ્મ યુક્તિઓથી યુક્ત હોય ૪/૫. जले तैलबिन्दुरीत्या - પાણીમાં તેલના ટીપાની જેમ ૬. प्रसृत्वरम् - પ્રસરવાના સ્વભાવવાળું હોય ૭. तद्द्वितीयं - તે બીજું (ચિન્તાજ્ઞાન) છે.

**શ્લોકાર્થ :**

**વળી જે જ્ઞાન મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયું હોય, સેંકડો સૂક્ષ્મ યુક્તિઓથી યુક્ત હોય, તેમજ તેલનું એક ટીપું જેમ પાણીમાં પ્રસરી જાય તેમ ચારે બાજુ ફેલાવાના સ્વભાવવાળું હોય તે બીજું ચિન્તાજ્ઞાન છે.**

**ભાવાર્થ :**

ચિન્તાજ્ઞાન મહાવાક્યાર્થના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. તે સેંકડો સૂક્ષ્મ યુક્તિ અને પ્રયુક્તિઓથી યુક્ત હોય છે. વળી પાણીમાં જેમ તેલ પ્રસરે તેમ આ ચિન્તાજ્ઞાન પણ એક જ વાક્યના વિસ્તાર પામેલા જ્ઞાનસ્વરૂપ છે, જેમાં અનેક દૃષ્ટિકોણથી કરાયેલા વિવિધ અર્થોનો સમાવેશ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

'ચિન્તાજ્ઞાન'નું નામ જ એ સૂચવે છે કે, ઊંડા ચિંતન અને મનનથી થતું જ્ઞાન. આ જ્ઞાન તર્ક-વિતર્ક, યુક્તિ-પ્રયુક્તિ અને અન્વય-વ્યતિરેકની વિચારણાપૂર્વકનું હોય છે. તે વાક્યાર્થના જ્ઞાન પછી થતાં મહાવાક્યાર્થ[1]ના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે, તેમાં મહાવાક્યાર્થ એટલે અનંત ધર્માત્મક વસ્તુને સંપૂર્ણપણે જાણવાની તીવ્ર આકાંક્ષા; આ આકાંક્ષામાંથી ઉત્પન્ન થયેલું જ્ઞાન એ જ ચિન્તાજ્ઞાન છે. આથી જ તેમાં શાસ્ત્રના એકેક વચન ઉપર ઊંડું ચિંતન ચાલે છે. જેમકે શાસ્ત્રમાં કહ્યું હોય કે, 'કોઈ પણ જીવની હિંસા ન કરવી જોઈએ.' અને વળી, બીજું વચન એવું હોય કે, 'સંપૂર્ણ અહિંસા પાળવા સાધુએ વિહાર પણ કરવો જોઈએ.' અને 'શ્રાવકોએ જિનમંદિર બંધાવવાં, સંઘ કઢાવવા, સાધર્મિક ભક્તિ કરવી વગેરે'; આમ જે કાર્યોમાં છકાયના જીવોની હિંસાની સંભાવના છે તેવાં વિધાનો કરવાં; તે કઈ રીતે ઘટે ? - આવા પ્રશ્નો ઉપર ઊંડું ચિંતન કરી, અનેક યુક્તિઓપૂર્વક તેનું નયસાપેક્ષ સમાધાન મેળવવાની ક્ષમતા ચિંતાજ્ઞાનમાં હોય છે.

જો કે શ્રુતજ્ઞાનીને પણ 'જો સુખી થવું હોય તો હિંસા ન કરવી જોઈએ.' તેવું સામાન્ય વાક્યાર્થનું જ્ઞાન હોય છે, તેના ઉપર તે ચિંતન પણ કરે છે. ચિંતન કરતાં તેને પણ અનેક પ્રશ્નો ઉઠે છે, તેના સમાધાનો પણ તે મેળવે છે; પરંતુ નયની સૂક્ષ્મ યુક્તિઓ સમજવાની ક્ષમતા નહીં હોવાને કારણે તેનાં સમાધાનો અતિ સામાન્ય કક્ષાનાં હોય છે.

જ્યારે ચિન્તાજ્ઞાનની ભૂમિકાને સ્પર્શેલો સાધક તેનું ખૂબ ઊંડાણથી અને અન્ય યુક્તિઓથી ખંડિત ન થાય તેવું સમાધાન મેળવી શકે છે, કારણ કે તે દરેક પદાર્થોને સ્યાદ્વાદની દૃષ્ટિથી જોઈ શકે છે. ભગવાનના એક એક વચનને નય સાપેક્ષ રીતે મૂલવી શકે છે. હિંસા અને અહિંસાના વિવિધ પ્રકારો જાણી શકે છે. તેથી તેને સમજાય છે કે દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા વધારે ઘાતક છે કારણ કે રાગાદિ ભાવોરૂપ ભાવહિંસા જ કર્મબંધમાં મોટો ભાગ ભજવે છે અને દ્રવ્યહિંસાની પરંપરા પણ તે જ સર્જે છે.

ભાવહિંસાથી બચવા માટે જ ભગવાને સાધુ માટે વિહારનું, લોચનું કે તપાદિનું વિધાન કર્યું છે. એક સ્થાને રહેવામાં, વાળની સાચવણી કરવામાં કે શરીરને હૃષ્ટ-પુષ્ટ કરવામાં જે રાગાદિ ભાવો વધે છે તે જ ભાવો દ્રવ્યહિંસાની પરંપરાનું કારણ બને છે. વળી, સ્ત્રી, પુત્ર, પરિવાર કે શરીર આદિના રાગને કારણે જ સંસારી જીવો અનંતા જીવોને પીડે છે, દુઃખ આપે છે. પોતાના કે પોતાની માનેલી વ્યક્તિના સુખ માટે અન્ય જીવોની હિંસા કરતાં તેમને પોતાના આત્માનું કે અન્યનું શું થશે તેનો વિચાર પણ આવતો નથી. જીવમાં જો રાગાદિ ભાવો ન હોય તો જીવ અન્યને પીડા ઉપજે તેવી પ્રવૃત્તિઓ કરે જ નહીં, તેથી સ્વ-પર દુઃખદાયક દ્રવ્યહિંસા ઘટાડવા ભાવહિંસા ઘટાડવી પડે. આ વાત ચિન્તાજ્ઞાનસંપન્નને સહેલાઈથી સમજાય છે. આ વાત શ્રુતજ્ઞાનવાળાને પણ સમજાય છે અને ચિંતાજ્ઞાનવાળાને પણ સમજાય છે; પરંતુ શ્રુતજ્ઞાનવાળા કરતાં ચિંતાજ્ઞાનવાળો સાધક આ વાતને ઊંડાણપૂર્વક અને નયસાપેક્ષ રીતે વિચારી શકે છે.

આવી સમજણ પ્રાપ્ત થવાને કારણે ચિન્તાજ્ઞાનસંપન્ન વ્યક્તિને ખ્યાલ આવે છે કે, પરિણામની શુદ્ધિને ઇચ્છતા નિશ્ચયનયને સામે રાખીને જ શાસ્ત્રકારોએ રાગાદિને દૂર કરવા માટે વ્યવહારથી વિહારાદિનાં વિધાનો કર્યાં છે. આ રીતે શાસ્ત્રના કોઈપણ વિધાનનો કે કોઈપણ પદાર્થનો જ્યારે પ્રમાણ-નય-સાપેક્ષ યથાર્થ

1. महावाक्यार्थजं = वस्त्वाकाङ्क्षारूपेण जनितम् - द्वा. द्वा. वृत्तौ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોધ થાય છે, ત્યારે તે બોધ મહાવાક્યાર્થના જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. ચિન્તાજ્ઞાન આવા મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલા જ્ઞાનસ્વરૂપ છે.

વળી, આ ચિન્તાજ્ઞાન સેંકડો સૂક્ષ્મ યુક્તિઓથી યુક્ત છે, તે જ બતાવે છે કે ચિન્તાજ્ઞાનવાળો સાધક અત્યંત સૂક્ષ્મ બુદ્ધિવાળો હોય છે. તે નયોની સૂક્ષ્મ વાતોને સહેલાઈથી સમજી શકે છે. ભગવાનનું આ વચન કયા નયથી છે ? કયું કથન ઔત્સર્ગિક છે ? અપવાદનું સ્થાન ક્યાં છે ? સ્યાદ્વાદની દૃષ્ટિથી દરેક પદાર્થો કેવા છે ? સપ્તભંગી શું છે ? કોઈપણ પદાર્થના બોધ માટે સપ્તભંગી શું કાર્ય કરે છે આ સર્વ વિગતોને ચિન્તાજ્ઞાનવાળો યુક્તિયુક્ત રીતે સમજી શકે છે, આથી જ ગ્રન્થકારશ્રીએ દેશનાદ્વાત્રિંશિકામાં કહ્યું છે કે, **'સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય એવી યુક્તિઓ દ્વારા સપ્તભંગીસ્વરૂપ સ્યાદ્વાદ સહિતનો બોધ જ ચિન્તાજ્ઞાનનો વિષય છે.'**[2]

આ જ્ઞાનમાં અનેકાન્તવાદની દૃષ્ટિથી દરેક પદાર્થોનો નય સાપેક્ષ ઊંડો બોધ થવાના કારણે તે પાણીમાં પડેલા તેલના બિંદુ જેવું છે. તેલનું એક બિંદુ પાણીમાં પડતાં જેમ મોટા વિસ્તારને પામે છે તેમ ચિન્તાજ્ઞાનવાળા સાધકની પ્રજ્ઞા પણ એટલી પ્રકર્ષવાળી હોય છે કે તેનું એક વાક્યનું જ્ઞાન પણ ધીરે ધીરે વિકાસ પામી ભાવનાજ્ઞાનની કક્ષા સુધી પહોંચી શકે છે. ॥૬૬॥

**અવતરણિકા :**

હવે ભાવનાજ્ઞાનના સ્વરૂપને કહે છે-

**શ્લોક :**

ऐदम्पर्यगतं[२] यच्च[१], विध्यादौ[५] यत्नवच्च[६][३] यत्[४] ।
तृतीयं[८] तदशुद्धोच्चजात्यरत्नविभानिभम्[७] ॥६७॥

**શબ્દાર્થ :**

૧.यच्च - અને જે ૨.ऐदम्पर्यगतं - ઐદમ્પર્યગત છે, ૩/૪. च यत् - વળી જે ૫/૬. विध्यादौ यत्नवत् - વિધિ આદિમાં યત્નવાળું છે, ૭.तदशुद्धोच्चजात्यरत्नविभानिभम् - તે અશુદ્ધ ઉચ્ચ જાત્યરત્નની કાંતિ જેવું ૮. तृतीयं - ત્રીજું (ભાવનાજ્ઞાન) છે.

**શ્લોકાર્થ :**

**જે જ્ઞાન ઐદંપર્ય એટલે કે તાત્પર્યવિષયક હોય તથા જે વિધિ આદિમાં વિશેષ યત્ન કરાવે તેવું હોય તે ત્રીજું ભાવનાજ્ઞાન અશુદ્ધ પણ ઉંચા જાતિવાન રત્નની કાંતિ તુલ્ય છે.**

**ભાવાર્થ :**

ભાવનાજ્ઞાનમાં શાસ્ત્રવચનના તાત્પર્ય સુધીનો બોધ હોય છે. આ જ્ઞાનની વિશેષતા એ છે કે તે માત્ર બોધ સુધી સીમિત નથી રહેતું, પરંતુ શાસ્ત્રમાં જે ક્રિયા જે વિધિથી કરવાની કહી છે તે ક્રિયા તે જ વિધિ આદિથી કરવાનો પૂરો યત્ન કરાવે તેવું હોય છે. જાત્ય રત્ન (ઊંચા પ્રકારનું રત્ન) જ્યારે અશુદ્ધ અવસ્થામાં હોય ત્યારે પણ તેની કાન્તિ અન્ય શુદ્ધ રત્ન કરતાં જુદી જ તરી આવે છે, તેની જેમ આ જ્ઞાન પણ અન્ય કરતાં જુદું તરી આવે છે.

2. सूक्ष्मया = सूक्ष्मबुद्धिगम्यया युक्त्या स्याद्वादेन = सप्तभङ्ग्यात्मकेन सङ्गतं ज्ञानम् - द्वा. द्वा. वृत्तौ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાન પછી સમ્યક્ શ્રુતજ્ઞાનનો ત્રીજો પ્રકાર ભાવના-જ્ઞાન છે. આ જ્ઞાનવાળા મહાત્માની પ્રજ્ઞા ચિન્તાજ્ઞાનવાળા સાધક કરતાં ઘણી ચઢીયાતી હોય છે. શાસ્ત્રોની સૂક્ષ્મ યુક્તિની સમજ ઉપરાંત સર્વજ્ઞ-વીતરાગ ભગવાનના એક એક વચનનું તાત્પર્ય ક્યાં સુધી પહોંચે છે, તે તેઓ અત્યંત સ્પષ્ટ રીતે સમજી શકે છે.

સૂક્ષ્મ પ્રજ્ઞાના કારણે ભાવનાજ્ઞાનવાળા સ્પષ્ટપણે જાણે છે કે હિંસા અને અહિંસાના વિષયમાં હેતુ, સ્વરૂપ અને અનુબંધરૂપ વિભાગો પાડવા, કઈ ભૂમિકામાં પહેલી નજરે દેખાતી હિંસાને ધર્મ માનવો, ક્યારે તેને અધર્મ કહેવો, કોના માટે ઉત્સર્ગને માર્ગ કહેવો અને કોને માટે અપવાદ માર્ગ જણાવવો વગેરે સૂક્ષ્મ વાતો સર્વજ્ઞ વીતરાગ સિવાય કોઈ જોઈ શકે તેમ નથી. જગતના અનંતા જીવો, તે જીવોના સુખ-દુઃખના પ્રકારો અને તે સુખ-દુઃખનાં કારણો વગેરે ભાવોને જોવાની શક્તિ રાગ, દ્વેષથી રહિત માત્ર સર્વજ્ઞ વીતરાગની જ છે. અજ્ઞાનનો સર્વથા નાશ કરી, સર્વજ્ઞ બન્યા વિના કોઈ આવા સૂક્ષ્મ ભાવોને જોઈ શકે નહિ અને સર્વના હિત માટેનો આવો માર્ગ બતાવી પણ શકે નહિ, આથી જ સર્વત્ર સર્વજ્ઞ વીતરાગપ્રભુની આજ્ઞા એ જ ધર્મ છે. આજ્ઞા જ ભવ્યજીવોનું હિત કરી શકે છે. સર્વને સાચા સુખનો રાહ પણ આજ્ઞા જ દર્શાવી શકે છે. શાસ્ત્રના સર્વ વચનનું તાત્પર્ય કે ઐદમ્પર્યાર્થ પણ આજ્ઞા જ છે.

શાસ્ત્રના ઐદમ્પર્યાર્થને પામેલા ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માને અચલ વિશ્વાસ હોય છે કે સર્વજ્ઞ વીતરાગ પ્રભુની આજ્ઞાના આરાધનમાં જ સુખ છે, અને વિરાધનામાં દુઃખ છે. સર્વજ્ઞ વીતરાગ પ્રભુની આજ્ઞાના પાલનમાં આનંદ છે અને અપાલનમાં સંક્લેશ છે. સર્વજ્ઞ વીતરાગ પ્રભુના વચનાનુસાર ચાલવામાં આત્મિકશુદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે, અને વચનની ઉપેક્ષા કરનાર ક્યારેય આત્મિકશુદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી, આથી તે દરેક આત્મહિતકર તત્ત્વમાં પ્રવૃત્તિ કે આત્મા માટે અહિતકર તત્ત્વથી નિવૃત્તિના પ્રસંગમાં આજ્ઞાને જ આગળ કરે છે.

જાતિવાન રત્ન ભલે માટીથી ખરડાયેલું હોય તોપણ તેનો પ્રકાશ જેમ અન્ય રત્ન કરતાં જુદો તરી આવે છે, તેમ ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્મા ભલે કર્મયુક્ત હોય, કેવળજ્ઞાનીની જેમ તેમનું જ્ઞાન શુદ્ધ રત્નની કાંતિની જેમ સંપૂર્ણ શુદ્ધ ન પણ હોય તોપણ તેમનું જ્ઞાન અન્ય જ્ઞાન કરતાં જુદું જ તરી આવે છે.

શ્રુત-ચિન્તાજ્ઞાનવાળા સાધકો પણ સર્વજ્ઞ વીતરાગ ભગવાનની આજ્ઞાને ધર્મ તો માને છે અને તેમની આજ્ઞા અનુસાર યથાશક્તિ પ્રવર્તે પણ છે; પરંતુ જે પ્રમાણે ભાવનાજ્ઞાન સંપન્ન મહાત્મા ભગવાનની આજ્ઞાનું ઊંડાણ સમજી શકે છે, તે અન્ય જ્ઞાનવાળા સમજી શકતા નથી. તે જ કારણથી તેઓ ભગવાનની આજ્ઞાને જે રીતે મહત્ત્વ આપે છે અને જે રીતે આજ્ઞાપ્રધાન પ્રવૃત્તિ કરે છે તેવું અન્ય જ્ઞાનવાળા કરી શકતા નથી.

હૈયામાં આજ્ઞાનો અવિહડ આદર હોવાને કારણે ભાવનાજ્ઞાનસંપન્ન સાધક દૃઢપણે માને છે કે ભગવાને જે ક્રિયા જે વિધિથી કરવાનું કહ્યું હોય તે પ્રમાણે કરવામાં જ કલ્યાણ છે. પ્રભુએ જ્યાં, જેને માટે જે ઔચિત્ય કરવાનું કહ્યું હોય તે કરવાથી જ રાગાદિ દોષોનો નાશ થાય છે. આવી માન્યતાના કારણે તેઓ પ્રભુએ બતાવેલા વિધિમાર્ગમાં પોતાની શક્તિ અનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવનું પુરું ઔચિત્ય જાળવી યત્ન કરે છે. ॥૬૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ જણાવ્યા પછી હવે શ્રુત અને ચિન્તા જ્ઞાનવાળા સાધકનું ચિત્ત કેવું હોય છે તે જણાવે છે-

**શ્લોક :**

आद्ये[१] ज्ञाने[२] मनाक्[५] पुंसस्[४]तद्रागाद्[३]दर्शनग्रहः[६] ।
द्वितीये[७] न[११] भवत्[१२]येष[१०], चिन्तायोगात्[८]कदाचन[९] ॥६८॥

**શબ્દાર્થ :**

૧/૨.आद्ये ज्ञाने - પ્રથમ જ્ઞાનમાં = શ્રુતજ્ઞાનમાં ૩. तद्रागात् - તેના = શ્રુતજ્ઞાનના રાગથી ૪. पुंसः - પુરુષને ૫/૬. मनाक् दर्शनग्रहः - થોડો દર્શનગ્રહ - દર્શનની પક્કડ થાય ૭/૮. द्वितीये चिन्तायोगात् - બીજા (ચિન્તાજ્ઞાનમાં) ચિન્તનનો યોગ હોવાથી ૯. कदाचन - ક્યારેય ૧૦/૧૧/૧૨.एष न भवति - આ = દર્શનગ્રહ હોતો નથી.

**શ્લોકાર્થ :**

**શ્રુતજ્ઞાનમાં પુરુષને શ્રુતજ્ઞાનના રાગથી પોતાના દર્શનનો થોડો આગ્રહ અર્થાત્ થોડી પક્કડ હોય છે; જ્યારે ચિન્તાજ્ઞાનમાં ઊંડું ચિન્તન હોવાના કારણે ક્યારેય પોતાના દર્શનની ખોટી પક્કડ હોતી નથી.**

**ભાવાર્થ :**

શ્રુતજ્ઞાનવાળા સાધકનો ક્ષયોપશમ એટલો તીવ્ર નહિ હોવાને કારણે, ક્યારેક તેનામાં પોતે સ્વીકારેલ દર્શન પ્રત્યેના મમત્વના કારણે થોડો પક્ષપાત-પક્કડ થવાની સંભાવના રહે છે; જ્યારે ચિન્તાજ્ઞાન-સંપન્ન સાધકમાં આવો આગ્રહ ક્યારેય સંભવી શકતો નથી. કેમ કે, તેનામાં પ્રજ્ઞાની સૂક્ષ્મતા હોવાને કારણે તે અનેક યુક્તિ-પ્રયુક્તિથી પદાર્થ જોઈ શકે છે.

**વિશેષાર્થ :**

શ્રુતજ્ઞાનવાળા સાધકો સામાન્યથી સ્યાદ્વાદને સમજતા હોય છે. તોપણ તેઓ ચિંતાજ્ઞાનસંપન્ન મહાત્માની જેમ નયની સૂક્ષ્મ યુક્તિઓને સમજી શકતા નથી, તેથી ક્યારેક શ્રુતજ્ઞાની પોતે સ્વીકારેલ મત સિવાયના મતની સૂક્ષ્મ વાતોને સમજી શકતા નથી. પરિણામે તેઓમાં પોતે જે મતને માને છે, જે દેવ, ગુરુ અને ધર્મને સ્વીકારે છે, તેમના પ્રત્યેના મમત્વ અને રાગને કારણે ક્યારેક થોડો આગ્રહ આવી જાય છે. આના કારણે ક્યારેક 'સાચું તે મારું' ના બદલે 'મારું તે સાચું' આવો ભાવ સ્પર્શી જાય છે.

શ્રુતજ્ઞાનીનો આવો આગ્રહ પણ અનીવર્તનીય કોટિનો કે, કદાગ્રહની કોટિમાં મૂકાય તેવો નથી હોતો, કેમકે શ્રુતજ્ઞાનની કક્ષા સુધી પહોંચેલા સાધકો સરળ હોય છે, પ્રજ્ઞાપનીય કોટિના હોય છે. સમજાવ્યા સમજી શકે તેવા હોય છે. સત્યમાર્ગ સમજાવનાર સદ્ગુરુ આદિનો તેમને ભેટો થાય અને તેઓ યોગ્ય રીતે તેમને સન્માર્ગ સમજાવે તો આવા સાધક સારી રીતે વળી જાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધક જ્યારે ચિન્તાજ્ઞાનની કક્ષામાં આવે છે ત્યારે તેની પ્રજ્ઞાનો વિશેષ ઉઘાડ થાય છે. તે દરેક પદાર્થોને (દરેક પરિસ્થિતિને) નય અને પ્રમાણની દૃષ્ટિથી જોઈ શકે છે. સૂક્ષ્મયુક્તિઓને સમજવાની તેની ક્ષમતા ખીલે છે, તેથી અન્યમત પણ કયા નયથી વાત કરે છે તે તેને સમજાય છે. પરિણામે તે તેનો અનેકાન્તદૃષ્ટિથી સ્વીકાર કરી શકે છે, આથી જ ચિન્તાજ્ઞાનવાળા સાધકમાં દર્શનનો આગ્રહ કે મમત્વકૃત પક્ષપાત રહેતો નથી. જ્યાં જેટલા પ્રમાણમાં સત્યતા દેખાય ત્યાં તેટલા પ્રમાણમાં તે તેનો સ્વીકાર કરે છે અને જ્યાં અતત્ત્વભૂત પદાર્થ દેખાય તેનો અસ્વીકાર કરે છે, આથી જ તે પોતાના દર્શનના પદાર્થને પણ તત્ત્વના પક્ષપાતથી સ્વીકારે છે, પરંતુ પોતાનું છે માટે નહીં. આવા સાધકમાં *'મારું એ સાચું નહીં પણ સાચું એ મારું'*ની ઉમદા વૃત્તિ સ્પષ્ટ દેખાય છે. ॥૬૮॥

**અવતરણિકા :**

હવે ભાવનાજ્ઞાનસંપન્ન સાધકનું ચિત્ત કેવું હોય છે, તે જણાવે છે-

**શ્લોક :**

**चारिसञ्जीविनीचारकारकज्ञाततोऽन्तिमे ।**
**सर्वत्रैव हिता वृत्तिर्गाम्भीर्यात्तत्त्वदर्शिनः ॥६९॥**

**શબ્દાર્થ :**

૧. अन्तिमे - અંતિમ (ભાવનાજ્ઞાનમાં) ૨. गाम्भीर्यात् - ગંભીરતાને કારણે ૩. चारिसञ्जीविनीचारकारकज्ञाततः - ચારામાં સંજીવની ચરાવનાર સ્ત્રીના દૃષ્ટાંતથી ૪. तत्त्वदर्शिनः - તત્ત્વને જાણનાર પુરુષની ૫. सर्वत्रैव - સર્વત્ર જ ૬/૭. हिता वृत्तिः - હિતકારી પ્રવૃત્તિ થાય છે.

**શ્લોકાર્થ :**

**અંતિમ ભાવનાજ્ઞાનમાં ગંભીરતા હોવાને કારણે ચારામાં સંજીવનીનું ભક્ષણ કરાવનાર સ્ત્રીના દૃષ્ટાંતની જેમ તત્ત્વને જાણનાર પુરુષ બધે જ હિતકારી પ્રવૃત્તિ કરે છે.**

**ભાવાર્થ :**

એક બાઈ કુશળ બુદ્ધિવાળી હતી. બળદ બનેલા પોતાના પતિનું હિત કરવા તેણે પતિને ઘાસના ચારા સાથે સંજીવની ચરાવી. સંજીવની ચરવાના કારણે બળદ બનેલો તેનો પતિ પુનઃ મનુષ્ય થઈ ગયો. તેની જેમ ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માઓ તત્ત્વજ્ઞાની હોવા ઉપરાંત અતિ ગંભીર હોય છે, તેથી તેઓ સર્વ પરિસ્થિતિમાં જે રીતે અન્યનું હિત થાય તે રીતે જ પ્રવૃત્તિ કરે છે.

**વિશેષાર્થ :**

ભાવનાજ્ઞાન જેવા શ્રેષ્ઠ જ્ઞાનને વરેલા મહાત્માઓની દૃષ્ટિ જગત કરતાં ન્યારી હોય છે, તેઓ સર્વત્ર તત્ત્વને જુએ છે. તત્ત્વ એટલે પરમાર્થ કે રહસ્ય. શાસ્ત્રનાં કોઈપણ વચન કે તેમાં જણાવેલી કોઈપણ ક્રિયાનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તાત્પર્ય સાધકને મોક્ષના નિર્વિકલ્પ અને નિર્દ્વન્દ્વ સુખ સુધી પહોંચાડવાનું છે, આથી જ પરમાત્માની પ્રત્યેક આજ્ઞામાં સમતા, નિ:સંગતા, નિર્વિકલ્પ ચિત્તવૃત્તિ આદિ જે જે મોક્ષના ઉપાયો છે તેને આત્મસાત્ કરવાની ચાવી સમાયેલી છે. ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માઓ પ્રભુની નાની મોટી પ્રત્યેક આજ્ઞામાં આ તત્ત્વને જોઈ શકે છે, તેથી જ તેમને તત્ત્વદર્શી કહ્યા છે.

ભાવનાજ્ઞાન સંપન્ન મહાત્માઓ જેમ તત્ત્વને જોનારા છે, તેમ અતિ ગંભીર અને વિશાળ હૃદયવાળા પણ છે. જીવત્વની દૃષ્ટિએ જગતના સર્વજીવોને તેઓ સમાન જુએ છે, आत्मवत् सर्वभूतेषु ની ભાવના તેમના રગેરગમાં વ્યાપેલી હોય છે, તેથી 'સ્વમતવાળા મારા કે પરમતવાળા પરાયા' આવી તુચ્છવૃત્તિ ક્યારેય તેમના અંતરમાં પ્રગટતી નથી. તેઓ તો वसुधैव कुटुम्बकम् જેવી ઉત્તમ મનોદશાને ધરનારા હોય છે. આ ભાવનાને અનુરૂપ પ્રજ્ઞા પણ તેમને મળી હોય છે, તેથી કયા જીવોનું કઈ રીતે કલ્યાણ થશે, તેઓ કઈ રીતે સન્માર્ગે વળી શકશે, ઉત્તરોત્તર આત્મકલ્યાણ કરતાં તેઓ સમતાની પરમોચ્ચ ભૂમિકાને કઈ રીતે સર કરી શકશે; આ સર્વ બાબતોને તેઓ ઊંડાણથી વિચારી શકે છે, તેથી ચારા સાથે સંજીવની ચરાવનાર સ્ત્રીના દૃષ્ટાંતની[1] જેમ તેઓ સર્વત્ર હિતકારી પ્રવૃત્તિ કરતા હોય છે, તેથી અન્યમતમાં રહેલા અપુનર્બંધક આદિ જીવો હોય કે સ્વમતની ક્રિયાઓ કરતા શ્રાવકો હોય, આ મહાત્માઓ ઉપદેશની જુદી જુદી પદ્ધતી અપનાવી દરેકને તારવા માટે ઉદ્યમશીલ હોય છે.

ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માઓ અન્યમતમાં રહેલા અપુનર્બંધકની કક્ષા સુધી પહોંચેલા જીવોને તેના મતથી ઉભગાવવાની વાતો (વિક્ષેપણી કથાઓ) કરતાં નથી કે મહાદેવ અથવા બુદ્ધને ન મનાય તેવું કહીને તે તે દેવો પ્રત્યેની આસ્થા તોડવાનું કામ પણ કરતા નથી; પરંતુ મહાદેવ કે બુદ્ધને જ નમસ્કાર કરનારને સર્વજ્ઞ સુધી પહોંચાડવા 'सर्वान् देवान् नमस्यन्ति' જેવા વાક્યો કહી આવા જીવોને કે જે માત્ર મહાદેવ કે બુદ્ધને જ નમસ્કાર

---

1. સ્વસ્તિમતિ નામની એક નગરી હતી. ત્યાં પરસ્પર ગાઢ મિત્રતા ધરાવનારી બે કન્યાઓ રહેતી હતી. સમય જતાં બન્નેનાં લગ્ન થયાં અને બન્ને જુદા જુદા નગરમાં રહેવા લાગી. ઘણા વખત પછી બન્ને સખીઓ એકબીજાને મળી ત્યારે પોતપોતાના સુખદુ:ખની વાતો કરવા લાગી. એકે કહ્યું કે હું બહુ દુ:ખી છું. કેમ કે મારો પતિ મને આધીન નથી. ત્યારે તેની સખીએ કહ્યું કે તું ચિંતા ન કર, હું તને એક ઔષધિ આપીશ, તેના પ્રભાવથી તારો પતિ તને વશ બની જશે. ઔષધિ આપીને સખી તો તેના ગામ જતી રહી. આ બાજુ પેલી સ્ત્રીએ જ્યારે આ ઔષધિ પોતાના પતિને ખવડાવી ત્યારે તે ઔષધિના પ્રભાવે તેનો પતિ બળદ બની ગયો. આ જોઈ તે ખૂબ ચિંતાતુર બની ગઈ.

હવે આ સ્ત્રી પોતાના બળદ બનેલા પતિને વનમાં લઈ જઈ ચારો ચરાવે છે, પાણી પીવડાવે છે અને સતત પોતાના પતિની સેવા કરે છે. એક વખત આ સ્ત્રી પોતાના પતિ બળદને એક વડની નીચે ચારો ચરાવતી હતી. ત્યાં તે જ વડ ઉપર વિદ્યાધર યુગલ આવીને બેઠું. વિદ્યાધરે પેલા બળદને જોઈને પોતાની સ્ત્રીને કહ્યું કે આ બળદ સ્વાભાવિક નથી, પરંતુ કોઈ ઔષધિના પ્રયોગથી થયેલો છે. વિદ્યાધરીએ આ સાંભળી તરત પૂછ્યું કે, શું આ બળદ પાછો મનુષ્ય બની શકે ? વિદ્યાધરે કહ્યું કે, આ વડલાની નીચે સંજીવની નામની ઔષધિ છે, જો આ બળદ તે ખાય તો પોતાના સ્વાભાવિક રૂપને પામી શકે. આટલી વાત કરીને વિદ્યાધર યુગલ આકાશમાં ઉડી ગયું. આ વાર્તાલાપ બળદની સ્ત્રીએ સાંભળ્યો અને તે અત્યંત ખુશ થઈ ગઈ, હવે તે સ્ત્રી સંજીવનીને તો ઓળખતી ન હતી તેથી તેને પતિ પ્રત્યેની હિતબુદ્ધિથી વિચાર્યું કે હું મારા પતિને આ ઝાડ નીચે રહેલી ઘાસ વગેરે સઘળી વનસ્પતિ ખવડાવું. આમ કરતાં તેમાં રહેલી સંજીવની પણ ખવાઈ જશે. આવું કરતાં તે સ્ત્રીનો બળદ બનેલો પતિ સંજીવનીનો ચારો ચરતાં જ પુન: મનુષ્ય બની ગયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરતા હતા તેમને પ્રથમ સર્વ દેવો તરફ વાળી દેવનું સાચું સ્વરૂપ સમજાવે છે. જેથી તે મિથ્યા દેવોને છોડવા તૈયાર થાય છે અને વીતરાગની વિશેષતા મહાનતા જોઈને વીતરાગ પ્રત્યે પણ ભક્તિવાળા બની જાય છે. આમ સર્વ દેવોની ભક્તિ સમાન ચારાની વચ્ચે વીતરાગની ભક્તિ સમાન સંજીવની ચરાવવાનું કાર્ય ભાવનાજ્ઞાનવાળા કરે છે.

જેઓ વળી જૈનદર્શનમાં રહેલા હોય, સુદેવ-સુગુરુ અને સુધર્મને આરાધી રહ્યા હોય, ધર્મનાં અનેક અનુષ્ઠાનો કરી પણ રહ્યા હોય, પરંતુ તે અનુષ્ઠાનો કઈ રીતે કરવાં અને તેના દ્વારા દોષોથી મુક્ત થઈ મોક્ષના માર્ગે કઈ રીતે આગળ વધવું તે જેઓ જાણતા ન હોય, તેવા જીવો અપેક્ષાએ ક્રિયા કરવારૂપ ચારો ચરે છે તેમ કહી શકાય, પરંતુ ક્રિયાના હાર્દરૂપ સંજીવની સુધી તેઓ પહોંચી શકતા નથી. આવા જીવોને એક એક ક્રિયા કઈ વિધિથી કયા ભાવપૂર્વક કરવી તે જણાવે છે. વળી આ જ ક્રિયાઓ દ્વારા વિષયોની આસક્તિ અને કષાયની આધીનતાને દૂર કરી સમતાની ઉચ્ચ ભૂમિકા સુધી કઈ રીતે પહોંચવું; તે સમજાવવા રૂપ સંજીવની ચરાવવાનું કાર્ય પણ ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માઓ કરે છે.

કેટલાક જીવો વળી નિશ્ચયથી વાસિત મતિવાળા હોય છે, તેથી તેઓ આત્માને જોવો, આત્મામાં રહેવું, આત્મભાવ સાધવો, જડ ક્રિયા કરવાથી શું ફાયદો છે વગેરે માન્યતાવાળા હોય છે. તેવા જીવોને વ્યવહાર પ્રધાન ક્રિયાનું પણ કેટલું મહત્ત્વ છે, ક્રિયા વિના ભાવ ટકાવવા કેટલા કઠિન છે વગેરે વાતો કરી વ્યવહારનય પ્રત્યે રુચિવાળા કરે છે. કેટલાક વળી ઉત્સર્ગરુચિવાળા જીવો હોય છે તેઓને અપવાદ પણ માર્ગ છે તેમ જણાવી સાધનામાર્ગમાં ટકવા, અવસરે અપવાદનું પણ આલંબન જરૂરી છે તેમ સમજાવે છે.

ટૂંકમાં ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માઓ સંપર્કમાં આવેલ જીવોના મિથ્યાત્વાદિ મળો જે રીતે ટળે અને સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે તે રીતે ઔચિત્ય પ્રધાન પ્રવૃત્તિ કરે છે, આ જ તેમની મહાનતા છે. ॥૬૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાસ્ત્રયોગનું ફળ મધ્યસ્થભાવ

ગાથા-૭૦ થી ૭૭

**અવતરણિકા :**

સાચો શાસ્ત્રવેદી કોને કહેવાય તે જણાવે છે-

**શ્લોક :**

**तेन[1] स्याद्वादमालम्ब्य[2] सर्वदर्शनतुल्यताम्[5] ।**
**मोक्षोद्देशाविशेषेण[4], यः[3] पश्यति[6] स[7] शास्त्रवित्[8] ॥७०॥**

નોંધ : અહીં 'मोक्षोद्देशाद्विशेषेण' એવો પણ પાઠ મળે છે.

**શબ્દાર્થ :**

૧. तेन - તેના દ્વારા = ભાવનાજ્ઞાન દ્વારા ૨/૩. स्याद्वादमालम्ब्य यः - સ્યાદ્વાદનો સહારો લઈ જે ૪. मोक्षोद्देशाविशेषेण - મોક્ષના ઉદ્દેશથી સમાનરૂપે ૫. सर्वदर्शनतुल्यताम् - સર્વદર્શનની તુલ્યતાને ૬. पश्यति - જુએ છે ૭/૮. स शास्त्रवित् - તે (જ યથાર્થ રીતે) શાસ્ત્રને જાણનારો છે.

**શ્લોકાર્થ :**

**ભાવનાજ્ઞાન દ્વારા સ્યાદ્વાદનું આલંબન લઈને 'સર્વદર્શનોમાં મોક્ષનો ઉદ્દેશ સમાન છે' એ રૂપે જે સર્વદર્શનની તુલ્યતાને જોઈ શકે છે, તે જ સાચો શાસ્ત્રવેત્તા છે તેમ કહેવાય.**

**ભાવાર્થ :**

અનેકાન્ત શાસ્ત્રોનો અભ્યાસુ સાધક ભાવનાજ્ઞાન દ્વારા સર્વત્ર સ્યાદ્વાદની દૃષ્ટિ અપનાવે છે, તેથી તેઓ જ્યારે સર્વ દર્શનોને જુએ છે ત્યારે તેઓને સમજાય છે કે, 'આસ્તિક સર્વ ધર્મો મોક્ષને માને છે. મોક્ષ માટે જ દયા-દાનાદિ ધર્મ કરવાનો ઉપદેશ આપે છે, તેથી સર્વધર્મોનું લક્ષ્ય એક જ છે', આ રીતે 'સર્વદર્શનોમાં મોક્ષનો ઉદ્દેશ સમાન છે' તે જોઈ જે મધ્યસ્થભાવે સર્વદર્શનોની તુલ્યતાને જોઈ શકે છે, તેને જ સ્યાદ્વાદ સિદ્ધાંતને જાણનારો સાચો શાસ્ત્રવેત્તા કહેવાય.

**વિશેષાર્થ :**

ભાવનાજ્ઞાનના કારણે અનેકાન્તશાસ્ત્ર જેમ જેમ હૈયામાં પરિણામ પામે છે; તેમ તેમ રાગ-દ્વેષ આદિનાં દ્વંદ્વો ઓગળતા જાય છે. પરિણામે એક શ્રેષ્ઠ કોટિનો મધ્યસ્થભાવ પ્રગટ થાય છે. આ રીતે જેના હૈયામાં માધ્યસ્થ્ય પ્રગટ થયું હોય, તેને જ શાસ્ત્રનો સાચો જાણકાર શાસ્ત્રવિત્ કહેવાય.

અનેકાન્ત શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય અને ભાવના જ્ઞાનના કારણે જેને અનેકાન્ત યથાર્થ રીતે પરિણમ્યો હોય તે મહાત્માઓ સર્વત્ર સ્યાદ્વાદનો આશ્રય લે છે. તેઓની સામે કોઈ પદાર્થ, પ્રસંગ, કે સ્વ-પર સિદ્ધાંતના કોઈ વચન આવે ત્યારે તેઓ સ્યાદ્વાદની દૃષ્ટિ અપનાવે છે, તેથી કોઈપણ પ્રકારના કદાગ્રહ વગર કે મારા-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારા ભેદ વગર મધ્યસ્થભાવે તેઓ સત્ય શું છે તે વિચારી, સત્યનો સ્વીકાર અને અસત્યનો અદ્વેષભાવે ત્યાગ પણ કરી શકે છે.

નિર્મળદૃષ્ટિવાળા આવા મહાત્માઓ જ્યારે અન્યદર્શનનાં શાસ્ત્રનો અભ્યાસ કરે છે, ત્યારે પણ સ્યાદ્વાદનો સહારો લે છે, તેથી તેમને સમજાય છે કે, અન્ય દર્શનકારો પણ મોક્ષને માને છે. તેઓ પણ મોક્ષ મેળવવા માટે જ સર્વ પ્રકારનો ધર્મ કરવાનો ઉપદેશ આપે છે. સંસારના સર્વભાવો તથા વિષય-કષાયો મોક્ષમાં બાધક હોવાથી તેનો ત્યાગ કરવા જણાવે છે. ક્ષમાદિ ગુણો મોક્ષસાધક હોવાથી તેને અપનાવવા પ્રેરણા કરે છે. આમ મોક્ષના ઉદ્દેશથી જૈન દર્શન અને અન્યદર્શન સમાન છે આવું તેઓ જોઈ શકે છે. ભાવનાજ્ઞાનપૂર્વક અનેકાન્ત શાસ્ત્રના અભ્યાસથી જેના હૈયામાં શ્રેષ્ઠ કોટિનો મધ્યસ્થભાવ પ્રગટ્યો હોય તેનામાં જ આવી દૃષ્ટિ આવે છે.

તેથી જ ગ્રંથકારશ્રી કહે છે કે, અનેકાન્ત શાસ્ત્ર ભણી, જેઓ આ રીતે ગુણ-દોષનો વિવેક કરી, ગુણને પ્રાધાન્ય આપી શકે; પોતાના કરતાં જુદી માન્યતા ધરાવનાર પ્રત્યે દ્વેષ, અણગમો કે તિરસ્કારની વૃત્તિ ન રાખે અને તેમનામાં પણ જેટલું સારું અને સાધનામાં સહાયક દેખાય તેના પ્રત્યે અહોભાવ અને આદરભાવ દર્શાવી શકે, તે જ વાસ્તવમાં શાસ્ત્રવેત્તા કહેવાય. આવી વ્યક્તિ માટે જ કહી શકાય કે, તે અનેકાન્ત શાસ્ત્રવેત્તા છે, જાણકાર છે. કેમ કે, શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ ઉદારતા, સમતા, મધ્યસ્થતા આદિ ગુણોને વિકસાવવાનો છે. જો તે ઉદ્દેશ સરતો હોય તો શાસ્ત્રવેદી છે તેમ કહેવાય અને જો તે ઉદ્દેશ સરતો ન હોય તો કહેવું પડે કે તેઓ શાસ્ત્રને સમજ્યા જ નથી. બાહ્યથી શાસ્ત્ર ભણેલા કદાચ પંડિત બની જાય છે, પણ તેઓમાં અનેકાન્તદૃષ્ટિનો ઉઘાડ ન થયો હોવાના કારણે તેઓ અન્ય દર્શનનાં સારાં અને નરસાં એમ બન્ને પાસાં જોઈ શકતા નથી. તેઓને અન્યદર્શન પણ મોક્ષને માને છે એવું દેખાતું નથી; પરંતુ તે એકાન્તિક કથન કરે છે માટે સંપૂર્ણપણે ખોટા લાગે છે. આ રીતે અન્યના માત્ર દોષ જ જેને દેખાય છે અને એમાં રહેલા ગુણ જેને દેખાતા જ નથી, તે શાસ્ત્રવેત્તા ન જ કહેવાય. ॥૭૦॥

**અવતરણિકા :**

ભાવનાજ્ઞાનસંપન્ન જ શાસ્ત્રને સાચા અર્થમાં જાણી શકે છે તે બતાવી, હવે શાસ્ત્રાર્થ શું છે, તે જણાવે છે-

**શ્લોક :**

**माध्यस्थ्यमेव[१] शास्त्रार्थो[२], येन[३] तच्[४]चारु[५] सिध्यति[६] ।**
**स[७] एव[८] धर्मवादः[९] स्याद्[१०]न्यद्[११] बालिशवल्गनम्[१२] ॥७१॥**

**શબ્દાર્થ :**

૧. माध्यस्थ्यमेव - માધ્યસ્થ્ય જ ૨. शास्त्रार्थः - શાસ્ત્રનો (સાચો) અર્થ છે, તાત્પર્યાર્થ છે. ૩/૪/૫. येन तत् चारु - જેના વડે તે = માધ્યસ્થ્ય સારી રીતે ૬. सिध्यति - સિદ્ધ થાય છે ૭/૮/૯/૧૦. स एव धर्मवादः स्यात् - તે જ (વાદ) ધર્મવાદ થાય - કહેવાય, ૧૧/૧૨. अन्यद् बालिशवल्गनम् - બીજા (વાદો તો) મૂર્ખની કૂદાકૂદ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :**

**માધ્યસ્થ્ય જ શાસ્ત્રાર્થ = શાસ્ત્રનો ઐદંપર્યાર્થ છે. જેનાથી તે મધ્યસ્થભાવ સારી રીતે સિદ્ધ થાય, તે જ ધર્મવાદ છે. અન્ય = જેનાથી મધ્યસ્થભાવ સિદ્ધ ન થતો હોય તેવી શાસ્ત્રની ચર્ચા, તે બાલિશવલ્ગન અર્થાત્ મુર્ખ માણસની કૂદાકૂદ જેવી છે.**

**ભાવાર્થ :**

સામાન્ય રીતે વિચારીએ તો શાસ્ત્ર જે વસ્તુનું જેવું નિરૂપણ કરે તેવું જાણવું તેને શાસ્ત્રાર્થ કહેવાય. તોપણ અહીં માધ્યસ્થ્યને શાસ્ત્રાર્થ કહ્યો છે. કારણ કે, શાસ્ત્રનાં સર્વ વચનો દુઃખકારક રાગ-દ્વેષથી દૂર થવાનો અને સુખકારક માધ્યસ્થ્યાદિ ભાવો કેળવવાનો ઉપદેશ આપે છે. આ ઉપદેશ જેના આત્મામાં પરિણામ પામ્યો હોય તેને જ શાસ્ત્રાર્થ પ્રાપ્ત થયો છે એમ કહેવાય. તેથી અહીં મધ્યસ્થભાવને જ ઐદમ્પર્યાર્થરૂપ શાસ્ત્રાર્થ કહ્યો છે. આવા ઐંદપર્યાયાર્થરૂપ શાસ્ત્રાર્થનો બોધ મેળવવા જો વાદ કરાય તો તેને ધર્મવાદ કહેવાય. બાકીના વાદ તો મૂર્ખ લોકોની કૂદાકૂદી જેવા છે.

**વિશેષાર્થ :**

સામાન્યથી વિચારતાં એવું લાગે કે વાક્યાર્થ કે મહાવાક્યાર્થરૂપ જે શાસ્ત્રના વચનોના અર્થ થાય તેને શાસ્ત્રાર્થ કહેવાય, તેથી શાસ્ત્રમાં જે તત્ત્વોનું જેવું નિરુપણ કર્યું હોય તે તત્ત્વોને જે વ્યક્તિ તેવાં જ જાણે, તેણે શાસ્ત્રાર્થ પ્રાપ્ત કર્યો કહેવાય. આમ છતાં અહીં ગ્રન્થકારશ્રીએ માધ્યસ્થ્યને જ શાસ્ત્રાર્થ કેમ કહ્યો હશે ? તેવો પ્રશ્ન ચોક્કસ ઊઠે. હકીકતમાં સાધક જ્યારે અનેકાન્ત શાસ્ત્રનો અભ્યાસ કરે છે, ત્યારે તેનામાં દરેક પદાર્થને વિવિધ દૃષ્ટિકોણથી જોવારૂપ અનેકાન્ત દૃષ્ટિનો ઉઘાડ થાય છે. આ દૃષ્ટિથી સાધક જ્યારે કોઈપણ પદાર્થને જુએ છે, ત્યારે તેનામાં કોઈ ચોક્કસ માન્યતા પ્રત્યેનો અસત્ પક્ષપાત રહેતો નથી. તે મધ્યસ્થભાવે સર્વની વાતો સાંભળે છે, સર્વ શાસ્ત્ર વચનોને જાણે છે, જ્યાં જેટલું સાચું અને સારું લાગે તેનો સાપેક્ષભાવે સ્વીકાર કરે છે અને જ્યાં જેટલું ખોટું લાગે તેનો અદ્વેષભાવે ઇન્કાર કરે છે. **આ રીતે સર્વત્ર માધ્યસ્થ્ય પ્રાપ્ત કરવું એ જ અનેકાન્ત શાસ્ત્રનો ઐદમ્પર્યાર્થ** છે; તેથી ગ્રન્થકારશ્રીએ અહીં ઐદમ્પર્યાર્થરૂપ માધ્યસ્થ્યને શાસ્ત્રાર્થ કહ્યો છે.

શાસ્ત્રનો સમ્યગ્ બોધ મેળવવા કે શાસ્ત્રીય પદાર્થોને સમજવા જેમ વિનયપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરાય છે, તેમ ક્યારેક તત્ત્વ નિર્ણય માટે વિદ્વાનો સાથે વાદ પણ કરાય છે. સામસામે થતી ચર્ચાને વાદ કહેવાય છે; પરંતુ ધર્મવાદ[1] તો તેને જ કહેવાય કે જેમાં સામી વ્યક્તિને ઉતારી પાડવાની વૃત્તિ ન હોય, બીજાને હરાવી પોતાની જીત હાંસલ કરવાની તુચ્છ ભાવના ન હોય કે માન-પાન કે કીર્તિની કામના ન હોય, પણ જેમાં માત્ર ઊંડી તાત્ત્વિક જિજ્ઞાસાથી તત્ત્વની પ્રાપ્તિ માટે ચર્ચા-વિચારણા થતી હોય.

---

1. ज्ञातशास्त्रतत्त्वेन मध्यस्थेनाऽघभीरुणा । कथाबन्धस्तत्त्वधिया धर्मवादः प्रकीर्तितः ।।४।।
वादिनो धर्मबोधादि विजयेऽस्य महत्फलम् । आत्मनो मोहनाशश्च प्रकटस्तत्पराजये ।।५।।
જેણે પોતાના શાસ્ત્રોનાં તત્ત્વ સમજ્યાં હોય, જે મધ્યસ્થ તથા પાપભીરુ હોય તેવા પ્રતિવાદી સાથે તત્ત્વબુદ્ધિથી જે કથા = ચર્ચા કરવામાં આવે તે ધર્મવાદ કહેવાયેલ છે. તેમાં વાદીનો વિજય થાય તો પ્રતિવાદીને ધર્મપ્રાપ્તિ વગેરે મહાન ફળ પ્રાપ્ત થાય તથા વાદીનો પરાજય થાય તો વાદીનું તત્ત્વવિષયક અજ્ઞાન (મોહ) નાશ પામે છે. - द्वात्रिंशद् द्वात्रिंशिकायाः वादद्वात्रिंशिकायाम् ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મવાદ થતો હોય ત્યારે વિદ્વાનો સામસામે બેસી પોતાની વાત રજૂ કરે, એક-બીજાની વાતોને ખુલ્લા દિલે વિચારે, જે સત્ય જણાય તેને બન્ને પક્ષ સહજતાથી સ્વીકારે, સત્યનો નિર્ણય ન થાય તો વધુ વિમર્શ માટે વાતને વધારે ઊંડાણથી સમજવા માટે વધુ તત્પર બને. આવા ધર્મવાદના અંતે બન્ને પક્ષને કોઈ નવી દિશા મળ્યાનો આનંદ થાય, પોતે રજૂ કરેલી વાત સત્ય છે, તેવો ખ્યાલ આવે તો શ્રદ્ધા દૃઢ થાય છે અને જો પોતે રજૂ કરેલી વાત ખોટી ઠરે તો અજ્ઞાન કે વિપર્યય ટળ્યાનો આનંદ થાય છે. આમ ધર્મવાદમાં જય અને પરાજયની ભાવનાને ક્યાંય સ્થાન જ હોતું નથી, એકમાત્ર તત્ત્વ પ્રાપ્તિનો જ ભાવ હોય છે.

આથી જ તત્ત્વપ્રાપ્તિના ઉદ્દેશથી પ્રારંભાયેલો વાદ પણ જો સુંદર એવા મધ્યસ્થભાવની વૃદ્ધિમાં પરિણામ પામે, વાદના અંતે વાદી અને પ્રતિવાદીમાં તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત તીવ્રતર બને, બન્ને પક્ષનો સત્તત્વ પ્રત્યેનો આદર વધે તો જ તે વાદને ધર્મવાદ કહેવાય છે. એકવાત એ પણ ધ્યાનમાં રહેવી જોઈએ કે મધ્યસ્થભાવથી વાદ કરવાથી જ માધ્યસ્થ્યની સિદ્ધિ થાય. માધ્યસ્થ્ય ભાવનો ત્યાગ કરીને રાગ-દ્વેષની પરિણતિથી કરાતા વાદથી માધ્યસ્થ્યની સિદ્ધિ ક્યારેય થતી નથી. જે બીજમાં હોય તે જ ફળમાં આવે આ કોઈને પણ સમજાય તેવો સામાન્ય નિયમ છે.

આના બદલે તત્ત્વની જિજ્ઞાસા વિના જક્કી કે હઠીલા વલણથી રાગાદિને આધીન બની, પોતાની ખોટી પણ માન્યતાને બીજા ઉપર ઠોકી બેસાડવાના આગ્રહથી, પોતાના અભિમાનને પોષવા માટે, વાદી તરીકેની ખ્યાતિ મેળવવા કે વિવેક વિના ધર્મનો પ્રચાર કરવા માટે જે વાદ કરાય તે ધર્મવાદ નથી, તે તો માત્ર બાલિશ ચેષ્ટા છે. જેમ મૂર્ખ લોકોની દોડાદોડી, કૂદાકૂદી કે તોફાન મસ્તીની ક્રિયાથી તેમને કાંઈ મળતું નથી અને બીજાને હેરાનગતિ થાય છે, તેમ તત્ત્વ પામવાની ઇચ્છા વિના કરાતો કે મધ્યસ્થભાવની વૃદ્ધિ ન કરે તેવો વાદ કરવો તે બાળ ચેષ્ટા છે તેનાથી પોતાનું આત્મહિત સધાતું નથી અને બીજાનું અહિત થયા વિના રહેતું નથી. તેથી તે ધર્મવાદ નહિ પણ અજ્ઞાનક્રિયા હોવાથી બાળચેષ્ટા જ છે.

આજકાલ ઘણા લોકો એવું માને છે કે, ભગવાને રાગ-દ્વેષ કરવાની ના પાડી છે તેથી ધર્મ પામવાના હેતુથી તત્ત્વ નિર્ણય માટે પણ ચર્ચા-વિચારણા કે વાદ ન કરવો જોઈએ, સર્વત્ર સમતા રાખવી જોઈએ, સૌની સાથે મૈત્રી રાખવી જોઈએ, ક્યાંય સાચા-ખોટાની ભાંજગડમાં ન પડવું જોઈએ વગેરે વાતો તદ્દન બેબુનિયાદ છે. આવી માન્યતા રાખી વાદમાં ન પડવું તે કાંઈ મધ્યસ્થતા નથી, આમ માનવું તે નર્યું અજ્ઞાન છે અને તત્ત્વના યથાર્થ બોધમાં અવરોધક છે.

શ્રી જિનેશ્વરદેવના ધર્મને પામેલા સાધકો અહિંસક, શાંત અને સમતાનિધિ હોય, શાંતિ, સમતા અને અહિંસકભાવ એમને વરેલો હોય આમ છતાં તેમનામાં આત્મઘાતક નિર્માલ્યતા તો ન જ હોય. જૈનધર્મ તો વીરનો ધર્મ છે કાયરનો નહીં. જે પૂજવા યોગ્ય હોય, સેવવા યોગ્ય હોય, જેનાથી અનેકનું હિત થવાનું હોય તેને કોઈ નુકશાન થતું હોય અથવા તેનો ઘાત થતો હોય ત્યાં સુધી જેના પેટનું પાણી પણ ન હાલે, તેને સાચો વીર કેવી રીતે કહેવાય ? તેથી તત્ત્વની પ્રાપ્તિ માટે ધર્મવાદ કરવો એ કાંઈ શાંતિનો ભંગ નથી એ તો પરમ શાંતિ સુધી પહોંચવાનો માર્ગ છે અને તત્ત્વ-અતત્ત્વનો વિભાગ કરવામાં જે કાયરની જેમ બેસી રહેતો હોય તેની શાંતિ આત્મહિતકર તો નથી જ પણ આત્મઘાતક છે, તેથી જૈનશાસન આવી આત્મઘાતક શાંતિને પૂજવામાં માનતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તત્ત્વ અને અતત્ત્વ બન્નેને સમાન માનવા કે સર્વ ધર્મને સમાન માનવામાં માધ્યસ્થ્ય નથી પણ મૂર્ખતા છે. મારા તારાની લાગણીઓને બાજુ પર મૂકી, હાર-જીતના પરિણામોથી પર બની સાચા-ખોટાનો નિર્ણય કરવામાં તટસ્થ રહેવું તેનું નામ માધ્યસ્થ્ય છે.** કદાચ પોતે સ્વીકારેલ માન્યતા અહિતકર હોય તો તેને સહજતાથી છોડવાની તૈયારી હોવી જોઈએ અને જો ક્યારેક બીજાએ પકડેલી વાત અહિતકર હોય તો તેના ઉપરની કરુણાબુદ્ધિથી તેને છોડાવવા યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ.

આત્મા માટે અહિતકર હોય કે શાસ્ત્રવિરુદ્ધ હોય તેવી ઘણી વાતો યોગ્ય નથી તેવું પૂરવાર કરવા ભૂતકાળમાં અનેક મહાપુરુષોએ અનેકવાર વાદો કર્યા છે. ખુદ ચરમ તીર્થપતિ શ્રીમહાવીરસ્વામી ભગવાને પણ જ્યારે અનેક લોકો ગોશાળાના ખોટા મતમાં તણાતા હતા ત્યારે ગોશાળાના મતને ખોટો કહ્યો હતો. તથા ગોશાળો પોતાને સર્વજ્ઞ માને છે, પણ તે સર્વજ્ઞ નથી એવું પ્રતિપાદન કર્યું હતું. આ સાંભળી ગોશાળો ક્રોધાયમાન થયો હતો. તેણે પ્રભુ ઉપર તેજોલેશ્યા મૂકી અને પ્રભુના બે શિષ્યો તેમાં બળી પણ ગયા. આટલો અનર્થ થશે એવું પરમાત્મા જાણતા હતા છતાં અનંત જીવોનું હિત જેમાં સમાયેલું હતું તે સત્યતત્ત્વ પ્રભુએ પ્રકાશિત કર્યું જ. ગોશાળાને સંક્લેશ થશે તેમ માની પ્રભુ મૌન ન રહ્યા. આજે કે ભૂતકાળમાં સત્યના સમર્થન માટે જ્યારે જ્યારે મહાપુરુષોએ શુદ્ધ પ્રરૂપણા કે વાદ વગેરે કર્યા ત્યારે ત્યારે અસત્યના પક્ષપાતી એવા કદાગ્રહીઓને દુઃખ પણ થયું છે; પરંતુ તેટલા માત્રથી કાંઈ મહાપુરુષોએ સત્યની ઉપેક્ષા નથી કરી, તેથી માધ્યસ્થ્યનો અર્થ ક્યારેય એવો ન કરવો કે, વાદમાં ન પડવું; પરંતુ ધર્મવાદ કરી માધ્યસ્થ્યને દૃઢ કરવા યત્ન કરવો જોઈએ.

અહીં એટલું યાદ રાખવું કે, માધ્યસ્થ્ય ભાવથી તત્ત્વની પ્રાપ્તિ માટે કરાતો વાદ એ જ **'ધર્મવાદ'** છે. હારજીતની વૃત્તિથી કરાતો વાદ એ **'વિવાદ'** છે અને કોઈપણ ભોગે સામાને પછાડવાની વૃત્તિથી કરાતો વાદ તો **'વિતંડા'** છે.

આ ત્રણ પ્રકારના વાદમાં એક માત્ર ધર્મવાદ કલ્યાણકારી છે. બાકી વિવાદ અને વિતંડા કે જેને શુષ્કવાદ પણ કહેવાય તે તો અનર્થકારી છે.[2]

જૈનશાસન તત્ત્વની પ્રાપ્તિ માટે સમ્યગ્‌વાદ અવશ્ય કરવો જોઈએ તેમ માને છે. તેથી ધર્મવાદ યથા અવસરે હંમેશા કરવાનો છે. 'વિવાદ' સામે ચડીને કરવાનો નથી પણ સામેથી આવી પડે તો માર્ગરક્ષા માટે સમભાવમાં સ્થિર રહી અવશ્ય કરવાનો છે. જ્યારે વિતંડા તો ક્યારેય કરવાનો નથી. આ માન્યતાને વરેલા જૈનશાસનના મહાપુરુષો વાદમાં ઊતરીને સામાને પરાજીત કરે પણ ખરા; પરંતુ 'મારે અમુકને પરાજીત કરવો છે' - એવા કોઈપણ પ્રકારનું ધ્યેય જૈનશાસનને પામેલા મહાપુરુષોનું નથી હોતું. તેમનું ધ્યેય તો એક માત્ર જગતના જીવોને સત્ય તત્ત્વ સમજાવવાનું હોય છે. ॥૭૧॥

2. अत्यन्तमानिना सार्धं क्रूरचितेन च दृढम् । धर्मद्विष्टेन मूढेन **शुष्कवाद**स्तपस्विनः ।।१२/२।।
लब्धिख्यात्यर्थिना तु स्याद् दुःस्थितेनाऽमहात्मना । छलजातिप्रधानो यः स **विवाद** इति स्मृतः ।।१२/४।। - अष्टकप्रकरणे ।।
અત્યંત અભિમાની, અત્યંત ક્રૂર ચિત્તવાળા, ધર્મનાં દ્વેષી એવા મૂઢ પ્રતિવાદીની સાથે જો મહાત્મા વાદ કરે તો તે **શુષ્કવાદ થાય.** તથા લબ્ધિ, ખ્યાતિ વગેરેની ઇચ્છાવાળા, દુરાચારી, ક્ષુદ્રચિત્તવાળા પ્રતિવાદીની સાથે છળકપટ અને જાતિને = દૂષણાભાસને પ્રધાન કરીને જે વાદ થાય તે **વિવાદ** કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

માધ્યસ્થ્ય જ શાસ્ત્રાર્થ છે તે જણાવી હવે માધ્યસ્થ્ય વિનાનું શાસ્ત્રજ્ઞાન પણ કેવું છે, તે જણાવે છે-

**શ્લોક :**

**पुत्रदारादि[3] संसारो[4], धनिनां[2] मूढचेतसाम्[1] ।**
**पण्डितानां[6] तु[5] संसारः[9], शास्त्रमध्यात्मवर्जितम्[8] ॥७२॥**

**શબ્દાર્થ :**

૧/૨. (यथा) मूढचेतसाम् धनिनां - (જેમ) મૂઢ ચિત્તવાળા ધનવાનને ૩/૪. पुत्रदारादि संसारः - પુત્ર, સ્ત્રી આદિ સંસાર છે ૫/૬. (तथा) तु पण्डितानां - (તેમ) વળી પંડિતોને ૭/૮. अध्यात्मवर्जितम् शास्त्रम् - અધ્યાત્મ વિનાનું શાસ્ત્ર(જ્ઞાન) ૯. संसारः - સંસાર છે.

**શ્લોકાર્થ :**

**જેમ મૂઢચિત્તવાળા ધનવાનને પુત્ર, સ્ત્રી આદિ સંસાર છે તેમ વળી પંડિતોને અધ્યાત્મ વિનાનું શાસ્ત્રજ્ઞાન સંસાર છે.**

**ભાવાર્થ :**

વિવેક વિનાના અજ્ઞાની ધનવાન વ્યક્તિઓ માટે પુત્ર, સ્ત્રી આદિ બાહ્ય સર્વ સામગ્રીઓ સંસાર વૃદ્ધિનું કારણ બને છે, તેથી તે સર્વ જેમ તેમના માટે સંસાર જ છે. તેમ મધ્યસ્થભાવરૂપ અધ્યાત્મ વિનાના જીવો માટે શાસ્ત્રનું જ્ઞાન પણ સંસારનું કારણ બનતું હોવાથી સંસાર જ છે.

**વિશેષાર્થ :**

આ જગતમાં બુદ્ધિમાન ગણાય એવા પણ ઘણા જીવો પોતાની બુદ્ધિનો ઉપયોગ માત્ર ઇન્દ્રિયગમ્ય પદાર્થોને જાણવા કે અનુભવવા પૂરતો જ કરે છે. આથી દુનિયાના રૂપી પદાર્થોનું વિશ્લેષણ કરવામાં તેઓ પોતાની બુદ્ધિ દોડાવે છે પરંતુ ઇન્દ્રિયાતીત એવા આત્મા આદિ પદાર્થોની વિચારણા માટે તેઓ ક્યારેય પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા નથી. સામાન્ય લોક આવા જીવોને કદાચ બુદ્ધિશાળી માને; પરંતુ તત્ત્વદૃષ્ટિથી તો તેઓ પણ મૂઢચિત્તવાળા એટલે અવિચારક જ છે.

આવા મૂઢ જીવો સાર-અસાર, હેય-ઉપાદેયનો વિવેક કરી શકતા નથી. તેથી પુણ્યયોગે તેમને પ્રાપ્ત થયેલી સંપત્તિ, પુત્ર, પરિવાર આદિને તેઓ સુખનું કારણ માને છે, તેમાં અત્યંત આસક્ત બની જાય છે. તેઓની સાર-સંભાળ કરવામાં આ બિચારા અવિચારક જીવો આરંભ-સમારંભ કરી, અનેક કર્મો બાંધી દીર્ઘકાળ સુધી સંસારમાં ભમે છે.

અવિચારક જીવોમાં જે વળી ધનવાન હોય છે, તેમને પુણ્યયોગે ઘણી સામગ્રીઓ મળી હોય છે, તેથી તે ધારે તો તે સામગ્રી અને પુણ્યના સહારે આધ્યાત્મિક ક્ષેત્રે પણ આગળ વધી શકે, પરંતુ વિવેક વિહિન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધનવાનો મળેલી સામગ્રીને સાચવવામાં, ભોગવવામાં અને સંભાળવામાં પોતાનો કિંમતી સમય વેડફી, અનેક પ્રકારના આરંભ-સમારંભો કરી ઘણાં પાપકર્મો બાંધી, ભવભ્રમણ વધારે છે, આથી જ ધનવાન એવા મૂઢ જીવો માટે પુત્ર, સ્ત્રી આદિ સંસારનું કારણ હોઈ સંસાર જ છે.

એની જેમ સાધના ક્ષેત્રમાં આવેલા અને શાસ્ત્રાભ્યાસ કરનારા જીવોની પણ આવી જ સ્થિતિ હોય છે. તેમાંના કેટલાક જીવો વિચાર્યા વિના માત્ર શાસ્ત્ર ભણ્યા કરે છે, પરંતુ તેનાથી શું મેળવવાનું છે તે તેઓ જાણતા નથી. કેટલાક વળી શાસ્ત્ર ભણશું તો સામાને ચૂપ કરી શકશું, કોઈના પ્રશ્નનો યોગ્ય જવાબ આપી શકશું, વિદ્વાનોની સભામાં માન-સન્માન પ્રાપ્ત કરી શકશું, આમ વિચારી ધર્મગ્રંથોનું જ્ઞાન મેળવી પંડિત થાય છે. અનેક લોકોનાં માન, સન્માન મેળવે છે, પોતાના અભિમાનને પોષે છે; પરંતુ આ જ્ઞાન દ્વારા તેઓ આત્માભિમુખ બની શકતા નથી, આત્મિક સુખનો માર્ગ શોધી શકતા નથી, વિનયાદિ ગુણોની વૃદ્ધિ અને માનાદિ દોષોને ઘટાડી શકતા નથી. સરવાળે તેમનું આ શાસ્ત્રજ્ઞાન તેમના ભવભ્રમણને અટકાવવાને બદલે તેની વૃદ્ધિનું કારણ બને છે. આથી જ ગ્રંથકારશ્રી કહે છે કે, આત્મહિતના લક્ષ્ય વિનાના આવા પંડિતોનું શાસ્ત્રજ્ઞાન માધ્યસ્થ્ય રહિત હોવાના કારણે કષાય પોષક બનીને સંસાર વર્ધક બનતું હોવાથી તેમના માટે તે પણ સંસાર જ છે.

જ્યારે બીજા કેટલાક જીવો આધ્યાત્મિક સુખ પામવા અને દુઃખકારક રાગાદિ દોષોને ટાળવાનો ઉપાય શોધવા સદ્ગુરુ ભગવંત પાસે બેસી વિનયપૂર્વક ધર્મશાસ્ત્રો ભણે છે, તેથી જેમ જેમ તેમના હૃદયમાં શાસ્ત્રવચનો પરિણામ પામતા જાય છે, તેમ તેમ તેમના રાગાદિ દોષો નબળા પડે છે, તેમનામાં સમતા, મધ્યસ્થતા જેવા ગુણો પ્રગટે છે અને નિત નવી સંવેગ અને નિર્વેદ વર્ધક સુખદ સંવેદનાઓ જાગે છે. આવી સંવેદનાઓની અનુભૂતિ તે જ આત્મિક આનંદ છે. આવા સાધકો માટે જ ભવનિસ્તારક શાસ્ત્રજ્ઞાન વાસ્તવમાં ભવભ્રમણનો અંત કરનારું બની જાય છે.

પૂર્વની ગાથામાં જણાવ્યું હતું કે **માધ્યસ્થ્ય** જ શાસ્ત્રાર્થ છે અને આ ગાથામાં માધ્યસ્થ્યને જ શાસ્ત્રાર્થ ન કહેતાં અધ્યાત્મ વિનાનું શાસ્ત્રજ્ઞાન નકામું છે એવું કહી અધ્યાત્મને શાસ્ત્રાર્થ કેમ કહ્યો ? તેનો ઉત્તર એ છે કે, માધ્યસ્થ્ય અને અધ્યાત્મ અપેક્ષાએ જુદા નથી, બન્ને એક જ છે. કારણ કે, રાગાદિ મલિન ભાવોથી પર રહેવું તે જેમ માધ્યસ્થ્ય છે, તેમ રાગાદિ મલિન ભાવોથી દૂર રહી, આત્મભાવમાં જવા યત્ન કરવો તે અધ્યાત્મ છે. (આત્માની શુદ્ધિ છે). આમ અધ્યાત્મ કે માધ્યસ્થ્ય બન્ને ભાવો રાગાદિ વગરના આત્મિક પરિણામો છે, તેથી અપેક્ષાએ બન્ને એક જ છે. 'આથી જ કહ્યું છે કે ઉચ્ચકોટિનો મધ્યસ્થભાવ કે પરમ ઉપેક્ષાનો[1] પરિણામ એ જ પરમ અધ્યાત્મ છે. આ અપેક્ષાને લક્ષ્યમાં રાખી પૂર્વની ગાથામાં કહ્યું કે શાસ્ત્રનું ઐદંપર્ય માધ્યસ્થ્ય છે અને અહીં જણાવ્યું કે શાસ્ત્ર ભણીને અધ્યાત્મ ન પમાય અર્થાત્ પરમ શુદ્ધ આત્મતત્ત્વને અભિમુખ ન થવાય તો તે શાસ્ત્રજ્ઞાન પણ સંસાર જ છે, આ બન્ને વાત સરખી જ છે. ॥૭૨॥

1. જુઓ ગાથા નં. ૩ પાના નં. ૨૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

અધ્યાત્મ કે મધ્યસ્થભાવ બન્ને એક જ છે અને તેના વગરનો શાસ્ત્રાભ્યાસ પણ સંસારરૂપ છે, તે જ વાતને દૃઢ કરતાં કહે છે-

**શ્લોક :**

माध्यस्थ्यसहितं[1] ह्येकपदज्ञानमपि[2] प्रमा[3] ।
शास्त्रकोटिर्वृथैवान्या[5][4] तथा[6] चोक्तं[8] महात्मना[7] ॥७३॥

**શબ્દાર્થ :**

૧. माध्यस्थ्यसहितं हि - ખરેખર માધ્યસ્થ્યથી યુક્ત, ૨. एकपदज्ञानम् अपि - એક પદનું જ્ઞાન પણ ૩. प्रमा - પ્રમા છે ૪. अन्या - (પરંતુ માધ્યસ્થ્ય વગરના) બીજા ૫. शास्त्रकोटिर्वृथैव - કરોડો શાસ્ત્રનું જ્ઞાન પણ નકામું જ છે ૬/૭/૮. तथा महात्मना चोक्तं - તેમ મહાત્મા પતંજલિ વડે (પણ) કહેવાયું છે.

**શ્લોકાર્થ :**

**મધ્યસ્થભાવથી યુક્ત એવું શાસ્ત્રના એક પદનું જ્ઞાન પણ પ્રમા છે, જ્યારે મધ્યસ્થભાવ વગરનું કરોડો શાસ્ત્રોનું જ્ઞાન પણ નકામું છે. તેમ મહાત્મા પતઞ્જલિ વડે (પણ) કહેવાયું છે.**

**ભાવાર્થ :**

તત્ત્વના તીવ્ર પક્ષપાતરૂપ મધ્યસ્થભાવથી યુક્ત એક પદનું જ્ઞાન થાય તોય તે પ્રમા છે અર્થાત્ આત્મહિત કરવા સમર્થ છે અને માધ્યસ્થ્ય વિના કરોડો શાસ્ત્રોનું જ્ઞાન પણ નકામું છે, કેમ કે તેનાથી ક્યારેય આત્મહિત થઈ શકતું નથી. આ વાત મહાત્મા પતંજલિ પણ કહે છે. (જે આગળના શ્લોકોમાં કહેવાશે.)

**વિશેષાર્થ :**

શાસ્ત્ર ભણવાનું એક જ પ્રયોજન છે, અતીન્દ્રિય પદાર્થોનો બોધ મેળવી આત્મશુદ્ધિની દિશામાં આગળ વધવું, તેથી જે શાસ્ત્રાભ્યાસ કર્યા પછી આત્માને મલિન કરનારા રાગાદિ ભાવો દૂર થાય અને અત્યંત સુખકારક માધ્યસ્થ્યની પ્રાપ્તિ થાય, તે જ શાસ્ત્રાભ્યાસ સફળ મનાય. આથી જ ગ્રન્થકારશ્રી કહે છે કે આત્મિક શુદ્ધિના ધ્યેયને સફળ કરવા માધ્યસ્થ્ય ભાવપૂર્વક શાસ્ત્રના એકાદ પદનું જ્ઞાન પણ આત્મહિત સાધી શકે છે; પરંતુ આત્મહિતના લક્ષ્ય વિનાનું મધ્યસ્થ ભાવ વિહોણું સેંકડો શાસ્ત્રનું જ્ઞાન પણ આત્મહિત સાધી શકતું નથી. જે વ્યક્તિમાં અધ્યાત્મના માર્ગે આગળ વધવાની કે મધ્યસ્થભાવ પામવાની કોઈ ભાવના ન હોય તે કદાચ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરે, કરોડો શ્લોકો કંઠસ્થ કરે, અનેક નવા ગ્રંથોની રચના કરે, અન્યને શાસ્ત્ર ભણાવે કે શાસ્ત્રને આશ્રયીને કાંઈ પણ કરે તે સર્વ નકામું છે. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે, આત્મિક સુખની ઇચ્છા ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાને કારણે મિથ્યાદૃષ્ટિઓ નવપૂર્વનો અભ્યાસ કરે તોપણ તેનાથી આત્મિક સુખ મેળવી શકતા નથી અને આત્મશુદ્ધિના લક્ષ્ય પૂર્વક માષતુષાદિ મુનિ માત્ર બે-ચાર પદના જ્ઞાનથી પણ આત્મિક શુદ્ધિ સાધી શક્યા અને ક્રમે કરીને છેક મોક્ષ સુધી પહોંચી શક્યા.

માષતુષ મુનિ તો માત્ર એટલું જ સમજતા હતા કે, સદ્ગુરુનું વચન જ તત્ત્વપ્રાપ્તિનું પ્રબળ કારણ છે, માત્ર આટલા જ્ઞાનથી તેમણે પોતાનું જીવન ગુરુને ચરણે સમર્પિત કરી, તેઓના વચનાનુસાર જીવન જીવવાનું શરૂ કર્યું. ગુરુભગવંતે જોયું કે તેમનો ક્ષયોપશમ મંદ છે, તેથી માત્ર 'मा रुष मा तुष' એવું એક નાનું પદ ગોખવા આપ્યું. અધ્યાત્મ પ્રાપ્ત કરવાની ઝંખનાવાળા માષતુષમુનિએ ગુરુવચનને તહત્તિ કરી ગોખવાનું ચાલું કર્યું. પરિણામે તેઓ તે પદના સૂક્ષ્મ ભાવોને સ્પર્શી શક્યા. આ એક પદના સહારે તેઓ જગતવર્તી તમામ પદાર્થો પ્રત્યે મધ્યસ્થભાવવાળા બન્યા. ક્રમે કરીને આ એક જ પદના જ્ઞાનથી તેઓએ ઘનઘાતી કર્મનો નાશ કર્યો અને આત્માના શુદ્ધ સ્વભાવભૂત કેવળજ્ઞાનને પ્રગટ કર્યું. આમ, તેમના માટે એક પદનું જ્ઞાન પણ પ્રમારૂપ બન્યું.

આનાથી વિપરીત, જેમની માધ્યસ્થ્ય પામવાની ભાવના નથી, આત્મહિતની ઝંખના નથી, તેવા સાધકો કદાચ બે-ચાર નહીં પણ કરોડો શ્લોકપ્રમાણ શાસ્ત્રો ભણી જાય, વિશિષ્ટ વાદોમાં વિજય મેળવી લે કે લોકોમાં વિદ્વાન તરીકેનું બિરૂદ પ્રાપ્ત કરી લે, તોપણ તે શાસ્ત્રોથી તેમનું આત્મકલ્યાણ થઈ શકતું નથી.

ગ્રન્થકારશ્રીએ અન્યત્ર ત્યાં સુધી કહ્યું છે કે, નિર્વાણનું કારણ બને તેવા એકપણ વચનનું વારંવાર ભાવન કરાય તો એ જ્ઞાન ઉત્કૃષ્ટ છે[1]. કેમ કે, એક માત્ર 'કરેમિ ભંતે' સૂત્રનું ચિંતન કરતાં કરતાં અનંતા સિદ્ધ થયા છે, તેથી ઘણું ભણવાનો આગ્રહ રાખવા કરતાં થોડું પણ મધ્યસ્થભાવ પ્રગટાવે તેવું ભણવાનો આગ્રહ રાખવો જોઈએ. ભાવનાજ્ઞાન થોડું હોય તોપણ ઘણું છે અને જેનાથી આત્મા ભાવિત ન થાય તેવું ઘણાં પદોનું જ્ઞાન પણ પોપટપાઠ જેવું છે.

શાસ્ત્રનું કાર્ય આત્માની શુદ્ધિ અને ગુણની વૃદ્ધિ કરવાનું છે. માધ્યસ્થ્ય હોય તો જ આવું શ્રેષ્ઠ કાર્ય સંપન્ન થાય છે. આથી જ મધ્યસ્થભાવપૂર્વકના શાસ્ત્રજ્ઞાનની કિંમત છે, બાકીના જ્ઞાનની ફૂટી કોડી જેટલી પણ કિંમત નથી, તે તદ્દન વ્યર્થ છે. આવું માત્ર જૈનદર્શન કહે છે તેમ નહિ, પરંતુ મહાત્મા પતંજલિ પણ એવું જ કહે છે. જે આ પછીના શ્લોકમાં જણાવેલ છે. ।।૭૩।।

1. निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ।। - ज्ञानसारे ।।५/२।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

હવે મહાત્મા પતંજલિ દ્વારા જે કહેવાયું છે તેને શબ્દશઃ બતાવે છે-

**શ્લોક :**

वादांश्च[3] प्रतिवादांश्च[4], वदन्तो[5] निश्चितांस्तथा[2][1] ।
तत्त्वान्तं[8] नैव[9] गच्छन्ति[10] तिलपीलकवद्[7]गतौ[6] ॥७४॥

**શબ્દાર્થ :**

૧. तथा - તે પ્રકારે ૨. निश्चितान्[1] - નિશ્ચિત ૩/૪. वादांश्च प्रतिवादांश्च - (એવા) વાદ અને પ્રતિવાદને ૫. वदन्तः - કરતા (સર્વદર્શનના મુમુક્ષુઓ પણ) ૬/૭. गतौ तिलपीलकवद् - ગતિ કરવા છતાં તલ પીલનારા ઘાંચીના બળદની જેમ ૮. तत्त्वान्तं - તત્ત્વના અંતને ૯/૧૦. नैव गच्छन्ति - પામતા જ નથી.

**શ્લોકાર્થ :**

**જેમ ઘાણીનો બળદ સતત (એક જ પ્રકારની) ગતિ કરવા છતાં ઇષ્ટ સ્થાનને પામતો નથી તેમ નિશ્ચિત એવા (એક જ પ્રકારના)વાદ અને પ્રતિવાદને કરતા સર્વદર્શનમાં રહેલા મુમુક્ષુઓ પણ તત્ત્વના અંતને પામતા નથી.**

**ભાવાર્થ :**

આંખે પાટા બાંધીને તલ પીલવાની ઘાણીએ જોડાયેલો બળદ સવારથી સાંજ સુધી એક નક્કી કરેલી ધરી ઉપર ફરે છે, પરંતુ અંતે તો તે ત્યાંનો ત્યાં જ હોય છે. એક ડગલું પણ આગળ વધતો નથી. તેની જેમ કોઈ એક વાત પકડી રાખી ચોક્કસ પ્રકારની શૈલિથી વાદ-પ્રતિવાદ કરવાથી પણ કાંઈ પ્રાપ્ત થતું નથી અર્થાત્ કોઈ એક પદાર્થમાં, મતમાં કે માન્યતામાં આ જ સત્ય છે, તેવી દૃષ્ટિથી બંધાયેલો સાધક ન્યાયશાસ્ત્રની દૃષ્ટિએ નિર્દોષ કહેવાય તેવા નિશ્ચિત પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષરૂપ વાદ-પ્રતિવાદ કરે તોપણ તે તત્ત્વને પામી શકતો નથી.

**વિશેષાર્થ :**

દુનિયાનો દસ્તુર છે કે, તમે ગતિ કરો એટલે તમારી પ્રગતિ થાય, તમે જે ભૂમિકામાં હોવ તેનાથી કોઈક ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરો જ. આ નિયમ જેમ દુન્યવી માર્ગમાં ચાલનારા માટે લાગુ પડે છે, તેમ આધ્યાત્મિક

1. અહીં निश्चितान् શબ્દ મળે છે, જ્યારે અન્યત્ર अनिश्चितान् એવો પાઠાન્તર પણ મળે છે; પરંતુ યોગબિન્દુની ગાથા નં-૬૭, જે શબ્દશઃ આવી જ છે, તેમાં निश्चितान् શબ્દ છે, તેથી અત્રે निश्चितान् શબ્દ રાખી અર્થ કર્યો છે. ઉલ્લેખનીય છે કે જ્ઞાનસાર તથા તેના ટબામાં મહામહોપાધ્યાયજીએ अनिश्चितान् શબ્દ વાપર્યો છે અને તેનો અર્થ 'અનિર્ધારિત' કર્યો છે. તત્ત્વ કેવલી ગમ્ય છે. જો અનિશ્ચિત પદને માન્ય રાખીએ તો અર્થ એવો કરવો જોઈએ કે; જેનું કોઈ નિશ્ચિત પરિણામ નથી એવા વાદ અને પ્રતિવાદને કરવાથી તત્ત્વના ઐદંપર્યને પામી શકાતું નથી.
"જ્યારે યોગબિન્દુની ટીકામાં જણાવ્યું છે કે, निश्चितान्=असिद्धानैकान्तिकादिहेतु-दोषपरिहारेण । નિશ્ચિત વાદ એટલે અસિદ્ધ, અનેકાન્તિક આદિ દોષ વગરનો વાદ. અથવા તો 'ચોક્કસ ઘરેડ મુજબનો ચીલાચાલું રીતવાળો વાદ એટલે 'નિશ્ચિતવાદ' वादान् = पूर्वपक्षान्, प्रतिवादान् = परोपन्यस्तपक्षप्रतिवचनरूपान् પૂર્વપક્ષ એટલે રજુ કરેલ સિદ્ધાન્ત સંબંધી પ્રશ્ન ઉઠાવનાર પક્ષ અને ઉત્તરપક્ષ એટલે વાદીએ કરેલા પ્રશ્નનું નિરાકરણ કરનાર પક્ષ કે જે મુખ્યપણે સિદ્ધાન્તને રજુ કરનાર પક્ષ હોય છે. तथा = તેન प्रकारेण तत्तच्छास्त्रप्रसिद्धेन सर्वेऽपि दर्शनिनो मुमुक्षवोऽपि । - यौगबिन्दौ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માર્ગમાં પણ લાગુ પડે છે. શાસ્ત્રનો અભ્યાસ કરી સાધક શાસ્ત્રાનુસારે જેમ જેમ ચાલે છે તેમ તેમ સમતા, મધ્યસ્થતા, ક્ષમા, વૈરાગ્યાદિ ગુણોના માર્ગે તેની પ્રગતિ થાય છે.

તેથી આધ્યાત્મિક ક્ષેત્રે પણ સામાન્યતઃ એવું કહી શકાય કે શાસ્ત્રવિષયક જેનો જેવો પ્રયત્ન તેને તેવી ગુણ સમૃદ્ધિ કે આત્મિક શુદ્ધિ પ્રાપ્ત થાય, પરંતુ ક્યારેક આ ન્યાય બન્ને ઠેકાણે નિષ્ફળ જતો હોય છે.

વ્યવહારની વાત કરીએ તો પહેલાંના જમાનામાં તેલ મેળવવા તલને એક મોટી ઘાણીમાં પીલવામાં આવતા. આ ઘાણીને ચલાવવા માટે તેને એક બળદ જોડાતો. તે બળદને ચક્કર ન આવે કે તેનું ધ્યાન બીજે કેન્દ્રિત ન થાય તે માટે તેની આંખો ઉપર પાટા બંધાતા. ઘાણી ચલાવતો આ બળદ બિચારો આખો દિવસ ચાલે તોપણ સાંજ પડે તે ત્યાંનો ત્યાં જ હોય, કારણ કે એની ગતિ નક્કી કરેલા એના એ જ માર્ગ ઉપર હોય છે, આમ છતાં આંખના પાટાના કારણે તે સમજી પણ શકતો નથી કે આટલું બધું ચાલ્યા પછી પણ હું ત્યાંનો ત્યાં જ છું.

આત્મિક ઉન્નતિ ઇચ્છતા સાધકો પણ ક્યારેક આવી જ પરિસ્થિતિમાં સપડાઈ જાય છે. 'મેં માન્યું તે સાચું - મારો મત એકદમ યોગ્ય...' વગેરે પૂર્વગ્રહોથી કેટલાક સાધકોનાં પણ વિવેકરૂપી નેત્રો અવરાયેલાં હોય છે. પરિણામે તેઓ બીજાની માન્યતા કે મતને જોવા કે જાણવાની ક્ષમતા ગુમાવી બેસે છે. તેમની ભાવના જરૂર સારી હોય છે અને તેથી જ તેઓ આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક બને તેવા ઉપાયો મેળવવા જ શાસ્ત્રો ભણે છે. તત્ત્વ પ્રાપ્ત કરવા કે અતીન્દ્રિય પદાર્થોને સમજવા વિદ્વાનો સાથે વાદ પણ કરે છે, છતાં શાસ્ત્રાભ્યાસનું કે વાદનું તત્ત્વપ્રાપ્તિરૂપ ફળ તેમના હાથમાં આવતું નથી. કારણ કે તેમના વાદનો માર્ગ-રીત એક જ પ્રકારે નિશ્ચિત થએલી હોય છે.

વાદનો સામાન્ય નિયમ એવો હોય છે કે, જ્યારે બન્ને પક્ષ સામસામે પોતાની વાત રજૂ કરે, તેને સિદ્ધ કરવા યોગ્ય તર્ક અને હેતુઓ આપે અને તે હેતુઓમાં જો ન્યાયશાસ્ત્રના નિયમ મુજબ કોઈ અસિદ્ધ કે અનેકાન્તિક આદિ દોષો ન આવતા હોય, તો નિશ્ચિતપણે તે વાદના નિષ્કર્ષરૂપે બન્ને પક્ષને તત્ત્વની પ્રાપ્તિ થવી જોઈએ; પરંતુ આવું ત્યારે જ શક્ય બને, જ્યારે પૂર્વગ્રહરૂપ બુદ્ધિનો અંધાપો દૂર થયો હોય અને માધ્યસ્થ્યપૂર્વક વાદ દ્વારા શાસ્ત્રના પદાર્થોને સમજવા મહેનત થતી હોય. જો માધ્યસ્થ્ય ન હોય તો સતત છ-છ મહિના સુધી વાદ અને પ્રતિવાદની એટલે કે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની હારમાળાઓ ચાલે તોપણ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

એક માત્ર મોક્ષની ઇચ્છા ધરાવતા સાધકો પણ અધ્યાત્મ વિના મોક્ષમાર્ગે આગળ વધી શકતા નથી. દુઃખની વાત તો એ બને છે કે, બુદ્ધિના અંધાપાને કારણે મેં કોઈ તત્ત્વ પ્રાપ્ત કર્યું નથી, તેવું તેઓ જાણતાય નથી. શાસ્ત્રાભ્યાસમાં તેમની દેખીતી ઘણી ગતિ પણ વ્યર્થ ઠરે છે, તેથી ધ્યાનમાં રાખવું કે, **માત્ર તર્કબદ્ધ (લ્ટ્ઠણ્ઠટ્ટ) વાતોથી તત્ત્વનો બોધ પ્રાપ્ત થતો નથી. તે માટે તો માર્ગાનુસારી બુદ્ધિ, સર્વજ્ઞના વચનને અનુસરતી યુક્તિઓ અને વીતરાગ સર્વજ્ઞના વચન પ્રમાણે જ જીવન જીવવાનો અભિગમ જોઈએ.** આથી જ આત્મિક સુખ ઇચ્છતા સાધકે માત્ર લુખ્ખો શાસ્ત્રાભ્યાસનો કે લુખ્ખી શાસ્ત્રચર્ચાનો આગ્રહ રાખવા કરતાં શાસ્ત્રાભ્યાસ અને શાસ્ત્રચર્ચાની સાથે માધ્યસ્થ્યભાવ કેળવવા યોગમાર્ગમાં મહેનત કરવી જોઈએ. ॥૭૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચિલાતિપુત્રનો મધ્યસ્થભાવ

ગાથા-૭૫-૭૬

**અવતરણિકા :**

મધ્યસ્થભાવ સહિત એટલે કે અધ્યાત્મપૂર્વકનું એક પદનું જ્ઞાન પણ પરમપદની પ્રાપ્તિ કરાવે તેવું હોય છે, તે વાતને દૃષ્ટાંતથી દૃઢ કરે છે-

**શ્લોક :**

इति[१] यतिवदनात्[२]पदानि[४] बुद्ध्वा[५], प्रशमविवेचनसंवराभिधानि[३] ।
प्रदलितदुरितः[६] क्षणाच्चिलातितनय[७], इह[११] त्रिदशालयं[९] जगाम[१०] ॥७५॥

(रथोद्धता)

**શબ્દાર્થ :**

૧. इति - આથી કરીને ૨. यतिवदनात् - યતિના મુખમાંથી ૩/૪. प्रशमविवेचनसंवराभिधानि पदानि - પ્રશમ-વિવેક-સંવર નામનાં ત્રણ પદોને ૫. बुद्ध्वा - જાણીને ૬. प्रदलितदुरितः - નાશ કર્યા છે પાપો જેણે એવા ૭. चिलातितनय - ચિલાતિપુત્ર ૮. क्षणात् - એક ક્ષણમાં ૯/૧૦. त्रिदशालयं जगाम - સ્વર્ગમાં ગયા. ૧૧. इह - (એવું) અહીં = જૈન શાસનમાં (જોવા મળે છે)

**શ્લોકાર્થ :**

**મધ્યસ્થભાવપૂર્વકનું એક પદનું જ્ઞાન પણ પ્રમા છે, એથી કરીને યતિના મુખથી પ્રશમ, વિવેક અને સંવર એવાં માત્ર ત્રણ પદોને જાણીને જેનાં પાપો નાશ પામ્યાં હતાં એવા ચિલાતિપુત્ર ક્ષણમાં સ્વર્ગમાં ગયા, એવું જૈનશાસનમાં જોવા મળે છે.**

**ભાવાર્થ :**

માધ્યસ્થ્ય સહિતનું એક પદનું જ્ઞાન પણ આત્મહિતકર બની શકે છે. એ વાત વાસ્તવિક હોવાથી જ મુનિ પાસેથી ઉપશમ, વિવેક અને સંવરરૂપ માત્ર ત્રણ પદો સાંભળીને ચિલાતિપુત્ર ક્રોધાદિ કષાયોને શાંત કરી, શરીર અને આત્મા વચ્ચેના ભેદને જાણી અને સર્વ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરી અઢી દિવસમાં દુર્ગતિમાં લઈ જાય તેવાં પાપકર્મનો નાશ કરી સ્વર્ગે ગયા.

**વિશેષાર્થ :**

માધ્યસ્થ્ય સહિતનું એક પદનું જ્ઞાન પણ આત્મકલ્યાણ કરી શકે છે. આ વાતને વિશેષ સ્પષ્ટ કરવા ગ્રન્થકારશ્રી આ ગાથામાં ચિલાતિપુત્રનું સ્મરણ કરાવે છે. ચિલાતિ નામની દાસીનો પુત્ર પોતાના શેઠ ધનશેઠની પુત્રી સુષિમા પ્રત્યે પૂર્વભવના સ્નેહના સંસ્કારોને કારણે તીવ્ર રાગ ધરાવતો હતો. તેને પ્રાપ્ત કરવાના અનેક ઉપાયો અજમાવ્યા છતાં સફળ ન થતાં છેલ્લે ચિલાતિપુત્રએ ચોરી અને લૂંટફાટનો માર્ગ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પકડ્યો. એક દિવસ તે ધનશેઠને ત્યાં ચોરી કરી સુષિમાને લઈને ભાગ્યો. તેની પાછળ સુષિમાના પિતા અને ભાઈઓ દોડી રહ્યા હતા. જ્યારે લાગ્યું કે હવે મને સુષિમા મળે તેમ નથી ત્યારે તેણે સુષિમાનું માથું ધડથી અલગ કરી નાંખ્યું.

એક હાથમાં પોતાની પ્રેમિકાનું માથું ચોટલાથી પકડ્યું અને બીજા હાથમાં લોહી નીતરતી તલવાર પકડીને તે જંગલમાં ભાગ્યો. હૈયું ક્રોધથી ધમધમી રહ્યું હતું. રાગનું પાત્ર ન મળતાં તે અંદરમાં અકળામણ અનુભવી રહ્યો હતો, તેને ક્યાંય ચેન પડતું નહોતું. વર્ષો સુધી પોતાની એવી માન્યતા હતી કે, મને સુષિમા મળશે તો હું સુખી થઈશ પણ એમાં એ સફળ થઈ શક્યો ન હતો.

અંદરની અકળામણથી બેબાકળો બનેલો તે ક્યાંક સુખ-શાંતિ શોધતો હતો. તેવામાં કલ્પી ન શકાય તેવા કોઈ પુણ્યોદયના યોગે, એક ચારણ મુનિ તેની નજરે ચઢ્યા. મુનિની શાંત મુદ્રાથી તે આકર્ષાયો અને તેણે ગુસ્સામાંને ગુસ્સામાં મુનિને સુખી થવાનો માર્ગ પૂછ્યો. મુનિ વિશિષ્ટ જ્ઞાની હતા. તેઓ **'ઉપશમ-વિવેક-સંવર'** એમ માત્ર ત્રણ પદો ઉચ્ચારી આકાશમાં ઊડી ગયા. તે વખતે ચિલાતિપુત્રનો ભૌતિક સામગ્રી મને સુખ આપશે તેવો ભ્રમ ભાંગી ચુક્યો હતો અને તેના અંતરમાં સાચા સુખની તીવ્ર જિજ્ઞાસા પ્રગટી હતી. વધુમાં મુનિને જોતાં જ આ મને જે માર્ગ બતાવશે તે ચોક્કસ સુખનો જ માર્ગ હશે તેવો દૃઢ વિશ્વાસ તેના હૃદયમાં પ્રગટી ચૂક્યો હતો, તેથી તે મુનિના ત્રણ પદો ઉપર ઊંડુ ચિંતન કરવા લાગ્યો.

વિચાર કરતાં કરતાં તેનામાં સહજ જ એવો ક્ષયોપશમ થયો કે જેના દ્વારા તેને સમજાયું કે, રાગાદિ કષાયો જ મારા દુઃખનું કારણ છે. કષાયોનો **ઉપશમ** તે જ સાચું સુખ છે. પારકાને પોતાના માનવારૂપ અવિવેકના કારણે જ હું દુઃખી છું. વાસ્તવમાં સુષિમા પણ મારી નથી કે આ દેહ પણ મારો નથી. હું આ બધાથી ભિન્ન છું.' આવો **વિવેક** પ્રગટતાં તેનું ચિત્ત કાંઈક શાંત થવા લાગ્યું. **'સંવર'** પદ ઉપર ચિંતન કરતાં તેને પોતાની હિંસા, ચોરી વગેરે સર્વ પાપ પ્રવૃત્તિઓ પ્રત્યે ઘૃણા થવા લાગી. પરિણામે વર્ષોની સાધના પછી પણ દુર્લભ બની રહે તેવું તત્ત્વ તેને લાધ્યું. સર્વ પાપ પ્રવૃત્તિઓનો તત્ક્ષણ ત્યાગ કરી, પોતાના શરીર ઉપરની મમતાથી પર બની તે કર્મ ખપાવવા માટે ઉપસર્ગોને સહન કરવા લાગ્યો. લોહીની ગંધથી આકર્ષાયેલી જંગલી કીડીઓએ ધ્યાનમાં લીન એવા ચિલાતિપુત્રને પગથી માથા સુધી વિંધી નાંખ્યા, આમ છતાં નિર્મમ એવા તેઓ શાંત રહ્યા. આ ત્રણ પદોની વિચારણા દ્વારા જ તેમનામાં મહાવ્રતોનો પરિણામ પ્રગટ થયો અને ઉપશમ, વિવેક તથા સંવરના ભાવોને સ્પર્શી દુર્ગતિમાં લઈ જાય તેવાં કર્મનો નાશ કરી અઢી દિવસમાં તેઓ સ્વર્ગે સીધાવ્યા.

આ પ્રસંગ જ બતાવે છે કે, જો આત્મશુદ્ધિના લક્ષ્યપૂર્વક એક પદનું પણ જ્ઞાન પ્રાપ્ત કરાય, તો તે નાનું પદ પણ દોષો અને દુઃખોનો નાશ કરી અનંતકાળનું સુખ પ્રાપ્ત કરાવવા સમર્થ બને છે. ॥૭૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવતરણિકા :**

ચિલાતિપુત્રના પ્રસંગમાં શંકા કરીને સમાધાન કરે છે-

**શ્લોક :**

न चानेकान्तार्थावगमरहितस्यास्य फलितम्,
कथं माध्यस्थ्येन स्फुटमिति विधेयं भ्रमपदम् ।
समाधेरव्यक्ताद्यदभिदधति व्यक्तसदृशं,
फलं योगाचार्या ध्रुवमभिनिवेशे विगलिते ॥७६॥ (शिखरिणी)

**શબ્દાર્થ :**

૧. च अनेकान्तार्थावगमरहितस्य - અને 'અનેકાન્તના અર્થના બોધ વગરના अस्य - આનું = ચિલાતિપુત્રનું (ત્રણ પદનું જ્ઞાન) ૨. माध्यस्थ्येन - (માત્ર) માધ્યસ્થ્યથી ૩. कथं - કેવી રીતે ૪/૫. स्फुटम् फलितम् - સ્પષ્ટ ફળવાળું થયું ?' ૬/૭. इति भ्रमपदम् - એવું ભ્રમપદ = એવી શંકા૮/૯. न विधेयं - ન કરવી. ૧૦. यद् - કારણ કે, ૧૧/૧૨. अभिनिवेशे विगलिते - જ્યારે અભિનિવેશ નાશ પામી જાય છે ત્યારે ૧૩/૧૪. अव्यक्तात् समाधेः - અવ્યક્ત સમાધિથી (પણ) ૧૫. ध्रुवम् - નક્કી ૧૬/૧૭. व्यक्तसदृशं फलं - વ્યક્ત (સમાધિ) જેવું ફળ (મળે છે, એમ) ૧૮. योगाचार्याः - યોગાચાર્યો ૧૯. अभिदधति - કહે છે.

**શ્લોકાર્થ :**

**'અનેકાન્ત અર્થના બોધ વગરના ચિલાતિપુત્રનું ઉપશમ-વિવેક-સંવર આ ત્રણપદનું જ્ઞાન માધ્યસ્થ્યથી કેવી રીતે સ્પષ્ટ ફળવાળું થયું ?' આવી શંકા ન કરવી, કેમકે યોગાચાર્યો કહે છે કે, જ્યારે ખોટો આગ્રહ નાશ પામી જાય છે, ત્યારે અવ્યક્ત સમાધિથી પણ વ્યક્ત સમાધિ જેવું જ ફળ પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :**

ચિલાતિપુત્રએ પૂર્વે કોઈ અનેકાન્તશાસ્ત્રનો અભ્યાસ કર્યો નહોતો. આમ છતાં તેઓ ઉત્તમ કક્ષાની સમાધિ પ્રાપ્ત કરી, વિપુલ નિર્જરા સાધી શક્યા. આ પ્રસંગ સાંભળી કોઈને એવી શંકા થઈ શકે કે, અત્યાર સુધી તો ગ્રંથકારશ્રી એવું જણાવતાં આવ્યા છે કે, શાસ્ત્રાભ્યાસથી મધ્યસ્થભાવ પ્રગટે અને તેનાથી આત્મહિત સાધી શકાય, તો પછી ચિલાતિપુત્ર શાસ્ત્રાભ્યાસ વગર કેવી રીતે આત્મહિત સાધી શક્યા ? આવી શંકા ન કરવી, કેમ કે, યોગશાસ્ત્રોમાં કહ્યું છે કે, જ્યારે અસદ્ગ્રહ નાશ પામી જાય છે અને માધ્યસ્થ્ય પ્રગટે છે, ત્યારે અનેકાન્તશાસ્ત્રના બોધપૂર્વક થતી વ્યક્ત-સમાધિ જેવું જ ફળ અનેકાન્તના બોધ વગર તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી અવ્યક્તસમાધિ દ્વારા પણ મળી શકે છે.

**વિશેષાર્થ :**

યોગમાર્ગ ઉપર ચાલનારા મહાન આચાર્યો માને છે કે, શાસ્ત્રના અભ્યાસથી પ્રાપ્ત થયેલી વ્યક્તસમાધિ દ્વારા જેવું આત્મહિત સાધી શકાય છે, તેવું જ આત્મહિત અનેકાન્ત શાસ્ત્રના અભ્યાસ વગર પ્રાપ્ત થતી અવ્યક્તસમાધિથી પણ સાધી શકાય છે. શરત એટલી જ કે આત્મામાંથી અસદ્ગ્રહ નાશ પામી જવો જોઈએ અને મધ્યસ્થભાવ પ્રગટવો જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેકાન્તશાસ્ત્રના અભ્યાસથી જ્યારે એક એવી સ્પષ્ટ સમજણ પ્રાપ્ત થાય કે, રાગાદિ દોષો જ મારા દુઃખનું કારણ છે અને ક્ષમા, ઉદારતા આદિ ગુણો મારા સુખનું કારણ છે, ત્યારે જીવ તે દોષોના ઉચ્છેદ માટે શાસ્ત્રના આધારે પ્રયત્ન કરે છે. પરિણામે માધ્યસ્થ્ય ભાવ પ્રગટતાં તેને જે સમાધિ પ્રાપ્ત થાય છે તે વ્યક્તસમાધિ કહેવાય છે.

કેટલાક જીવોને શાસ્ત્રાભ્યાસ વગર પણ તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમને કારણે મધ્યસ્થભાવ પ્રગટતાં અવ્યક્તપણે આવી સમજ પ્રાપ્ત થાય છે. જેમ **મેઘકુમારના** જીવે પૂર્વે હાથીના ભવમાં પગ નીચે આવી બેસી ગયેલા સસલાને બચાવવાં અઢી દિવસ સુધી પગ ઊંચો રાખી સમાધિ સાધેલી. હાથીએ કોઈ શાસ્ત્રાભ્યાસ નહોતો કર્યો, પરંતુ તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમને કારણે જે તેને અવ્યક્તપણે પણ ઉદારતા, ક્ષમા વગેરે ગુણોમાં સુખ દેખાયું હતું. આ ઉદારતાના પરિણામે તે અવ્યક્તસમાધિ સાધી સદ્ગતિ પામી શક્યો.

આ જ રીતે ચિલાતિપુત્રે પણ અનેકાન્તશાસ્ત્રનો અભ્યાસ નહોતો કર્યો, પરંતુ તેમને પોતાના પાપ પ્રત્યેના ભારે પશ્ચાત્તાપ સહિત આત્મિક સુખની ભૂખથી એટલે કે તત્ત્વની એક ઊંડી જિજ્ઞાસાથી મહાત્માના ઉપશમ-વિવેક-સંવર પદો સાંભળ્યાં ત્યારે તેમને માત્ર તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી રાગાદિ દોષો જ દુઃખનું કારણ છે તે સમજાયું હતું. આ સમજણના આધારે તેમણે અંતરંગ રીતે આત્મિક શુદ્ધિ કરવાનો દૃઢ યત્ન ચાલુ કર્યો, જેથી મધ્યસ્થભાવ પ્રગટતાં ઉત્તમ કક્ષાની સમાધિ પ્રાપ્ત કરી. શાસ્ત્રાભ્યાસ વગર મધ્યસ્થભાવના કારણે પ્રાપ્ત થયેલી તેમની આ સમાધિને અવ્યક્તસમાધિ કહેવાય છે. આથી જ યોગાચાર્યોએ કહ્યું છે કે, વ્યક્ત કે અવ્યક્ત બન્ને સમાધિ આત્મિક હિત સાધી શકે છે, તેથી ચિલાતિપુત્રનો પ્રસંગ સાંભળી કોઈએ એવી શંકા ન કરવી જોઈએ કે, અનેકાન્તશાસ્ત્રના અભ્યાસ વગર તેમને માત્ર ત્રણ પદનું જ્ઞાન કેવી રીતે ફળ્યું ?

હકીકતમાં સર્વ શાસ્ત્રનું પ્રયોજન તો એક જ હોય છે કે, અસદ્ગ્રહનો ત્યાગ કરી યોગ્ય આત્માઓને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિમાં જોડવા. મોટાભાગના જીવો શાસ્ત્રના વિશદ અભ્યાસ પછી જ ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે, જ્યારે કેટલાક જૂજ જીવો શાસ્ત્ર અધ્યયન વિના પણ તથા પ્રકારનો કર્મનો ક્ષયોપશમ થવાને કારણે ઉચિત પ્રવૃત્તિમાં જોડાય છે, તેથી ક્યારેક શાસ્ત્રાભ્યાસ વગર પણ આત્મહિત સાધી શકાય છે, પરંતુ તેવું ભાગ્યે જ બનતું હોવાથી સામાન્યથી તો મોક્ષસુખને ઇચ્છતા સાધકો માટે શાસ્ત્ર-આજ્ઞા કે તેને સમજતા શાસ્ત્રજ્ઞને પરતંત્ર બની શાસ્ત્રયોગની શુદ્ધિ સાધવા પ્રયત્ન કરવો તે આત્મિક સુખ પામવાનો રાજમાર્ગ છે. કારણ કે, લગભગ[1] લોકો આ જ રીતે મોક્ષે પહોંચ્યા છે. ॥૭૬॥

1. બહુદલ દિસે જીવનાજી વ્યવહારે શિવયોગ છીંડી તાકે... ॥૬૨॥ - ગ્રંથકારશ્રી રચિત ૧૨૫ ગાથાનું સ્તવન ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારનો સાર

ગાથા-૭૭

**અવતરણિકા :**

શાસ્ત્રયોગ શુદ્ધિનો ઉપસંહાર કરતાં શાસ્ત્ર પ્રત્યે પ્રગટેલ ભક્તિના ફળને વિશેષથી જણાવે છે-

**શ્લોક :**

विशेषादोघाद्वा[३] सपदि[४] तदनेकान्तसमये[१][२]
समुन्मीलद्भक्तिर्भवति[८] य[६] इहाध्यात्मविशदः[९][७] ।
भृशं[१२] धीरोदात्तप्रियतमगुणोज्जागररुचि-[१३]
र्यशःश्रीस्तस्याङ्कं[१४][११] त्यजति[१८] न[१७] कदापि[१६] प्रणयिनी[१५] ॥७७॥

**(शिखरिणी)**

**શબ્દાર્થ :**

૧. तद् - તે કારણથી ૨. अनेकान्तसमये - અનેકાન્તશાસ્ત્રમાં ૩. विशेषादोघाद्वा - વિશેષથી કે સામાન્યથી ૪. सपदि - તુરંત ૫. समुन्मीलद्भक्तिः - ઉછળતી ભક્તિવાળો ૬. यः - જે (છે, તે સાધક) ૭. अध्यात्मविशदः - અધ્યાત્મમાં વિશદ ૮. भवति - થાય છે ૯. इह - અહીં = અધ્યાત્મક્ષેત્રમાં ૧૦/૧૧. तस्याङ्कं - તેના ખોળાને ૧૨/૧૩. भृशं धीरोदात्तप्रियतमगुणोज्जागररुचिः- ધીર અને ઉદાત્ત એવા પ્રિયતમના ગુણોમાં ઉજાગર અને તીવ્ર રુચિવાળી ૧૪/૧૫. यशःश्रीः प्रणयिनी - યશલક્ષ્મીરૂપી પ્રેમિકા ૧૬/૧૭/૧૮. कदापि न त्यजति - ક્યારે પણ છોડતી નથી.

**શ્લોકાર્થ :**

**(જે કારણથી વ્યક્તસમાધિ કે અવ્યક્તસમાધિ બન્ને સરખાં ફળ ઉપજાવે છે) તે કારણથી અનેકાન્તશાસ્ત્રમાં વિશેષથી કે સામાન્યથી તુરંત ઉછળતી ભક્તિવાળો જે (છે, તે સાધક) અધ્યાત્મવિશદ બને છે. વળી, આ (અધ્યાત્મિક ક્ષેત્રમાં) ધીર અને ઉદાત્ત પ્રિયતમના ગુણો પ્રત્યે ઉજાગર અને તીવ્ર રુચિવાળી યશલક્ષ્મીરૂપી પ્રેમિકા તે સાધકના ખોળાને ક્યારે પણ છોડતી નથી.**

**ભાવાર્થ :**

સાધક શાસ્ત્ર પ્રત્યે વિશેષ ભક્તિવાળો હોય કે સામાન્ય ભક્તિવાળો હોય, તેની શાસ્ત્રને સમજવાની અને તદનુસાર જ પ્રવૃત્તિ કરવાની વૃત્તિ, તેને અધ્યાત્મમાં વિશદ બનાવે છે. આવા અધ્યાત્મમાં કુશળ વ્યક્તિમાં ધૈર્ય અને ઉદાત્ત આશય સહજ રીતે પ્રબળ બનેલા હોય છે. પરિણામે જગતમાં ચારે બાજુ તેનો યશ ફેલાય છે. અધ્યાત્મના લક્ષ્યવાળો સાધક પરંપરાએ તો મોક્ષના મહાસુખને પ્રાપ્ત કરે જ છે, પણ જ્યાં સુધી તે સંસારમાં હોય છે ત્યાં સુધી પણ પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલી ભૌતિક સમૃદ્ધિ અને વિશિષ્ટ ગુણસંપત્તિથી તેનું વિરલ વ્યક્તિત્વ સતત શોભતું રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :**

આત્મસાધના કરી સુખી થવા માટે મધ્યસ્થભાવ હોવો જરૂરી છે અને તેની પ્રાપ્તિ મુખ્યતયા અનેકાન્તશાસ્ત્રના અભ્યાસથી થાય છે. અનેકાન્તશાસ્ત્રનું આવું માહાત્મ્ય સાંભળી આત્મિક સુખ ઝંખતા સાધકને અનેકાન્તસિદ્ધાન્તનો બોધ કરાવે તેવાં શાસ્ત્રો પ્રત્યે અવશ્ય તીવ્ર રુચિ પ્રગટે છે, તેથી આવા સાધકો પોતાની પ્રજ્ઞાનો પૂર્ણ ઉપયોગ કરી ઊંડું શાસ્ત્ર-અધ્યયન કરે છે. પરિણામે તેઓ શાસ્ત્રમાં દર્શાવેલા અલૌકિક ભાવોને જાણી શકે છે. આવા જ્ઞાનથી તેમની શાસ્ત્ર પ્રત્યેની રુચિ, શ્રદ્ધા અને તદનુસાર ચાલવાની વૃત્તિરૂપ ભક્તિ ઉત્તરોત્તર તીવ્ર તીવ્રતર તીવ્રતમ બનતી જાય છે. આવી શાસ્ત્ર-અધ્યયનપૂર્વક પ્રગટેલી શાસ્ત્ર પ્રત્યેની ભક્તિને **વિશેષભક્તિ** કહેવાય છે.

સર્વજ્ઞના શાસ્ત્રો પ્રત્યેની તીવ્ર રુચિ હોવા છતાં પણ કેટલાક જીવો વિષમસંયોગોના કારણે કે પ્રજ્ઞાની અલ્પતાને કારણે શાસ્ત્રનું અધ્યયન કરી, શાસ્ત્રીય પદાર્થોનો સૂક્ષ્મ બોધ પ્રાપ્ત કરી શકતા નથી. આવા જીવોને પણ શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ તો હોય જ છે, પરંતુ શાસ્ત્રના સૂક્ષ્મ અને અલૌકિક ભાવો નહીં જાણવાને કારણે, તેઓ ઉત્તમ વિવેક કેળવી સંપૂર્ણપણે શાસ્ત્રાનુસારે ચાલવા સમર્થ બની શકતા નથી. પરિણામે તેમની શાસ્ત્ર પ્રત્યેની ભક્તિમાં પણ તેવી તીવ્રતા નથી હોતી, તેથી તેમની ભક્તિ **સામાન્યભક્તિ** કહેવાય છે.

સમર્પણનો ભાવ તે જ સાચા અર્થમાં ભક્તિ છે. તેથી શાસ્ત્ર પ્રત્યે સામાન્ય ભક્તિવાળા કે વિશેષભક્તિવાળા સાધકના મનમાં એટલું જરૂર હોય છે કે સુખી થવું હોય તો મારે મારું જીવન શાસ્ત્રને સમર્પિત કરવું જોઈએ. મારે મારી સર્વ પ્રવૃત્તિઓ પ્રભુ આજ્ઞાનુસાર જ કરવી જોઈએ. આ ભાવનાના કારણે તેઓ સર્વ પ્રવૃત્તિઓ પ્રભુ આજ્ઞાનુસાર કરવા પ્રયત્ન કરે છે. અને તેનાથી તેઓ આત્મિક શુદ્ધિ પ્રાપ્ત પણ કરી શકે છે. આ આત્મશુદ્ધિને પામેલો સાધક અતીન્દ્રિય એવા અધ્યાત્મના માર્ગે કેમ ચાલવું અને આત્માના સુખને કેમ માણવું તે જાણી શકે છે, માટે શાસ્ત્ર પ્રત્યે સામાન્ય ભક્તિવાળા કે વિશેષ ભક્તિવાળા બન્ને પ્રકારના સાધકો અધ્યાત્મમાં વિશદ એટલે કે કુશળ કહેવાય છે.

અધ્યાત્મવિશદ સાધકો દોષ ટાળવા અને ગુણ પામવા અથાગ યત્ન કરે છે. પૌદ્ગલિક દુનિયાથી મનને પાછું વાળી આત્મામાં સ્થિર થવા સતત મહેનત કરે છે, આથી તેમનામાં ધીરતા, ગંભીરતા આદિ ગુણો સહજપણે પ્રગટે છે. ધીરતા એટલે સેંકડો સંકટો વચ્ચે પણ અડગ રહી કાર્યના અંત સુધી પહોંચવાની ક્ષમતા અને ગંભીરતા એટલે ગુણ-દોષને પચાવવાની ક્ષમતા. કોઈ પણ પરિસ્થિતિની અસરથી મુક્ત રહેવાનું સામર્થ્ય.

વળી તે ઉદાત્ત હોય છે, તેથી તેનું મન હંમેશા ઉપર ઉપરની ભૂમિકા પ્રાપ્ત કરવા મથતું હોય છે. અધ્યાત્મવિશદની નિર્મળ બુદ્ધિ અને તેનો ઉદાત્ત આશય જ તેને ભવિષ્યમાં સમતાની ઉચ્ચતર ભૂમિકા કેવી રીતે પ્રાપ્ત કરવાની, તેની આંતરસૂઝ બક્ષે છે. આ સૂઝ એટલે જ **જ્ઞાનયોગ;** જેની વિશેષ વાતો આગળના અધિકારમાં ગ્રંથકારશ્રી સ્વયં કરવાના છે.

ધીરતા, ઉદારતા અને નિર્મળ પ્રજ્ઞાને કારણે આવા સાધકો સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે. જેના કારણે તેઓ પુણ્યાનુબંધી પુણ્યની વિશિષ્ટ સંપત્તિનું ઉપાર્જન કરે છે. પુણ્યથી પ્રાપ્ત થતાં યશ-કીર્તિ આદિને તેઓ ક્યારેય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇચ્છતા નથી, પરંતુ તેમનામાં રહેલી ગુણસંપત્તિ અને પુણ્યયોગે મળેલી ભૌતિક ઋદ્ધિ-સમૃદ્ધિના કારણે યશ-કીર્તિ તેમનો છેડો છોડતી નથી. આવા સાધકો પરંપરાએ તો શિવવધુને વરી અનંતકાળ સુધી મોક્ષનું પરમસુખ માણે છે, પરંતુ જ્યાં સુધી તેઓ સંસારમાં હોય છે, ત્યાં સુધી સારા પ્રિયતમને જાણે શોધતી ન હોય તેવી યશશ્રી, આ સાધકોની સાથેને સાથે જ રહે છે.

આ રૂપક દ્વારા ગ્રંથકારશ્રીએ શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારના અંતિમ શ્લોકમાં પોતાના નામનો પણ ગર્ભિત રીતે ઉલ્લેખ કર્યો છે. ॥૭૭॥

## શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારનો ઉપસંહાર :

આ અધિકારના અભ્યાસુ સાધકો એટલું તો જરૂર સમજી શક્યા હશે કે સમતા, મધ્યસ્થતા આદિ ગુણોના વિકાસ વિના આત્મિક સુખ પ્રાપ્ત થતું નથી. અને આ ગુણોનો વિકાસ વીતરાગ-વચનના સહારા વિના પ્રાય: સંભવિત નથી. કેમ કે, વીતરાગના વચનમાં એવી તાકાત છે કે, તે આખી દુનિયાને દુઃખી કરનારા અને અનાદિકાળથી આત્મામાં અડ્ડો જમાવીને બેઠેલા રાગાદિ દોષોને ટાળી, સર્વ જીવોને સુખ આપનારા અને આત્માની પોતીકી મિલ્કત સમાન સમતા આદિ ગુણોને પ્રગટાવી શકે.

આ જ કારણથી સુખેચ્છુ સર્વ સાધકોએ સૌ પ્રથમ એકાન્તે હિતકારક એવા સર્વજ્ઞના વચનો કયા શાસ્ત્રમાં છે તેનું અન્વેષણ ચાલું કરવું જોઈએ. તે માટે વિવિધ શાસ્ત્રોની કષાદિ પરીક્ષા કરવી જોઈએ. આ સર્વજ્ઞનું વચન છે તેવો નિર્ણય થયા પછી, તે શાસ્ત્રના પ્રત્યેક વચનના હાર્દ સુધી પહોંચવા મહેનત કરવી જોઈએ. જેના તાણેવાણે નય, પ્રમાણ અને સપ્તભંગી વણાયેલાં છે, જેના પદે પદે ઉત્સર્ગ અને અપવાદના વિધાનો છે, તેવા અનેક અર્થને જણાવનારા શાસ્ત્રવચનના તાત્પર્ય સુધી પહોંચવું સહેલું નથી હોતું. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી પ્રગટતી બુદ્ધિની સૂક્ષ્મતા અને મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટતી ચિત્તની નિર્મળતા પ્રાપ્ત થાય તો જ સમ્યક્ પ્રકારે શાસ્ત્રોના મર્મ સુધી પહોંચી શકાય છે, તેથી શાસ્ત્રવચનો જ્યાં સુધી સમ્યક્ પ્રકારે ન સમજાય ત્યાં સુધી શાસ્ત્રજ્ઞની સેવામાં તત્પર રહેવું જોઈએ. આત્મકલ્યાણના વિષયમાં તેઓ જે કહે તે નિ:શંકપણે સ્વીકારી તે પ્રમાણે વર્તવું જોઈએ. તેઓ કદાચ એકાદ પદ પણ કંઠસ્થ કરવા કહે કે, તેના ઉપર ચિંતન કરવાનું કહે, વિનય કે વૈયાવચ્ચમાં જોડાવાનું કહે કે તપાદિ કરવાનું કહે, તે સર્વ બાબતમાં તે જ પ્રમાણે કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

આ રીતે જે સાધકના મનમાં એક એવો સંકલ્પ પેદા થાય કે, **'મારે શાસ્ત્ર જેમ કહે છે તેમ જ પ્રવૃત્તિ કરવી છે અને જ્યાં સુધી હું સ્વયં શાસ્ત્ર ન સમજી શકું ત્યાં સુધી શાસ્ત્ર સમજેલા ગુરુને પરતંત્ર બની જીવવું છે, કારણ કે તેમ કરવાથી મારું કલ્યાણ છે.'** તે સાધકમાં શાસ્ત્રયોગની શુદ્ધિસ્વરૂપ અધ્યાત્મભાવ પ્રગટ્યો કહેવાય. શાસ્ત્રવચનાનુસાર જ પ્રવૃત્તિ કરવાનો સંકલ્પ કરવા છતાં પ્રવૃત્તિમાં જેટલી ખામી રહી જાય તેટલી શાસ્ત્રયોગની શુદ્ધિમાં પણ ન્યૂનતા સમજવી.

આ રીતે શાસ્ત્ર કે શાસ્ત્રજ્ઞને પરતંત્ર રહેવાના ભાવવાળો સાધક નક્કી સમતા આદિ ગુણોના માર્ગે આગળ વધી આત્માના અનંતા આનંદને માણી શકે છે. શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાનાં તેનાં શમણાં સાકાર કરી શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનાથી વિપરીત, જેઓ પોતાની સ્વતંત્ર મતિ અનુસાર ઉગ્ર તપ કરે કે વિશિષ્ટ સંયમ પાળે, શાસ્ત્રનો અભ્યાસ કરે કે સતત ધ્યાનાદિમાં લીન રહે, તેઓનું આત્મકલ્યાણ થઈ શકતું નથી. આત્મકલ્યાણ તો પ્રભુની આજ્ઞાને અને તેને સમજનારા સદ્ગુરુ ભગવંતને આધીન છે. પુણ્યના યોગે જેઓ જૈનકુળમાં જન્મ્યા હોય, ગતાનુગતિકપણે કદાચ સંયમ જીવન સુધી પણ પહોંચી ગયા હોય, અનેકાન્તશાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો હોય; પરંતુ આમ છતાં જેઓ તેના હાર્દ સુધી ન પહોંચ્યા હોય અને તેના કારણે જ 'આ શાસ્ત્રવચન જ મને સંસાર સાગરથી તારશે, સંકલેશ જન્ય દુ:ખોથી બચાવશે અને પરમાનંદ સુધી પહોંચાડી શકશે' તેવી શ્રદ્ધા અને તીવ્ર ભક્તિ જેનામાં પ્રગટી ન હોય, તેવા સાધકોનું કલ્યાણ થઈ શકતું નથી.

આથી આ અધિકાર ભણીને આત્માનંદને ઇચ્છતા સર્વ સાધકોએ ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધા અને ભક્તિ પ્રગટાવી શાસ્ત્રાનુસારે યથાશક્તિ ચાલવા યત્ન કરવો જોઈએ. તો જ અધ્યાત્મની દુનિયાનો અલૌકિક આનંદ માણી શકાશે.

।। इति पण्डितश्रीनयविजयगणिचरणरजचञ्चरीकेण पण्डितपद्मविजयगणिसहोदेरण
न्यायाचार्य-न्यायविशारद-महामहोपाध्यायश्रीयशोविजयगणिना विरचिते
अध्यात्मोपनिषत्प्रकरणे शास्त्रयोगशुद्धिनामा प्रथमोऽधिकारः ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર
## પરિશિષ્ટ ૧ થી ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શાસ્ત્રયોગશુદ્ધિ - પરિશિષ્ટ

## પરિશિષ્ટ-૧

### નયોનું સ્વરૂપ

(શ્લોક - ૪)

नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥१-३४॥
आद्यशब्दौ द्वि-त्रि-भेदौ ॥१-३५॥

- તત્ત્વાર્થધિગમસૂત્ર

**નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચ નયો છે. (૩૪) નૈગમનયના સામાન્ય અને વિશેષ એ બે અને શબ્દનયના સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ ભેદો છે. (૩૫)**

અપેક્ષા, અભિપ્રાય, દૃષ્ટિ, નય એ બધા શબ્દો એકાર્થક છે. કોઈ એક વસ્તુ અંગે જુદી જુદી દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તેમાં અનેક ગુણ-ધર્મો રહેલા છે એમ જણાશે. તેમાં પરસ્પર વિરોધી લાગે તેવા પણ ગુણ-ધર્મો રહેલા છે એમ જણાશે.

નિર્બળતા અને બળ એ બંને ધર્મો પરસ્પર વિરોધી છતાં એક જ વ્યક્તિમાં રહેલા હોય છે. એક જ વ્યક્તિ વિદ્વાન પણ હોય છે અને મૂર્ખ પણ હોય છે. એક જ માણસ નિર્ભય પણ હોય છે અને ભીરુ પણ હોય છે. એક જ વસ્તુ લાભકારક પણ હોય છે અને નુકસાનકારક પણ હોય છે.

આમ પ્રત્યેક વસ્તુમાં પરસ્પરવિરોધી ધર્મો રહેલા હોય છે. આ સાંભળીને કેટલાકને આશ્ચર્ય કે શંકા થાય કે આ શી રીતે સંભવે ? શું પ્રકાશ અને અંધકાર એક સ્થળે રહી શકે ? આ આશ્ચર્ય કે શંકાને દૂર કરવા સર્વજ્ઞ ભગવંતોએ એક સુંદર સિદ્ધાંત બતાવ્યો છે. આ સિદ્ધાંત છે, **અનેકાન્તવાદ.**

અનેકાન્તવાદ કહે છે કે, એક જ વસ્તુમાં રહેલા ધર્મો કે જે તમને પરસ્પર વિરોધી ભાસે છે, તે ધર્મો પરસ્પર વિરોધી છે જ નહિ. જો પરસ્પર વિરોધી હોય તો એક જ વસ્તુમાં રહી જ ન શકે. એક જ વસ્તુમાં રહેલા નિર્બળતા અને બળ વગેરે ધર્મો તમને પરસ્પર વિરુદ્ધ લાગે છે તે તમારી ભ્રમણા છે. પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મો અપેક્ષાભેદથી અવિરુદ્ધ છે. કોઈ પણ ધર્મોમાં અપેક્ષાભેદથી વિરોધ છે જ નહિ.

અનેકાન્ત શબ્દમાં છૂટા છૂટા ત્રણ શબ્દો છે. **अन्, एक** અને **अन्त** એ ત્રણ શબ્દોથી **अनेकान्त** શબ્દ બન્યો છે. **अद्याह्य** શબ્દનો અર્થ નિષેધ ઇંનહિ એવો થાય છે. **एक** એટલે એક. **अन्त** એટલે પૂર્ણતા. એકથી પૂર્ણતા નહિ તે **अनेकान्त.** કોઈપણ વસ્તુની પૂર્ણતા કોઈ એક ધર્મથી નથી, પરંતુ અનેક ધર્મોથી છે. અપેક્ષાભેદે વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે. તેમાં આપણને પરસ્પર વિરુદ્ધ લાગે તેવા પણ ધર્મો હોય છે, પણ અનેકાન્તવાદ અપેક્ષાભેદથી તેમાં અવિરોધ છે, એમ સિદ્ધ કરી આપે છે. અનેકાન્તાદ એટલે એક જ વસ્તુમાં રહેલા વિરુદ્ધ ધર્મોમાં અપેક્ષાભેદથી અવિરોધ છે એમ બતાવનાર સિદ્ધાન્ત.

જ્યારે કોઈ તમને પૂછે કે હાથી બળવાન છે કે નિર્બળ ? તો તમે તુરત કહેશો કે હાથી બળવાન હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે કે હાથીમાં બળ ધર્મ હોય છે. બળવાન હાથી પણ સિંહના પંજામાં સપડાય છે ત્યારે તે કેવો માયકાંગલો ઇં ઓશિયાળો બની જાય છે ! આથી હાથીમાં નિર્બળતાધર્મ પણ છે. એ હાથી નિર્બળ ન હોત તો સિંહને દૂર ફેંકી દેત. એટલે કે હાથીમાં નિર્બળતા ધર્મ પણ છે જ. હાથીમાં ગાય, બળદ આદિ પ્રાણીઓની અપેક્ષાએ બળ ધર્મ છે અને સિંહની અપેક્ષાએ નિર્બળતા ધર્મ પણ છે.

સંસ્કૃત આદિ અનેક ભાષાઓમાં વિદ્વત્તા ધરાવનાર પ્રોફેસરને જ્યારે ખેતી કરવા અંગેના પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે તેને માથું ખંજવાળવું પડે છે. સંસ્કૃત આદિ ભાષાઓમાં વિદ્વાન હોવા છતાં ખેતીના વિષયમાં તો તે મૂર્ખ જ છે. એ જ પ્રમાણે ખેતીને સારી રીતે જાણનાર ખેડૂત ભાષાના વિષયમાં મૂર્ખ હોવા છતાં ખેતીના વિષયમાં વિદ્વાનઇંકુશળ છે. પ્રોફેસર ભાષાજ્ઞાનની અપેક્ષાએ વિદ્વાન છે અને ખેતીના જ્ઞાનની અપેક્ષાએ મૂર્ખ છે. જે ન સમજે તે મૂર્ખ અને જે સારી રીતે સમજે તે વિદ્વાન, ખેડૂત ભાષા વિશે કાંઈ જ સમજતો નથી છતાં ખેતી વિશે સુંદર સમજે છે, આથી ખેડૂત ભાષાજ્ઞાનની અપેક્ષાએ મૂર્ખ છે અને ખેતીજ્ઞાનની અપેક્ષાએ વિદ્વાન છે.

એક જ માણસ નિર્ભય અને ભીરુ પણ હોય છે. મને એક માનવનો અનુભવ છે કે, તે દિવસે કોઈનાથી ડરે નહિ, પણ રાતે તે બહુ જ ડરે. આથી તે રાતે કદી એકલો ક્યાંય જાય નહિ. કહો, તે વ્યક્તિમાં પરસ્પર વિરોધી દેખાતા નિર્ભયતા અને ભીરુતા એ બે ધર્મો છે કે નહિ ? તે વ્યક્તિમાં દિવસની અપેક્ષાએ નિર્ભયતા ધર્મ છે અને રાત્રિની અપેક્ષાએ ભીરુતા ધર્મ છે.

જ્યારે આપણને ઝેરની સ્મૃતિ થાય કે ઝેરને જોઈએ ત્યારે ઝેર એટલે જીવનનો અંત લાવનાર વસ્તુ એવો આપણને ખ્યાલ આવે છે, પણ જો આપણે ઝેર અંગે સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો ઝેર નૂતન જીવનની ભેટ આપે છે એમ પણ ખ્યાલ આવશે. ઝેરમાં જેમ જીવનનો અંત લાવવાનો ધર્મ છે તેમ નૂતન જીવન અર્પણ કરવાનો પણ ધર્મ છે. કેમ કે, ઝેરમાં અમુક રોગોને નાબૂદ કરવાની પણ શક્તિ હોય છે. આથી જ અનેક ઔષધોમાં ઝેરનું મિશ્રણ થાય છે.

તમે માનો કે ન માનો પણ એક સત્ય ઘટના છે. એક શહેરમાં એક ડૉક્ટરના મિત્ર બીમાર થયા. ડૉક્ટરે તેમની સારવાર શરૂ કરી. મિત્રના કુટુંબમાં કોઈ ન હતું. મિત્ર એકલા જ હતા. મિત્રની મિલકત પણ ઠીક ઠીક હતી. ડૉક્ટરની સેવાથી ખુશ થયેલા મિત્રે ડૉક્ટરને કહી દીધું કે મારા મૃત્યુ બાદ મારી બધી મિલકત તમને મળે એ માટે તમારા નામનું વિલ કરી લઈએ. વિલ ડૉક્ટરના નામનું થઈ ગયા બાદ ડૉક્ટરની દાનત બગડી. તેણે મિત્રને ઔષધને બદલે ઝેર આપી દીધું. ડૉક્ટર મિત્રના મૃત્યુની રાહ જોઈ રહ્યા, પણ મિત્રના શરીરમાં તે ઝેર અમૃતરૂપ બની ગયું. તેમનો રોગ દૂર થઈ ગયો. આમ ઝેર અમુક પર્યાયોની અપેક્ષાએ ઔષધઇંઅમૃતરૂપ છે અને અમુક પર્યાયોની અપેક્ષાએ ઝેરરૂપ છે.

ઉપરનાં ચારે ઉદાહરણોમાં અપેક્ષા શબ્દ વપરાયેલો છે. અહીં અપેક્ષા શબ્દનો પ્રયોગ ખાસ જરૂરી છે. વસ્તુમાં તે તે ધર્મ પણ છે, અને અપેક્ષાભેદથી તે તે ધર્મનો અભાવ પણ છે. અનેકાન્તવાદનો મહેલ અપેક્ષાભેદના સ્તંભ ઉપર જ ટકી રહ્યો છે. આથી જ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કે અપેક્ષાવાદ પણ કહેવામાં આવે છે. **स्यात्** શબ્દનો અર્થ અપેક્ષા છે. અપેક્ષા એટલે નય. અનેકાન્તવાદ અને નય વચ્ચે અંગાંગીભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેકાન્તવાદ અંગી છે, નયો તેના અંગો છે. જેનાથી વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મનો બોધ થાય તે નય, અને જેનાથી પરસ્પર વિરુદ્ધ ભાસતા ધર્મોનો બોધ થાય તે અનેકાન્તવાદ.

અનેકાન્તવાદને જો મહેલ કહીએ તો નયો તેના પાયા છે. નયોના પાયા ઉપર જ અનેકાન્તવાદનો મહેલ રચાયેલો છે. નયો વિના અનેકાન્તવાદ ન ટકી શકે. અનેકાન્તવાદના સાહિત્યને સમજવા માટે નયોનો બોધ જરૂરી છે (આથી જ આ ગ્રંથને સમજવા પણ આ પરિશિષ્ટનો અભ્યાસ જરૂરી છે.) કારણ કે નયો તેનું વ્યાકરણ છે. ભાષાના વ્યાકરણ વિના તે તે ભાષા સમજી ન શકાય તેથી જ સંસ્કૃત આદિ ભાષાને જાણવા તેનું વ્યાકરણ જાણવું જેમ જરૂરી છે તેમ નયોરૂપ વ્યાકરણ વિના અનેકાન્તવાદ ન સમજી શકાય. અનેકાન્તવાદ એ ગૂઢ રહસ્યોરૂપી નિધાનથી ભરેલાં શાસ્ત્રોરૂપ મંદિરનું તાળું છે, અને નયો એ તાળાને ખોલવાની ચાવી છે. અનેકાન્તવાદ સાધ્ય છે, નયો તેનું સાધન છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ ન થાય. સાધ્ય વિના સાધન નકામાં છે. આથી અનેકાન્તવાદ અને નયવાદ એ બંને એકબીજાના પૂરક છે. આથી અનેકાન્તવાદને સમજવા નયવાદના બોધની પણ જરૂર છે.

ઉપર આપણે જોઈ ગયા કે નય એટલે અપેક્ષા. આપણો સઘળો વ્યવહાર અપેક્ષાથીઇંનયથી ચાલે છે વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી આપણને જે વખતે જે ધર્મનું પ્રયોજન હોય તે વખતે તે ધર્મને આગળ કરીને આપણે વ્યવહાર કરીએ છીએ. એક જ વ્યક્તિમાં વિદ્યાર્થીપણું, કુશળતા, સૌમ્યતા, બહાદુરી વગેરે અનેક ગુણોઇંધર્મો હોવા છતાં જે વખતે જે ધર્મનું પ્રયોજન હોય તેને આગળ કરીએ છીએ. એ વ્યક્તિ જ્યારે નિશાળ આદિ સ્થળે હોય ત્યારે તેના વિદ્યાર્થીપણાને આગળ કરીને તેને વિદ્યાર્થી કહીએ છીએ. જ્યારે તે કોઈ કાર્યમાં નીડરતા બતાવીને વિજય મેળવે છે ત્યારે તેની બહાદુરીને આગળ કરીને તેને બહાદુર કહીએ છીએ. જ્યારે તેના સુંદર મુખ તરફ નજર જાય છે ત્યારે તેના મુખ ઉપર તરવરતા સૌમ્યતા ધર્મને આગળ કરીને તેને સૌમ્ય કહીએ છીએ. આમ એક જ વસ્તુમાં અનેક ગુણો હોવા છતાં વ્યવહારમાં આપણે દરેક વખતે સઘળા ગુણો તરફ દૃષ્ટિ કરતા નથી, થઈ શકે પણ નહિ, કિન્તુ પ્રસંગાનુસાર તે તે ગુણને=ધર્મને આગળ કરીએ છીએ. વ્યવહારમાં તે તે અપેક્ષાથી તે તે ગુણને=ધર્મને આગળ કરવામાં આવે છે.

જેટલી અપેક્ષાઓ છે તેટલા નયો છે. અપેક્ષાઓ અનંત છે, માટે નયો પણ અનંત છે. અનંત નયોનો બોધ કરવા આપણે અસમર્થ છીએ. આથી મહાપુરુષોએ સઘળા નયોનો સંક્ષેપથી સાત નયોમાં સમાવેશ કરી આપણી સમક્ષ સાત નયો મૂક્યા છે. ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫. સાંપ્રત=શબ્દ. ૬ સમભિરૂઢ અને ૭. એવંભૂત એ સાત નયો છે.

**૧. નૈગમનય :-** આ નયની અનેક દૃષ્ટિઓ છે. ગમ એટલે દૃષ્ટિ=જ્ઞાન. જેની અનેક દૃષ્ટિઓ છે તે નૈગમ. વ્યવહારમાં થતી લોકરૂઢિ, આ નૈગમનયની દૃષ્ટિથી છે. આ નયના મુખ્ય ત્રણ ભેદો છે. (૧) સંકલ્પ, (૨) અંશ અને (૩) ઉપચાર.

**(૧) સંકલ્પ :-** સંકલ્પને સિદ્ધ કરવા જે કોઈ અન્ય પ્રવૃત્તિ કરવામાં આવે છે તેને પણ સંકલ્પની જ પ્રવૃત્તિ કહેવામાં આવે છે. જેમકે-રમણલાલે મુંબઈ જવાનો સંકલ્પ=નિર્ણય કર્યો. આથી તે પોતાને જરૂરી કપડાં આદિ સામગ્રી પોતાની પેટીમાં ભરવા લાગ્યો. આ વખતે તેનો મિત્ર ચંપકલાલ ત્યાં આવ્યો. તેણે રમણલાલને ક્યાંક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જવા માટેની તૈયારી કરતો જોઈ પૂછ્યું - 'તમે ક્યાં જાવ છો ?' રમણલાલે કહ્યું 'હું મુંબઈ જાઉં છું.' અહીં મુંબઈ જવાની ક્રિયા તો હજી હવે થવાની છે. હમણાં તો માત્ર તેની તૈયારી થઈ રહી છે. છતાં મિત્રએ વર્તમાનકાળનો ગમનક્રિયાનો પ્રશ્ન કર્યો અને રમણલાલે જવાબ પણ વર્તમાનકાળમાં આપ્યો. વર્તમાનકાળમાં મુંબઈ તરફ ગમન ન હોવા છતાં, વર્તમાનકાળનો પ્રશ્ન અને જવાબ સંકલ્પરૂપ નૈગમનયની દૃષ્ટિથી સત્ય છે. આ નય કહે છે કે જ્યારથી સંકલ્પ કર્યો ત્યારથી તે સંકલ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે માટેની સઘળી ક્રિયાઓ સંકલ્પની જ કહેવાય. એટલે મુંબઈ જવાની તૈયારી પણ મુંબઈના ગમનની ક્રિયા છે.

(૨) **અંશ** :- અંશનો પૂર્ણમાં ઉપચાર. મકાનનો ભીંત આદિ કોઈ એક ભાગ=અંશ પડી જતાં આપણે 'મકાન પડી ગયું' એમ કહીએ છીએ. આંગળીનો એક ભાગ પાક્યો હોવા છતાં 'આંગળી પાકી' એમ કહેવામાં આવે છે. પુસ્તકનું એકાદ પાનું ફાટી જતાં 'પુસ્તક ફાટી ગયું' એમ કહેવાય છે. આ સઘળો વ્યવહાર અંશ નૈગમની દૃષ્ટિથી ચાલે છે.

(૩) **ઉપચાર** :- ભૂતકાળનો વર્તમાનમાં, ભવિષ્યકાળનો વર્તમાનમાં, કારણનો કાર્યમાં, આધેયનો આધારમાં એમ અનેક રીતે ઉપચાર કરવામાં આવે છે. જ્યારે દિવાળી આવે છે ત્યારે આપણે 'આજે દિવાળીના દિવસે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા' એમ કહીએ છીએ. ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તેને ૨૫૦૦ વર્ષ ઉપરાંત કાલ થઈ ગયો. છતાં આપણે ભૂતકાળનો વર્તમાનકાળમાં આરોપ કરીને 'આજે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા' એમ બોલીએ છીએ. ઘી જીવન છે એમ બોલાય છે. ઘી જીવન થોડું છે ? ઘી તો જીવવાનું સાધન છેઇંકારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'ઘી જીવન છે' એમ કહેવામાં આવે છે. નગરનાં લોકો રડી રહ્યા હોવા છતાં 'નગર રડે છે' એમ બોલવામાં આવે છે. અહીં આધેય લોકોનો આધારરૂપ નગરમાં ઉપચાર કરવામાં આવ્યો છે. પર્વત ઉપર રહેલું ઘાસ બળવા છતાં 'પર્વત બળે છે' એમ કહેવામાં આવે છે. સિંહ સમાન બળવાળા માણસને 'આ તો સિંહ છે' એમ સિંહ તરીકે સંબોધવામાં આવે છે. કેટલીકવાર આપણે વર્તમાનકાળમાં ભૂતકાળનો આરોપ કરીએ છીએ. જેમકે દૂધપાક તૈયાર થઈ રહ્યો છે તે વખતે કોઈ પૂછે કે - 'આજે શું બનાવ્યું છે ?' તો 'આજે દૂધપાક બનાવ્યો છે' એમ કહેવામાં આવે છે. અહીં દૂધપાક હજી હવે બનવાનો છે, બની રહ્યો છે, છતાં 'બનાવ્યો' એમ ભૂતકાળનો પ્રયોગ કરવામાં આવે છે. એ પ્રમાણે કેટલીક વાર ભવિષ્યકાળનો વર્તમાનમાં આરોપ કરીએ છીએ. કોઈ કાર્ય અંગે બહાર જવાને જરા વાર હોવા છતાં 'ક્યારે જવાના છો ?' એમ પૂછવામાં આવે તો 'હમણાં જ જઉં છું' એમ કહેવામાં આવે છે. અહીં જવાની ક્રિયા તો ભવિષ્યકાળમાં=થોડીવાર પછી થવાની છે, એથી 'હમણાં જ જઈશ' એમ કહેવું જોઈએ તેના બદલે 'હમણાં જ જઉં છું' એમ વર્તમાનકાળનો પ્રયોગ કરવામાં આવે છે.

આમ અનેક પ્રકારની વ્યવહારરૂઢિ=લોકરૂઢિ આ નૈગમનયની દૃષ્ટિથી છે.

હવે બીજી રીતે નૈગમનયને વિચારીએ.

૧. **નૈગમનય** :- નૈગમનયના સર્વપરિક્ષેપી અને દેશપરિક્ષેપી એમ બે ભેદ છે. સર્વપરિક્ષેપી એટલે સામાન્યગ્રાહી અને દેશપરિક્ષેપી એટલે વિશેષગ્રાહી. પ્રત્યેક વસ્તુ સામાન્ય અને વિશેષ એમ ઉભયસ્વરૂપ છે. જેમ કે ઘટ. માટીની દૃષ્ટિએ ઘટ વિશેષ છે, કારણ કે માટીની અનેક વસ્તુઓ બને છે. માટીની દરેક વસ્તુમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટી રહેલી છે માટે માટી સામાન્ય અને તેમાંથી બનેલી દરેક વસ્તુ વિશેષ છે. આથી માટીની અપેક્ષાએ ઘટ વિશેષ છે. ઘટના પણ અનેક પ્રકારો હોય છે. જુદા જુદા પ્રકારના ઘટની અપેક્ષાએ ઘટ એ સામાન્ય છે અને જુદા જુદા પ્રકારના ઘટ વિશેષ છે. આમ દરેક વસ્તુ અપેક્ષાભેદથી સામાન્ય-વિશેષસ્વરૂપ છે.

નૈગમનય સામાન્ય વિશેષ ઉભયને અવલંબે છે, પણ તેનો આધાર લોકરૂઢિ છે. નૈગમનય લોકરૂઢિ પ્રમાણે ક્યારેક સામાન્યને અવલંબે છે તો ક્યારેક વિશેષને અવલંબે છે. જેમકે, ભારતમાં અમદાવાદની અમુક પોળમાં અમુક નંબરના ઘરમાં રહેતા ચંદ્રકાંતને જ્યારે જ્યારે અન્ય અજાણ વ્યક્તિ 'તમે કયાં રહો છો ?' એ પ્રશ્ન પૂછે છે ત્યારે ત્યારે તે એક સરખો ઉત્તર આપતો નથી, કિન્તુ ભિન્ન ભિન્ન ઉત્તર આપે છે. જ્યારે તે અમેરિકામાં હોય ત્યારે જો કોઈ તેને 'તમે ક્યાં રહો છો ?' એમ પૂછે તો તે કહે છે કે 'હું ભારતમાં રહું છું.' જ્યારે તે ભારતમાં મહારાષ્ટ્ર આદિ દેશમાં હોય ત્યારે તે 'હું ગુજરાતમાં રહું છું.' એમ ઉત્તર આપે છે. ક્યારેક તે 'અમદાવાદમાં રહું છું.' એમ ઉત્તર આપે છે. ક્યારેક 'અમુક પોળમાં અમુક નંબરના ઘરમાં રહું છું' એમ ઉત્તર આપે છે. અહીં પ્રશ્ન એક જ છે. તેના જવાબો અનેક છે. દરેક જવાબ સત્ય છે એમ નૈગમનય કહે છે. અહીં અમેરિકા, રશિયા વગેરે દેશોની અપેક્ષાએ ભારત વિશેષ છે, પણ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર આદિ ભાગોની અપેક્ષાએ ભારત સામાન્ય છે. ભારતની અપેક્ષાએ ગુજરાત વિશેષ છે. પણ ગુજરાતના કચ્છ-કાઠિયાવાડ વગેરે ભાગોની અપેક્ષાએ ગુજરાત સામાન્ય છે. નૈગમનય સામાન્ય વિશેષ ઉભયને ગ્રહણ કરે છે.

**૨. સંગ્રહનય :-** જે નય સર્વ વિશેષોનો એક રૂપે=સામાન્યરૂપે સંગ્રહ કરી લે તે સંગ્રહનય. દરેક વસ્તુ અપેક્ષાભેદથી સામાન્ય અને વિશેષ એમ ઉભયરૂપ છે એમ આપણે જોયું. આથી દરેક વસ્તુમાં સામાન્ય અંશ અને વિશેષ અંશ બન્ને રહે છે. સંગ્રહનય સામાન્ય અંશને ગ્રહણ કરે છે. તે કહે છે કે સામાન્ય વિના વિશેષ રહી શકે જ નહિ. સામાન્ય વિના વિશેષ આકાશ કુસુમવત્ અસત્ જ છે. સામાન્ય વનસ્પતિ વિના વિશેષ લીમડો હોઈ શકે જ નહિ. આથી જ્યાં જ્યાં વિશેષ છે ત્યાં ત્યાં સામાન્ય અવશ્ય હોય છે. આથી સંગ્રહનય દરેક વસ્તુની ઓળખાણ સામાન્યરૂપે આપે છે. એની દૃષ્ટિ સામાન્ય તરફ જ જાય છે.

આથી આ નયની દૃષ્ટિ વિશાળ છે. તે સર્વ વિશેષોનો સામાન્યથી એકરૂપે સંગ્રહ કરી લે છે. જેમકે ચેતન અને જડ એ બંને પદાર્થો જુદા છે, પણ આ નય તે બંનેને એકરૂપે સંગ્રહી લે છે. જડ અને ચેતન એ બંને પદાર્થો સત્ છે. સત્ તરીકે બંને સમાન છે=એક છે. પ્રત્યેક જીવ ભિન્ન ભિન્ન હોવા છતાં આ નય સર્વ જીવોને ચૈતન્યથી એકરૂપે માને છે. કારણ કે દરેકમાં ચૈતન્ય સમાન=એક છે. સાડી, શર્ટ, બ્લાઉઝ, ધોતિયું વગેરે અનેક પ્રકારની વસ્તુને કાપડ કહીને એકરૂપ માને છે. આમ આ નય સામાન્ય અંશને ગ્રહણ કરે છે. સામાન્ય અંશમાં અનેક તરતમતા હોય છે. આથી સંગ્રહનયના દરેક દૃષ્ટાંતમાં પણ તરતમતા રહેવાની. સામાન્ય અંશ જેટલો વિશાળ તેટલો સંગ્રહનય વિશાળ. સામાન્ય અંશ જેટલો સંક્ષિપ્ત તેટલો સંગ્રહનય સંક્ષિપ્ત.

**૩. વ્યવહારનય :** જે નય વિશેષ તરફ દૃષ્ટિ કરીને દરેક વસ્તુને જુદી જુદી માને તે વ્યવહારનય. આ નય કહે છે કે, વિશેષ સામાન્યથી જુદું નથી એ વાત સાચી, પણ વિશેષ વિના વ્યવહાર ન ચાલી શકે. શું 'વનસ્પતિ લાવ' એટલું કહેવા માત્રથી લાવનાર વ્યક્તિને મુંઝવણ નહીં થાય કે કઈ વનસ્પતિ લાવવી. તેથી અહીં તમારે કહેવું જ પડશે કે 'અમુક વનસ્પતિ લાવ.' આમ કહેવાથી તે જોઈતી વસ્તુ લાવી શકે છે. વિશેષને માન્યા સિવાય વ્યવહાર ચાલે જ નહિ. આથી વ્યવહારનય વિશેષ અંશને માને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં સુધી આપણે જોઈ ગયા કે નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયોમાં નૈગમનય સામાન્ય અને વિશેષ એમ ઉભયને સ્વીકારે છે. સંગ્રહનય કેવળ સામાન્યને સ્વીકારે છે. વ્યવહારનય કેવળ વિશેષને સ્વીકારે છે. સંગ્રહ અને વ્યવહારનય પરસ્પર સાપેક્ષ છે. આથી એક જ વિચાર સંગ્રહનયનો પણ હોય અને વ્યવહારનયનો પણ હોય. જેમકે, 'આ નગરમાં મનુષ્યો રહે છે.' આ વિચાર સંગ્રહનયનો પણ છે અને વ્યવહારનયનો પણ છે. નગરમાં મનુષ્ય ઉપરાંત પશુઓ પણ રહે છે. આથી પશુ અને મનુષ્ય એ બંને જીવ છે. જીવની દૃષ્ટિએ મનુષ્ય વિશેષ છે. આથી જીવની દૃષ્ટિએ 'આ નગરમાં મનુષ્યો રહે છે' એ વિચાર વ્યવહારનયથી છે. મનુષ્યોમાં સ્ત્રી, પુરુષ, બાળક, યુવાન, વૃદ્ધ વગેરે હોય છે. મનુષ્યના સ્ત્રી, પુરુષ આદિ વિશેષ ભેદોની અપેક્ષાએ 'આ નગરમાં મનુષ્યો રહે છે.' એ વિચાર સંગ્રહનયનો કહેવાય છે. આ પ્રમાણે એક જ વિચાર સંગ્રહનયનો પણ કહેવાય અને વ્યવહારનયનો પણ કહેવાય.

આથી તાત્પર્ય એ આવ્યું કે - જેટલા અંશે સામાન્ય તરફ દૃષ્ટિ તેટલા અંશે સંગ્રહનય અને જેટલા અંશે વિશેષ તરફ દૃષ્ટિ તેટલા અંશે વ્યવહારનય.

**૪. ઋજુસૂત્રનય :-** જે નય કેવળ વસ્તુની વર્તમાન અવસ્થા તરફ લક્ષ્ય રાખે તે ઋજુસૂત્રનય. આ નય વસ્તુના વર્તમાન પર્યાયને જ માન્ય રાખે છે. અતીત અને અનાગત પર્યાયોને તે માન્ય રાખતો નથી.

આ નય વર્તમાનમાં જે શેઠાઈ ભોગવતો હોય તેને જ શેઠ કહે છે, જ્યારે વ્યવહારનય વર્તમાનમાં તે શેઠાઈ ન ભોગવતો હોય, પણ ભૂતકાળમાં તેણે શેઠાઈ ભોગવી હતી, એ દૃષ્ટિએ તેને વર્તમાનમાં પણ શેઠ કહેશે.

ઋજુસુત્રનય જે વર્તમાનમાં રાજ્યનો માલિક હોય તેને જ રાજા કહે છે. જ્યારે વ્યવહારનય જે ભવિષ્યમાં રાજ્યનો માલિક બનવાનો છે તેને પણ રાજા કહે છે. આ પ્રમાણે વ્યવહારનયની અપેક્ષાએ ઋજુસૂત્રનય સૂક્ષ્મ છે.

**૫. સાંપ્રત-શબ્દનય :-** આપણે સમજવું હોય કે અન્યને સમજાવવું હોય તો શબ્દોની જરૂર પડે છે. શબ્દો વિના વ્યવહાર ન ચાલે. શબ્દોથી થતા અર્થના બોધમાં શબ્દનયની પ્રધાનતા છે. શબ્દનય એટલે શબ્દને આશ્રયીને થતી અર્થવિચારણા. શબ્દનય લિંગ, કાળ, વચન વગેરેના ભેદથી અર્થભેદ માને છે. અર્થાત્ ભિન્ન ભિન્ન શબ્દ, લિંગ આદિનો અર્થ પણ ભિન્ન ભિન્ન સ્વીકારે છે.

• **લિંગભેદ :-** નર, નારી, કાળો, કાળી, કાળું, પ્યાલો, પ્યાલી, ઘડો ઘડી, ચોપડો, ચોપડી વગેરે જુદા જુદા લિંગના જુદા જુદા અર્થો છે.

• **કાળભેદ :-** હતો, છે, હશે, રમ્યો, રમે છે, રમશે વગેરે જુદા જુદા કાળના જુદા જુદા અર્થો છે. ઇતિહાસ-લેખકને ભૂતકાળના અમદાવાદનું વર્ણન કરવું છે. આથી લેખકના કાળમાં અમદાવાદ હોવા છતાં લેખક 'અમદાવાદ હતું' એમ લખે છે. અહીં ભૂતકાળનો પ્રયોગ શબ્દનયની દૃષ્ટિએ છે. શબ્દનય કહે છે કે ભૂતકાળમાં જે અમદાવાદ નગર હતું અને અત્યારે જે છે તે બંને જુદા છે. ઇતિહાસ-લેખકે ભૂતકાળનો જ પ્રયોગ કરવો જોઈએ.

• **વચનભેદ :-** ગાય, ગાયો, માણસ, માણસો વગેરે જુદા જુદા વચનના જુદા જુદા અર્થ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

• **કારકભેદ :-** છોકરો, છોકરાને, છોકરાથી વગેરે કારકના ભેદથી અર્થભેદ થાય છે.

આ પ્રમાણે શબ્દનય લિંગ આદિના ભેદથી અર્થભેદ માને છે, પણ એક જ શબ્દના પર્યાયવાચી શબ્દોના ભેદથી અર્થભેદ નથી સ્વીકારતો. મનુષ્ય, માણસ, મનુજ વગેરે શબ્દો જુદા જુદા હોવા છતાં એક જ શબ્દના પર્યાયવાચી શબ્દો હોવાથી તે સર્વ શબ્દોનો માનવ એવો એક જ અર્થ થશે.

**ઋજુસૂત્ર અને શબ્દનયમાં વિશેષતા :-** ઋજુસૂત્રનય લિંગ આદિના ભેદથી અર્થભેદ માનતો નથી, અને નામ વગેરે ચારેય નિક્ષેપાનો સ્વીકાર કરે છે. શબ્દનય લિંગ આદિના ભેદથી અર્થભેદ માને છે, અને માત્ર ભાવ નિક્ષેપાનો જ સ્વીકાર કરે છે. (વિ. આ. ભા. ગા. ૨૨૨૬)

**૬. સમભિરૂઢનય :-** આ નય એ જ પર્યાયવાચી વસ્તુનો શબ્દભેદે અર્થભેદ સ્વીકારે છે. શબ્દનય પર્યાયવાચી શબ્દોનો અર્થ એક જ માને છે, પણ સમભિરૂઢનય શબ્દભેદથી અર્થભેદ માને છે. તે કહે છે કે, જો લિંગ આદિના ભેદથી અર્થનો ભેદ માનવામાં આવે તો વ્યુત્પત્તિભેદથી પણ અર્થનો ભેદ માનવો જોઈએ. દરેક શબ્દની વ્યુત્પત્તિ જુદી જુદી છે, માટે દરેક શબ્દનો અર્થ પણ જુદો જુદો છે. આથી નૃપ ભૂપ, રાજા વગેરે દરેક શબ્દના અર્થ પણ જુદા જુદા છે. જે માણસનું રક્ષણ કરે તે નૃપ, જે પૃથ્વીનું પાલન કરે તે ભૂપ, જે રાજચિન્હોથી શોભે તે રાજા.

**પ્રશ્ન :-** શું શબ્દનય શબ્દભેદથી અર્થભેદ સર્વથા નથી સ્વીકારતો ?

**જવાબ :-** શબ્દનય શબ્દભેદથી અર્થભેદ સ્વીકારે પણ છે અને નથી પણ સ્વીકારતો, શબ્દનય એક પર્યાયવાચી શબ્દો સિવાયના શબ્દોમાં શબ્દભેદથી અર્થભેદ માને છે. જેમકે ચન્દ્ર, સૂર્ય, ઇન્દ્ર વગેરે શબ્દોના અર્થ જુદા જુદા છે, પણ એક પર્યાયવાચી શબ્દોમાં શબ્દભેદથી અર્થભેદ નથી માનતો. જ્યારે સમભિરૂઢનય એક પર્યાયવાચી શબ્દોમાં પણ શબ્દભેદથી અર્થભેદ માને છે. આ જ શબ્દનય અને સમભિરૂઢનયમાં વિશેષતા છેઇંતફાવત છે.

**૭. એવંભૂતનય :-** જે નય વસ્તુમાં જ્યારે શબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ ઘટતો હોય ત્યારે જ તે શબ્દથી તે વસ્તુને સંબોધે તે એવંભૂતનય. આ નય ગાયક તેને જ કહેશે કે જે વર્તમાનમાં ગાયન ગાતો હોય. ગાયક જ્યારે ગાયન સિવાયની ક્રિયા કરતો હોય ત્યારે તેને આ નય ગાયક નહિ કહે. રસોઈયો જ્યારે રસોઈ બનાવતો હોય ત્યારે જ તેને રસોઈયો કહેવાય. નૃપ માણસોનું રક્ષણ કરી રહ્યો હોય ત્યારે જ નૃપ કહેવાય. રાજા રાજચિહ્નોથી શોભી રહ્યો હોય ત્યારે જ તેને રાજા શબ્દથી બોલાવાય, ને ત્યારે તેને રાજા શબ્દથી જ બોલાવાય, નૃપ વગેરે શબ્દોથી નહિ. આમ એવંભૂતનય અર્થથી શબ્દનું અને શબ્દથી અર્થનું નિયમન કરે છે. (વિ. આ. ભા. ગા. ૨૨૫૨)

આ પ્રમાણે આ નય ક્રિયાભેદથીઇંવ્યુત્પત્તિસિદ્ધ અર્થના ભેદથી અર્થભેદ માને છે. જે શબ્દનો જે અર્થ હોય તે અર્થમાં તે શબ્દની વ્યુત્પત્તિથી જે ક્રિયા જણાય તે ક્રિયા જ્યારે થતી હોય ત્યારે જ તે અર્થ માટે તે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ એમ આ નય માને છે.

આ સાત નયોના સંક્ષેપમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, નિશ્ચય-વ્યવહાર, શબ્દ-અર્થ, જ્ઞાન-ક્રિયા વગેરે અનેક રીતે બે વિભાગો પડે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયઃ-** નૈગમ આદિ સાત નયોના સંક્ષેપથી દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય એમ બે વિભાગ છે. જે મુખ્યતયા દ્રવ્યને વસ્તુ માને તે દ્રવ્યાર્થિક નય. જે મુખ્યતયા પર્યાયને વસ્તુ માને તે પર્યાયાર્થિક નય. દ્રવ્યનયની દૃષ્ટિએ દ્રવ્ય એટલે સામાન્ય, અર્થાત્ મૂલભૂત પદાર્થ. પર્યાય એટલે વિશેષ, અર્થાત્ મૂળભૂત પદાર્થની ભિન્ન ભિન્ન અવસ્થા. પ્રત્યેક વસ્તુમાં સામાન્ય અને વિશેષ એમ બે અંશ છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. દ્રવ્યાર્થિક નય સામાન્ય=દ્રવ્યરૂપ અંશ તરફ લક્ષ્ય આપે છે. પર્યાયાર્થિક નય વિશેષ઼પર્યાયરૂપ અંશ તરફ લક્ષ્ય આપે છે.

જેમકે, મીઠાઈની દુકાન જોતાં 'અહીં મીઠાઈ મળે છે' એવો જે વિચાર આવ્યો તે મીઠાઈરૂપ સામાન્ય અંશને આશ્રયીને હોવાથી દ્રવ્યાર્થિક છે અને 'અહીં લાડવા મળે છે' એવો વિચાર વિશેષ મીઠાઈને આશ્રયીને હોવાથી પર્યાયાર્થિક છે. અંતિમ ચાર નયો વિશેષ઼પર્યાય અંશ તરફ લક્ષ્ય આપતા હોવાથી પર્યાયાર્થિક છે.

**નિશ્ચય-વ્યવહારનય :** નિશ્ચયનય એટલે સૂક્ષ્મ દૃષ્ટિ કે તત્ત્વદૃષ્ટિ. નિશ્ચયનય કોઈ પણ વિષયનો તેમાં ઊંડો ઊતરીને તત્ત્વસ્પર્શી વિચાર કરે છે. વ્યવહારનય એટલે સ્થૂલ દૃષ્ટિ કે ઉપચારદૃષ્ટિ. વ્યવહારનય કોઈ પણ વિષયનો સ્થૂલદૃષ્ટિથી વિચાર કરે છે. દા.ત. નિશ્ચયનય જેમાં ચારિત્રના પરિણામ થયા છે તેને સાધુ કહેશે, પછી ભલે તેમાં સાધુવેશ ન હોય. સાધુના વેષવાળો પણ જો ચારિત્ર રહિત હોય તો નિશ્ચયનય તેને સાધુ નહિ કહે, જ્યારે વ્યવહારનય જેમાં બાહ્ય સાધુવેશ અને સાધુની ક્રિયા જોશે તેને સાધુ કહેશે, પછી ભલે તેમાં ચારિત્રના પરિણામ ન હોય. વ્યવહારનય સ્થૂલદૃષ્ટિ હોવાથી લોકપ્રસિદ્ધ અર્થનો સ્વીકાર કરે છે. દા.ત. ભ્રમરમાં પાંચ વર્ણો હોવા છતાં લોકમાં તે કૃષ્ણ તરીકે પ્રસિદ્ધ હોવાથી વ્યવહારનય તેને કૃષ્ણ કહે છે. નિશ્ચયનય તેને પંચરંગી કહે છે.

પ્રથમના ત્રણ નય વ્યવહારનય છે. અંતિમ ચાર નય નિશ્ચયનય છે. તેમાં પણ પછી પછીનો નય અધિક સૂક્ષ્મદૃષ્ટિ છે. એવંભૂતનય સૌથી અધિક સૂક્ષ્મદૃષ્ટિ=તત્ત્વસ્પર્શી છે.

**શબ્દ-અર્થ નય :-** જેમાં અર્થનો વિચાર પ્રધાનપણે હોય તે અર્થનય. જેમાં શબ્દનો વિચાર પ્રધાનપણે હોય તે શબ્દનય. અહીં અર્થ એટલે પદાર્થ=વસ્તુ. પ્રથમના ચાર નયોમાં પદાર્થને મુખ્ય રાખીને વિચારણા થતી હોવાથી પ્રારંભના ચાર નય અર્થનય છે. અંતિમ ત્રણ નયોમાં શબ્દને મુખ્ય રાખીને વિચારણા થતી હોવાથી અંતિમ ત્રણ નય શબ્દનય છે.

**જ્ઞાન-ક્રિયાનય :-** જે નય જ્ઞાનને (તાત્ત્વિક વિચારને) પ્રધાન માને તે જ્ઞાનનય. જે નય ક્રિયાને (તત્ત્વાનુસારી આચારને) પ્રધાન માને તે ક્રિયાનય. મોક્ષ ચારિત્રથી થાય કે જ્ઞાનથી થાય એ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનનય કહે છે કે જ્ઞાનથી મોક્ષ થાય. જ્ઞાનથી મુક્તિ થાય એ વિષયમાં જ્ઞાનનય નીચે મુજબ દલીલો આપે છે.

(૧) જ્ઞાન ચારિત્રનું કારણ છે. જ્ઞાનનું ફળ ચારિત્ર છે. આથી જ્ઞાન વિના ચારિત્ર જ ન હોય તો મુક્તિ તો ક્યાંથી હોય ?

(૨) જેમ આંધળો માણસ ગમે તેટલું ચાલે છતાં ઇષ્ટ સ્થાને પહોંચી શકે નહિ. નગરના માર્ગના જ્ઞાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિના ગમે તેટલું ચાલવામાં આવે તોપણ નગરમાં પહોંચી શકાય નહિ, તેમ જ્ઞાન વિના ચારિત્રથી=ક્રિયાથી મુક્તિરૂપ નગરમાં પહોંચી શકાય નહિ.

(૩) હેયના ત્યાગરૂપ અને ઉપાદેયના સ્વીકારરૂપ પ્રવૃત્તિ જ્ઞાનપૂર્વક કરવાથી સફળ બને છે. જ્ઞાન વિના એ પ્રવૃત્તિથી ફળ મળે કે ન પણ મળે.

(૪) ચારિત્રની કઠોર સાધના કરનારને પણ કેવલજ્ઞાન વિના મુક્તિ મળતી નથી.

(૫) पढमं नाणं तओ दया = પ્રથમ જ્ઞાન, પછી દયા; गीयत्थो य विहारो बीओ गीयत्थनिस्सिओ भणिओत ગીતાર્થનો અને ગીતાર્થની નિશ્રાવાળો એ બે જ વિહાર જિનેશ્વરોએ કહ્યા છે વગેરે આગમવચનોથી પણ જ્ઞાનની પ્રધાનતા સિદ્ધ થાય છે.

ક્રિયાનય કહે છે કે મુક્તિનું કારણ ચારિત્ર છે. કારણ કે,

(૧) પ્રવૃત્તિ વિના માત્ર જ્ઞાનથી કાર્ય ન થાય. ઔષધના સેવન વિના માત્ર ઔષધના જ્ઞાનથી આરોગ્ય ન થાય.

(૨) જેમ નગરના માર્ગનું જ્ઞાન હોવા છતાં જે પંથ ન કાપે=બેસી રહે તે ઇષ્ટ સ્થાને પહોંચી શકે નહિ. તેમ જ્ઞાની પણ ચારિત્રહીન હોય તો મુક્તિ ન પામે.

(૩) આગમમાં ચારિત્રહીન જ્ઞાનીને ચંદનનો બોજ ઉઠાવનાર ગધેડાની ઉપમા આપી છે.

(૪) જેમ સેંકડો દીવાઓ પણ આંખ વિના નિરર્થક છે, તેમ ઘણું જ્ઞાન પણ ચારિત્ર વિના નિરર્થક છે.

(૫) કેવલજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી સર્વસંવરરૂપ ચારિત્ર ન આવે ત્યાં સુધી મુક્તિ થતી નથી.

**સુનય-દુર્નય :-** નયના સુનય અને દુર્નય એમ બે ભેદ છે. જે નય સ્વમાન્ય અંશ સિવાય અન્ય અંશોનો અપલાપ ન કરે (સર્વથા નિષેધ ન કરે), કિંતુ એ અંશો પ્રત્યે ઉદાસીન=મધ્યસ્થ રહે તે સુનય, અને અપલાપ કરે તે દુર્નય કે નયાભાસ છે.[1] જેમ કે ક્રિયાથી મોક્ષ થાય એ વાક્ય સુનય છે. કારણ કે આમાં જ્ઞાનનો અપલાપ નથી. ક્રિયાથી જ મોક્ષ થાય એ વાક્ય દુર્નય છે. કારણ કે આમાં જકારનો પ્રયોગ કરીને જ્ઞાનનો અપલાપ કરવામાં આવ્યો છે. ટૂંકમાં, એકાન્ત માન્યતા દુર્નય છે. આથી જ અન્ય દર્શનોમાં પોતપોતાની આંશિક માન્યતા સત્ય હોવા છતાં અન્ય અંશોનો અપલાપ હોવાથી તે દુર્નય છે, એથી અન્યદર્શનો મિથ્યાદર્શનો છે.

અહીં નયવિચારણા પૂરી થાય છે. નયોના વિજ્ઞાનમાં સૌથી મહત્ત્વની વસ્તુ એ છે કે નયો પ્રમાણના વિભાગરૂપ છે. પ્રમાણસિદ્ધ પદાર્થ જ નયોનો વિષય બને છે.[2] નયોમાં અપેક્ષાનું બહુ મહત્ત્વ છે. અપેક્ષા નયવિજ્ઞાન શાસ્ત્રના પ્રાણ રૂપ છે. અપેક્ષા બદલાતાંની સાથે જ નય બદલાઈ જાય છે. નયોનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવા નયકર્ણિકા, અનુયોગદ્વાર, નયરહસ્ય, અનેકાન્તવ્યવસ્થા પ્રકરણ, નયોપદેશ, પ્રમાણનય-તત્ત્વાલોક, નયપ્રકાશ, નયચક્રસાર, નયચક્રા-લાપપદ્ધતિ વગેરે ગ્રંથોનું સંગીન અધ્યયન અનિવાર્ય છે.

- પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી કૃત
તત્ત્વાર્થધિગમ સૂત્રના વિવેચનમાંથી સાભાર.

1. પ્રમાણનય પરિચ્છેદ ૭, સૂત્ર ૨ + આ ગ્રંથની ગાથા નં. ૩૬
2. પ્રમાણનય પરિચ્છેદ ૭, સૂત્ર ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ – ૨

## જાતિપ્રાયઃ યુક્તિઓ

(શ્લોક - ૭)

સાધર્મ્ય અને વૈધર્મ્યથી સાધ્યની જે અનુપપત્તિ છે, તેનું પ્રદર્શન કરવું તેનું નામ જાતિ. વાદી જો ઉદાહરણ સાધર્મ્યથી સાધ્યની ઉપપત્તિ બતાવે તો તે જ સમયે પ્રતિવાદી ઉદાહરણના વૈધર્મ્યથી સાધ્યની અસિદ્ધિ બતાવે છે, આને જાતિ કહે છે. જાતિ ચોવીસ પ્રકારની હોય છે. (૧) સાધર્મ્યસમા (૨) વૈધર્મ્યસમા (૩) ઉત્કર્ષસમા (૪) અપકર્ષસમા (૫) વર્ણ્યસમા (૬) અવર્ણ્યસમા (૭) વિકલ્પસમા (૮) સાધ્યસમા (૯) પ્રાપ્તિસમા (૧૦) અપ્રાપ્તિસમા (૧૧) પ્રસંગસમા (૧૨) પ્રતિદૃષ્ટાન્તસમા (૧૩) અનુપપત્તિસમા (૧૪) સંશયસમા (૧૫) પ્રકરણસમા (૧૬) હેતુસમા (૧૭) અર્થાપત્તિસમા (૧૮) અવિશેષસમા (૧૯) ઉપપત્તિસમા (૨૦) ઉપલબ્ધિસમા (૨૧) અનુપલબ્ધિસમા (૨૨) નિત્યસમા (૨૩) અનિત્યસમા (૨૪) કાર્યસમા

**तथा सम्यग्हेतौ हेत्वाभासे वा वादिना प्रयुक्ते, झटिति तद्दोषतत्त्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायं किमपि प्रत्यवस्थानं जातिः दूषणाभास इत्यर्थः । सा च चतुर्विंशतिभेदा । साधर्म्यादि-प्रत्यवस्थानभेदेन यथा "साधर्म्यवैधर्म्योत्कर्षाऽपकर्ष-वर्ण्याऽवर्ण्यविकल्पसाध्यप्राप्त्यप्राप्तिप्रसङ्गप्रतिदृष्टान्ताऽनुत्पत्तिसंशयप्रकरण-हेत्वर्थापत्त्यविशेषोपपत्त्युपलब्ध्यनुपलब्धिनित्यानित्यकार्यसमाः" ।।२**

**तत्र साधर्म्येण प्रत्यस्थानं साधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः, कृतकत्वाद्, घटवदिति प्रयोगे कृते साधर्म्यप्रयोगेणैव प्रत्यवस्थानं नित्य शब्दो, निरवयवत्वात्, आकाशवत् । न चास्ति विशेषहेतुः घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्दः, न पुनराकाशसाधर्म्याद् निरवयवत्वाद् नित्य इति ।**

**वैधर्म्येण प्रत्यवस्थानं वैधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः, कृतकत्वाद्, घटवदित्यत्रैव प्रयोगे, स एव प्रतिहेतुर्वैधर्म्येण प्रयुज्यते नित्यः शब्दो, निरवयवत्वात् । अनित्यं हि सावयवं दृष्टं घटादीति । न चास्ति विशेषहेतुः घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्दः न भवतः ।**

**तत्रैव प्रयोगे, दृष्टान्तधर्मं कञ्चित् साध्यधर्मिण्यापादयन् उत्कर्षसमां जातिं प्रयुङ्क्ते । यदि घटवत् कृतकत्वादनित्यः शब्दः घटवदेव मूर्तोऽपि भवतु, न चेद् मूर्तः, घटवदनित्योऽपि मा भूदिति शब्दे धर्मान्तरोत्कर्षमापादयति ।**

**अपकर्षस्तु घटः कृतकः सन् अश्रावणो दृष्टः, एवं शब्दोऽप्यस्तु, नो चेद् घटवदनित्योऽपि मा भूदिति शब्दे श्रावणत्वधर्ममप-कर्षतीति । इत्येताश्चतस्रो दिङ्मात्रदर्शनार्थं जातय उक्ताः । एवं शेषा अपि विंशति-रक्षपादशास्त्रादवसेयाः । अत्र त्वनुपयोगित्वाद् न लिखिताः ।।** - સ્યાદ્વાદમંજરી

**भावार्थ :**

वादी के द्वारा सम्यक् हेतु अथवा हेत्वाभास के प्रयोग करने पर, वादी के हेतु की सदोषता की बिना परीक्षा किये हुए, हेतुके समान मालूम होनेवाला शीघ्रता से कुछ भी कह देना जाति है । अर्थात् दूषणाभास यह जाति "साधर्म्य, वैधर्म्य, उत्कर्ष, अपकर्ष, वर्ण्य, अवर्ण्य, विकल्प, साध्य, प्राप्ति, अप्राप्ति, प्रसंग, प्रतिदृष्टांत, अनुत्पत्ति, संशय, प्रकरण, हेतु,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अर्थापत्ति, अविशेष, उपपत्ति, उपलब्धि, अनुपलब्धि, नित्य, अनित्य और कार्यसम" के भेद से चौबीस प्रकार की है ।

(१) साधर्म्य से उपसंहार करने पर दृष्टांत की समानता दिखलाकर साध्य से विपरीत कथन करने को साधर्म्यसमा जाति कहते हैं । जैसे, वादीने कहा, 'शब्द अनित्य है, क्योकि कृतक है, जो कृतक होता है, वह अनित्य है, जैसे घडा' । इसमें दोष देनेके लिए प्रतिवादी कहता है, 'यदि कृतक रूप धर्म से शब्द और घडे में समानता है, तो निरवयव रूप धर्म से शब्द और आकाश में भी समानता है, अत एव शब्द आकाश के समान नित्य होना चाहिये' । यहाँ वादी द्वारा शब्द को अनित्य सिद्ध करने में कृतकत्व हेतु का प्रतिवादी ने बिलकुल खण्डन नहीं किया । और केवल दृष्टान्त की समानता दिखाने से साध्य का खण्डन नहीं होता । उस के लिए हेतु देना चाहिए, या वादी के हेतु का खण्डन करना चाहिये ।

(२) वैधर्म्य के उपसंहार करने पर वैधर्म्य दिखला कर खण्डन करना, वैधर्म्यसमा जाति है । 'जैसे, 'शब्द अनित्य है, कृतक होने से, घट की तरह' । इसके खण्डन में प्रतिवादी का कथन है, शब्द नित्य है, निरवयव होने से, आकाश की तरह' । यहाँ प्रतिवादी का कहना है कि यदि नित्य आकाश के वैधर्म्य से शब्द अनित्य है, तो अनित्य घट के वैधर्म्य से कृतक होने के कारण शब्द नित्य नहीं हो । अत एव इससे वादी के हेतु का कोई खण्डन नहीं होता ।

(३) दृष्टांत के धर्म को साध्य में मिला कर वादी के खण्डन करने को उत्कर्षसमा जाति कहते हैं । जैसे, वादी ने कहा, 'शब्द अनित्य है, कृतक होने से, घट की तरह' । इस अनुमान में दोष देने के लिये प्रतिवादी कहता है, 'जैसे घट की तरह शब्द अनित्य है, वैसे ही उसे घट की तरह मूर्त भी मानना चाहिये । यदि शब्द मूर्त नहीं है, तो वह घट की तरह अनित्य भी नहीं है ।' यहाँ वादी घट का दृष्टान्त देकर शब्द में अनित्यत्व सिद्ध करना चाहता है, परन्तु प्रतिवादी घट के दूसरे धर्म मूर्तत्व को शब्द में सिद्ध करके वादी का खण्डन करता है ।

(४) उत्कर्षसमा की उल्टी अपकर्षसमा जाति कही जाती है । साध्यधर्मी में से दृष्टान्त में नहीं रहनेवाले धर्म को निकाल कर वादी के प्रति विरुद्ध भाषण करने को अपकर्षसमा जाति कहते हैं । जैसे, 'शब्द अनित्य है, कृतक होने से, घट की तरह' । इस प्रतिवादी का कथन है, 'जैसे घट कृतक होने से श्रवण का विषय नहीं है, इसी तरह शब्द को भी श्रवण का विषय नहीं होना चाहिए । यदि शब्द अश्रावण नहीं है, तो वह घट की तरह अनित्य भी नहीं हो सकता । ग्रन्थमें केवल चार जातियों का दिग्दर्शन कराया गया है, पर बाकी जानकारी निम्नोक्त है ।

(५, ६) "जिसका कथन किया जाता है, उसे वर्ण्य और जिसका कथन नहीं किया जाता, उसे अवर्ण्य कहते हैं । वर्ण्य या अवर्ण्य की समानता से जो असदुत्तर दिया जाता है, उसे वर्ण्यसमा या अवर्ण्यसमा कहते हैं । जैसे, यदि साध्य में सिद्धि का अभाव है, तो दृष्टांत में भी होना चाहिये (वर्ण्यसमा), और यदि दृष्टान्त में सिद्धि का अभाव नहीं है, तो साध्य में भी न होना चाहिये (अवर्ण्यसमा) ।

(७) दूसरे धर्मो के विकल्प उठा कर मिथ्या उत्तर देना, विकल्पसमा जाति है । जैसे, कृत्रिमता और गुरुत्वका सम्बन्ध ठीक ठीक नहीं मिलता, गुरुत्व और अनित्यत्वका नहीं मिलता, अनित्यत्व और मूर्तत्व का नहीं मिलता, अत एव अनित्यत्व और कृत्रिमता का भी सम्बन्ध न मानना चाहिये, जिससे कृत्रिमता से शब्द अनित्य सिद्ध किया जा सके ।

(८) वादी ने जो साध्य बनाया है, उसीके समान दृष्टान्त आदि को प्रतिपादन कर मिथ्या उत्तर देना साध्यसमा जाति है । जैसे, यदि मिट्टी के ढेले के समान आत्मा है, तो आत्मा के समान मिट्टी के ढेले को भी मानना चाहिये । आत्मा में

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'क्रिया' साध्य (सिद्ध करने योग्य, न कि सिद्ध) है, तो मिट्टी के ढेले में भी साध्य मानो । यदि ऐसा नहीं मानते हो तो आत्मा और मिट्टी के ढेले को समान मत मानो । ये सब मिथ्या उत्तर हैं, क्योंकि दृष्टान्त में सब धर्मो की समानता नहीं देखी जाती; उसमें सिर्फ साध्य और साधन की समानतता जाती है । विकल्पसमा में जो अनेक धर्मों के साथ यदि साधन की व्याप्ति न मिले, तो इससे साधन को व्यभिचारी नहीं कह सकते । हाँ, यदि साध्य-धर्म के साथ व्याप्ति न मिले, तो व्यभिचारी हो सकता है । दूसरे धर्मों के साथ व्यभिचार आने से साध्य के साथ भी व्यभिचार की कल्पना व्यर्थ है । धूम की यदि पत्थर के साथ व्याप्ति नहीं मिलती, तो यह नहीं कहा जा सकता कि धूमकी व्याप्ति, अग्नि के साथ भी नहीं है ।

(९-१०) प्राप्ति और अप्राप्ति का प्रश्न उठाकर सच्चे हेतु को खण्डित प्रतिपादन करना, प्राप्तिसमा और अप्राप्तिसमा जाति है । जैसे, हेतु साध्य के पास रहकर साध्य को सिद्ध करता है, या दूर रहकर ? यदि पास रहकर तो कैसे ज्ञात होगा कि यह साध्य है और यह हेतु है (प्राप्तिसमा) । यदि दूर रहकर तो यह साधन अमुक धर्म की ही सिद्धि करता है, दूसरे की नहीं यह कैसे ज्ञात हो (अप्राप्तिसमा) । ये असदुत्तर हैं, क्योंकि धूँआ आदि पास रहकर अग्नि की सिद्धि करते हैं तथा दूर रहकर भी पूर्वचर आदि साधन, साध्य की सिद्धि करते हैं । जिनमें अविनाभाव सम्बन्ध है, उन्हों में साध्य-साधकता हो सकती है, न कि सबमें ।

(११) जैसे साध्य के लिये साधन की जरूरत है, उसी प्रकार दृष्टान्त के लिए भी साधन की जरूरत है, यह कथन प्रसंगसमा जाति है । दृष्टान्त में वादी और प्रतिवादी को विवाद नहीं होता, अत एव उसके लिए साधन की आवश्यकता प्रतिपादन करना व्यर्थ है, अन्यथा वह दृष्टान्त ही न कहलायेगा।

(१२) विना व्याप्ति के केवल दूसरा दृष्टान्त देकर दोष लगाना प्रतिदृष्टान्तसमा जाति है । जैसे घडे के दृष्टान्त से यदि शब्द अनित्य है, तो आकाश के दृष्टांत से वह नित्य कहलाये । प्रतिदृष्टान्त देनेवाले ने कोई हेतु नहीं दिया है जिससे यह कहा जाय कि दृष्टान्त साधक नहीं है - प्रतिदृष्टान्त साधक है । किन्तु विना हेतु के खण्डन-मण्डन कैसे हो सकता है ?

(१३) उत्पत्ति के पहले, कारण का अभाव दिखला कर मिथ्या खण्डन करना अनुत्पत्तिसमा है । जैसे उत्पत्ति के पहले शब्द कृत्रिम है, या नहीं ? यदि है, तो उत्पत्ति के पहले मौजूद होने से शब्द नित्य हो गया; यदि नहीं है तो हेतु आश्रयासिद्ध हो गया । यह उत्तर ठीक नहीं है, क्योंकि उत्पत्ति के पहले शब्द ही नहीं था, फिर कृत्रिम-अकृत्रिमका प्रश्न ही क्या ?

(१४) व्याप्ति में मिथ्या सन्देह प्रतिपादन कर वादी के पक्ष का खण्डन करना, संशयसमा जाति है । जैसे, कार्य होने से शब्द नित्य है–यहाँ यह कहना कि इन्द्रिय का विषय होने से शब्द की अनित्यता में सन्देह है, क्योंकि इन्द्रियों के विषय नित्य भी होते हैं (जैसे गोत्व, घटत्व आदि सामान्य) और अनित्य भी (जैसे घट, पट आदि) । यह संशय ठीक नहीं, क्योंकि जब तक कार्यत्व और अनित्यत्व की व्याप्ति खण्डित न की जाय, तब तक वहाँ संशय का प्रवेश नहीं हो सकता । कार्यत्व की व्याप्ति यदि नित्यत्व और अनित्यत्व दोनों के साथ हो तो संशय हो सकता है, अन्यथा नहीं । लेकिन कार्यत्व की व्याप्ति दोनों के साथ नहीं हो सकती।

(१५) मिथ्या व्याप्ति के ऊपर अवलम्बित दूसरे अनुमान से दोष देना, प्रकरणसमा जाति है । जैसे, यदि अनित्य (घट) साधर्म्य से कार्यत्व हेतु शब्द की अनित्यता सिद्ध करता है, तो गोत्व आदि सामान्य के साधर्म्य से ऐन्द्रियकत्व (इन्द्रिय का विषय होना) हेतु नित्यताको सिद्ध करे । अत एव दोनों पक्ष समान कहलाये । यह असत्य उत्तर है, क्योंकि अनित्य और

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कार्यत्व की व्याप्ति है, लेकिन ऐन्द्रियकत्व और नित्यत्व की व्याप्ति नहीं ।

(१६) भूत आदि काल की असिद्धि प्रतिपादन कर हेतु मात्र को हेतु कहना, अहेतुसमा जाति है । जैसे हेतु साध्य के पहले होता है, या पीछे होता है, या साथ होता है ? पहले तो हो नहीं सकता, क्योंकि जब साध्य ही नहीं, तब साधक किस का ? न पीछे हो सकता है, क्योंकि जब साध्य ही नहीं रहा, तब वह सिद्ध किसे करेगा ? अथवा जिस समय साध्य था, उस समय यदि साधन नहीं था, तो वह साध्य कैसे कहलायेगा ? दोनों एक साथ भी नहीं बन सकते, क्योंकि उस समय यह सन्देह हो सकता है कि कौन साध्य है; कौन साधक है ? जैसे, विंध्याचल से हिमालय की और हिमालय से विंध्याचल की सिद्धि करना अनुचित है, उसी तरह एक काल में होनेवाली वस्तुओं को साध्य-साधक ठहराना अनुचित है । यह असत्य उत्तर है, क्योंकि इस प्रकार त्रिकाल की असिद्धि प्रतिपादन करने से जिस हेतु के द्वारा जातिवादी ने हेतु को अहेतु ठहराया है, वह हेतु (जातिवादी का त्रिकालसिद्धि हेतु) भी अहेतु ठहर गया, जिससे जातिवादी का वक्तव्य स्वयं खण्डित हो गया । दूसरी बात यह है कि कालभेद होनेसे या अभेद होनेसे अविनाभाव सम्बन्ध बिगडता नहीं है, यह बात पूर्वचर, उत्तरचर, सहचर, कार्य, कारण, आदि हेतुओं के स्वरूप से स्पष्ट विदित हो जाती है । जब अविनाभाव सम्बन्ध नहीं बिगडता, तब हेतु, अहेतु कैसे कहा जा सकता है ? कालकी एकता से साध्य-साधनमें सन्देह नहीं हो सकता, क्योंकि दो वस्तुओं के अविनाभाव में ही साध्य-साधन का निर्णय होता है । अथवा दो में से जो असिद्ध हो वह साध्य, और जो सिद्ध हो, उसे हेतु मान लेने से संदेह मिट जाता है ।

(१७) अर्थापत्ति दिखलाकर मिथ्या दूषण देना, अर्थापत्तिसमा जाति है । जैसे, यदि अनित्य के साधर्म्य (कृत्रिमता) से शब्द अनित्य है, तो इसका मतलब हुआ कि नित्य (आकाश) के साधर्म्य (स्पर्श रहितता) से नित्य है । यह उत्तर असत्य है, क्योंकि स्पर्श रहित होनेसे ही कोई नित्य कहलाने लगे, तो सुख वगैरह भी नित्य कहलायेंगे ।

(१८) पक्ष और दृष्टान्त में अविशेषता देख कर किसी अन्य धर्म से सब जगह (विपक्ष में भी) अविशेषता दिखलाकर साध्य का आरोप करना, अविशेषसमा जाति है । जैसे, शब्द और घट में कृत्रिमता से अविशेषता होनेसे अनित्यता है, वैसे ही सब पदार्थों में सत्त्व धर्म से अविशेषता है, अत एव सभी (आकाशादि-विपक्ष भी) को अनित्य होना चाहिए । यह असत्य उत्तर है, क्योकि कृत्रिमता का अनित्यता के साथ अविनाभाव सम्बन्ध है, लेकिन सत्त्व का अनित्यता के साथ नहीं ।

(१९) साध्य और साध्यविरुद्ध, इन दोनोके कारण दिखलाकर मिथ्या दोष देना, उपपत्तिसमा जाति है । जैसे, यदि शब्द के अनित्यत्व में कृत्रिमता कारण है तो उसके नित्यत्व में स्पर्शरहितता कारण है । यहाँ जातिवादी अपने ही शब्दो से अपने कथन का विरोध करता है । जब उसने शब्द के अनित्यत्व का कारण मान लिया तो नित्यत्व का कारण कैसे मिल सकता है ? फिर स्पर्शरहितता की नित्यत्व के साथ व्याप्ति नहीं है ।

(२०) निर्दिष्ट कारण (साध्य की सिद्धि का कारण-साधन) के अभाव में साध्य की उपलब्धि बताकर दोष देना, उपलब्धिसमा जाति है । जैसे, प्रयत्न के बाद पैदा होने से शब्द का अनित्यत्व प्रतिपादन करना । लेकिन ऐसे बहुत से शब्द हैं जो प्रयत्न के बाद न होने पर भी अनित्य हैं; उदाहरण के लिए, मेघ गर्जना आदि में प्रयत्न की आवश्यक्ता नही है । यह दूषण मिथ्या है, क्योकि साध्य के अभाव में साधन के अभाव का नियम है, न कि साधन के अभाव में साध्य के अभाव का । अग्नि के अभाव में नियम से धुँआ नही रहता, लेकिन धुँए के अभाव में नियम से अग्निका अभाव नहीं कहा जा सकता है ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(२१) उपलब्धि के अभाव में अनुपलब्धि का अभाव कथन कर दूषण देना, अनुपलब्धिसमा जाति है । जैसे, किसीने कहा कि उच्चारण के पहले शब्द नहीं था, क्योंकि उपलब्ध नहीं होता था । यदि कहा जाय कि उस समय शब्द पर आवरण था, इसलिए अनुपलब्ध था, तो उसका आवरण तो उपलब्ध होना चाहिए था । जैसे कपडे से ढकी हुई कोई वस्तु भले ही दिखाई न दे लेकिन कपडा तो दिखाई देता है, उसी तरह शब्द का आवरण तो उपलब्ध होना चाहिए । इसके उत्तर में जातिवादी कहता है, जैसे आवरण उपलब्ध नहीं होता, उसी तरह आवरण की अनुपलब्धि (अभाव) भी तो उपलब्ध नहीं होती । यह उत्तर ठीक नहीं है, क्योकि आवरण की अनुपलब्धि नहीं होने से ही आवरण की अनुपलब्धि उपलब्ध हो जाती है ।

(२२) एक की अनित्यता से सब को अनित्य प्रतिपादन कर दूषण देना, अनित्यसमा जाती है । जैसे, यदि किसी धर्म की समानता से शब्द को अनित्य सिद्ध किया जाये, तो सत्त्व की समानता से सब वस्तुएँ अनित्य सिद्ध हो जायेंगी । यह उत्तर ठीक नहीं । क्योंकि वादी और प्रतिवादी के शब्दो में भी प्रतिज्ञा आदि की समानता तो है ही, इसलिए जिस प्रकार प्रतिवादी (जाति का प्रयोग करनेवाला)के शब्दो में वादी का खण्डन होगा, उसी प्रकार प्रतिवादी का भी खण्डन हो जायेगा । अत एव जहाँ जहाँ अविनाभाव हो, वहीं वहीं साध्य की सिद्धि मानना चाहिए, न कि सब जगह ।

(२३) अनित्यत्व में नित्यत्व का आरोप करके खण्डन करना, नित्यसमा जाति है । जैसे शब्द को अनित्य सिद्ध करते हो, तो शब्द में अनित्यत्व नित्य है, या अनित्य ? यदि अनित्यत्व अनित्य है, तो शब्द नित्य कहलाया (धर्म के नित्य होने पर धर्मी को नित्य मानना पडेगा) । यदि अनित्यत्व अनित्य है, तो शब्द नित्य कहलाया । यह असत्य उत्तर है, क्योंकि जब शब्द में अनित्यत्व सिद्ध है, तो उसीका अभाव कैसे कहा जा सकता है। दूसरे, इस तरह कोई भी वस्तु अनित्य सिद्ध नहीं हो सकेगी । तीसरे अनित्यत्व एक धर्म है, यदि धर्म में भी धर्म की कल्पना की जायेगी तो अनवस्था हो जायेगी ।

(२४) कार्य को अभिव्यक्ति के समान मानना (क्योंकि दोनों में प्रयत्न की आवश्यकता होती है) और केवल इतने से ही सत्य हेतु का खण्डन करना, कार्यसमा जाति है । जैसे प्रयत्न के बाद शब्द की उत्पत्ति भी होती है, और अभिव्यक्ति (प्रगट होना) भी, फिर शब्द को अनित्य कैसे कहा जा सकता है ? यह उत्तर ठीक नहीं है, क्योंकि प्रयत्न के अनन्तर होने का मतलब है, स्वरूप लाभ करना । और अभिव्यक्ति को स्वरूप लाभ नहीं कह सकते । प्रयत्न के पहले यदि शब्द उपलब्ध होता, या उसका आवरण उपलब्ध होता, तो अभिव्यक्ति कही जा सकती थी ।"

**- स्याद्वादमंजरी**

डो. जगदीशचन्द्र जैन के भाषान्तर में से

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ-૩

## હિંસાના પ્રકારો

(શ્લોક - ૨૮)

**જૈન શાસનમાં ત્રણ પ્રકારની હિંસા બતાવાઈ છે :**

૧. સ્વરૂપહિંસા,

૨. હેતુહિંસા,

૩. અનુબન્ધહિંસા.

આ ત્રણે પ્રકારની હિંસાના સ્વરૂપને સમજાવતાં પ. પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સાહેબે દોઢસો ગાથાના સ્તવનમાં જણાવ્યું છે કે,

હિંસાહેતુ અયતના ભાવે, જીવવધે તે સ્વરૂપ;

**આણાભંગ મિથ્યામતિ ભાવે, તે અનુબંધ વિરૂપ. ૪-૧૯**

**૧. સ્વરૂપહિંસા :**

**'જીવ વધે તે સ્વરૂપ'**

જે પ્રવૃત્તિમાં ઉપરછલ્લી નજરે જીવોના પ્રાણનાશરૂપ હિંસા દેખાતી હોય, પરંતુ તેમાં જીવોની હિંસા કરવાનો ભાવ ન હોય, બલ્કે જીવોને બચાવવાનો પરિણામ જ્વલંત હોય, પ્રવૃત્તિનું લક્ષ્ય માત્ર આત્મકલ્યાણ કે મોક્ષ મેળવવાનું હોય, તેવી શુભ ભાવની વૃદ્ધિ માટે ભગવાનની આજ્ઞા મુજબ થતી પ્રવૃત્તિમાં ન છૂટકે જે હિંસા થઈ જાય તે હિંસાને **'સ્વરૂપહિંસા'** કહેવાય છે. આવી હિંસા માત્ર સ્વરૂપથી હિંસા જેવી છે પણ વાસ્તવમાં હિંસા નથી.

મોક્ષના ઉદ્દેશથી, જિનાજ્ઞાનુસાર, યથાશક્ય જયણાપૂર્વક શુભ પ્રવૃત્તિ કરનાર સાધકનું મન તો છએ કાયના જીવોની રક્ષા કરવાનું હોય છે. છએ જીવનિકાયની રક્ષા સંયમજીવન વિના શક્ય નથી, અને સંયમજીવનનું સામર્થ્ય વીતરાગની ભક્તિ વિના પ્રાપ્ત થતું નથી. આથી જ વૈરાગ્યાદિ શુભભાવોની વૃદ્ધિ માટે સાધક પોતાની ભૂમિકા અનુસાર દેવભક્તિ, ગુરુભક્તિ અને સાધર્મિકભક્તિ આદિનાં કાર્યો કરે છે. આ કાર્યો કરતાં પોતાના પરિણામની વૃદ્ધિ અર્થે તે જે કાંઈ કરે છે, તેમાં જયણાનો ભાવ એટલે કે જીવને બચાવવાનો પરિણામ જાગૃત હોય છે, સતત તે માટે પ્રયત્ન પણ હોય છે. આવી પ્રવૃત્તિથી લેશ પણ **અશુભ કર્મબન્ધ થતો નથી** અને બંધાય તો માત્ર પુણ્યકર્મ જ બંધાય છે.

આ વાત પણ ખાસ ખ્યાલમાં રાખવી કે સંસારી કે સંયમી કોઈપણ જીવ જ્યાં સુધી શરીર સાથે સંકળાયેલો છે, અને કાયાદિ યોગનો વ્યાપાર જ્યાં સુધી ચાલુ છે, ત્યાં સુધી પ્રવૃત્તિ દ્વારા હિંસા તો થવાની જ છે, તેથી તેરમા ગુણસ્થાનક સુધી હિંસા તો ચાલુ જ રહેવાની છે. યોગનિરોધ કરી સાધક જ્યારે ચૌદમા ગુણસ્થાનકે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાય ત્યારે જ કાયાદિનો વ્યાપાર સર્વથા બંધ થવાના કારણે તે સર્વથા હિંસાથી બચી શકે છે. આ સિવાય જીવ ક્યારેય હિંસાથી બચી શકતો નથી, કેમકે પોતાના કાયાદિયોગોથી વાયુકાયાદિ જીવોની વિરાધના તો સતત ચાલુ જ રહે છે.

આથી જ ઉપરછલ્લી હિંસાની વાતો સાંભળી, હિંસાથી ગભરાઈને કોઈપણ સાધકે કયારેય પોતાની ભૂમિકા અનુસાર આત્મોન્નતિમાં ઉપકારક જિનપૂજાદિ શુભ અનુષ્ઠાનો છોડી દેવાની જરૂર નથી; પરંતુ હિંસા અને અહિંસાના પરમાર્થને જાણવાની ખાસ જરૂર છે, કેમ કે દેખીતી અહિંસા કયારેક હિંસાની પરંપરા સર્જે છે, તો કયારેક દેખીતી હિંસા જ અહિંસાની પરંપરાને સર્જી શકે છે. જેમ કે, શ્રાવકજીવન ઉચિત જિનપૂજા, અને શ્રમણજીવન ઉચિત નવકલ્પી વિહાર દેખીતી રીતે પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરે જીવોની હિંસારૂપ છે; છતાં આ અનુષ્ઠાનો રાગાદિ ભાવોનો ત્યાગ કરાવી સાધકને છેક મોક્ષ સુધી પહોંચાડી શકે છે, માટે ઉપરછલ્લી હિંસાને જોઈ આવી શુભ પ્રવૃત્તિ કયારેય મૂકી દેવી જોઈએ નહિ.

વ્યવહારમાં પણ આવું જોવા મળે છે કે, છરી ફેરવવાનું કાર્ય ડોક્ટર અને ડાકુ બન્ને કરે છે; છતાં એકને દયાળુ કહેવાય છે અને એકને હિંસક કહેવાય છે; કેમ કે ડોક્ટરનો ભાવ દર્દીને બચાવવાનો છે, તેના દુઃખને દૂર કરવાનો છે; જ્યારે ડાકુનો ભાવ સામી વ્યક્તિને પરેશાન કરવાનો છે. બચાવવાના ભાવથી છરી ફેરવતાં કયારેક દર્દી મરી જાય તોપણ ડોક્ટરને કોઈ મારનાર કહેતું નથી, તેને કોઈ સજા થતી નથી; અને મારવાના ઈરાદાથી છરી ફેરવનાર ડાકુના હાથથી કોઈ બચી પણ જાય તોપણ ડાકુને મારનાર કહેવાય છે, અને સજા પણ કરવામાં આવે છે. આ જ વાત સ્વરૂપહિંસામાં બરાબર લાગુ પડે છે.

**૨. હેતુહિંસા :**

**'હિંસા હેતુ અયતના ભાવે'**

જે પ્રવૃત્તિમાં પ્રગટપણે હિંસા હોય કે ન પણ હોય, પરંતુ હિંસાના કારણભૂત, પ્રમાદ, અજયણા, અનુપયોગ જેમાં પ્રવર્તતા હોય, તેવી પ્રવૃત્તિને હેતુહિંસા કહેવાય છે. જો કે આવી પ્રવૃત્તિમાં પ્રગટપણે હિંસા દેખાતી નથી, તોપણ હિંસાના કારણભૂત પ્રમાદ તેમાં પ્રવર્તી રહ્યો હોય છે. તેમાં જીવને બચાવવાનો ભાવ નથી હોતો માટે હિંસા ન હોય તોપણ ત્યાં **હિંસાજન્ય કર્મબન્ધ ચાલુ જ રહે છે.**

મોટા ભાગના સંસારી જીવો મનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ મેળવવારૂપ પ્રમાદમાં પડેલા હોય છે. આવા જીવો પ્રત્યક્ષ રીતે હિંસા નહિ કરતા હોવા છતાં પણ પોતાના વાંછિત ભૌતિક સુખ મેળવવા માટે બીજાના સુખની ઉપેક્ષા કરવાનો ભાવ તેઓમાં સતત વર્તતો હોય છે. તેમનો આવો ભાવ જ હેતુહિંસારૂપ છે. જેમ સંસારી જીવો પ્રમાદને વશ થઈ હેતુહિંસા કરતા હોય છે, તેમ સાધુ, વિષય-કષાય આદિ પ્રમાદ પોતાના જીવનમાં પ્રવેશી ન જાય તે માટે સાવધ હોવા છતાં, કયારેક અનુપયોગ અને અજયણાથી કયાંક ચૂકી જાય છે. તેમની આવી જયણાવિહીન પ્રવૃત્તિ પણ હેતુહિંસામાં પરિણામ પામે છે. આથી જ જીવને બચાવવાનો પરિણામ હોવા છતાં જો નીચું જોઈને ન ચલાય તો હેતુહિંસા ગણાય છે, અને નીચું જોઈને ચાલવા છતાં જો જીવને બચાવવાનો પરિણામ ન હોય તોપણ હેતુહિંસા ગણાય. વળી, કોઈ વાર જીવને મારવાનો ભાવ ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય, બચાવવાનો પરિણામ હોય, જયણા હોય, છતાં વૈષયિક સુખની ઇચ્છાથી પ્રવૃત્તિ થતી હોય, તોપણ હેતુહિંસા થાય છે.

### ૩. અનુબંધ હિંસા :

**'આણાભંગ મિથ્યામતિ ભાવે, અનુબંધ વિરૂપ'**

અનુબંધ એટલે પરંપરા; જેનાથી હિંસાની પરંપરાનું સર્જન થાય અથવા અનંતા ભવો સુધી જેનાં કડવાં ફળો ભોગવવાં પડે તેવી પ્રવૃત્તિને અનુબંધ હિંસા કહેવાય છે. અનુબંધહિંસાનાં બે મુખ્ય કારણ છે (૧) ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા અને (૨) મિથ્યાત્વથી વાસિત મતિ. મિથ્યાત્વના ઉદય વિના ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા થતી નથી, અને આજ્ઞાની ઉપેક્ષા વિના અનુબંધ હિંસા ઘટતી નથી; કેમ કે હિંસાની પરંપરાનું કારણ છે ભવની પરંપરા, અને ભવની પરંપરાનું કારણ છે ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા. માટે ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા તે જ અનુબંધહિંસા છે.

પરમતારક પરમાત્માનું પ્રત્યેક વચન સર્વ જીવોના સુખ માટે છે, તેમની એક એક આજ્ઞા સર્વ જીવોની રક્ષા માટે હોય છે. આવા વચનની ઉપેક્ષા એટલે જ જીવોના સુખની કે રક્ષાની ઉપેક્ષા. આથી જ ભગવાનની આજ્ઞાની ઉપેક્ષાને અનુબંધહિંસા કહેવાઈ છે.

સર્વજ્ઞ અને સર્વદર્શી પ્રભુ જગતના સર્વ જીવોને યથાર્થરૂપે જુએ છે અને જાણે છે. જીવમાત્રને સુખ અને દુઃખ કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે પણ તેઓ સમજી શકે છે. આ જ કારણથી તેમણે સર્વ જીવોના હિતને લક્ષ્યમાં રાખીને સાધક માટેનાં સર્વ વિધિ-વિધાનો દર્શાવ્યાં છે. જગતના જીવોને પીડા ન થાય, તેઓને દુઃખની પરંપરા ન ચાલે, તેનું ધ્યાન રાખી પ્રત્યેક સાધકે પોત-પોતાની ભૂમિકા અનુસાર કેવી રીતે જીવન જીવવું જોઈએ, ધર્મની કે અન્ય કોઈપણ પ્રવૃત્તિ કઈ વિધિથી, કયા પ્રકારે કરવી જોઈએ; તેનું સુંદર માર્ગદર્શન પ્રભુએ આપ્યું છે. આ જ વાતોને ત્યાર પછીના આચાર્ય ભગવંતોએ શાસ્ત્રના પાને નોંધી છે. શાસ્ત્રમાં જણાવેલ આ વચનોને સ્મરણમાં રાખી જો જીવન જિવાય, કે પ્રત્યેક પ્રવૃત્તિ કરાય, તો જરૂર સ્વ-પર પ્રાણોની સુરક્ષા થઈ શકે; પરંતુ જો તેમના વચનની ઉપેક્ષા કરાય અથવા વચનથી વિપરીત રીતે પ્રવૃત્તિ કરવામાં આવે કે ઉપદેશ આપવામાં આવે, તો તેમાં અનંતા જીવોનું હિત હણાય છે, ઘણા જીવોના દ્રવ્ય-ભાવ પ્રાણોની સુરક્ષા નંદવાય છે, માટે આવી પ્રવૃત્તિ તે જ અનુબંધહિંસારૂપ બને છે. આવી પ્રવૃત્તિ કરનાર બાહ્યદૃષ્ટિથી કદાચ ધર્માત્મા જેવા પણ દેખાતા હોય, ઉગ્ર તપશ્ચર્યા આદિ પણ કરતા હોય, આમ છતાં પણ પ્રભુની આજ્ઞા પ્રત્યે અનાદરવાળા હોવાને કારણે તેઓ સતત અનુબંધહિંસાવાળા કહેવાય છે.

**અનુબંધ હિંસા દુરંત સંસારનું કારણ છે, ક્લિષ્ટ કર્મબન્ધનો હેતુ છે** અને તેના વિપાકો અતિ કટુ હોય છે. માટે સાધકે આવી હિંસાથી બચવા સતત પ્રયત્ન કરવો જોઈએ અને આજ્ઞાસાપેક્ષ જીવન જીવવું જોઈએ.

હા ! કયારેક એવું બને કે ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવાની ભાવના હોવા છતાં મતિમંદતાના કારણે આજ્ઞાવિરુદ્ધ પ્રવૃત્તિ થઈ જાય, પરંતુ વાસ્તવિકતાનો ખ્યાલ આવતાં તુરંત પાછા વળવાની ભાવના હોય, અથવા કયારેક પ્રમાદાદિ દોષોને કારણે આજ્ઞાનુસારી પ્રવૃત્તિ ન થઈ શકતી હોય, પણ જો સાધકના હૃદયમાં તેનું પારાવાર દુઃખ અને ડંખ હોય, તો તેની આવી પ્રવૃત્તિ અનુબંધહિંસારૂપ બનતી નથી. જ્યારે શાસ્ત્ર પ્રત્યે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનાદરવાળા કે નિઃસંકોચ આજ્ઞાનિરપેક્ષ ઉપદેશ આપનાર કે પ્રવૃત્તિ કરનાર આવી અનુબંધ હિંસાથી બચી શકતા નથી. જ્યાં સુધી બુદ્ધિ તીવ્ર મિથ્યાત્વથી વાસિત હોય ત્યાં સુધી પ્રભુઆજ્ઞા પ્રત્યેનો આદર ક્યારેય પ્રગટી શકતો નથી, અને પ્રભુઆજ્ઞાના આદર વિના આવી હિંસાથી બચી શકાતું નથી.

અનુબંધહિંસા કરનાર વ્યક્તિ અનેક ભવોની પરંપરા અને હિંસાનાં કડવાં ફળ ભોગવે છે, તેથી જ તે હિંસાને અનુબંધહિંસા કહી છે. જો કે એકલી સ્વરૂપહિંસાથી વિશેષ કર્મબન્ધ થતો નથી, જ્યારે હેતુહિંસાથી ચોક્કસ વિશેષ કર્મબન્ધ થાય છે, અને હેતુહિંસા કરતાં પણ અનુબંધહિંસા ઘણાં જ કડવાં ફળ આપનારી બને છે. માટે અનુબંધહિંસાથી બચવા તો ખાસ ખ્યાલ રાખવો જોઈએ, અને તે માટે પ્રત્યેક પ્રવૃત્તિ કરતાં પ્રભુઆજ્ઞાનો વિચાર અવશ્ય કરવો જોઈએ.

| **સ્વરૂપહિંસા** | **હેતુહિંસા** | **અનુબંધહિંસા** |
|---|---|---|
| દેખીતી હિંસા હોય પણ હિંસાજન્ય ભવવૃદ્ધિ આદિ ફળ જેમાં ન હોય. | દેખીતી હિંસા હોય કે ન પણ હોય, તોપણ હિંસાજન્ય પાપકર્મનો બંધ હોય. તેમાં જો આજ્ઞાની સાપેક્ષતા હોય તો કર્મબંધ ઓછો થાય. | દેખીતી હિંસા હોય કે ન હોય, તોપણ હિંસાનાં કડવાં ફળ હોય; કેમ કે અહીં જે જિનાજ્ઞાની ઉપેક્ષાનો ભાવ છે, તે ભવની પરંપરાની વૃદ્ધિ કરનાર છે. |

- સૂત્ર સંવેદના-૪માંથી સાભાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ – ૪

## સાંખ્યદર્શન સાર

(શ્લોક - ૪૫)

સાંખ્યદર્શનના પ્રણેતા કપિલ ઋષિ છે. આ એક પ્રાચીન દર્શન મનાય છે.

સંખ્યા એટલે સમ્યગ્ જ્ઞાન (સં=સમ્યક્+ખ્યા=જ્ઞાન). પ્રકૃતિ અને પુરુષના વિવેકજ્ઞાન=અન્યતાખ્યાતિને સંખ્યા કહેવાય છે. સંખ્યા જેમાં પ્રધાન છે તે દર્શન એટલે સાંખ્યદર્શન. સાંખ્યદર્શન નિરીશ્વરવાદી છે.

સાંખ્યદર્શનમાં મુખ્ય તત્ત્વો બે છે : ૧) પુરુષ અને ૨) પ્રકૃતિ. પ્રકૃતિમાંથી બીજા ત્રેવીસ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. આમ કુલ તત્ત્વો પચ્ચીસ છે. તે નીચે મુજબ છે.

પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ (બુદ્ધિ), અહંકાર, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, પાંચ તન્માત્રાઓ અને પંચમહાભૂત.

**પુરુષ :** પુરુષ એટલે આત્મા. તે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, જ્ઞાતા છે, અધિકારી છે, કૂટસ્થ નિત્ય છે, વ્યાપક છે, અસંગ છે, અપરિણામી છે, નિષ્ક્રિય છે અને અનેક છે.

**પ્રકૃતિ :** પ્રકૃતિ એટલે જડ તત્ત્વ. તે એક જ છે છતાં પ્રતિપુરુષ ભિન્ન ભાસે છે, નિત્ય છે, ઉત્પાદિકા છે, ઉત્પન્ના નથી, નિરવયવા છે.

સત્ત્વ, રજસ્ અને તમસ્ - આ ત્રણ ગુણોની સામ્યાવસ્થા એ પ્રકૃતિ છે. જગદ્વર્તી દરેક પદાર્થમાં ત્રણ ભાવો અવશ્ય જોવા મળે છે. કોઈક સુખકારી, કોઈ દુઃખકારી અને કોઈ આભાસી. આ ત્રણ ભાવોના મૂળ ધર્મો અનુક્રમે સત્ત્વ, રજસ્ અને તમસ્ છે, સત્ત્વનો સ્વભાવ છે જ્ઞાન-પ્રકાશ-આનંદ. તે લઘુ છે. રજસ્નો સ્વભાવ છે ગતિ, દુઃખ. તે ચંચલ છે. તમસ્નો સ્વભાવ છે અજ્ઞાન, અવરોધ અને મોહ. તે ગુરુ છે. સત્ત્વ ઉજ્જવલ છે, રજસ્ લાલ છે અને તમસ્ કાળું છે.

આ ત્રણે ગુણો જ્યારે સમાન અવસ્થામાં હોય ત્યારે 'પ્રકૃતિ' કહેવાય છે. પુરુષના અત્યંત સાન્નિધ્યને કારણે જ્યારે ગુણોમાં વિક્ષોભ પેદા થાય છે અને ગુણો વિષમ બનીને એકબીજાનો અભિભવ કરવા લાગે છે ત્યારે સૃષ્ટિનું સર્જન થાય છે. વિકૃત બનેલા ગુણોમાંથી સર્વ પ્રથમ 'महत्तत्त्व' ઉત્તપન્ન થાય છે. જે જગતની ઉત્પત્તિનું બીજ છે. તેથી જ તેનું નામ महत् છે. અભ્યંતર દૃષ્ટિએ મહત્તત્ત્વને જ બુદ્ધિ કહે છે. નિશ્ચય અને અધ્યવસાય બુદ્ધિના વિશેષ ધર્મો છે. બુદ્ધિમાં સત્ત્વગુણની પ્રધાનતા હોય છે, તેથી તે દર્પણ જેવી નિર્મલ હોય છે. નિર્મલતા અને અતિ નિકટતાને કારણે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેનાથી પુરુષને ભ્રમ થાય છે કે પ્રતિબિંબ તે જ હું છું. બુદ્ધિની સક્રિયતાને તે પોતાની માની લે છે અને તેમાંથી 'અહંકાર'નો જન્મ થાય છે.

અહંકાર ત્રણ પ્રકારનો છે : ૧) સાત્ત્વિક ૨) રાજસિક ૩) તામસિક. આમાં રાજસિક અહંકારની પ્રેરણાથી અન્ય બે અહંકારો નવા પરિણામ પેદા કરે છે. સાત્ત્વિક અહંકારથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિય અને મન ઉત્પન્ન થાય છે. સ્પર્શન, ચક્ષુ, રસન, ઘ્રાણ, શ્રવણ આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. વાણી, પગ, હાથ, જનનેન્દ્રિય,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મલદ્વાર આ પાંચ કર્મેન્દ્રિય છે. દશ ઇન્દ્રિયો જ્ઞાનનું બાહ્ય સાધન છે. મન, અહંકાર અને બુદ્ધિ આ ત્રણ જ્ઞાનનું અભ્યન્તર સાધન છે. તેમને 'અંતઃકરણ' કહેવાય છે. આ બન્ને મળીને 'ત્રયોદશકરણ' કહેવાય છે.

તામસ અહંકારથી પાંચ તન્માત્રાઓ જન્મે છે. તન્માત્ર એટલે સૂક્ષ્મ તત્ત્વ - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ તન્માત્ર છે. શબ્દ તન્માત્રથી શબ્દ ગુણવાળા આકાશની ઉત્પત્તિ થાય છે. સ્પર્શતન્માત્ર, શબ્દતન્માત્ર સાથે મળીને શબ્દ-સ્પર્શગુણવાળા વાયુની ઉત્પત્તિ કરે છે. રૂપતન્માત્ર શબ્દ-સ્પર્શતન્માત્ર સાથે મળીને તેજને ઉત્પન્ન કરે છે તેમાં શબ્દ-સ્પર્શ-રૂપ આ ત્રણ ગુણ હોય છે. રસ તન્માત્ર પૂર્વવર્તિ ત્રણ તન્માત્ર સાથે મળીને જલને ઉત્પન્ન કરે છે શબ્દ-સ્પર્શ-રૂપ-રસ તેના ગુણ છે. ઉપરોક્ત ચાર તન્માત્ર સાથે મળીને ગંધતન્માત્ર પૃથ્વીને ઉત્પન્ન કરે છે જેમાં પાંચેય ગુણ હોય છે.

| **તન્માત્ર** | **ભૂત** | **ગુણ** |
|---|---|---|
| શબ્દ | આકાશ | શબ્દ |
| શબ્દ+સ્પર્શ | વાયુ | શબ્દ, સ્પર્શ |
| શબ્દ+સ્પર્શ+રૂપ | તેજ | શબ્દ, સ્પર્શ, રૂપ |
| શબ્દ+સ્પર્શ+રૂપ+રસ | જલ | શબ્દ, સ્પર્શ, રૂપ, રસ |
| શબ્દ+સ્પર્શ+રૂપ+રસ+ગંધ | પૃથ્વી | શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ |

આ પચીસ તત્ત્વોમાં પુરુષ તત્ત્વ વિકાર્ય-વિકારક ભાવથી રહિત છે. પ્રકૃતિ તત્ત્વ વિકારજનક છે, વિકાર્ય નથી. પાંચ ભૂત, દસ ઇન્દ્રિય, અને મન અવિકારક એટલે અંતિમોત્પન્ન તત્ત્વો છે. મહત્ અહંકાર, અને પાંચ તન્માત્રાઓ વિકાર્ય છે અને વિકારક પણ છે.

સાંખ્યદર્શન ત્રણ પ્રમાણોને માને છે : પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ. સાંખ્ય દર્શનમાં પ્રમાત્મક જ્ઞાનના વ્યાપારની પ્રક્રિયા વિશિષ્ટ છે. જ્યારે પુરુષ ચૈતન્યનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડે ત્યારે જ્ઞાન જન્મે છે. (પ્રતિબિંબિત ચૈતન્યને વ્યાવહારિક આત્મા કહેવાય છે.) બુદ્ધિ દ્વારા જ્ઞાન કરવા માટે અહંકાર, મન અને ઇન્દ્રિયોનો સહારો લેવો પડે છે. બુદ્ધિનો એ સ્વભાવ છે કે મન તથા ઇન્દ્રિયો જે વિષય તેની સામે પ્રસ્તુત કરે તેનો આકાર ધારણ કરી લે, તેને 'વૃત્તિ' કહેવાય છે. બુદ્ધિની વૃત્તિ પર ચૈતન્યનો પ્રકાશ પડે છે, તેને જ્ઞાન કહેવાય છે.

સાંખ્યો સત્કાર્યવાદી છે. ઉપાદાન કારણમાં કાર્ય અવશ્ય વિદ્યમાન હોય છે, તો જ કાર્ય જન્મી શકે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ પ્રકૃતિમાં છે તેથી તમામ વિકૃતિમાં પણ આવે છે. આનાથી વિપરીત નૈયાયિકો 'અસત્કાર્યવાદી' છે.

અવિદ્યાને કારણે પ્રકૃતિ અને પુરુષનો સંયોગ થયો છે તેથી, પુરુષને આધિભૌતિક, આધિવૈદિક અને આધ્યાત્મિક દુઃખના ભાજન બનવું પડે છે. આ ત્રણ દુઃખથી મુકત થવા પ્રકૃતિ અને પુરુષના ભેદજ્ઞાનની જરૂર છે. ભેદજ્ઞાનથી જ મુક્તિ મળે છે.

पञ्चविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे रतः ।
जटी मुण्डी शिखी वाऽपि मुच्यते नात्र संशयः ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ – ૫

## બૌદ્ધદર્શન સાર

(શ્લોક - ૪૬)

બૌદ્ધદર્શનના આદ્ય પ્રણેતા અને દેવતા ગૌતમબુદ્ધ છે.

ક્ષણિકવાદ અને સંઘાતવાદ આ બે બૌદ્ધદર્શનના મૂળભૂત અને વિશિષ્ટ સિદ્ધાંતો છે.

'જગતના દરેક પદાર્થોનું વાસ્તવિક અસ્તિત્વ માત્ર એક ક્ષણ પૂરતું હોય છે.' આ ક્ષણિકવાદનો સિદ્ધાંત છે અને 'આ જગતમાં દરેક પદાર્થો પરમાણુઓના સમૂહથી નિષ્પન્ન થતા વિવિધ આકારરૂપ છે. પરમાણુના સમૂહથી જુદું પદાર્થનું સ્વતંત્ર અસ્તિત્વ નથી' આ સંઘાતવાદનો સિદ્ધાંત છે.

આત્મા પણ પ્રત્યક્ષ દેખાતી માનસિક પ્રવૃત્તિઓના પુંજસ્વરૂપ જ છે. તે સિવાય આત્માની પૃથક્ સત્તા નથી.

આ બે સિદ્ધાંતો જે સત્યોને નજર સમક્ષ રાખીને ઘડાયા છે તે સત્યોને 'આર્યસત્ય' કહે છે. આર્ય એટલે કે વિચારશીલ આત્માઓ જ આ સત્યને સમજી શકે છે અને પામી શકે છે. પામર જનો આ સત્ય સુધી પહોંચી શકતા નથી. તેઓ માત્ર જીવે છે અને મરી જાય છે.

સત્યો તો સંસારમાં સંખ્યાતીત છે પણ ચાર સત્યો સર્વશ્રેષ્ઠ છે :

૧) દુઃખ ૨) દુઃખસમુદય (દુઃખના કારણ) ૩) દુઃખનિરોધ ૪) દુઃખનિરોધમાર્ગ.

**(૧) પહેલું આર્યસત્ય દુઃખ છે :**

દુઃખની સત્તા એટલી ઠોસ છે કે તેને સિદ્ધ કરવાની જરૂર નથી. સંસાર દુઃખરૂપ છે અર્થાત્ ક્ષણજીવી પરમાણુઓના બનેલા સ્કન્ધો દુઃખરૂપ છે. કારણ કે તે શાશ્વતનો અને અવયવીનો ભ્રમ ઉત્પન્ન કરે છે. આ દુઃખરૂપ સ્કન્ધો પાંચ પ્રકારના છે :

૧) રૂપ ૨) સંજ્ઞા ૩) વેદના ૪) સંસ્કાર ૫) વિજ્ઞાન.

રૂપ : જે વસ્તુમાં ગુરુત્વ (ભારેપણું) હોય અને જે સ્થાન રોકતી હોય તે વસ્તુને રૂપ કહેવાય. પૃથ્વી, જલ, તેજ, વાયુ અને તજ્જન્ય શરીર રૂપ કહેવાય છે.

રૂપથી વિરુદ્ધ ધર્મો ધરાવતું એટલે જે ગુરુ ન હોય અને સ્થાન ન રોકે તે દ્રવ્ય 'નામ' છે, નામ અર્થાત્ મન અને માનસિક પ્રવૃત્તિઓ. બૌદ્ધ મત મુજબ આત્મા નામરૂપાત્મક છે એટલે શરીર, મન તથા ભૌતિક અને માનસિક પ્રવૃત્તિઓના સમુચ્ચયસ્વરૂપ છે. સ્વતંત્ર ચેતનાસ્વરૂપ કે ચૈતન્યનો અધિષ્ઠાતા નથી.

સંજ્ઞા : પદાર્થના સાક્ષાત્કારને સંજ્ઞા કહેવાય છે.

વેદના : સંજ્ઞા દ્વારા = પદાર્થના અનુભવ દ્વારા જન્મતાં સુખ, દુઃખ કે ઉદાસીનતાના ભાવને વેદના કહેવાય છે.

સંસ્કાર : સ્મૃતિની કારણભૂત અને અનુભવજન્ય સૂક્ષ્મ માનસિક પ્રવૃત્તિને સંસ્કાર કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજ્ઞાન : લોકો જેને ચૈતન્ય કહે છે તે વિજ્ઞાન છે. વિજ્ઞાન અને સંજ્ઞામાં નિર્વિકલ્પ અને સવિકલ્પ પ્રત્યક્ષ જેવો તફાવત છે.

નામજાત્યાદિયોજના-રહિત પ્રત્યક્ષ 'વિજ્ઞાન' છે.

નામજાત્યાદિયોજના-સહિત પ્રત્યક્ષ 'સંજ્ઞા' છે.

આ પાંચ સ્કન્ધો દુ:ખરૂપ છે.

**(૨) બીજું આર્યસત્ય દુ:ખ સમુદય છે :**

૧) જરામરણ ૨) જાતિ ૩) ભવ ૪) ઉપાદાન ૫) તૃષ્ણા ૬) વેદના ૭) સ્પર્શ ૮) ષડાયતન ૯) નામરૂપ ૧૦) વિજ્ઞાન ૧૧) સંસ્કાર ૧૨) અવિદ્યા : આ બાર દુ:ખના કારણો છે.

અવિદ્યા દુ:ખોનું મૂળ કારણ છે. કારણ કે સમુદય શૃંખલાને પણ તે જ જન્માવે છે અને ટકાવે છે.

'અવિદ્યા' એટલે અજ્ઞાન. અજ્ઞાન, પૂર્વજન્મનાં કર્મ અને અનુભવથી ઉત્પન્ન સંસ્કારોનું કારણ છે એટલે કે અવિદ્યા 'સંસ્કાર'ને જન્મ આપે છે. સંસ્કાર 'વિજ્ઞાન'ને જન્મ આપે છે. વિજ્ઞાનને કારણે ગર્ભમાં ભ્રૂણને 'નામરૂપ' મળે છે. નામરૂપ એટલે શરીર અને મન દ્વારા રચાતું સંસ્થાન. નામરૂપથી 'ષડાયતન' જન્મે છે. પાંચ ઇન્દ્રિય અને મન એ ષડાયતન છે. ઇન્દ્રિય અને મન દ્વારા વિષયનો સંપર્ક થાય છે તેને 'સ્પર્શ' કહે છે. સ્પર્શઇંઇન્દ્રિયવિષયના સંપર્કથી સુખ, દુ:ખ કે ઉદાસીનતાની અનુભૂતિ થાય છે તે 'વેદના' છે. વેદનાથી 'તૃષ્ણા' જન્મે છે. તૃષ્ણા ઇં ઇચ્છા. તૃષ્ણાથી 'ઉપાદાન' જન્મે છે. ઉપાદાનઇંઆસક્તિ. (ઇચ્છાથી આસક્તિ પેદા થાય છે.) આસક્તિથી પુનર્જન્મ ઉત્પન્ન કરવાવાળું કર્મ ઇં 'ભવ' ઉત્પન્ન થાય છે. ભવથી જન્મ અને જન્મથી જરામરણની ઉત્પત્તિ થાય છે.

આમ, આ દ્વાદશ નિદાન દુ:ખનું કારણ બને છે. દ્વાદશ નિદાનના પ્રત્યેક અંગ પરસ્પર કાર્યકારણભાવથી સંકળાયેલા છે અને ભવચક્રનું કારણ છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે ભવ આ કારણશૃંખલા સાથે સંબંધિત છે. અવિદ્યા, સંસ્કાર આ બે નિદાન અતીત ભવ સાથે સંબદ્ધ છે. વિજ્ઞાન, નામરૂપ, ષડાયતન, સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન અને ભવ આ આઠ વર્તમાન ભવ સાથે સંબદ્ધ છે અને જાતિ અને જરામરણ આ બે નિદાન ભવિષ્યજન્મ સાથે સબંધિત છે.

દ્વાદશ નિદાનની આ પ્રક્રિયાને પ્રતીત્યસમુત્પાદના નામે પણ ઓળખવામાં આવે છે જે બૌદ્ધોનો મૂળ સિદ્ધાંત કહેવાય છે. પ્રતીત્ય ઇં અન્યના આધારે, ઉત્પાદ = ઉત્પત્તિ, અર્થાત્ સાપેક્ષકારણતાવાદ.

**(૩) ત્રીજું આર્યસત્ય દુ:ખનિરોધ છે :**

દુ:ખનાં કારણો દૂર થવાથી થતો સમસ્ત દુ:ખોનો અભાવ, નિર્વાણ અથવા મોક્ષ એ જ દુ:ખનિરોધ છે..

**(૪) ચોથું આર્યસત્ય દુ:ખનિરોધમાર્ગ છે :**

દુ:ખનિરોધગામિનીપ્રતિપત્ એટલે કે નિર્વાણનો ઉપાય એ જ દુ:ખનિરોધમાર્ગ છે. આર્યઅષ્ટાંગિક માર્ગ - દુ:ખને દૂર કરવાનો એક માત્ર ઉપાય છે. તે આ પ્રમાણે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧) સમ્યગ્ જ્ઞાન

૨) સમ્યક્ સંકલ્પ

૩) સમ્યગ્ વચન

૪) સમ્યક્ કર્માંત (= સદાચરણ)

૫) સમ્યગ્ આજીવ (= ન્યાયયુક્ત દ્રવ્યસાધના)

૬) સમ્યગ્ વ્યાયામ (= સારી માનસિકતા માટે ઉદ્યમ)

૭) સમ્યક્ સ્મૃતિ (ચિત્ત શરીર વિ.ની અનિત્યઅશુચિતાની ભાવના)

૮) સમ્યક્ સમાધિ

આ અષ્ટાંગિક માર્ગના સેવનથી પ્રજ્ઞાનો ઉદય થાય છે અને તેથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

બૌદ્ધદર્શનનો સંક્ષિપ્ત સાર આ છે : દાર્શનિક પૃષ્ઠભૂમિ પર બૌદ્ધદર્શનનો વિકાસ થયો તેને કારણે બૌદ્ધ દર્શન ચાર વિભાગમાં વહેંચાઈ ગયું.

૧) વૈભાષિક ૨) સૌત્રાંતિક ૩) યોગાચાર ૪) માધ્યમિક

સંઘાતવાદ અને સંતાનવાદના મૂળ સિદ્ધાંતોમાં વિસંવાદ ન હોવા છતાં બાહ્યાર્થ = સંસાર અને નિર્વાણના સ્વરૂપમાં ચારે સંપ્રદાયોમાં પર્યાપ્ત મતભેદ છે.

ઉપરોક્ત ચાર વિભાગોમાં વૈભાષિક અને સૌત્રાંતિક બાહ્યાર્થની સત્તા સ્વીકારે છે પણ યોગાચાર અને માધ્યમિક બાહ્યાર્થની સત્તા સ્વીકારતા નથી.

**૧) વૈભાષિક :** ઇન્દ્રિયો દ્વારા બાહ્યાર્થની સત્તાનો અનુભવ થાય છે માટે બાહ્યાર્થ સત્ય છે. તે જ પ્રમાણે નિર્વાણ પછી પણ ચૈતન્યની શુદ્ધ ધારા અખંડ રહે છે માટે નિર્વાણ પણ વસ્તુસત્ પદાર્થ છે. વૈભાષિકની આ માન્યતાનો બાહ્યાર્થ પ્રત્યક્ષવાદ કહે છે.

**૨) સૌત્રાંતિક :** આ સંપ્રદાય બાહ્યાર્થની સત્તાને સ્વીકારે છે, પરંતુ જે રીતે વૈભાષિક સંપ્રદાય બાહ્યાર્થને ઇન્દ્રિયગ્રાહ્ય જણાવે છે તે રીતે ઇન્દ્રિયગ્રાહ્ય માનતો નથી. દરેક સંસ્કાર=પદાર્થ ક્ષણિક છે. જે પદાર્થોનો ઇન્દ્રિય સાથે સંપર્ક થાય છે તે પદાર્થો ક્ષણિક હોવાથી જે ક્ષણે ઇન્દ્રિય જ્ઞાન કરે છે તે ક્ષણે તે પદાર્થ વિદ્યમાન જ નથી તેથી તેનું પ્રત્યક્ષ શક્ય નથી. ચિત્તને તે પદાર્થનાં સંવેદનથી તેના રૂપાદિનું અનુમાન થાય છે. આમ બાહ્યાર્થ સત્ હોવા છતાં પ્રત્યક્ષ નથી પણ અનુમેય છે તે સૌત્રાંતિકોનો બાહ્યાર્થાનુમેયવાદ છે. નિર્વાણના વિષયમાં પણ તેઓ વૈભાષિકોથી ભિન્નમત ધરાવે છે. નિર્વાણ સમયે ચિત્તની તમામ ધારાઓ વિલય પામે છે. શુદ્ધ ચૈતન્ય પણ રહેતું નથી. આમ નિર્વાણ અવસ્તુસત્ પદાર્થ છે.

**૩) યોગાચાર :** આ સંપ્રદાય વિજ્ઞાનવાદને સ્વીકારે છે. બાહ્યાર્થ વસ્તુતઃ સત્ય નથી. જેનો બાહ્યાર્થ તરીકે લોકો અનુભવ કરે છે અને વ્યવહાર કરે છે તે તેમને થયેલું જ્ઞાન જ છે માટે વસ્તુતઃ બાહ્યાર્થ સત્ય નથી પણ તેનું વિજ્ઞાન સત્ય છે. પ્રવૃત્તિ વિજ્ઞાન અને આલય વિજ્ઞાન એ પ્રમાણે વિજ્ઞાનના બે પ્રકારો છે. જગતની પ્રવૃત્તિનું નિર્વાહક પ્રવૃત્તિ વિજ્ઞાન છે અને ચિત્તની ધારા આલય વિજ્ઞાન છે. નિર્વાણ પછી શુદ્ધ ચિત્તની ધારાનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અસ્તિત્વ રહે છે માટે નિર્વાણ સત્ પદાર્થ છે.

**૪) માધ્યમિક :** માધ્યમિક સંપ્રદાય ન તો બાહ્યાર્થને સત્ માને છે ન વિજ્ઞાનને. તેમની દૃષ્ટિએ 'શૂન્ય' જ પરમાર્થ સત્ છે. શૂન્ય એટલે અભાવ નહિ પણ સદ્, અસદ્, સદસત્ અને સદસદ્ભિન્ન આ ચાર કોટિથી નિર્મુક્ત અનિર્વચનીય પદાર્થ. આ શૂન્ય જ સત્ય છે. નિર્વાણ પછી પણ કશું જ શેષ રહેતું નથી, માટે નિર્વાણ અસત્ય છે.

બૌદ્ધ દર્શનના ચાર વિભાગોને નીચે પ્રમાણે વહેંચી શકાય :

૧) વૈભાષિક - બાહ્યાર્થપ્રત્યક્ષવાદ, નિર્વાણ સત્ય.

૨) સૌત્રાંતિક - બાહ્યાર્થાનુમેયવાદ, નિર્વાણ અસત્ય.

૩) યોગાચાર - વિજ્ઞાનવાદ, નિર્વાણ સત્ય.

૪) માધ્યમિક - શૂન્યવાદ, નિર્વાણ અસત્ય.

ચારે સંપ્રદાયોમાં વૈભાષિક સંપ્રદાયનો સંબંધ હીનયાન સાથે છે અને અન્ય ત્રણ મતોનો સંબંધ મહાયાન સાથે છે.

વૈભાષિકો દ્વારા પુરસ્કૃત તત્ત્વમીમાંસા આ પ્રમાણે છે. વૈભાષિકો પ્રત્યેક સત્ પદાર્થને 'ધર્મ' કહે છે. તેનું વિભાજન આ રીતે કરવામાં આવ્યું છે :

**૧) પાંચ સ્કન્ધો :** રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર, વિજ્ઞાન.

**૨) દ્વાદશઆયતન :** આયતન ઇં અનુભવનું સાધન. તે બાર છે. છ ઇન્દ્રિય અને છ વિષયો. ચક્ષુરાદિ પાંચ ઇન્દ્રિયો અને તેમના પાંચ વિષયો ઉપરાંત મન અને અતીન્દ્રિય વિષયને ધર્માયતન કહેવાય છે.

**૩) અષ્ટાદશ ધાતુ :** ઉપરોક્ત ૧૨ આયતન ઉપરાંત ચક્ષુર્વિજ્ઞાન, શ્રૌત્રવિજ્ઞાન, ઘ્રાંણવિજ્ઞાન, રસવિજ્ઞાન, સ્પર્શવિજ્ઞાન, મનોવિજ્ઞાન આ છ વિજ્ઞાન મળીને ૧૮ ધાતુઓ છે. ધાતુ એટલે ઘટનાઓના પ્રવાહને નિષ્પન્ન કરનારી શક્તિ.

વિજ્ઞાનવાદમાં વિજ્ઞાનને બે પ્રકારનું માનવામાં આવ્યું છે. ૧) પ્રવૃત્તિવિજ્ઞાન અને ૨) આલયવિજ્ઞાન. ધર્મોપચાર અને આત્મોપચારયુક્ત વિજ્ઞાન તે પ્રવૃત્તિવિજ્ઞાન છે. સ્કન્ધ, ધાતુ, આયતન, રૂપ, વેદના, સંસ્કાર, વિ.નો ઉપચાર તે ધર્મોપચાર છે અને જીવજંતુ, મનુષ્ય વિ. આત્મોપચાર છે અને તે ધર્મોપચાર અને આત્મોપચાર યુક્ત વિજ્ઞાન તે પ્રવૃત્તિવિજ્ઞાન છે. જ્યાં જે વસ્તુ નથી ત્યાં તે વસ્તુને માનવી તે ઉપચાર છે. ઉપચાર કલ્પિત હોય છે. વિજ્ઞાન સિવાય બધું જ કલ્પિત છે.

સમસ્ત ધર્મોની ઉત્પાદનશક્તિનો આશ્રય આલયવિજ્ઞાન છે. આ વિશ્વ જે વિજ્ઞપ્તિ શક્તિનો વિલાસ છે તે આલયવિજ્ઞાન છે.

શૂન્યવાદ મત પ્રમાણે સત્ય બે પ્રકારનાં છે :

૧) પારમાર્થિક સત્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨) સાંવૃતિક સત્ય

પારમાર્થિક સત્યતા માત્ર ચતુષ્કોટિ નિર્મુક્ત 'શૂન્ય'માં છે. સંવૃતિ એટલે કે અવિદ્યા અથવા અજ્ઞાનને કારણે જાગતિક પદાર્થોમાં આભાસમાન થતી સત્યતા તે સાંવૃતિક સત્યતા છે.

બૌદ્ધમતમાં પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણ છે.

**પ્રત્યક્ષપ્રમાણ :** કોઈ પણ પ્રકારની કલ્પનાથી રહિત જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય છે. નિર્વિકલ્પજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.

**અનુમાનપ્રમાણ :** હેતુ દ્વારા સાધ્યનું જ્ઞાન તે અનુમાન. હેતુનાં ત્રણ રૂપ છે : ૧) પક્ષસત્ત્વ ૨) સપક્ષસત્ત્વ ૩) વિપક્ષવ્યાવૃત્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ - ૬

## યોગદર્શન સાર

(શ્લોક - ૪૭)

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ છે. સાંખ્યદર્શન અને યોગદર્શનની દાર્શનિક વિચારધારા એક જ છે. ફરક માત્ર એટલો જ છે કે સાંખ્યદર્શન નિરીશ્વર વાદી છે જ્યારે યોગ-દર્શન સમાધિની સિદ્ધિ માટે ઈશ્વરને માને છે.

પ્રકૃતિ અને પુરુષનાં ભેદજ્ઞાન માટે 'યોગ' જરૂરી છે. આ યોગ, તેના સાધનો અને તેનાથી પ્રાપ્ત થતી સિદ્ધિઓનું વિશદ વર્ણન એ યોગશાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય છે.

યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ. જ્ઞાનના અભ્યંતર કારણ અહંકાર, બુદ્ધિ અને મનરૂપ અંત:કરણને જ ચિત્ત કહેવાય છે. ઇન્દ્રિયોએ બુદ્ધિ સમક્ષ ઉપસ્થિત કરેલા વિષયોના આકારમાં બુદ્ધિનું પરિણત થવું તે જ વૃત્તિ છે.

વૃત્તિના પાંચ ભેદ છે : ૧) પ્રમાણ ૨) વિપર્યય ૩) વિકલ્પ ૪) નિદ્રા ૫) સ્મૃતિ

**પ્રમાણ :** યથાર્થવૃતિને પ્રમાણ કહેવાય છે. તેના ત્રણ ભેદ છે : પ્રત્યક્ષ - અનુમાન અને આગમ.

**વિપર્યય :** અયથાર્થવૃત્તિ જે વિપર્યય કહેવાય.

**વિકલ્પ :** અસત્ય પદાર્થોનું જ્ઞાન જેમ કે, રાહુ કૈ: શિરુબ્રહ્મ વિ. ને વિકલ્પ કહેવાય.

**નિદ્રા** અને **સ્મૃતિ** સ્પષ્ટ છે.

તમામ વૃત્તિઓ બે પ્રકારની હોય છે. ક્લિષ્ટ અને અક્લિષ્ટ. ક્લિષ્ટ એટલે કલેશથી સહિત વૃત્તિ. અક્લિષ્ટ એટલે ક્લેશથી રહિત વૃત્તિ. ક્લેશ એટલે દુ:ખનાં કારણો. ક્લેશ પાંચ છે. અવિદ્યા-અસ્મિતા-રાગ-દ્વેષ-અભિનિવેશ. અનિત્યને નિત્ય માનવું, અશુચિને શુચિ માનવું, દુ:ખને સુખ માનવું અને જે આત્મા નથી તેને આત્મા માનવો આ ચાર અવિદ્યાના મુખ છે.

પરવર્તી ચાર ક્લેશોનું મૂળ કારણ અવિદ્યા છે. પ્રકૃતિ અને પુરુષના અત્યંત અભેદનો ભ્રમ અસ્મિતા છે. રાગ-દ્વેષ પ્રસિદ્ધ છે. અભિનિવેશ એટલે મરણનો ભય. આ પાંચ ક્લેશ કર્માશયનું મૂળ છે. તેને કારણે જ જન્મ-જન્માંતરમાં આયુષ્ય અને ભોગરૂપ વિપાક ભોગવવા પડે છે.

ચિત્તજન્ય વૃત્તિઓનો તેનાં કારણમાં લય કરવો તેને નિરોધ કહેવાય છે. નિરોધના બે ઉપાય છે : ૧) અભ્યાસ ૨) વૈરાગ્ય

ચિત્તને એકાગ્ર અવસ્થામાં સ્થિર કરવા પુન: પુન: પ્રયત્ન કરવો તે અભ્યાસ છે.

દૃષ્ટ અને અદૃષ્ટ સુખોની તૃષ્ણાનો અભાવ વૈરાગ્ય છે. તે બે પ્રકારનો છે - પર અને અપર. જાગતિક વિષયોની તૃષ્ણાનો અભાવ અપર વૈરાગ્ય છે અને પ્રકૃતિના ગુણોની તૃષ્ણાનો અભાવ પર વૈરાગ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભ્યાસ અને વૈરાગ્ય ઉપરાંત ઈશ્વરપ્રણિધાનથી પણ યોગ સિદ્ધ થાય છે. ઈશ્વરને પોતાનાં સમસ્ત કાર્યોનું સમર્પણ કરવું તે જ તેનું પ્રણિધાન છે. 'ઓમ્' કાર ઈશ્વરનો વાચક છે. પ્રણિધાનથી પ્રસન્ન થયેલો ઈશ્વર વિક્ષેપો અને અંતરાયોને દૂર કરી યોગની પ્રસાદી આપે છે.

'ચિત્તવૃત્તિનિરોધ' યોગનું સામાન્ય લક્ષણ છે. વિશેષ લક્ષણ પ્રમાણે યોગના બે પ્રકાર છે : સંપ્રજ્ઞાતયોગ અને અસંપ્રજ્ઞાતયોગ. ચિત્તની પાંચ અવસ્થાઓ છે : ક્ષિપ્ત, વિક્ષિપ્ત, મૂઢ, એકાગ્ર, નિરુદ્ધ. ક્ષિપ્તાવસ્થા સત્ત્વપ્રધાન છે પણ તેમાં રજસ્નું પ્રાબલ્ય છે. વિક્ષિપ્તાવસ્થા પણ સત્ત્વપ્રધાન છે, તેમાં રજસ્નું પ્રાબલ્ય નથી. મૂઢાવસ્થા તમ:પ્રધાન છે. આ ત્રણ અવસ્થાઓ સમાધિમાં અનુપયોગી છે. 'એકાગ્ર' અને 'નિરુદ્ધ' અવસ્થામાં સમાધિનો ઉદય થાય છે. જ્યારે અન્ય તમામ વૃત્તિઓનો નિરોધ કરીને ચિત્ત ધ્યેય પર એકાગ્ર બને છે, તેને સંપ્રજ્ઞાતસમાધિ કહે છે. ધ્યેય વૃત્તિનો પણ નિરોધ થવાથી નિરુદ્ધ અવસ્થામાં અસંપ્રજ્ઞાતસમાધિનો ઉદય થાય છે.

વૃત્તિનિરોધ થવાથી તજ્જન્ય દુ:ખના ભોગથી નિવૃત્તિ મળે તે સંપ્રજ્ઞાત સમાધિનું ફળ છે. તેમાં ધ્યેયનો સાક્ષાત્કાર થાય છે, 'સમાપત્તિ' થાય છે.

અસંપ્રજ્ઞાત અવસ્થામાં વૃત્તિઓનાં આશ્રયભૂત ચિત્તનો પણ નાશ થાય છે અને પ્રારબ્ધકર્મનો નાશ થતાં મોક્ષ મળે છે. આ અવસ્થામાં પુરુષ પોતાના સ્વરૂપમાં અવસ્થિત રહે છે.

સંપ્રજ્ઞાતસમાધિના ચાર પ્રકાર છે - સવિતર્ક, સવિચાર, સાનંદ, સાસ્મિત.

૧) જેમાં સ્થૂલ વિષયોને આશ્રયીને અનિત્ય-અશુચિ-દુ:ખ-અનાત્મતારૂપની ભાવના ભાવવામાં આવે તે સવિતર્કસમાધિ.

૨) જેમાં સૂક્ષ્મ (તન્માત્ર) વિષયોને આશ્રયીને અનિત્યાદિ ભાવના કરવામાં આવે તે સવિચારસમાધિ.

૩) સૂક્ષ્મ તત્ત્વનો સાક્ષાત્કાર કર્યા પછી ઇન્દ્રિયોમાં ધારણાદિની પ્રવૃત્તિ થાય તેને સાનંદસમાધિ કહે છે.

૪) અસ્મિતાવૃત્તિની ધારણા-ધ્યાનની પ્રવૃત્તિને સાસ્મિતસમાધિ કહે છે.

સમાધિની સાધના માટે યોગનાં આઠ અંગો સહાયક બને છે. યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ આ આઠ યોગાંગો છે.

અહિંસા-સત્ય- અચૌર્ય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ **'યમ'** છે.

શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-ઈશ્વરપ્રણિધાન આ **'નિયમો'** છે.

**'આસન'** એટલે શરીરના સંસ્થાનવિશેષ.

**'પ્રાણાયામ'** એટલે શ્વાસ-પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ કરવો.

**'પ્રત્યાહાર'** એટલે ઇન્દ્રિયનિગ્રહ.

**'ધારણા'** એટલે પદાર્થના જે દેશમાં (મસ્તક વિ.) ધ્યેયનું ચિંતન કરવું હોય ત્યાં ચિત્તને સ્થિર કરવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**'ધ્યાન'** એટલે ધ્યેયમાં ચિત્તની એકાગ્રતા.

**'સમાધિ'** એટલે ધ્યાનમાં જ્યારે ધ્યાતા-ધ્યેય-ધ્યાનનો ભેદ વિલીન થઈ જાય તે અવસ્થા સમાધિ છે.

યમ-નિયમ-આસન-પ્રાણાયામ અને પ્રત્યાહારથી દેહ, ઇન્દ્રિય અને પ્રાણનો નિગ્રહ થાય છે.

ધારણા-ધ્યાન-સમાધિથી ચિત્તનો નિગ્રહ થાય છે.

ધારણા, ધ્યાન, સમાધિની એકત્ર પ્રવૃત્તિને **'સંયમ'** કહે છે. તેનાથી અનેકવિધ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે અને વૃત્તિનો નિરોધ થવાથી ગુણો પુરુષાર્થશૂન્ય બની પોતપોતાના કારણમાં વિલય પામી જાય છે. ફળસ્વરૂપે પુરુષ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત બની કેવલ્ય પ્રાપ્ત કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ – ૭

## વૈશેષિકદર્શન સાર

(શ્લોક - ૪૭)

વૈશેષિક સૂત્રોના રચયિતા 'કણાદ' મુનિએ પ્રવર્તાવેલું દર્શન તે વૈશેષિક દર્શન છે. 'વિશેષ' નામના વિશિષ્ટ પદાર્થની માન્યતાને કારણે આ દર્શનનું નામ 'વૈશેષિક' એવું પડ્યું છે.

જગત્કર્તા ઈશ્વર શંકર દેવ તરીકે ઉપાસ્ય છે.

જ્ઞાનનો વિષય બને તેને (જ્ઞેય) અથવા અભિધા = શબ્દનો વિષય બને (અભિધેય) તેને પદાર્થ કહેવાય. પદાર્થો સાત છે : દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ-સમવાય અને અભાવ.

**૧. દ્રવ્ય :** કાર્યનાં સમવાયી કારણ તથા ગુણ અને કર્મના આશ્રયભૂત પદાર્થને દ્રવ્ય કહેવાય. દ્રવ્યો નવ છે : પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન.

**પૃથ્વી :** ગન્ધ નામનો અસાધારણ ગુણ ધરાવતું દ્રવ્ય પૃથ્વી છે. તેના બે પ્રકાર છે : નિત્ય તથા અનિત્ય. પરમાણુરૂપ પૃથ્વી નિત્ય છે. કાર્યરૂપ પૃથ્વી અનિત્ય છે. તેના ત્રણ ભેદ છે : શરીર, ઇન્દ્રિય અને વિષય.

**જલ :** શીતસ્પર્શ વિશિષ્ટ દ્રવ્ય 'જલ' છે.

**અગ્નિ :** ઉષ્ણસ્પર્શ વિશિષ્ટ દ્રવ્ય 'અગ્નિ' છે.

**વાયુ :** અનુષ્ણાશીતસ્પર્શ વિશિષ્ટ દ્રવ્ય વાયુ છે તે રૂપરહિત છે. પૃથ્વીની જેમ આ ત્રણ દ્રવ્યોના નિત્ય અને અનિત્ય ભેદ સમજી લેવા.

**આકાશ :** શબ્દ ગુણનું આશ્રય દ્રવ્ય - 'આકાશ' છે. તે નિત્ય છે, પરમ મહત્ પરિમાણવાળું છે, અમૂર્ત છે.

**કાલ :** ભૂત-ભવિષ્ય-વર્તમાનનું અસાધારણ કારણ બનતું દ્રવ્ય 'કાલ' છે. આકાશની જેમ તે પણ નિત્ય-વિભુ-અમૂર્ત છે.

**દિશા :** પૂર્વાદિ દેશના વ્યવહારનું અસાધારણ કારણભૂત દ્રવ્ય દિશા છે, તે પણ નિત્ય-વિભુ અને અમૂર્ત છે.

**આત્મા :** જ્ઞાનાદિ વિશેષ ગુણોનો આશ્રય આત્મા છે. તે નિત્ય છે, વિભુ છે, અમૂર્ત છે. પોતાનો આત્મા પ્રત્યક્ષ છે અન્યનો આત્મા અનુમેય છે અને પ્રતિ શરીર ભિન્ન પણ છે.

આત્મા બે પ્રકારના છે : જીવાત્મા અને પરમાત્મા. જીવાત્મા અનેક છે. પરમાત્મા એક. પરમાત્મા નિત્ય છે, વિશેષ ગુણોનો આશ્રય છે, સૃષ્ટિનું નિમિત્ત કારણ છે.

**મન :** જેની સહાયતાથી આત્મા સુખાદિનો અનુભવ કરે છે તે 'મન' છે. તે અણુપરિમાણ ધરાવે છે.

**૨. ગુણ :** દ્રવ્યમાં આશ્રયીને રહેનારો નિર્ગુણ અને નિષ્ક્રિય પદાર્થ 'ગુણ' છે તેની સંખ્યા ચોવીસ છે. (પ્રાચીન સૂત્રમાં ૧૭ ગુણો છે. તેમાં ૭ ઉમેરવામાં આવ્યા છે) રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, શબ્દ, ધર્મ અને અધર્મ. (મૂળમાં 'વેગ' ને પચીસમાં ગુણ તરીકે દર્શાવવામાં આવ્યો છે.)

ગુણો બે પ્રકારના છે : સામાન્ય અને વિશેષ. બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ પ્રયત્ન, ધર્મ અને અધર્મ આ આઠ ગુણ માત્ર આત્મામાં જ રહે છે માટે વિશેષ ગુણ છે. બીજા સામાન્ય ગુણો છે. (પ્રત્યેક ગુણોનાં લક્ષણ-ભેદનું વર્ણન તર્કસંગ્રહમાં જોવા મળે છે.)

**૩. કર્મ :** ગુણની જેમ જ કર્મ પણ દ્રવ્યવૃત્તિ ધર્મ છે તે ગુણથી ભિન્ન છે. પૃથ્વી જલ-તેજ વાયુ અને મન આ પાંચ દ્રવ્યોમાં જ કર્મ = ક્રિયા જોવા મળે છે. તેના પાંચ પ્રકાર છે : (૧) ઉત્ક્ષેપણ = ઉપર તરફ ગતિવાળી ક્રિયા (૨) અપક્ષેપણ = નીચે તરફ ગતિવાળી ક્રિયા (૩) આકુંચન = સંકોચ (૪) પ્રસારણ = વિસ્તાર (૫) ગમન.

**૪. સામાન્ય :** જે સ્વયં એક છે પણ અનેકમાં રહે છે તે 'સામાન્ય' તેનું બીજું નામ જાતિ છે. સજાતીય દ્રવ્યાદિમાં સમાનતા અને વિજાતીય દ્રવ્યાદિમાં ભેદ જાતિને કારણે જોવા મળે છે, તે નિત્ય છે. પર અને અપર બે પ્રકારના સામાન્ય છે. દ્રવ્ય-ગુણ-કર્મ ત્રણેયમાં વર્તમાન સત્તા નામની જાતિ પર સામાન્ય છે. તે સિવાયની જાતિઓ એકબીજાની અપેક્ષાએ પર કે અપર બને છે.

**૫. વિશેષ :** સમાન જાતીય પદાર્થોમાં ભેદ કરનાર વિશેષ છે. બે પરમાણુઓમાં વિશેષને કારણે ભેદ છે. તે નિત્ય દ્રવ્યમાં રહે છે અને સ્વયં નિર્વિશેષ છે, અનંત છે.

**૬. સમવાય :** પદાર્થો બે પ્રકારના હોય છે : (૧) યુતસિદ્ધ અને (૨) અયુતસિદ્ધ. યુતસિદ્ધ પદાર્થો એટલે જે પદાર્થો અન્યથા આધાર વિના સ્વતંત્રપણે અસ્તિત્વ ધરાવતા હોય. જે પદાર્થોને અસ્તિત્વ માટે અન્યના આધારે અવલંબિત રહેવું પડતું હોય તે અયુતસિદ્ધ પદાર્થો છે. અયુતસિદ્ધ પદાર્થો પાંચ છે.

(૧) અવયવ - અવયવી (૨) ગુણ - ગુણી (૩) ક્રિયા - ક્રિયાવાન (૪) જાતિ - વ્યક્તિ (૫) વિશેષ - નિત્ય દ્રવ્યો.

યુતસિદ્ધ પદાર્થોનો સંયોગ સંબંધ હોય છે જ્યારે અયુતસિદ્ધ પદાર્થોનો સંબંધ 'સમવાય' કહેવાય છે. સમવાય સંબંધ નિત્ય છે. કાર્ય-કારણ ભાવનો આધાર આ સંબંધ છે.

**૭. અભાવ :** છ પદાર્થોથી ભિન્ન પદાર્થને અભાવ કહે છે. તેના બે પ્રકાર છે : સંસર્ગાભાવ અને અન્યોન્યાભાવ - બે વસ્તુના સંબંધોનો નિષેધ સંસર્ગાભાવથી થાય છે, અને બે વસ્તુ વચ્ચે ભેદ અન્યોન્યાભાવથી સાબિત થાય છે.

સંસર્ગાભાવના ત્રણ પ્રકાર છે : (૧) પ્રાગભાવ (૨) પ્રધ્વંસાભાવ (૩) અત્યંતાભાવ

**પ્રાગભાવ =** વસ્તુની ઉત્પત્તિ પહેલાં જણાતો તે વસ્તુનો અભાવ.

**પ્રધ્વંસાભાવ =** વસ્તુના નાશ બાદ જણાતો તે વસ્તુનો અભાવ.

**અત્યંતાભાવ =** જે વસ્તુઓનો સંસર્ગ વિદ્યમાન નથી તેમનો અત્યંતાભાવ હોય છે. પ્રાગભાવ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રધ્વંસાભાવથી ભિન્ન સંસર્ગાભાવને અત્યંતાભાવ કહેવાય છે. કોઈ પણ વસ્તુ કોઈ પણ અધિકરણમાં સંબંધ વિશેષથી જ વિદ્યમાન હોય છે એટલે આધારઆધેયભાવ, સંબંધને આધારે જ ઘડાય છે. બે વસ્તુઓનો સંસર્ગ ત્રણે કાળમાં વિદ્યમાન ન બની શકે તેમ હોય ત્યાં તે વસ્તુનો અત્યંતાભાવ હોય છે. જેમ કે, ભૂતલ પર ઘટ સંયોગ સંબંધથી હોય છે પણ સમવાય સંબંધથી ત્રણે કાળમાં હોતો નથી. માટે ભૂતલ પર સમવાય સંબંધથી ઘટનો અત્યંતાભાવ પ્રતીત થાય છે. સ્વાભાવિક રીતે જ તે નિત્ય છે. જેનો અભાવ હોય તે અભાવનો પ્રતિયોગી કહેવાય છે. અત્યંતાભાવમાં પ્રતિયોગિતા સંસર્ગાવચ્છિન્ન હોય છે. અર્થાત્ કોઈ વસ્તુનો અન્ય વસ્તુમાં વિશેષ સંબંધને આધારે જ અભાવ સ્વીકારવામાં આવે છે.

ન્યાય તેમજ વૈશેષિક બન્ને દર્શનોએ કાલાંતરે સમાન પદાર્થ વ્યવસ્થા સ્વીકારી, તેથી એક ગણાવા લાગ્યા છતાં તેમનામાં પ્રાચીન-નવીનનો માન્યતા ભેદ રહ્યો છે. ઘણી બાબતમાં પ્રાચીનો અને નવીનોના મત જુદા છે. નવ્ય મતને સમજવા અવચ્છેદક - અનુયોગી - પ્રતિયોગી - અવચ્છિન્ન વગેરે ઘણી પરિભાષાઓ સમજવી પડે છે. જે તજ્જ્ઞ પાસે સૂત્રગ્રંથોનું અધ્યયન કરવાથી જાણી શકાય છે.

પ્રમાણની વ્યવસ્થા ન્યાયદર્શન પ્રમાણે જ છે. પ્રમાણ ચાર છે. પ્રત્યક્ષ અનુમાન, ઉપમાન અને શબ્દ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ - ૮

## મીમાંસાદર્શન સાર

(શ્લોક - ૪૮-૪૯)

મીમાંસા દર્શનના પ્રણેતા કોઈ નથી, સર્વજ્ઞ-સર્વદર્શી કે સર્વ શક્તિમાન દેવતામાં મીમાંસકો વિશ્વાસ કરતા નથી. નિત્ય અને અપૌરુષેય 'વેદ' જ મીમાંસકોના દેવતા છે. વેદમાં દર્શાવવામાં આવેલાં 'કર્મો' જ ધર્મરૂપ છે અને તે કર્મોની વ્યવસ્થા કરવી તે જ મીમાંસાનું પ્રયોજન છે.

મીમાંસાનો આધારભૂત ગ્રંથ 'જૈમિનિ સૂત્રો' છે. જૈમિનિ ઋષિ તેના કર્તા છે.

તત્ત્વસમીક્ષાની બાબતમાં મીમાંસાના ત્રણ મત છે. જેનો આધાર ભિન્ન ભિન્ન વિચારસરણી છે.

૧) **ગુરુમત :** પ્રભાકરમિશ્ર તેના પ્રવર્તક છે.

૨) **ભાટ્ટમત :** કુમારિલ ભટ્ટ તેના પ્રવર્તક છે.

૩) **મિશ્રમત :** મુરારિમિશ્ર તેના પ્રવર્તક છે.

**ગુરુમત અનુસારે પદાર્થ વ્યવસ્થા :**

પદાર્થો આઠ છે : દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-પરતંત્રતા-શક્તિ-સાદૃશ્ય અને સંખ્યા.

દ્રવ્ય, ગુણ અને કર્મ, કાર્યજનક નથી. તેમનામાં રહેલ 'શક્તિ' નામનો પદાર્થ કાર્યજનક છે. સાદૃશ્ય એટલે સમાનતા અને સંખ્યા એટલે એકત્વ-દ્વિત્વાદિ ગણના.

**ભાટ્ટમતાનુસારે પદાર્થ વ્યવસ્થા :**

પદાર્થો પાંચ છે : દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય અને અભાવ. દ્રવ્ય અગિયાર છે. પૃથ્વી-જલ-તેજો-વાયુ-આકાશ-કાલ-દિશા-આત્મા-મન-અંધકાર અને શબ્દ.

ગુણ-કર્મ વગેરે અન્ય પદાર્થોનું વર્ણન વૈશેષિકો પ્રમાણે જ છે.

**મિશ્રમતાનુસારે પદાર્થ વ્યવસ્થા :**

'मुरारेस्तृतीयः पन्थाः' આ ઉક્તિ અનુસાર મુરારિમિશ્રની પદાર્થ વ્યવસ્થા તદ્દન અલગ પડે છે.

મુરારિના મતે બ્રહ્મ જ એકમેવ સત્ય પદાર્થ છે. લૌકિક વ્યવહારની ઉપપત્તિ માટે અન્ય ચાર પદાર્થો માન્યા છે.

૧) ધર્મીવિશેષ - ઘટત્વાદિના આધાર ઘટાદિ.

૨) ધર્મવિશેષ - ઘટનાં આધેય ઘટત્વાદિ.

૩) આધારવિશેષ - કાલકૃત ભેદ. इदानीं घटः तदानीं घटः

૪) પ્રદેશવિશેષ - દેશકૃત ભેદ. गृहे घटः भूतले घटः ઇત્યાદિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રમાણના છ પ્રકાર છે :**

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ.

સાધારણ મતભેદ સિવાય **પ્રત્યક્ષ** અને **અનુમાન** પ્રમાણની વ્યાખ્યાઓ વૈશેષિક સમ્મત જ છે.

**ઉપમાનપ્રમાણ :** નજર સામે દેખાતી વસ્તુના સાદૃશ્યથી સ્મૃત વસ્તુનાં સાદશ્યનું જ્ઞાન તે ઉપમાન છે. તેમાં આપ્તવાક્યનાં શ્રવણની જરૂર નથી.

**શબ્દ :** શબ્દો અર્થનું જ્ઞાન કરાવે છે. શબ્દો દ્વારા તે તે પદોથી તે તે પદાર્થોની ઉપસ્થિતિ થાય છે. આ પદજન્ય પદાર્થોની ઉપસ્થિતિ જ્યારે એક અસંનિકૃષ્ટ વાકયના અર્થનો બોધ કરાવે ત્યારે તે શબ્દો પ્રમા કહેવાય છે.

વાક્ય બે પ્રકારનાં છે : નિત્ય અને અનિત્ય. લૌકિકવાક્યો અનિત્ય છે અને વેદવાક્યો નિત્ય છે. વેદવાક્યો પાંચ પ્રકારનાં છે.

વિધિ, મંત્ર, નામધેય, નિષેધ અને અર્થવાદ.

(૧) કર્મ કરવાની પ્રેરણા આપતાં વાક્યો **વિધિવાક્યો** છે. 'स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળો યજ્ઞ કરે) આ વાક્ય સ્વર્ગની ઇચ્છા ધરાવનાર વ્યક્તિને યજ્ઞની પ્રેરણા કરે છે.

(૨) અનુષ્ઠાનના અર્થનું સ્મરણ કરાવતાં વાક્યો **મંત્રવાક્યો** છે.

(૩) જે વાક્યો દ્વારા યજ્ઞનું નામ સૂચવવામાં આવે તે **નામધેયવાકયો** છે.

(૪) અનુચિત કાર્યોનો નિષેધ દર્શાવનાર વાકયો **નિષેધવાક્યો** છે.

(૫) પ્રશંસા પરક વાક્યોને **અર્થવાદવાક્યો** કહેવાય છે.

પાંચેય પ્રકારના વાક્યોમાં 'વિધિ' પ્રધાન છે. અન્ય ચાર પ્રકારનાં વાક્યોનું તાત્પર્ય પણ વિધિવાક્યમાં જ હોય છે.

'વિધિ' ચાર પ્રકારની છે.

૧) ઉત્પત્તિવિધિ

૨) વિનિયોગવિધિ

૩) અધિકારવિધિ

૪) પ્રયોગવિધિ

યજ્ઞાદિ કર્મોનાં સ્વરૂપને દર્શાવનાર વાક્યો ઉત્પત્તિવિધિ કહેવાય.

અંગ અને પ્રધાનનો સંબંધ દર્શાવનાર વાક્યો વિનિયોગવિધિ કહેવાય. કર્મથી ઉત્પન્ન થતાં ફળનાં સ્વામિત્વનો બોધ કરાવતાં વાક્યો અધિકારવિધિ કહેવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમાદિપૂર્વક યોગની સંપન્નતા પ્રયોગવિધિ દ્વારા દર્શાવવામાં આવે છે.

વિસ્તૃત વિષયવાળા વેદનાં વિધિવાક્યોના અર્થનો નિર્ણય કરવા માટે છ પ્રમાણોનો ઉપયોગ થાય છે.
(૧) શ્રુતિ (૨) લિંગ (૩) વાક્ય (૪) પ્રકરણ (૫) સ્થાન (૬) સમાખ્યા.

**અર્થાપત્તિપ્રમાણ :**

દૃષ્ટ અર્થની વ્યાખ્યા કરવા માટે અદૃષ્ટ અર્થની કલ્પના કરવી તે અર્થાપત્તિ છે. અન્યથા-અનુપપત્તિ એ અર્થાપત્તિનું બીજ છે. જે અદૃષ્ટ અર્થની કલ્પના વગર (અન્યથા) દૃષ્ટ અર્થની ઉપપત્તિ ઇં સંગતિ ન થઈ શકે (અનુપપત્તિ) તે અદૃષ્ટાર્થની કલ્પના અર્થાપત્તિપ્રમાણ છે. (જુઓ શ્લોક - ૯)

જેમ કે पीनोऽयं देवदत्तो दिवा न भुंक्ते । અહીં પીનત્વ દૃષ્ટાર્થ છે. (અને દીવા અભોજન) રાત્રિભોજન અદૃષ્ટાર્થ છે. રાત્રિભોજન વિના પીનત્વ અને દીવા અભોજનની ઉપપત્તિ શક્ય નથી.

અર્થાપત્તિ બે પ્રકારની છે : દૃષ્ટાર્થાપત્તિ, શ્રુતાર્થાપત્તિ.

જ્યાં ઉપપત્તિ માટે અન્ય **'વસ્તુ'**ની કલ્પના કરવામાં આવે તે દૃષ્ટાર્થાપત્તિ અને જ્યાં ઉપપત્તિ માટે અન્ય **'શબ્દ'**ની કલ્પના કરવામાં આવે તે શ્રુતાર્થાપત્તિ.

**અનુપલબ્ધિપ્રમાણ :**

કોઈ પદાર્થની ઉપસ્થિતિ માટે સમગ્ર સાધન ઉપલબ્ધ છે છતાં તેની ઉપલબ્ધિ ન થાય તેથી તેનો અભાવ સિદ્ધ થાય. યોગ્યાનુપલબ્ધિને કારણે વસ્તુના અભાવની ઉપસ્થિતિનું ગ્રાહક પ્રમાણ અનુપલબ્ધિ છે.

પ્રભાકર (ગુરુમત) અનુપલબ્ધિને પ્રમાણ માનતા નથી.

**પ્રામાણ્યવિચાર :**

'પ્રામાણ્યવાદ' મીમાંસકોનો વિશિષ્ટ સિદ્ધાંત છે. 'अयं घटः' વગેરે જ્ઞાન ઉત્પન્ન થયા પછી એ જ્ઞાનની સત્યતા (ઉત્પન્ન થયેલું આ જ્ઞાન સાચું છે કે ખોટું ? તેનો નિર્ણય) તે જ્ઞાન દ્વારા જ થાય છે કે તે માટે અન્ય જ્ઞાનની અપેક્ષા રહે છે ? આ પ્રશ્ન પ્રામાણ્યવાદનું હૃદય છે.

પ્રામાણ્ય = જ્ઞાનની સત્યતા, નૈયાયિકો જ્ઞાનની સત્યતા માટે અન્ય જ્ઞાનની અપેક્ષા રાખે છે. 'अयं घटः इति ज्ञानवानहं' અથવા 'घटमहं जानामि' એ એનુ-વ્યવસાયાત્મક જ્ઞાન પ્રથમ જ્ઞાનના (अयं घटः) પ્રામાણ્યનો નિશ્ચય કરાવે છે. આમ, જ્ઞાનનું પ્રામાણ્ય અન્ય જ્ઞાન પર આધારિત હોવાથી નૈયાયિકો પરતઃ પ્રામાણ્યવાદી કહેવાય છે.

મીમાંસકો સ્વતઃપ્રામાણ્યવાદી છે. અર્થાત્ જ્ઞાનની સત્યતાનો નિર્ણય જ્ઞાન સ્વયં જ કરે છે. તે માટે અન્યની = પરની જરૂર નથી. આ તેમની માન્યતા છે. સ્વતઃપ્રામાણ્યવાદી હોવા છતાં મીમાંસાના ત્રણે મતો અલગ અલગ રીતે તેની સમજ આપે છે.

**ગુરુમત :** દરેક જ્ઞાન સાચું જ હોય છે. 'ભ્રમ'નું અસ્તિત્વ જ નથી માટે જે સામગ્રી જ્ઞાનજનક છે, તે સામગ્રી જ જ્ઞાનના પ્રામાણ્યનો ગ્રહ કરાવે છે. જેમ દીપકનો પ્રકાશ સ્વયંને અને અન્ય પદાર્થને પ્રકાશિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે છે તેમ જ્ઞાન પણ સ્વયંને અને પદાર્થને પ્રકાશિત કરે છે.

**ભટ્ટમત :** 'अयं घटः' એવું જ્ઞાન જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે જ જ્ઞાનના વિષય ઘટમાં 'જ્ઞાતતા' નામના પદાર્થની ઉત્પત્તિ થાય છે. 'ज्ञातो घटः' એ પ્રતીતિ જ્ઞાતતાની સાધક છે. આ જ્ઞાતતા જ્ઞાનનાં પ્રામાણ્યનો નિશ્ચય કરાવે છે.

**મિશ્રમત :** નૈયાયિકોની જેમ જ મિશ્ર પણ અનુવ્યવસાયાત્મક જ્ઞાન પ્રામાણ્યોત્પાદક છે તેમ માને છે.

(ત્રણે મતોમાં વાસ્તવિક સ્વતઃપ્રામાણ્યતા ગુરુમતની જ જણાય છે.)

પ્રામાણ્યની જેમ અપ્રામાણ્યનો પણ નિશ્ચય સ્વતઃ થાય છે કે પરતઃ એ પ્રશ્ન છે. મીમાંસકો અપ્રામાણ્યગ્રહને પરતઃ જ માને છે. શુક્તિમાં રજતનું જ્ઞાન અન્ય જ્ઞાનથી બાધિત થાય તો જ તેના અપ્રામાણ્યનો નિશ્ચય થાય છે:

ભ્રમાત્મકજ્ઞાનના વિષયમાં મીમાંસકોનો સ્વતંત્ર મત છે. પ્રભાકરમિશ્રની માન્યતા પ્રમાણે દરેક જ્ઞાન પ્રમાત્મક જ હોય છે. 'ભ્રમ'નું અસ્તિત્વ જ નથી. શુક્તિમાં રજતનાં જ્ઞાનને ભ્રમાત્મક કહેવામાં આવે છે તે સત્ય નથી. ભ્રમસ્થળે ચાકચિક્ય વગેરે રજતના ધર્મો જોઈ રજતની સ્મૃતિ થાય છે. (તે સ્મૃતિ છે, ભ્રમ નથી) અને શુક્તિ અને રજતનો ભેદ પકડાતો નથી આ જ ભ્રમની પ્રક્રિયા છે. વસ્તુતઃ તે ભ્રમ નથી પણ ભેદાગ્રહ છે. તેનો આ મત અખ્યાતિના નામે પ્રસિદ્ધ છે. ભટ્ટ અને મુરારિ બન્નેનો મત નૈયાયિક જેવો જ છે. તેને વિપરીતાખ્યાતિ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ - ૯

## વેદાન્તદર્શન સાર

(શ્લોક - ૫૦-૫૧)

'વેદાંત' એટલે વેદોનો અંતભાગ, વેદોના પૂર્વભાગમાં યજ્ઞાદિ કર્મોનાં મંત્રો છે અને ઉત્તરભાગમાં આત્મજ્ઞાનમાં મંત્રો છે, તેને ઉપનિષદ્ મંત્રો કહેવાય છે. ઉપનિષદો વેદના અંતમાં છે તેથી તે વેદાંત છે અને ઉપનિષદ્ મંત્રોની એકવાક્યતા સ્થાપવા માટે રચાયેલા સિદ્ધાંતો તે 'વેદાંતદર્શન' છે. બાદરાયણ ઋષિનાં 'બ્રહ્મસૂત્રો' વેદાંતનો મૂલાધાર છે. વેદાંતને ઉત્તરમીમાંસા પણ  કહેવાય છે.

પૂર્વમીમાંસાની જેમ જ વેદાંતમાં કોઈ દેવવિશેષ ઈશ્વર તરીકે સંમત નથી.

ઉપનિષદોનાં તમામ વાક્યોનું તાત્પર્ય એક અને પ્રત્યેક આત્મા સાથે અભિન્ન  'બ્રહ્મ' - તત્ત્વમાં છે. આ વેદાંતનો કેન્દ્રવર્તી વિચાર છે.

બ્રહ્મની જ એકમાત્ર સત્તાનો સ્વીકાર અને બ્રહ્મ સિવાય તમામ પદાર્થની સત્તાનો અસ્વીકાર કરવાને કારણે આ દર્શન 'અદ્વૈતવાદી' દર્શન તરીકે પ્રસિદ્ધ છે. દ્વૈતઃભેદ, અદ્વૈતઃઅભેદ. તમામ તત્ત્વોના બ્રહ્મ સાથે અભેદનું પ્રતિપાદન અદ્વૈત સિદ્ધાંતમાં કરવામાં આવે છે.

અદ્વૈતવાદને સમજવા કેટલાક અન્ય સિદ્ધાંતો ખ્યાલમાં રાખવા જરૂરી છે.

(૧) આત્મા સ્વયંસિદ્ધ છે. તેની સિદ્ધિ માટે કોઈ પ્રમાણની જરૂર નથી.
(૨) આત્મા જ્ઞાન = જ્ઞપ્તિસ્વરૂપ છે.
(૩) જ્ઞાતા અને જ્ઞાન ભિન્ન ભિન્ન નથી.
(૪) જ્ઞાનના વિષયભૂત પદાર્થોનું સ્વતંત્ર અસ્તિત્વ નથી.

જગતમાં દેખાતી વસ્તુઓનું આકાર સહિત સ્વરૂપ જે ઉત્પત્તિશીલ અને વિનાશશીલ છે તે સત્ય નથી. કારણ કે સત્ય હંમેશાં ત્રિકાલાતીત હોય છે. તમામ પદાર્થોનું મૂળ ઉપાદાનસ્વરૂપ જે સદા અવિનાશી છે તે જ સત્ય છે અને તે એક જ છે. આ તત્ત્વનું  નામ જ 'બ્રહ્મ' છે. બ્રહ્મ જગતની ઉત્પત્તિ સ્થિતિ, લયનું કારણ છે, સત્, ચિત્ અને આનંદસ્વરૂપ છે, તે ત્રિગુણાતીત છે. જીવ કે જગતના કોઈ ગુણ તેની પર આરોપિત નથી. તે ત્રણ પ્રકારના ભેદથી મુકત છે. ભેદના ત્રણ પ્રકાર છે : (૧) વિજાતીયભેદ (૨) સજાતીયભેદ (૩) સ્વગતભેદ.

મનુષ્ય અને પશુની જાતિ ભિન્ન છે માટે તે બે વચ્ચે વિજાતીયભેદ છે. ભારતીય મનુષ્ય અને વિદેશી મનુષ્ય વચ્ચે દેશકૃત સજાતીયભેદ છે અને પ્રત્યેક મનુષ્ય અન્ય તમામ મનુષ્યોથી અને વસ્તુઓથી જુદો છે તે 'સ્વગતભેદ'ને કારણે છે.

દૃશ્યમાન જગતમાં દ્વૈતની પ્રતીતિ 'માયા'ને કારણે થાય છે. માયા એટલે અજ્ઞાન. જેમ અગ્નિની દાહક શક્તિ છે તેમ માયા બ્રહ્મની જ એક શક્તિ છે. તે સત્ પણ નથી, અસત્ પણ નથી. સદસત્ પણ નથી. સદસદ્ ભિન્ન પણ નથી. તેના સ્વરૂપનું નિર્વચન કરવું શક્ય નથી, તે સત્ત્વ રજસ્, તમસ્ આ ત્રણ ગુણાત્મક છે અને જ્ઞાનની વિરોધિની છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ માયાને જ સમષ્ટિના = સમૂહના અભિપ્રાયથી એક અને વ્યષ્ટિના અભિપ્રાયથી અનેક કહેવામાં આવે છે.

સમષ્ટિ અજ્ઞાનની ઉત્કૃષ્ટ ઉપાધિ છે તે વિશુદ્ધ છે, કારણ સત્ત્વગુણ પ્રધાન છે. ઉત્કૃષ્ટોપાધિરૂપ ચૈતન્યને ઈશ્વર કહેવાય છે, તે બધાં જ કાર્યોનું કારણ છે માટે તેને કારણ શરીર કહેવાય છે. સાત્ત્વિક હોવાથી આનંદમયકોષ કહેવાય છે. સમષ્ટિમાં બધાં જ કાર્યોનો ઉપરમ થાય છે તેથી તેને 'સુષુપ્તિ' કહેવાય છે.

વ્યષ્ટિ અજ્ઞાનની નિકૃષ્ટ ઉપાધિ છે. તેમાં રજસ્ અને તમસૂથી અભિભૂત - મલિન સત્ત્વની પ્રધાનતા હોય છે. આ ઉપાધિયુક્ત ચૈતન્ય પ્રાજ્ઞ કહેવાય છે. પ્ર = પ્રકૃષ્ટ અજ્ઞ = અજ્ઞાની. અલ્પજ્ઞ અને અનીશ્વર. આ ઉપાધિ પણ કારણ શરીર - આનંદમયકોષ - અને સુષુપ્તિસ્વરૂપ છે.

અજ્ઞાનની બે શક્તિ છે. આવરણ અને વિક્ષેપ. આવરણ શક્તિ એટલે વસ્તુમાં મૂળ સ્વરૂપને ઢાંકી દેવાની શક્તિ અને વિક્ષેપ શક્તિ એટલે એક વસ્તુ પર અન્ય વસ્તુનો આરોપ કરવાની શક્તિ.

આવરણ શક્તિને કારણે કર્તૃત્વ-ભોક્તૃત્વ-સુખ દુઃખાદિ ભાવોનો અનુભવ થાય છે.

વિક્ષેપશક્તિ પ્રંપચ ઉત્પન્ન કરે છે, તે તમઃ પ્રધાન હોય છે. તમઃસહિત અજ્ઞાનોપહિત ચૈતન્ય આકાશની ઉત્પત્તિનું કારણ બને છે. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જલ, જલથી પૃથ્વી ઉત્પન્ન થાય છે. તેમાં સત્ત્વ, રજસ્, તમસ્, પ્રગટે છે. આ પાંચ ભૂતોને 'તન્માત્ર' કહે છે. તેમાંથી જ સૂક્ષ્મ શરીર અને સ્થૂલ શરીરની ઉત્પત્તિ થાય છે. ભૂતોત્પત્તિની 'પંચીકરણ' પ્રક્રિયા વેદાંતમાં વિસ્તારથી જોવા મળે છે.

સૂક્ષ્મ શરીરના સત્તર અવયવો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, બુદ્ધિ અને મન, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ વાયુ.

જ્ઞાનેન્દ્રિય, મન અને બુદ્ધિ અંતઃકરણ છે અને અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્યને વ્યાવહારિક જીવ કહેવાય છે. જે ઇહલોક-પરલોકમાં ગમન કરે છે.

જ્ઞાનેન્દ્રિયો સહિત બુદ્ધ 'વિજ્ઞાનમયકોષ' બને છે. જ્ઞાનેન્દ્રિય સહિત મન 'મનોમયકોષ' બને છે. પાંચ વાયું (પ્રાણ, ઉદાન, અપાન, સમાન, વ્યાન) કર્મેન્દ્રિય સાથે મળીને પ્રાણમયકોષ બને છે. વિજ્ઞાનમયકોષ + મનોમયકોષ + પ્રાણમયકોષ આ ત્રણે કોષ મળીને સૂક્ષ્મ શરીર બને છે. તેમાંથી સ્થૂલ શરીરની ઉત્પત્તિ થાય છે. વ્યષ્ટિ ઉપહિત ચૈતન્ય જ્યારે સ્થૂલ શરીરાદિમાં પ્રવેશે ત્યારે 'વિશ્વ' બને છે.

આ સમગ્ર વિશ્વ વસ્તુતઃ આત્મસ્વરૂપ નથી પણ અધ્યારોપને કારણે આત્મરૂપ ભાસે છે.

આ અધ્યારોપની નિવૃત્તિ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સમાધ્યનુષ્ઠા અપેક્ષિત છે. સાધનચતુષ્ટયસંપન્ન પ્રમાતા બ્રહ્મવિદ્ ગુરુ પાસે નિરંતર શ્રવણાદિનું અનુષ્ઠાન કરે તો તેના ભ્રમની નિવૃત્તિ થાય છે અને અદ્વૈતનો અનુભવ થાય છે. (૧) નિત્યાનિત્ય વસ્તુવિવેક, (૨) ઇહલોક પરલોક સંબંધી ફળના ઉપભોગનો વિરાગ (૩) શમાદિ છ ગુણોની પ્રાપ્તિ (*શમ, દમ, ઉપરતિ (= કર્મત્યાગ)* તિતિક્ષા (સહનશીલતા), સમાધિ અને શ્રદ્ધા આ છ ગુણો છે.) (૪) મુમુક્ષા = મોક્ષની ઇચ્છા.

આ ચાર ગુણોના સેવનપૂર્વક શ્રવણાદિ સેવવા જોઈએ.

પ્રમાણની બાબતમાં વેદાંત અને મીમાંસા દર્શનનો મત એક જ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ – ૧૦

## ચાર્વાક (લોકાયત) મત સાર

(શ્લોક - ૫૨)

લોકાયતમતના પ્રણેતા બૃહસ્પતિ નામના અજ્ઞાત આચાર્ય છે. તે કોઈ ઇષ્ટ દેવતાને માનતા નથી. આ દર્શનનું બીજું નામ ચાર્વાકદર્શન છે.

**તત્ત્વપ્રણાલી :**

પૃથ્વી, જલ, તેજસ, વાયુ આ ચાર મૂળ તત્ત્વો છે. તે ચારે તત્ત્વોનાં સંમિશ્રણથી શરીર, ઇન્દ્રિય કે વિષયની રચના થાય છે. ચાર મૂળ તત્ત્વોનું વિશિષ્ટ સંયોજન થવાથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે. જેમ કાથા અને ચૂનાનાં મિશ્રણથી લાલાશ પેદા થાય છે. કિણ્વ નામના બીજ તેમ જ ઇતર પદાર્થોનાં સંયોજનથી મદિરા (મદ્યશક્તિ) જન્મે છે. તે જ રીતે ચૈતન્ય ભૂતોના સંયોજનથી જ જન્મે છે અને તે સંયોજન તૂટી જતાં નાશ પામે છે. આત્મા નામનું કોઈ તત્ત્વ નથી.

આ જીવનમાં ઉપલબ્ધ ભોગોનું સેવન કરવું તે જ પરમ પુરુષાર્થ છે અને મરણ એ જ મોક્ષ છે.

પ્રત્યક્ષ સિવાય કોઈ પ્રમાણ નથી. (શબ્દપ્રમાણનો અંતર્ભાવ પ્રત્યક્ષમાં જ થઈ જાય છે.)

જે પદાર્થો ઇન્દ્રિયગ્રાહ્ય બનતા નથી તેમની સત્તા જ નથી. ઈશ્વર, સ્વર્ગ, નરક, પુણ્ય-પાપ, કર્મ, પરલોક વગેરે કશું જ નથી માટે જ તત્ત્વજ્ઞાનની જરૂર નથી. ખાવું, પીવું મોજ કરવી એ જ જીવનનું પરમ લક્ષ્ય છે. મરણ પછી કોઈ ચૈતન્યનું અસ્તિત્વ જ રહેતું નથી.

- આ ગ્રંથના પ્રેરક દીક્ષાયુગપ્રવર્તક તપાગચ્છાધિરાજ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના
શિષ્ય પ.પૂ. મુનિરાજ શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.
દ્વારા સંપાદિત ષડ્દર્શન સમુચ્ચયમાંથી સાભાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ - ૧૧

## પદાર્થ-વાક્યાર્થ મહાવાક્યાર્થ-ઐદમ્પર્યાર્થ

(શ્લોક - ૬૫)

પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થને 'सर्वाणि भूतानि न हन्तव्यानि' આ શાસ્ત્રોક્ત વાક્યના આધારે વિચારીએ તો આ પ્રમાણે પદાર્થ આદિ પ્રાપ્ત થાય.

**पदार्थ = जीवानाम् पीडां न विद्ध्यात् ।**

'સર્વ જીવો હણવા યોગ્ય નથી' આ વાક્યનો પદાર્થ તો સ્પષ્ટ જ છે કે કોઈપણ જીવને મનથી કે વચનથી કે કાયાથી લેશમાત્ર પીડા ઉપજાવવી નહિ.

**वाक्यार्थ = चालनागम्यः**

एवं सति चैत्यगृहलोचकरणादिकम् अकरणीयं साधुश्राद्धानाम् अकर्तव्यम् आपन्नम्, तत्रापि परपीडानुगमात् ।

જો કોઈપણ જીવને પીડા ન ઉપજાવવી એ કર્તવ્ય હોય તો શ્રાવકોને માટે જિનમંદિર બંધાવવા યોગ્ય રહેશે નહિ. કારણ કે તેમાં ઘણાં ત્રસસ્થાવર જીવોને થનારી પીડા ટાળી શકાય તેમ નથી. તેમ જ સાધુઓ માટે એકબીજાનો કેશલોચ કરવાનું પણ ઉચિત નહિ ગણાય. કારણ કે તેમા પણ બીજાને ગાઢ પીડા ઊપજતી હોય છે. આ એક **સંદેહ છે** અને તે જ **વાક્યાર્થરૂપ** છે. તેનું જ બીજું નામ ચાલના છે.

**महावाक्यार्थ = प्रत्यवस्थान**

આ ચાલનાનું પ્રત્યવસ્થાન એટલે કે સમાધાન એ જ મહાવાક્યાર્થ છે.

अविधिकरणनान्तरीयकासत्प्रवृत्तिनिवृत्तिपरिणामजनितस्याहिंसानुबन्धस्य प्रच्यवात्, तस्मात् विधिना एव यतितव्यम् ।

જિનમંદિરનું નિર્માણ કરવામાં કે કેશલોચાદિ કરવામાં હિંસાનો દોષ તો છે, પણ તે અવિધિથી કરવામાં આવે તો, અન્યથા નહિ. વિધિનું પાલન કરવાથી અસત્પ્રવૃત્તિથી નિવૃત્તિનો પરિણામ જાગ્યા વિના રહેતો નથી અને અસત્ પ્રવૃત્તિથી નિવૃત્તિનો જે પરિણામ છે તે આત્માને અહિંસાની દિશામાં પ્રગતિ કરાવનાર છે માટે ચૈત્યગૃહ અને કેશલોચ વગેરે કાર્યોમાં વિધિપૂર્વક પ્રવર્તવું જોઈએ.

"अविहिकरणंमि आणाविराहणा दुट्ठमेव एएसिं । तो विहिणा जइअव्वं ।।" ति महावक्कत्थरूवं तु - ઉપદેશ ૫૬

શ્રી ઉપદેશપદના ૮૬૭ શ્લોકમાં પણ કહ્યું છે કે, 'અવિધિ કરવામાં આજ્ઞાની વિરાધના થતી હોવાથી ચૈત્યગૃહાદિનું કરવું દોષ યુક્ત છે માટે વિધિપાલનમાં પ્રયત્ન કરવો' એ મહાવાક્યાર્થનું સ્વરૂપ છે.

**एदम्पर्यार्थ = आज्ञा धर्मे सारः**

'आज्ञैव सर्वत्र धर्म्मे सारः'

આ રીતે 'કોઈપણ જીવની હિંસા ન કરવી' આ વાક્યનો ઐદમ્પર્યાર્થ એ ફલિત થાય છે કે **'ભગવાનની આજ્ઞા એ જ ધર્મકૃત્યમાં સાર છે.'** - ઉપદેશરહસ્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ - ૧૨

## મૂળ શ્લોક તથા શ્લોકાર્થ

### ।। अथ प्रथमोऽधिकारः ।।

१ ऐन्द्रवृन्दनतं नत्वा, वीतरागं स्वयम्भुवम् । अध्यात्मोपनिषन्नामा, ग्रन्थोऽस्माभिर्विधीयते ।।१।।

२ आत्मानमधिकृत्य स्याद्यः पञ्चाचारचारिमा । शब्दयोगार्थनिपुणास्तदध्यात्मं प्रचक्षते ।।२।।

३ रूढ्यर्थनिपुणास्त्वाहुश्चित्तं मैत्र्यादिवासितम् । अध्यात्मं निर्मलं बाह्यव्यवहारोपबृंहितम् ।।३।।

४ एवम्भूतनये ज्ञेयः, प्रथमोऽर्थोऽत्र कोविदैः । यथायथं द्वितीयोऽर्थो, व्यवहारर्जुसूत्रयोः ।।४।।

५ गलन्नयकृतभ्रान्तिर्यः स्याद्विश्रान्तिसम्मुखः । स्याद्वादविशदालोकः, स एवाध्यात्मभाजनम् ।।५।।

६ मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति । तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ।।६।।

७ अनर्थायैव नार्थाय, जातिप्रायाश्च युक्तयः । हस्ती हन्तीति वचने, प्राप्ताप्राप्तविकल्पवत् ।।७।।

८ ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः । कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ।।८।।

९ आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् । अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ।।९।।

१० अन्तरा केवलज्ञानं छद्मस्थाः खल्वचक्षुषः । हस्तस्पर्शसमं शास्त्रज्ञानं तद्व्यवहारकृत् ।।१०।।

११ शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् । भौतहन्तुर्यथा तस्य पदस्पर्शनिषेधनम् ।।११।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ પ્રથમ અધિકાર ॥

ઇન્દ્રોના સમૂહ જેઓશ્રીને નમસ્કાર કરે છે, તેવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને નમીને અમે ‘અધ્યાત્મ ઉપનિષદ્’ નામના ગ્રન્થની રચના કરીએ છીએ. ૧

શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને અર્થ કરવામાં કુશળ વિદ્વાનો આત્માને આશ્રયીને (આત્માના શુદ્ધ સ્વરૂપને લક્ષ્ય બનાવીને) પંચાચારનો જે પ્રકર્ષ થાય છે તેને અધ્યાત્મ કહે છે. ૨

વળી રૂઢિ પ્રમાણે શબ્દનો અર્થ કરવામાં કુશળ વિદ્વાનો મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થભાવનાથી વાસિત, બાહ્ય વ્યવહારથી પુષ્ટ, અને નિર્મળ એવા ચિત્તને અધ્યાત્મ કહે છે. ૩

બીજા અને ત્રીજા શ્લોકમાં જણાવેલા ‘અધ્યાત્મ’ના બે અર્થોમાં પંડિતોએ પ્રથમ અર્થ એવમ્ભૂતનય પ્રમાણે જાણવો અને બીજો અર્થ જે રીતે ઘટે તે રીતે વ્યવહાર અને ઋજુસૂત્રનયાનુસાર છે. તેમ જાણવું. ૪

એક જ નયથી = એક જ દૃષ્ટિકોણથી; પદાર્થને જોતાં ઉત્પન્ન થયેલી ભ્રમણાઓ જેની નાશ પામી રહી હોય, જે વિશ્રાન્તિને સન્મુખ બન્યો હોય અને જેનામાં સ્યાદ્વાદની નિર્મળ વિશાળ દૃષ્ટિ એટલે કે સર્વ દૃષ્ટિકોણથી પદાર્થને જોવાની ત્રેવડ પ્રગટી હોય તે જ વ્યક્તિ અધ્યાત્મનો અધિકારી બને. ૫

મધ્યસ્થ વ્યક્તિનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે. જ્યારે તુચ્છ આગ્રહવાળા વ્યક્તિનું મનરૂપી વાંદરું યુક્તિરૂપી ગાયને પૂંછડાથી ખેંચે છે. ૬

‘હાથી મારે છે’ - આવું વચન સાંભળતાં ‘તે પ્રાપ્તને મારે કે અપ્રાપ્તને મારે’ (અડેલાને મારે કે નહિ અડેલાને મારે ?) - એવા વિકલ્પની જેમ જાતિપ્રાય: (દોષવાળી) યુક્તિઓ અનર્થકારી જ થાય છે. તેનાથી કોઈ લાભ થતો નથી. ૭

જો હેતુવાદથી એટલે કે અનુમાન (યુક્તિ) અને તર્ક દ્વારા, અતીન્દ્રિય પદાર્થો જાણી શકાતા હોત તો આટલા કાળ સુધી બુદ્ધિમાન પુરુષો દ્વારા અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં નિશ્ચય કરાઈ જ ગયો હોત. ૮

અતીન્દ્રિય પદાર્થોના સદ્ભાવનો (સત્તાનો) સ્વીકાર-બોધ કરવા માટે એટલે કે ‘અતીન્દ્રિય પદાર્થો અસ્તિત્વ ધરાવે છે, વિદ્યમાન છે.’ અને તેનું સ્વરૂપ કેવું છે તેનો બોધ અને સ્વીકાર કરવા માટે આગમ અને ઉપપત્તિ સમ્પૂર્ણ દૃષ્ટિસ્વરૂપ છે. ૯

કેવળજ્ઞાન વિનાના છદ્મસ્થ જીવો ખરેખર ચક્ષુ વિનાના છે. (તેમના માટે) શાસ્ત્રથી મેળવેલું અતીન્દ્રિય પદાર્થનું જ્ઞાન હાથના સ્પર્શથી થતાં પદાર્થના જ્ઞાન જેવું છે. (અંધ જેમ હાથથી સ્પર્શ કરી વ્યવહાર કરે છે તેમ આ જ્ઞાન પણ) વ્યવહાર કરાવનારું છે. ૧૦

ભૌતગુરુની હત્યા કરનાર વ્યક્તિનો ભૌત ગુરુને પગથી સ્પર્શ કરવાનો નિષેધ જેમ હિતકારી નથી, તેમ શાસ્ત્રાજ્ઞાને બાજુ ઉપર મૂકી શુદ્ધ ભિક્ષા આદિનો આગ્રહ રાખવો પણ હિતકારી નથી. ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१२ शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते । वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ।।१२।।

१३ वीतरागोऽनृतं नैव, ब्रूयात्तद्धेत्वभावतः । यस्तद्वाक्येष्वनाश्वासस्तन्महामोहविजृम्भितम् ।।१३।।

१४ शास्त्रे पुरस्कृते तस्मात्, वीतरागः पुरस्कृतः । पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ।।१४।।

१५ एनं केचित् समापत्तिं, वदन्त्यन्ये ध्रुवं पदम् । प्रशान्तवाहितामन्ये, विसभागक्षयं परे ।।१५।।

१६ चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः । सर्वतश्चक्षुषः सिद्धा, योगिनः शास्त्रचक्षुषः ।।१६।।

१७ परीक्षन्ते कषच्छेदतापैः स्वर्णं यथा जनाः । शास्त्रेऽपि वर्णिकाशुद्धिं, परीक्षन्तां तथा बुधाः ।।१७।।

१८ विधयः प्रतिषेधाश्च, भूयांसो यत्र वर्णिताः । एकाधिकारा दृश्यन्ते, कषशुद्धिं वदन्ति ताम् ।।१८।।

१९ सिद्धान्तेषु यथा ध्यानाध्ययनादिविधिव्रजाः । हिंसादीनां निषेधाश्च भूयांसो मोक्षगोचराः ।।१९।।

२० अर्थकामविमिश्रं यद्, यच्च क्लृप्तकथाऽऽविलम् । आनुषङ्गिकमोक्षार्थं, यन्न तत् कषशुद्धिमत् ।।२०।।

२१ विधीनां च निषेधानां, योगक्षेमकरी क्रिया । वर्ण्यते यत्र सर्वत्र, तच्छास्त्रं छेदशुद्धिमत् ।।२१।।

२२ कायिकाद्यपि कुर्वीत, गुप्तश्च समितो मुनिः । कृत्ये ज्यायसि किं वाच्य- मित्युक्तं समये यथा ।।२२।।

२३ अन्यार्थं किञ्चिदुत्सृष्टं, यत्रान्यार्थमपोद्य(ह्य)ते । दुर्विधिप्रतिषेधं तद्, न शास्त्रं छेदशुद्धिमत् ।।२३।।

२४ निषिद्धस्य विधानेऽपि हिंसादेर्भूतिकामिभिः । दाहस्येव न सद्वैद्यै-र्याति प्रकृतिदुष्टता ।।२४।।

(શાસ્ત્ર) શાસન કરે છે અને રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેથી જ બુદ્ધિશાળી પુરુષો તેને 'શાસ્ત્ર' કહે છે. તે શાસ્ત્ર તો વીતરાગનું વચન જ છે; અન્ય કોઈનું વચન નહીં. ૧૨

વીતરાગ કદી ખોટું ન જ બોલે, અસત્ય બોલવાના (રાગાદિ) કારણો જ તેમનામાં નથી, આમ છતાં તેમના વચન ઉપર જે અવિશ્વાસ થાય છે, તે મહામોહનો વિલાસ છે. ૧૩

શાસ્ત્ર એ વીતરાગના જ વચનરૂપ હોવાથી શાસ્ત્રને આગળ કરીને પ્રવૃત્તિ કરાયે છતે વીતરાગ જ આગળ કરાય છે અને વીતરાગને આગળ કરવાથી નક્કી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૧૪

આ વીતરાગ પુરસ્કરણને કેટલાક 'સમાપત્તિ' કહે છે. કોઈક 'ધ્રુવપદ' કહે છે, અન્ય 'પ્રશાંતવાહિતા' કહે છે અને વળી બીજા કોઈક 'વિસભાગક્ષય' કહે છે. ૧૫

જગતના સર્વજીવો ચર્મચક્ષુને ધારણ કરનારા છે. દેવતાઓ અવધિજ્ઞાનરૂપી ચક્ષુવાળા છે સિદ્ધભગવંતો ચોમેર (ઉપયોગરૂપ) ચક્ષુવાળા છે અને યોગીઓ શાસ્ત્રરૂપી ચક્ષુવાળા છે. ૧૬

જે પ્રકારે લોકો કષ, છેદ અને તાપ વડે સુવર્ણની પરીક્ષા કરે છે, તે પ્રકારે વિદ્વાન પુરુષો શાસ્ત્રવિષયક પણ વર્ણિકાશુદ્ધિની પરીક્ષા કરે. ૧૭

જે શાસ્ત્રમાં વર્ણન કરાયેલા ઘણાં વિધિ અને પ્રતિષેધો (મોક્ષરૂપ) એક અધિકારવાળા દેખાય છે, તેને શાસ્ત્રકારો શાસ્ત્ર સંબંધી કષ-શુદ્ધિ કહે છે. ૧૮

જેમ કે, જૈન સિદ્ધાંતોમાં મોક્ષવિષયક ઘણાં ધ્યાન-અધ્યયનાદિ વિધિના સમૂહો અને હિંસાદિના નિષેધો છે. (તે કારણે તે શાસ્ત્ર કષશુદ્ધ છે.) ૧૯

જે શાસ્ત્ર અર્થ, કામ(ની વાતો)થી મિશ્રિત હોય, અને જે ક્લૃપ્ત=ઉપજાવી કાઢેલી ખોટી કથાથી-કાલ્પનિક વાતોથી ખરડાયેલ હોય અને જેમાં મોક્ષ માટેની વાતો મુખ્યરૂપે નહિ પણ આનુષંગિક રીતે જ રજૂ કરાઈ હોય તે શાસ્ત્ર કષશુદ્ધિવાળું નથી. ૨૦

જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધોને યોગ અને ક્ષેમ કરનારી ક્રિયા સર્વત્ર વર્ણવાઈ હોય, તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું છે. ૨૧

જેમ કે 'મુનિ કાયિકાદિ પણ ગુપ્ત અને સમિત બનીને કરે (તો) મોટા કૃત્યના વિષયમાં શું કહેવું ?' એ પ્રમાણે (જૈન) શાસ્ત્રોમાં કહેવાયું છે. (તેથી જૈન શાસ્ત્રો છેદશુદ્ધ છે.) ૨૨

જ્યાં કાંઈક અન્યને ઉદ્દેશીને ઉત્સર્ગમાર્ગથી કથન હોય અને કાંઈક અન્ય વિષયને ઉદ્દેશીને અપવાદમાર્ગથી કથન હોય તે કુત્સિત વિધિ-નિષેધવાળું શાસ્ત્ર છેદશુદ્ધિવાળું નથી. ૨૩

સદ્વૈદ્યો વડે કરાતા દાહની પ્રકૃતિદુષ્ટતા જેમ જતી નથી, તેમ આબાદી-સમૃદ્ધિની ઇચ્છા વાળા ભૂતિકામીઓ વડે નિષિદ્ધ એવી હિંસાદિનું વિધાન કરાયે છતે પણ (ભૂતિકામીઓ વડે કરાતી એવી) હિંસાદિની પ્રકૃતિદુષ્ટતા જતી નથી. ૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

२५ हिंसा भावकृतो दोषो, दाहस्तु न तथेति चेत् । भूत्यर्थं तद्विधानेऽपि, भावदोषः कथं गतः ? ।।२५।।

२६ वेदोक्तत्वान्मनःशुद्ध्या कर्मयज्ञोऽपि योगिनः । ब्रह्मयज्ञ इतीच्छन्तः, श्येनयागं त्यजन्ति किम् ।।२६।।

२७ वेदान्तविधिशेषत्वमतः कर्मविधेर्हतम् । भिन्नात्मदर्शकाः शेषा, वेदान्ता एव कर्मणः ।।२७।।

२८ कर्मणां निरवद्यानां, चित्तशोधकता परम् । साङ्ख्याचार्या अपीच्छन्ती-त्यास्तामेषोऽत्र विस्तरः ।।२८।।

२९ यत्र सर्वनयाऽऽलम्बिविचारप्रबलाग्निना । तात्पर्यश्यामिका न स्यात्, तच्छास्त्रं तापशुद्धिमत् ।।२९।।

३० यथाऽऽह सोमिलप्रश्ने, जिनः स्याद्वादसिद्धये । द्रव्यार्थादहमेकोऽस्मि, दृग्ज्ञानार्थादुभावपि ।।३०।।

३१ अक्षयश्चाव्ययश्चास्मि, प्रदेशार्थविचारतः । अनेकभूतभावात्मा, पर्यायार्थपरिग्रहात् ।।३१।।

३२ द्वयोरेकत्वबुद्ध्यापि, यथा द्वित्वं न गच्छति । नयैकान्तधियाप्येवमनेकान्तो न गच्छति ।।३२।।

३३ सामग्र्येण न मानं स्याद्, द्वयोरेकत्वधीर्यथा । तथा वस्तुनि वस्त्वंशबुद्धिर्ज्ञेया नयात्मिका ।।३३।।

३४ एकदेशेन चैकत्वधीर्द्वयोः स्याद्यथा प्रमा । तथा वस्तुनि वस्त्वंशबुद्धिर्ज्ञेया नयात्मिका ।।३४।।

३५ इत्थं च संशयत्वं यन्नयानां भाषते परः । तदपास्तं द्वयालम्बः प्रत्येकं न नयेषु यत् ।।३५।।

३६ सामग्र्येण द्वयालम्बेऽप्यविरोधे समुच्चयः । विरोधे दुर्नयव्राताः स्वशस्त्रेण स्वयं हताः ।।३६।।

३७ कथं विप्रतिषिद्धानां, न विरोधः समुच्चये ? । अपेक्षाभेदतो हन्त, कैव विप्रतिषिद्धता ।।३७।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'હિંસા, એ ભાવથી કરાયેલો દોષ છે; જ્યારે દાહ તેવા પ્રકારનો (દોષ) નથી. (આ પ્રમાણે દૃષ્ટાંતનું જ વૈષમ્ય છે)' એમ જો તું કહેતો હોય તો ઐશ્વર્યાદિ માટે યજ્ઞગત જે હિંસાનું વિધાન છે, તેમાં પણ ભાવદોષ કઈ રીતે દૂર થઈ શકે ? ૨૫

"વેદોક્ત હોવાથી કર્મયજ્ઞ પણ મનશુદ્ધિ દ્વારા બ્રહ્મયજ્ઞસ્વરૂપ જ બને છે." એવું માનતા (વેદાન્તી) યોગીઓ શ્યેનયાગને શું કામ ત્યજે છે ? ૨૬

આથી કરીને = શ્યેનયાગની જેમ કર્મયજ્ઞ મનશુદ્ધિનું કારણ નથી એથી કરીને; કર્મવિધિને વેદાંત વિધિનું અંગ મનાય નહીં, (પરંતુ) કર્મયજ્ઞથી જુદા જ સ્વરૂપવાળા આત્માને ઓળખાવનારાં વેદવાક્યો જ વેદાન્ત વિધિનાં અંગ કહેવાય. ૨૭

સાંખ્યાચાર્યો પણ એવું માને છે કે, 'નિરવદ્ય કર્મ જ શ્રેષ્ઠ ચિત્તશોધક છે' એથી કરીને અહીં = શાસ્ત્રની છેદશુદ્ધિના વિષયમાં પ્રાસંગિક ચાલુ થયેલ 'યજ્ઞગત હિંસા સદોષ છે કે નિર્દોષ છે' તેની ચર્ચામાં આટલી રજૂઆત પર્યાપ્ત છે. ૨૮

જે શાસ્ત્રના વચનને સર્વનયન્ને આધારે કરાતા વિચારરૂપી અગ્નિ દ્વારા ખૂબ તપાવવામાં આવે અને છતાં પણ જો તેનું તાત્પર્ય કાળું ન પડે એટલે કે તાત્પર્ય અસંગત ન બની જાય, તો તે શાસ્ત્રને તાપ-પરીક્ષામાં સફળ માનવું. ૨૯

જેમ કે સોમિલે પ્રશ્ન પૂછ્યો ત્યારે, સ્યાદ્‌વાદના સિદ્ધાંતની સિદ્ધિ કરવા માટે જિનેશ્વર ભગવાને કહ્યું કે, 'દ્રવ્યાર્થથી વિચારો તો હું એક છું, દર્શન તથા જ્ઞાનના પરિણામથી વિચારો તો હું ઉભયરૂપ છું, પ્રદેશાર્થથી વિચારણા કરતાં હું અક્ષય અને અવ્યય છું અને પર્યાયાર્થનો સ્વીકાર કરી વિચાર કરીએ તો હું અતીતકાળના અનેક ભાવો સ્વરૂપ છું.' ઉપલક્ષણથી વર્તમાનના અને ભવિષ્યના અનેક પર્યાયસ્વરૂપ છું. ૩૦-૩૧

જેમ સામે રહેલા બે પદાર્થોમાં અપેક્ષાએ એકપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ત્યારે પણ તે બન્ને પદાર્થમાં રહેલું દ્વિત્વ નાશ પામતું નથી. એ પ્રમાણે નયની એકાન્તબુદ્ધિથી પણ અનેકાન્ત નાશ પામતું નથી. ૩૨

જે પ્રમાણે સામે રહેલી બે વસ્તુમાં એકત્વની બુદ્ધિ સમગ્રતયા પ્રમાણભૂત થતી નથી તે પ્રમાણે (અનંત ધર્મવાળી) વસ્તુના વિષયમાં (તેના એક ધર્મને સામે રાખીને) વસ્તુ-અંશની નયાત્મિકા બુદ્ધિ પણ સમગ્રતયા પ્રમાણભૂત નથી તેમ જાણવું. ૩૩

જેમ સામે પડેલા બે પદાર્થોમાંથી કોઈપણ એકમાં ઉત્પન્ન થયેલી એકત્વ બુદ્ધિ એક દેશથી યથાર્થ ગણાય તેમ વસ્તુમાં નયાત્મિકા એવી વસ્તુ-અંશની બુદ્ધિ પણ વસ્તુના એક દેશથી યથાર્થ જાણવી. ૩૪

અને આ રીતે = નયાત્મિકા બુદ્ધિને એક દેશથી પ્રમાણભૂત સ્વીકારવાને કારણે, અન્ય દર્શનકારો (પરસ્પર વિરોધી) નયોમાં જે સંશયપણાનો આરોપ કરે છે તે ટકી શકતો નથી, કેમ કે અનેક નયોના સમૂહમાંના કોઈ એક નયમાં બે વિરુદ્ધ ધર્મોનું આલંબન હોતું નથી. ૩૫

સમગ્રરૂપે બે (ધર્મનું) આલમ્બન હોવા છતાં પણ જો તે બન્નેમાં વિરોધ ન આવતો હોય તો બન્નેનો સંગ્રહ થાય છે અને જો વિરોધ આવતો હોય તો દુર્નયોના સમુહો પોતાના શસ્ત્રથી પોતે જ હણાયેલા છે. ૩૬

એક જ પદાર્થના પરસ્પર વિરોધી એવા ધર્મોનો સંગ્રહ કરવામાં આવે તો વિરોધ કેમ ન થાય ? તેવા પૂર્વપક્ષીના પ્રશ્નનો જવાબ આપતાં (વિદ્વાન ગણાતા પ્રશ્નકારની અણસમજ ઉપર ખેદ વ્યક્ત કરતા) હંત ! કરીને ગ્રંથકારશ્રી કહે છે કે અપેક્ષાનો ભેદ હોવાથી વિરોધિતા જ ક્યાં છે ? એટલે કે વિરોધ જ નથી. ૩૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

३८ भिन्नापेक्षा यथैकत्र पितृपुत्रादिकल्पना । नित्यानित्याद्यनेकान्तस्तथैव न विरोत्स्यते ।।३८।।

३९ व्यापके सत्यनेकान्ते, स्वरूपपररूपयोः । आनेकान्त्यान्न कुत्रापि, निर्णीतिरिति चेन्मतिः ।।३९।।
४० अव्याप्यवृत्तिधर्माणां, यथाऽवच्छेदकाश्रयां । नाऽपि ततः परावृत्तिस्तत्, किं नाऽत्र तथेक्ष्यते ।।४०।।

४१ आनैगमान्त्यभेदं तत् परावृत्तावपि स्फुटम् । अभिप्रेताश्रयेणैव निर्णयो व्यवहारकः ।।४१।।

४२ अनेकान्तेऽप्यनेकान्ता-दनिष्ठैवमपाकृता । नयसूक्ष्मेक्षिकाप्रान्ते विश्रान्तेः सुलभत्वतः ।।४२।।

४३ आत्माश्रयादयोऽप्यत्र, सावकाशा न कर्हिचित् । ते हि प्रमाणसिद्धार्थात् , प्रकृत्यैव पराङ्मुखाः ।।४३।।

४४ उत्पन्नं दधिभावेन, नष्टं दुग्धतया पयः । गोरसत्वात् स्थिरं जानन् स्याद्वादद्विड् जनोऽपि कः ।।४४।।
४५ इच्छन् प्रधानं सत्त्वाद्यै र्विरुद्धै र्गुम्फितं गुणैः । साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो, नानेकान्तं प्रतिक्षिपेत् ।।४५।।

४६ विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् । इच्छंस्तथागतः प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत् ।।४६।।

४७ चित्रमेकमनेकं च, रूपं प्रामाणिकं वदन् । योगो वैशेषिको वापि, नानेकान्तं प्रतिक्षिपेत् ।।४७।।

४८ प्रत्यक्षं मितिमात्रंशे, मेयांशे तद्विलक्षणम् । गुरुर्ज्ञानं वदन्नेकं, नानेकान्तं प्रतिक्षिपेत् ।।४८।।

४९ जातिव्यक्त्यात्मकं वस्तु, वदन्ननुभवोचितम् । भट्टो वाऽपि मुरारिर्वा, नानेकान्तं प्रतिक्षिपेत् ।।४९।।

५० अबद्धं परमार्थेन, बद्धं च व्यवहारतः । ब्रुवाणो ब्रह्म वेदान्ती, नानेकान्तं प्रतिक्षिपेत् ।।५०।।

५१ ब्रुवाणा भिन्नभिन्नार्थान्, नयभेदव्यपेक्षया । प्रतिक्षिपेयुर्नो वेदाः, स्याद्वादं सार्वतान्त्रिकम् ।।५१।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ એક વ્યક્તિમાં અપેક્ષાભેદથી પિતા-પુત્રાદિની કલ્પના વિરોધી બનતી નથી. તે પ્રમાણે જ એક પદાર્થમાં નિત્ય-અનિત્યાદિસ્વરૂપ અનેકાન્ત પણ વિરોધી થશે નહિ. ૩૮

'અનેકાન્તને સર્વત્ર સ્વીકારવામાં આવે તો સ્વરૂપ અને પરરૂપમાં પણ અનેકાન્ત હોવાથી, ક્યાંય પણ વસ્તુના સ્વરૂપનો નિર્ણય નહીં થઈ શકે' - આવી નૈયાયિકની દલીલ સામે ગ્રંથકારશ્રી કહે છે કે, જે પ્રમાણે અવચ્છેદકના આધારે અવ્યાપ્તવૃત્તિ ધર્મોનો નિર્ણય થયા પછી તેમાં ફેરફાર થતો નથી તેમ અહીં પણ અપેક્ષાના આધારે જે નિર્ણય થાય તેમાં કોઈ ફેરફાર થતો નથી. ૩૯-૪૦

નૈગમનયથી માંડીને છેક સાત નયોમાં છેલ્લા ભેદરૂપ એવંભૂતનય સુધી વસ્તુના સ્વ-રૂપ અને પર-રૂપ વિષયક અભિપ્રાયો સ્પષ્ટપણે બદલાયા કરે છે, તો પણ અભિપ્રેતના આશ્રયથી જ જે નિર્ણય થાય છે, તેના આધારે વ્યવહાર કરી શકાય છે. ૪૧

અનેકાન્તના સિદ્ધાન્તમાં પણ અનેકાન્ત હોવાથી જે અનવસ્થા પ્રાપ્ત થતી હતી, તે આ પ્રમાણે = શ્લોક ૪૦માં જણાવ્યું તેમ અવચ્છેદકનો આશ્રય કરીને દૂર કરાય છે, કેમકે નયની સૂક્ષ્મદૃષ્ટિના અંતે વિશ્રાન્તિ સુલભ છે. ૪૨

અનવસ્થાની જેમ આત્માશ્રય આદિ દોષોનો પણ અનેકાન્તમાં ક્યારેય અવકાશ રહેતો નથી, કારણ કે અનેકાન્ત એ પ્રમાણસિદ્ધ અર્થ હોવાને કારણે અનેકાન્ત પ્રત્યે તે દોષો પ્રકૃતિથી જ પરાઙ્મુખ છે. ૪૩

'દૂધરૂપે નાશ પામેલ અને દહીંરૂપે ઉત્પન્ન થયેલ પય: (પ્રવાહીરૂપ દ્રવ્ય) દૂધ અને દહીંરૂપ બન્ને અવસ્થામાં ગોરસરૂપે સ્થિર રહે છે' એવું જાણતો એવો પણ કયો માણસ સ્યાદ્વાદનો દ્વેષી થાય ? ૪૪

'પ્રધાન' નામનો પદાર્થ સત્ત્વ, તમસ્ અને રજસ્ એવા ત્રણ વિરુદ્ધ ધર્મોથી યુક્ત છે' - એવું માનતો બુદ્ધિમાનોમાં મુખ્ય એવો સાંખ્ય મત અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરે. ન કરી શકે. ૪૫

'વિજ્ઞાનનો એક આકાર, વિવિધ આકારોથી યુક્ત છે' - એવું માનતા બુદ્ધિશાળી બૌદ્ધ અનેકાન્તનો નિષેધ ન કરી શકે. ૪૬

એક અને અનેક ચિત્રરૂપને પ્રામાણિક કહેતાં યોગ કે વૈશેષિક દર્શન પણ અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે. ૪૭

'એક જ જ્ઞાન, અનુમિતિ અને અનુમાતાના અંશમાં પ્રત્યક્ષ છે અને અનુમેયના અંશમાં તેનાથી વિલક્ષણ = પરોક્ષ છે' એવું કહેતા ગુરુ' (પ્રભાકર-મીમાંસક મતના એક વિભાગના પુરસ્કર્તા) અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે. ૪૮

વસ્તુ જાતિ અને વ્યક્તિ એમ ઉભયસ્વરૂપ છે એમ અનુભવને અનુસરે તેવી વાત કરનારા મીમાંસકો કુમારિલ ભટ્ટ કે મુરારિ મિશ્ર અનેકાન્તવાદનો પ્રતિક્ષેપ ન કરી શકે. ૪૯

'બ્રહ્મ એટલે કે આત્મા પરમાર્થથી બંધાયેલ નથી અને વ્યવહારથી બંધાયેલ છે' - આવું બોલનાર વેદાન્તી અનેકાન્તનો પ્રતિક્ષેપ ન કરી શકે. ૫૦

જુદા જુદા નયની અપેક્ષાથી જુદા જુદા અર્થોને કહેનારા વેદો સાર્વતાન્ત્રિક - સર્વ શાસ્ત્રોમાં વ્યાપક - એવા સ્યાદ્વાદનો પ્રતિક્ષેપ ન કરી શકે. ૫૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

५२ विमतिः[६] सम्मतिर्वापि[७], चार्वाकस्य[५] न[८] मृग्यते[९] । परलोकात्ममोक्षेषु[३], यस्य[१] मुह्यति[४] शेमुषी[२] ।।५२।।

५३ तेना[१]नेकान्तसूत्रं[३] यद्[२], यद्वा[४] सूत्रं[५] नयात्मकम्[६] । तदेव[७] तापशुद्धं[८] स्याद्[९], न[१०] तु[११] दुर्नयसंज्ञितम्[१२] ।।५३।।

५४ नित्यैकान्ते[१] न[३] हिंसादि[२], तत्पर्यायापरिक्षयात्[४] । मनःसंयोगनाशादौ[५], व्यापारानुपलम्भतः[६] ।।५४।।

५५ बुद्धिलेपोऽपि[२] को[३] नित्यनिर्लेपात्मव्यवस्थितौ[१] । सामानाधिकरण्येन[५], बन्धमोक्षौ[६] हि[४] सङ्गतौ[७] ।।५५।।

५६ अनित्यैकान्तपक्षेऽपि[१], हिंसादिकमसङ्गतम्[२] । स्वतो[३] विनाशशीलानां[४], क्षणानां[५] नाशको[६]ऽस्तु[८] कः[७] ? ।।५६।।

५७ आनन्तर्यं[३] क्षणानां[२] तु[१], न[४] हिंसादिनियामकम्[५] । विशेषादर्शनात्[८]तस्य[७], बुद्धलुब्धकयोर्मिथः[६] ।।५७।।

५८ सङ्क्लेशेन[२] विशेष[३]ष्टो[१]दानन्तर्य[४]मपार्थकम्[५] । न[१०] हि[६] तेनापि[७] संक्लिष्टमध्ये[८] भेदो[९] विधीयते[११] ।।५८।।

५९ मनोवाक्काययोगानां[१३] भेदादेवं[१४][१२] क्रियाभिदा[१५] । समग्रैव[१६] विशीर्येते[१७]त्येत[१८]दन्यत्र[१९] चर्चितम्[२०] ।।५९।।

६० नित्यानित्याद्यनेकान्तशास्त्रं[२] तस्माद्विशिष्यते[३] । तद्दृष्ट्यैव[४] हि[५] माध्यस्थ्यं[७] गरिष्ठ[६]मुपपद्यते[८] ।।६०।।

६१ यस्य[१] सर्वेषु[२] समता[५], नयेषु[३] तनयेष्विव[४] । तस्यानेकान्तवादस्य[६], क्व[७] न्यूनाधिकशेमुषी[८] ।।६१।।

६२ स्वतन्त्रास्तु[१] नया[२]स्तस्य[३], नांशाः[४] किन्तु[५] प्रकल्पिताः[६] । रागद्वेषौ[१२] कथं[११] तेषाम्[७], दूषणेऽपि[८] च[९] भूषणे[१०] ।।६२।।

६३ अर्थे[४] महेन्द्रजालस्य[१], दूषितेऽपि[२] च भूषिते[३] । यथा[५] जनानां[६] माध्यस्थ्यं[७], दुर्नयार्थे[१०] तथा[८] मुनेः[९] ।।६३।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર્વાકની બુદ્ધિ પરલોક, આત્મા, મોક્ષ આદિ વિષયોને સમજવા-સ્વીકારવામાં મુંઝવણ અનુભવે છે તેથી તેને સ્યાદ્વાદ સંમત છે કે નહીં; તે વિચારાતું નથી. ૫૨

શ્લોક ૨૯ થી ૫૨ સુધીના શ્લોકોમાં જણાવ્યું તે પ્રમાણે સ્યાદ્વાદથી જગતની વ્યવસ્થા સુસંગત થાય છે, તે કારણથી જે અનેકાન્તસૂત્ર પ્રમાણસૂત્ર છે અને જે નયાત્મક સૂત્ર છે, તે જ તાપશુદ્ધ કહેવાય પરંતુ દુર્નય યુક્ત શાસ્ત્રો તાપશુદ્ધ ન કહેવાય. ૫૩

આત્માને એકાન્તે નિત્ય માનનારના મતમાં હિંસાદિ ઘટતાં નથી. કેમ કે, હિંસ્યના પર્યાયનો નાશ થતો નથી. (જો પૂર્વપક્ષી એમ કહે કે, 'આત્માનો મન સાથે જે સંયોગ છે, તે સંયોગના નાશ વગેરે રૂપ હિંસા ઘટી શકે છે,' તો તેને ગ્રન્થકારશ્રી કહે છે કે) મન સાથેના સંયોગના નાશમાં (હિંસકની) કોઈ પ્રવૃત્તિ દેખાતી નથી (કે જેને હિંસારૂપે માની શકાય). ૫૪

આત્મા જો નિત્ય અને નિર્લેપ હોય તો બુદ્ધિલેપ પણ શું ? કારણ કે સામાનાધિકરણ્યથી (જ) બન્ધ અને મોક્ષ સંગત છે. ૫૫

આત્માને એકાન્તે અનિત્ય માનનારાના મતમાં પણ હિંસાદિ ઘટતાં નથી. કેમકે સ્વયં જ નાશ પામનારી ક્ષણોનો - જીવાદિ પદાર્થોનો નાશક કોણ થાય ? ૫૬

વળી 'ક્ષણોનું જે (વિસભાગસંતતિરૂપ) આનન્તર્ય છે એટલે એક ક્ષણ પછી કોઈપણ અંતર વગર વિસભાગસંતતિ ચલાવે તેવી તરત આવતી ક્ષણનો જે એક વિશિષ્ટ ધર્મ છે તે જ હિંસાદિનો નિયામક બને છે' - એવું કહેવું યોગ્ય નથી, કેમકે બુદ્ધ કે શિકારીમાં પરસ્પર તે ક્ષણો સંબંધી આનન્તર્યના વિશેષનું દર્શન થતું નથી એટલે કે ક્ષણોનું આનન્તર્ય તો બુદ્ધ અને શિકારીમાં સમાન છે. ૫૭

વિસભાગસંતતિના ઉત્પાદક બુદ્ધ અને શિકારીમાં, સંક્લેશના કારણે વિશેષ (ફરક) છે એમ જો કહો તો આનન્તર્ય (હિંસાનું નિયામક માનવું) વ્યર્થ છે, કેમકે આનન્તર્યથી પણ કાંઈ સંક્લિષ્ટ વ્યક્તિઓ વચ્ચે ભેદ કરાતો નથી. વળી, આ રીતે વિસભાગસંતતિ ઉત્પન્ન થાય તેની પૂર્વ ક્ષણમાં વર્તતા બુદ્ધ અને શિકારીમાં માત્ર સંક્લેશના આધારે ફરક છે એમ સ્વીકારશો તો મન-વચન-કાયાના યોગના ભેદથી જે ક્રિયાના ભેદો પડે છે, તે સમગ્ર નાશ પામી જાય. આ વિષયની ચર્ચા અન્ય ગ્રન્થોમાં કરેલ છે. ૫૮-૫૯

(આત્માને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માનવામાં હિંસાદિ ઘટી શકતાં નથી,) તે કારણથી આત્માને નિત્યાનિત્યરૂપે સ્વીકારનાર અનેકાન્તશાસ્ત્ર વિશેષતાને પામે છે અર્થાત્ યુક્તિયુક્ત ઠરે છે. વળી અનેકાન્ત શાસ્ત્રની દૃષ્ટિથી જ ખરેખર ઉત્કૃષ્ટ મધ્યસ્થભાવ પ્રાપ્ત થાય છે. ૬૦

જે અનેકાન્તવાદની સર્વનયો પ્રત્યે પુત્રોની જેમ સમાનબુદ્ધિ હોય છે, તે અનેકાંતવાદની કયા નયોમાં ન્યૂન કે અધિક બુદ્ધિ હોય ? અર્થાત્ ક્યાંય ન હોય. ૬૧

સ્વતન્ત્ર નયો અનેકાન્તવાદના અંશો નથી, પરંતુ તે માત્ર કલ્પિત છે, તેથી તેઓના દૂષણમાં કે ભૂષણમાં પણ રાગ-દ્વેષ કેવી રીતે થાય ? ૬૨

જેમ ઇન્દ્રજાળના દૂષિત કે ભૂષિત કરાયેલા પદાર્થોમાં સમજુ લોકો મધ્યસ્થ રહે છે, એની ઉપેક્ષા કરે છે, તેમ મુનિ પણ (કાલ્પનિક એવા) દુર્નયો રૂપ પદાર્થમાં મધ્યસ્થ રહે છે. ૬૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

६४ दूषयेदज्ञ एवोच्चैः, स्याद्वादं न तु पण्डितः । अज्ञप्रलापे सुज्ञानां, न द्वेषः करुणैव तु ।।६४।।

६५ त्रिविधं ज्ञानमाख्यातं, श्रुतं चिन्ता च भावना । आद्यं कोष्ठगबीजाभं, वाक्यार्थविषयं मतम् ।।६५।।

६६ महावाक्यार्थजं यत्तु सूक्ष्मयुक्तिशतान्वितम् । तद्द्वितीयं जले, तैल - बिन्दुरीत्या प्रसृत्वरम् ।।६६।।

६७ ऐदम्पर्यगतं यच्च, विध्यादौ यत्नवच्च यत् । तृतीयं तदशुद्धोच्चजात्यरत्नविभानिभम् ।।६७।।

६८ आद्ये ज्ञाने मनाक् पुंसस्तद्रागाद्दर्शनग्रहः । द्वितीये न भवत्येष चिन्तायोगात्कदाचन ।।६८।।

६९ चारिसञ्जीविनीचारकारकज्ञाततोऽन्तिमे । सर्वत्रैव हिता वृत्तिर्गाम्भीर्यात्तत्त्वदर्शिनः ।।६९।।

७० तेन स्याद्वादमालम्ब्य सर्वदर्शनतुल्यताम् । मोक्षोद्देशाविशेषेण, यः पश्यति स शास्त्रवित् ।।७०।।

७१ माध्यस्थ्यमेव शास्त्रार्थो येन तच्चारु सिध्यति । स एव धर्मवादः स्यादन्यद् बालिशवल्गनम् ।।७१।।

७२ पुत्रदारादि संसारो, धनिनां मूढचेतसाम् । पण्डितानां तु संसारः, शास्त्रमध्यात्मवर्जितम् ।।७२।।

७३ माध्यस्थ्यसहितं ह्येकपदज्ञानमपि प्रमा । शास्त्रकोटिर्वृथैवान्या तथा चोक्तं महात्मना ।।७३।।

७४ वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा । तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद्गतौ ।।७४।।

७५ इति यतिवदनात्पदानि बुद्ध्वा, प्रशमविवेचनसंवराभिधानि ।
प्रदलितदुरितः क्षणाच्चिलातितनय, इह त्रिदशालयं जगाम ।।७५।।

७६ नचानेकान्तार्थावगमरहितस्यास्य फलितम्, कथं माध्यस्थ्येन स्फुटमिति विधेयं भ्रमपदम् ।
समाधेरव्यक्तादिदभिदधति व्यक्तसदृशं, फलं योगाचार्या, ध्रुवमभिनिवेशे विगलिते ।।७६।।

७७ विशेषादोघाद्वा सपदि तदनेकान्तसमये समुन्मीलद्भक्तिर्भवति य इहाध्यात्मविशदः ।
भृशं धीरोदात्तप्रियतमगुणोज्जागररुचिर्यशश्रीस्तस्याङ्कं त्यजति न कदापि प्रणयिनी ।।७७।।

।। इति प्रथमोऽधिकारः ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાની પુરુષો જ સ્યાદ્વાદને અત્યંત દૂષિત કરે, પંડિત પુરુષો નહિ અને જ્ઞાની પુરુષોને આવા અજ્ઞાનીઓના બોલવા ઉપર દ્વેષ થતો નથી, પરંતુ કરુણા જ થાય છે. ૬૪

શ્રુત, ચિન્તા અને ભાવના એમ ત્રણ પ્રકારનું જ્ઞાન કહેવાયું છે, તેમાં પહેલું શ્રુતજ્ઞાન કોઠીમાં પડેલા બીજ જેવું અને વાક્યાર્થવિષયક હોય છે. ૬૫

વળી જે જ્ઞાન મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયું હોય, સેંકડો સૂક્ષ્મ યુક્તિઓથી યુક્ત હોય, તેમ જ તેલનું એક ટીપું જેમ પાણીમાં પ્રસરી જાય તેમ ચારે બાજુ ફેલાવાના સ્વભાવવાળું હોય તે બીજું ચિન્તાજ્ઞાન છે. ૬૬

જે જ્ઞાન ઐદંપર્ય એટલે કે તાત્પર્યવિષયક હોય તથા જે વિધિ આદિમાં વિશેષ યત્ન કરાવે તેવું હોય તે ત્રીજું ભાવનાજ્ઞાન અશુદ્ધ પણ ઉંચા જાતિવાન રત્નની કાંતિ તુલ્ય છે. ૬૭

શ્રુતજ્ઞાનમાં પુરુષને શ્રુતજ્ઞાનના રાગથી પોતાના દર્શનનો થોડો આગ્રહ અર્થાત્ થોડી પક્કડ હોય છે; જ્યારે ચિન્તાજ્ઞાનમાં ઊંડું ચિન્તન હોવાના કારણે ક્યારેય પોતાના દર્શનની ખોટી પક્કડ હોતી નથી. ૬૮

અંતિમ ભાવનાજ્ઞાનમાં ગંભીરતા હોવાને કારણે ચારિમાં સંજીવનીનું ભક્ષણ કરાવનાર સ્ત્રીના દૃષ્ટાંતની જેમ તત્ત્વને જાણનાર પુરુષ બધે જ હિતકારી પ્રવૃત્તિ કરે છે. ૬૯

ભાવના જ્ઞાન દ્વારા સ્યાદ્વાદનું આલંબન લઈને 'સર્વદર્શનોમાં મોક્ષનો ઉદ્દેશ સમાન છે' એ રૂપે જે સર્વદર્શનની તુલ્યતાને જોઈ શકે છે, તે જ સાચો શાસ્ત્રવેત્તા છે તેમ કહેવાય. ૭૦

માધ્યસ્થ્ય જ શાસ્ત્રાર્થ=શાસ્ત્રનો ઐદંપર્યાર્થ છે. જેનાથી તે મધ્યસ્થભાવ સારી રીતે સિદ્ધ થાય, તે જ ધર્મવાદ છે. અન્ય = જેનાથી મધ્યસ્થભાવ સિદ્ધ ન થતો હોય તેવી શાસ્ત્રની ચર્ચા, તે બાલિશવલ્ગન અર્થાત્ મુર્ખ માણસની કૂદાકૂદ જેવી છે. ૭૧

જેમ મૂઢચિત્તવાળા ધનવાનને પુત્ર, સ્ત્રી આદિ સંસાર છે તેમ વળી પંડિતોને અધ્યાત્મવિનાનું શાસ્ત્ર (જ્ઞાન) સંસાર છે. ૭૨

મધ્યસ્થભાવથી યુક્ત એવું શાસ્ત્રના એક પદનું જ્ઞાન પણ પ્રમા છે, જ્યારે મધ્યસ્થભાવ વગરનું કરોડો શાસ્ત્રોનું જ્ઞાન પણ નકામું છે. તેમ મહાત્મા પતંજલિ વડે (પણ) કહેવાયું છે. ૭૩

જેમ ઘાણીનો બળદ સતત (એક જ પ્રકારની) ગતિ કરવા છતાં તેના પરિણામને પામતો નથી તેમ નિશ્ચિત એવા (એક જ પ્રકારના)વાદ અને પ્રતિવાદને કરતાં સર્વદર્શનમાં રહેલા મુમુક્ષુઓ પણ તત્ત્વના અંતને પામતાં નથી. ૭૪

મધ્યસ્થભાવપૂર્વકનું એક પદનું જ્ઞાન પણ પ્રમા છે, એથી કરીને યતિના મુખથી પ્રશમ, વિવેક અને સંવર એવાં માત્ર ત્રણ પદોને જાણીને જેનાં પાપો નાશ પામ્યાં હતાં એવા ચિલાતિપુત્ર ક્ષણમાં સ્વર્ગમાં ગયા, એવું જૈનશાસનમાં જોવા મળે છે. ૭૫

'અનેકાન્ત અર્થના બોધ વગરના ચિલાતિપુત્રને ઉપશમ-વિવેક-સંવરનું જ્ઞાન માત્ર માધ્યસ્થ્યથી કેવી રીતે સ્પષ્ટ ફળવાળું થયું ?' આવી શંકા ન કરવી, કેમકે યોગાચાર્યો કહે છે કે, જ્યારે ખોટો આગ્રહ નાશ પામી જાય છે ત્યારે અવ્યક્ત સમાધિથી પણ વ્યક્ત સમાધિ જેવું જ ફળ પ્રાપ્ત થાય છે. ૭૬

(જે કારણથી વ્યક્ત સમાધિ કે અવ્યક્ત સમાધિ બન્ને સરખાં ફળ ઉપજાવે છે) તે કારણથી અનેકાન્તશાસ્ત્રમાં વિશેષથી કે સામાન્યથી તુરંત ઉછળતી ભક્તિવાળો જે (છે, તે સાધક) અધ્યાત્મવિશદ્ બને છે વળી, આ અધ્યાત્મિક ક્ષેત્રમાં) ધીર અને ઉદાત્ત પ્રિયતમના ગુણો પ્રત્યે ઉજાગર અને તીવ્ર રુચિવાળી યશલક્ષ્મીરૂપી પ્રેમિકા તે સાધકના ખોળાને ક્યારે પણ છોડતી નથી. ૭૭

**॥ પ્રથમ અધિકાર સમાપ્ત ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ।। अथ द्वितीयोऽधिकारः ।।

७८ दिशा दर्शितया शास्त्रैर्गच्छन्नच्छमतिः पथि । ज्ञानयोगं प्रयुञ्जीत तद्विशेषोपलब्धये ।।१।।

७९ योगजादृष्टजनितः, स तु प्रातिभसंज्ञितः । सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।।२।।

८० पदमात्रं हि नान्वेति, शास्त्रं दिग्दर्शनोत्तरम् । ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुञ्चति ।।३।।

८१ तत्त्वतो ब्रह्मणः शास्त्रं, लक्षकं न तु दर्शकम् । न चादृष्टात्मतत्त्वस्य, दृष्टभ्रान्तिर्निवर्तते ।।४।।

८२ तेनात्मदर्शनाकाङ्क्षी, ज्ञानेनान्तर्मुखो भवेत् । द्रष्टुर्दृगात्मता मुक्तिर्दृश्यैकात्म्यं भवभ्रमः ।।५।।

८३ आत्मज्ञाने मुनिर्मग्नः, सर्वं पुद्गलविभ्रमम् । महेन्द्रजालवद्वेत्ति, नैव तत्रानुरज्यते ।।६।।

८४ आस्वादिता सुमधुरा, येन ज्ञानरतिः सुधा । न लगत्येव तच्चेतो, विषयेषु विषेष्विव ।।७।।

८५ सत्तत्त्वचिन्तया यस्याभिसमन्वागता इमे ।आत्मवान् ज्ञानवान्, वेदधर्मवान् ब्रह्मवांश्च सः ।।८।।

८६ विषयान् साधकः पूर्वमनिष्टत्वधिया त्यजेत् । न त्यजेन्न च गृह्णीयात्, सिद्धो विन्द्यात् स तत्त्वतः ।।९।।

८७ योगारम्भदशास्थस्य, दुःखमन्तर्बहिः सुखम् । सुखमन्तर्बहिर्दुःखम्, सिद्धयोगस्य तु ध्रुवम् ।।१०।।

८८ प्रकाशशक्त्या यद्रूपमात्मनो ज्ञानमुच्यते । सुखं स्वरूपविश्रान्तिशक्त्या वाच्यं तदेव तु ।।११।।

८९ सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् । एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ।।१२।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ દ્વિતીય અધિકાર ॥

શાસ્ત્રે બતાવેલી દિશાથી મોક્ષમાર્ગમાં ચાલતો નિર્મળબુદ્ધિવાળો સાધક મોક્ષમાર્ગની વિશેષ પ્રાપ્તિ માટે જ્ઞાનયોગનો પ્રયોગ કરે. ૧

વળી, દિવસ અને રાત્રિથી જેમ સંધ્યા જુદી છે, તેમ તે જ્ઞાનયોગ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જુદો છે, (શાસ્ત્ર)યોગથી ઉત્પન્ન થયેલા અદૃષ્ટથી (ક્ષયોપશમથી) પેદા થયો છે અને 'પ્રાતિભજ્ઞાન' તરીકે ઓળખાય છે. ૨

દિશા બતાવ્યા પછી શાસ્ત્ર એક પગલું પણ આગળ ચાલતું નથી; જ્યારે જ્ઞાનયોગ તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મુનિનું પડખું છોડતો નથી. ૩

પરમાર્થથી શાસ્ત્ર શુદ્ધ આત્મતત્ત્વસ્વરૂપ બ્રહ્મનું લક્ષક છે; પરંતુ દર્શક નથી અને જેણે આત્મતત્ત્વ જોયું નથી તેનો દૃષ્ટપદાર્થવિષયક ભ્રમ નાશ પામતો નથી. ૪

શાસ્ત્રદ્વારા આત્મદર્શન ન થતું હોવાના કારણે, આત્મદર્શન કરવાની ઇચ્છા ધરાવનાર સાધકે જ્ઞાનયોગ દ્વારા અન્તર્મુખ થવું જોઈએ. દ્રષ્ટાની = આત્માની; દગ્ સાથેની = જ્ઞાનશક્તિરૂપ દૃષ્ટિ સાથેની એકાત્મતા એ મુક્તિ છે અને દૃશ્ય = બાહ્યપદાર્થો સાથેનું ઐકાત્મ્ય એ ભવભ્રમ છે. ૫

આત્મજ્ઞાનમાં મગ્ન બનેલા મુનિભગવંત સર્વ પુદ્ગલના વિભ્રમને મોટી ઇન્દ્રજાળ સમાન જાણે છે, તેથી તે તેમાં ક્યારેય રંગાતા નથી. ૬

જે મુનિએ સુમધુર એવી જ્ઞાનરતિરૂપ અમૃતનો સ્વાદ ચાખ્યો છે, તે મુનિનું ચિત્ત વિષ જેવા વિષયોમાં ક્યારેય પણ લાગતું નથી. ૭

સત્-તત્ત્વનું ચિંતન કરવાથી એટલે કે આત્મસ્વરૂપનું કે વાસ્તવિકતાનું ચિંતન કરવાથી; જેને વિષયો વશ થઈ ગયા હોય તે સાધક આત્મવાન છે, જ્ઞાનવાન છે, વેદધર્મવાન છે (અથવા વેદવાન છે ધર્મવાન છે) અને બ્રહ્મવાન છે. ૮

સાધકયોગી પ્રારંભિક કક્ષામાં 'વિષયો અનિષ્ટ છે' - એવી બુદ્ધિથી વિષયોનો ત્યાગ કરે છે, જ્યારે સિદ્ધયોગી વિષયોનો ત્યાગ પણ કરતો નથી કે વિષયોને ગ્રહણ પણ કરતો નથી; તે તો વિષયોને તત્ત્વથી જાણે છે. ૯

યોગની પ્રાથમિક ભૂમિકામાં સાધકને અંદર દુઃખ હોય છે અને બહાર સુખ હોય છે, જ્યારે સિદ્ધયોગીને તો નિશ્ચિતપણે અંદરમાં સુખ હોય છે અને બહાર દુઃખ હોય છે. ૧૦

આત્માનું જે રૂપ પ્રકાશશક્તિની અપેક્ષાએ જ્ઞાન કહેવાય છે, (આત્માનું) તે જ (રૂપ) સ્વરૂપમાં ઠરવાની શક્તિની અપેક્ષાએ સુખ કહેવાય છે. ૧૧

'પરવશ સર્વ દુઃખ છે અને આત્મવશ સર્વ સુખ છે' અર્થાત્ 'જે પરાધીન છે તે સર્વ દુઃખરૂપ છે અને જે સ્વાધીન છે તે સર્વ સુખરૂપ છે,' સંક્ષેપમાં આ સુખ-દુઃખનું લક્ષણ કહ્યું છે. ૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

९० ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव पार्यते । नोपमेयं प्रियाश्लेषैर्नापि , तच्चन्दनद्रवैः ।।१३।।

९१ तेजोलेश्याविवृद्धिर्या पर्यायक्रमवृद्धितः । भाषिता भगवत्यादौ सेत्थम्भूतस्य युज्यते ।।१४।।

९२ चिन्मात्रलक्षणेनान्यव्यतिरिक्तत्वमात्मनः । प्रतीयते यदश्रान्तं तदेव ज्ञानमुत्तमम् ।।१५।।

९३ शुभोपयोगरूपोऽयं, समाधिः सविकल्पकः । शुद्धोपयोगरूपस्तु, निर्विकल्पस्तदेकदृक् ।।१६।।

९४ आद्यः सालम्बनो नाम योगोऽनालम्बनः परः । छायाया दर्पणाभावे, मुखविश्रान्तिसन्निभः ।।१७।।

९५ यद् दृश्यं यच्च निर्वाच्यं, मननीयं च यद् भुवि । तद्रूपं परसंश्लिष्टं, न शुद्धद्रव्यलक्षणम् ।।१८।।

९६ अपदस्य पदं नास्तीत्युपक्रम्यागमे ततः । उपाधिमात्रव्यावृत्त्या, प्रोक्तं शुद्धात्मलक्षणम् ।।१९।।

९७ यतो वाचो निवर्तन्ते, अ(ह्य)प्राप्य मनसा सह । इति श्रुतिरपि व्यक्तमेतदर्थानुभाषिणी ।।२०।।

९८ अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना । शास्त्रयुक्तिशतेनापि, नैव गम्यं कदाचन ।।२१।।

९९ केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी । विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ।।२२।।

१०० पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना । कथं लिपिमयी दृष्टिः, वाङ्मयी वा मनोमयी ।।२३।।

१०१ न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ । कल्पनाशिल्पविश्रान्तेस्तुर्यैवानुभवो दशा ।।२४।।

१०२ अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः । स्वसंवेद्यं परं ब्रह्मानुभवैरधिगच्छति ।।२५।।

१०३ ये पर्यायेषु निरतास्ते ह्यन्यसमयस्थिताः । आत्मस्वभावनिष्ठानां, ध्रुवा स्वसमयस्थितिः ।।२६।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનયોગમાં મગ્ન બનેલા યોગીનું જે સુખ છે તેનું વર્ણન કરવું પણ શક્ય નથી, કેમ કે તેને પ્રિયાના આલિંગનના સુખની સાથે કે ચન્દનના વિલેપનથી ઉપજતાં સુખની સાથે સરખાવી શકાય તેવું નથી. ૧૩

જેમ જેમ ચારિત્રપર્યાયની વૃદ્ધિ થાય તેમ તેમ તેજોલેશ્યાની એટલે કે ચિત્તના સુખની વૃદ્ધિ થાય છે, એવું ભગવતીસૂત્ર વગેરે આગમોમાં કહેવાયું છે. તેમાં દર્શાવેલી તેજોલેશ્યાની વૃદ્ધિ આવા પ્રકારના સાધુમાં એટલે કે જ્ઞાનમગ્ન બનેલા જ્ઞાનયોગી મહાત્મામાં જ ઘટે છે. ૧૪

ચૈતન્યસ્વરૂપે આત્મા સર્વ પદાર્થોથી જુદો છે એવું જે સતત પ્રતીત થાય છે, તે જ ઉત્તમ જ્ઞાન છે. ૧૫

શુભ ઉપયોગ સ્વરૂપ આ = પૂર્વની ગાથામાં વર્ણવેલું ઉત્તમ જ્ઞાન સવિકલ્પસમાધિરૂપ છે. તથા શુદ્ધઉપયોગ સ્વરૂપ તે ઉત્તમજ્ઞાન તદેકદગ્ નિર્વિકલ્પસમાધિરૂપ છે એટલે કે, શુદ્ધજ્ઞાન સાથેની એકતાસ્વરૂપે નિર્વિકલ્પસમાધિરૂપ છે. ૧૬

પહેલી સવિકલ્પસમાધિ તે પહેલો સાલમ્બનયોગરૂપ જ્ઞાનયોગ છે અને બીજી નિર્વિકલ્પ સમાધિ તે દર્પણના અભાવમાં છાયાની મુખમાં વિશ્રાન્તિ જેવો નિરાલમ્બનયોગરૂપ જ્ઞાનયોગ છે. ૧૭

જગતમાં જે પદાર્થ દશ્ય છે, જે વાચ્ય છે અને જે મનનીય છે, તે રૂપ બીજાના સંયોગવાળું છે, તે શુદ્ધ આત્મદ્રવ્યનું લક્ષણ નથી. ૧૮

(જે કારણથી જે દૃશ્યાદિ પદાર્થો ઇન્દ્રિયો કે મનનો વિષય બને છે તે શુદ્ધ આત્માનું સ્વરૂપ નથી) તે કારણથી આગમમાં 'અપદને પદ નથી' એવું કહીને ઉપાધિમાત્રની વ્યાવૃત્તિ કરવા દ્વારા શુદ્ધ આત્માનું લક્ષણ બતાવ્યું છે. ૧૯

'જે કારણથી મનની સાથે વાણી (પણ શુદ્ધ આત્મસ્વરૂપને) પામ્યા વિના પાછી ફરે છે (તે કારણથી શુદ્ધ આત્મસ્વરૂપ વચનાતીત છે).' એ પ્રમાણેની શ્રુતિ પણ = વેદનું વચન પણ સ્પષ્ટપણે આ અર્થને = પૂર્વ શ્લોકમાં જણાવેલ 'આત્માને શબ્દોથી વર્ણવી શકાતો નથી' એ અર્થને અનુસરનારી છે. ૨૦

વિશુદ્ધ એવા અનુભવજ્ઞાન વગર ઇન્દ્રિયથી અગોચર એવું પરમ બ્રહ્મ = આત્મતત્ત્વ, શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે પણ ક્યારેય જાણી શકાય તેમ નથી જ. ૨૧

કોની કલ્પનારૂપી કડછી (ચમચો) શાસ્ત્રરૂપી ખીરમાં પ્રવેશ કરતી નથી ? અર્થાત્ સર્વની કરે છે, પરંતુ અનુભવરૂપી જીભ વડે તેનો = શાસ્ત્રરૂપી ખીરના રસનો, સ્વાદ માણનારા વિરલ હોય છે અર્થાત્ કોઈક જ હોય છે. ૨૨

નિર્દ્વન્દ્વ અનુભવ વિના લિપિમયી, વાઙ્મયી કે મનોમયી દૃષ્ટિ નિર્દ્વન્દ્વ એવા બ્રહ્મને કેવી રીતે જુવે ? ૨૩

નિર્દ્વન્દ્વ અનુભવ, એ સુષુપ્તિ દશા નથી, કેમકે તેમાં મોહ નથી હોતો અને તે સ્વપ્ન કે જાગર દશા પણ નથી. તે તો કલ્પનાશિલ્પની વિશ્રાન્તિ હોવાને કારણે તુર્યા=ચોથી જ દશા છે. ૨૪

મુનિ શાસ્ત્રદૃષ્ટિથી સમસ્ત શબ્દબ્રહ્મને જાણીને અનેક અનુભવો દ્વારા સ્વસંવેદ્ય એવા પરબ્રહ્મને જાણે છે. ૨૫

જેઓ પર્યાયોમાં નિરત છે, તેઓ પરભાવમાં રહેલા છે અને જેઓ આત્મસ્વભાવમાં સ્થિત છે તેઓ નક્કી સ્વરૂપમાં સ્થિત છે. ૨૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१०४ आवापोद्वापविश्रान्तिर्यत्राशुद्धनयस्य तत् । शुद्धानुभवसंवेद्यं, स्वरूपं परमात्मनः ।।२७।।

१०५ गुणस्थानानि यावन्ति, यावन्त्यश्चापि मार्गणाः । तदन्यतरसंश्लेषो, नैवातः परमात्मनः ।।२८।।

१०६ कर्मोपाधिकृतान् भावान्, य आत्मन्यध्यवस्यति । तेन स्वाभाविकं रूपं न बुद्धं परमात्मनः ।।२९।।

१०७ यथा भृत्यैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते । शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ।।३०।।

१०८ मुषितत्वं यथा पान्थगतं पथ्युपचर्यते । तथा व्यवहरत्यज्ञश्चिद्रूपे कर्मविक्रियाम् ।।३१।।

१०९ स्वत एव समायान्ति, कर्माण्यारब्धशक्तितः । एकक्षेत्रावगाहेन ज्ञानी तत्र न दोषभाक् ।।३२।।

११० दारुयन्त्रस्थपाञ्चालीनृत्यतुल्याः प्रवृत्तयः । योगीनो नैव बाधायै, ज्ञानिनो लोकवर्तिनः ।।३३।।

१११ प्रारब्धादृष्टजनिता, सामायिकविवेकतः । क्रियापि ज्ञानिनो व्यक्तामौचितीं नातिवर्तते ।।३४।।

११२ संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि । लिप्यते निखिलो लोको, ज्ञानसिद्धो न लिप्यते ।।३५।।

११३ नाहं पुद्गलभावानां कर्ता कारयिता च न । नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ।।३६।।

११४ लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् । चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ।।३७।।

११५ लिप्तताज्ञानसम्पातप्रतिघाताय केवलम् । निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ।।३८।।

११६ तपःश्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते । भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते ।।३९।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમાં અશુદ્ધનયના આવાપ-ઉદ્વાપની અર્થાત્ પદાર્થનો નિર્ણય કરવા કરાતા ઊહાપોહની વિશ્રાન્તિ છે, તે શુદ્ધ અનુભવથી સંવેદ્ય એવું પરમાત્માનું સ્વરૂપ છે. ૨૭

અશુદ્ધનયના આવાપ-ઉદ્વાપની જ્યાં વિશ્રાન્તિ છે, તે પરમાત્માનું સ્વરૂપ છે; આથી જેટલાં પણ ગુણસ્થાનકો છે અને જેટલી પણ માર્ગણાઓ છે, તે બન્નેમાંથી કોઈની પણ સાથે પરમાત્માનો સંબંધ જ નથી. ૨૮

કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલા ભાવોને જે વ્યક્તિ આત્માના પોતાના ભાવો તરીકે સ્વીકારે છે, તેના વડે પરમાત્માનું સ્વાભાવિકસ્વરૂપ જણાયું જ નથી. ૨૯

જેમ નોકર એવા યોદ્ધાઓએ કરેલ યુદ્ધનો સ્વામીને વિષે જ ઉપચાર થાય છે, તેમ અવિવેકના કારણે કર્મના સમૂહથી ઉત્પન્ન થયેલ ભાવોનો શુદ્ધાત્મામાં ઉપચાર થાય છે. ૩૦

જેમ માર્ગમાં મુસાફર લૂંટાય તો 'આ માર્ગ લૂંટાય છે' એવો ઉપચાર થાય છે, તેમ અજ્ઞાની વ્યક્તિ કર્મની વિક્રિયાનો આત્મામાં વ્યવહાર કરે છે. ૩૧

ઉદયમાં આવેલા કર્મની આરબ્ધશક્તિથી એક ક્ષેત્રમાં રહેલા હોવાથી કર્મો સ્વયં જ આવે છે - રહે છે. તેમાં = આ રીતે કર્મો આવીને રહે છે તે વિષયમાં, જ્ઞાનયોગી = જ્ઞાની દોષનો ભાગી બનતો નથી. ૩૨

લોકમાં રહેલા જ્ઞાનયોગીઓની લાકડાના યન્ત્રમાં રહેલી પૂતળીના નૃત્ય જેવી પ્રવૃત્તિઓ તેમને બાધક બનતી નથી. ૩૩

જ્ઞાનીની પ્રારબ્ધ અદૃષ્ટથી ઉત્પન્ન થયેલી ક્રિયા પણ તેમનામાં સામાયિકજન્ય વિવેક હોવાને કારણે સ્પષ્ટ જણાતા ઔચિત્યનું ઉલ્લંઘન કરતી નથી. ૩૪

કાજળના ઘર સમાન સંસારમાં રહેતા, પૌદ્ગલિક સ્વાર્થને સાધવામાં તત્પર એવા દુનિયાના સર્વ લોકો (કર્મથી) લેપાય છે, પણ જ્ઞાનસિદ્ધયોગી લેપાતા નથી. ૩૫

"હું પુદ્ગલભાવોનો કર્તા નથી, કરાવનાર નથી અને અનુમોદના કરનાર પણ નથી" આવા (અનુભૂતિપૂર્ણ) આત્મજ્ઞાનવાળો યોગી કેવી રીતે લેપાય ? (અર્થાત્ ન લેપાય) ૩૬

'વિચિત્ર રંગોવાળું દેખાતું આકાશ જેમ કાજળવડે એટલે કે તે તે અવકાશી રંગો વડે લેપાતું નથી, તેમ પુદ્ગલોથી હું લેપાતો નથી પણ પુદ્ગલનો સમૂહ લેપાય છે.' આ પ્રમાણે ધ્યાન કરતો જ્ઞાનસિદ્ધયોગી લેપાતો નથી. ૩૭

નિર્લેપજ્ઞાનમાં મગ્ન બનેલા મહાત્માને માત્ર લિપ્તતા-જ્ઞાનના સંપાતને (લિપ્તતા જ્ઞાનને આવી પડતું) અટકાવવા માટે સર્વે ક્રિયા ઉપયોગી છે. ૩૮

તપ, શ્રુત વગેરેથી મત્ત = અહંકારી બનેલો સાધક (આવશ્યકાદિ) ક્રિયાવાળો હોય તોપણ કર્મોથી લેપાય છે (જ્યારે) ભાવનાજ્ઞાનથી ભાવિત મતિવાળો સાધક નિષ્ક્રિય હોય તોપણ લેપાતો નથી. ૩૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

११७ समलं निर्मलं चेदमिति द्वैतं यदा गतम् । अद्वैतं निर्मलं ब्रह्म, तदैकमशिष्यते ।।४०।।

११८ महासामान्यरूपेऽस्मिन्मज्जन्ति नयजा भिदाः । समुद्र इव कल्लोलाः, पवनोन्माथनिर्मिताः ।।४१।।

११९ षड्द्रव्यैकात्म्यसंस्पर्शि, सत्सामान्यं हि यद्यपि । परस्यानुपयोगित्वात्, स्वविश्रान्तं तथापि तत् ।।४२।।

१२० नयेन सङ्ग्रहेणैवमृजुसूत्रोपजीविना । सच्चिदानन्दरूपत्वं ब्रह्मणो व्यवतिष्ठते ।।४३।।

१२१ सत्त्वचित्त्वादिधर्माणां, भेदाभेदविचारणे । न चार्थोऽयं विशीर्येत निर्विकल्पप्रसिद्धितः ।।४४।।

१२२ योगजानुभवारूढे, सन्मात्रे निर्विकल्पके । विकल्पौघासहिष्णुत्वं, भूषणं न तु दूषणम् ।।४५।।

१२३ यो ह्याख्यातुमशक्योऽपि प्रत्याख्यातुं न शक्यते । प्राज्ञैर्न दूषणीयोऽर्थः, स माधुर्यविशेषवत् ।।४६।।

१२४ कुमारी न यथा वेत्ति, सुखं दयितभोगजम् । न जानाति तथा लोको, योगिनां ज्ञानजं सुखम् ।।४७।।

१२५ अत्यन्तपक्वबोधाय, समाधिर्निर्विकल्पकः । वाच्योऽयं नार्धविज्ञस्य, तथा चोक्तं परैरपि ।।४८।।

१२६ आदौ शमदमप्रायैर्गुणैः शिष्यं प्रबोधयेत् । पश्चात् सर्वमिदं ब्रह्म, शुद्धस्त्वमिति बोधयेत् ।।४९।।

१२७ अज्ञस्यार्धप्रबुद्धस्य, सर्वं ब्रह्मेति यो वदेत् । महानरकजालेषु स तेन विनियोजितः ।।५०।।

१२८ तेनादौ शोधयेच्चित्तं सद्विकल्पैर्व्रतादिभिः । यत्कामादिविकाराणां, प्रतिसङ्ख्याननाश्यता ।।५१।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'આ સંસારવર્તી જીવોનું બ્રહ્મ મલવાળું છે અને મોક્ષવર્તી જીવોનું બ્રહ્મ નિર્મળ છે' આવું દ્વૈત જ્યારે ચાલ્યું જાય છે ત્યારે એક અદ્વૈત નિર્મળ બ્રહ્મ જ બાકી રહે છે. ૪૦

પવનના આવેગથી ઉત્પન્ન થયેલા તરંગો જેમ સમુદ્રમાં જ સમાઈ જાય છે તેમ નયથી ઉત્પન્ન થયેલા ભેદો મહાસામાન્ય એવા શુદ્ધ બ્રહ્મમાં સમાઈ જાય છે. ૪૧

જો કે મહાસામાન્ય જીવ, અજીવ આદિ છએ દ્રવ્યમાં જે ઐક્ય છે = એકાત્મતા છે તેને સ્પર્શનારું છે; તોપણ પર = જીવ સિવાયના અન્ય દ્રવ્યો અનુપયોગી હોવાથી તે = મહાસામાન્ય માત્ર જીવમાં વિશ્રાન્ત પામે છે. ૪૨

આ રીતે = આત્મા સિવાયનાં દ્રવ્યો શુદ્ધ આત્મસ્વરૂપને પામવા માટે ઉપયોગી ન હોવાથી સત્ સામાન્યને બ્રહ્મ માત્રમાં વિશ્રાન્ત કરવાથી, ઋજુસૂત્રનયના આધારે જોનાર, અને બોલનાર સંગ્રહનયથી બ્રહ્મ સત્-ચિત્-આનંદસ્વરૂપે વ્યવસ્થિત થાય છે. ૪૩

સત્ત્વ, ચિત્ત્વ આદિ ધર્મો સંબંધી ભેદ-અભેદની વિચારણા કરવામાં આવે ત્યારે આ અર્થ = 'અદ્વૈત બ્રહ્મ સચ્ચિદાનંદમય છે' એ અર્થ અસંગત નહીં થાય; કેમકે નિર્વિકલ્પની પ્રસિદ્ધિ છે. ૪૪

સાધક જ્યારે ચારિત્રયોગથી ઉત્પન્ન થયેલા અનુભવજ્ઞાનમાં આરૂઢ થાય છે ત્યારે 'સત્' માત્રના વિષયવાળા નિર્વિકલ્પજ્ઞાનના ઉપયોગમાં વિકલ્પોના સમૂહને સહન ન કરવા - ન સ્પર્શવાં તે ભૂષણ છે, પરંતુ દૂષણ નથી. ૪૫

માધુર્યવિશેષની જેમ યોગજ અનુભવ વર્ણવવો પણ શક્ય નથી અને નિષેધ કરવો પણ શક્ય નથી (તેથી) અનુભવસ્વરૂપ અર્થ પ્રાજ્ઞ પુરુષો વડે દૂષિત કરવા યોગ્ય નથી. ૪૬

જેમ કુંવારી કન્યા પતિના સમાગમથી થયેલાં સુખને જાણતી નથી, તેમ સામાન્ય લોક યોગીઓના જ્ઞાનજન્ય સુખને જાણતો નથી. ૪૭

આ નિર્વિકલ્પ સમાધિની વાત અત્યંત પરિપક્વ બોધવાળાને જ કહેવા યોગ્ય છે; અધકચરા જ્ઞાનવાળાને આ કહેવા યોગ્ય નથી, અને તેમ અન્ય દર્શનકારોએ પણ કહ્યું છે. (જે આ પછીના શ્લોકમાં કહેવાશે.) ૪૮

યોગની પ્રારંભિક ભૂમિકામાં શિષ્યને શમ, દમ પ્રમુખ ગુણો વડે પ્રતિબોધે અને પછીથી તેને 'આ બધું બ્રહ્મ છે' અને 'તું શુદ્ધ છે' એવો બોધ આપે. ૪૯

બ્રહ્મના - આત્માના સ્વરૂપને હજુ જેણે પૂરેપૂરું જાણ્યું નથી તે અર્ધપ્રબુદ્ધ એવા અજ્ઞાનીને જે ઉપદેશક એમ કહે કે, 'આ સર્વ બ્રહ્મ છે' તે ઉપદેશક વડે તે અજ્ઞાની જીવ મહાનરકની જાળમાં ફસાવાય છે. ૫૦

આગળના શ્લોકોમાં જણાવ્યા મુજબ 'જે ઉપદેશક પ્રારંભિક ભૂમિકાવાળા શિષ્યને (અપક્વ ભૂમિકાવાળાને) અદ્વૈતબ્રહ્મનો ઉપદેશ આપે છે, તે શિષ્યને મહાનરકની જાળમાં ફસાવે છે' તે કારણથી યોગની પ્રારંભિક દશામાં સદ્વિકલ્પોરૂપ વ્રતાદિ દ્વારા ચિત્તને શુદ્ધ કરવું જોઈએ, કારણ કે, કામાદિવિકારો પ્રતિસંખ્યાન દ્વારા = પ્રતિપક્ષભાવના દ્વારા નાશ પામે તેવા છે. ૫૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१२९ विकल्परूपा मायेयं, विकल्पेनैव नाश्यते । अवस्थान्तरभेदेन, तथा चोक्तं परैरपि ।।५२।।

१३० अविद्ययैवोत्तमया, स्वात्मनाशोद्यमोत्थया, । विद्या सम्प्राप्यते राम, सर्वदोषापहारिणी ।।५३।।

१३१ शाम्यति ह्यस्त्रमस्त्रेण, मलेन क्षाल्यते मलः । शमं विषं विषेणैति, रिपुणा हन्यते रिपुः ।।५४।।

१३२ ईदृशी भूतमायेयं, या स्वनाशेन हर्षद ! । न लक्ष्यते स्वभावोऽस्याः, प्रेक्ष्यमाणैव नश्यति ।।५५।।

१३३ व्रतादिः शुभसङ्कल्पो, निर्णाश्याशुभवासनाम् । दाह्यं विनेव दहनः स्वयमेव विनङ्क्ष्यति ।।५६।।

१३४ इयं नैष्टायिकी शक्तिर्न प्रवृत्तिर्न वा क्रिया । शुभसङ्कल्पनाशार्थं योगिनामुपयुज्यते ।।५७।।

१३५ द्वितीयापूर्वकरणे, क्षायोपशमिका गुणाः । क्षमाद्या अपि यास्यन्ति, स्थास्यन्ति क्षायिकाः परम् ।।५८।।

१३६ इत्थं, यथाबलमनुद्यममुद्यमं च, कुर्वन् दशानुगुणमुत्तममान्तरार्थे ।
चिन्मात्रनिर्भरनिवेशितपक्षपातः प्रातर्द्युरत्नमिव दीप्तिमुपैति योगी ।।५९।। (वसन्ततिलका)

१३७ अभ्यस्य तु प्रविततं व्यवहारमार्गं, प्रज्ञापनीय इह सद्गुरुवाक्यनिष्ठः ।
चिद्दर्पणप्रतिफलत्त्रिजगद्विवर्ते, वर्तेत किं पुनरसौ सहजात्मरूपे ।।६०।। (वसन्ततिलका)

१३८ भवतु किमपि तत्त्वं बाह्यमाभ्यन्तरं वा, हृदि वितरति साम्यं निर्मलष्टािद्विचारः ।
तदिह निचितपञ्चाचारसञ्चारचारुस्फुरितपरमभावे पक्षपातोऽधिको नः ।।६१।। (मालिनी)

१३९ स्फुटमपरमभावे नैगमस्तारतम्यं, प्रवदतु न तु हृष्येत्तावता ज्ञानयोगी ।
कलितपरमभावं चिच्चमत्कारसारं, सकलनयविशुद्धं चित्तमेकं प्रमाणम् ।।६२।। (मालिनी)

१४० हरिरपरनयानां गर्जितैः कुञ्जराणां सहजविपिनसुप्तो निष्टायो नो बिभेति ।
अपि तु भवति लीलोज्जृम्भिजृम्भोन्मुखेऽस्मिन् गलितमदभरास्ते नोच्छ्वसन्त्येव भीताः ।।६३।। (मालिनी)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવસ્થાન્તરવિશેષ હોવાથી વિકલ્પરૂપ આ માયા વિકલ્પ દ્વારા જ નાશ પામે છે. તેમ અન્ય દર્શનકારોએ પણ કહ્યું છે. ૫૨

હે રામ ! પોતાનો (અધમ એવી અવિદ્યાનો) નાશ કરવાના ઉદ્યમથી ઉત્પન્ન થયેલી ઉત્તમ એવી અવિદ્યા દ્વારા જ સર્વદોષોનો નાશ કરનારી વિદ્યા સંપ્રાપ્ત થાય છે. ૫૩

અસ્ત્રથી જ અસ્ત્ર શમે છે, મળથી મળ સાફ થાય છે, વિષથી વિષનું શમન થાય છે અને શત્રુથી શત્રુ હણાય છે. ૫૪

એક ઋષિમુનિ હર્ષદને સંબોધીને કહે છે કે, "હે હર્ષદ ! અવિદ્યારૂપ આ ભૂતમાયા એવા પ્રકારની છે કે, જે સ્વનાશ રૂપે = અધમ અવિદ્યાના નાશરૂપે, જોવાતી જ નાશ પામે; તેનો આવો સ્વભાવ તારા વડે જોઈ શકાતો નથી. ૫૫

ઇન્ધન વિના જેમ અગ્નિ સ્વયં શાંત થઈ જાય છે, તેમ (અસદ્‌વિકલ્પોને શાંત કરવા ઉત્પન્ન કરેલા) સદ્‌વિકલ્પો, અશુભ વાસનાઓને નાશ કરીને સ્વયં જ નાશ પામી જાય છે. ૫૬

આ નૈશ્ચયિકી શક્તિ પ્રવૃત્તિ નથી કે ક્રિયા પણ નથી. તે યોગીઓને શુભસંકલ્પનો નાશ કરવા માટે ઉપયોગી બને છે. ૫૭

બીજા અપૂર્વકરણમાં ક્ષાયોપશમિક ભાવના ક્ષમાદિ ગુણો પણ ચાલ્યા જશે, પરંતુ ક્ષાયિક ભાવના એવા ક્ષમાદિ ગુણો રહેશે. ૫૮

આ રીતે અંતરંગ પરિણામોને શુદ્ધ કરવા પોતાના ચિત્તની ભૂમિકાસ્વરૂપ દશાને અનુસાર અને પોતાની માનસિક, વાચિક, કાયિક અને આત્મિક શક્તિ પ્રમાણે ઉદ્યમ અને અનુદ્યમ કરતો, આત્મામાં અત્યંત સ્થાપિતપક્ષપાતવાળો યોગી પ્રાતઃકાળ જેમ સૂર્યને પ્રાપ્ત કરે છે, તેમ કેવળજ્ઞાનરૂપી કાંતિને પ્રાપ્ત કરે છે. ૫૯

સદ્‌ગુરુના વાક્ય પ્રત્યે નિષ્ઠાવાળો અને પ્રજ્ઞાપનીય એવો આ યોગી વિસ્તૃત એવા વ્યવહાર-માર્ગનો અભ્યાસ કરીને સહજ આત્મસ્વરૂપમાં વર્તવાને કારણે આત્માના જ્ઞાનગુણસ્વરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થતા ત્રણ જગતના વિવર્તોમાં = વિવિધ પર્યાયોમાં વળી કેવી રીતે વર્તે ? (કેવી રીતે રાગાદિને આધીન થાય ?) ૬૦

તત્ત્વ બાહ્ય કે અભ્યન્તર કાંઈ પણ હો, (પરંતુ) હૃદયમાં નિર્મલ એવો આત્માનો વિચાર સમતા ઉત્પન્ન કરે છે, તે કારણથી અમને સંચિત પંચાચારના સેવનથી પ્રગટ થતા પરમભાવમાં અધિક પક્ષપાત છે. ૬૧

નૈગમનય અપરમભાવમાં સ્પષ્ટ તરતમતાને ભલે કહે, પરંતુ જ્ઞાનયોગી તેટલા માત્રથી ખુશ થતા નથી, કેમ કે તેઓને તો જેણે પરમભાવનો અનુભવ કર્યો છે, ચૈતન્યનો એટલે કે જ્ઞાનનો ચમત્કાર જેમાં પ્રધાન છે અને સકળ નયોથી જે વિશુદ્ધ છે તે ચિત્ત જ એક માત્ર પ્રમાણ છે, માન્ય છે. ૬૨

નિશ્ચય સિવાયના અન્ય નયોસ્વરૂપ હાથીઓની ગર્જનાઓથી સહજ એવા જંગલમાં સૂતેલો નિશ્ચયનયરૂપી સિંહ ડરતો નથી. ઊલટું જ્યારે લીલાપૂર્વક બગાસું ખાઈને આ સિંહ સન્મુખ આવે ત્યારે તે હાથીઓનો મદ ગળી જાય છે અને ડરી ગયેલા તેઓ શ્વાસ પણ લઈ શકતા નથી. ૬૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१४१ कलितविविधबाह्यव्यापकोलाहलौघव्युपरमपरमार्थे[2] भावनापावनानाम्[1] ।
क्वचन[3] किमपि[4] शोच्यं[5] नास्ति[6] नैवास्ति[8] मोच्यं[7], न[11] च[14] किमपि[9] विधेयं[10] नैव[16] गेयं[15] न[13] देयम्[12] ।।६४।। (मालिनी)

१४२ इति[1] सुपरिणतात्मख्यातिचातुर्यकेलि[2]-र्भवति[6] यतिपतिर्[4]यष्टो[3]द्धरोद्भासिवीर्यः[5] ।
हरहिमकरहारस्फारमन्दारगङ्गा-रजतकलशशुभ्रा[9] स्यात्तदीया[7] यशःश्रीः[8] ।।६५।। (मालिनी)

**।। इति द्वितीयोऽधिकारः ।।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મભાવનાથી પવિત્ર થયેલા યોગીઓને અનેક પ્રકારના બાહ્ય વ્યવહારના વિસ્તારના કોલાહલનો સમુહ શાંત થવાના કારણે આત્માની અનુભૂતિસ્વરૂપ પરમાર્થ જણાય ત્યારે ક્યાંય કાંઈ પણ શોક કરવા યોગ્ય, છોડવા યોગ્ય, કરવા યોગ્ય, આપવા યોગ્ય કે ગાવા યોગ્ય રહેતું નથી જ. ૬૪

આ પ્રમાણે = શ્લોક ૬૪માં કહ્યું તે પ્રમાણે સારી રીતે પરિણત પામી ગયેલ આત્મખ્યાતિમાં ચાતુર્યપૂર્વક રમણ કરનાર જે યતિપતિ શુદ્ધ ચૈતન્યથી સભર બનેલ ભાવમાં એટલે કે જ્ઞાનયોગમાં ઉત્પન્ન થયેલા વીર્યવાળા થાય છે, તેની યશરૂપી લક્ષ્મી શિવજી, ચન્દ્ર, દેદીપ્યમાન હાર, મોગરાના ફુલ, ગંગા અને ચાંદીના કળશ જેવી ઉજ્જ્વળ થાય છે. ૬૫

**॥ દ્વિતીય અધિકાર સમાપ્ત ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ।। अथ तृतीयोऽधिकारः ।।

१४३ यान्येव साधनान्यादौ, गृह्णीयाज्ज्ञानसाधकः । सिद्धयोगस्य तान्येव, लक्षणानि स्वभावतः ।।१।।

१४४ अत एव जगौ यात्रां, सत्तपोनियमादिषु । यतनां सोमिलप्रश्ने, भगवान् स्वस्य निष्ठिताम् ।।२।।

१४५ अतश्चैव स्थितप्रज्ञभावसाधनलक्षणे । अन्यूनाभ्यधिके प्रोक्ते, योगदृष्ट्या परैरपि ।।३।।

१४६ नाज्ञानिनो विशेष्येत, यथेच्छाचरणे पुनः । ज्ञानी स्वलक्षणाभावात्, तथा चोक्तं परैरपि ।।४।।

१४७ बुद्धाऽद्वैतसतत्त्वस्य, यथेच्छाचरणं यदि । शुनां तत्त्वदृशां चैव, को भेदोऽशुचिभक्षणे ।।५।।

१४८ अबुद्धिपूर्विका वृत्तिर्न दुष्टा तत्र यद्यपि । तथापि योगजादृष्टमहिम्ना सा न सम्भवेत् ।।६।।

१४९ निवृत्तमशुभाचाराच्छुभाचारप्रवृत्तिमत् । स्याद्वा चित्तमुदासीनं, सामायिकवतो मुनेः ।।७।।

१५० विधयश्च निषेधाश्च न त्वज्ञाननियन्त्रिताः । बालस्यैवागमे प्रोक्तो, नोद्देशः पश्यकस्य यत् ।।८।।

१५१ न च सामर्थ्ययोगस्य, युक्तं शास्त्रं नियामकम् । कल्पातीतस्य मर्यादाप्यस्ति न ज्ञानिनः क्वचित् ।।९।।

१५२ भावस्य सिद्ध्यसिद्धिभ्यां, यच्चाकिञ्चित्करी क्रिया । ज्ञानमेव क्रियामुक्तं, राजयोगस्तदिष्यताम् ।।१०।।

१५३ मैवं नाकेवली पश्यो नापूर्वकरणं विना । धर्मसन्न्यासयोगी चेत्यन्यस्य नियता क्रिया ।।११।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ તૃતીય અધિકાર ॥

કેવળજ્ઞાનનો સાધક પ્રારંભમાં જે પણ સાધનોને ગ્રહણ કરે છે તે જ સિદ્ધયોગીના સ્વભાવથી લક્ષણો છે. ૧

આથી કરીને જ = સાધનાની શરૂઆતમાં જ્ઞાનનો સાધક જે સાધનોને ગ્રહણ કરે છે, તે જ સાધનો સિદ્ધયોગીનાં સ્વભાવથી લક્ષણ છે એથી કરીને જ; સોમિલના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાને સમ્યગ્ તપ, નિયમાદિના વિષયમાં નિશ્ચિત યતનાને પોતાની સંયમયાત્રા કહી હતી અર્થાત્ પોતાના ક્રિયાયોગરૂપે વર્ણવી હતી. ૨

પ્રથમ શ્લોકમાં બતાવ્યું કે જ્ઞાનયોગનો સાધક આદિમાં જે સાધનોને ગ્રહણ કરે છે, તે જ સિદ્ધયોગીના સ્વભાવથી લક્ષણો છે એ કથન યોગ્ય છે; એથી કરીને જ અન્યદર્શનકારોએ પણ યોગદૃષ્ટિથી સ્થિતપ્રજ્ઞભાવને પ્રાપ્ત કરવાના સાધનો અને તેના લક્ષણો સમાન સંખ્યામાં જણાવ્યા છે. ૩

જ્ઞાની જો ઇચ્છા પ્રમાણે આચરણ કરે તો અજ્ઞાની કરતાં જ્ઞાની વિશેષ નહીં રહે અર્થાત્ જ્ઞાની અને અજ્ઞાનીમાં કોઈ ફરક નહીં રહે, કેમ કે (તપ-નિયમાદિ વિના જો) ઇચ્છા પ્રમાણે વર્તન કરાય તો જ્ઞાનીમાં પોતાના લક્ષણનો અભાવ પ્રાપ્ત થાય એટલે કે જ્ઞાની, જ્ઞાની ન રહે' તેવું અન્યદર્શનકારોએ પણ કહ્યું છે. ૪

અદ્વૈત બ્રહ્મને જેણે જાણ્યું છે એવો જ્ઞાની પણ જો સ્વચ્છંદ રીતે આચરણ કરે, તો અશુચિ=વિષ્ટા આદિનું ભક્ષણ કરનાર કૂતરામાં અને વિષયોરૂપી અશુચિનું સેવન કરનાર તત્ત્વદ્રષ્ટામાં શું ફરક ? અર્થાત્ કોઈ ફરક નથી. (દેખાવથી ભલે કૂતરા અને જ્ઞાની જુદા દેખાય પણ અશુચિનું સેવન કરવાના વિષયમાં તો બન્ને સરખા જ છે. કૂતરા વિષ્ટા ચૂંથે છે અને જ્ઞાની વિષયોને વિષરૂપે જાણવા છતાં વિષયોરૂપી વિષ્ટા ચૂંથે છે.) ૫

જો કે છઠ્ઠી દૃષ્ટિવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોમાં જે અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિઓ = વિષયોમાં 'આ મારા સુખનું કારણ છે' તેવી બુદ્ધિ વગરની ભોગાદિની પ્રવૃત્તિઓ દેખાય છે તે દુષ્ટ નથી, છતાં પણ જ્યારે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થાય ત્યારે તેના મહિમાથી તે રસ વિનાની ભોગાદિની પ્રવૃત્તિઓ પણ સંભવતી નથી. ૬

સામાયિકવાળા મુનિનું ચિત્ત અશુભ આચારથી નિવૃત્ત અને શુભ આચારમાં પ્રવૃત્તિવાળું હોય છે અથવા ઉદાસીન હોય છે. ૭

જે કારણથી જ્ઞાનથી નિયન્ત્રિત ન હોય એવા વિધિ અને નિષેધો (મોક્ષના કારણ બનતા) નથી. (તથા) આગમમાં (વિધિ-નિષેધનો) ઉદ્દેશ બાળને જ કહેવાયો છે પશ્યકને=દ્રષ્ટાભાવવાળા જ્ઞાનીને નહી (તે કારણથી ક્રિયા વિનાનું જ્ઞાન જ મોક્ષ પ્રાપ્તિ માટે રાજયોગસ્વરૂપે ઇચ્છાય છે.) ૮

(વળી જે કારણથી) સામર્થ્યયોગવાળા યોગીને નિયામકરૂપે શાસ્ત્ર આવશ્યક નથી, કેમકે કલ્પાતીત એવા જ્ઞાનીને ક્યાંય પણ મર્યાદા નથી. (તે કારણથી પણ ક્રિયાથી મુક્ત એવું જ્ઞાન જ મોક્ષપ્રાપ્તિ માટે રાજયોગસ્વરૂપે ઇચ્છાય છે.) ૯

અને જે કારણથી ભાવની સિદ્ધિ તથા અસિદ્ધિ દ્વારા ક્રિયા વ્યર્થ છે, તે કારણથી ક્રિયા વગરનું જ્ઞાન જ મોક્ષપ્રાપ્તિ પ્રત્યે રાજયોગસ્વરૂપે સ્વીકારવું જોઈએ. ૧૦

જ્ઞાનનયનું જે માનવું હતું કે, જ્ઞાન જ મોક્ષપ્રાપ્તિનું મુખ્ય કારણ છે ક્રિયા નહિ, તે યોગ્ય નથી, કેમ કે કેવળી સિવાય કોઈ પશ્યક (આત્મતત્ત્વને જોનાર જ્ઞાની) નથી અને દ્વિતીય અપૂર્વકરણ(ની ક્રિયા) વિના ધર્મસંન્યાસયોગી બનાતું નથી, એથી કેવળી કે ધર્મસંન્યાસયોગી સિવાયના અન્ય સર્વ જીવોને ક્રિયા નિયત છે. ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१५४ स्थैर्याधानाय सिद्धस्यासिद्धस्यानयनाय च । भावस्यैव क्रिया शान्तचित्तानामुपयुज्यते ।।१२।।

१५५ क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् । गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ।।१३।।

१५६ स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते । प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ।।१४।।

१५७ बाह्यभावं पुरस्कृत्य, ये क्रियाऽव्यवहारतः । वदने कवलक्षेपं विना ते तृप्तिकाङ्क्षिणः ।।१५।।

१५८ गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया । जातं न पातयेद्भावमजातं जनयेदपि ।।१६।।

१५९ क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया । पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ।।१७।।

१६० गुणवृद्ध्यै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा । एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ।।१८।।

१६१ अज्ञाननाशकत्वेन ननु ज्ञानं विशिष्यते । न हि रज्जावहिभ्रान्तिर्गमनेन निवर्तते ।।१९।।

१६२ सत्यं क्रियागमप्रोक्ता, ज्ञानिनोऽप्युपयुज्यते । सञ्चितादृष्टनाशार्थं, मासूरोऽपि यदभ्यधात् ।।२०।।

१६३ तण्डुलस्य यथा वर्म, यथा ताम्रस्य कालिका । नश्यति क्रियया पुत्र, पुरुषस्य तथा मलम् ।।२१।।

१६४ जीवस्य तण्डुलस्येव, मलं सहजमप्यलम् । नश्यत्येव न सन्देहस्तस्मादुद्यमवान् भव ।।२२।।

१६५ अविद्या च दिदृक्षा, च, भवबीजं च वासना । सहजं च मलं चेति, पर्यायाः कर्मणः स्मृताः ।।२३।।

१६६ ज्ञानिनो नास्त्यदृष्टं चेद्, भस्मसात्कृतकर्मणः । शरीरपातः किं न, स्याज्जीवनादृष्टनाशतः ।।२४।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધભાવને સ્થિર કરવા માટે અને અસિદ્ધભાવને પ્રગટ કરવા માટે શાંતચિત્તવાળાને ક્રિયા ઉપયોગી જ છે. (અહીં एव કાર ભિન્નક્રમવાળો છે.) ૧૨

ખેદની વાત છે કે, માર્ગનો જાણકાર પણ ચાલવાની ક્રિયા કર્યા વગર ઇચ્છિત નગરને પ્રાપ્ત કરી શકતો નથી, તેમ ક્રિયા વગરનું એકલું જ્ઞાન (મોક્ષફળ આપવા માટે) નિરર્થક છે, અસમર્થ છે. ૧૩

જેમ દીપક સ્વયં પ્રકાશરૂપ હોવા છતાં તેલ પૂરવું આદિ ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણજ્ઞાની=કેવળજ્ઞાની પણ અવસરે સ્વભાવરૂપ કાર્યને અનુકૂળ ક્રિયાની અપેક્ષા રાખે છે. ૧૪

બાહ્યભાવને = પૌદ્ગલિકભાવને આગળ કરીને ક્રિયાના અવ્યવહારથી = ક્રિયા નહીં કરીને જેઓ તૃપ્તિને = મોક્ષને ઇચ્છે છે, તેઓ મુખમાં કોળિયો મૂક્યા વિના તૃપ્તિની ઇચ્છા રાખનારા જેવા છે. ૧૫

ગુણવાન પ્રત્યેના બહુમાન આદિ દ્વારા અને વ્રતાદિનું નિત્ય સ્મરણ કરવા દ્વારા થતી સત્ક્રિયા, ઉત્પન્ન થયેલા ભાવનો નાશ થવા દેતી નથી અને નહિ ઉત્પન્ન થયેલા ભાવને ઉત્પન્ન કરે છે. ૧૬

ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા જે તપ-સંયમાદિની ક્રિયાઓ કરાય છે, તે ક્રિયા વડે (સંયમાદિથી) પડી ગયેલા વ્યક્તિઓને પણ ફરી તે ભાવની=વ્રત, સંયમ આદિના પરિણામની પ્રકૃષ્ટ વૃદ્ધિ થાય છે. ૧૭

(ગુણવાન પ્રત્યેના બહુમાનાદિપૂર્વક ક્ષાયોપશમિકભાવમાં વર્તતા જે ક્રિયાઓ થાય છે, તે ક્રિયાઓમાં શુભભાવને ઉત્પન્ન કરવાનું, વધારવાનું કે પડી ગયેલા ભાવને પુનઃ પ્રકૃષ્ટ બનાવવાનું સામર્થ્ય રહેલું છે,) તેથી કરીને ગુણની વૃદ્ધિ માટે અથવા ભાવને અખંડિત રાખવા માટે ક્રિયા કરવી જોઈએ (કેમ કે) એક જ સંયમસ્થાન તો (માત્ર) જિનોને રહે છે. (બાકીના સાધકોના સંયમ સ્થાનમાં - સંયમના ભાવોમાં ચઢાવ-ઉતાર આવ્યા કરે છે.) ૧૮

ક્રિયાનયની વાતમાં ननु થી વિરોધ દર્શાવતાં જ્ઞાનનય કહે છે કે, જ્ઞાન અજ્ઞાનનું નાશક હોવાને કારણે મહત્ત્વનું છે, કેમકે (વ્યવહારમાં પણ દેખાય છે કે) દોરડામાં 'આ સાપ છે' એવો ભ્રમ કાંઈ દોરડા તરફ જવાની ક્રિયાથી નાશ પામતો નથી. (પણ 'આ સાપ નથી' એવા જ્ઞાનથી નાશ પામે છે.) ૧૯

(ક્રિયાનય જ્ઞાનનયના મંતવ્યનો આંશિક સ્વીકાર કરતાં કહે છે કે,) તારી વાતનો હેતુ સાચો હોવા છતાં તે પૂર્ણતયા સત્ય નથી, કેમ કે, જ્ઞાનીને પણ સંચિત કર્મોનો નાશ કરવા આગમમાં જણાવેલી ક્રિયા ઉપયોગી છે, કારણ કે (આગળના શ્લોકમાં) આસૂર ઋષિએ પણ કહ્યું છે... ૨૦

હે પુત્ર ! ક્રિયાથી જેમ ડાંગરના ફોતરા કે તાંબાની કાળાશ નાશ પામે છે, તેમ ક્રિયાથી જીવનો મળ પણ નાશ પામે છે. (આ સાંભળી શંકા થાય કે તાંબાંની કાળાશ તો આગંતુક છે, તેથી તે નાશ પામી શકે પણ જીવનો મલ તો સહજ છે, અનાદિકાળથી જીવમાં રહેલો છે, તે શું નાશ પામી શકે ? તેથી આસૂરઋષિ પોતાની વાતને પુષ્ટ કરવા બીજા શ્લોકમાં જણાવે છે કે) તણ્ડુલની જેમ જીવનો સહજ પણ મલ (ક્રિયામાં ઉદ્યમ કરવાથી) અત્યંત નાશ પામે છે. તેમાં કોઈ સંદેહ નથી, તેથી તું ઉદ્યમ કર. ૨૧-૨૨

અવિદ્યા, દિદૃક્ષા, ભવબીજ, વાસના અને સહજમલ; આ દરેક કર્મના પર્યાયવાચી શબ્દો કહેવાયેલ છે. ૨૩

જે જ્ઞાનીએ કર્મોને ભસ્મસાત્ કરી નાંખ્યા છે, તેમને જો કર્મ જ નથી તો જીવન નિર્વાહક કર્મનો પણ નાશ થવાથી તેમના શરીરનો પણ પાત કેમ ન થાય ? ૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१६७ शरीरमीश्वरस्येव, विदुषोऽप्यवतिष्ठते । अन्यादृष्टवशेनेति, कश्चिदाह तदक्षमम् ।।२५।।

१६८ शरीरं विदुषः शिष्याद्यदृष्टाद्यदि तिष्ठति । तदाऽसुहृददृष्टेन, न नश्येदिति का प्रमा ।।२६।।

१६९ न चोपादाननाशेऽपि, क्षणं कार्यं यथेष्यते । तार्किकैः स्थितिमत्तद्वच्चिरं विद्वत्तनुस्थितिः ।।२७।।

१७० निरुपादानकार्यस्य, क्षणं यत्तार्किकैः स्थितिः । नाशहेत्वन्तराभावादिष्टाऽत्र च स दुर्वचः ।।२८।।

१७१ अन्यादृष्टस्य तत्पातप्रतिबन्धकता यदि । म्रियमाणोऽपि जीव्येत, शिष्यादृष्टवशाद् गुरुः ।।२९।।

१७२ स्वभावान्निरुपादानं, यदि विद्वत्तनुस्थितिः । तथापि कालनियमे, तत्र युक्तिर्न विद्यते ।।३०।।

१७३ उच्छृङ्खलस्य तच्चिन्त्यं, मतं वेदान्तिनो ह्यदः । प्रारब्धादृष्टतः किन्तु, ज्ञेया विद्वत्तनुस्थितिः ।।३१।।

१७४ तत्प्रारब्धेतरादृष्टं, ज्ञाननाश्यं यदीष्यते । लाघवेन विजातीयं, तन्नाश्यं तत्प्रकल्प्यताम् ।।३२।।

१७५ इत्थं च ज्ञानिनो ज्ञाननाश्यकर्मक्षये सति । क्रियैकनाश्यकर्मौघक्षयार्थं, सापि युज्यते ।।३३।।

१७६ सर्वकर्मक्षये ज्ञानकर्मणोस्तत्समुच्चयः । अन्योऽन्यप्रतिबन्धेन, तथा चोक्तं परैरपि ।।३४।।

१७७ न यावत्सममभ्यस्तौ, ज्ञानसत्पुरुषक्रमौ । एकोऽपि नैतयोस्तावत्, पुरुषस्येह सिध्यति ।।३५।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈક કહે છે કે, ઇશ્વરના શરીરની જેમ જ્ઞાનીનું શરીર પણ અન્યના કર્મથી ટકી રહે છે' તે વાત ગળે ઉતરે તેવી નથી, પણ તદ્દન અયોગ્ય છે. ૨૫

(જ્ઞાનરૂપી અગ્નિમાં આયુષ્ય કર્મ સહિત સર્વ કર્મનો નાશ કર્યા પછી પણ) જો શિષ્યના અદૃષ્ટથી જ્ઞાનીનું શરીર ટકી રહેતું હોય તો, શત્રુના અદૃષ્ટથી (નાશ પણ પામવું જોઈએ, છતાં તે) નાશ પામતું નથી, એમાં શું પ્રમાણ છે ? ૨૬

'નૈયાયિકો જેમ ઉપાદાન કારણનો નાશ થયા પછી પણ (કારણ વિનાનું) કાર્ય એક ક્ષણ રહે છે એવું માને છે. તેની જેમ (અદૃષ્ટ એવા કારણનો નાશ થયા પછી પણ) વિદ્વાનના શરીરની સ્થિતિ લાંબો કાળ રહે છે, એવું તમારું સમાધાન યોગ્ય નથી. ૨૭

(પૂર્વ શ્લોકમાં વેદાન્તીએ કરેલું સમાધાન યોગ્ય નથી) કારણ કે (ઉપાદાનકારણના નાશ સિવાય) કાર્યનાશ પ્રત્યે અન્ય કોઈ હેતુ ન હોવાને કારણે; નૈયાયિકો વડે જે નિરુપાદાન કાર્યની ક્ષણ સ્થિતિ સ્વીકારાઈ છે, તે તેમના માટે ઇષ્ટ છે. (પરંતુ) અહીં = અદૃષ્ટ વિના પણ જ્ઞાનીનું શરીર લાંબો કાળ ટકે છે તે પ્રસ્તુત વિષયમાં, તે (હેતુ) = શરીરનાશ પ્રત્યે અન્ય કોઈ કારણ હાજર નથી એવો (હેતુ) દુર્વચ છે એટલે કે અસંગત છે. ૨૮

અન્યનું=શિષ્યનું અદષ્ટ જો જ્ઞાનીના દેહપાતમાં પ્રતિબન્ધક બનતું હોય તો મરતા એવા પણ જ્ઞાની ગુરુ શિષ્યના અદૃષ્ટને કારણે જીવવા જોઈએ. ૨૯

ઉપાદાન વગર પણ એટલે કે આયુષ્ય કર્મ વિના પણ વિદ્વાનના શરીરની સ્થિતિ સ્વભાવથી જ સંભવે એવું તમારું કથન સ્વીકારી લઈએ તોપણ તે સ્વભાવથી ટકેલું જ્ઞાનીનું શરીર કેટલો સમય ટકશે એ સંબંધી કોઈ યુક્તિ વિદ્યમાન નથી. ૩૦

(જે કારણથી ઉચ્છૃંખલ વેદાન્તીઓ ભગવદ્ગીતાના વચનનું તાત્પર્ય જાણતા નથી) તે કારણથી ઉચ્છૃંખલ વેદાન્તીઓનો આ મત વિચારણીય છે એટલે કે અસંગત છે; પરંતુ પ્રારબ્ધ-અદૃષ્ટના કારણે જ વિદ્વાનનું શરીર ટકી રહે છે એમ જાણવું. ૩૧

(જે કારણથી પ્રારબ્ધ-અદૃષ્ટથી જ્ઞાનીનું શરીર ટકે છે) તે કારણથી જો તમારા વડે પ્રારબ્ધેતર અદૃષ્ટને જ જ્ઞાનનાશ્ય તરીકે ઇચ્છાય છે તો લાઘવ હોવાથી તમારે વિજાતીય એવા અદૃષ્ટની જ જ્ઞાનનાશ્ય અદૃષ્ટ તરીકે કલ્પના કરવી જોઈએ. ૩૨

અને આ રીતે વિજાતીય કર્મ જ જ્ઞાનનાશ્ય છે એવી કલ્પના કરવાથી જ્યારે જ્ઞાનીના જ્ઞાનનાશ્ય કર્મનો ક્ષય થઈ જાય ત્યારે માત્ર ક્રિયાથી જ નાશ પામે તેવા કર્મોનો ક્ષય કરવા માટે જ્ઞાનીને પણ શાસ્ત્રોક્ત ક્રિયા ઉપયોગી બને છે. (આમ અનેક યુક્તિ-પ્રયુક્તિઓ પછી શ્લોક ૨૦ની વાત સત્ય ઠરે છે.)૩૩

જ્ઞાન અને ક્રિયાને એકબીજા સાથે પ્રતિબન્ધ હોવાથી સર્વકર્મના નાશમાં તે બન્નેનો સમુચ્ચય કારણ બને છે (પણ તે બન્ને સ્વતંત્રરૂપે સર્વકર્મના નાશ પ્રત્યે કારણ બની શકતા નથી) તેવું અન્યદર્શનકારો પણ કહે છે. ૩૪

સાધક જ્યાં સુધી જ્ઞાન અને મહાપુરુષોના ઉચિત આચારોનો સમાન રીતે અભ્યાસ કરતો નથી, ત્યાં સુધી તેને જ્ઞાન અને ઉચિત આચારો (ક્રિયાઓ)માંથી એક પણ સિદ્ધ થતાં નથી. ૩૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१७८ यथा छाद्मस्थिके ज्ञानकर्मणी सहकृ(ग)त्वरे । क्षायिके अपि विज्ञेये, तथैव मतिशालिभिः ।।३६।।

१७९ सम्प्राप्तकेवलज्ञाना, अपि यज्जिनपुङ्गवाः । क्रियां योगनिरोधाख्यां, कृत्वा सिद्ध्यन्ति नान्यथा ।।३७।।

१८० तेन ये क्रियया मुक्ता, ज्ञानमात्राभिमानिनः । ते भ्रष्टा ज्ञानकर्मभ्यां नास्तिका नात्र संशयः ।।३८।।

१८१ ज्ञानोत्पत्तिं समुद्भाव्य कामादीनन्यदृष्टितः । अपह्नुवानैर्लोकेभ्यो, नास्तिकैर्वञ्चितं जगत् ।।३९।।

१८२ ज्ञानस्य परिपाकाद्धि, क्रियाऽसङ्गत्वमङ्गति । न तु प्रयाति पार्थक्यं, चन्दनादिव सौरभम् ।।४०।।

१८३ प्रीतिभक्तिवचोऽसङ्गैरनुष्ठानं चतुर्विधम् । यत्परैर्योगिभिर्गीतं तदित्थं युज्यतेऽखिलम् ।।४१।।

१८४ ज्ञाने चैव क्रियायां च, युगपद्विहितादरः । द्रव्यभावविशुद्धः सन्, प्रयात्येव परं पदम् ।।४२।।

१८५ क्रियाज्ञानसंयोगविश्रान्तचित्ताः, समुद्भूतनिर्बाधचारित्रवृत्ताः,
नयोन्मेषनिर्णीतनिःशेषभावास्तपः शक्तिलब्धप्रसिद्धप्रभावाः ।।४३।।

१८६ भयक्रोधमायामदाज्ञाननिद्रा-प्रमादोज्झिताः शुद्धमुद्रा मुनीन्द्राः ।
यशःश्रीसमालिङ्गिता वादिदन्तिस्मयोच्छेदहर्यक्षतुल्या जयन्ति ।।४४।।

**।। इति तृतीयोऽधिकारः ।।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે પ્રમાણે છદ્મસ્થ અવસ્થામાં જ્ઞાન અને ક્રિયા સાથે ચાલનારા છે તે પ્રમાણે ક્ષાયિક જ્ઞાન અને ક્રિયા પણ સાથે જ રહે છે, તેમ બુદ્ધિશાળીઓએ જાણવું જોઈએ; કારણ કે કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય એવા જિનવૃષભો (જિનેશ્વરભગવંતો) પણ યોગનિરોધ નામની ક્રિયા કરીને સિદ્ધ થાય છે, તે સિવાય નહિ. ૩૬-૩૭

(એકલું જ્ઞાન કર્મનાશ કરવા અસમર્થ છે પણ જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય જ કર્મક્ષય કરવા સમર્થ છે) તે કારણથી જેઓ ક્રિયાથી રહિત છે અને જ્ઞાનમાત્રના અભિમાની છે, તેઓ જ્ઞાન અને ક્રિયાથી ભ્રષ્ટ થયેલા નાસ્તિકો જ છે, તેમાં કોઈ સંશય નથી. ૩૮

પેતાને જ્ઞાન ઉત્પન્ન થયું છે એવું પ્રકાશિત કરીને નાસ્તિકો એક જુદો જ દૃષ્ટિકોણ રજુ કરી લોકોથી કામાદિને છુપાવીને જગતને છેતરે છે. ૩૯

જ્ઞાનના પરિપાકથી જ ક્રિયા અસંગપણાને પામે છે. ગંધ જેમ ચંદનથી છૂટી પડતી નથી તેમ આ અસંગભાવને પામેલી ક્રિયા જ્ઞાનથી પૃથક્તાને પામતી નથી અર્થાત્ જ્ઞાનથી જુદી નથી રહેતી. ૪૦

અન્ય દર્શનમાં રહેલા યોગીઓએ જે પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર પ્રકારના અનુષ્ઠાનો કહ્યા છે તે સર્વ ભેદો પણ આ રીતે જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચયવાદ સ્વીકારવાથી જ ઘટે છે. ૪૧

જ્ઞાન અને ક્રિયામાં એકી સાથે યત્ન કરવાવાળો વ્યક્તિ જ દ્રવ્ય અને ભાવથી શુદ્ધ થતો પરમપદને પામે જ છે. ૪૨

૧. જ્ઞાન અને ક્રિયાના સંયોગથી જેઓનું ચિત્ત વિશ્રાન્ત થયું છે,
૨. નિરાબાધ = નિરતિચાર ચારિત્ર વ્રત જેમને પ્રગટ થયું છે,
૩. નયની દૃષ્ટિ ખૂલવાથી જેઓએ દરેક પદાર્થના સંપૂર્ણભાવોને નિર્ણીત કર્યા છે = જેઓ દરેક પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણે છે,
૪. તપની શક્તિથી જેઓએ ચારેકોર પ્રસિદ્ધ પ્રભાવ પ્રાપ્ત કર્યો છે,
૫. જેઓ ભય-ક્રોધ-માયા-મદ-અજ્ઞાન-નિદ્રા-પ્રમાદ આદિ કાષાયિક ભાવોથી મુક્ત છે,
૬. જેઓ શુદ્ધમુદ્રાને ધારણ કરે છે,
૭. જેઓને યશ રૂપી લક્ષ્મીએ આલિંગન કર્યુ છે = જેઓનો યશ ત્રણે લોકમાં ફેલાયેલો છે તથા
૮. જેઓ વાદીરૂપી હાથીઓના મદને ઉતારવામાં સિંહ જેવા છે,

તે મુનીન્દ્રો જય પામે છે. ૪૩-૪૪

**॥ તૃતીય અધિકાર સમાપ્ત ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### ।। अथ चतुर्थोऽधिकारः ।।

१८७ ज्ञानक्रियाश्वद्वययुक्तसाम्यरथाधिरूढः शिवमार्गगामी ।
न ग्रामपूःकण्टकजारतीनां,जनोऽनुपानत्क इवार्त्तिमेति ।।१।।

१८८ आत्मप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ।।२।।

१८९ परीषहैर्घा प्रबलोपसर्गयोगाच्चलत्येव न साम्ययुक्तः ।
स्थैर्याद्विपर्यासमुपैति जातु, क्ष्मा न शैलैर्न च सिन्धुनाथैः ।।३।।

१९० इतस्ततो नारतिवह्नियोगादुड्डीय गच्छेद्यदि चित्तसूतः ।
साम्यैकसिद्धौषधमूर्छितः सन् कल्याणसिद्धेर्न तदा विलम्बः ।।४।।

१९१ अन्तर्निमग्नः समतासुखाब्धौ, बाह्ये सुखे नो रतिमेति योगी ।
अटत्यटव्यां क इवार्थलुब्धो, गृहे समुत्सर्पति कल्पवृक्षे ।।५।।

१९२ यस्मिन्नविद्यार्पितबाह्यवस्तुविस्तारजभ्रान्तिरुपैति शान्तिम् ।
तस्मिंश्चिदेकार्णवनिस्तरङ्गस्वभावसाम्ये रमते सुबुद्धिः ।।६।।

१९३ शुद्धात्मतत्त्वप्रगुणा विमर्शाः, स्पर्शाख्यसंवेदनमादधानाः ।
यदान्यबुद्धिं विनिवर्तयन्ति, तदा समत्वं प्रथतेऽवशिष्टम् ।।७।।

१९४ विना समत्वं प्रसरन्ममत्वं, सामायिकं मायिकमेव मन्ये ।
आये समानां सति सद्गुणानां, शुद्धं हि तच्छुद्धनया विदन्ति ।।८।।

१९५ निशानभोमन्दिररत्नदीप्रज्योतिर्भिरुद्योतितपूर्वमन्तः ।
विद्योतते तत्परमात्मतत्त्वम्, प्रसृत्वरे साम्यमणिप्रकाशे ।।९।।

१९६ एकां विवेकाङ्कुरितां श्रिता यां, निर्वाणमापुर्भरतादिभूपाः ।
सैवर्जुमार्गः समता मुनीनामन्यस्तु तस्या निखिलः प्रपञ्चः ।।१०।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ ચતુર્થ અધિકાર ॥

પગરખાં વગરનો માણસ જેમ ગામ કે નગરના કાંટાથી ઉત્પન્ન થતી અરતિની પીડાને પામે છે, (પરંતુ રથમાં બેઠેલા માણસને આવી પીડા થતી નથી) તેમ જ્ઞાન અને ક્રિયારૂપી બે ઘોડાઓથી યુક્ત સમતારૂપી રથમાં આરૂઢ થયેલા મોક્ષગામી યોગીને પણ કોઈ પ્રકારની પીડા ઉત્પન્ન થતી નથી. ૧

આત્મહિતકર પ્રવૃત્તિમાં અત્યંત જાગૃત રહેતા, પર સંબંધી પ્રવૃત્તિ પ્રત્યે = પૌદ્ગલિક પ્રવૃત્તિ પ્રત્યે બહેરા, આંધળા અને મૂંગા બનેલા તથા શુદ્ધ ચૈતન્યના આનંદના સ્થાનભૂત મોક્ષપદને પામવા સદા ઉપયોગશીલ રહેતા યોગી લોકોત્તર સામ્યને પ્રાપ્ત કરે છે. ૨

પૃથ્વી જેમ પર્વતો કે સમુદ્રો વડે ક્યારેય પણ અસ્થિર બનતી નથી તેમ સામ્યયોગ-વાળા યોગી પ્રબળ પરીષહો કે ઉપસર્ગોના યોગથી ક્યારેય પણ ચલાયમાન થતા નથી. ૩

સમતારૂપી એક સિદ્ધ ઔષધિથી મૂર્છિત કરવામાં આવેલો મનરૂપી પારો જો અરતિ રૂપી અગ્નિના યોગથી ઊડીને આમતેમ ન જાય અર્થાત્ વિહ્વળ ન થાય તો મોક્ષની પ્રાપ્તિસ્વરૂપ કલ્યાણની સિદ્ધિ થવામાં કોઈ વિલમ્બ ન થાય. ૪

જેનું હૃદય સમતારૂપી સુખમાં ડૂબેલું છે તેવા યોગીને બાહ્ય પૌદ્ગલિક સુખમાં આનંદ આવતો નથી. ખરેખર જ્યારે ઘરમાં જ કલ્પવૃક્ષ ઉત્પન્ન થયું હોય ત્યારે ધનનો લોભી કયો માણસ જંગલમાં રખડવા જાય ? ૫

જે સામ્યયોગમાં અવિદ્યાથી યુક્ત બાહ્ય વસ્તુના વિસ્તારથી ઉત્પન્ન થયેલી ભ્રાન્તિ શાન્ત થઈ છે તે ચૈતન્યરૂપી એક સમુદ્રના નિસ્તરંગ સ્વભાવ સ્વરૂપ સામ્યયોગમાં સુબુદ્ધિ રમે છે. ૬

જ્યારે શુદ્ધ આત્મતત્ત્વને પુષ્ટ કરનારા સ્પર્શાત્મક સંવેદનાવાળા વિશિષ્ટ કોટિના વિચારો, અન્ય = બાહ્યપદાર્થોમાં રહેલી બુદ્ધિને અર્થાત્ પર પદાર્થો સંબંધી વિપરીત બુદ્ધિને પાછી વાળે છે, ત્યારે બાકી રહેલો સમતાભાવ પણ વિસ્તરે છે. ૭

'સમતાભાવ વિના વિસ્તાર પામતા મમતાભાવવાળું સામાયિક માયારૂપ જ છે' એમ હું માનું છું. (વાસ્તવમાં તો જીવમાત્રમાં જે ગુણો) સમાન હોય તેવા સદ્ગુણોનો લાભ થયે છતે જ શુદ્ધનયો સામાયિકને શુદ્ધ જાણે છે. ૮

ચન્દ્ર, સૂર્ય કે દીવાની દેદીપ્યમાન જ્યોતિથી પણ જે પરમાત્મતત્ત્વ પૂર્વમાં પ્રકાશિત થયું નથી, તે પરમાત્મતત્ત્વ સમતારૂપી મણિનો પ્રકાશ ફેલાતાં અંતરમાં પ્રકાશિત થાય છે. ૯

વિવેકથી ઉત્પન્ન થયેલી એવી જે એક સમતાનો આશ્રય કરનારા ભરતાદિ રાજાઓ નિર્વાણને પામ્યા તે સમતા જ મુનિઓનો (મોક્ષે પહોંચવાનો) સરળ માર્ગ છે. બાકી સર્વ (માર્ગો યોગો) તો સમતાનો પ્રપંચ છે, એટલે કે સમતાનો આગળ-પાછળનો વિસ્તાર છે. ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

१९७ अल्पेऽपि साधुर्न कषायवह्नावह्नाय विश्वासमुपैति भीतः ।
प्रवर्धमानः स दहेद् गुणौघं, साम्याम्बुपूरैर्यदि नापनीतः ।।११।।

१९८ प्रारब्धजा ज्ञानवतां कषाया, आभासिका इत्यभिमानमात्रम् ।
नाश्यो हि भावः प्रतिसङ्ख्यया यो, नाबोधवत् साम्यरतौ स तिष्ठेत् ।।१२।।

१९९ साम्यं विना यस्य तपःक्रियादे- र्निष्ठा प्रतिष्ठार्जनमात्र एव ।
स्वर्धेनुचिन्तामणिकामकुम्भान् करोत्यसौ काणकपर्दमूल्यान् ।।१३।।

२०० ज्ञानी क्रियावान् विरतस्तपस्वी, ध्यानी च मौनी स्थिरदर्शनश्च ।
साधुर्गुणं तं लभते न जातु प्राप्नोति यं साम्यसमाधिनिष्ठः ।।१४।।

२०१ दुर्योधनेनाभिहतश्चुकोप, न पाण्डवैर्यो न नुतो जहर्ष ।
स्तुमो भदन्तं दमदन्तमन्तः, समत्ववन्तं मुनिसत्तमं तम् ।।१५।।

२०२ यो दह्यमानां मिथिलां निरीक्ष्य, शक्रेण नुन्नोऽपि नमिः पुरीं स्वाम् ।
न मेऽत्र किञ्चिज्ज्वलतीति मेने, साम्येन तेनोरुयशो वितेने ।।१६।।

२०३ साम्यप्रसादास्तवपुर्ममत्वाः, सत्त्वाधिकाः स्वं ध्रुवमेव मत्वा ।
न सेहिरेऽर्त्तिं किमु तीव्रयन्त्र-निष्पीडिताः स्कन्धकसूरिशिष्याः ।।१७।।

२०४ लोकोत्तरं चारुचरित्रमेतन्-मेतार्यसाधोः समतासमाधेः ।
हृदाप्यकुप्यन्न यदार्द्रचर्म-बद्धेऽपि मूर्धन्ययमाप तापम् ।।१८।।

२०५ जज्वाल नान्तः श्वसुराधमेन, प्रोज्ज्वालितेऽपि ज्वलनेन मौलौ ।
मौलिर्मुनीनां स न कैर्निषेव्यः कृष्णानुजन्मा समतामृताब्धिः ।।१९।।

२०६ गङ्गाजले यो न जहौ सुरेण, विद्धोऽपि शूले समतानुवेधम् ।
प्रयागतीर्थोदयकृन्मुनीनां, मान्यः स सूरिस्तनुजोऽन्निकायाः ।।२०।।

२०७ स्त्रीभ्रूणगोब्राह्मणघातजातपापादधःपातकृताभिमुख्याः ।
दृढप्रहारिप्रमुखाः क्षणेन, साम्यावलम्बात्पदमुच्चमापुः ।।२१।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાપભીરુ સાધુ થોડા પણ કષાયરૂપી અગ્નિ ઉપર સત્વરે વિશ્વાસ મૂકતો નથી, કેમ કે વધતા એવા તે કષાયરૂપી અગ્નિને જો સામ્યરૂપી પાણીના પૂરથી ઠારવામાં ન આવે તો તે ગુણોના સમુદાયને બાળી નાંખે. ૧૧

'જ્ઞાનીઓના કષાયો માત્ર પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા હોવાથી આભાસિક છે (પણ વાસ્તવિક નથી),' આવું કહેવું તે અભિમાન માત્ર છે. કેમ કે, જે (કાષાયિક) ભાવ પ્રતિપક્ષથી નાશ પામે તેવો હોય તે સામ્યરતિ ઉત્પન્ન થયે છતે ન રહે, જેમ (જ્ઞાન ઉત્પન્ન થયે છતે તેનો પ્રતિપક્ષી એવો) અબોધ રહેતો નથી. ૧૨

જે જીવના તપ, ક્રિયા વગેરે અનુષ્ઠાનો સમતા પ્રાપ્ત કર્યા વિના માત્ર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં સમાપ્ત થાય છે, એ જીવ કામધેનુ, ચિંતામણિ અને કામકુંભ (સમાન અનુષ્ઠાનોને) ફૂટી કોડીના મૂલ્યવાળા કરી નાંખે છે. ૧૩

જ્ઞાની, ક્રિયાવાન, વિરતિધર, તપસ્વી, ધ્યાની, મૌની અને સ્થિરસમ્યગ્દર્શનવાળા સાધુ પણ તે ગુણને ક્યારેય પ્રાપ્ત કરતા નથી કે જે ગુણને સામ્ય સમાધિમાં સ્થિર થયેલ સાધુ પ્રાપ્ત કરે છે. ૧૪

દુર્યોધન વડે હણાયા તો પણ જેમણે કોપ ન કર્યો અને પાંડવો દ્વારા નમાયા તોપણ જેમણે હર્ષ ન કર્યો, અંતરમાં સમતાભાવવાળા તે શ્રેષ્ઠ મુનિ શ્રી દમદન્ત ભદંતની અમે સ્તુતિ કરીએ છીએ. ૧૫

ઈન્દ્ર દ્વારા પ્રેરાયેલા પણ જે નમિરાજર્ષિ પોતાની મિથિલા નગરીને બળતી જોઈને સમતાભાવથી એવું માનતા હતા કે, 'આમાં મારું કાંઈ પણ બળતું નથી'; તેથી તેમનો યશ ચારેકોર ફેલાયો. ૧૬

સમતાના પ્રભાવથી શરીરની મમતાનો નાશ કરનારા અત્યંત સત્ત્વશાળી એવા સ્કન્ધકસૂરિના શિષ્યોએ (તેલ પીલવાની ઘાણીરૂપ) કર્કશ યન્ત્રમાં અત્યંત પીડાનો ભોગ બનવા (છતાં પણ) પોતાના આત્માને શાશ્વત માનીને શું પીડા સહન ન કરી ? ૧૭

સમતારૂપી સમાધિવાળા મેતાર્યમુનિનું આ લોકોત્તર એવું સુંદર ચરિત્ર છે, કેમ કે ભીના ચામડાથી બંધાયું હોવાના કારણે તેઓ (તડકામાં) તપ્યા, પરંતુ હૃદયથી (ક્રોધરૂપી તાપથી) ક્રોધિત ન થયા. ૧૮

અધમ સસરાએ સ્મશાનના અંગારાથી મસ્તક સળગાવ્યું, તોપણ જેઓ અંતરથી બળ્યા નહિ અર્થાત્ ક્રોધિત થયા નહિ, તે મુનિઓમાં મુગટ સમાન, સમતારૂપી અમૃતના સાગર જેવા, શ્રીકૃષ્ણમહારાજાના નાના ભાઈ ગજસુકુમાલ મુનિ કોના વડે સેવ્ય નથી ? ૧૯

ગંગાજળમાં દેવ વડે શૂળી ઉપર વિંધાયા છતાં પણ જેમણે સમતાના અનુવેધને ન છોડ્યો તે પ્રયાગતીર્થનો ઉદય કરનારા અર્ણિકાપુત્ર આચાર્ય મુનિઓ માટે આદરણીય છે. ૨૦

સ્ત્રી, ગર્ભ, ગાય અને બ્રાહ્મણની હત્યાથી ઉત્પન્ન થયેલા પાપના કારણે અધઃપતનને અભિમુખ બનેલા દૃઢપ્રહારી વગેરે સમતાના આલંબનથી ક્ષણવારમાં મોક્ષપદ પામ્યા. ૨૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૦૮ अप्राप्तधर्माऽपि पुरादिमार्हन्माता शिवं यद्भगवत्यवाप ।
नाप्नोति पारं वचसोऽनुपाधिसमाधिसाम्यस्य विजृम्भितं तत् ।।२२।।

૨૦૯ इति शुभमतिर्मत्वा साम्यप्रभावमनुत्तरं, य इह निरतो नित्यानन्दः कदापि न खिद्यते ।
विगलदखिलाविघ्नः पूर्णस्वभावसमृद्धिमान्, स खलु लभते भावारीणां जयेन यशःश्रियम् ।।२३।।

**।। इति चतुर्थोऽधिकारः ।।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વે ક્યારેય ધર્મ પ્રાપ્ત ન કર્યો હોવા છતાં પણ આદિનાથ ભગવાનની માતા ભગવતી મરુદેવાએ જે મોક્ષ મેળવ્યો તે ઉપાધિ વિનાની સમાધિસ્વરૂપ સામ્યયોગનું જ ફળ હતું. આ સામ્યયોગ વચનના પારને પામતો નથી અર્થાત્ શબ્દાતીત છે. ૨૨

આ અધિકારના પ્રથમ શ્લોકથી માંડીને અત્યાર સુધી જણાવ્યું એ પ્રમાણે અનુત્તર એવા સમતાના પ્રભાવને માનીને, જે શુભમતિવાળો સાધક અહીં = આ સામ્યયોગમાં- સમતાભાવમાં મગ્ન બની જાય છે, તે નિત્ય આનંદને અનુભવનારો ક્યારેય ખેદ પામતો નથી. તેની સઘળીએ અવિદ્યાઓ ગળતી જાય છે અને પૂર્ણ સ્વભાવની સમૃદ્ધિવાળો તે ભાવશત્રુઓના જયથી યશરૂપી લક્ષ્મીને પામે છે. ૨૩

**॥ ચતુર્થ અધિકાર સમાપ્ત ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ-૧૩

## આ ગ્રન્થના પહેલા અધિકારમાં દર્શાવેલ પદાર્થો અન્ય જે ગ્રન્થમાં પ્રાપ્ત થયા છે તે દર્શાવતું સંક્ષિપ્ત કોષ્ટક

| ગાથા ક્રમ | ગાથા | સંદર્ભ ગ્રંથ | | |
|---|---|---|---|---|
| | | નામ | ગાથા ક્રમ | કર્તા |
| ૧. | ऐन्दवृन्द० | - | - | - |
| ૨. | आत्मानम० | - | - | - |
| ૩. | रूढ्यर्थ० | યોગબિન્દુ | ૩૫૮ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | ષોડશક | | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | દ્વા. દ્વા. | ૧૮/૨ | ગ્રંથકારશ્રીજી |
| ૪. | एवम्भूत० | યોગબિન્દુ | ૩૮૦ થી ૪૦૦ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૫. | गलन्नय० | યોગબિન્દુ | ૬૬-૭૨ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૬. | मनोवत्सो० | યોગબિન્દુની ટીકા | ૨ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | જ્ઞાનસાર | ૧૬/૨ | ગ્રંથકારશ્રીજી |
| | | અધ્યાત્મસાર | ૧૪/૧૨ | ગ્રંથકારશ્રીજી |
| ૭. | अनर्थायैव० | યોગદષ્ટિસમુચ્ચય | ૯૧ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | દ્વા. દ્વા. | ૨૩/૭ | ગ્રંથકારશ્રીજી |
| ૮. | ज्ञायेरन्० | યોગદષ્ટિસમુચ્ચય | ૧૪૬ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | યોગબિંદુ | ૬૭ થી ૬૯ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | દ્વા. દ્વા. | ૨૩/૩૧ | ગ્રંથકારશ્રીજી |
| | | જ્ઞાનસાર | ૨૬/૪ | ગ્રંથકારશ્રીજી |
| ૯. | आगमश्चो० | યોગદષ્ટિસમુચ્ચય | ૧૦૧ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | યોગબિંદુ | ૪૧૨ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | યોગસારપ્રાભૃત | ૭/૪૨ | શ્રીમદ્ અમિતગતિ |
| ૧૦. | अन्तरा० | વિશે. ભાષ્ય | ૩૨૦ | પૂ. જિનભદ્રગણીક્ષમાશ્રમણ |
| | | યોગબિંદુ | ૩૧૫-૩૧૬ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | અધ્યાત્મસાર | ૬/૩૧-૩૨ | ગ્રંથકારશ્રીજી |
| ૧૧. | शुद्धोञ्छा० | ઉપદેશપદ | ૬૭૭ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | પંચાશક | ૮/૧૩ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | ધર્મરત્નપ્રકરણ | ૧૨૮ | પૂ. શાંતિસૂરિ મ.સા. |
| | | જ્ઞાનસાર | ૨૪/૬ | ગ્રંથકારશ્રીજી |
| | | ઉપદેશરહસ્ય | ૫ | ગ્રંથકારશ્રીજી |
| ૧૨. | शासनात्० | પ્રશમરતિ | ૧૮૬ | પૂ. ઉમાસ્વાતિજી મ.સા. |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ગાથા ક્રમ | ગાથા | સંદર્ભ ગ્રંથ | | |
|---|---|---|---|---|
| | | નામ | ગાથા ક્રમ | કર્તા |
| | | યોગબિન્દુ | ૧૮૮ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | જ્ઞાનસાર | ૨૪/૩ | ગ્રંથકારશ્રીજી |
| ૧૩. | वीतरागो० | યોગબિન્દુ | - | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | ભાષારહસ્ય | ૫૩ | ગ્રંથકારશ્રીજી |
| ૧૪. | शास्त्रे० | ષોડશક | ૨/૧૪ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | સંબોધસપ્તતિ | ૩૫ | પૂ. રત્નશેખરસૂરીશ્વરજી |
| | | જ્ઞાનસાર | ૨૪/૪ | ગ્રંથકારશ્રીજી |
| | | દ્વા.દ્વા. | ૨/૨૫ | ગ્રંથકારશ્રીજી |
| ૧૫. | एनं केचित्० | યોગબિન્દુ | ૨-વૃત્તૌ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | યોગદૃષ્ટિસમુચ્ચય | ૧૭૬ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | ષોડશક | ૨/૧૫ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | દ્વા.દ્વા. | ૨૪/૨૨ | ગ્રંથકારશ્રીજી |
| | | અધ્યાત્મસાર | - | ગ્રંથકારશ્રીજી |
| ૧૬. | चर्मचक्षुर्भृतः० | જ્ઞાનસાર | ૨૪/૧ | ગ્રંથકારશ્રીજી |
| | | સમયસાર (જ્ઞાનસાર ટબો) | आगम० | શ્રી કુંદકુંદાચાર્ય |
| | | પ્રવચનસાર | ૨૩૪ | શ્રી કુંદકુંદાચાર્ય |
| ૧૭. | परीक्षन्ते० | ધર્મબિન્દુ | ૨/૩૩ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | પંચવસ્તુક | ૧૦૬૭ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | ન્યાયવાર્તિક | - | શ્રી વાચસ્પતિમિશ્રા |
| ૧૮. | विधयः० | ધર્મબિન્દુ | ૨/૩૫ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | પંચવસ્તુક | ૧૦૬૮ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૧૯. | सिद्धान्तेषु० | - | - | - |
| ૨૦. | अर्थकाम० | - | - | - |
| ૨૧. | विधीनां च० | ધર્મબિન્દુ | ૨/૩૬ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | પંચવસ્તુક | ૧૦/૨૨ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૨૨. | कायिकाद्यपि० | પંચવસ્તુક | ૧૦૭૪ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૨૩. | अन्यार्थ० | સ્યાદ્વાદમંજરી | ૧૧/૧૭૬ | કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચન્દ્રાચાર્ય |
| ૨૪. | निषिद्धस्य० | - | - | - |
| ૨૫. | हिंसा० | - | - | - |
| ૨૬. | वेदोक्त० | - | - | - |
| ૨૭. | वेदान्तविधि० | - | - | - |
| ૨૮. | कर्मणां० | - | - | - |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ગાથા ક્રમ | ગાથા | સંદર્ભ ગ્રંથ | | |
|---|---|---|---|---|
| | | નામ | ગાથા ક્રમ | કર્તા |
| ૨૯. | यत्र० | - | - | - |
| ૩૦. | यथाह० | - | - | - |
| ૩૧. | अक्षय० | - | - | - |
| ૩૨. | द्वयोरेकत्व० | - | - | - |
| ૩૩. | सामग्र्येण० | - | - | - |
| ૩૪. | एकदेशेन० | - | - | - |
| ૩૫. | इत्थं च० | - | - | - |
| ૩૬. | सामग्र्येण० | - | - | - |
| ૩૭. | कथं० | - | - | - |
| ૩૮. | भिन्नापेक्षा० | सम्मतितर्क | ૩/૧૭ | શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી |
| ૩૯. | व्यापके० | - | - | - |
| ૪૦. | अव्याप्यवृत्ति० | - | - | - |
| ૪૧. | आनैगमा० | - | | |
| ૪૨. | अनेकान्तेऽप्य० | सम्मतितर्क | ૩/૨૭ | શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી |
| | | અનેકાન્ત વ્ય. પ્ર. | પૃ.૮૩ | ગ્રંથકારશ્રીજી |
| ૪૩. | आत्माश्रया० | - | - | - |
| ૪૪. | उत्पन्नं० | શાસ્ત્રવાર્તાસમુચ્ચય | ૭/૩ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૪૫. | इच्छन्० | વીતરાગસ્તોત્ર | ૮/૧૦ | કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચન્દ્રાચાર્ય |
| | સ્યાદ્વાદરહસ્ય | - | ગ્રંથકારશ્રીજી | |
| ૪૬. | विज्ञानस्यै- | વીતરાગસ્તોત્ર | ૮/૮ | કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચન્દ્રાચાર્ય |
| | कमाकारं० | સ્યાદ્વાદરહસ્ય | | ગ્રંથકારશ્રીજી |
| ૪૭. | चित्रमेक- | વીતરાગસ્તોત્ર | ૮/૯ | કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચન્દ્રાચાર્ય |
| | मनेकञ्च० | સ્યાદ્વાદરહસ્ય | - | ગ્રન્થકારશ્રીજી |
| | | મહાવીરસ્તવ | ૪૪ | ગ્રન્થકારશ્રીજી |
| ૪૮. | प्रत्यक्षं० | - | - | - |
| ૪૯. | जातिव्य० | - | - | - |
| ૫૦. | अबद्धं० | - | - | - |
| ૫૧. | ब्रुवाणा० | - | - | - |
| ૫૨. | विमतिः० | વીતરાગસ્તોત્ર | ૮/૧૧ | કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચન્દ્રાચાર્ય |
| ૫૩. | तेनानेकान्त० | - | - | - |
| ૫૪. | नित्यैकान्ते० | અષ્ટકપ્રકરણ | ૧૪/૧,૨ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | દ્વા. દ્વા. | ૮/૧૫ | ગ્રન્થકારશ્રીજી |
| | | અધ્યાત્મસાર | ૧૨/૨૪,૨૫ | ગ્રન્થકારશ્રીજી |
| | | ભગ.ગીતા | ૨/૨૩ થી૩૦ | વ્યાસમુનિ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ગાથા ક્રમ | ગાથા | સંદર્ભ ગ્રંથ | | |
|---|---|---|---|---|
| | | નામ | ગાથા ક્રમ | કર્તા |
| ૫૫. | बुद्धिलेपोऽपि० | દ્વા.દ્વા. | ૧૧/૨૫ | ગ્રન્થકારશ્રીજી |
| ૫૬. | अनित्यैकान्त-पक्षेऽपि० | અષ્ટકપ્રકરણ | ૧૫/૨ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | શાસ્ત્રવાર્તા સમુ. | ૬/૧૨ | ગ્રંથકારશ્રીજી |
| | | અધ્યાત્મસાર | ૧૨/૩૩ | ગ્રંથકારશ્રીજી |
| ૫૭. | आनन्तर्यं० | અષ્ટકપ્રકરણ- | ૧૫/૧ થી ૫ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | દ્વા. દ્વા. | ૮/૨૩ | ગ્રંથકારશ્રીજી |
| | | અધ્યાત્મસાર | ૧૨/૩૩થી૩૬ | ગ્રંથકારશ્રીજી |
| ૫૮. | सङ्क्लेशेन० | - | - | - |
| ૫૯. | मनोवाक्काय० | - | - | - |
| ૬૦. | नित्यानित्या० | અષ્ટકપ્રકરણ | ૧૬/૧ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | અધ્યાત્મસાર | ૧૨/૩૮, ૩૯ | ગ્રંથકારશ્રીજી |
| | | દ્વા. દ્વા. | ૮/૨૫ | ગ્રંથકારશ્રીજી |
| ૬૧. | यस्य० | - | - | - |
| ૬૨. | स्वतन्त्रास्तु० | અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા | ૩૦ | કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચન્દ્રાચાર્ય |
| ૬૩. | अर्थे महेन्द्र० | - | - | - |
| ૬૪. | दूषयेदज्ञ० | - | - | - |
| ૬૫. | त्रिविधं ज्ञान० | ષોડશક | ૧૧/૭થી૧૩ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૬૬. | महावाक्या० | દ્વા. દ્વા. | ૨/૧૦,૧૧,૧૪ | ગ્રંથકારશ્રીજી |
| ૬૭. | ऐदम्पर्यगतं० | ઉપદેશપદ | ૮૩૫થી૮૬૮ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૬૮. | आद्ये ज्ञाने० | ઉપદેશરહસ્ય | ૧૫૭થી૧૭૬ | ગ્રંથકારશ્રીજી |
| ૬૯. | चारिसञ्जीविनी० | વૈરાગ્ય કલ્પલતા | ૧/૧૦૫૦ | ગ્રંથકારશ્રીજી |
| ૭૦. | तेन स्याद्वाद० | - | - | - |
| ૭૧. | माध्यस्थ्यमेव० | અષ્ટકપ્રકરણ | ૧૨/૬ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| ૭૨. | पुत्रदारादि० | યોગબિંદુ | ૫૦૧ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | અધ્યાત્મસાર | ૧/૨૩ | ગ્રંથકારશ્રીજી |
| | | યોગસારપ્રાભૃત | ૭/૪૪ | શ્રીમદ્ અમિતગતિ |
| ૭૩. | माध्यस्थ्यमेव० | જ્ઞાનસાર | ૪/૨ | ગ્રંથકારશ્રીજી |
| ૭૪. | वादांश्च | યોગબિન્દુ | ૬૭ | પૂ. હરિભદ્રસૂરીશ્વરજી |
| | | જ્ઞાનસાર | ૫/૪ | ગ્રંથકારશ્રીજી |
| | | યોગસારપ્રાભૃત | ૭/૩૩ | શ્રીમદ્ અમિતગતિ |
| ૭૫. | इति यतिवदनात्० | - | - | - |
| ૭૬. | न चानेकान्तार्था० | - | - | - |
| ૭૭. | विशेषादोघाद्वा० | - | - | - |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ-૧૪

## સંદર્ભ ગ્રંથ સૂચિ

| | | |
|---|---|---|
| અધ્યાત્મ ઉપનિષદ્ પ્રકરણ | - | પં. શ્રી પ્રવિણભાઈ મોતા |
| અધ્યાત્મ ઉપનિષદ્ | - | મુનિ યશોવિજયજી |
| દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| અધ્યાત્મસાર | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| સમ્મતિતર્કપ્રકરણ | - | શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી મહારાજા |
| ષોડશક | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| ઉપદેશપદ | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| ઉપદેશરહસ્ય | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| જ્ઞાનસાર - તેનો ટબો | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| ષડ્દર્શનસમુચ્ચય | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| સાડા ત્રણસો ગાથાનું સ્તવન | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| ૧૨૫ ગાથાનું સ્તવન | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણીવર્ય |
| અભિધાનચિંતામણિ | - | કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા |
| જિનસહસ્રનામસ્તોત્ર | - | પં. આશાધર શાસ્ત્રી |
| વેદાન્તસાર | - | પરમહંસ પરિવ્રાજકાચાર્ય |
| યોગશતક | - | સૂરિપૂરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| સ્યાદ્વાદરહસ્ય | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણીવર્ય |
| વીતરાગસ્તોત્ર | - | કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા |
| વિશેષાવશ્યકભાષ્ય | - | શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ |
| સૂત્રસંવેદના | - | સા. શ્રી પ્રશમિતાશ્રીજી |
| યોગસાર | - | ચિરંતનાચાર્યજી |
| શાન્તસુધારસ | - | ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.સા. |
| નયરહસ્ય | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણીવર્ય |
| તત્ત્વાર્થાધિગમ સૂત્ર | - | વાચકવર્ય ઉમાસ્વાતિજી મહારાજ |
| તર્કસંગ્રહ | - | શ્રીમદ્ અન્નંભટ્ટ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ન્યાયસિધ્ધાન્તમુક્તાવલી | - | શ્રી વિશ્વનાથ પંચાનન ભટ્ટાચાર્ય |
| યોગદૃષ્ટિસમુચ્ચય | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| પંચાશક | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| પ્રશમરતિ | - | વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજા |
| સ્યાદ્વાદમંજરી | - | કલિકાલસર્વજ્ઞ પ. પૂ. હેમચંદ્રાચાર્ય |
| केन, कठ આદિ ઉપનિષદો | - | |
| પતંજલયોગસૂત્ર | - | મહર્ષિ પતંજલિ |
| શ્રી આચારાંગસૂત્ર આગમ | - | ગણધર ભગવંત |
| શ્રી ભગવતીસૂત્ર આગમ | - | ગણધર ભગવંત |
| પ્રમાણનયતત્ત્વાવલોક | - | શ્રીવાદિદેવસૂરીશ્વરજી મહારાજા |
| નયોપદેશ | - | મહામહોપાધ્યાય શ્રીયશોવિજય ગણિવર્ય |
| સ્વયમ્ભૂસ્તોત્ર | - | શ્રી સમન્તભદ્રાચાર્ય |
| શાસ્ત્રવાર્તાસમુચ્ચય | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| રાજવાર્તિક | - | શ્રી અકલંકદેવ |
| સાંખ્યતત્ત્વ કૌમુદી | - | રામશંકર ભટ્ટાચાર્ય |
| નીલકંઠી | - | |
| કલ્પસૂત્ર | - | શ્રી ભદ્રબાહુસ્વામીજી |
| પ.પૂ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.નું ગણધરવાદનું વ્યાખ્યાન | - | ભાવાચાર્ય ભગવંત આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચોપાઈ | - | મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્ય |
| યોગબિન્દુ | - | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા |
| સાડા ત્રણસો ગાથાના સ્તવનનો બાલાવબોધ | - | પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજા |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્માને જાણવા, માનવા અને માણવાનો માર્ગ બતાવતા આ વિવરણના આજ્ઞા-આશીર્વાદદાતા પૂ.આ.શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ સ્વહસ્તે લખેલ આ ગ્રંથનો એક અતિ મનનીય શ્લોક

# અતિ મનનીય શ્લોક

आत्मप्रवृत्तावतिजागरूकः,
परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानन्दपदोपयोगी
लोकोत्तरं साम्यमुपैति योगी ॥१॥

આત્માને શિવપદનો સ્વામી બનાવવો હોય તો લોકોત્તર સામ્ય (એટલે કોઈ પણ સારા નરસા કોઈ કર્મજન્ય પ્રસંગમાં રાગ-દ્વેષની હાજરીમાં પણ રાગ અને દ્વેષથી રહિત રહેવું તે) ને પામ્યા વિના ચાલે તેવું નથી અને એવા સામ્યને પામવા માટે પુણ્યોદયથી મળેલા મન-વચન-કાયાના યોગોના સ્વામી બની સાચા યોગી બનવું જોઈએ. એવા સાચા યોગી બનવા માટે પ્રથમ તો સદાય ચિદાનન્દપદ એટલે મોક્ષના જ ઉપયોગવાળા બનવું જોઈએ. આ ઉપયોગને સદા માટે જીવન્ત રાખવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ જે આત્માનું હિત કરનારી પ્રવૃત્તિમાં અતિજાગરૂક એટલે અતિશય અપ્રમાદી બનવું જોઈએ. એવા અપ્રમાદી બની રહેવા માટે આત્મહિતકર ઉપર જણાવેલી જે પ્રવૃત્તિ તેનાથી વિરુદ્ધ જતી પ્રવૃત્તિ સાંભળવા માટે બહેરા બનવું જોઈએ, જોવા માટે અન્ધ બનવું જોઈએ અને બોલવા માટે મુંગા બનવું જોઈએ. આવી યોગી દશા નજીકમાં એજ એકની એક સદા માટેની - શુભાભિલાષા.

Jain Education International
For Personal & Private Use Only
www.jainelibrary.org
Designed by KHUSHI DESIGNS. Ph.09227504555